૧૯૩૧ — 1931

નવું વર્ષ.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2013

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૧ લો. | સંવત ૧૯૮૭ ના પોષ વદી ૧. તા૦ ૫-૧-૩૧ | છુટક નકલ: ૦॥ આનો. |

## આટલું તો કરજો!

તમે પત્રિકાના ગ્રાહક છો?

ન થયા હો તો આજેજ થઇ જાઓ!

પત્રિકા તમારી છે! જો તમો ગ્રાહક થએલા હો તો!

તમારે એક ગ્રાહક વધારી આપવોજ જોઇએ!

યુવક સંઘના સભ્ય તો હશોજ! તેમાં તમને કહેવાપણું નજ હોય! નવા વર્ષનું લવાજમ તો આપે મોકલાવી આપ્યું હશે, ભૂલ્યા હો તો તરત મોકલી આપજો.

રખે! સંઘને મજબુત બનાવવાનું ભુલતા! તમારે તમારા મિત્રો, સગાઓ ને સભ્ય તરીકે જોડવાજ જોઇએ!

સંઘના કાર્યક્રમને આગળ વધાવવા તમારો ફાળો આપતા હશો, ભુલ્યા હો તો જાગૃત થાઓ!

તમારા ગામમાં યુવકસંઘ સ્થાપો!

તમારૂ બળ સંગઠીત કરો!

તમે જાણતા હશો કે પત્રિકા કદ વધારે છે. જાહેરાતનું બહોળું સાધન છે શિષ્ટસમાજમાં હોંશપૂર્વક ખૂબ વંચાય છે. તમારો ધંધો ખીલવવોજ જોઇએ!

આજેજ જાહેરાત આપી દો!

યુવક તરીકે ઉપરના લખાણનો અમલ જરૂર કરી બતાવવો જોઇએ!

માટે!

હવે જરા પણ પ્રમાદ આ ગાંધી યુગમાં નહિ ચાલે!

જર્જરીત પ્રણાલીકાને તોડવા જલદી સંગઠીત બનો!

યાદ રાખજો નવસર્જન તમારે હાથે સરજાયું છે.

## આવતી લગ્નસરા.

સમગ્ર ભારત આજ કટોકટીના વખતમાંથી પસાર થઇ રહ્યો છે. લોકોની આર્થિક સ્થિતિ દીનપરદીન બગડતી જાય છે. જીવન નિર્વાહનાં ફાંફાં થઇ પડયાં છે ત્યાં ઘણાઓને તો આજે દેખાદેખી કરવાની ટેવને લઇ કરજના ભારમાં ડુબી જઇને પણ દીકરાઓને પરણાવવામાં ધામધુમ કરવાની સરજી થઈ જાય છે. પણ આજનો યુગ મિષ્ટ ભોજનોથી નહિ, પણ લુખી સુખી ભાખરીથી ચલાવવાનો છે ત્યાં આપણે લગ્નના ઉત્સવો ધામધુમપૂર્વક નજ ઉજવી શકીએ. કેટલાંક ભાઇ બ્હેનોને પહેરવાને પુરતાં વસ્ત્ર કે ખાવા એક ટંક પુરૂં અન્ન નથી. તો આ બધી પરિસ્થીતી ધ્યાનમાં લઇ ચાલુ વર્ષમાં થનાર લગ્નો ખુબ સાદાઇથી કરવાનુ દરેક મહાજનો પોત પોતાના વિસ્તારમાં નકકી કરે તો સમાજને અનેક દ્રષ્ટિએ ખુબ લાભદાયી નીવડે એમ અમારૂં માનવું છે. લગ્નના મેળાવડામાં ભાગ લેનાર ભાઇ બ્હેનો ખાદીમય કે સ્વદેશીમયજ લગ્નના ઉત્સવો ખુબ સાદાઇથી ઉજવે એ વધારે ઇચ્છવાજોગ છે. લગ્નના મેળાવડા આ વર્ષે મોજ કે મિષ્ટાન્ન ઉડાવવાન સાધન બની ચુકે ન બને તેની કાળજી જરૂર રખાશે એવી આશા ચાલુ સમયમાં નકામી નહિજ ગણાય. અમે ઇચ્છીએ છીએ કે જૈન બધુઓ તો મહેફીલો અને ભારે લગ્ન સમારંભો ન કરતાં સ્વદેશીનો પ્રચાર થાય તેવા મેળાવડા યોજી ભૂલતા લોકોને આઝાદીનો મંત્ર તેમના કર્ણમાં જરૂર ફુંકશે.

અત્યારે આખું વાતાવરણ એવું હોવું જોઇએ કે નવયુગલો કે જાનૈયાઓના હૃદયમાં દેશભાવના ભરપુર વણાજ કરવી જોઇએ અને તેને માટે લગ્ન વગેરેના પ્રસંગો ખુબ સાદાઇથીજ ઉજવાવા જોઇએ.

જે ભાઇઓ શ્રીમંતો છે તેઓએ લગ્ન પ્રસંગોએ થતા ખરચો ઓછાં કરીને જે પૈસા બચે તે સ્વદેશી પ્રચારમાં કે બેકાર ભાઇઓને ધધે લગાડવાના કાર્યમાં અગર તો નિરાશ્રીતોને આશ્રય આપવાના વગેરે એવા એવા ઉપયોગી ખાતાઓમાં ખરચશે. જેથી સમાજને અને દેશને અનેક ઘણો લાભ થશે.

લોક મત અત્યારે સાદાઇ ચાહી રહ્યો છે. તેવા પ્રસંગે ભાવનગરમાં માગસર માસમાં કેટલાક લગ્નો સંપૂર્ણ સ્વદેશની ભાવના જળવાઈ રહે તેવી રીતે ઉજવવામાં આવેલાં પણ એક લગ્ન પ્રસંગનો દાખલો ખાસ અત્યારે જણાવવા જેવો છે. જે વરરાજા સંપૂર્ણ સ્વદેશી વસ્ત્રો પહેરીને ઘોડે ચડેલો તેના પગમાં ભૂલથી વિદેશી મોજા રહી ગએલા તે જોઇને લોકોએ પોકાર કરી તે વિદેશી મોજા ઉતરાવ્યાં અને પરિણામે વરરાજા વગર મોજાં પહેરે પરણવાને ગયા આ ઉપરથી સમજાશે કે લોકોને વિદેશી વસ્ત્રો સામું જોવાનું પણ મન ભાગ્યેજ થાય તેવો પ્રસંગ આવી રહેલો છે. તો પછી શા માટે ખોટાં ખરચો કરી ખોટી વાહવાહ લેવી જોઇએ.

લગ્નના બચત પૈસા તમારા અભણ બંધુઓને ભણાવવામાં ખરચો અનેક બોર્ડીંગો આજે જર્જરીત સ્થિતિમાં પડી છે. તેમને સહાય કરો, સ્કોલરશીપો લગ્ન નિમીત્ત આપવાનું કરો જેથી લગ્નની ખરી યાદ રહે બાકી અત્યાર સુધી વેડફી નાખ્યા તેમ હવે તમારા પૈસા વેડફી નાખવાનું કલંક ન વહોરતા.

યુવક બંધુઓ તમારી ફરજ છે કે મૈયા ભારતીના આ કટોકટીના સમયે એક પણ પાઇ નકામી ન વેડફાવા દેતાં સૌને સમજાવવા પ્રયત્ન કરજો. જેઓ ન સમજે તેને ફરી ફરી સમજાવશો પણ ભાન ભૂલેલાઓની સાન ઠેકાણે લાવવી એ આજના નવ યુવાનોની પ્રમાણિક ફરજ છે બોલો "ભારત મૈયાકી જય."

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

## નવું વર્ષ.

પરમાત્માની કૃપાથી આ પત્રિકા એક વર્ષ પૂર્ણ કરી આ અંકથી બીજા વર્ષમાં પ્રવેશ કરે છે 'જૈન યુવક સંઘ પત્રિકા' પ્રથમ ચાર માસ માટે એક અખતરા તરીકે શરૂ કરવામાં આવી હતી. તે પછી સને ૧૯૩૦ ના જાનેવારીની પહેલી તારીખે, ભારત સ્વાતંત્ર્યવાદના શરૂ થવાની સાથે આ પત્રિકાએ કાયમી સ્વરૂપ લીધું; તેને એક વર્ષ પૂરૂં થયું છે; તે પ્રસંગે કેટલીક હકીકત સમાજ પાસે નિવેદન કરીએ છીએ. આ પત્રિકા શ્રી મુંબઇ જૈન યુવક સંઘની માલેકીની છે. આ પત્રિકામાં કોઇનો અંગત સ્વાર્થ છેજ નહિં. પત્રિકાની તમામ વ્યવસ્થા શ્રી મુંબઇ જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટિએ નિમેલી સમિતિ તરફથી કરવામાં આવે છે તે સમિતિ, તંત્રીની નિમણુંક, લેખોની પસંદગી વિગેરે કરે છે હાલ તે સમિતિમાં ત્રણ સભ્યો કામ કરે છે. અને પત્રિકાને લગતું દરેક કામકાજ સંભાળે છે.

ગયા વર્ષમાં પત્રિકા નિયમિત એક ફારમની કાઢવામાં આવતી હતી. પ્રસંગોપાત વધારે પાના આપવામાં આવતા હતા. નવી સાલથી દોઢ ફારમ નિયમિત આપવાનું શ્રી યુવક સંઘે નક્કી કર્યું છે: છતાં લવાજમ ગઇ સાલની માફકજ રાખેલ છે.

**પત્રિકાનો હેતુ :**—પત્રિકા સાધુ સંસ્થાની જરૂરીઆત સ્વીકારે છે અને તે સંસ્થા સમાજને ઉપયોગી અંગ રહે તેમ પ્રચ્છે છે. દીક્ષાની પ્રવૃત્તિને પ્રચ્છે છે; પણ અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ સામે તેનો પોકાર છે. દીક્ષામાં અયોગ્યતાનો પ્રકાર હોઇ શકે નહિં એમ તો કોઇ જૈન શાસ્ત્રનો જાણકાર કહી શકશે નહિં. "આ અયોગ્ય દીક્ષા કહેવાય આને દીક્ષા આપી શકાય નહિં" તેવા વિધાનને વર્ણવનારા ઘણાં ગ્રંથો પ્રમાણભૂત આચાર્યોએ બનાવેલા છે. આજ અંકમાં સુધોષામાંથી ઉધૃત જે લેખ આપવામાં આવ્યો છે તેમાં પણ તેવાં વર્ણનો છે. એટલે ગમે તેવી દીક્ષા ગમે તેને અપાતી હોય, ગમે તેવા સંજોગોમાં અપાતી હોય છતાં તે દીક્ષા સામે કાંઇ બોલી ન શકાય તેવી માનીનતાની સામે અમોએ પ્રબળ વિરોધ દર્શાવ્યો છે અને દર્શાવીશું.

પત્રિકાને કોઇ પણ સાધુ માટે અંગત વિરોધ નથી. સાધુઓની અયોગ્ય પ્રવૃત્તિ હોય તો તે નિંદ્યજ કહેવાયું છે અને કહેવાશે. ચાલુ લડત જેમાં અહિંસા માર્ગની અનેક પ્રકારે પુષ્ટિ થાય છે. જે હકીકતનો સ્વીકાર દુનિયા ભરના મહાન્ વિદ્વાનો કરે છે. વળી ત્યાગ ઉપર જે લડતનો મુખ્ય આધાર છે. જે લડત ક્ષમાના, સહનશીલતાના ગુણને ઉત્તમ પ્રકારે ખીલવે છે. જે લડત માનસીક અનેક પ્રકારના સંયમ કેળવે છે તે લડતની સામે ખોટા અભીમાનથી અથવા તો અંગત કારણથી કોઇ સાધુ ખોટા આક્ષેપો કરે ને લડતને અવળા સ્વરૂપમાં મૂકે; જૈન સમાજને તે લડતથી પરાંગ્મુખ કરવાના વ્યાખ્યાનો કરે તો તે સાધુની તેવી પ્રવૃત્તિઓ સામે આ પત્રિકા હાલ સુધી વિરોધ કરતી આવી છે ને કરશે.

જૈન શાસન સાતે ક્ષેત્રની પુષ્ટિની જરૂરીયાત સ્વીકારે છે પત્રિકા તે સિદ્ધાંતને માન્ય રાખી દરેક ક્ષેત્રની પુષ્ટિની ભાવના રાખે છે; જે જે ક્ષેત્ર ડુબતું હોય, જે જે ક્ષેત્રમાં સમયોચીત દ્રવ્ય ખર્ચવાથી અન્ય ક્ષેત્રોની રક્ષા થવા સંભવ હોય તે ક્ષેત્રને અંગે હાલ ફક્ત દ્રવ્ય વ્યય કરવાને સમાજને ભલામણ કરે છે.દેવદ્રવ્ય ઉપર દરેક દેવ મંદિરનો હક્ક હોઇ શકે એમ તે માને છે દેવદ્રવ્ય ઘણું હોવા છતાં દેવ મંદિરો જીર્ણ રહે તે અમો પસંદ કરતા નથી.

**કેળવણી :**—સાચી કેળવણીને અમો કોમની ઉન્નતિ થવામાં મુખ્ય કારણરૂપ માનીએ છીએ. સાચી વસ્તુની ઓળખાણ વગર સાચી વસ્તુની શ્રદ્ધા થતી નથી તે કેળવણીનો પ્રચાર થાય, વધારે પ્રમાણમાં કેમ થાય, તેની સંસ્થાઓ આબાદ કેમ થાય, જ્યાં ન હોય ત્યાં તેવી સંસ્થાઓ કેમ સ્થપાય, જરૂર કરતાં ઓછી હોય ત્યાં વધારે પ્રમાણમાં કેમ સ્થપાય, જે જાતની કેળવણી લેવાના સાધનો ઓછા હોય તેવા સાધનવાળી કેળવણીની સંસ્થા ઉભી કરવાની જરૂરીઆત સમજાય તેવા વિચારોનો ફેલાવો કરવો તેને અમો જરૂરનું માનીએ છીએ.

આ અને આવા બધા વિચારો કરવનું સમગ્ર ભારતની જૈન કોમને માટે એકજ સ્થળ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સજ છે. તેના વિકાસમાં, તેના પ્રચારકાર્યમાં, યોગ્ય સહકાર આપવો તે અમારી ફરજ સમજી તેને લગતા લેખો આ પત્રિકામાં સ્થાન પામે છે. આ પત્રિકા સાર્વજનિક વહીવટોની ચોખવટમાં માને છે, તે સંબંધાની ખામીઓ અમે ચલાવી શકતા નથી. વિચારોની સ્વતંત્રતા ખીલે, જૈનોમાં નિર્ભયતાનો ગુણ ખીલે, સમાજના યુવાનો ખોટા ભયમાંથી ઉગરી કોમની સાચી સેવા બજાવવા કટીબદ્ધ થાય. યુવાનો પોતાનું સંગઠન કરે અને સામાજીક બદીઓ સામે સામનો કરીને બદીઓને નિર્મૂળ કરવાનું બળ પ્રાપ્ત કરે જેથી જૈન કોમની ધાર્મિક અને વ્યવહારીક ઉન્નતિ થાય તેવા લેખો, વિચારો, ફેલાવવાનું અમારૂં ધ્યેય છે. તે અમો આ વર્ષમાં પાર પડે તેવા પ્રયાસો કરીશું. ગયા વર્ષ દરમિયાન કોઇપણ મુનિ અગર ગૃહસ્થને અંગત અમારા લખાણોથી દુઃખ થયું હોય તો ક્ષમા યાચી આ લેખ પૂરો કરીએ છીએ.

---

## સમાચાર.

મુલુંદના કાર્યકર્તાઓ રા. રા. વીરજીભાઈ ગંગાજર મૈશેરી તથા રા. શીવજીભાઇ ચત્રભુજ તા૦ ૩ ને દીને નવ માસની સજા ભોગવી થાણા જેલમાંથી છુટા થયા છે. બંને બંધુઓ મુલુંદની દરેક જાહેર પ્રવૃત્તિમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા. મુલુંદ ગામે તેમને સારૂં માન આપ્યું હતું જેલના દરવાજેથી સરઘસ રૂપે નીકળી મુલુંદ સ્ટેશને આવતાં વાનર સેનાએ હર્ષનાદના પોકારો વચ્ચે તેમનું સ્વાગત કર્યું હતું. મુલુંદના બધા આગેવાનો સરઘસમાં સામેલ હતા. રા. શીવજીભાઇ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્ય છે. તે ઉપરાંત કચ્છી સંસ્થાઓમાં આગેવાનીભર્યો ભાગ લે છે.

સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય



# શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહના જીવનની ટુંકી રૂપરેખા.

સમઢીઆળાં તો સૌરાષ્ટ્રને આંગણે પંદરેક હશે. અને એ બધાનાં નામ પ્રમાણે ગુણ એકવાર હશેજ. એ બધાં એકવાર સમૃદ્ધિવાળાં હશેજ.

ચિતલ સ્ટેશનેથી ત્રણેક ગાઉ દૂર, આટકોટ પસે આવું એક સમઢીઆળું આવેલું છે. નાનકડું ગામડું, થોડીક વસ્તી, સાદા, શાંત અને સજ્જન લોકો.

મહેમાનીના હલચા આ ગામને ભાગ્યે ઠીક ઠીક લખાયા છે. કારણ કે જામનગરથી શત્રૂંજય અને શત્રૂંજયથી ગીરનાર જતાં રસ્તામાં બરાબર મધ્ય ભાગે એ ગામડું ઉભું છે. જૈનયાત્રિકોનો વિસામો, જૈન સાધુઓનું વિશ્રાંતિસ્થાન અને અન્ય સાધુબાવાઓને પણ ટાણે કટાણે ઠરવાનું એ ઠેકાણું છે.

આ ગામડામાં વાણિયાનાં પાંચ સાત ઘર. તે પણ એકજ કુટુંબના. પૈસે ટકે સામાન્ય સ્થિતિનાં, પણ સ્વભાવે ઉદાર અને સંતોષી.

શાહ પાનાચંદ વિઠ્ઠલજી એ સમઢીઆળાનાં વણિક કુટુંબોના એક અગ્રેસર, એ આપણા યુવકના પિતા થાય. વીરચંદભાઇ પહેલાં રાજકોટ ભણ્યા. વિદ્યાર્થી અવસ્થામાંથીજ એમનામાં દેશસેવાનાં બીજ જાણ્યે અજાણ્યે રોપાયાં હતાં.

આશ્રમના વાસી, ગૌરક્ષા કલ્પતરુના લેખક, અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત સાહિત્યના અધ્યાપક અને પ્રખર લેખક, પ્રતિભાશાળી ચારિત્ર્યવાન; પૂ. બાપુજીની પહેલી સેનાના એક સૈનિક શ્રી. વાલજી દેશાઇનો સહચાર એમને રાજકોટમાં થયો. બન્નેગાઢ મિત્રો બન્યા અને તે મિત્રતા હજુ પણ તાજી ને તાજી છે. રાજકોટ હાઇસ્કૂલમાં એકવાર હડતાલ પડેલી તેમ બન્ને મિત્રોએ અગ્ર ભાગ લીધેલો, અને શ્રી. દેશાઇને તો હાઇસ્કૂલમાંથી તે વેળાએ કાઢી મૂકવામાં આવ્યા હતા.

મુંબઇની વૉર કાઉન્સીલના પહેલા જૈન પ્રેસીડન્ટ



ભાઇશ્રી વીરચંદ પાનાચંદ શાહ, બી એ.
જેમનો છુટકારો ફેબ્રુઆરીની તા. ૫ મીએ થવા વકી છે.

વીરચંદભાઇનામાં આજના જૈન યુવકત્વની ઝાંખી તે દહાડે પણ થતી હતી. એ કાળ એટલે સુરતની કોંગ્રેસનો સમય. પ્રત્યેક સહૃદયી જૈન યુવકના હૃદય તે દહાડેથી રાષ્ટ્ર સેવા તરફ વળવા મંડયાં હતાં, અને તેનું મન મહાવીરની તાત્વિક જીવન સરણીમાં દેશસેવા જોવા તલસવા માંડયું હતું. શ્રી. વીરચંદભાઇ એ યુવકો માંહેના એક છે.

મુંબઇમાં પ્રીવિયસનો અભ્યાસ શરૂ કરી, ત્યાંના જીવનની ઝાંખી કરી, કોલેજ જીવનનો સ્વાદ ચાખી તેઓ સૌરાષ્ટ્રમાં પાછા આવ્યા. ભાવનગર જૈન બોર્ડિંગનો એ કાળા આલપાકાનો કોટ, એ કાળી બેંગલોર ટોપી અને એ ચશ્માં આજ પણ કોના સ્મરણમાં નહિ આવતાં હોય ?

દાદા સાહેબ બોર્ડિંગમાં ત્રણ વર્ષ એમણે ગાળ્યાં. બોર્ડિંગના ઑ. સુપરીન્ટેન્ડન્ટ તરીકેની એમની કારકીર્દી આજ પણ બોર્ડિંગને અને વિદ્યાર્થીઓને મગરૂબ કરી રહી હશે તે સમયના યુગ પ્રમાણે વિદ્યાર્થીઓમાં તનમનાટ રેડવો, સેવાની લગની લગાડવી, નાનાં મોટાં કાર્યો હિમ્મતથી કરવાં અને ઉદાર ભાવે સૌને સહાય કરવી એ તેમને મન જીવનનો સાચો અભ્યાસ હતો. ભાવનગર જૈન બોર્ડિંગના સ. ૧૯૧૩ થી ૧૯૧૭ સુધીનાં વર્ષો એટલે ભાવનગર જૈન બોર્ડિંગની પૂર જુવાની. વિદ્યાર્થીઓનું પૂર, વિવિધતા, સાદાઇ અને સભાઓ, ભાષણો, હડતાલો, સાહિત્યચર્ચા, સેવા કાર્ય વગેરે અનેક વિવિધ પ્રવૃત્તિમાં તે કાળે ભાવનગર જૈન બોર્ડિંગ અગ્રેસરપદ ભોગવતું. એનું સુકાન તે કાળે વીરચંદભાઇના હાથમાં હતું. ત્યાર પછી તેમણે નાના વિદ્યાર્થીઓ માટે ઉઘાડેલા શ્રી. રતનજી વીરજી દશા શ્રીમાળી બોર્ડિંગનું સુપ્રીન્ટેન્ડેન્ટ પદ સ્વીકાર્યું અને જૈન બોર્ડિંગની વ્યવસ્થા બીજા યુવકને સોંપાણી પણ છતાં તેમનો સંબંધ બન્ને સંસ્થા સાથે જોડાએલોજ હતો.

તે કાળે ખાનપાનની તેમજ જીવનની સાદાઇ તે પણ લોભ કે ખોટી કરકસર વિના રાખવી દુર્લભજ ગણાતી. કોલેજનાં જીવન વિલાસને ચકડોળે ચડયાં હતાં. પણ શામળદાસ

કોલેજ કાંઇક સાદી તો ખરીજ. જૈન બોર્ડિંગના વિદ્યાર્થીઓ સાદો ખોરાક લેતા અને સાદો પોષાક પહેરતા છતાં સ્વસ્થ અને સુંદર દેખાતા, એ પણ શ્રી વીરચંદભાઇની વ્યવસ્થાનું ફળ હતું.

એમના મનોરથ કુટુંબને થાળે પાડી, કાંઇક કમાણી કરી, સ્વસ્થ થઇ દેશસેવા કરવાના હતા, તે તે દહાડે પણ પરખાઇ આવતું. આવા મનોરથ બાંધવા સહેલા છે, પાર પાડવા કે પાર પડવા ઘણા કઠણ છે. એમણે પોતાના કુટુંબને સમયધર્મ પ્રમાણે કેળવ્યું, કુટુંબસેવા સાધી, કોમસેવા સાધી અને દેશસેવાની સાધનાનાં વ્રત આદર્યાં. કેળવણીના સંસ્કારથી એમણે પોતાના કુટુંબને પણ સુધાર્યું અને સારી હાલતમાં મૂક્યું.

બી. એ. માં એ કાળે ત્રણ વિદ્યાર્થીઓ બોર્ડિંગમાં હતા. ત્રણે ઉપર સદ્દગત શ્રી નરોત્તમદાસની નજર ઠરેલી, અને એમણે ત્રણેને ઇચ્છા મુજબ સારી લાઇનમાં કેળવવાનું ધારેલું પણ દૈવેચ્છા તેવી ન હતી. એમાના એક આજ વિદેહ થયા છે, એકને મુંબઇનું પાણી અને વાતાવરણ રૂચ્યું નહિ અને શ્રી. વીરચંદભાઇ વ્યાપારી બન્યા. ગ્રેજ્યુએટ તરીકે વેપારી બનીને એમણે એ ક્ષેત્ર પણ ભારે ખેડયું, અને ભણેલો યુવક અનુકૂળતા હોય તો ગમે તે ક્ષેત્ર ખેડી શકે તે બતાવ્યું.

એ વેપાર ખેડતા પણ તેમનું ધ્યેય તો ધર્મસેવા અને દેશસેવામાંજ હતું. તે ઘણીવાર કહેતા કે સ્થિતિની થોડીક અનુકૂળતા મળી જાય એટલે મારે તો આ બધી લપ છોડી દેવી છે. એમના સંસ્કાર એમના પત્નીમાં, એમના ભાઇ અને ભત્રીજાઓમાં તેમજ એમનાં બાળકોમાં પૂરેપૂરા ઉતર્યા છે.

એમની કાયા પણ માયકાંગલી ન હતી, આજે પણ એવી નથી, રમતગમત પણ ઠીક રમતા, વાતોમાં પણ રસ ઠીક રેડતા અને ઉજાણી ને જમણવારના પ્રસંગોમાં પણ એમનો નંબર ઉંચો આવતો. પગે ચાલવાની મુસાફરીમાં પણ એમને થાક લાગતો નહિ. લેખન જ્ઞાન અને વકતૃત્વકળાની સાધના પણ એમણે ઠીક ઠીક કરી હતી.

સં. ૧૯૧૫ માં ગાંધીજી ભાવનગર પધાર્યાં અને જૈન બોર્ડિંગમાં પધરામણી કરી, તે કાળે એકજ રાતમાં ગાડા વડે કચરો કાઢી જૈન બોર્ડિંગની આસપાસના સ્થાનને ઝાડી ઝપટીને સાફ કરવાનો ઉત્સાહ પણ "એ મોટી વીશીના મુખ્ય મુખી"એજ રેલાવ્યો હતો.

આજની જૈન ચર્ચાનાં બીજનો, તત્ત્વ ને બુદ્ધિથી કરવાના તનમનાટનો અને અંધશ્રદ્ધાને દૂર કરવાનો આરંભકાળ પણ તેજ હતો. અને તેનાં શુભ પગરણ પણ તેજ બોર્ડિંગમાં શરુ થઇ રહ્યાં હતાં. તે સમય એજ હતો કે જ્યારે પૂ. મુનિશ્રી પ્રેમવિજયજી "બોર્ડિંગના મહારાજ" કહેવાતા અને નાસ્તિક જેવા પ્રશ્નોની ચર્ચા અને ખુલાસા કરતા. શ્રી. મેઘાણી પણ શ્રી. વીરચંદભાઇના સહાધ્યાયી અને સહચારી હતા. વ્યાપારી બનીને વેપાર ખેડીને નાનકડી ખોજાગલીમાંની ઓફીસમાંથી ગૌમુખ ભુવનની દેશસેવા અને ધર્મચર્ચાની સ્વતંત્રતાપોષક પેઢી ખોલી જૈન યુવકોના તેઓ માર્ગદર્શક બન્યા, અને મહાસભાની અને જૈન કોમની વિવિધ સેવાની તેમણે સાધના સાધી, અને છેવટે મહાસભાની સંગ્રામ સમિતિના સૂત્રધાર બની વ્યાપારી આલમનાં જાગૃતિનાં તેજની જ્વાળાઓ વધારી તેઓ આજ સરકારના મહેમાન બન્યા છે.

એકવાર બોર્ડિંગની કલબની સભા હતી, ચર્ચા ગરમા ગરમ હતી. બે ત્રણ ઉગ્ર વિચારના વિદ્યાર્થીઓ, ખુદ તેમનાજ સહાધ્યાયીઓ તેમની વિરુદ્ધ પડયા. સિદ્ધાંતની ચર્ચાનોજ એ વિરોધ હતો. એજ કાળા આલપાકાના કોટવાળી, ચશ્મા અને કાળી ટોપીથી શોભતી પ્રમુખની મૂર્તિએ હસતાં હસતાં નમણું દીધું અને કલબનો નિરધાર સ્વીકાર્યો.

લેવડ દેવડમાં પણ એવીજ ઉદાર ભાવના. કોટ, ટોપી, અને ચશ્માવાળી એ મૂર્તિને જોતાંજ પ્રત્યેક વેપારી દોઢો બમણો ભાવ કહે, અને એ ઉદાર મૂર્તિ હસતી હસતી કાંઇક ઓછું કરીને મૂલ્ય ચૂકાવી દે.

શ્રીમાન દાનવિજયજી એજ કાળે એકવાર ભાવનગરમાં બિરાજતા હતા, પ્રેમવિજયજી બોર્ડિંગના વિદ્યાર્થીઓને દર્શન દેવા અને શંકા સમાધાનને ચર્ચા કરવા રોજ બોર્ડિંગમાં પધારતા ઉદાર ચિત્ત, ભદ્રિક ભાવી, શાંત અને સાચી સાધુતાની મૂર્તિ શ્રી. વીર વિજયજી ઉપાધ્યાય તે કાળે ત્યાંજ હતા.

કોઇક વસમે ટાણે કાન ભંભેરણીને પરિણામે શ્રી. દાનવિજયજીએ બોર્ડિંગને "નાસ્તિક, અધર્મી અને મિથ્યાત્વી" સંસ્થાની ઉપમા આપી હતી એક બે વિદ્યાર્થીઓને તેમનાં શ્રધ્ધાળુ માબાપોએ એ સંસ્થા છોડવાનો હુકમ કર્યો. શ્રી. વીરચંદભાઇને ખબર પડતાં તેઓ બે સહાધ્યાયીઓ સાથે શ્રી જૈન રાત્રીશાળાના સ્થાપક સદ્દગત શ્રી. નરોત્તમવોરાને લઇને મહારાજશ્રી પાસે ગયા. મ્હારાજશ્રી ઉગ્ર હતા. એમણે ઉગ્ર અને ખોટો આક્ષેપ કર્યો હતો, અને સંસ્થાના હિતને હરકત આવે એવી સ્થિતિ ઉભી થઇ હતી. બે ત્રણ વિદ્યાર્થીઓ પણ તેવાજ ઉગ્ર હતા, તેમણે મહારાજશ્રીનો જવાબ ઉગ્રતાથીજ માગ્યો. પણ વીરચંદભાઇએ તેમને વાર્યા. અને તેમના શાંત સબળ વિરોધે ઉપાધ્યાયજીની અમૃત આશિષ પ્રાપ્ત કરી અને દાનવિજયજીએ પોતાની ભૂલ પારખી.

એકવાર જૈન બોર્ડિંગને જમવાનું નોતરું આવ્યું; સાથે સાથે વાણીયા ભાઇએ કુશળતા વાપરી દીધી કે "વેલા આવજો કે પીરસવામાં કામ આવો." ઉદાર સુપ્રીન્ટેન્ડેન્ટે હા પાડી. વિદ્યાર્થીઓમાં ખળભળાટ થયો અને તેઓ તેમની સામા થયા. જમવા કે પીરસવા કોઇ ગયું નહિ. વીરચંદભાઇએ વિરોધનું સત્ય જોયું અને પોતે પણ જમવા કે પીરસવા ન ગયા અને વિરોધકોને શાબાસી આપી

ભવનમાં એક વિદ્યાર્થી પાકા હરામખોર હતા. લેખકનો ડોળ કરતા. એ ભાઇને ઘણીવાર મીઠો ઠપકો અપાતો પણ તે તેમની દરકાર નજ કરતા. ઉગ્ર સ્વભાવના કડવાબોલા કેટલાક ભાઇઓએ વીરચંદભાઇને તે વિદ્યાર્થીને દૂર કરવા સખ્ત આગ્રહ કર્યો ને થોડાંક મેણાં પણ માર્યાં પણ એમણે કહ્યું; "ભા! ઘડો ભરાશે એટલે ફૂટયા વિના ન રહેશે! હમણાં તો ઉપેક્ષાજ કરી છે. જો સંસ્થાને બહુ કનડશે તો આપણે તેને જરૂર દૂર કરીશુંજ પણ હવે છ એક માસ માટે તેનું ભવિષ્ય ન બગાડો તો ઠીક."

આમ તે દયાળુ પણ હતા છતાં જ્યારે ઘડો ફૂટયો અને તે વિદ્યાર્થીને દૂર કરવાની વેળા આવી ત્યારે તેમને તેને દૂર કરતાં જરાએ ક્ષોભ કે સંકોચ થયો નહિ. એ વિદ્યાર્થીએ પછી સંસ્થાને નિન્દવામાં બાકી રાખી નહિ, પણ વીરચંદભાઇએ એને પામરતા ગણી એના સામી નજર કરી કાદવ ઉડાડવાનું યોગ્ય ગણ્યું નહિ.

તેમની ધાર્મિક લાગણી તીવ્ર છતાં અંધ ન હતી. એક વાર એક વિદ્વાન મુનિરાજ પધારેલા અને તે વેળાએ એમને "જૈન યુવકોની લાગણી"? વિષે પૂછવામાં આવતાં તે બોલી ઉઠ્યા કે, "મહારાજશ્રી શું કરીએ, અમને તો કાંઇ સુઝતું નથી, ઉત્તર કે દક્ષિણ, પૂર્વ કે પશ્ચિમ, ઇશાન, અગ્નિ અને નૈઋત્ય કે વાયવ્ય, ઉર્ધ્વ કે અધો દિશામાં જ્યાં જોઇએ ત્યાં પાપ, પાપ અને પાપજ બતાવાય છે કારણ કે અમને પાપનીજ વાતો સંભળાવાય છે. આમ જોઇએ તો પાપ, આમ કરીએ તો પાપ, આમ ખાઇએ તો પાપ, આમ બોલીએ તો પાપ, આમ ઉંઘીએ તો પાપ. તે પાપના પટારા તે જૈનોને માટેજ ભર્યાં છે કે શું ?"

સમાજ સુધારામાં પણ તેમની ધગસ તેવીજ હતી. હમણાજ કરેલાં તેની પૂત્રીનાં લગ્નમાં તેમણે કેવું શૌર્ય બતાવ્યું તે સૌને વિદિત છેજ.

એમને અને એમના જેવા બીજા વિદ્યાર્થીઓને જોઇને કેટલાક પુસ્તકના કીડા ઘણીવાર બોલતા કે "આ શું દાળદર મારશે! જરૂર ફ્‌ુસ (નાપાસ) થવાના છે, આખો દી' સભા, સભા ને સભાજ બીજી વાતજ નહિ, આમ તે ભણાતું હશે."

છતાં વીરચંદભાઇ ભણતર અને ગણતર બન્ને કરતા. શ્રી. વાલજીભાઇ, પાછળથી શ્રી. મેઘાણી, દેશળજી પરમાર, સદ્દગત શ્રી દાણી, રા. ચંદુભાઇ પટેલ, શ્રી. કપિલ ઠક્કર વગેરે એમના સહાધ્યાયીઓ હતા.

આજે એ હોંશિલો સેવાભાવી વિદ્યાર્થી, જૈન બોર્ડિંગનો એક વખતનો સમર્થ સૂત્રધાર, જૈન રાત્રિશાળાનો એક ઉત્સાહી ચાલક, શાંત અવરોધક અને વિચારક, કુટુંબ અને કોમનો નમ્ર સેવક, મિત્રોનો લાડીલો સાથી, ઉત્સાહી વ્યાપારી, કૈંક નિરાધાર જૈન તરૂણોનો માર્ગદર્શક અને સહાયક યુવક, જૈન કેળવણી મંડળનો મંત્રી, પાલીતાણા જૈન બાળાશ્રમનો સેક્રેટરી, અનેક નાની મોટી સભાઓનો સભ્ય, શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો એક ચેતનશાળી આત્મા, ભારત મહાસભાની મુંબઇની સંગ્રામ સમિતિનો અવિશ્રાંત કાર્યકર પ્રમુખ, બાપુજીની પ્રેરણા પીનારો અહિંસક યુવાન અને ભગવાન મહાવીરનો સાચો વીરપુત્ર, સમઢીઆળા અને સૌરાષ્ટ્રને સમૃદ્ધિવાળું બનાવતો, કુટુંબ, કોમ ને દેશની સેવા બજાવતો, મહાત્માજીને પંથે અહિંસક નીડરતાનાં પગલાં પાડતો, જૈનત્વને જીવન્ત અને જાગૃત કરતો, વીરત્વને ઉજાશનો ઓપ ચડાવતો આજ જેલમહેલમાં સીધાવે છે.

જૈન યુવક! જૈન જનતા! એની પ્રેરણાનાં પાન યથા શક્તિ જરૂર પીજો. પોપટલાલ પું. શાહ.

---

## તાજી બાતમી.

સંભળાય છે કે, રામજી મહારાજ ઉપધાનમાંથી એક પાલનપુરીને છૂમંતર મુંડી નાખવાના વિચારમાં હતા, ત્યાં તો ભાવી થનાર ગુરૂજી! ના પતિએ ને બીજાઓએ કહેણ મોકલ્યું, રામજી બાપુ સંભાળજો, પાલનપુરીઓથી પનારૂ પાડતાં? રામ બાપુ ગભરાયા ને કહેવા લાગ્યા કે, વાત વિચારવી જરૂરી છે. અહિં તો પોલ ચાલે તેમ નથી, એટલે કંટાળી હમણાં બાજી સંકેલી લીધી ને 'આગે આગે ગોરખ જાગે' એ સુત્રના આધારે તરત ઉપધાનમાં બેઠેલા આ ભાવી ચેલાને તેની બૈરીને હવાલે કરી દીધો? પાલનપુરી જબરા તો ખરા હો!

"ગુપ્તચર."

# દિક્ષાનું શાસ્ત્ર.

[અંક ૫૧ થી ચાલુ.]

આ પ્રાયશ્ચિત્તને અંગે એક વાત વધારે સમજાવવી જરૂરની છે. જે જે પ્રવૃત્તિઓ માટે શાસ્ત્રકારોએ આવાં ભયંકર પ્રાયશ્ચિત બતાવ્યાં છે તે સર્વ પ્રવૃત્તિઓને શાસ્ત્રને પ્રમાણિક માનનાર કોઇ પણ વ્યક્તિ કદી આચરી શકે નહિં; તેવી પ્રવૃત્તિઓને પણ સાધરણપણે આચારમાં મૂકી શકાતી હોત તો પછી તેને માટે આવાં ભયંકર પ્રાયશ્ચિત્ત શાને? તો પણ શાણા શાસ્ત્રકારે આવી પ્રવૃત્તિની પણ બે બાજુ જોઇ, અને તેને પણ લગતો અપવાદ દર્શાવ્યો. અપવાદ દર્શાવ્યા પછી શાસ્ત્રકાર સમજ્યા કે રખેને આ અપવાદજ ધોરી માર્ગ કાં ન બને? એ માટેજ એમણે ઉમેર્યું કે કોઇ મંદધર્મી આવો અપવાદ જોઇને અને એકાદ પ્રાચીન દાખલાને ઓથે રહીને આ અપવાદને અનુસરશે તો તે અનુસરનાર અને તેની પંચાયત કરનારા જિનાજ્ઞાની બહાર છે; એઓના સંયમધર્મનો નાશ થશે વગેરે બધી હકીકત જણાવી છે. વળી એ અપવાદને અનુસરવાનો અધિકાર પણ કાંઇ બધાને નથી આપ્યો; એ તો કોઇ અતિશય જ્ઞાની ( અવધિજ્ઞાનીની કોટીના ચારિત્ર-શીલ, વિવેકી સત્યનિષ્ઠ ) એવા સાધુ પુરૂષનેજ હોઇ શકે.

આવા અપવાદો તો શાસ્ત્રમાં અનેક છે; તો શું એ અપવાદનું નામ લઇને કોઇથી એને અનુસરાય ખરૂં?" આજના સાધુઓ તો અહંમિંદ્ર રહ્યા; એટલે ભાગ્યેજ તેઓ આવી બાબતો પર વાંચે કે વિચારે! જો તેમ ન હોય તો આવું હડહડતું જુઠાણું આ વીસમી સદીમાં ધોળે દિવસે કેમ નભાવી લે?

આવી હકીકત કાંઇ એક જગ્યાએ છે એમ નથી પણ પંચકલ્પભાષ્યમાં પણ આ વિષે વિગતથી જણાવેલું છે. આ ઉપરાંત પંચસૂત્ર અને પ્રવચનસારોદ્ધારમાં પણ આ વાત નોંધાયેલી છે.

દીક્ષાને માટે અઢાર પ્રકારના અયોગ્ય પુરૂષ બતાવ્યા છે તે નીચે પ્રમાણે:

बाले वुड्ढे नपुंसे य जडे कीबे त वाहत (य वाहिते)
तेणे रायावकारी य उम्मत्ते य अदंसणे ॥
दासे दुट्ठे य मूढे य अणत्ते जुंगिए इय।
उवद्धए य भयए सेहनिप्फेडिया इय ॥

इत्थीसु एए चेव नवरि गुव्विणी वालवच्छा य अहिया भाणियव्वा ॥

પંચકલ્પચૂર્ણિ.

"બાલ, વૃદ્ધ, નપુંસક, કલીબ, જડ, વ્યાધિત, સ્તેન રાજાપકારી, ઉન્મત્ત, અદર્શન, દાસ, દુષ્ટ, મૂઢ, અણુત્ત-ઋણાર્ત, જુંગિત, અવબદ્ધ, ભતક અને શૈક્ષનિસ્ફેટિકા." સ્ત્રીઓના માટે પણ આ અઢાર ઉપરાંત ગર્ભિણી સ્ત્રી અને બાળકવાળી સ્ત્રી એ વીશ પ્રકારની અયોગ્યતા જાણવી.

૧. બાલ-જેની ઉમર આઠ વર્ષથી વધારે નથી તે દીક્ષાને અયોગ્ય છે; કારણ કે તે સંયમમાં સમજતો નથી. આમ તે દીક્ષાને તો અયોગ્ય છેજ, પણ દેશવિરતિ (શ્રાવક ધર્મ) ને પણ અયોગ્ય છે.

૨. વૃદ્ધ–જેની ઉમર સાઠ કે સીતેર વર્ષથી વધારે હોય તે દીક્ષાનો અધિકારી નથી.

૩. નપુંસક–નપુંસકના બે પ્રકાર છે. પુરૂષાકૃતિ નપુંસક અને નપુંસકાકૃતિ નપુંસક.

જે કામદગ્ધ મનુષ્ય, સ્ત્રી અને પુરૂષ બન્નેનો અભિલાષ કરે અથવા જે મનુષ્ય કામાર્ત સ્ત્રીદ્વારા નિમંત્રિત થયો છતો કામાભિલાષ કરે, કે સ્ત્રીને નગ્ન જોઇને વા તેના ક્રીડા શબ્દ સાંભળીને કામાભિલાષ કરે તે પુરૂષાકૃતિ નપુંસક **આ જાતનો મનુષ્ય દીક્ષાને લાયક હોઇ શકતો નથી.**

૪ કલીબ–'પુરૂષાકૃતિ કલીબ.' આની પીછાનના ચાર પ્રકાર છે: (૧) સ્ત્રીને નગ્ન જોતાંજ જે ક્ષોભ પામે તે દૃષ્ટિ કલીબ (૨) સ્ત્રીનો સ્વર સાંભળતાંજ ક્ષોભ પામે તે શબ્દ કલીબ; (૩) કામાસક્ત સ્ત્રીથી આમંત્રિત થયો સતો જે વ્રતને નજ જાળવી શકે તે નિમંત્રણ કલીબ અને (૪) સ્ત્રીથી આલિંગન કરાયેલ પણ જે વ્રતને ન સાચવી શકે તે અશ્લિષ્ટ કલીબ.

(૫) જડુ–આની પીછાન ત્રણ રીતે થાય છે. (૧) પાણીના પરપોટાની જેમ બોલનાર, બોલતા થેથરાતો અને બકરાની માફક અવ્યક્ત બોલનાર તે ભાડા જડુ. (૨) જે શરીરે એટલો બધો ભારે હોય કે ભિક્ષા લેવા જવાને કે વડીલનો વિનય કરવાને પણ અશકત હોય તે શરીર જડ અને (૩) જેને વારંવાર ઉપદેશ દેતાંય સંયમને લગતી કોઇ ક્રિયાની સમજણજ ન પડે તે કારણ જડ. આ બધા પ્રકારના કલીબ અને જડ પણ દીક્ષાના અધિકારી નથી.

૬ વ્યાધિત–જે કોઇ પ્રકારના અસાધ્ય વ્યાધિથી ઘેરાયેલ હોય તે. એવાને દીક્ષા આપીને ઔષધ કરતાં છ કાય જીવની વિરાધના થાય છે અને સારવારમાં રહેનાર સાધુના સ્વાધ્યાયમાં વિઘ્ન આવે છે.

૭ સ્તેન–ખાતર પાડે કે ચોરી કરે તે.

૮ રાજાપકારી–રાજદ્રોહી મનુષ્ય.

૯ ઉન્મત્ત–ગાંડો હોય કે જેને કોઇ પ્રકારનો વળગાડ થયો હોય તે.

૧૦ અદર્શન–જે જોઇ શકતો નથી તે.

૧૧ દાસ–કોઇએ ખરીદીને જેને નોકર તરીકે રાખેલ હોય, કે કોઇના લેણા બદલ નોકરી કરતો હોય કે ગુલામ આદિ; આવા મનુષ્યને તેના માલિકની રજા વિના દીક્ષા આપી શકાય નહિ.

૧૨ દુષ્ટ–બે પ્રકારના છે: અતિ વિષયી હોય તે વિષય દુષ્ટ; જે અત્યંત ક્રોધી, માની, કપટી કે લોભી હોય તે કષાય દુષ્ટ.

૧૩ મૂઢ–અજ્ઞાનતા, દૃષ્ટિરાગ કે તેવા બીજા કોઇ મોહના કારણથી જે વસ્તુ ન સમજી શકે, માત્ર સ્નેહને લઇ જી જી કરે તે મૂઢ.

૧૪ અણત્ત ઋણાત–દેવાદાર.

૧૫ જુંગિત–જે અશુભ સંસ્કારપ્રધાન જાતિમાં જન્મ્યો છે; જેની પ્રવૃત્તિ પણ તે પ્રકારની છે તે; અથવા શરીરની ખોડખાંપણવાળો હોય તે.

૧૬ અવબદ્ધ–જે કોઇ પોતાના પૈસા કે વિદ્યાના પ્રયોજન અર્થે કયાંઇ બંધાઇને રહેલ હોય તે.

૧૭ ભૃતક–જે અમુક ધન રોકડ લઇ અમુક ધનવાનને કે અમુક શેરીમાં રોજ મજુરી આપતો હોય તે.

૧૮ શૈક્ષ નિસ્ફેટીકા–માતા, પિતા, ભાઇ, બ્હેન વગેરે વડીલોની રજા વિના અપહાર કરી, ચોરી, સંતાડીને જેને દીક્ષા આપવામાં આવે તે.

**આ અઢાર પ્રકારના મનુષ્યો દીક્ષા માટે અયોગ્ય પુરૂષો જાણવા.**

ચોરીને દીક્ષા આપવાથી દીક્ષા લેનારના વડીલોને કલેશ થાય છે; તે નિમિત્તે કર્મબંધ થાય છે, દીક્ષા દેનારને અદત્તાદાન વ્રતની વિરાધના લાગે છે: તેના પરિણામ રૂપ પાપ છુપાવવા અસત્યનો આશ્રય લેવોજ રહ્યો; ચોરી કરતાં પ્રમત્ત યોગને લઇ પ્રવૃત્તિ થતાં હિંસા પણ થઇ ચૂકી; લોભને લઇ પરિગ્રહ લાગતું પણ વ્રત ગયું અને પ્રતિજ્ઞા ભંગ રૂપ વ્યભિચાર પણ થઇ ગયો. એ રીતે પાંચે વ્રતોનો લોપ કરાવનાર આ માર્ગ છે.

આ અઢાર પ્રકાર, પુરૂષો માટે કહ્યા છે: સ્ત્રીઓને આ અઢાર ઉપરાંત અયોગ્યતાના બે પ્રકાર વધારે બતાવ્યા છે; ગર્ભિણી સ્ત્રી કે બાળકવાળી સ્ત્રીને દીક્ષા લેવાનો નિષેધ છે. આ સંબંધી વિશેષ માહિતી પ્રવચનસારોદ્ધારમાં ઘણી છે. (જુઓ શ્રી. દેવચંદ લાલભાઇ પુસ્તકોધ્ધાર ફંડ તરફથી પ્રકાશિત થયેલ પ્રવચનસારોદ્ધાર–નવી આવૃત્તિ પૃ૦ ૨૨૯ થી ૨૩૧.)

આ પ્રમાણે શાસ્ત્રે તો દીક્ષાના અનધિકારીઓ બતાવ્યા છે, તેઓને અયોગ્ય રીતે દીક્ષા આપનાર માટે પ્રાયશ્ચિત્તમાં પણ વિધાન કર્યાં છે. આથી વિશેષ શાસ્ત્ર તે શું કરે? શાસ્ત્ર તો મૂંગું છે; તેની કાંઇ થોડી સરકાર છે? શાસ્ત્ર તો માર્ગ બતાવે અને તેજ તેની આપણા ઉપર મહાન સેવા.

વિશેષમાં છોકરાંને નસાડવાની આ પ્રવૃત્તિથી માબાપો સાધુઓ પાસે પોતાનાં છોકરાંઓને મોકલતાં ડરશે અને એથી એવું પરિણામ આવશે કે છોકરાંઓ ધર્મના સંસ્કાર વિનાના રહેવા પામશે. આમ થવાથી શાસનનું હિત વધશે કે કેમ? વળી જુનાકાળમાં સંયમ માર્ગમાં મુસ્કેલીઓ ઓછી હતી; કેમકે શરીરબળ સારા, મોજશોખ ઓછા, અને વાતાવરણ પણ સંસ્કારી અને સંયમી હતાં. આજ કાલનું વાતાવરણ કેટલું બધું અસંયમી, વિલાસી અને તામસી છે કે જેથી આ પ્રકારની પ્રવૃત્તિ દ્વારાજ હિત થાય ખરૂં? આ સંજોગોમાં તો કહેવાતા શ્રાવકોને સાચા શ્રાવકો બનાવવાની જરૂર છે; અને તેઓ સામાન્ય રીતે સાત્ત્વિક પ્રકૃત્તિના સારા સંસ્કારવાળા, સંયમની ભાવનાવાળા અને વિલાસના (મોહના) સંસ્કારથી વિમુખ બને તેવી પ્રવૃત્તિ કરવાની જરૂર નથી શું?

પ્રશસ્ત કષાય કયા અને તેનો ઉપયોગ કેટલો સંકુચિત અને ગુંચવણ પ્રસંગે કરવાનો છે તે પણ જાણવું જરૂરનું છે. પ્રશસ્ત કષાય પણ આચરણીય તો નથીજ; તે તો કોઇ ગુંચવણ પ્રસંગેજ માત્ર અણછુટકે ટેકા રૂપ છે. જો તેને સ્વાર્થસાધક અને વાસનાજડ બનાવી દેવામાં આવે તો તે પ્રશસ્તકષાય પ્રશસ્ત ન રહેતાં મોહજ બની જાય.

આજની પ્રજાને સાચી શ્રદ્ધા સહિત શાસ્ત્રનો વિવેકપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે, તે ઉપરની વસ્તુ વાંચવાથી સમજાશે. ગમે તે પ્રકારે ઉપદેશાતી અને લખાતી વસ્તુને અંધ શ્રદ્ધાથી સાચી માની લેવાને બદલે શ્રદ્ધારૂપી અગ્નિ અને બુદ્ધિ રૂપી કસોટી દ્વારા તપાસી ગ્રહણ કરવામાં આવે તોજ આવી વસ્તુસ્થિતિમાંથી ઉગરવાનો આરો છે.

("સુઘોષા"માંથી.) (સંપૂર્ણ.)

શ્રી

# ?

"નર જાત કદી સુખી હશે, અહીં મ્હાલતી સ્વચ્છંદથી,
પણ નારીને રોવા વિના નહીં; કર્મમાં બીજું કંઇ."

* * *

'જૈન' પત્રના તા૦ ૨૧-૧૨-૩૦ ના અંકનો "જૈન વિધવાઓનો પ્રશ્ન" એ શિર્ષક અગ્ર લેખ વાંચી એક બ્હેને મ્હને પ્રશ્ન કર્યો: "ત્હમે પુરૂષો સ્ત્રી જીવનના પ્રશ્નોની ચર્ચા શા માટે કરતા હશો?!"

* * *

"વડોદરા આર્ય કુમાર આશ્રમમાં ત્રણ જૈન ગુજરાતી વિધવાઓએ પુનર્લગ્ન કર્યાં છે." એ સમાચાર જાણી "જૈન વિધવાઓનો પ્રશ્ન દિવસે દિવસે વધુને વધુ ગંભીર થતો જાય છે." એમ આપણને લાગે છે. અત્યાર સુધી સૂચવેલા કે અમલમાં મુકેલા ઉપાયો નિષ્ફળ ગયા છે એમ આપણને સમજાય છે અને હવે શું કરવું? એ પ્રશ્ન આપણી સ્હામો ઉભોજ રહે છે.

પુનર્લગ્નના પ્રશ્ન પરત્વે "જૈન" કારનો અભીપ્રાય નોંધીએ:

"—આદર્શ જૈનત્વનો ધ્રુવ કાંટો તો સંસાર વૃદ્ધિની દિશામાં નજ હોય. પરિસ્થિતિને અંગે વિધવાઓ પુનર્લગ્ન કરે એ ભલે ક્ષમ્ય હાય, ગર્ભ હત્યા કે ભ્રૂણ હત્યા કરનારી વિધવાની અપેક્ષાએ પુનર્લગ્ન કરનારી વિધવા ભલે ઓછું પાપ કરનારી લેખાય, વિષયમાં રગદોળાતી કોઇ વેશ્યાના તુલનામાં બીજા પતિના ગૃહીણી બનેલી વિધવા ભલે ઓછી આક્ષેપાર્હ હોય. કોઇવાર સમાજને કે ન્યાતને એ કોયડો અત્યંત મુઝવનારો લાગતાં ભલે તેને કદાચ વિધવા વિવાહના છુટ પણ મુકવી પડતી હોય, તો પણ આદર્શ આર્યત્વ કે આદર્શ જૈનત્વ ભૌતિક સુખને ઉચ્ચ શિખર ઉપર સ્થાપી શકેજ નહી. અને તે વિધવાને પુનર્લગ્ન કરવાની તો શું પણ કુંવારી બાળાને પણ સંસારમાં પડવાની સલાહ આપી શકે નહી. કથનનું તાત્પર્ય એ છે, કે સમાજ કે વ્યક્તિઓ પોતાના સંરક્ષણને અર્થે, ભૌતિક સુખને અર્થે જૂની ભૂલોને લીધે પડેલાં ગાબડાં પુરવાને ભલે ગમે તેવાં થીંગડાં દે પરંતુ તેનો પરમોચ્ચ આદર્શ તો નજ બદલાય."

—આર્યત્વ અને જૈનત્વનો પરમોચ્ચ આદર્શ એજ કે: "વિધવાને પુનર્લગ્ન કરવાની તો શું પણ કુંવારી બાળાને પણ સંસારમાં પડવાની સલાહ આપી શકે નહિ." પરંતુ આતો સ્ત્રી જાતિને માટે. પુરૂષો માટે પરમોચ્ચ આદર્શ શો હશે?! સ્ત્રી જીવનના પ્રશ્નોની ચર્ચા અને ઉહાપોહ કરનારાઓ—પુરૂષ વર્ગ પોતાના પગ નીચે બળતું પ્રથમ જોવાની તકલીફ લેતા હોત તો કેટલું સારૂં! આપણી માફક સ્ત્રીઓ પણ 'મનુષ્ય' છે. તેમને હ્રદય અને મન હોય છે. તેઓ સુખ દુઃખની લાગણી અનુભવે છે. તેમને વૃત્તિઓ સતાવતી હશે. અને તેમને પણ આત્માની ભૂખ જેવું કૈંક હશે! એ બધું આપણે કેમ ભુલી જતા હોઇશું? કોઇ સ્ત્રી ચારિત્રભ્રષ્ટ થઇ કલંકિત બને તેમાં શું એકલી સ્ત્રીજ જવાબદાર છે? કોઇ સ્ત્રી પુનર્લગ્ન કરે તેમાં પાશવતાનાં દર્શન કરનારા તેની સાથે જોડાનાર પુરૂષની પાશવતા તરફ આંખ મીંચામણાં કેમ કરતા હશે? "પુનર્લગ્ન કરનારી વિધવાઓ સમાજમાં હીણતમ છે ખરી," એમ અભિપ્રાય આપી દેવો એ યુગયુગથી સ્ત્રીઓને પોતાની ગુલામીમાં સબડાવનાર પુરૂષવર્ગને માટે ભલે સહેલું હોય; પણ વિધુર બનતાં સહચરી વિના તરફડતા આત્માને શાન્તિ આપવા સ્મસાનમાંજ સાટાં નક્કી કરી 'સંસાર માંહી પ્રયાણ' કરવા તત્પર બનનાર એ પુરૂષ વર્ગ પોતાની એ હીણતમતા માટે શો જવાબ આપે છે? બાળ વિધવાઓ માટે સંયમનો માર્ગ માર્ગ ચીંધનારા કે વિધવાશ્રમો અને ઉદ્યોગ આશ્રમો કાઢવાની સૂચના કરનારાઓ લગ્ને લગ્ને કુંવારા ગણાતા એ વિધુરો માટે અને સાઠ વર્ષે પણ જેઓની વિષયલાલસા તૃપ્ત થઇ હોતી નથી એવા વરરાજાઓને માટે આવી કોઇ યોજના ઘડવાને તૈયાર છે ખરા? સહેજ પણ ગંભીરતા છોડયા સિવાય અમે એ કહેવા માગીએ છીએ કે: સ્ત્રીઓના પ્રશ્નોની ઉહાપોહ કરવા પહેલાં સ્ત્રી જાતિ તરફ આપણે કયી દ્રષ્ટિએ જોઇએ છીએ તે વિચારવાની અને આપણું દ્રષ્ટિબિન્દુ ફેરવવાની પ્રથમ જરૂર છે. આપણું દ્રષ્ટિબિન્દુ ફરતાં આ પ્રશ્ન આટલો બધો વિકટ અને ગંભીર નહિજ લાગે."

——આપણે આશા રાખીએ કે: "વર્તમાન જાગ્રત સ્ત્રીત્વ આપણી સાન ઠેકાણે લાવે તે પહેલાંજ આપણે સમાજના એ મહત્વના અંગને 'માનવતા'ની દ્રષ્ટિએ જોતા થઇએ! અને સ્ત્રીજીવનના પશ્નોની ચર્ચા 'સ્વાર્થ'ની દ્રષ્ટિએ નહી પણ યુગ યુગથી ગુલામીમાં સબડતા એ આપણા અંગના 'જીવનવિકાસ'ની 'સ્વાતંત્ર્ય'ની દ્રષ્ટિએ કરતાં શીખી જઇએ!"

* * *

જોધપુર રાજ્યના સાંડેરાવ ગામમાં એક બાળાનો ખાનદાનીના ખપ્પરમાં ભોગ અપાયાની કરૂણ કથા 'જૈન' પત્રના તા૦ ૨૮-૧૨-૩૦ ના અંકમાં છપાય છે. ટુંકામાં કથાનો સાર આમ છે:

"સાંડેરાવ ગામમાં ખુડાલાથી વરરાજા પરણવા આવ્યા હતા. વરરાજા માંદાજ હતા કે, લગ્નના દિવસે માંદા થયા. તે ગમે તે હો. પણ પોતાની વધારે બગડતી દશા જોઇ યુવકે 'ચવરી'માં આવવાની ના પાડી, કન્યાએ પણ પોતાની અનઇચ્છા પ્રગટ કરી. પણ...પણ વરરાજાના બાપનું કપાઇ જતું નાક તેને સ્થાને રાખવા માટે હઠ કરી વરને 'ચવરી'માં લાવી, જેમ તેમ કરી ફેરા ફેરવી લીધા. પછી?......પછી દૈવ રૂઠયો. વરરાજાને ન્યુમોનીઆ થઇ ગયો. ડોકટરોના હાથ હેઠા પડયા. અને વરરાજા પરલોક સીધાવ્યા. અને...અને એક નિર્દોષ બાળા વિધવા બની......અને મરણ પામેલાના વારસદારોના કપાઇ જતાં નાકને બચાવવાની ખાતર તેના કહેવાતા સાસરામાં તે કહેવાતી વિધવાને લઇ ગયા."

આપણે જૈન સમાજને અને તેના સુત્રધારોને પુછીએ કે આ બાળા વિધવા ગણાય ખરી? આ કહેવાતી વિધવાના જીવનના અણઉકલ્યા પ્રશ્નનો આપણી પાસે શો જવાબ છે? શાસ્ત્રના આધારો ટાંકનારા અને ભૂતકાળમાં ગોથાં ખાનારાઓ આનો શો ઉપાય સૂચવે છે?

* * *

"વ્યકિત એ સમાજનું એક અંગ છે. સમાજ વ્યકિતને ન્યાય આપવા અને તેને થતા અન્યાય પ્રસંગે તેની પડખે ઉભા રહેવા નૈતિક રીતે બંધાએલો છે. જો સમાજ

એક વ્યકિત ઉપર ગુજરતા ત્રાસ અને જુલ્મને નિભાવી લેવા તૈયાર હોય તો એ સમાજને એવી કોઇ પણ વ્યકિત પાસે પોતાના કાયદા કાનુનો ફરજીઆત પળાવવાનો શો હક્ક છે? અન્યાય અને જુલ્મનો ભોગ બનનારને માટે બેજ માર્ગ ખુલ્લા રહે છે, કાંતો તેણે રીબાઇ રીબાઇને મરવું. યાતો જે સમાજ તેને ન્યાય આપવાના, તેમજ થતા અન્યાયમાંથી બચાવવાના અખાડા કરે છે તેની સ્હામે બંડ કરી તેના કાયદાનો છડે ચોક ભંગ કરવો! સમાજ અને તેના સુત્રધારોને સાચો ન્યાય કરવો નથી અને પોતે માનેલા કાયદાઓનો અમલ ન થાય એટલે એ વ્યકિત ઉપર શાસ્ત્રના નામે, સમાજના કાયદાઓને આધારે અને નિતી અનિતીના સવાલોની ઓથે રહી એમના હાથમાં હવે બાકી રહેલું છેલ્લું હથીઆર 'બહિષ્કાર' અજમાવવા તેઓ તૈયાર થાય છે. પણ એ થઇ બેઠેલા આગેવાનોને અને કહેવાતા શાણાઓને કયાં ખબર છે કે તમારૂં એ અમોઘ શસ્ત્ર હવે બુઠું બની ગયું છે. તેની કશીજ કીંમત નથી. કયાંતો સમાજના રક્ષણ નીચે રહેનારને ન્યાય આપવા તત્પર રહો. યા તો તમારા એ કહેવાતા કાયદાઓનો ભંગ થતો નિહાળ્યા કરો અને પોકાર પાડયા કરો!!"

* * *

તા૦ ૩૧-૧૨-૩૦ ના મુંબાઇ સમાચારમાં એક ભાઇ લખે છે કે: હાલમાં ભરાતા પ્રદર્શનને પ્રસંગે ચતુર્વિધ સંઘને એકત્ર કરવાનો સારો પ્રસંગ છે. અને તેમ થાય તો હમણાં પ્રદર્શનના આમંત્રણને માન આપી અત્રે પધારતા આચાર્યોમાં લગભગ બધાજ શાસનપ્રેમી પક્ષનાજ હોવાથી કૈં આડું વેતરાઇ ન જાય. તેને માટે સાવચેતીનો સૂર કાઢી ત્યાં બિરાજતા વિજયનેમીસુરિજી અને વિજયનિતીસૂરીજીને આગેવાની લઇ બધાને પક્ષભેદ વગર આમંત્રણ આપવાની નમ્રપણે સૂચના કરે છે.

—આપણો એ પૂજ્ય વર્ગ સાચી 'વિત્તરાગતા' સિદ્ધ કરી બતાવશેજ એટલી આશા રાખી હાલ તો મૌન સેવીએ!

* * *

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું મુખપત્ર 'જૈન યુગ' માસિક મટી પાક્ષિક બને છે. તેનો પહેલો અંક તા૦ ૧ જાનેવારીએ બહાર પડી ચુકયો છે. કોઇપણ જાતનો અભીપ્રાય હાલ કેમ આપી શકાય? બાકી એટલું ખરૂં કે તેની 'નિતી રીતી' સંબંધી આપણે ટીકા ન કરીએ. પણ જો સાચેજ જૈન યુગ સમાજની સેવા કરવા માગતું હશે તો તેણે જીવનના પ્રત્યેક પ્રશ્નોની ચર્ચા કર્યા વિના નહીજ ચાલે. ભાષાની ગંભીરતા કે વિચારોની પૌઢતા તરફ આપણને ઝાઝો વાંધો ન હોય. પણ સત્યને જાહેર કરવાની નિડરતા તો અવશ્ય હોવી ઘટે!" એટલો ચેતવણીનો સૂર કાઢયા પછી આપણે નોંધીએ કે: "જૈન યુગ" ભલે ઉગે!—માત્ર પુરાતત્વનાં ચુંથણાં ચુંથવા માટે નહી પણ સમાજના સળગતા પ્રશ્નોનો ઉકેલ કરવા માટે. અસ્તુ

3/1/31 — FEDIST.

**જાહેર ખબર:** પત્રિકામાં જાહેર ખબર લેવાનું નકકી કર્યું છે. ભાવ વગેરેની માહિતી પત્રવ્યવહારથી મળી શકશે.

# ચર્ચાપત્ર.

**જૈન યુવક સંઘ પત્રિકાના તંત્રી જોગ,**

નીચેનું ચર્ચાપત્ર આપ પ્રસિદ્ધ કરશો.

વીરશાસને તા. ૨૬-૧૨-૩૦ નાં અંકમાં પત્રિકાના તંત્રીની ભાવનગરના વેપારને અંગે ટીકા લખી છે. વીરશાસનના તંત્રીને બીજી બાજુ જોવાની છેજ નહિં; પણ ભાવનગરના રેશમી કાપડના વેપારીઓ તરફથી 'જાહેર નિવેદન' એ નામે બે પત્રિકાઓ બહાર પાડી છે, તે આખી વાંચવાથી ભાવનગર પીકેટીંગ મંડળની રેશમી કાપડના વેપારીઓ સાથેની વર્તણુંકનો સમાજને સાચો ખ્યાલ આવશે. તેમાંથી નિચેનો ઉતારો ખાસ જરૂરનો હોવાથી પ્રકટ કરવા મોકલી આપું છું.

"અમદાવાદમાં બનારસી માલ તથા કીનખાબ, મોળીઆં, પાલવજોટા વિગેરે હિંદુસ્તાનની કારીગરીવાળા માલ ઉપર પીકેટીંગ નથી એ અમો ભારપૂર્વક ફરીથી સમગ્ર જનતા સમક્ષ જાહેર કરીએ છીએ."

"પ્રથમ દૃષ્ટિએ રા. ફુલચંદભાઇ તથા સંગ્રામ સમિતિએ રેશમી કાપડમાં સ્વદેશી શુ શું વસ્તુઓ ગણાય છે તે સમજી લઇ તેનો નિર્ણય કર્યા પછીજ વિદેશી વસ્તુઓ ઉપર વ્યાજબી રીતે પીકેટીંગ શરૂ કરવું જોઇતું હતું!"

"અમારી સદરહુ પત્રિકાનો કશો પણ ખુલાસો તેઓશ્રી અથવા તેમની સંગ્રામ સમિતિ આપી શકયા નથી તેમજ અમારા કોઇપણ મુદ્દાઓને 'અસત્ય' જાહેર કરી શકયા નથી"

"અમો જાહેર જનતાને નમ્રતાપૂર્વક જણાવીએ છીએ કે આ પીકેટીંગ સ્વદેશી કાપડ ઉપરનું છે કે વિદેશી ઉપરનું?"

"અમારો સ્વદેશી સાડી, સાફા વિગેરે બનારસી માલ, અમદાવાદી કીનખાપ, ખંડ વિગેરે અમદાવાદી માલ, સુરતી મોળીઆં, કનેરી વિગેરે સુરતી માલ, જામનગરી અતલસ, પોરબંદરી સાફા વિગેરે વિગેરે જે જે સ્વદેશી માલ છે અને જેમાં ઓછામાં ઓછા પચાસ ટકા અને વધારેમાં વધારે નેવું ટકા સુધી હિંદુસ્તાનની કારીગરીનો સમાવેશ થાય છે એટલે કે હિંદુસ્તાનના સંખ્યાબંધ કારીગરોનો નીભાવ થાય છે—તેવા માલને માટે સખ્ત પીકેટીંગ હોવાથી અમો લગભગ પોણા બે માસ થયાં પુષ્કળ નુકશાન સહન કરી રહ્યા છીએ." લી૦ જૈન.

# પહોંચ અને સ્વીકાર.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સનું મુખપત્ર "જૈનયુગ" જે પહેલાં માસિક હતું તે નવા વર્ષથી (તા૦ ૧-૧-૩૧) પાક્ષીક તરીકે બહાર આવ્યું છે તેનો પ્રથમ અંક અમને મળ્યો છે, જે આભાર સાથે સ્વીકારીએ છીએ. "જૈનયુગ" જૈન સમાજને ખાસ વાંચવા અને સમજવા લાયક છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયનો **પંદરમો વાર્ષિક રિપોર્ટ** જેમાં સને ૧૯૨૯-૩૦ નો હિસાબ વગેરે બાબતો જણાવવામાં આવી છે, તે વાંચી કોને સંતોષ ન થાય? જૈન સમાજની દરેક ધાર્મિક સંસ્થા આવું સુંદર કાર્ય કરે એમ અમે ઇચ્છીએ છીએ.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮; ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

બ્રહ્મચર્ય અને વ્યાયામ. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨ જો. | સંવત ૧૯૮૭ ના પોષ વદી ૯. તા૦ ૧૨-૧-૩૧ | છુટક નકલ: ૦॥ આનો.

## નોંધ અને ચર્ચા.

---:*:---

### કેટલાક બળતા પ્રશ્નો : લગ્નમાં કજોડા.

હજુ જૈન સમાજમાં લગ્નવિષયમાં સોળમી સદીના જેવું નિંદ્ય વર્તન આચરવાના દાખલાઓ વાંચી હૃદય દુભાય છે. આપણે દયા ધર્મની બડી બડી વાતો હાંકવામાં જરા પણ પાછું વાળી જોતાં નથી—અરે આપણામાંના કેટલાક ધર્માન્ધો તો દેશમાં પ્રવર્તી રહેલ અહિંસક યુદ્ધને પણ જૈન ધર્મની અહિંસા સાથે સબંધ વગરનું લખતાં શરમાતા પણ નથી. મોક્ષ અને આત્માની વાતો કરનારા આપણાજ ભાઇઓ લગ્નના લ્હાવો, સંતાનનો મોહ અને વિષયની અભિલાષા છોડી શકતા નથી. એ પર ઉપેક્ષાવૃત્તિ દેખાડવાને બદલે એમાં ગૃદ્ધિથી રાચતા દ્રષ્ટિગોચર થાય છે!

દેશકાળ જોતાં શું એમ નથી લાગતું કે ભૂતકાળમાં ગમે તેમ ચલાવ્યું પણ હવે તો આવા કજોડાથી હાથ ઉઠાવવોજ જોઇએ. ઉમ્મર લાયક વરકન્યાના વિવાહનેજ ખરા લગ્ન કહી શકાય. એમાં પણ ગુણ, શિક્ષણ અને સ્વભાવનું સામ્ય ખાસ કરી જોવાની જરૂર છે. વર કરતાં કન્યાની વય ઓછી હોવી જોઇએ, એ સહજ સમજાય તેવું છે. ઉપરાંત કુળ સનાથતા કે ધન એ ચાલુ કાળમાં ખાસ અગત્ય આપવા જેવા સાધનો નથી. 'समान शीलेषु सख्यम्' એ સુત્રપર સવિશેષ ધ્યાન અપાય તો પણ વાંધા જેવું નથી.

છતાં આજે શું અનુભવાય છે? કુલીનતાના નામે કેટલી કન્યાઓના ભવને આગ મૂકવામાં આવે છે! અને ધનવાનો સ્વ દ્રવ્યબળે બાળાઓને વિક્રયની વસ્તુ બનાવી રહેલા આપણે શું નથી જોતા? માબાપોના ભૂલભર્યા લ્હાવા માણવાના લોભથી કેટલાયે યુવકોના સંસારમાં ઠંડુ પાણી રેડાઇ જાય છે. આમ છતાં નરજાતિ કરતાં નારિજાતિના કષ્ટોનો પાર નથી. જ્યાં ધન લાલચુ માબાપ હોય છે ત્યાં તો આડો આંક આવે છે. ધોળીઆના રાગમાં અંધ બનેલ પિતા મડા સાથે મીંઢળ બાંધતા પણ અચકાતો નથી. એની ચક્ષુઓ સામે ડોકીયા કરતાં દિકરીના વૈધવ્યને જોઇ શકતી નથી એ વેળા દયા ધર્મની વાત તો એ કોઇ ગહન ગુફામાં છુપાવી દે છે. પાપ તો એને યાદજ આવતું નથી. સ્વાર્થ બધું ભૂલાવી દે છે. પોતાની તનયાનો ભવ બાળનાર આવા જનકો કસાઇ કરતાં પણ ભૂંડા છે.

કોન્ફરન્સના પ્રચારથી અને કેળવણીના ફેલાવાથી ઘણા ભાગમાં ઉપરોક્ત સ્થિતિ ઘણે અંશે બદલાઇ ગઇ છે! આમ છતાં હજુ કેટલા એવા સ્થળો છેજ કે જ્યાંથી આ રોગ નાબુદ નથી થયો. કેટલેક સ્થાને આવા દુ:ખદ કાર્યને જ્ઞાતિના કાનુનથી કે વહેવારના હાઉથી જકડવામાં આવે છે. વળી આ અનિષ્ટ તરફ જો કોઇ ધ્યાન ખેંચે છે કિંવા આંખ ઉઘાડે છે તો ધર્મી ગણાતા વૃધ્ધો ભાવી ભાવને આગળ કરતાં પણ શરમાતા નથી. આંખો મીચીને કુવામાં પડતું મુકનાર કઇ રીતે ભાવી ભાવને શીરે દોષ ઢોળે છે! અજાયબ જેવું તો એ છે કે આ બધી કર્મની ફીલોસોફી ને તગદીરની વાતો માત્ર સ્ત્રી જાતિના સંબંધમાંજ આગળ ધરવામાં આવે છે. પુરૂષ વર્ગને માટે તો કંઇ નિયમન કે ધર્મ-કર્મનો રોધ છેજ નહિં! ધર્મના ઓઠા તળે પ્રવર્તી રહેલ આ ચોકખો દંભજ છે યુવાનો હવે તેને ઘડીભર ન સહી શકે એ સામે યુવતી વર્ગે પણ હાથ ઉપાડવા જોઇએ. 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય' ના જમાનાથી આપણે આગળ નીકળી ગયા છીએ એટલે એવી ખોટી શરમ ન રખાય. બાર વર્ષની બાળકી કે સોળ વર્ષની તરૂણી સાથે ચાલીસ પચાસના બુઢ્ઢાજીનો હસ્તમેળાપ પળવાર સાંખી શકાયજ કેમ? જ્યાં આવુ બનતું હોય ત્યાંના યુવકો જો એ પરત્વે આંખ આડા કાન કરતા હોય તો અવશ્ય તેઓ નામર્દ છે. જરૂર તેઓ ધર્મ ને સમાજનો દ્રોહ કરી રહ્યા છે. વીસમી સદીના આ કાળમાં, સુધારણાના આ યુગમાં આઠ દશ વર્ષના બાળકો ઘોડે ચઢે અગર ડોસાજીઓ લાડી લાવવાના કોડ કરે એ અનુચિત છે. એ સામે પડકારવા સારૂ યુવાનો પાસે પુરતી સામગ્રી છે માટે યુવાનો ઉંઘમાં નજ રહે.

"અભ્યાસક."

---

## યુવાનોના આદર્શ.

નાની મોટી વાતો અહીં પુરી થાય છે. દેશમાં ચારે તરફ સંગ્રામનાં જુવાળ પથરાયા હોય ત્યાં બીજી લાંબી વાતો શું કરીએ! અમને ભવિષ્ય તરફ બહુ વિશ્વાસ છે. આપણે અત્યારે ઉદયકાળની સન્મુખ ઉભા છીએ. આપણા અહિંસાના મહાન્ સિદ્ધાન્તનો જગતભરમાં જે પ્રસાર થતો જાય છે તેનો ખ્યાલ કરતાં છાતી ગજ ગજ ઉછળે છે. આપણા યુવક ભાઇઓના ભોગ, સેવા અને આદર્શો સંભારતાં હર્ષનાં આંસુ આવે છે, આપણા વ્યાપારી વર્ગનો ત્યાગ જોતાં મન આર્દ્ર થઇ જાય છે, આપણી બ્હેનોને જેલમાં જતી જોતાં અને પીકેટીંગ કરતી જોતાં ભાવી ભારતનાં વીર સંતાનોનો અજબ માર્ગ મનમાં પ્રેરણા કરે છે; અને આપણા સ્વાતંત્ર્યના સૂર્યના અરુણોદયના વિચારો મનમાં પ્રેરણા ભરી મૂકે છે.

નવયુવકના ઉત્સાહનો અત્યારે પાર નથી. એના આદર્શને અત્યારે મર્યાદા નથી, એની પ્રેરણાને અત્યારે પરિસિમા નથી, એના વેગને અત્યારે પ્રત્યાઘાત નથી, એની ભાવનાને અત્યારે ભૂખ નથી, એના ત્યાગને અત્યારે સ્ખલન નથી, એના વિકાસને આજે ક્ષોભ નથી; એ ખૂબ વધે છે, એ ખૂબ ગાજે છે, એ ખૂબ મ્હાણે છે. એનો આદર્શ સેવાનો છે, એની ભાવના સેવાની છે, એની વાણીમાં સંયમ છે, એની ગતિમાં શિષ્ટ છે, એની દોડાદોડમાં નિયમન છે, એના વસ્ત્રમાં સાદાઇ છે, એના ખોરાકમાં બેદરકારી છે, એની બોલીમાં સ્વાતંત્ર્ય છે, એના વિચારમાં ભવ્યતા છે, એની ચાલમાં શોભા છે, એના વિનયમાં વિવેક છે, એના વિવેકમાં અક્કલ છે, એની અક્કલમાં દીર્ઘ નજર છે અને એની નજરમાં રાષ્ટ્રની સ્વતંત્રતા છે.

(મહાવીર જૈન વિદ્યાલયના રિપોર્ટમાંથી.)

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# બ્રહ્મચર્ય અને વ્યાયામ.

બ્રહ્મચર્ય એટલે સંપૂર્ણ સ્ત્રી વર્જન, જે ભાઈઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાને શક્તિમાન હોય અને પાળતા હોય તેને તો વંદનજ છે. પરંતુ જેઓ સંપૂર્ણ બ્રહ્મચર્ય ન પાળતા હોય તેઓએ પોતાની પત્નિ સિવાય બાકીની સ્ત્રીઓ પ્રત્યે માતા ભગિની કે પુત્રીસમ પ્રેમ રાખવો. યુવાન અવસ્થામાં લગ્ન થયુ હોય તો ગૃહસ્થ મન, વચન ને કાયાથી આવા પ્રકારનું બ્રહ્મચર્ય પાળી પોતાની પત્નિમાં સતોષ એટલે ક્રીડા પેઠે નહિ; પરંતુ જેમ બને તેમ વિર્યનું રક્ષણ કરી જવલેજ ન છુટકે સેવે તો યુવાન વયે લગ્ન લાભદાયી નીવડે છે. નહિ તો ભયંકર નુકસાન કરે છે.

પાકી વયે લગ્ન થાય તો શરીરના સ્નાયુઓ, અંગો, ઘાટીલા અને મજબુત બને છે, આ પ્રમાણે ઘાટીલું અને મજબુત શરીર બંધારણ થયા પછી લગ્ન થાય તો, શરીરને નુકસાન થતું નથી. આથી શરીર બળની વૃદ્ધિ માટે અને ટકાવ માટે બાળવયમાં લગ્ન કરતાં પાકી વયે (યુવાન અવસ્થાએ) લગ્ન થવું જરૂરી છે, વ્યાયામનું સાધ્યબિંદુ શરીર સંપતિ છે, પાકીવયે લગનનુ ધ્યેય પણ શરીર સંપતિ છે, માટે વ્યાયાસ અને પાકી વયે લગ્ન એ બે ગૃહસ્થ જીવનની ગુટીકાઓ છે

બ્રહ્મચારી આત્માનો ઉદ્ધાર કરે છે, પારકાના ભલા માટે સદા ઉત્સુક રહે છે. તેની શક્તિ અથાગ ઉધમથી મંદ પડતી નથી. પરંતુ વધારે ખીલે છે, એક બ્રહ્મચારી અનેક અબ્રહ્મચારીઓમાં સેંકડો શિયાળવા વચ્ચે સિંહ સરીખો છે. બ્રહ્મચારીએ શરીર બળ સાચવ્યુ છે. વીર્યની વૃદ્ધ કરી છે. તેથી તે પોતાનુ અને પરનું ભલુ કરી શકે છે. અબ્રહ્મચારીએ વીર્યરક્ષાની દરકાર કરી નથી તેથી તે આત્માના બળ અને આત્માની અનંત શકિતથી જે વંચિત રહે છે, શરીર બળની ઉપેક્ષા કરવા તે આત્મબળની અવગણના કરવા બરાબર છે. અથવા શરીરઘાત તે આત્મઘાત છે.

બ્રહ્મચર્ય પાલનને અર્થે શારિરીકબળ, શારિરીક તેજસ્વીતા અને શારિરીક સંપત્તિની ઉપયોગીતા કેટલી છે તે જાણ્યા પછી શારિરીકબળની પ્રાપ્તી માટે વ્યાયામની જરૂર કેટલી છે તે જાણવું લાભદાયી છે.

જગતમાં મનુષ્યને હેરત પમાડે તેવાં મહા મોટાં યંત્રો બનાવ્યા છે. પરંતુ તે બગડે ત્યારે તેને સુધારવાનાં સાધનો પણ હોઇ શકે છે. પરંતુ શરીરરૂપી યંત્ર જ્યારે બગડે ત્યારે તેને સુધારવાને ડોકટરી કે વૈદક કૃત્રિમ ઉપાયો નકામા છે પરંતુ તેને બગડતુંજ અટકાવવા એટલે મૂળથીજ રોગના તંતુઓ ઘર કરીને ન બેસે તે માટે ખરો ઉપાય વ્યાયામ છે. કારણ કે શરીર માટે જે કૃત્રિમ ઉપાયો યોજવામાં આવે છે તે આયુષ્યને ઘટાડે છે પરંતુ વ્યાયામ આયુષ્ય વધારે છે, વ્યાયામ ઉત્તમ દવા છે, ઉત્તમ ગુટીકા છે, ઉત્તમ ભસ્મ છે, ઉત્તમ એનીમા છે.

ગુમાવેલી શકિત ફરીથી પ્રાપ્ત કરવા તમે શું કરશો? કોઇ પણ ઉપાય અજમાવો તે પહેલાં અંગ કસરત શકિત પ્રમાણે કરજો. તમારા ચક્ષુનાં તેજ ઓછાં થયાં હોય, ગાત્રો ઢીલાં થયાં હોય અને હાથ પગ હરામી થયા હોય તો કસરત કરીને તમારા શરીરમાં શકિતનો હોજ ભરવામાં પાછા હઠશો નહિ.

શરીર અનેક રોગોનું સંગ્રહસ્થાન છે શરીર અનેક પ્રવૃત્તિઓનું સંમેલન સ્થળ છે, એ જીવન શકિતઓનો કીલ્લો છે. એ કીલ્લાને સુરક્ષિત રાખવા કસરતરૂપી તોપ પુરતી થઇ પડશે.

વ્યાયામ એટલે શરીરબળ ખીલવવાનું સાધન. શારિરીક બળ અને સુઘડતા જ્યાં હોય ત્યાં મનની પવિત્રતાનો વાસ થાય. જો આત્માને રહેવાનું મંદિર મલિન હોય તો આત્મા પણ તેવો બને છે. કારણ કે નિર્બળ માણસ અનેક ખરાબ ભાવનાઓનું સભાસ્થાન છે અને તંદુરસ્ત માણસનો આત્મા હમેશાં પ્રફુલીત, પ્રગતિમાન, અને પૂર્ણાનંદી રહે છે અને તેથીજ સત્ય કહ્યું છે કે શારિરીક કેળવણી એટલે મનનો વિકાસ છે, મન અને શરિરનો સંબંધ અતિ નિકટ છે. આથી આત્મ ઉન્નતિ અર્થે જેટલા બ્રહ્મચર્યની જરૂર છે તેથી લેશ પણ ઓછી જરૂર વ્યાયામની નથી. માટે દરેક ભાઇએ અને બ્હેને નિયમિત કસરત કરવાની ટેવ પાડી જોઇયે. જેઓને તે તરફ રૂચીજ થઇ નથી, તેવાઓ અખતરા તરીકે રૂચી કરી જુએ અને થોડાજ દિવસોમાં તેને ખાત્રી થશે કે કસરત એ સાધારણ વસ્તુ નથી પરંતુ અણમેલી ગુટીકા છે.

## આબુ તિર્થ.

—(०)—

આબુ તિર્થપર જતા જૈન યાત્રાળુ પાસેથી મુંડકું બધારવાની બાબતની ઉહાપોહ જાહેર પેપરોમાં આવવાથી અત્રેની જૈન શ્વેતાંબર કોન્ફરન્સે તા૦ ૨૪-૧૨-૩૦ ના રોજ એક તાર શીરોહી સ્ટેટ ઉપર કરેલો હતો તેનો જવાબ ૩૧-૧૨-૩૦ ના રોજ મળવાથી બીજો તાર તા૦ ૧-૧-૩૧ ના રોજ કર્યો હતો

"ચીફ મીનીસ્ટર: શીરોહી,

કોન્ફરન્સ તરફથી કરવામાં આવેલો તાર તા૦ ૧-૧-૧૯૩૧. ચીફ મીનીસ્ટર શીરોહી. તાર મળ્યો. એક અઠવાડીયાથી વધારે રોકાનાર જૈન યાત્રાળુઓ પાસેથી ફરી ફરીને ચોકીદારી અથવા વધારાનો કર આપવો પડતો નથી એમ જાણી અમે ખુશી થયા છીએ. આ ખબર જૈન યાત્રાળુઓને પણ અમે આપીએ છીએ અને અમે નામદાર મહારાજા સાહેબનો આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપ પણ દેલવાડાના ઇન્સ્પેક્ટરોને તે મુજબ ખબર આપશો. રણછોડભાઇ રાયચંદ ઝવેરી અને મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ, જૈન શ્વેતાંબર કોન્ફરન્સ."

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો:—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# જૈનો અને સત્યાગ્રહ.

લેખક: એ. કે. દોશી.

### અહિંસા ધર્મની મહત્તા.

દુનિયામાં પરાપૂર્વથી પૂણ્ય અને પાપ વચ્ચે ઝઘડો ચાલ્યા કરે છે. સૌ સૌનાં પૂણ્ય પરવારે છે અને પાપનો ઘડો હદ ઉપરાંત ભરાય છે, ત્યારે દુનિયામાં મહાન ઉથલ-પાથલ થાય છે. 'અહિંસા પરમોધર્મઃ' નો વિશ્વવ્યાપી સિદ્ધાંત આજે પુનર્જીવન પામી રહ્યો છે. જે સર્વમાન્ય પુરૂષ, સાબરમતી આશ્રમનો ઉત્પાદક, અને હિન્દની સૈકાઓની ઉંઘ ઉડાડનાર વ્યકિત, આજે યરોડાના પુણ્યધામમાં તપ તપી રહ્યા છે તે જૈનોનો મહાન સાધુ કહેવડાવાને લાયક છે. તેનું ચારિત્ર, તેજ, તેનું પ્રતિભાશાળી વ્યકિતત્વ, તેની સત્ય અને અસરકારક વાણી એ સૌ પયગંબરતાનો પડઘો પાડી રહ્યાં છે. એણે અહિંસાનો અજોડ પ્રયોગ આદરી માનવ સંઘને મુગ્ધ કર્યો છે.

અને તે પુરૂષે અહિંસાનો વ્યવહારીક ઉપયોગ દેખાડયો છે. હિંસામાં રાચનારી પ્રજાએ આજે મહાત્માને પગલે ચાલવા માંડી છે. આ કર્તવ્યયુગના જમાનામાં ઉપાશ્રયમાં 'હાજીહા' કરનાર શ્રાવકને, ફકત જિમણાં અને ઉપધ્યાનમાંજ ધર્મની વાહ વાહ સમજનારને, અને સ્વતંત્રતાના યુદ્ધમાં ધન ન આપવું એવી માન્યતા ધરાવનારાં માનવ સળેખડાંઓને ગાંધીજીની મહાન સેવાનાં યશોગાન ગાનાર પ્રત્યે ધૃણાજ ઉપજેને!

પરંતુ જૈન સમાજનો નવયુવાન તેનો ધર્મ ચુકયો નથી. મહાવીરનો ખરો પૂત્ર કહેવડાવવા એ યુવાન મહાજનને શોભતા પંથે સંચર્યો છે. યુવક સંઘના સભ્યો માંહેથી શ્રી. વીરચંદભાઇ તથા પરમાનંદભાઇએ, અને વિશાળ જૈન સમાજ માંહેથી શ્રી. મણીલાલ કોઠારી, અમૃતલાલ શેઠ, ઝવેરચંદ મેઘાણી, શ્રીમતી સરલાબ્હેન, મૃદુલાબ્હેન, વિગેરે માનવંત વ્યકિતઓએ જૈનોનું નાક રાખ્યું છે.

એ સત્ય અને અહિંસાના શ્રવણથી સિંહગર્જન કરતી બહાદુર કોમોએ લાઠી અને બૅટનોનો માર ખાઇ રકત સરિતાઓ વહેવડાવી છે. અહિંસા જો સાંપ્રત યુદ્ધનું પ્રથમ શસ્ત્ર ન હોત તો આજે હિંદીઓના હાથ હેઠા પડયા હોત. એજ અહિંસાના ઉપદેશથી આપણી ધર્મ ઘેલી પ્રજા જાન માલની કુરબાની કરી રહી છે. અને એજ સિદ્ધાંતના પ્રચારથી હિંદની સ્ત્રીશકિત તથા હિંદનું બાળશૌર્ય આટલું નૂર દાખવી શકયું છે. જ્ઞાનચક્ષુની વાતો કરનારા સહધર્મી બંધુઓ તેમની ચર્મચક્ષુઓ ખોલી આ નવીન ઉદ્ભવિત ભવ્ય ભાવનામય જગતને નિહાળી શકશે કે?

### પરદેશી વસ્ત્ર.

ધર્મ એટલે કથન અને વર્તન ઉભય. સુજ્ઞ દૃષ્ટિએ જાણવા છતાં પરદેશી વસ્ત્ર પહેરવું અને અન્યને વહોરાવવું કે પહેરાવવું તે પાપકારી છે. પ્રભુસ્પર્શ કરતાં તેને પરિધાન કરવાં તેમાં પાપબંધન છે. શ્રધ્ધાને નામે અધર્મને પોષી ધર્મ કહેવડાવવો એ ઠગાઇ છે, આત્મદ્રોહ છે. આજે જૈનોએ સમૂહરૂપે જઇ વસ્ત્રની બનાવટ જોવાની ખાસ જરૂર છે. એ યાત્રા ઘણી બોધદાયી નીવડશે. આપણે જે વસ્ત્રો પહેરી મ્હાલીએ છીએ, અને આપણાં પૂજ્ય દેવસ્થાનોમાં આપણાં અપવિત્ર દેહે પ્રવેશીએ છીએ તે ઓછું દુઃખદાયક નથી. આ નયું સત્ય છતાં અમારા કેટલાક મુનિરાજો હજુ સુંવાળા વસ્ત્ર અને કિંમતી સાલો નથી પરિહરી શકયા તે બીના અસહ્ય છે. 'ધર્મનો પ્રચાર ફકત ઉપદેશ કર્યાથી નથી થતો પરંતુ આચરણથી થાય છે.' તે સુવર્ણ વાકય વિસ્તૃત રીતે લખવાની હવે કશી આવશ્યકતા નથી. કહ્યું છે કે "વીસ ખાંડી બોલવા કરતાં એક અધોળ વર્તનમાં મુકવું વધારે સારૂં છે."

### રેંટીયો.

રેંટીયો એ અશરણનું શરણ છે અને સ્વાધીનતાનો દરવાજો છે. આપણું સુદર્શન ચક્ર કેટલાએ જીવોની જીવન દોરી છે. આજે જૈન બંધુઓ સંઘો અને જમણવારોમાં જે પૈસો ખર્ચી ક્ષણીક કીર્તિનું સુખ માણી રહ્યા છે તે ઉદ્યોગ તથા હુન્નરમાં ધનનો સદ્વ્યય કરી સહધર્મીની સેવા તથા પૂણ્ય ઉપાર્જન જરૂર કરી શકે. અત્યારે આપણે કંઇક ચિરસ્થાયી કાર્ય કરી શકીએ તોજ ભવિષ્ય ઉજ્વળ બને અને હિંદ સ્વતંત્ર બને.

### સત્યપર અસત્યનું આક્રમણ.

એ પણ આશ્ચર્યજનક છે કે આવી બુધ્ધિ ગ્રાહ્ય બાબતો પ્રત્યે મનગમતી દલીલો થાય છે. સંગીન કાર્ય અને કાર્ય કરનારની દ્વેષી પત્રકારો ટીકા કરે છે. પરંતુ એ સૌ કોઇ સમજે છે કે એ અવાજ જનતાનો નથી પરંતુ જડતાનો છે. ગાંધીજી જેવી મહાન વ્યકિતને દંભી અને હિંસક ગણનાર ગલીચ સાહિત્યના ઉત્પાદક તે પત્રકારને તેનું અરણ્ય રૂદન ચાલુ રાખવા સામે કોઇનો વિરોધ નથી. એતો સર્વમાન્ય બાબત છે કે જ્યારે જ્યારે ધર્મ રૂપી પારસમણી કમઅક્કલ અને છીછરી બુધ્ધિવાળા પામર પ્રાણીઓના હાથમાં આવી પડે છે અથવા તો તેઓ એના અસત્ય રીતે ઇજારદારો બને છે ત્યારે તે ધર્મનું સત્ય નિરૂપણ થવું મુશ્કેલ છે. અંત્યજને અડકવું એ પાપ છે એમ માનનાર વ્યકિત મનુષ્યત્વ ગુમાવી બેઠો છે એમ કહ્યા વિના નહીંજ ચાલે, તેવીજ રીતે સ્વપંકિતના મનુષ્યોના મતભેદને લીધે તેમનાં પ્રત્યે ગલીચ બોલનાર અને લખનાર ધર્મ ગુમાવી બેઠો છે તેમ કહ્યા વગર પણ નહીં ચાલે. સત્યાગ્રહની લડત ભલે નિષ્ફળ જાય પરંતુ તેથી તે દુરાગ્રહ હતો તેમ નહીજ કહેવાય.

છેવટે જે બંધુઓ સત્યાગ્રહની લડતને યથાશકિત નથી અપનાવી શકયા તેઓને અને જે પ્રતિદીન વ્યકિતગત વિરોધને લીધે લડતને મુખપત્રદ્વારા કઢંગી ચીતરી રહ્યા છે તેમને હું નવીન યુગનો નવીન પ્રકાશ મેળવી માનવ જીવન સાર્થક કરવા માટે વિનવું છું. અસ્તુ.

# શાસનપ્રેમીઓની કર્તવ્ય મિંમાસા.

જૈન ધર્મરૂપી શીતળ નંદનવનમાં સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપી રાજહંસો આજ પર્યંત સ્વઅધિકાર મુજબ પ્રશાંત વદને આનંદ કલ્લોલ કરી રહ્યા હતા. પવિત્ર સાધુ મહાત્માઓ જીવનની આવશ્યકતા અલ્પમાં અલ્પ નિર્દોષ વસ્તુમાં સંતુષ્ટ રહી, ત્યાગ વૈરાગ્યમાં કૃતાર્થ રહેતા, અને આ મુનિપુંગવો જ્યાં જ્યાં વિચરતા ત્યાં ત્યાં પરિમિત મધુર ગીરાથી પાત્રને યોગ્ય દ્રવ્ય ક્ષેત્ર કાળભાવના પરિણામનો દીર્ઘ વિચાર કરી સમયોચિત વિતરાગના સત્ય માર્ગનો ધર્મોપદેશ આપી જનતામાં શાન્તિ સ્થાપતા. અને વિતરાગ પ્રભુના ત્યાગમાર્ગના આદર્શને સ્વજીવનમાં કૃતાર્થ કરી જનતાના હૃદયમાં સુંદર છાપ પાડી જનતાનું કલ્યાણ કરતા. વિના ઉપદેશે પણ એ પવિત્ર મહાત્માઓનું ત્યાગી જીવન મનુષ્યોને ધર્મરસ્તા પર લઇ જવા પ્રેરણા કરતું. જીવન નિભાવવા નિર્દોષ આહાર, અલ્પ મુલ્યના તે પણ પરિમિત વસ્ત્રો, ગૃહસ્થો પાસેથી ભીક્ષામાં ગ્રહણ કરતા, તેના બદલામાં વધુમાં વધુ જનતાનું શુભ શ્રેય કરવા હંમેશાં તેઓ તત્પર રહેતા. (હાલ ચાહ દુધ મસાલાથી ભરપુર મિષ્ટાન્ન ઉડાવનાર, બહુ મુલ્ય વસ્ત્રથી શરીર પોષણ કરનાર શ્રાવકોના માલપાણી ઉપર જીવન ગુજારનાર આજના શ્રમણો? શ્રાવકોની અમોને શી પરવા છે? સાધુ શ્રાવકનું ભલું ઇચ્છે નહિ. એવું વદનારા આ ત્યાગીઓ પોતાને ત્યાગી કહેવરાવતા કેમ શરમાતા નહિ હોય?)

એ ગીતાર્થ મહાત્માઓ પ્રાયે માનસ શાસ્ત્રના પૂર્ણ અભ્યાસિ રહેતા, મનુષ્યના જીવનને પ્રમાદમાં લઇ જનાર નાનામાં નાની બાબતો! જે પાછળથી ભયંકર બની આખી સમાજ અને કંઇક આત્માઓનું અધઃપતન કરાવે છે. તેવી બાબતોપર આ જ્ઞાનીઓ નજર રાખવાનું ચુકતા નહિ તેથી જરા જેટલી નાની વાત એ મહાત્માઓની ધ્યાન બહાર રહેતી નહિ.

જ્યારે જ્યારે સમાજ, તીર્થ કે ધર્મપર કંઇ વિપદનું વાદળ ચડી આવતું ત્યારે ત્યારે તે સમયજ્ઞ ગીતાર્થ જ્ઞાનીઓ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના પરિણામના પરિણામીક બુદ્ધિ બળના યોગે જૈન ધર્મની મહત્તા રાજસભામાં જૈનેતર પંડિતોના હૃદયમાં કરાવી જૈન શાસનની ઉજ્જ્વળતા જગતને બતાવતા. એ મહાપુરૂષોની એ યશોગાથાનું વર્ણન જૈન સાહિત્યમાં અનેક સ્થળે છે. જે વાંચવાથી જાણી શકાય તેમ છે.

(પણ હમણા સમયના અજ્ઞોએ, રાષ્ટ્રના ભિષણ દુઃખોના દિવસોમાં દિક્ષાના નિમિત્તે મુંબઇમાં મોટા વરઘોડો કાઢયો હતો. તેમાં બેન્ડ વાજા વિગેરે નાના પ્રકારના દેખાવો કરી શુધ્ધ વિદેશી વસ્ત્રોથી શરિર શણગારી જૈન ધર્મની જગતમાં હાંસી કરાવી હતી. શરમ, શરમના પોકારોથી ધર્મને વગોવાવ્યો હતો. એ આજના સમય અજ્ઞોની તુચ્છ મનોદશાની નોંધ હવે પછીના ઇતિહાસમાં કેવા અક્ષરે લખાશે?)

ઉત્તરોત્તર એ પુણ્યશ્લોક મહાપુરૂષોએ વિતરાગના ધર્મબગીચાને, મધુર પરિમિત ગીરા, આદર્શ ત્યાગ, સમયની વિચારણા, ઉદારચરિત્ વિગેરે સદગુણોના જળસિંચનથી આજ પર્યંત ફાલ્યો ફુલ્લો રાખ્યો. અને જૈન જનતાએ સુસંપથી એકત્ર રહી જૈન ધર્મનો પ્રભાવ જગતમાં અબાધિત જાળવી રાખ્યો. આ ભુતકાળનો જુનો ઇતિહાસ?

પરંતુ જેટલું સુંદર હોય છે તેને અવાર નવાર વિઘ્નો આવ્યા કરે, એ કુદરતી વિચિત્ર કસોટી છે. શ્રી મહાવીર પ્રભુના નિર્વાણ પછી આજ પચ્ચીશસો વર્ષના કાળક્ષેપમાં પ્રભુના શાસનને ક્ષતી કરાવનારા બે ચાર દુઃખદ પ્રસંગો પ્રભુના શાસનમાં આવી ગયા છે એવી કરૂણ કથા શાસ્ત્રમાં નોંધાએલી છે:

"જ્યારે જ્યારે સમાજમાં જ્ઞાનનો અભાવ વધતો જાય "ત્યારે ત્યારે ધર્મઘેલછા વધતી જાય, અને ધર્મપ્રવૃત્તિ વિવેક "શુન્ય થતી જાય. ધર્મની શાન્ત ક્રિયાઓમાં તામસીપણું "આવતું જાય એ સર્વ બીના નિર્વિવાદ છે. ધીરે ધીરે આવી "પ્રવૃતિનું માનસ, સમાજમાં વૃદ્ધ થતા આખો સમાજ અંધ "ક્રિયાના ઘેનમાં ધમંડી બની જાય છે. તેથી ધર્મના સત્ય "રહસ્યથી આખો સમાજ મોટે ભાગે બેનસિબ રહેવા પામે "છે. આવા સંયોગોમાં ગુરૂડમવાદ પોતાનો મુખ્ય ભાવ ભજવે "છે. ધર્મના નિમિત્ત નજીવી બાબતોમાં નિત્ય નિત્ય કલેશના "વાતાવરણ ઉભા કરાવા એ ગુરૂડમવાદ પોતાના જીવનની "ઇતિકર્તવ્યતા માને છે. ધર્મઘેલા (જ્ઞાને શુન્ય) જનસમૂહબળે "સમાજમાં એ ગુરૂડમ પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરી જનતાને "ધર્મના નામે અવળા રસ્તે દોરી સમાજની છીન્નભીન્ન અવસ્થા "કરાવીને એ ગર્વીત આત્માઓ પોતાને ધન્ય માને છે અને "ધર્મઘેલા ભકતો પાસે મનાવે છે. આવા સમયે જો કોઇ "કોઇ પવિત્ર આત્મા ધર્મના ઉદાર રહસ્યને સત્ય હકિકતમાં "સમજાવવા, તથા સમાજને જ્ઞાન રસ્તાપર લાવવા પ્રયત્ન "કરે તો તે આ ઉદરપોષણી ગુરૂઓને પોષાતું નહિ "હોવાથી, તેવા સંત પુરૂષોને સમાજમાં હલકા પાડવા, અનેક "છળ પ્રપંચો રચી, ધર્મઘેલા જ્ઞાને શુન્ય ભકતોદ્વારા આખા "સમાજને અને ધર્મને કલેશના વાતાવરણમાં ડુબાડી દે છે."

આમ માનસશાસ્ત્રના અભ્યાસિઓનું કહેવું છે.

તુચ્છ મનોવૃત્તિના માનસે નહિ કરવાના કૃત્યો! જગતમાં શું શું નથી કર્યાં? શાસ્ત્રના નામે, ધર્મના બ્હાને, પોતાની ક્ષુદ્ર વૃત્તિને કયાં નથી પોષી? અરે! શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી જેવા પરમ ત્યાગી, આગમના નિષ્ણાત, દ્રવ્યાનુયોગના પરમ અભ્યાસિ, જ્ઞાનસાર જેવા અનેક મહાન શાસ્ત્રના કર્તા, એવા મહાપુરૂષને પણ આ ધર્મ દંભિઓએ, તે કાળે જ્ઞાન શુન્ય જનસમૂહ બળે કષ્ટ આપવામાં કયાં કચાશ રાખી હતી?

આમ અવારનવાર ધર્મઘેલછાનું જોર વિતરાગનો ધર્મ માનનારી સમાજમાં જીવતુ જાગતું રહેવા પામ્યું છે. એ ઘણી શોચનીય બીના છે.

વર્તમાન સમયમાં કેટલોક વખત થયા જૈન સમાજમાં પાછી ગુરૂડમ વાદના યોગે નહિ ઇચ્છવાજોગ જૈન સમાજને વિદારનાર પ્રવૃત્તિ કરનારી મતીવિભ્રમોની એક અળખામણી ટોળકી ઉત્પન્ન થઇ છે. તેના કુથલીખોર મહાત્માઓએ! ધર્મી, અધર્મીના ભેદો પાડી, આજે જૈનોના ગૃહોમાં ગામેગામ કલેષ, કંકાસ કરાવી જન સમાજની શાન્તિનો વિનાશ કરાવ્યો છે. મુંબઇ, સુરત, અમદાવાદ, ખંભાત, પાટણ, જામનગર વિગેરે જ્યાં જ્યાં આ મહાત્માઓ?ના પનોતા પગલા થયા છે ત્યાં ત્યાં જૈન સમાજને ભયંકર દુર્દશામાં ધકેલી દીધો છે.

રસ વિહોણા એ શાસન રસીકો ? અને તેમના સંત શિરોમણી ! એ જૈન ધર્મના સિદ્ધાંતોના શુધ્ધ સ્વરૂપને અવળા અર્થમાં પ્રરૂપવા સ્થાને સ્થાને પ્રવૃત્તિ આદરી દીધી છે.

આ મતી ભ્રમીત ટોળકી અને તેના નાયકોનું વિભ્રામક પ્રચાર કાર્યની અળખામણી નોંધ નીચે મુજબ છે.

૧ સંત પુરૂષોનો ઉત્કર્ષ સહન નહિં કરવો.

૨ એવા કોઈ સંત પુરૂષો હોય તેને ઉતારી પાડવા નિંદનીય પ્રપંચો આદરવા.

૩ અજ્ઞોમાં ધર્મપ્રીય થવા દીક્ષાનો બોધ આપી જેને તેને (અયોગ્ય પાત્રને) દીક્ષા આપી ટોળું વધારવું.

૪ માતા, પીતા કે વાલી વારસની રજા સિવાય કિશોર વયના કાચી બુદ્ધિના બાળકોને ચોરી છુપીથી સંતાડી, ભગાડી દીક્ષા આપવી અને ઘરે ઘરે માતા પીતાને નાની બાળાઓને રૂદન કરાવવાં.

૫ શ્રી સંઘની આજ્ઞા અને ઠરાવોનું ઉલંઘન કરવું, કરાવવું.

૬ શ્રી સંઘને હાડકાનો માળો કહેવો તથા સાધુને નહિ ઉચિત એવા (પ્રવચનો) ? વદવા.

૭ સ્વ મહાત્મ્ય પ્રગટ કરાવવા નાના પ્રકારના ભાડુતી લેખકો અને પેપરોને પોષવામાં તથા કોર્ટ દરબારમાં શ્રાવકોના દ્રવ્યનો અપવ્યય કરાવવો.

૮ સ્વ પ્રતિષ્ટા જાળવવા નાના પ્રકારના સર્ટીફીકેટો મેળવવા ભકતોદ્વારા માગના કરાવવી.

આમ અનેક વિધ છળ પ્રપંચની પ્રવૃત્તિમાં જીવન વ્યતિત કરનાર મહાત્માઓ ? શાસન પ્રેમીઓ ? ની ઉપર્યુકત પ્રવૃત્તિ જૈન ધર્મની જગતમાં ઉજ્જ્વળતા કરાવે છે કે કેમ ? આ પ્રશ્નની મિંમાસા સુજ્ઞ વાંચનાર, હંસ દ્રષ્ટિએ કરશો.

લેખક :—શિવ.

શિવડમસ્તુ.

## બાળકોને

અત્યારે સર્વ તૈયારી તમારે માટે થાય છે.
એનો સર્વ લાભ તમનેજ મળવાનો છે.
અત્યારના કામ કરનારાની જગ્યા તમારે લેવાની છે.
દેશનું વાતાવરણ તમને વિશુધ્ધ બનાવે તેવું છે

અત્યારે તમે બીનજવાબદાર છો.
અત્યારે તમારે જીવન રસ ઝીલવો છે.
અત્યારે તમે વાનરસેના કહેવાઓ છો.
અત્યારે તમારે હુપ્ હુપ્ કરવાનું છે.

તમારા શરીર મજબુત બનાવો.
તમારો અભ્યાસ ખૂબ વધારો.
પારકાને મદદ કરવામાં રસ લો.
તમારી ભાવનાઓ ઉન્નત કરો.

તમારાથી પરદેશી કાપડ ન પહેરાય.
તમારાથી ખાદીજ ધારણ કરાય.
તમારાથી બ્રીટિશ ચીજોને નજ અડાય.
તમારાથી નકામો વખત ન ગળાય.

સેવા સનાતન પરમ ધર્મ છે.
કામ કર્યું તેણે કામણ કર્યું.
ખાધું તે ખોયું, ખવરાવ્યું તે ખાધું.
નવરો બેસે તે નખોદ કાઢે.

ખુબ હાણો, માણો, જીવનના લ્હાવા લો, પણ વિચારજો કે સેવા કરી તે તમારી છે. સેવામાં હીણપત નથી, સેવા કરવામાં નીચું જોવાનું નથી, સેવામાં પસ્તાવો નથી, સેવામાં પૈસાની હાનિ નથી.

અભ્યાસ કરો.
ચરખો ફેરવો.
તકલી કાંતો.
રેંટીઓ ચલાવો.

ખુબ તૈયારી કરજો.
અદર ખુબ ભરજો.
આવી તક નહિ મળે.
આવો અવસર નહિ મળે.

તમે વીરના બાળક છો.
વી ર થ વા ના છો.
જા તે વી ર જ છો.

વીર શાસન તમારૂં છે.
ભવિષ્યના તમે રાજા છો.
સ્વરાજના તમે ભોક્તા છો.
અમર આશાનાં ફળો છો.

અડગ રહો, સ્થિર રહો, ઉચ્ચગ્રાહી બનો.
શાંત બનો, ધીર બનો, અહિંસક બનો.
સાધ્ય જાણો, મુદ્દો પકડો, અવસર ઓળખો.

— માટે —

પ્રેમથી, હોંસથી, આનંદથી, રસથી મુકત કઠે
ગા જો—ગ જ વો :
વન્દે વીરમ્ વન્દે મારતમ્

( મહાવીર જૈન વિદ્યાલયના રિપોર્ટમાંથી.)

# શાસન રક્ષક સાધુઓ અને વર્તમાન સમય.

સમય સમયનું કાર્ય કરે છે તેમ અત્યારે હિંદમાં જૈનોની જે વસ્તી વીસથી પચ્ચીસ લાખની ગણાતી તેમાંથી લગભગ દસ લાખની રહી છે. તેનું કારણ તપાસવા બેસીએ તો ખરેખર એવાં ઘણાં કારણો મળી આવે કે જેથી હૃદય પણ બેસી જાય.

જૈન ધર્મમાં મુખ્ય ગણાતા અંગોમાં 'શ્રાવક' એ એક મુખ્ય અંગ છે. અને તે અત્યારે ઘણીજ દુર્દશા ભોગવી રહ્યો છે. શ્રાવકો અસલથીજ વેપારી ગણાતા અને જેના નામની હાક દુરના દેશના વેપારના બજારમાં વાગતી તેજ શ્રાવક અત્યારે ઘર ઘર ધંધા રોજગાર માટે ફાંફાં મારતો નજરે પડે છે. ચાલુ કાળમાં જૈનોમાં એવા સમર્થ પુરૂષો નથી કે જે જૈન સમાજને પડતો બચાવી શકે. જૈન ધર્મના કેટલાક સાધુઓ તો અત્યારે પોતાના ચેલા વધારવાના ધીકતા ધંધાને વધારવામાં મશગુલ છે. એક પછી એક ચેલા વધારવા તેનીજ જેને ચિંતા છે તેવા સાધુઓ જૈન ધર્મીઓનું શું ભલું કરી શકવાના હતા જૈન શસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે સાધુઓએ પોતાના ગુરૂઓની આજ્ઞામાં સદંતર રહેવું જોઇએ, એકજ ગામમાં એક કરતાં વધારે ચોમાસું ન કરવું જોઇએ તે ધર્મ આજ્ઞાઓને ઉંચે મુકી જયાં સારૂં સારૂં ખાવા પીવાનું મળતું હોય તેવાં શહેરોમાં બબ્બે ત્રણ ત્રણ ચોમાસાં કરે છે અને શિષ્યો વધારવાની પ્રવૃત્તિ ધર્મના અનેક બહાનાં નીચે રચે છે ત્યાં શું ધર્મ સચવાવાનો હતો. જે પંજાબ અને દક્ષિણમાં અત્યારે જૈનો જૈન મટી જૈનેતર થઇ રહ્યા છે તે તરફ તો જૈન ધર્મના શાસનરસીક રક્ષક સાધુઓ ફરતાજ નથી. અને જ્યાં તેમને ચેલાએ વધારવાનો પ્રખર ધંધો ચાલે તેમ હોય છે તેવાંજ મુંબાઇ, સુરત, પાટણ અને અમદાવાદ જેવાં મોટાં શહેરોમાં જાણીતા આચર્યો અને પ્રખરજીઓ વિચરે છે અને પોતાનાં પ્રખર પરિણામો પ્રવર્તાવે છે.

જૈન સાધુઓ તો સદાએ શ્રાવકોનું શુભ ઇચ્છનારા હોવા જોઇએ પણ અત્યારના સમયમાં શાસનરક્ષક સાધુ પોતાનું ભલું ઇચ્છનારા (દીક્ષા આપી ચેલા વધારનારા) છે. દીક્ષા આપતાં, ગમે તે કાર્ય કરવામાં, ગમે તેવો પરીગ્રહ રાખવામાં પાછા હઠે તેમ નથી. જાણીના શાસનરક્ષક સાધુઓ પોતાના બચાવ માટે વોલન્ટીયર કોર અને દીક્ષારક્ષક સંસ્થાઓ ચલાવવામાં, પેપરોમાં લખવા લખાવવામાં જરાએ કર્મબંધન થતાં હોય તેવું માનતા નથી, તેવા શાસનરસીક સાધુઓ તરફથી જૈનના ભલાઓની આશા શું રાખી શકાય? આઝાદીના ચઢતા પુરમાં પણ શાસનરક્ષક સાધુઓએ કંઇજ કામ કરી બતાવ્યું નથી. પણ ઉલટા તે સાધુઓ જણાવે છે કે "પહેલાં ધર્મ અને પછી દેશ." પણ તે શાસનરસીક સાધુ સમજતા નથી કે જો દેશ હશે તોજ ધર્મ રહેશે, નહિ તો ધર્મ રહેવાનો નથી; કેમકે જૈન સાધુઓના વ્યાખ્યાનો સાંભળનારા જૈનો શહેરોમાં કે ગામડાઓમાં વસતા ન હોત તો શું સાધુઓ જંગલમાં જઇને ઝાડને ઉપદેશ આપત? માટે તેવા શાસનરસીક સાધુઓ, તમારો ખોટો હઠવાદ છોડી દઇ, દેશના આઝાદીના સમયને અનુસરતો તમારા રોજના હાજી હા કરનાર રોજીંઆઓને સમજાવો અને ધર્મ ધર્મ" કરી મરતા શાસનપ્રેમીઓને ઉંધે રસ્તે દોરવાનુ માંડી વળો—અને શ્રાવકોનું શુભ ઇચ્છનાર જૈન સાધુ તરીકેની તમારી ફરજ અદા કરો.

# મુનિશ્રી રામવિજયજીને પ્રશ્નો.

(૧) ધી યગમેન્સ જૈન સોસાયટી ઉપર તમારો સંપૂર્ણ કાબુ નથી?

(૨) ગયા વરસમાં જ્યારે સોસાયટીની વોલંટીયર કોર સ્વદેશ સેવા વગેરે સેવાઓ કરવા જવા તૈયાર હતી ત્યારે તમે ઓર્ડીનન્સ કાઢી તેને અટકાવી નહોતી?

(૩) તમારે અને તમારા ગુરૂને શા માટે ત્રણ માસ અબોલા રહ્યા હતા? તેના કારણો શું હતા?

(૪) અપાશરામાં જે કોઇ તમને આડા અવળા પ્રશ્નો પુછે છે તો તમે તેને નાસ્તિક વીગેરેની ઉપમા આપી તેને હડધુત કરો છો તે તમને પ્રખર વકતાને શોભે છે કે?

(૫) તમારા શિષ્યો ખાદી ન પહેરે તે માટે તમે તેમને બાધા આપેલી છે તે ખરૂં છે કે?

(૬) તમારા શિષ્યોમાંથી એક જે અત્યારે ખાદી પહેરે છે. તેને ખાદી પહેરવા બદલ તમે શીક્ષા કરી હતી તે વાત ખોટી છે કે?

(૭) તમે સમય ધર્મને માનો છો ખરા કે?

(૮) તમે સમય ધર્મને ન માનતા હો તો શા માટે વીરશાસન અને જૈન પ્રવચન ચલાવો છો? અને તેમાં અગ્ર લેખો લખો છો અને તેના પ્રુફો સુધારો છો?

## અભિનંદન.

જેલ મહેલમાંથી વિદાયગીરી મેળવી આવેલા જૈનોને અભિનંદવા માટે અમદાવાદમાં તા૦ ૩૦-૧૨-૩૦ ના રોજ શ્રી જૈન સ્વયંસેવક મંડળ તથા શ્રી જૈન બાળ મંડળની સંયુકત સંસ્થા તરફથી જાહેર સભા રા. રા. શેઠ નેમચંદ કેશવલાલના પ્રમુખપણા નીચે મળી હતી. તે પ્રસંગે જેલમાં જઇ આવેલા-જૈન સ્વયંસેવક મંડળના સભ્યો-રા. રા. મંગળદાસ નથુભાઇ ખરીદીયા (કેપ્ટન), છોટાલાલ હરીલાલ પરીખ, સેનાલાલ મોતીલાલ, કાન્તિલાલ મગનલાલ, કાન્તિલાલ ચમનલાલ તેમજ શ્રી જૈન બાળ મંડળના સભ્યો-લાલભાઇ ચંદુલાલ, કાન્તિલાલ પ્રેમચંદ, વગેરેને અભિનંદન આપવામાં આવ્યું હતું. ભાઇ રતીલાલ સાકરચંદ જેઓ યરોડા જેલમાં શહીદ થયા હતા તેનો ફોટો ખુલ્લો મુકતાં તેમની ઓળખાણ રા. રા. મંગળદાસે આપી હતી. શહીદ જાતે દશા શ્રીમાળી જૈન હતા. મંડળના ચાર વર્ષથી સભ્ય હતા, પોતાની નાની વયમાં હાથ ચાલાકીના પ્રયોગો બહુજ સુંદર રીતે કરી જાણતા હતા. ચાર ભાઇઓમાં કમાઉ હતાં તેમની વૃદ્ધ માતુશ્રીને તો ખોટ પડી પણ તેઓએ હિન્દુસ્તાનના ઇતિહાસના ચોપડે અમરતા પ્રાપ્ત કરી છે તેમના આત્માને શાંતિ મળો. બાદ વંદે માતરમનું ગીત ગાઇ સભા વિસર્જન થઇ હતી.

**અભિનંદન**—શ્રી સ્થંભ તિર્થ જૈન મંડળ મુંબઇની એક જનરલ મીટીંગમાં શ્રીયુત ચીમનલાલ દલસુખભાઇ શાહની કઠલાલ મુકામે થએલ ધરપકડ અને તેમને ત્રણ માસની પ્રાપ્ત થએલ જેલ માટે અભિનંદન આપવામાં આવ્યું હતું.


## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ. સાથે) રૂ. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂ. ૧-૦-૦


આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૩ જો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૧. તા૦ ૧૯-૧-૩૧ | છુટક નકલ: ૦।। આનો.

# નોંધ અને ચર્ચા.

## જૈનો સાવધાન.

ભારતની આઝાદી અંગે ભારતના આંગણે મુક્તિનાં અહિંસક સંગ્રામ મંડાયાં છે. તેમાં ભારતના હજારો વીરો જેલ સેવી રહ્યા છે, હજારો લાઠીયે ધવાયઃ છે, સેંકડો વિરાંગનાઓ જેલમાં છે, અનેક બહાદુર શહીદોએ પોતાના વહાલા પ્રાણનાં બલીદાનો આપ્યાં છે, ગુજરાતના બહાદુર ટેકીલા ખેડુતો દેશ માટે ફના થઇ રહેલાના કીસ્સા છાપાઓમાં વાંચતાં 'પાષાણ હૃદયી મનુષ્યોનાં હૈયાં વલોવાઇ જાય છે. ત્યારે રામવિજયજી ઉપર એની અસર થવી તો કોરાણે રહી, પણ તેને તો વરઘોડા જમણવારો સિવાય કશું સુઝતુંજ નથી.

થોડા દિવસો પહેલા અંધેરીમાં ઉપધાનની ક્રિયા શરૂ થઇ હતી તે પૂરી થતાં ઠાઠમાઠથી મહા સુદ ૫ મે લાલબાગમાંથી વરઘોડો ચડાવવાનાં છે. ઉપધાન અંધેરીમાં અને વરઘોડો મુંબાઇમાં શાથી? શું! મુંબાઇમાં અવારનવાર સેંકડો માણસો ઘાયલ થાય છે, હડતાલો પડે છે, એટલે ગમગીની ભરેલા સમયમાં મુંબાઇમાં વરઘોડો કહાડી દાઝયા ઉપર ડામ દેવા જેવી તો અંતર ઇચ્છા નથી ને? કે પછી તો જૈનભાઇઓ અને બ્હેનો આ લડતમાં સાથ આપી રહ્યા છે તે સહન નહિ થવાથી જૈન કોમને હલકી પાડવા મુંબાઇમાં વરઘેડો ચડાવવાની ઇચ્છા થઇ છે? જૈન સાવધ બનજો! જ્યારથી મુક્તિ સંગ્રામ શરૂ થયા ત્યારથી આ સાધુએ (?) વરઘોડા, જમણો વિગેરે વિગેરે કર્યાં છે, છતા તમે મૌનજ સેવ્યું, એટલે ઉપધાન અંધેરી છતાં મુંબઇમાં વરઘોડો ચડાવવાની ઇચ્છા થઇ છે. તેનું કારણ મુંબઈમાં જૈન સમાજને હલકા પાડવાનું લાગે છે આથી મુંબઇના જૈનો સાવધ રહેજો અને એ વરઘોડામાં ભૂલે ચૂકે સાથ દેતા નહિ પ્રભુ ભકિતમાં કોઇને વાંધો હોયજ નહિ ને તે કરવાના બીજા સાધનો કયાં થોડાં છે?

## હૃદય—ગુંજન.

માનવ! ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણમાંથી કોને અવગણીશ?

ભૂતકાળ ગયો......હા, ગયો. પણ તે પગલાં પાડતો ગયો છે. ભૂંસાશે તોયે નિશાની રહેશેજ.

ભાવિ તો વર્તમાન જીવાશે તે પ્રમાણેજ ઘડાવાનું છે. ઇચ્છાએ કે અનિચ્છાએ ભવિષ્યને આધીન આપણે થવુંજ પડશે.

અને વર્તમાન તો ભૂત અને ભાવિનો સંધીકાળ છે.

—પછી કોને અવગણીશ?

* * *

ભવિષ્ય તરફ દ્રષ્ટિ રાખી ભુત તરફ પગલાં માંડનારઃ કે ભૂત તરફ દ્રષ્ટિ રાખી ભવિષ્ય તરફ કૂચ કરનારઃ એ બન્ને વર્તમાનકાળને અવગણે છે.

માટે—

ભૂતકાળના ભવ્ય સંસ્મરણોમાંથી અખૂટ પ્રેરણા અને ભાવીનાં સ્વપ્નને સત્ય કરવાની અનન્ય શ્રધ્ધા એ બન્નેનું બળ મેળવી વર્તમાનને ત્હારૂં કર્મક્ષેત્ર બનાવ! પણ રખે અવગણતો કર્મક્ષેત્રે સંયમને કે શકિતને!

વીર પુરૂષની ક્ષમા એજ સાચી ક્ષમા છે. અને ખરો સંયમીજ પોતાનાં બળને પશુબળ બનતું અટકાવી શકે છે.

* * *

માનવ! પ્રેરણા, શ્રધ્ધા અને કર્મયોગની ત્રિકાળ મૂર્તિ બની, શકિત અને સંયમરૂપી બે પાંખો પ્રસારી આદર્શોના અનંત વ્યોમમાં સુખે વિચર!! ત્હારો વિજયજ છે.

—આત્મન્.

## અંધેરીના જૈન સંઘને.

અંધેરીનો જૈન સંઘ ઉંઘે છે એમ તો કહેવાયજ નહિ, તે તો જાગતોજ છે. ત્યારે તા૦ ૧૪-૧-૩૧ ના સમાચારમાં અંધેરીના સંઘના નામે વગર સહીથી આમંત્રણ બહાર પડયું છે કે મહા સુદ ૬ ના સ્વામી વાત્સલ્યમાં પધારજો.

આ આમંત્રણ શ્રી સંઘ તરફથી છે? કે કોઇ લાડુદાસોએ સંઘના નામનો ઉપયોગ કર્યો છે? અંધેરીના જૈન બાંધવો? જે વખતે જમણવારોતો શું પણ મીઠાઇ ખાવામાં પાપ છે તે વખતે તમારા ગામમાં તમારા નામથી જમણવાર થવાના છે. માટે સાવધ બનજો અને ભૂલે ચૂકે જમવા જતા નહિ અને બીજા જાય તો વિનયથી સમજાવજો. જો પ્રમાદ સેવશો તો કહેવાશે કે મુંબઇમાં અને પરાઓમાં હજારો માણસો ઘવાતું હતું. અરે! હિંદુસ્થાનમાં કરોડોને એક ટાણુપણ રોટલો નહોતો મળતો તે માટે મુકિતના સંગ્રામ ચાલતાં ત્યારે અંધેરીનો સંઘ મોટા જમણવારો કરી માલમલીદા ઉડાડતો એ કલંકમાંથી બચવા સાવધ રહેજો. માલમલીદા ઉડાડવાથી સંયમી નથી થવાતુ તેનાથી તો ઇન્દ્રીયો વકરે છે. અને ઉનમાદ ચડે છે. જો સાચા સંયમી બનવુ હોય, સાચા ત્યાગી થવુ હોય, ઇન્દ્રીયોને કાબુમાં રાખવી હોય તો સાદામાં સાદો ખોરાક લ્યો, કે જેલ જીવન ગુજારો ત્યારેજ સાચા સંયમી બની શકાશે. ઉપધાનની ક્રિયા ને ધામધુમોની સાથે કાંઇ સંબંધ નથી.

A.

મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

# મુનિશ્રી રામવિજયને આવ્હાન.

સ્વર્ગસ્થ પુજ્યનીય શ્રી વિજ્યાનંદ સૂરીશ્વરજીએ પોતાના હસ્તાક્ષરે આજથી લગભગ અડતાલીસ વર્ષ ઉપર અમદાવાદ નિવાસી શેઠ દલપતભાઇ ભગુભાઇને કાગલ લખેલો તેનો બ્લોક ગુજરાતી તરજુમાં સાથે તા. ૨૯-૧૨-૩૦ની યુવક સંઘ પત્રિકામાં છાપવામાં આવ્યો છે તે વાંચનાર વાંચીને વાકેફ થયાજ હશે.

સગીર બાળકોને નસાડી ભગાડીને, વિશ્વાસ ઘાતના ધંધા કરી જેલ જવાની ધાસ્તીવાલાને, પેટનો ખાડો પૂરવાની લાલચવાળાને, દેવાદારોને, પૈસા આપીને ખરીદેલાઓને, ઇત્યાદિ આવા અનેક અયોગ્ય માણસોને શાસ્ત્રની પરવા કર્યાં સિવાય દીક્ષા આપવાનો ધંધો લઇ બેઠેલા, શ્રી સંઘની સત્તાને હાડકાના માળાના વિશેષણો લગાડનારા, અને સાધુતાને લજવે તેવા અયોગ્ય ખોટા અને ગલીચ ભાષામાં જેમ આવે તેમ આક્ષેપો કરનાર રામસાગર લબ્ધિની ત્રીપુટી ટોળીમાં મજકુર કાગળથી મહા ગભરાટ ઉત્પન્ન થયો છે.

આટલા ગભરાટનું કારણ? કારણ એજ કે રામવિજયજી વિગેરે જે પ્રવૃત્તિ (અયોગ્ય દિક્ષા અને સંઘસત્તાને ઠોકરે મારવાની) આદરી રહ્યા છે તે પ્રવૃત્તિની વિરૂદ્ધ આ કાગળ જતો હોવાથી તેમના ભકતોમાં જેઓ કંઇક સમજુ અને સ્વર્ગસ્થ સૂરીશ્વરજી પ્રત્યે માનભરી દ્રષ્ટિએ જોનાર હોય તે અંધશ્રદ્ધાના ચશ્મા ઉતારી પૂછગાછ કરવા મંડી પડે અને સરવાળે ગણ્યા ગાંઠ્યા ભકતોમાંથી પણ કોઇ ઓછા થઇ જાય. તેમ દંભના કીલ્લાના ભૂકા થઇ જાય એ બીકથી ગભરાટમાં આવી પડેલાઓએ છેવટે ગભરાટમાં ને ગભરાટમાં કીલ્લાનું રક્ષણ કરવાની યુકિત તરીકે 'કાવત્રા'નો પાસો ફેંકયો છે.

દંભના કીલ્લાનું રક્ષણ કરવા રામવિજયજીએ એમના શુક્રવારીયામાં તા૦ ૯ જાન્યુવારી ૧૯૩૧ ના અંકમાં "**મહાપુરૂષના નામે ભયંકર કાવત્રું**" એ મોટા અક્ષરના મથાળા નીચે 'એક જૈન'ની સંજ્ઞાથી લેખ લખીને અથવા લખાવીને ચોરી ઉપર શીરજોરી કરી 'સતા' બનવાનો પાસો ફેંકવાનો પ્રયાસ સેવ્યો છે. રામવિજયજી! આપથી અને આપના શુક્રવારીયાથી, તેમ આપની ડચકાં ખાતી સીસોટી બાઇથી જૈન જનતા સારી પેઠે જાણીતી થઇ ગઇ છે. કારણ કે આપે અને આપની ટોળીએ, ચન્દ્રકાન્ત, મૌન્ન, જૈન, એક જૈન, તટસ્થ જૈન, સત્યનો પુજારી, ભમતો ભૂત, એવા જુદા જુદા બનાવટી નામોથી શ્રીમતિ કોન્ફરન્સ દેવી, જૈન યુવક સંઘ તેમજ જૈન સમાજના માનનીય આચાર્યશ્રી સામે ધુળ ઉછાળવા લેખો લખીને, હેન્ડબીલો કહાડીને જનતાને ઉંધા રસ્તે દોરવવા કયાં ઓછા પ્રયાસો કર્યા છે! છતાં જૈન જનતા છેતરાઇ નથી. તે છેતરાય તેમ નથી કારણ કે જનતા આપને સારી રીતે જાણી ગઇ છે. એટલે આપ સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના કાગળને કાવત્રું કે તેથી પણ બીજું કોઇ વિશેષણ લગાડો કે ગમે તેટલા ખોટા ધમપછાડા મારો પણ તે સર્વ ફોગટ ફાંફા માત્ર છે. સગીરોને નસાડવાનાં કાવત્રાં કરવાનો, છાપાઓ ચલાવવાનો, આપની મોરલીએ નાચતી સંસ્થાઓને પોષવાનો, મહાત્માજી જેવા સર્વોતમ પુરૂષ સાથે અનેક દેશભકતોને તથા દેશ સેવિકાઓને ઉતારી પાડવાનો, ખાદી ન પહેરવાની પ્રતિજ્ઞાઓ આપવાનો, ખાદી પહેરનાર શિષ્યને શિક્ષા કરવા વગેરે માટે આપશ્રી ઇજારો લઇ બેઠા છે તે જૈનોથી તો શું પણ જૈનેતરોથી પણ હવે કયાં અજાણ્યું છે? છતાં જેમ ડુબતો માણસ તણખલે તરી જવાનાં ફાંફાં મારે તેમ આપશ્રી અને આપની ટોળી ગમે તેવા મુદ્દા ઉભા કરીને શુકરવારીયાના પાનાં ગમે તેટલાં કાળાં કરો તો પણ આખરે સત્ય તરશે અને ચોરના પોટલે ધુળની ધુળજ રહેશે.

આપ શુકરવારીયામાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીના મજકુર કાગળની ભાષા; અને વપરાયેલા શબ્દોના ઉતારા કરી લોકોને ઉંધે રસ્તે દોરવવા બનાવટીની બુમાબુમ કરવા માંડી છે. ધ્યાન રાખજો કે આ પ્રમાણે બુમાબુમ મારવાથી પાસા પોબાર નહિ પડે. ખરી વસ્તુ સ્થિતિને સમજો અને સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના સાચા શિષ્ય હો! તેમ તેમના પ્રત્યે લાગણી ઉભરાઇ જતી હોય! તો તેમના આદેશ પ્રમાણે વર્તો તેમના મજકુર કાગળ ઉપરથી દરેક સમજી શકે તેમ છે કે તેવા મહા પુરૂષ પણ ભૂલ થાયતો શ્રાવક સમક્ષ પશ્ચાતાપ કરતા અને સંઘની સત્તા સ્વીકારતા એટલે આ કાગળ નથી પણ સાચી સાધુતા, સરળતા, સત્યતા, અને સર્જનતાનો દસ્તાવેજ છે. આવા વખતે આવો દસ્તાવેજ બહાર પડે એટલે તેની વિરૂદ્ધ વર્તાવ કરનારનાં અંતર વલોવાઇ જાય, એ સ્વાભાવિક છે.

આચાર્યશ્રીનો પત્રિકામાં છપાએલો એ કાગળ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ અને શ્રી સંઘની સત્તાને ઠોકરે મારનાર ભાનભૂલેલાઓના ભાન ઠેકાણે લાવવા માટે પડકાર રૂપ છે. એમ સમજીનેજ તેને 'કાવત્રાં' તરીકે જાહેર કરવાનાં ચેડાં કરવામાં આવ્યાં છે. કાવત્રાની બાંગ પોકારનારને લેશપણ વિચાર હોયતો જેમ આવે તેમ થુંક ઉડાડવા પહેલાં લગાર તપાસ કરે કે કાગળ બનાવટી છે કે ખુદ સ્વર્ગસ્થ સૂરીશ્વરજીના હસ્તાક્ષરનો છે. તેના પુરાવા બહાર ખોળવા નહિ જવુ પડે. કારણ કે તેઓશ્રીના હસ્તાક્ષરના અનેક કાગળો અને પુસ્તકો મોજુદ છે. તેમજ આપના ટોળામાં પણ ઘણા પાસે તેમના હસ્તાક્ષરો હશે. જરા એની સાથે સરખાવો અને પછી કાવત્રું લાગે તો હિન્દુસ્થાનમાં અનેક એવા પ્રોફેસરો પડયા છે કે અસલ અને બનાવટી અક્ષરોની પરીક્ષા કરી શકે છે. તેવી ખાત્રી કર્યા પછી બુમાબુમ કરી હોત તો અરૂણ્ય રૂદન જેવું ન થાત છતાં આપે તે કાગળને 'કાવત્રા' તરીકે જાહેર કરી સ્વર્ગસ્થ સુરીશ્વરજીની ભયંકર બદનામી કરી છે. સ્વર્ગસ્થ સૂરીશ્વરજીએ તા ... ... ... ના રોજ દલપતભાઇ ભગુભાઇને જે કાગળ લખ્યો છે (જે અમે છાપ્યો છે) તે અમને વિશ્વાસપાત્ર સ્થળેથી મળ્યો છે તેના માટે બનાવટીની શંકા ઉઠાવી શકાય તેમ છે નહિ. અને શ્રી સુરીશ્વરજીના હસ્તાક્ષરનો છે એમ અમારૂ ચોકસ માનવુ છે. છતાં જેઓને બનાવટી લાગતો હોય તેઓ સાચા ખોટાની પરીક્ષા માટે લવાદકોર્ટ બેસાડે અને કાગળ બનાવટી છે તેવુ સીદ્ધ થાય તો શ્રી સંઘ જે પ્રાયશ્ચિત આપે તે લેવાને અમે તૈયાર છીયે. અને કાગળ સ્વર્ગસ્થ સુરીશ્વરજીનો ઠરે તો રામવિજય અને લબ્ધિવિજયએ અત્યાર લગી સમાજમાં કલેષની હોળી સળગાવી જે છીન્ન ભીન્ન દશા કરી છે તે માટે પ્રાયશ્ચિત લે. અને હવેથી અયોગ્ય દીક્ષા ન આપવાની તેમ શ્રી સંઘની સત્તાને માથે ચડાવવાની ખોળાધરી આપે.

રામવિજયજી? આપનું શુકરવારીયુ કાવત્રુ કાવત્રુ કરીને બુમાબુમ કરી રહ્યુ છે તેથી આપને આવ્હાન કરવામાં આવ્યું છે તો આવ્હાનને સ્વિકારી આપની સહીથી જવાબ આપશો. બાકી ગમે તેવાભાડુતોની શહીથી ગમે તેટલુ લખશો કે લખાવશો તે કચરાની ટોપલીને સ્વાધિન થશે.

# ડૉ. નગીનદાસ જે. શાહ,

**બી. એ. પી. એચ. ડી.**

## : ગુણદર્શન :

લેખક : **સર્વદમન.**

[ગુજરાતી સાહિત્યમાં ‘રેખા ચિત્રો’ આલેખવાની નવીન પ્રથા શ્રીમતી લીલાવતી મુન્શીએ ઘણા વર્ષો અગાઉ પાડેલી, હમણાં હમણાં ગુર્જર સાહિત્ય આવાં (ગુણ દર્શનો) અને ‘સ્મરણ દર્શનો’થી સમૃદ્ધ બનવા માંડયું છે. કેળવણી અને બુધ્ધિવાદના આ યુગમાં સમાજને દોરવો એ કાર્ય ઘણું મુશ્કેલ થયું છે. છતાં આવે સમયે ઇશ્વર પ્રેરિત કોઇ વિરલ પુરૂષ કે સ્ત્રી ભૂલેલી દુનીયાનું ભોમીયાપણું કરે તો ઘટનાને ઘટતું માન આપી સમગ્ર સમાજે તેમનો આદેશ સેવા કે સંદેશ ઝીલવા તત્પર રહેવું જોઇએ. ગુણ દર્શન એ કૈં અતિશયોક્તિ ભરેલી સ્તુતિ ન ગણાય. એટલે તટસ્થ ભાવે તુલના કરી વ્યકિતગત અન્યાય ન થાય એટલી સાવચેતી રાખી ગુણગ્રાહી દ્રષ્ટિએ હું કૈંક લખવાને લલચાયો છું.]

૧

અંગ્રેજીમાં કહેવત છે કે: ‘Some are born great, some achive greatness and some have greatness thrust upon them.’ એટલે કે ‘કેટલાક જન્મથી મહાન થવાજ સરજાયા હોય છે, કેટલાક સ્વશકિતથી કિર્તી મેળવે છે, ત્યારે કેટલાએકને લાગવગ કે દોલત જેવા બાહ્ય સંજોગો મોટા કહેવરાવવામાં સહાયભુત બને છે. ડૉ. નગીનદાસ શાહ દ્વીતિય પંકિતમાં આવી શકે તેમની અખુટ અને અજબ કાર્યશકિતથી, નિ:સ્વાર્થ સેવા ભાવથી યૌવનને છાજે તેવી ધગશ અને સુંદર વ્યવસ્થા શકિતથી જૈન સમાજની નોંધપોથીમાં તેમણે અગ્ર પદ લીધું છે. આજે જે ગણ્યા ગાંઠયા યુવક નેતાઓ જૈન સમાજને સડા મૂકત કરવા અને ઉન્નત બનાવવા મથી રહ્યા છે. તેમાંના તેઓ પણ એક છે. સમાજના પુનરૂત્થાન સમયે કેટલાક દીર્ઘદ્રષ્ટિવાળા પુરૂષો સમાજ કરતાં એક ડગલું આગળ હોય છે. પરંતુ શોચનીય બીના એ છે કે સમાજ એવી સુઘડીએ તેમના અભિલાષ નથી પોષી શકતો. એટલે તેમની પ્રેરણાનું સિંચન સમાજની જડતાને ભીંજવી શકવા સમર્થ હોવા છતાં ભીંજવી નથી શકતું અને જ્યારે એ ઊર્મિ અને ઉત્સાહની સૃષ્ટિ વીતે છે ત્યારેજ સમાજનાં પડળ ઉઘડે છે, ને ભૂતકાળ પ્રતિ દ્રષ્ટિ નાખી પસ્તાવો કરે છે.

ચંદ્ર અને સૂર્ય નભો મંડળમાં પ્રકાશે છે, પ્રાણી માત્રનો વિકાસ કરે છે. અને સ્વજ્યોતિથી સારીએ સૃષ્ટિને આંગણે અજવાળાં કરે છે. અને એમજ અમારાં નાનકડા નભો મંડળમાં અમારા નગીનભાઇ પ્રકાશ પાથરે છે. એટલે અમારા એ ‘ઘર દીવડા’ અમારી નાનકડી સૃષ્ટિમાં ‘મોટા’ છે, પછી ભલે તેઓ જગતની નજરે ‘છોટા’ હોય. જીવનનો પ્રથમ કાળ પુરો થતાં તેમણે સંસારની જંજાલો અને આંટીઘુંટીમાં ઝંપલાવ્યું. છતા યુગ ભાવનાથી અલગ ન્હોતા રહ્યા. આંગ્લ દેશથી પાછા ફરતાં હજીતો અભ્યાસનો થાક ન્હોતો ઉતર્યો ત્યાં તેમને ભાવનગર જૈન યુવક પરિષદનું આમંત્રણ મલ્યું. તેમણે જોયું કે આજના યુવાનો સામાજીક બંધનોને લઇ શિથિળ અને ધગશવિહિન થયા છે પરંતુ ચીનગારી મુકવે ચેતન પ્રગટશે. એ માનસ પરિક્ષાથી તેઓ ત્યારથીજ જૈન યુવકોની સામાજીક અને ધાર્મિક ક્રાન્તિના સુકાની બન્યા.

અને ત્યાર પછી તેઓએ પોતાની પ્રિય સંસ્થા પ્રત્યેનું ઋણ વાળવા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના માનદ ગૃહપતિ તરીકેનું પદ સ્વીકાર્યું. જો કે સંસ્થાઓના ઇતિહાસ કોઇ આલેખવા નથી બેસતું પરંતુ કેટલાંએ જીવનમાં, અનેક સ્મૃતિપટોમાં જે જ્યોતનો પ્રકાશ અને સંસ્કાર સિંચન થાય છે તે તો અમર રહે છે. ડૉ. શાહે પશ્ચિમ અને પૂર્વની સંસ્કૃતિનો સમન્વય કર્યો. આજના છાત્રો શું માગે છે, છાત્રો નિર્વિઘ્ને અભ્યાસ કેવી રીતે કરી શકે અને ભાવિ સમાજ સ્તંભોનું ચારિત્ર ઘડતર કયી ઉપયોગી દિશા તરફ કરી શકાય. એ સર્વ પ્રશ્નોનું તેમણે ઉંડુ મનન કર્યું વિધાલયનું આજનું આંતરિક રૂપ તે ઘણે અંશે ત્હેમની મહેનતનું રૂપ છે. તેમની કારકિર્દીએ વિધાલયનો પાયો મજબુત બનાવ્યો છે. એમની સેવાનાં મૂલ્ય શબ્દોમાં શી રીતે આંકી શકાય? અત્યારના તેમના વ્યવસાયી જીવનમાં તેઓ હજુ સંસ્થા પ્રત્યે જે મમતા ધરાવે છે. વિધાર્થીગણના હ્રદયમાં જે સ્નેહાલ સ્થાન ભોગવે છે તે કોઇ પણ છાત્રપતિ માટે અનુકરણીય વિગત છે.

યુવક સંઘના મંત્રી તરીકે તેમણે જે અથાગ મહેનતથી યુવક સંઘની ભેર ગગડાવી હતી તે તો નજ ભૂલી શકાય. તેમના વિચારબળ અને વાણીકુશળતાથી ઠેર ઠેર યુવક સંઘો સ્થાપ્યા. તેઓ ગુજરાતી ભાષાના કુશળ વકતા ન હોવા છતાં તેમની પ્રશ્નને છણવાની કળા અનેરી છે. યુવક સંઘનું કાર્ય તેમની છાયા તળે દીપી નીકળ્યું. મને યાદ છે, કે તેઓ આજના સળગતા પ્રશ્નોની ચર્ચામાં અને જૈન સમાજને અનેક રીતે આગળ લાવવાની કલ્પનાસૃષ્ટિ રચવામાં, રાત્રિના એક બે વાગ્યા સુધી સમય વ્યતિત કરતા. તેમણે ‘મુંગા સેવક’ તરીકે જે કાર્ય કર્યુ છે તે જૈન યુવાનો નહીજ વિસરી શકે. વાર્ષિક સભાની ચુંટણી વખતે મત પત્રિકામાં તેઓ સર્વાનુમતે ચુંટાયેલ તે તેમની લોકપ્રિયતાનો નમુનો છે.

૨

અધ્યાપક તરીકેની તેમની અત્યાર સુધીની કારકીર્દી અતિ ઉજ્જ્વળ છે. તેમને સત્તાનો શોખ નથી. મિત્ર ભાવે અને મુરબ્બી ભાવે વર્ત્તી તેઓએ વિદ્યાર્થીઓનો ચાહ મેળવ્યો છે અને જ્યારે જ્યારે વિદ્યાર્થી મંડળ અધ્યાપકોના ગુણગાન કે કુથલી કરવા રોકાયું હોય છે. ત્યારે ડૉ. શાહ ગુણગાનની દ્રષ્ટિએ પ્રથમ પંકિતમાં ઉભા રહે છે. ‘અર્વાચીન આર્થિક વિકાસ’ના વિષયમાં તેઓ પારંગત છે. બી. એ. અને એમ. એની ઉપાધિઓની પરિક્ષામાં તેઓ પરિક્ષક નિમાય છે. Tarrif ના મુસ્કેલ પ્રશ્નપર તેઓએ દળદાર પુસ્તક લખ્યું છે. જૈનોને લગતા આર્થિક પ્રશ્નોમાં તેઓ પાસેથી જૈન સમાજ ઘણી આશા રાખી શકે: આજે જૈનોને બેન્કની જરૂર છે. જૈનો જૈન પ્રજાનો Unemployment bureau સ્થાપવા માગે છે અને તેવાજ સરખી અગત્યના પ્રશ્નોનો જૈન સમાજને ઉકેલ કરવાનો છે. જૈન કોમના અગ્રગણ્યો તેમના કાર્યને ઉત્તેજન આપશે તેવી આશા રાખી શકાય.

# જૈન બાળાનું બળિદાન.

## અહિંસાવાદી મહાજનને નમ્ર અરજ.

———:*:———

કોઇ રાષ્ટ્ર, સમાજ કે જ્ઞાતિમાં સ્વાર્થ, રૂઢી કે માન્યતાના કારણે નિર્દોષના બળીદાન અપાય ત્યારે તેવી સંસ્થાના નાશના નગારાં વાગી ચૂકયાં છે તેમ સમજવું. જયારે આગેવાનો કે પટેલીઆઓ રૂઢી કે ખાનદાનીના ગુલામ થઇ ઘોર અત્યાચારો થવામાં હાથારૂપ બને, ત્યારે તે જ્ઞાતિના ચૂરેચૂરા અવશ્ય ભાવી છે. હમણાં એક કમકમાટીભર્યો બનાવ જોધપુર રાજયના સાંડેરાવ ગામમાં બન્યો.

ખુડાલા ગામના રહીશ યુવક માંદા માંદા પરણવા ગયા. પરિશ્રમ ન સહન થવાથી માંદગીએ ગંભીર સ્વરૂપ લીધું. વર અને કન્યાની અનિચ્છા છતાં, ખાનદાની અને રૂઢીના ગુલામ સંબંધીઓએ ચવરીમાં ફેરા ફેરવાવ્યા અને વરરાજા તો જાન વળાવવાના સમય પહેલાં પરલોક સિધાવ્યા. આવી કહેવાતી ખાનદાની ખાતર તેના સંબંધીઓએ આ નાદાન બાળકીને વૈધવ્યના ખાડામાં ગબડાવી પાડી. કન્યાના બીકણ પિતાએ નિરૂપાય બની કન્યાને વળાવી. બળાના કરૂણાજનક પત્થરને પણ પીગળાવે તેવા રૂદનને ન ગણકારતાં, આ નિરપરાધી બાળાના જીવનને ધૂળમાં રગદોળતાં દયા નથી આવી. અને સમાજ રીતમની ભઠ્ઠીમાં બલીદાન અપાય છે.

---

તેમનું વાંચન એટલું વિશાળ છે કે તેમના સાથીઓએ તેમને 'Referance Library' નું બિરૂદ અર્પણ કર્યું છે. પ્રો. નગીનદાસના જીવનમાં મૌલિકતા કરતાં મહેનતને પ્રથમ સ્થાન છે. જ્યારે જ્યારે તેઓ કંઇ કાર્ય કરવાની જોખમદારી લ્યે છે ત્યારે તેઓ તેને સાંગોપાંગ સફળ કર્યા વિના ત્યજતા નથી. કોલેજના વાર્ષિક ઉત્સવોમાં તેમને જ્યારે જ્યારે નાણાંધ્યક્ષ કે સ્વાગતાધ્યક્ષ નિમવામાં આવે છે ત્યારે તેઓ તેમની અજબ વ્યવસ્થા શક્તિ અને નિયમિતપણાથી સૌ કોઇને તાજુબ કરે છે. એમનો વિદ્યાર્થી ગણ એમની 'ફ્રન્ટીયર મેલ' તરીકે ગણના કરે છે. એક કલાકમાં પચાસ પાનાં પૂર્ણ સમજાવટ સાથે પુરાં કરવાં તે તેમને માટે જરાયે મુશ્કેલ નથી. આ સિવાય તેમણે સુસ્વભાવ હોવાને લીધે વિશાળ મિત્ર મંડળ ઉભું કર્યું છે. અર્થ શાસ્ત્રી સી. એન. વકીલ. વિજ્ઞાન વિશારદ કાન્તીલાલ પંડયા તથા ગુજરાતની સંસ્કાર મુર્તિ આચાર્ય આનદશંકર ધ્રુવ જેવા જાણીતા પુરૂષો તેમના અંગત મિત્રો છે. આવા શક્તિવંત યુવકની અભિલાષા પોષવામાં જૈન સમાજને ગૌરવ લેવા જેવું છે.

સેવાને શિક્ષણ જેમના જીવન મંત્રો છે તેવા ભાવનાશાળી બંધુ મેળવવાનું જૈન કોમનું અહોભાગ્ય છે. અમેતો ઇચ્છીએ કે ભાઇશ્રી નગીનદાસ સુશિક્ષિત, અનુભવી અને લાગવગ વાળા હોઇ, તેમની એ સર્વ શક્તિઓનો ઉપયોગ જેમ અત્યાર સુધી કરતાં આવ્યા છે તેમ સદાયને માટે કરશે અને અમારી ફુલવાડીનું અમોલું પુષ્પ સદાય વિકસિત રહી તેની પરિમળ સુગંધ સર્વ દિશાએ પમરાવે પ્રભુ તેમને દીર્ઘાયુષ્ય બક્ષો એજ અંતિમ અભ્યર્થના !

---

વેવિશાળ-સંબંધ બાંધવાના વચન અપાયા પછી મુરતીઆનું અવસાન થતાં કન્યાને બીજે લગ્ન કરવામાં કશો વાંધો નથી. તેને વિધવા ગણતા નથી. તો શું હસ્ત મેળાપ થયો એવી થોડી મીનીટની વિધિ ખાતર કન્યાને વિધવા ઠરાવવી ઉચીત છે? નહિજ જ્યાં સુધી વરકન્યાનું સંમેલન થયું નથી ત્યાં સુધી તેને કદી વિધવા નજ ગણાય પરંતુ કન્યાજ ગણાય. અને આવી આફત આવતાં, ધોરાજી પારબંદર, રાજકોટ, તળાજા, વાંકાનેર વિગેરે સ્થળોની જ્ઞાતિના આગેવાનોએ તેવી બાળાને કન્યા ગણી પરણાવી આપવાની પરવાનગી આપી છે તેવા દાખલા મોજુદ છે.

ત્યારે શું ખુડાલાવાળાઓ પોતાની લુખી કહેવાતી આબરૂ ખાતર આ રાંક બાળાનો જીવન હક ખેંચવી લેશે? અને જે બાઇએ તેના પતિનું મુખ પણ જોયું નથી તેને સમાજ રીતમની ભઠ્ઠીમાં સડતી રાખશે? અને રાત દીવસના દુઃખ સમી જવાળા સળગાવવામાં આબરૂનું જોખમ હજુ પણ નહિ સમજે?

કન્યાના બીકણ પિતાને પણ પોતાની પુત્રીના દુઃખની દયા નથી? શું એટલી પામરતાએ પહોંચ્યાં છે કે લગ્નની તલવારથી પોતાની દીકરીનું રૂધીર ચુસાય છતાં ફકત રોઇને બેસી રહે અને નિષ્ઠુર બની તેને હોમાઇ જવા દે?

અરે શું સાંડેરાવ કે ખુડાલાનાં અહિંસાવાદી મહાજનમાં પણ કોઇ ડાહ્યો પુરૂષ નથી કે તેના હૃદયમાં દયા વસે? અથવા તો ચાર ફેરા ફેરવી ચુકયા, પોતાનો કરવેરાનો હક લઇ લીધો, લગ્નની શાખ પૂરી એટલે હવે મહાજન બિચારા શું કરે? બહુ તો દીલગીરીના બે શબ્દો ઉચ્ચારે અને સત્તાના મદમાં કર્તવ્ય ચૂકે. આવી સત્તા ખાતરજ જ્ઞાતિઓ જીવી શકશે કે? મહાજન માબાપ છે. તો શું માબાપ પોતાને પણ એક મનુષ્ય જાતિનો અરે, એક અનાથ, નિર્દોષ બાળીકાનો લગ્નની વેદીપર ભોગ અપાતો જોઇ દયા નહિ આવે? આવી કર્તવ્ય વિમૂખતાથી તો અહિંસા ધર્મને જરૂર ઝાંખપ લાગશે હજુ પણ વખત વીતી ગયો નથી. સાંડેરાવ તથા ખુડાલા તેમજ આજુબાજુના મોટાં શહેરોમાં ડાહ્યા પુરૂષો જરૂર હશે. તેઓ હિમ્મત બતાવી, બાળાનો ભવ જરૂર સુધારશે. તેમાં પાછી પાની થશે તો યુવાનો જરૂર બંડ ઉઠાવશે અને જ્ઞાતિઓને નિમૂળ કરવા અધિરા બનશે

વૈધવ્ય માટે સમાજના સખ્ત બંધનો અને ભયંકર દુઃખદ સ્થિતિ જોતાં પુનર્લગ્નનો સવાલ ઉપસ્થિત કરવો પડે છે તેવા જમાનામાં આવા અનેક દાખલા મોજુદ છતાં, નિરપરાધી બાળાના જીવનમાં ઝેર ભળતું અટકાવવા અને તેના અંતરની વેદનાની કારમી ચીસથી શ્રાપીત થતા બચવા હજુ પણ સમય છે. તો જીવદયાના હિમાયતી સાંડેરાવ અને ખુડાલાના મહાજનને તેમજ તે ગામોના પ્રતિષ્ઠીત આગેવાનોને નમ્ર અરજ છે કે **આ બાળા કન્યાજ હતી. અને હજુ પણ કન્યાજ છે.** એવો ઠરાવ કરીને આવા ભયંકર શ્રાપમાંથી જૈન સમાજને બચાવશે. એવી નમ્ર અરજ છે. સ્વાતંત્ર્યના યુદ્ધમાં આત્મ ભોગના પૂર વહેવરાવવામાં યુવાનોએ જે ફાળો આપ્યો છે તે જોતાં, ઉપરના ગામોના યુવાનો ઉપર મુજબનો ઠરાવ કરાવવામાં પોતાનો પુરેપૂરો ફાળો આપશે અને બહાર ગામના યુવાનો અને સમાજ સુધારકો તેને મદદ કરશે તેમ વિનંતિ કરૂં છું.

લી. એક યુવક.

# નોંધ અને ચર્ચા-[ચાલુ]

## કેટલાક બળતા પ્રશ્નો : વિધવાઓની હાલત.

વિધવાઓ સબંધી વિચાર કરતાં ઘણી સાવચેતી રાખવાની છે. વિધવા વિવાહનુ નામ સાંભળતાંજ રૂઢી પોષક વર્ગ ઉશ્કેરાઇ ઉઠે છે અને પહેલે ધડાકે યુવકો અને યુવક સંઘો પર પોતની લુક્ષીને સ્વચ્છંદે વિચરવા દે છે. એથી ઉલ્ટી બાજુએ નજર કરતાં દેખાઇ આવે છે કે કેટલાક યુવકોનો એ ધખારો થઇ પડયો હોય છે કે જ્યાં વિધવા સબંધી કંઇ વાત આવી કે તુરત એ એના વિવાહમાંજ સર્વ પ્રકારનુ કલ્યાણ માની બેસવાનો. એ વેળા આગમની વાતો કે અનુભવીઓની સલાહ એને અયુક્ત અને હંબગ ભાસવાના. અજાયેબી જેવું તો એ છે કે આમ સ્ત્રી સન્માનની વાતો કરનારા યુવકોમાંના ઘણા સ્ત્રી જાતિના સાચા કષ્ટો કાપવા કેટલી જહેમત ઉઠાવે છે એ હજુ પણ શંદિગ્ધ બાબત જેવું છે આમ સામસામા દૃષ્ટિ બિંદુ વચ્ચે વિધવાઓનો પ્રશ્ન ઝોલા ખાય છે. આમ છતાં સમય જતાં એ પ્રશ્ન વધુજટિલને ગહન બનતો ગયો છે એટલે એ સબધે ધિરજથી વિચાર કરવાની પૂરી આવશ્યકતા છે. રૂઢિપોષક કે યુવકના અથવા તો સિધાંત કે સામાજીક સુધારણાના કોઇપણ મુદ્દાને અન્યાય પહોંચે એ રીતે વિધવા સંબંધી આખાયે પ્રશ્નનો પરામર્શ કરવો ઉચિત છે.

શું રૂઢિપોષકો એમ ઇચ્છે છે કે વિધવાઓને દુઃખની લાગણીજ ન થવી જોઇએ ? શું તેઓ આત્મા વિનાના જડ પુતળાઓ છે કે જેથી તેમને કોઇ જાતની વૃત્તિઓજ ન ઉદ્દભવે ! એક તરફથી પુરૂષજાતિ કરતાં સ્ત્રી જાતિમાં આઠ ઘણો કામ કહેનારા વૃધ્ધો યાને ધર્મના નામે બાંગો પોકારનારાઓ બીજી બાજુએ કાં તેમના માટે વૈધવ્ય પ્રાપ્ત થતાં શિયળની વાતો પોકારવા લાગી જાય છે ! અને પોતે તો એવા મોહમાં લેપાયલા હોય છે કે બે ત્રણથી પણ ધરાતા નથી ! એવું તો મંતવ્ય નથી ધરાવતાને કે તેઓ પુરૂષ હોવાથી સર્વતંત્ર સ્વતંત્ર જેવા છે અને જે કંઇ બંધનો છે તે માત્ર અબળા જાતિ સારૂજ સર્જાયલા છે !

જો બાળ લગ્નો પર અંકુશ નહિં મેલીએ અને ઘડપણ પ્રાપ્ત થયા છતાં બાળિકાઓને વધુ તરિકે ધનના બળથી ઉચકી લાવતા પાછા નહી હઠીએ તો યાદ રાખજો કે જૈન ધર્મ ગમે તેટલા પવિત્ર સિદ્ધાંતોથી ભરપુર હશે અને જૈન સમાજમાં ધરાર પટેલોની હાક વાગતી હશે તો પણ વિધવાઓ જરૂર પોતાનો માર્ગ કહાડી લેશેજ અને યુવાનો એમાં કરૂણાથી પ્રેરાઇ સહકાર આપશેજ.

વૃધ્ધોએ યુવકોની ભાવના સમજવાની જરૂર છે તેઓ કંઇ પવિત્ર જીવનની વિરૂદ્ધ નથી. જરૂર તેઓ 'સ્નેહ લગ્નની વિધવાઓ' પાસે પુનઃવિવાહની વાત સરખી પણ ઉચ્ચારવાનું ઉચિત નથી માનતા. 'છે વૈધવ્યે વધુ વિમળતા' એ સુત્રમાં તેમનો અડગ વિશ્વાસ આજે પણ છે. આમ છતાં 'દેહ લગ્નની વિધવાઓના નિસ્તેજ ચહેરા નિહાળતાં, પતિ વિહુણી તરૂણીના અમાપ કષ્ટો નજરે જોતાં, બુઢ્ઢા બાવાઓ અને ધર્મના ફિરસ્તાઓને ધનદ્વારા ને દલીલ બળે અજ્ઞાન બાળિકાઓનુ સર્વસ્વ નષ્ટ કરતાં ચક્ષુ સામે જોઇ, યુવાન હૃદયો બળી ઉઠે છે. છુપા પાપ કરનારને સમાજ નભાવી લે છે એમ જાણી એમને અપાર દુઃખ થાય છે. એમનુ અંતર જોર શોરથી પોકાર પાડે છે કે સમજણપૂર્વક વૈધવ્ય પાળનાર અવશ્ય વંદનીય છે પણ લજ્જાની બાહ્યાડંબર ધરનાર કે ગર્ભાપાત જેવા પાપો આચરી ઉપરથી મુખ ઉજવળ રાખવાનો સ્વાંગ ધરનાર કરતાં ખુલ્લી રીતે ફરીથી લગ્ન કરનાર ઓછા દોષિત છે. જો વૃત્તિઓ પર કાબુ નજ રાખી શકાતો હોય તો જાહેર રીતે એનો એકરાર કરનાર જરૂર પ્રશંસનીય છે. દોષો સમજીને છોડવા એ ઉત્તમ માર્ગ છે. ન છોડી શકાતા હોય તો એ સારૂ પ્રયત્નશીળ રહેવું એ મધ્યમ માર્ગ છે પણ જાણવાલાતેને છોડવાનો યત્ન ન કરતાં એ રસ્તે વધ્યા જઇ કેવલ છાવરતા રહી છતાં જનતાની આંખમાં ધુળ નાંખવાના યત્ન કરવા અને એ દ્વારા સડારૂપી વૃક્ષને વૃદ્ધિ પમાડી ધર્મને નિંદાસ્પદ બનાવવો એ અધમા અધમ કાર્ય છે. સાચો જૈન એવું પલવાર પણ નજ આચરી શકે. યુવકોના અંતરમાં ભડભડ બળી રહેલી આ આગ આજે બળવો પોકારી રહેલ છે. એ સામે પ્રત્યેક જ્ઞાતિએ લક્ષ આપવુંજ પડશે. એના તોડ વિના માત્ર 'નાતરા' કરાવનારા લવી જવાથી પરિણામ શૂન્ય આવવાનું. સમયના વેગને કોણ ખાળી શકશે ?

આમ રૂઢિપોષક ને સુધારક વર્ગ વચ્ચેનો વિચાર ભેદ ટુંકમાં જોઇ ગયા. ઉભય સતીઓના ચરણમાં તો પ્રણામજ કરે છે. કુલીન રમણીઓના સતીત્વ ઉભયને ગમે છે. પવિત્રતા પૂજકપણુ બંનેમાં છે. ભિન્નતા એ આવે છે કે પ્રથમને જુના ચીલામાંથી આંખ ઉંચી કરવી નથી ને ચાલુ કાળના સંયોગમાં લક્ષમાં રાખી ઘટતા ફેરફારો કરવા નથી પોતાની લાલસાઓ પૂરે જવી છે. છતાં તેવીજ ઇચ્છાઓ સ્ત્રી જાતિને સંભવે તો આડી લાલબત્તી ધરવી છે. બીજાને નારી જાતિમાં પોતા જેવા આત્માના દર્શન થતાં હોવાથી એના દુઃખો પ્રત્યે એ આંખમીચામણા કરી શકતો નથી. ફરજીઆત બંધનો ન લ.વી શકાય એ એની મનોવૃત્તિ છે તેથી તે પોકારી ઉઠે છે.

(ચાલુ) અભ્યાસક.

---


## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

**મુંબઇ જૈન યુવક સંઘ.**
**નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,**
**મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.**

## વડોદરામાં જાહેર સભા.

——:o○:O:○o:——

### શ્રી. સુરેન્દ્ર ઝવેરીને અભિનંદન.

———(o)———

વડોદરા પ્રાંત સુબા સાહેબની પરવાનગી વગર સરઘસ કાઢવાના ગુન્હા બદલ પકડાયલા જૈન યુગ સંઘના વીર ભાઇ સુરેન્દ્ર ઝવેરી તથા મગનભાઇ પટેલ અને નાનાલાલ પટેલને અભિનંદન આપવા જૈન યુવક સંઘના આશરા હેઠળ વડોદરા શહેરના શહેરીઓની એક જાહેર સભા તા૦ ૧૧-૧-૩૧ ના રોજ સાંજના ચાર વાગે ઘડીઆળી પોળમાં જૈન ધર્મશાળામાં શ્રીયુત ડાહ્યાભાઇ મગનલાલ વકીલ બી. એ. એલ. એલ. બીના પ્રમુખપણા હેઠળ મળી હતી.

(૧) વૈદ્ય મણીલાલે જણાવ્યું જે વડોદરામાં રાજ્યકીય પ્રકરણની પ્રવૃતિમાં સત્યાગ્રહ આદરતાં સરકારના મહેમાન બનવાનું માન મેળવવા આ ભાઇઓ પ્રથમજ ભાગ્યશાળી થયા છે. ભાઇ સુરેન્દ્ર એક ઉગતા ગર્ભ શ્રીમંત યુવાન છે કે જેણે દુનિયાનો તડકો છાંયડો જોયો નથી. તેમજ સરકારી છે; તેઓ બહુજ થોડા બોલા છે. પણ પૂખ્ત વિચારક છે કોઇ પણ બાબત એક સીદ્ધાંતરૂપે પરિણમે પછી તેના સેવનમાં આત્મા અપર્ણ કરવામાં બીલકુલ અચકાય તેમ નથી. તે તેમના ખાનગી જીવનમાં પ્રસંગમાં જે આવ્યા છે તેઓને સારી પેઠે વીદિત છે. ભાઇ સુરેન્દ્ર જૈન યુવક સંઘના ગત વર્ષના મંત્રિ, તેમજ જૈન સમાજના એક ઉગતા તારા છે. તેમના સહયોગી ભાઇ મગનભાઇ પટેલ અને નાનુભાઇ વડોદરા યુવક પ્રવૃતિના પ્રાણ અને અગ્રણ્ય નાગરીકો છે એ ત્રણે બંધુઓને હાર્દીક અભીનંદન છે (૨) બાદ કલ્યાણચંદ કેશવલાલ ઝવેરીએ જણાવ્યુ જે તા. ૯-૧-૩૧ ના રાતના ૧૦॥ ના આશરે વડોદરા શહેરના નિર્દોષ અને રમતમય શહેરીઓ ઉપર પોલીસ ખાતાના કેટલાક માણસોએ લાઠી માર ચલાવ્યો છે તે કૃત્યને આ જાહેર સભા સખત રીતે વખોડી કહાડે છે અને નિર્દોષ ભાઇઓને, બ્હેનોને લાઠી મારના ભોગ થઇ પડયાં છે તેમને જલદીથી આરામ થાય એમ અંતઃકરણપૂર્વક ઇચ્છે છે. બાદ લલીતચંદ્ર દીવાનજીએ એ સંબંધી કેટલુંક જાતી અનુભવનું નિવેદન કર્યું હતું. તેમજ પ્રજાને રાજ્ય પિતા, તેમજ કુમાર ધૈર્યશીલરાવની પ્રેમભરી લાગણી બાબત સારૂ માન તેમજ શ્રદ્ધા છે તેની ખાત્રી આપી હતી. બાદ સભા વિસર્જન થઇ હતી. છેલ્લા સમાચાર મુજબ ઉપરોકત ત્રણ બંધુઓને માનપૂર્વક છોડી મુકવામાં આવ્યા છે તે બાબત વડોદરાના સત્તાવાળાને અભિનંદન ઘટે છે.

## શ્રી જૈન દવાખાનું, પાયધુની.

**ડીસેમ્બર માસનો રીપોર્ટ:** આ દવાખાનામાં ગયા ડીસેમ્બર માસમાં ૭૭૫ પુરૂષ દરદીઓ, ૭૪૬ સ્ત્રી દરદીઓ અને ૩૭૭ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૮૯૮ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાસ દરદીની હાજરી ૬૩ની થઇ હતી. બાઇ ડોકટરે ૨૭૨ સ્ત્રી દરદીની સારવાર કરી હતી.

**ઘોઘારી વીશા શ્રીમાળી દવાખાનાનો રીપોર્ટ :** જે અમોને તેના સેક્રેટરીઓ તરફથી મળ્યો છે તે આભાર સાથે સ્વીકારીયે છીયે. દવાખાનાની ઉપયોગીતા ઘોઘારી સમાજ સારી રીતે જોઇ શકી છે. તેથી સામુદાયિક પ્રયાસથી આ દવાખાનું દીનપર દીન વધારે ઉપયોગી થતું આવ્યું છે. દવાખાના માટે કાયમી ફંડ છે પણ તેના વ્યાજમાંથી દવાખાનાનો વાર્ષિક ખર્ચ નીકળી શકે તેમ નથી તો જ્ઞાતિ બંધુઓ આ સંસ્થાને માટે વધારે દ્રવ્ય વ્યય કરી આબાદ બનાવશે તેવી અમો આશા રાખીએ છીએ. દવાખાનાનો લાભ વિશાળતાથી આપવામાં આવે છે તે માટે કમિટિને ધન્યવાદ ઘટે છે. દવાખાનામાં વપરાતી દવાઓને અંગે ચાલુ સંજોગો અનુસાર ફેરફાર કરવામાં આવ્યો હશે, નહિ તો કરવામાં આવશે એમ અમારી ખસ સુચના છે.

**શ્રી જૈન વિશ્રામ મંદિર:** આ સંસ્થાની એક જનરલ સભા મહા સુદ ૧ ને સોમવારે સાડા સાત વાગે (મું. ટા) માંગરોલ જૈન સભાના હોલમાં મળવાની છે.

### કામકાજ.

(૧) સંવત ૧૯૮૩-૮૪-૮૫ ત્રણ સાલનો ઓડીટ થયેલ હિસાબ તમારી પાસે રજુ કરી પાસ કરવા.

(૨) નવી મેનેજીંગ કમિટિની ચુંટણી કરવા.

(૩) ઓડીટરની નીમણુંક કરવા.

## કોન્ફરન્સની ફતેહ.

——(o)——

**પંદર દીવસમાં વાંધો રજુ કરજો :**—મારવાડ સ્ટેટ પરાદ નીવાશી શા રીખવદાસ હરખચંદ ડભોઇથી જણાવે છે કે "હું ડભોઇમાં પન્યાસ શ્રી રંગવીજયજી મહારાજ પાસે દીક્ષા લેવા માટે આવ્યો છું. પરંતુ મારી દીક્ષાની જાહેરાત જનતા સમક્ષ રજુ કરવામાં આવે અને તે જાહેરાત પછી પંદર દિવસમાં કોઇ વાંધો રજુ ન કરે તો દીક્ષા આપવા કહેલ છે કે જેથી ભવીષ્યમાં વાંધો ન રહે. તો આ માટે જનતાને જણાવવાનું કે હું શા. રીખવદાસ હરખચંદ પન્યાસ શ્રી પાસે દીક્ષા લેવા ઇચ્છું છું. એ સામે કોઇને કંઇ વાંધો હોય તો મને પંદર દિવસમાં ખબર આપવી."

## ગ્રાહકોને સુચના.

પત્રિકાનું બીજું વરસ જાનેવારીની ૧ લીથી શરૂ થયું છે. લવાજમ મોકલી આપવા નમ્ર સુચના છે.

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

### : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

ધાર્મિક કેળવણી.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૪ થો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૭. તા૦ ૨૬-૧-૩૧ | છુટક નકલ : ના આનો.

# અંધેરીમાં જૈનોના જમણ પર પીકેટીંગ.

## રામવિજયજીના ભકતોએ વાનરોને મારેલો માર.

## વૉલંટીયરોની થએલી ધરપકડ.

અંધેરીમાં શેઠ નગીનદાસ કરમચંદના બંગલામાં તા૦ ૨૫-૧-૩૧ ના રોજ જૈનોને માટે જાહેર જમણવાર છે તેમ ખબર પડતાં શ્રી યાહોમ મંડળના વોલંટીયર તથા વાનરો તે જમણ પર પીકેટીંગ કરવા અંધેરી ગયા હતા.

પહેલી બેચ યાહોમ મંડળના કમાન્ડર અને સેક્રેટરીની સરદારી નીચે ગઇ. અને જમણવારમાં ભાગ ન લેવા માટે લોકોને સમજાવવા માંડયા. પીકેટરો જોઇ યંગ મેન્સ જૈન સોસાયટીના વોલંટીયરો અને અહિંસાવાદીઓ રોષે ભરાયા. અહિંસાત્મક પીકેટીંગ સહન ન થવાથી તેઓને મારતા મારતા આગળ લઇ ગયા. ત્યાં શેઠ જીવતલાલ પ્રતાપસી આવી પહોંચતાં વાટાઘાટના બહાને યંગમેનના વોલંટીયરોની સાથે એક બંગલામાં ગયા. ત્યાં પોલીસ બોલાવવાની અને માર મારવાની ધમકી આપી પણ પીકેટરો મકકમ રહ્યા.

**વાનરોને પુર્યા :—**

વાનરોની બીજી બેચ આવતાં તમારા મંડળવાળા તમને બોલાવે છે, તેમ કહી એક બંગલામાં લઇ જઇ એક ઓરડામાં તેમને પૂર્યા.

**પોલીસ આવી પહોંચી.**

અહિંસાવાદી મહાજન પીકેટીંગ જોઇ ગભરાયા પણ જમણ છોડવું તેમને પાલવે તેમ નહિ હોવાથી, ગમે તે ભોગે મિષ્ટાન જમવાનો નિશ્ચય કરી પોલીસ બોલાવી.

**વાનરોને પડેલો માર અને વૉલંટીયરોની ધરપકડ.**

પોલીસ આવી પહોંચતાં વાનરોને છોડવા પડયા તેટલામાં પીકેટીંગ માટે ત્રીજી બેચ આવી પહોંચી. છુટેલા વાનરો પણ યાહોમ પીકેટીંગમાં જોડાયા, રામવિજયજીના અગ્રગણ્ય ભગતે યાહોમ મંડળના કેપ્ટન તથા સેક્રેટરીને પોલીસને બતાવ્યા જેથી પોલીસે તેમની ધરપકડ કરી અને બીજી બાજુથી યંગમેનના વૉલંટીયરોએ અને અહિંસા વાદીઓએ વાનરોને માર મારવો શરૂ કર્યો.

**સ્ત્રીઓ પણ પીકેટીંગમાં જોડાઇ.**

આ સમાચાર મળતાં એમ્બ્યુલંસ કાર અંધેરી આવી પહોંચી. જેમ જેમ પીકેટરોની બેચો આવતી ગઇ તેમ તેમ વૉલંટીયરોની ધરપકડ થતી ગઇ અને વાનરોને ઉપરોકત વૉલંટીયરો તથા અંધ શ્રદ્ધાળુઓએ માર મારવો શરૂ રાખ્યો. અને પોલીસ તેમજ વૉલંટીયરોની કોરડન કરી જમવા જનાર માટે આ રીતે સગવડ કરી. આ કોરડનો જોઇ બીજી બાજુથી કેટલીએક સ્ત્રીઓએ પણ પીકેટીંગ કરવા માંડયું.

[જુઓ પાનું ૬ ઠું.]



ભારતનો જ્યોતિર્ધર.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# ધાર્મિક કેળવણી.

ધાર્મિક કેળવણીના સવાલને અંગે જૈન કોમને હજી ઘણું કરવાનું બાકી રહે છે. વિચારો આપનારાઓએ ઘણા વખત વિચારો બતાવ્યા છે છતાં સાધનોને અભાવે. તેનો અમલ થઇ શકતો નથી એટલે વિચારો બતાવવા ઉપરાંત કેટલાક વિશેષ પ્રયાસો કરવાની જરૂર છે. તે પ્રયાસો વધારે નિયમિત અને સતત્ ચાલુ રહેવા જોઇએ ધાર્મિક જ્ઞાનનો પ્રચાર કરનારી સંસ્થાઓ જૈન સમાજમાં છે પણ ખરી. તે સંસ્થાઓ ચોકસ દિશામાં જ્ઞાનનો પ્રચાર કરે છે. એટલે કે ચોકસ ગ્રંથો જે અદર્શનોથી કોમમાં ફેલાવો પામી શકતા નથી તે છાપવાની કલાની મદદથી સમય ધર્મની મદદથી તે ગ્રંથોનું રક્ષણ કરે છે. સમાજમાં સસ્તી કિંમતે તેનો ફેલાવો કરે છે પણ તે કાર્યની અસર વિશાળતાથી જૈન સમાજમાં થતી નથી સામાન્ય રીતે ધાર્મિક કેળવણી લેનારાની સંખ્યા વસ્તીના પ્રમાણમાં ઘણી ઓછી છે. તેમજ વિશિષ્ટ ધર્મ જ્ઞાનના અભ્યાસીઓની સંખ્યા પણ ઓછી છે. અને તેથી ધાર્મિક અભ્યાસક્રમ માટે ક્રમસર વાંચનમાળાઓ તૈયાર નથી. ધર્મના સાહિત્યના જુદા જુદા વિભાગો અધ્યાત્મ, ઇતિહાસ, તત્વજ્ઞાન, પુરાતત્વ વગેરેને માટે ક્રમસર અભ્યાસ કરવાને માટે ગુજરાતી ભાષામાં ક્રમસર પુસ્તકો તૈયાર નથી. પુસ્તકો તૈયાર કરવા માટે વિદ્વાનો જોઇએ. વિષયનો તથા ભાષાનો તથા જનસ્વભાવનો તે અભ્યાસી જોઇએ. આ બાબતમાં ઘણા ભાઇઓએ પ્રયાસ કર્યો છે. તેનું પરિણામ આવ્યું નથી. એક ખાસ કમિટિ તે માટે નીમાવી જોઇએ. જૈનેતરોની પણ તેમાં સલાહ લેવી જોઇએ, ચોકસ સંસ્થાએ આ કામ ઉપાડી લેવું જોઇએ. કારણ કે વ્યકિતગત કાર્યમાં વ્યકિતના અભાવે કામ અધુરૂં રહી જાય છે. આ કામ એવું છે કે લાંબા વખતની મહેનત વગર પતે તેમ નથી. એટલે કોઇ સંસ્થાએજ આ કામ ઉપાડી લેવાની ખાસ આવશ્યકતા છે. તે ઉપરાંત પાઠશાળાઓની તપાસ કરવા માટે પણ એક કમિટિ તેજ સંસ્થાએ નીમવી જરૂરની છે. પાઠશાળાઓ, તેના મકાનો, વિદ્યાર્થીઓ, માસ્તરો, ફંડની પરિસ્થિતિ વગેરે વિગતો જાણી તેની સુધારણા માટે વ્યવહારૂ માર્ગો લેવા જોઇએ. આ હકીકતો સમાજ પાસે અંગત ટીકાઓ સિવાય રજુ કરવી જોઇએ. આપણી જરૂરીયાતો કામ પાસે રજુ કર્યા સિવાય ફંડના સવાલનો ઉકેલ થતો નથી. ચોકસ કામના રસીયાઓ મુળ વાતને ભૂલી જઇ દેખાવોમાં માને છે. દેખાવોમાં કોમના દ્રવ્યનો વ્યય કરવામાં તેઓ ધર્મ માને છે, મનાવે છે. સમાજ પાસે વિશ્વાસપાત્ર માણસો બીજો માર્ગ સુચવનારા હોતા નથી. અગર અન્ય માર્ગો સૂચવનારાઓનો અવાજ લોકોના મોટા જથ્થાને પોંચતો નથી. તુલનાત્મક લેખો અને ભાષણો તથા ચર્ચાઓ આ કામ સારૂં કરી શકશે. વિભાગવાર ધાર્મિક કેળવણીની પ્રગતિના આંકડા પ્રગટ કરવામાં આવશે જુદા જુદા વિભાગના કાર્યકર્તાઓ સરસાઇ કરી પોતાના વિભાગમાં પ્રવૃતિ કરવા પ્રેરણા મેળવશે. એજ્યુકેશન બોર્ડ તે કામ હાથમાં લેશે? જો તે કાર્ય હાથમાં લઇ કમીટી નીમશે તો કોન્ફરન્સના સ્થાનિક મંડળો તેને મદદ કરશે તેમજ પ્રાંતિક સેક્રેટરીઓ પણ સહાય કરનાર નીવડશે. એજ્યુકેશનલ બોર્ડને કામ લેવાની—ઉપાડવાની હિંમત કયારે થાય તે સવાલ વિચારવનો છે. સાહિત્યને નામે ધામધુમો પછવાડે જે જૈન કોમ અનર્ગળ દ્રવ્યનો વ્યય કરે છે તે કોમની કેળવણીની મધ્યસ્થ સંસ્થા પાસેના ફંડની સ્થિતિ તપાસીશું તો ઘણી કંગાળ જણાશે. બોર્ડના કાર્યવાહકો તેમાં વિશેષ પ્રયાસ કરી શકે તે પુચ્છવાયોગ્ય છે. કદાચ કોઇ ટીકાકાર એમ પણ કહે કે બોર્ડની છેલ્લા કેટલાક વરસોની મંદતાને લીધેજ તે સંસ્થાને નાણાની મદદ મળતી નથી. ઉત્તમ ઉદ્દેશ કાર્યવાહકોનો સતત્ આત્મભોગ અને સુંદર પ્રચાર કાર્યથી અનેક સંસ્થાઓ જોઇતું દ્રવ્ય મેળવી શકે છે. ધનવાનોને અમો ખાસ કરીને અપીલ કરીએ છીએ કે બોર્ડ પાસે તમો સારા તથા સંગીન કામની આશા રાખતા હો તો તમો પ્રસંગોપાત બોર્ડને દ્રવ્યની સારી મદદ કરો. હવે બોર્ડની નવી મેનેજીંગ કમિટિ નીમાઇ છે. જુના તથા નવા ઉત્સાહી સભ્યો મળીને સારી રૂપરેખા તૈયાર કરી સારૂં કાર્ય કરી દેખાડશે. વળી બોર્ડના ઉત્સાહી સેક્રેટરી સરકારની મહેમાનગીરીમાંથી મુકિત મેળવવાના છે તેઓ પણ પોતાના અનુભવનો લાભ બોર્ડના કાર્યક્રમને અંગે ઉપયોગમાં લેશે માટે ધનવાનોએ અને સામાન્ય વર્ગે બોર્ડના કામમાં રસ લઇ દ્રવ્યનો ટેકો આપવાની જરૂર છે. કોમ તરીકે હિંદમાં જીવવું હોય તો ધર્મનો અભ્યાસ અને ધર્મમય જીવન વગર ચાલશે નહિ. બાળકોમાં શુષ્ક અને જડ નહિ પણ ચેતનવંતા સંસ્કાર પાડવા હોય તો ભાષામાંજ ધર્મજ્ઞાનનો ફેલાવો કરવાની જરૂર છે. વ્યવહારમાં ધર્મજ્ઞાન વિશાળતાથી ફેલાવો ન પામ્યું હોય તો ડગલે ડગલે ધાર્મિક જીવન એકાદ વ્યકિતને આચરવામાં ઘણી મુશ્કેલી પડે છે. આ એકલા સામાયિક પોસહ લઇ બેસી જવાનો સવાલ નથી પરંતુ જૈન તરીકે વ્યવહારિક જીવન ગાળવાનો છે. આ તો જૈન છે તેના વ્યવહારમાં આ દોષ હોઇ શકે નહિ તેની વાણી વિચાર વર્તનમાં શુદ્ધિજ હોય. હિંસાનો ભાસ ન હોય તેવા ઉત્તમ જૈનો તમારા બાળકોને બનાવવા હોય તો ધાર્મિક કેળવણીના સવાલ માટે સતત પ્રયાસ કરવા કટીબધ્ધ થાઓ.

**શ્રી. સુરેન્દ્ર ઝવેરી.**



**વડોદરા જૈન યુવક સંઘના આત્મા, જેઓએ વડોદરા યુવક સંઘ તરફથી ત્યાંની પોલીસના મનાઇ હુકમનો ભંગ કરી નીકળેલા સરઘસની આગેવાની લીધી હતી. જેથી તેમને ત્યાંજ પકડવામાં આવ્યા હતા, માન પુર્વકના સમાધાન પછી જેમનો છુટકારો થયો છે.**

# જૈન સાહિત્યનું વિકાસ-દર્શન.

લેખક :-**સર્વદમન.**

દરેક પ્રજા, દરેક રાષ્ટ્ર તેમજ પ્રત્યેક ધર્મના અનુયાયીઓ પોતાનું સાહિત્ય સર્ધરે છે તેમાં અગત્યનો હેતુ રહેલો છે. સાહિત્ય એ દરેક પ્રજાના જીવન વિકાસનો, રહેણી કહેણીનો અને તેમની સર્જન શક્તિનો અરિસો છે. કોઇ પણ પ્રજાના ભૂતકાળના અભ્યાસકને તે પ્રજાનાં સાહિત્યમાંથી ભૂત માનસનું પ્રતિબિંબ જરૂર અવલોકવા મળશે. અમૂક પ્રજા રાષ્ટ્ર વિકાસમાં, વિશ્વ સંસ્કૃતિમાં, અને માનવ જાતના હિતમાં શું ફાળો આપી રહેલ છે તે જાણવા તેનું સાહિત્ય એ અમૂલ્ય સાધન છે. અને આ ઉપરોકત કારણથીજ સાહિત્યનો વિકાસ કરવો એ એક આવશ્યક કર્તવ્ય છે.

**સાહિત્ય અને સંસ્કાર સિંચન.**

વાલ્મીકિ, વ્યાસ, અને હોમરનાં મહા કાવ્યોમાંથી આજે સકળ જગત પ્રેરણા પી રહ્યું છે; અને તે અખૂટ ઝરામાંથી અનેક કવિઓ, અનેક કલ્પના કુશળ લેખકો દુનીયાનાં દર્દીઓને શાંતિ સમર્પી રહ્યા છે. પ્રજાનાં માનસનું ખરેખરૂં ઘડતર આવા સાહિત્યમાંથીજ થાય છે. કૃષ્ણે ગીતા ગાઇ અર્જુનને પ્રબોધી યુધ્ધે ચડાવ્યો. ગુરૂ રામદાસે મહાભારત શ્રવણ કરાવી શીવાજીને ધર્મરક્ષા કરવા પ્રેર્યાં; અને આવાં અનેક દૃષ્ટાંતો આપણી દૃષ્ટિમાં અનેકવાર આવે છે.

**જૈન સાહિત્ય અને તેનો વિકાસ.**

આપણું જૈન સાહિત્ય ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત અને માગધી ભાષામાં ઘણું ઉચ્ચુ સ્થાન ભોગવે છે; અને સાહિત્યના સ્તંભ રૂપે મનાય છે. હજુ આપણું સાહિત્ય અણવીકસ્યું છે. જૈન સાહિત્યને સાહિત્ય સૃષ્ટિમાં પ્રધાન પદ અપાવવું હોય તો જૈનોને હવે વધુવાર બેઠું નહિં પાલવે ખંભાત, પાટણ અને સુરત વિ. સ્થળોએ જૈનોનાં સુંદર ભંડારો હોવાનું કહેવાય છે. જૈન તાડપત્રો, શીલા લેખો અને મુર્તિઓની ઐતિહાસિક ઉપયોગીતા ઘણી અગત્યની છે. આપણાં કિંમતી પુસ્તકોનો, **આ**પણા સંઘરેલ ઇતિહાસનો, અને આપણી સાહિત્ય **સમૃદ્ધિનો** ઝરો જગતને અણજાણ્યો રહે તો તેનું અસ્તિત્વ કશા લાભનું નથી. અને સાહિત્ય પ્રચારની બાબતમાં આપણે કેટલેક અંશે ખ્રીસ્તીઓના રીતિનીતિનું અનુકરણ કરીએ તો તે ભવિષ્યમાં અતિ લાભદાયી નીવડયા વિના નહીં રહે. ખ્રીસ્તીઓનું સર્વ માન્ય બાઇબલ લગભગ ૭૦૦ ભાષમાં લખાયેલું છે. દુનીયાના સંગ્રહ સ્થાનોમાં કે પુસ્તક ભંડારોમાં બાઇબલ હોવાનુંજ; તે નિ:શંક બીના છે. આ રીતે આપણાં મહા પુરૂષોનાં વચનો સૌ કોઇ ઝીલે, અને ગ્રહે તેવી ભાવના ધારીને સાહિત્ય વિકાસનાં સાંપ્રત રૂંધન પ્રત્યે દુર્લક્ષ્ય રાખવું ન ઘટે. સાહિત્ય વિષયક આપણી કેટલીક સંકુચિતતાઓમાં અત્યંત પરિવર્તનની આવશ્યકતા છે. કેટલાક ભંડારો અમુક સાધુઓનાં નામથી અને સૂચનથીજ ચાલે એટલે તેમાંની પ્રતો અન્ય મુનિરાજોને ન અપાય એવી પરિસ્થીતિ અનેક ઠેકાણે ચાલે છે. કોઇ સાહિત્યનો તૃષાતુર આપણા સાહિત્ય એોવારે સુધારસ પીવા મથતો હોય તેમાં તેને નિષ્ફળતા મળી છે તેવાં દૃષ્ટાંતો નિહાળ્યાં છે. આવી કરૂણાજનક સ્થીતિ આપણે કયાં સુધી ચલાવ્યે રાખશું ?

આવી પરિસ્થીતિનો વિચાર કરતાં મને કેટલીક વ્યવહારૂ યોજનાઓ જડી તે હું વાંચક સમક્ષ રજુ કરૂં છું.

**પ્રદર્શન, પરિષદ અને સંસદ્.**

આજે જગત એટલું આગળ વધ્યું છે કે 'જાહેરાત' એ વ્યાંપારનુંજ નહિં પરંતુ સાહિત્ય, કળા, વિજ્ઞાન સૌ. કોઇ વિષયનું આવશ્યક અંગ બન્યું છે. આવી જાહેરાતો માટે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય પ્રદર્શનો ગોઠવવામાં આવે છે. પ્રદર્શનોનાં વિસ્તૃત વર્ણનો વાંચી દેશ દેશનાં માનવીઓ તેનો લાભ લેવા તલસે છે. અને તેજ કારણે સાહિત્ય પ્રદર્શનો ભરાય તે ઇચ્છનીય અને અનુમોદનીય બીના છે. દેશવિરતિ સમાજ અમદાવાદમાં પોષ માસની આખરે જૈનોનું સાહિત્ય પ્રદર્શન ભરે છે તેની જાહેરાત જૈન સાહિત્યનો પ્રેમી આવકારદાયક લેખે છે. પરંતુ તે પ્રદર્શન કશા મતભેદ વિના અને અમૂકને માટેજ કીર્તિનો અખાડો ન બન્યું હોત તો ઠીક થાત. આવાં કેટલાંએ પ્રદર્શનો દ્વારા આપણે આપણી એ અણમૂલી મિલ્કતનો વિકાસ કરી શકીએ તો આપણે ફરજ અદા કરી ગણાશે. પરંતુ આવી રીતે જુદાં પ્રદર્શનો ભરવાને બદલે કોન્ફરંસની વાર્ષિક બેઠકો વખતે સાહિત્ય પ્રદર્શનનો સરસ વિભાગ રાખવામાં આવે તો તેનો લાભ વધારે સારી રીતે અને સારી સંખ્યામાં લેવાય તે કથન નિર્વિવાદ છે. આપણો આ પ્રયોગ સફળ નીવડે તો વાર્ષિક સાહિત્ય પરિષદ ભરવી એ શકય થઇ પડશે; અને તેવી પરિષદો દ્વારા આપણે અન્ય ધર્મના ધુરંધરો સાથે કશો વિનિમય કરી શકવા સમર્થ બનશું તેટલુંજ નહીં પરંતુ સામાન્ય જનતાનું સાહિત્યની બાબતોમાં લક્ષ ખેંચી શકીશું. આ સિવાય આવા મેળાવડાઓ આપણા સમાજમાં સાહિત્ય સંસદોને અને કંઇક માર્ગદર્શક બનતી Literary Societies ને ઉદ્ભવ આપશે જેની સેવાઓ આપણી સાહિત્ય સમૃદ્ધિ પરત્વે અમૂલ્ય થઇ પડશે.

હિંદની સરકારે હમણાંજ એક ઐતિહાસિક દસ્તાવેજોની શોધખોળ માટે મંડળ નીમ્યું છે. મારા જાણવા મુજબ તેમાં એક પણ જૈન સંશોધક નથી. આખી મનુષ્ય જાતને ભૂતકાળ જાણવાની એક જાતની મમતા હોય છે અને તે કારણે જુનાં ચિત્રો અને દસ્તાવેજોના આશ્ચર્યજનક મુલ્ય ઉપજે છે. જૈનો તેમનાં પુરાતન સંગ્રહો માટે ભલે ગૌરવ લે પરંતુ તેને માટે વિશ્વના સાધારણ માનવીને ઓછીજ ચિંતા કે દરકાર છે! આપણાં ચરિત્રોમાં, આપણાં કાવ્યોમાં, આપણાં વ્યાકરણમાં સૌ કોઇ ત્યારેજ રસ લે કે જયારે તેનાં અણ માગ્યાં દાન સામાન્ય જન મેળવી શકે. આપણાં ભંડારો અને પુસ્તકાલયોની તપાસણી માટે આવુંજ કમીશન નિમાય અને તેનો અહેવાલ સૂચન સાથે પ્રગટે તો તે જરૂર માર્ગદર્શક નિવડે.

**સસ્તું અને સરળ સાહિત્ય.**

પરંતુ આજે અન્ય વ્યવસાયોમાં ગુંથાયેલા માણસને મુશ્કેલ બાબતોનો નિરાકરણ કરવા સમય નથી. આજ દુનીયાની બજારમાં સસ્તું અને સાદી સમજણવાળું સાહિત્ય વધારે વંચાય છે. આપણાં પુજ્ય પુરૂષોનાં ચારિત્રો માંહેથી કે શ્રીપાલ અને ચંદ્રરાજાના રાસાઓ માંહેથી હાલના લોકપ્રિય માસિકોમાં સુંદર, સુગ્રંથિત અને આકર્ષક વાર્તાઓ લખાય, તેમજ આપણા સિધ્ધાંતોનું ગાંધીજી, મહાદેવભાઇ કે કાકા

કાલેલકર જેવાની શુધ્ધ અને સરળ ઢબમાં નિરૂપણ થાય તો તે સમૂહ-માનસને અસરકારક જરૂર નિવડે. પરંતુ આ સુચના અમલમાં મૂકાય તે અગાઉ આપણે લેખકોની સેના તૈયાર કરવી જોઇએ. જૈન સમાજની દોલતનો સાહિત્ય વિષયક સંશોધન કાર્યના રસિકોને અને તત્વજ્ઞાનમાં રસ લેનાર વિદ્યાર્થીઓને લાભ મળે તોજ એવા સૈનિકોની કંઇક શકયતા ખરી.

**અભ્યાસક્રમ.**

આપણે હિંદના વિશ્વ વિદ્યાલયોમાં જૈન 'ચેર' કે માગધી ભાષાનો અભ્યાસક્રમ દાખલ કરાવી શકયા છીએ પરંતુ તેનું ફળ તપાસવાની આપણે પરવા નથી અને પરવા હોય તો તેમાં પણ કેટલી શિથિલતા! કોલેજના વિદ્યાર્થીઓને અધ્યાપકો બાબત કે અભ્યાસક્રમ અને પાઠ્ય પુસ્તકોની બરોબર ટીકાઓ બાબત શું મૂશ્કેલીઓ પડે છે તે જાણવા આપણે કદી કોશીષ કરી છે? જ્યાં સુધી આપણે વ્યવસ્થિત કમિટિઓ નીમી આપણા દરેક કાર્યની અને વિભાગની પુરી તપાસણી પ્રસંગોપાત કરીશું નહિ ત્યાં સુધી તે ધનવ્યયના સારાં ફળ આપણે નહીં પામી શકીએ. આ ઉપરાંત આપણી ઘણીખરી કેળવણીની સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ પરત્વે જે અભ્યાસક્રમ રાખવામાં આવે છે તેમાં ટીકા કરવા માટે ઘણું વિશાળ ક્ષેત્ર છે. પાઠશાળાઓ, જૈન કુમાર મંદીરો અને છાત્રાલયોમાં ઉપરોકત મુશ્કેલીઓ સિવાય અનેક મુશ્કેલીઓ નજરે પડે છે. નવયુગની ભાવના ધાર્મિક શિક્ષણના સિંચનથી કંઇક સર્જન શક્તિ વિકાસવા ઇચ્છે છે તેટલુંજ નહિં પરંતુ વિદ્યાર્થીનું માનસ, વિશાળ દ્રષ્ટિબિંદુ અને સહિષ્ણુતા કેમ કેળવી શકે તે પ્રતિ લક્ષ ખેંચે છે. આ પ્રસંગે એટલી નોંધ લેવી જરૂરી છે કે મહાવીર જૈન વિદ્યાલય તરફથી ભાષણ તેમજ લેખણ શ્રેણીની યોજના ઘડવામાં આવી છે તે અન્ય સંસ્થાઓ માટે દ્રષ્ટાંત રૂપ છે. અન્ય દેશોમાં આપણાં તત્વ જ્ઞાનમાં ખાસ રસ લેનાર હોય તો તે જર્મન વિચારકોજ છે. જર્મનીએ આખા યુરોપમાં તત્વજ્ઞાનના વિષયોમાં ઇજારો લીધો છે એમ કહીએ તો કશું ખોટું નથી. પરંતુ આશ્ચર્યજનક બાબત એ છે કે આપણા અભ્યાસકોને જૈન ધર્મનું ઉદ્‌ભવ સ્થાન મૂકી એ સંસ્કૃતિ સમજવા પરદેશ ભ્રમણ કરવું પડે છે. આપણા સાધુ સમુદાયને એ કંઇ ઓછું મ્હેણું નથી. આચાર્યશ્રી ધર્મ વિજય સુરીએ આ વિષયમાં કંઇક પ્રકાશ ફેંકી પાશ્ચાત્ય વિદ્વાનોને આપણા સાહિત્યામાં રસ લેતા કર્યાં છે તે માટે આપણી જૈન જનતા તેમની ઋણી છે.

લેખક ઇચ્છે છે કે આપણાં જૈન શાસ્ત્રના અભ્યાસકો સમાજ આગળ ફરતાં પુસ્તકાલયો યા મફત વાંચનાલયો જેવી યોજનાઓ મૂકી સાહિત્ય વિકાસ વિષેનાં તેમનાં મનોરથો પૂર્ણ કરે. આપણી અપંગ કોન્ફરન્સે ફકત ઠરાવોજ ન કરતાં કંઇક સત્વવાળું કાર્ય ખાસ કરી સાહિત્ય વિષયે કરવું જોઇએ.

છેવટ હું ઇચ્છું છું કે તે ઉજવળ ભાવિને પ્રત્યક્ષ નિરખવા હું ભાગ્યશાળી થાઉં!

# સામાજીક અભ્યાસ.

અભ્યાસક : **હેમચંદ્ર લધુભાઇ દોશી, જામનગરવાળા.**

## લગ્ન અને દંપતિ જીવન.

### લગ્ન એટલે અન્યોન્ય સ્ત્રી પુરૂષોના વિશિષ્ટ તત્વોનું એકીકરણ.

લગ્ન પૂર્વના દેશોમાં (ખાસ કરીને હિંદમાં) એક ધાર્મિક આવસ્યક અને અપૂર્વ પ્રસંગ લેખાય છે. એ એક સંસ્કાર છે. લગ્નને માટે સંસ્કૃતમાં પાણિગ્રહણ શબ્દ વપરાય છે. આપણી લગ્ન પ્રથા અદ્‌ભૂત છે. રચાયેલી તો સમજણપૂર્વક હશે પરંતુ અત્યારે એ લગ્ન પ્રથા ઘણાખરા અંશે-મૂળ હેતુથીપર-અર્થ વગરની થઇ ગઇ છે. લગ્ન એ સોદો કે સટ્ટો નથી એ ખાત્રીથી માનજો. લગ્નમાં જીવન વિકાસ, સુખ અને સગવડનો પ્રશ્ન સમાયેલો છે. આવી મહત્વની ક્રીયાને અણસમજ, અજ્ઞાન અને ખોટી શરમથી જેમ તેમ ચાલવા દેવી તે ખરેખર ખેદજનક, દુઃખદ અને દીલગીરીભરેલું છે.

લગ્નની ગંભીરતા લગ્ન કરતી વખતે સમજાય તો લગ્ન અર્ધું સફળ થાય. લગ્ન વખતે દંપતિ જીવનનો હેતુ સમજાય તો ઘણી ગેરસમજો અનાયાસે દૂર થાય. વિચાર અને સાવધાની, હિંમત અને હૃદયબળનું એકીકરણ કરી સમજપૂર્વક નિશ્ચય કર્યાં પછીજ પાણિગ્રહણ કરવું. પ્રથા માનીનેજ પાણિગ્રહણ થાય છે તે મુર્ખાઇની પરાકાષ્ટા છે. લગ્નવિધિ દરેકને સમજાવો, ત્હેની ગંભીરતા, રહસ્ય દરેકને ગળે ઉતારો. પતિ-પત્નિ એક બીજાને લગ્ન પહેલાં સમજતાં હોવા જોઇએ અને તોજ લગ્ન-જીવનની મહત્તા અને સફળતા સિધ્ધ થશે. કજોડાં તો નાબુદ થશે.

દુઃખદ અને અનિચ્છનીય છે કે હિન્દના કેટલાક પુત્ર-પુત્રીઓ મા, બાપ અથવા વાલીની ભુલથી લગ્ન કે દંપતિ જીવન કે પતિ પત્નિ શું તે સમજ્યા સિવાય પારણામાંથી ઝડપાઇ જાય છે. પરમાત્મા! હિન્દના પુત્ર-પુત્રીઓને એ જુલ્મમાંથી બચાવ. માતા પીતા તથા વાલીઓનો પ્યાર કેટલાક પ્રસંગોમાં અકસ્માતિક રીતે ઝેરસમ થઇ પડે છે. વડિલ માબાપો યુવાન પુત્ર-પુત્રીઓની આંખે ભાગ્યેજ જોઇ શકે છે. લગ્ન એ જીવન સરળ બનાવવા માટે છે; નહિં કે બોજારૂપ અને અગવડ ભરેલું. લગ્નનો હેતુ મનુષ્યને કર્મયોગી બનાવવાનો છે. લગ્નનો હેતુ જીવનને **રસીક** બનાવવાનો છે, લગ્નનો હેતુ પ્રજોત્પતિ મનાય છે. હેતુ તરિકે એ વાત સારી છે. પ્રજોત્પતિ ધર્મ તરીકે કરવી અને અનિચ્છાએ બોજારૂપ કીડા ઉત્પતિ કરવી તેનો ફરક સમજાય તો **લગ્ન પાશવી ક્રીયા મટી માનવી થાય.** માત્ર પ્રજોત્પતિ પુરતોજ પતિ પત્નિનો શારિરીક સંબંધ હોય (?) તો જગત કદાચ સ્વર્ગીય થાય. પરંતુ આવી સ્થિતિ હજીતો કલ્પનાના જગતમાંજ રમે છે. **વો દીન કહાંસે?** સમજણ પૂર્વક, યોગ્યા યોગ્યનો વિચાર કર્યાં પછીજ થતી પ્રજોત્પતિ કંઇક ઓર-અદ્વિતીય હશે. તેવા પ્રજોત્પતિથી માયકાંગલી, ભીરૂ, અસંસ્કૃત પ્રજાને બદલે

સશકત, સુદ્રઢ, સુંદર સંસ્કૃત બાલક-બાલીકાઓ જન્મશે. આટલો જીવન ફેર ફુદીપલ્ટો અને લગ્ન એટલે ઉન્નતિ. બાકી હાલની અધોગતિ તો કપાળે લખાઇ છેજને. જીવ્યું અને લગ્ન ત્યારેજ પ્રમાણ કે જ્યારે તમો માત્ર લાયક વારસો જગતમાં મુકી જાવ. જગતનો બોજો હલકો કરી જાવ.

લગ્ન કરવાં એટલે કવીઓની ભાષામાં તો ઘણું ઘણું કહેવાયું છે. "પરણવું એટલે પ્રભુતામાં પગલાં માંડવાં" "લગ્ન એટલે પૂર્ણતા" "લગ્ન એટલે સંસાર-આદર્શ." લગ્ન એટલે ખૂબ-ખૂબ અવર્ણનીય આનંદ. પરંતુ વ્યવહારિક ભાષામાં તો લગ્ન કરવું એટલે સંસાર શરૂ કરવો, ચલાવવો. ગામડીયા ભાષામાં "ઘાણે પડવું," હાસ્યમાં ન છુટકે "ગાડું ગબડાવવું."

એક કરૂણ કથનીમાં લખેલું: "કુંવારી અવસ્થામાં મ્હેં તો ઘણાય વ્રતો અને અપવાસ કર્યાં હતા, છતાં પ્રેમ વિનાની લુખી જીંદગી મ્હારે ભોગવવી પડે છે........કોલેજીયનો તો શકુન્તલાની ભૂમિમાં વિચરે છે એમ સાંભળ્યું છે. એ એવા નિરસ કેમ હશે?........પ્રભુ અમારી તે જીંદગી છે, અમારૂં દુઃખ અમો કોઇને કહી શકીએ નહિં. શું અમારે સ્ત્રીઓને આમ રોવાનુંજ હશે? અમારાં પાપ અથાગ હશે. અમો લાચાર-અન્યા-અવલંબીત, નીરાધાર, રક્ષીત જીવન જીવવા માટેજ જન્મતા હોઇશું? ત્યારે શા માટે ફાંફા મારવા. પતિ એજ મ્હારો પ્રભુ, પ્રભુ સામે બળવો થાય?"

બીજી એક એવીજ કથનીમાં લખેલું: "આદર્શો, સ્વપ્નાઓ, કલ્પનાઓ, મૂર્તિઓ કલ્પી અધમૂઓ થયો ત્યારે વિભુ! ત્હેં મ્હને લઇને કર્કશાની સાથે ગોઠવી દીધો? ત્હારે આમ ન્હોતું કરવું જોઇતું. શું તું કહે છે કે "પડયું પાનું નિભાવી લે"? અન્યાય પણ નિરૂપાયે ચૂપ રહીને સહન કરવોજ રહ્યો. ત્હને કજોડાંજ ગમે છે. ત્હને રંકની કોટે રત્ન બાંધવા પ્રીય લાગે છે. ખારાં જીવનો કરવામાં ત્હને શું મજાહ આવે છે? તર્ક, સમજાવટ, તાડન સર્વે કર્કશા સામે કડઠભૂસ થાય છે. કર્કશા સાથેનું જીવન સહિષ્ણુતાની પરાકાષ્ટા છે."

આ બે કથનાઓ આપણી લગ્ન સંસ્થામાં મ્હોટું ગાબડું અને ખામીઓ સાબીત કરે છે. એ ઉતાવળે, અણસમજથી, અજ્ઞાનમાં, ખ્યાલ વગર, બાપદાદાની ખોટી આબરૂના નામે "હુલાતો વિવાહ" વૃતિથી થતાં લગ્નોનાં પરિણામો આબેહૂબ સૂચવે છે. "સોળ વરસની સતિ અને નવ વરસનો પતિ" અયોગ્ય કટાક્ષ-ચિત્ર છે. પરંતુ સરળ પતિ અને કર્કશા પત્નિ અને તુંડમીજાજી પતિ અને સલૂણી પત્નિની તો કેટલીએ આવૃતિઓ વારંવાર બહાર પડે છે. હિન્દુ સમાજમાં પતિ માટે અનેક રસ્તા. પતિ માટે રોવાનું અને મુંગે મોઢે સહેવાનું; સ્ત્રીઓને સ્વતંત્રતા નહિંજ. વૃદ્ધ પતિ અને યુવાન પત્નિના કજોડાં કરતાં આ કજોડાંઓ વધારે દુઃખદ છે. સંસ્કારી, કેળવાયેલ સ્ત્રીઓને માટે પણ જવલ્લેજ સ્વતંત્રતા નિર્માયેલ આપણા સમાજમાં દેખાય છે. સ્ત્રી-પુરૂષ સમાનતાનો આદર્શ ઘણો દૂર દેખાય છે.

અભ્યાસ દરમ્યાન થતાં લગ્નોથી કેટલાએ ઉગતા, આશાવંત યુવાનો ક્રમભાગે નાસીપાસ થાય છે. કારણકે: "Learning is a jealous mistress, further lady love is an equally jealous mistress" લગ્ન એ પણ અભ્યાસજ છે. અભ્યાસની પૂર્ણાહૂતિ લગભગ પહોંચતા સહચરીનો વિચાર કરવો અને યોગ્ય સહચરી શોધી અભ્યાસ પૂર્ણ થયે લગ્નગ્રંથીથી જોડાવું આ ઇચ્છવા યોગ્ય ઇષ્ટ છે. અપવાદ હોઇ શકે છે. કયારે અભ્યાસ પૂર્ણ કરી કમાતા થશું એ નક્કી ન હોય ત્યાં સુધી લગ્ન જેવી બાબતમાં ઉતાવળ કરવી એ કેટલીક વખતે થપાટ ખાવા જેવું છે. પગભર થયા સિવાય એકદમ લગ્ન કરવાં ઘણાંઓને બોજારૂપ થઇ પડે છે. જીવન કલહમાં ફતેહ મેળવતાં લગ્ન કરી ફતેહો આગળ વધારવી.

લગ્ન એ પાણિગ્રહણ છે. તે તો ખરૂં એ કંઇક વધારે છે. એ કવચીત એકાદ દંપતિમાં આત્માનું એકીકરણ હોય છે. પરંતુ એ તો નિર્વિવાદ વાત છે કે પરિણીત જીવન સુખી થવા માટે સમોવડ પતિ પત્નિની જરૂર છે. વિચારો મળતા, (મતભેદ હોય છતાં પદ્ધતિ, ધ્યેય સરખાં) શરિર બાંધારણ સરખાં, પ્રકૃતિ-અનુકુળ, વર્તન સાનુકુળ એમ હોય તો લગ્ન જીવન પ્રીય અને સુખદ થાય. પરણે તો સહુ છે. એ મુશ્કેલ નથી. પતિ પત્નિ થતાં પહેલાં બન્ને વ્યક્તિઓ એક બીજાને પીછાનતી, સાધારણ પરિચયમાં આવેલ હોવી જોઇએ. જીવન સાથે ગાળવાનું નક્કી કરતાં પહેલાં કોની સાથે જીવન ગાળવાનું છે એ જાણવું ઇષ્ટ છે. આમ થયું હોય તોજ જીવન ઝેર ન થાય. નહિં તો પછી: "પરણ્યા અને પસ્તાયા" મન દુઃખ, તન દુઃખ કે વચન દુઃખ. આવા દંપતિઓને ન હોય. કલહ જેવી વસ્તુ તેમના જીવનમાંથી નાબુદ થાય.

એક મહાન્ કવી કહે છે: "સૌંદર્ય ભાવના કે જે ગમે તેટલી શુદ્ધ અવસ્થામાં પણ ઝાંખી, અસ્પષ્ટ વિકાર ભાવનામાંથીજ જન્મી શકે. તેનો વિચાર પણ આપણે કરી શકતા નથી." સ્ત્રીઓ સુંદર હોય છે; પરંતુ સૌંદર્યનું વાણી પ્રથકકરણ કે વિવેચન કરવાની આપણામાં શકિત નથી. સૌંદર્ય વિષે વિચારો કરવાની જરૂર નથી. સૌંદર્ય નૈસર્ગિક સ્વાભાવીક વિકાર વિહીન હોય તોજ તે ખરૂં સૌંદર્ય. રંગ સાથે ઓછો સંબંધ છે. સૌંદર્યનો પરમ ગુણ સપ્રમાણતા Symmetry છે.

ગૌરવની સાથે સંયમ, વિલાસની સાથે વિકાસ, મંદતા સાથે માધુર્ય મુગ્ધત્વ એજ સ્ત્રીત્વ છે. સ્ત્રી-પુરૂષમાં સહચારની સનાતન ભૂખ છે. સૌંદર્ય અને સામર્થ્ય ઉપર આત્માં ઢોળવાની ભક્તિ ભાવના છે. મ્હોટે ભાગે સૌંદર્ય અને યૌવનથી શરિર વિલાસ સહજે જન્મે છે. સંયમ આવા સંજોગોમાં રાખવો મુશ્કેલ છે. ત્યાંજ કસોટી છે. થોડા પાર ઉતરે પણ તે તો મહાન્ આત્માઓ-ત્યાગી આત્માઓ કહેવાય છે.

લજ્જા અને સંકોચના આવરણો દૂર કરવામાંજ પ્રેમની પરિણતિ છે. લજ્જા અને સંકોચથી અન્યોન્યનું પુરકતત્વ એકમેક નથી થતું. મર્યાદા હોય લજ્જા બીન-જરૂરી છે. લગ્નથી લજ્જા, સંકોચ ઘણે અંશે દૂર થાય છે. મર્યાદિત દાંપત્યાનુભવ એજ લગ્નાદર્શ છે; નિરંકુશ-વિલાસ-શૃંગાર વિષય ભાવના નહિંજ.

સ્ત્રી એ પ્રેરણાદાયી તત્વ છે. સ્ત્રીઓ પ્રેરણામૃત પાવાજ સર્જાયેલી હોવા સંભવ છે. પુરૂષોમાં વિજીગીષા છે; સ્ત્રીઓમાં પ્રેરણા છે, પત્નિ પતિને જયવંતો-જવાંમર્દ જોવા ઝંખે છે. પતિ પત્નિને પ્રેરણાવંતી મલપતી સહાનુભૂતિ વર્ષાવતી નીરખવા નીરંતર મથે છે. આદર્શ દંપત્તિએ વિકાસ માટે સર્જાયેલું જોડું. એકલ-જીવન ગમે તેવું પ્રતિભાશાળી તોપણ જરૂર અધુરૂં છે. અપરિણીત જીવનમાં સહેજે ઉણપ-રહે છે.

## જોઇએ છે.

મુંબઇમાં એક પક્ષના જૈન શાસનના રક્ષક (?) સાધુને પોતાનો પક્ષ સબળ કરવાને પડતા જતા શાસનનો ઉદ્ધાર કરવાને દીક્ષા લેનારાઓ જોઇએ છે. આ કહેવાતા શાસન રસીક સાધુ પોતાના વ્યાખ્યાનમાં દરરોજ જે પ્રવચન સંભળાવે છે. તેમાં મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે. જૈનો સમય ફર્યો છે. પણ તમે ફરશો તે નહિ ચાલે, તમારા ફરવાથી જૈન ધર્મ રસાતાળ જશે. તમે ફરશો તો અમારા જેવા સાધુ તમને નહિ ફરવા દે, કારણ કે અમે પડતા જતા જૈન ધર્મને ગમે તે (ઉજમણાં, ઉપધાન, દીક્ષા મહોત્સવ, સ્વામી વાત્સલ્યોના નામે થતાં જમણો) ભોગે બચાવશું. માટે હે જૈનો અમારાં પ્રવચનો સમજવા જૈન ધર્મનો અસ્ત થતો તારો સ્થિર કરવા દીક્ષા લો; દીક્ષા ન લઇ શકો તો દીક્ષા લેનારની વચમાં આવનાર અધર્મીઓને અટકાવો. નહિ તો ધર્મ ચાલ્યો જશે. ગમે તેવો માણસ દીક્ષા લે, ગમે તેટલો વખત દીક્ષા પાળે તે જોવાનું નથી, પણ તેણે તો દીક્ષા લીધી છે એટલુંજ બસ છે. દીક્ષા લેવામાં સગાંવહાલાં. માબાપ, વગેરે મંજુરી ન આપે તો કંઇજ વાંધો નથી દીક્ષા એતો, મોક્ષ માર્ગ પ્રાપ્ત કરવાનું પગથીઉં છે તે ચઢતાં. કોઇ આડે આવે તો તે પાપનો ભાગીદાર થાય છે. માટે ગમે તે દીક્ષા લે તેમાં કોઇએ આડું આવવું નહિ આ પ્રમાણે પોતાને ચેલા વધારવાનો જેને ભયંકર રોગ લાગુ પડયો છે તે સાધુ પોતાના સંઘાડામાં જેને તેને આવવાની છુટ આપે છે જેને સમાજમાં સ્થાન ન હોય, માથે કરજ હોય. ગમે તેવાં કામને કરનારો હોય તો પણ જો આ જાણીતા સાધુના સંઘાડામાં દીક્ષા લે તો તે એક મહાન તપસ્વી છે એમ તે ટુંકે સમયમાં પોતાના પક્ષના રોજીઆઓની આગળ સાબીત કરતાં ચુકે તેમ નથી માટે જેને દીક્ષા લેવી હોય, માથે ગમે તેમ હોય, સમાજમાં સ્થાન ન હોય, સંસારમાં કમાવાની ઉપાધીમાંથી છુટવા માટે જો જેને ઇચ્છા હોય તેણે અમારા સંઘાડામાં અમારી પાસે દીક્ષા લેવી. એટલે બસ તમે સર્વત્ર પુજાશો.

લી૦ જગદીશ.

( અનુસંધાન પાના પહેલાનું ચાલુ. )

જમનારાઓમાંથો મોટો ભાગ તો પીકેટરોની ધરપકડ અને વાનરોને માર પડતો જોઇ ત્યાંથી સ્ટેશન તરફ ચાલતા થયા, છતાં પોલીસના આશ્રય નીચે અહિંસાની મોટી મોટી વાતો કરનાર રામવિજયના ગણ્યા ગાંઠયા ભગતો આવી રીતે મિષ્ટાન જમ્યા વગર રહી શકયા નથી.

એ પીકેટરોને અંધેરીમાંજ છોડી મુકવામાં આવ્યા હતા. બીજા આઠ પીકેટરોને વીરલા પારલાની પોલીસ ચોકીમાં લઇ જવામાં આવ્યા હતા. સાંજના તેઓના ઠેકાણા લઇ પોલીસ બોલાવે ત્યારે હાજર થવાનું કહી પોલીસે તેમને છોડી મુકયા છે.

લી. કેપ્ટન વાહોમ મંડળી.

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

## મહાત્માજીનો છુટકારો.

### વર્કીંગ કમિટિના જુના ને નવા મેમ્બરોનો થયેલો છુટકારો.

પુ. મહાત્માજીનો આજ રોજ તા૦ ૨૬-૧-૧૯૩૧ ને રોજ યરોડા જેલમાંથી છુટકારો થયો છે. હિંદની પ્રજાને સુભાગ્યે મહાત્માજી આપણી વચ્ચે આવી પહોંચ્યા છે. મહાત્માજીની હાજરીથી અહિંસાવાદનો સિદ્ધાંત પુર જોસથી પ્રસરશે. એ ત્યાગ મૂર્તિની પ્રેરણાથી પ્રજાએ જે ભોગો આજ સુધી આપ્યા છે તે કરતાં વધારે ત્યાગ અને સાચો સંયમ કેળવી દેશ પોતાનું અંતિમ ધ્યેય પ્રાપ્ત કરે એવું ઇચ્છીશું.

—તારાચંદ જુ. ભાઇની ચિ. ભત્રીજી જડાવબ્હેન વર્ષ ૧૯ ના કલકત્તામાં પીકેટીંગ કરતાં એક માસની જેલ જાત્રાએ સિધાવ્યાં છે.

## અંધેરીના જૈનોનો ખુલાસો.

મુંબઇ તા૦ ૨૫-૧-૩૧.

૧ અંધેરીમાં તા૦ ૨૪-૧-૩૧ ના દીને અંધેરી જૈન સંઘવતી શેઠ નગીનદાસ કરમચંદ તરફથી જે વરઘોડો દીક્ષા મહોત્સવ પ્રસંગે કાઢવામાં આવ્યો હતો. તથા તા૦ ૨૫-૧-૩૧ ના દીને જે જમણવાર કરવામાં આવ્યું હતું તેની સાથે અમોને કોઇપણ જાતનો સંબંધ નથી.

૨ અમો માનીએ છીએ કે જમણવાર અત્યારના દેશની ચાલુ પરિસ્થિતી જોતાં જૈન સમાજને કલંકરૂપ છે. જેથી અમો ઉપરોકત કાર્યને સખ્ત રીતે વખોડી કાઢીએ છીએ.

લી૦ અંધેરીના જૈનો,

| | |
|---|---|
| શા. કલ્યાણજી મોરારજી. | શેઠ. કાલીદાસ રતનચંદ. |
| શા કુંવરજી લાલજી ગોવીંદજી | શા. ખુબચંદ સરૂપચંદ. |
| શા ચુનીલાલ કસ્તુરચંદ. | શા. વાડીલાલ મનસુખલાલ. |
| શા હરસી મોણસી | શા ચીમનલાલ ન્હાનચંદ. |
| શા રવજી વિજપાળ | શા. રમણલાલ વાડીલાલ. |
| શા દેવજી કેશવ. | શા. પોપટલાલ ભીખાચંદ. |
| શા. દયાળચંદ નથુભાઇ | શા. જયંતીલાલ કાલીદાસ |
| શા પાસુ કરમશી. | અને બીજાઓ |

## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

**મુંબઇ જૈન યુવક સંઘ.**
**નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,**
**મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.**

## ગ્રાહકોને સુચના.

પત્રિકાનું બીજું વરસ જાનવારીની ૧ લીથી શરૂ થયું છે. લવાજમ મોકલી આપવા નમ્ર સુચના છે.

### : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ સાથે) | રૂ. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂ. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

સાચો સ્વામિ વાત્સલ્ય. યુવાન નવસૃષ્ટિને સરજનહાર છે.
Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૫ મો. | સંવત ૧૯૮૭ ના મહા સુદી ૧૫. તા૦ ૨-૨-૩૧ | છુટક નકલ : ના આનો.

## નોંધ અને ચર્ચા.

**જૈન યુવક સંમેલન :**

ગઇ સાલ જૈન યુવક સંમેલન અથવા તો જૈન યુવાનોની પ્રાથમિક સભા લગભગ આ સમયમાં મળી હતી, ને શ્રી મુંબઇ જૈન યુવક સંઘે તે ભરવાની ગોઠવણુ કરી હતી. તે પછી જુન્નેર કોન્ફરન્સની બેઠક ભરાઇ હતી. યુવકોએ પ્રાથમિક સભામાં નિર્ણીત કરેલા વિષયોમાં તથા બીજા કોન્ફરન્સની બેઠકમાં ચર્ચવાના સવાલોને અંગે સારી એકતા જાળવી હતી ને કોન્ફરન્સના કાર્યક્રમના રૂપમાં ઉચિત ફેરફાર કરાવ્યો હતો. આજે તે સંમેલનને ભરાયાને લગભગ એક વરસ પુરૂં થયું છે. યુવકોના સંમેલનની આવશ્યકતા માટે યુવકોમાં બે મત હોઇ શકે નહિં. ટુંક સમયમાંજ કોન્ફરન્સની બેઠક મળે તેવા સંયોગો જણાતા નથી, પણ યુવાનોએ યુવકોના મંડળોના પ્રતિનિધીઓએ મળવાની ખાસ જરૂર છે. ગઇ સાલ આપણે મુંબઇમાં મળ્યા હતા. આ સાલ ગુજરાતના મધ્યસ્થાનમાં સંમેલન મળે એ ઇચ્છવા યોગ્ય છે. જેથી જુદા જુદા સ્થળના યુવાનો સારી સંખ્યામાં ઓછે ખર્ચે સંમેલનમાં ભાગ લઇ શકે. વૈશાખ માસ ગુજરાતમાં લગ્ન ગાળાનો ગણાય છે, તે માસમાં મુંબઇમાં રહેતા જુદા જુદા ગામના જૈન યુવાનો પોતાના મુળ વતનમાં સ્વાભાવિક રીતે જાય છે એટલે વૈશાક માસની આસપાસનો સમય સંમેલન માટે વધારે અનુકુળ થઇ પડશે. ગઇ સાલના સંમેલનમાં એક અગત્યનો વિષય ચર્ચવો રહી ગયો હતો. તે યુવક સંઘોના યુવકોના સંગઠ્ઠનનો, તેને લીધે ગયા વરસમાં જુદા જુદા યુવક સંઘોની કાર્યપ્રણાલિકામાં સહકાર સાધી શકાયો નથી.

આ વરસના સંમેલનના તે પ્રશ્નને છણવો ખાસ જરૂરનો છે. તે વગર એક બીજા યુવક સંઘો અરસપરસ મદદ કરનારા નીવડી શકતા નથી. સ્થાનિક સંજોગો ઘણે સ્થળે એવા હોય છે ત્યાંના યુવાનો જોઇએ તેવું કાર્ય કરી શકતા નથી. પણ જો જુદા જુદા યુવક સંઘોને તેઓને ટેકો છે તેવી ખાત્રી તેમને મળે તો તેઓ પોતાના ક્ષેત્રમાં કાર્ય કરી શકશે. માટે વરસ દરમ્યાન જુદા જુદા યુવક સંઘો અગર યુવકોના મંડળો સાથે મળીને કેવી રીતે કાર્ય કરી શકે તેની રૂપરેખા આ વખતના સંમેલનમાં ખાસ કરીને નક્કી થવી જોઇએ. બીજા એવા ઘણા સવાલો અગત્યના ઉપસ્થિત થયેલા છે કે તેના ઉકેલ માટે સંમેલન ખાસ ભરવાની જરૂર છે. આ બાબતની જવાબદારી વડોદરા, પાટણ, પાલણપુર કે ખંભાત મંડળોમાંથી કોઇ એક ઉપાડી લેવા તૈયાર થશે તો આ બાબતને લગતા બીજા વિચારો અમે જણાવીશું. યુવક સંમેલનની આવશ્યકતા સંબંધી અન્ય લેખકોને પોતાના વિચારો જણાવવા અપીલ કરીએ છીએ.

**રા. રા. શીવજી ચત્રભુજ શાહ,**
બી. એ.



મુલુંદના કાર્યકર્તા, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્ય તથા કચ્છી કોમની સંસ્થાના કાર્યકર્તા તેઓ થોડા દિવસ પહેલાં જેલમાંથી છુટી આવ્યા છે.

**કો. ની બેઠક ભરવાની આવશ્યકતા.**

શ્રી જુન્નેર મુકામે કોન્ફરન્સ ભરાયા બાદ કાર્યક્રમમાં સારી જાગૃતિ આવી હોય તેમ દેખાય છે. આ બેઠકમાં સુધારક વિચારના વૃધ્ધો તેમજ કાર્ય માટે અધીરા બનેલા યુવકોનો લગભગ સુયોગ થયો છે. અત્યારે કોમી સુધારા માટે વાતાવરણ એકદમ તૈયાર છે. યુવાનોએ પોતાના આત્મભોગથી દેશોન્નતિના કામ-સારી રીતે ઉપાડી લીધું છે અને કોમ એ દેશનું અંગ છે, અને નાના વિભાગો સુધારવા માટે અત્યારે સારી જનતાનો અપૂર્વ ટેકો છે. જે વાતાવરણ તે માટે અનુકુળ હોવા છતાં સુધારાઓ હજુ સુધી અટકી પડયા છે. યુવાનો તે માટે તલપાપડ થઇ રહ્યા છે અને આત્મભોગ આપવાની ભાવના પ્રસરી રહી છે. સમયે યુવાનો એકત્ર થઇ કોન્ફરન્સની બેઠક ભરવા મક્કમ થાય અને અમલી કાર્ય ઝુંબેશ ઉપાડે તો વડીલ વર્ગનો સહકાર જરૂર મેળવી શકશે અને કોમ તેમજ દેશના હિત માટે એક પગલું આગળ જરૂર વધશે. ફક્ત સુંદર ભાષણો કરી કે લખીને બેસી રહેવાથી કોમની દુઃખદ સ્થિતિમાંથી સુધારો થવાનો સંભવ નથી. એટલા માટે જ્યાં જ્યાં પ્રાન્તિક સમિતિ કે પેટા સમિતિઓ ન હોય ત્યાં ત્યાં યુવાનોએ સહકાર આપી એકદમ સમિતિઓ સ્થાપી દેવી જોઇએ અને જૈન મહાસભાનું કાર્ય આગળ વધારવું જોઇએ આશા છે કે યુવાનો આ સુંદર તકનો લાભ લઇ, સંગઠીત બની, પોતાનું સંમેલન તાત્કાલીક ભરશે અને પોતાનું બળ એકત્ર કરી વડીલ વર્ગના સહકારથી કાર્યને અમલમાં મૂકવામાં ભાગ્યશાળી નીવડશે. [જુઓ પાનુ ૬ ઠું.]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# સાચો સ્વામિવચ્છલ.

અનેક વર્ષોની ટેવથી સતેજ બનેલી જીવ્હા ઇન્દ્રિના સ્વાદે જમણવારોને ધાર્મિક બ્હાના નીચે ઠોકી બેસાડી વાત વાતમાં જમણવારો પાછળ હજારો બલકે લાખો રૂપીયાના ધુમાડા કરી નખાવી સમાજના નાણાંનો દુરઉપયોગ કરવામાંજ અમુક ટોળી મહત્તા સમજે છે,-ધર્મ સમજે છે. જે સમાજમાં કેળવણીના, હુન્નર ઉદ્યોગના, શારિરીક સગવડ અંગે આરોગ્ય ભૂવનોના, વિધવાશ્રમોના, સાધનોની ઉણપ હોય, અરે! આવા બેકારીના પ્રસંગે જેમને બે ટાણાં પેટનો ખાડો પૂરો કરવાની મુસ્કેલી હોય તેવા કટોકટીના ટાણે સમાજના પૈસાનો ઉપયોગ જમણવારો પાછળ કરવામાં શ્રી વિજયાનંદ-સૂરીશ્વરજીના શબ્દોમાં કહીયે તો 'गधें खुरकनी' એટલે ગધાડાં ભૂકાવવા જેવો થાય છે. એમાં લગારે ખોટું નથી.

ધર્મના નામે જમણવારોને આટલી મહત્તા આપનાર પેલી ત્રીપુટીની એ તો મહેચ્છા નથીને? કે જનતાને લાલચુ બનાવી લાડુદાસોનું ટોળું મોટું કરી કોઇ નવોજ પંથ સ્થાપવો? સત્તરમી સદીમાં વિચરતા હોત તો કદાચ શીરાના માર્યા ભકતો વધત, પણ આતો વીસમી સદી ને તે પણ ગાંધી યુગ એટલે લાલચનો માર્યો કોઇ ટોળામાં ભળે ને ટોળું મોટું થાય એ ગણતરીથી જમણવારો થતા હોય તો ભીંત ભૂલ્યા લાગો છો. બાકી તમે અને તમારા હાલના ભકતો સિવાય બીજાતો તમારા વિનાશક રસ્તાને ટેકો તો નહિ આપે પણ દલીલોથી સામનો કરશે. ગુંડાશાહી તમને મુબારક.

રામવિજયજી તમે તમારી મોરલીએ નાચતા પેલા નામધારી આચાર્ય લબ્ધીસૂરી, આ પ્રમાણે હૈયામાંથી બૈયા ઉભા કરી લાડુદાસોનું ટોળુ મોટુ કરવા જતાં સદ્દગત્ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજીના ઉપદેશ ઉપર પગ મૂકો છો? આથી ચમકશો નહિ, કારણકે જે મનુષ્યો સમાજ કે દેશને છીન્ન ભીન્ન કરવાનાં કૃત્યો કરે છે. એટલે વેર ઝેરના અંગારા વેરી આગ લગાડે છે તેવા દેશદ્રોહીઓ કે સમાજદ્રોહીઓ ડગલે ને પગલે ખરીવાત સાંભળતાં ધ્રુજી ઉઠે છે. દાખલા તરીકે સદ્દગત સૂરશ્વરજીએ પચાસ વર્ષ ઉપર લખેલા કાગળને દેખતાંજ ધ્રુજી ઉઠ્યા અને સમાજને ઉંધા પાટા બંધાવવા કાવત્રાંની તરીકેની જાળ બીછાવી પણ એ જાળને ચીરનાર આવ્હાન સાંભળી ચુપચાપ થઇ ગયા તેમ આમાં ચુપકી ન સેવતાં કંઇક ખુલાસો કરશો.

સ્વામીવચ્છલ કોને કહેવો તે અંગે જૈન ધર્મ વિષયક પ્રશ્નો તરમાં સદ્દગત્ શ્રી વિજયાનંદ સુરીશ્વરજી પાને ૧૬૯ ૧૫૧ માં પ્રશ્નનો જવાબ આપતાં વદે છે કે.

'और श्रावकका पुत्र धनहीन होवे तिसकों किसीका रोजगारमें लगाके तिसकें कुटुंबका पोषण होवे ऐसे करे, तथा जिस काममें सीदाता होवे तिसमें मदत करे, यह साहाम्मिवछल है, परंतु यह न समजनां के हम किशी जगे जिनमंदिर बनानेकों और बनिये लोकोंके जिमावने रुप साहाम्मिवछलका निषेध करते है, परंतु नामदारी के वास्ते जिनमंदिर बनवानेमें अल्पफल कहते है, ओर इस गामके बनीयोने तुस गामके बनियोंको जिमाया और तुस गाम वालोंने इस गामके बनियोंकों जिमाया, परंतु साहाम्मिको सहाय करनेकी बुद्धिसें नहि, तिसको हम साहाम्मिवछल नहि मानते है' किंतु गधें खुरकनी मानते हैं.'

અર્થ—અને શ્રાવકનો પુત્ર ધન વગરનો હોય તેને કોઇ પણ રોજગારમાં લગાડી તેના કુટુંબનું પોષણ થાય તેમ કરે, તથા જે કામમાં દુઃખી હોય તેમાં મદદ કરે એ સ્વામિવાછલ છે, પણ એવું ન સમજવું કે હું કોઇ જગ્યાએ જૈન મંદિર બનાવવા માટે અને વાણીઆ લોકોને જમાડવા સરખા સ્વામિવાછલને નિષેધ કરૂં છું, પણ નામના માટે જૈન મંદીર બનાવવામાં અલ્પ ફળ કહે છે, અને એ ગામના વાણીયાઓએ પેલા ગામના વાણીયાઓને જમાડયા, અને પેલા ગામ વાળાઓએ એ ગામના વાણીયાઓને જમાડયા પણ સ્વામિભાઇને સ્હાય કરવાની બુધ્ધિથી નહિ, તેને હું સ્વામિવાછલ માનતો નથી, પણ ગધેડાનું ભુકવું માનું છું.

સદ્દગત્ સૂરીશ્વરજી માટે સમગ્ર જૈન સમાજને ભારે માન છે, તેમ રામલબ્ધીની જોડી પણ એમ દાવો કરે છે કે અમને તો તેમના પ્રત્યે માન છે એટલુંજ નહિ પણ તેમના પગલે ચાલવાને બંધાયેલા છીએ. આ વાત સાચી છે કે દંભ છે? જો તેઓશ્રીના પગલેજ ચાલવા માગતા હો તો આપ અનેકવાર જાહેર કરી મુકયા છે. અને કરો છો કે **'અમે શ્રાવકને સુખી ઇચ્છીયે નહિ'** ત્યારે સદ્દગત સૂરીશ્વરજી કહે છે કે **'શ્રાવકનો પુત્ર ધન વગરનો હોય તેને કોઇ પણ** રોજગારમાં લગાડી તેના કુટુંબનું પોષણ થાય તેમ કરે' તથા જે કામમાં દુઃખી હોય તેમાં મદદ કરે, શ્રાવકને દરેક રીતે સુખી ઇચ્છનાર સૂરીશ્વરજીના ઉપદેશ આગળ આપનો દ્વેષ ભરેલો ઉપદેશનો મુકાબલો કરતાં દીવા જેવું સમજાય છે કે આપ તેમનાથી ઉલટોજ ઉપદેશ આપી રહ્યા છો, તેનો ખ્યાલ કરશો?

સૂરીશ્વરજી સ્વામિવચ્છલની જે વ્યાખ્યા કરે છે તે આપના ઉપદેશથી ઉલટી જતી હોવાથી આપને ધ્રુજારી છુટશે કારણ કે આપ તો જમણવારો કરવા માટે આંખ મીંચીને આપના ભકતોને ઉપદેશી લાખોના ધુમાડા કરાવી રહ્યા છો. લગાર જૈન સમાજની સ્થિતિનો ખ્યાલ કરી ગુરૂજીએ દેખાડેલો રસ્તો પકડો. જો કે આપે જે રીત અંગીકાર કરી છે તે ઉપરથી આપને અસર થવી મુશ્કેલ છે. છતાં સમાજની સ્થિતિનો ખ્યાલ કરીનેજ સૂરીશ્વરજીના ઉપદેશ તરફ આપ નામદારનું ધ્યાન ખેંચવામાં આવે છે અને હમણાંજ પેલા ઉત્પન્ન થયેલા વીસ હજારનો આપે કબજો લઇને પારકા છોકરાઓને ખરીદવામાં વાપરવાનો વિચાર રાખ્યો હોય તેના કરતાં સમાજના હિતાર્થે વાપરી સૂરીશ્વરજીના પગલે ચાલશો તોજ સદ્દગત્ સૂરીશ્વરજીના સાચા શિષ્ય ગણાશો, નહિ તો લોક દંભી અને નામધારી શિષ્ય તરીકે સંબોધશે.

---

## શ્રી મુંબાઇ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સુચના.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની સામાન્ય વાર્ષિક સભા તા૦ ૧૪-૨-૩૧ માહ વદ ૧૨ ને વાર શનિવાર ને રોજ શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાં રાત્રિના આઠ વાગે મળનાર છે તે પ્રસંગે કાર્યવાહક સમિતિના વીસ સભ્યોની ચુંટણી કરવાની છે.

સમિતિમાં જે સભ્યને ચુંટાવા ઇચ્છા હોય તેણે તા૦ ૧૦-૨-૩૧ મંગળવાર સાંજના છ વાગ્યા સુધીમાં મંત્રીઓને પહોંચે તે પ્રમાણે નીચે મુજબ પત્ર લખી મોકલવો.

સ્થળ:—

તા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના મંત્રી જોગ.

હું નીચે સહી કરનાર શ્રી જૈન યુવક સંઘનો સભ્ય છું અને કાર્યવાહક સમિતિની નવી ચુંટણીમાં મારી ઉમેદવારી જાહેર કરૂં છું તેની નોંધ લેશો. લી. સેવક,

ભલામણ કરનાર:—

ઉમેદવારી કરનાર સભ્યની ભલામણ કરનાર મુંબઇ જૈન યુવક સંઘનો સભ્ય હોવો જોઇએ તેણે અહીં સહી કરવી.

શ્રી

# અમૃત સરિતાના ઓવારે.

## (એક દ્રષ્ટિપાત.)

સંપાદક : વનવિહારી પ્રાગ્વાટ.

(૧)

**પ્રિય ભાઇશ્રી સુધાકર!**

ત્હમારો પત્ર મળ્યો.........

ના, હું શ્રી. માહાસુખભાઇને પ્રખર સુધારક માનવાની સાફ ના પાડું છું. પરંતુ ત્હેમની 'અમૃત સરિતા'ની ત્હમે લેશ માત્ર ઓછી કીંમત આંકો તે ચલાવી લેવા હું તૈયાર પણ નથી. અલબત્ત, સમાજનો એક વર્ગ કે જે નિરંતર દંભ અને પાખંડનેજ પોષી રહ્યો છે, તે જેમ શ્રી. માહાસુખભાઇને તેમની આ 'કૃતિ' માટે 'મહા નાસ્તિક'નો ઇલકાબ આપીનેજ સંતોષ ન માનતાં તેમને માટે નર્કનો એકાદ નવોજ દરવાજો ખુલ્લો મુકવાને લલચાશે. તેમજ આપણો ઉદ્દામ વર્ગ પણ આ 'કૃતિ'ને અંતઃકરણપૂર્વક વધાવી લેવા તૈયાર તો નહીજ થાય. કારણ કે તેઓ તો સાધુ સંસ્થામાં એક બાજુથી દાખલ થઇ ચુકેલો અને વ્યાપક રૂપ લેતો જતો સડો જોઇ એમજ કહેવા તૈયાર થશે કે: "સાધુ સંસ્થાના એ વર્ગ માટે બેજ માર્ગ છે: કાંતો તેઓ સુધરે, યાતો તેમનું અસ્તિત્વ નાબુદ થાય." આ બેમાંથી એકે મનોદશા શ્રી. માહાસુખભાઇને પુરતો ન્યાય નહી આપી શકે, એટલું હું ભાર દઇને કહી શકું છું. ત્હમે શું કહેવા માગો છો તે હું કંઇક સ્હમજી શકું છું. પણ મારી ભલામણ છે કે ત્હમે અગર ત્હમારા જેવો અમૃત સરિતાનો બીજો કોઇ પણ વાંચક તટસ્થ રહી વાંચશે તો તેને એટલું કબુલ કરવુંજ પડશે કે: "શ્રી. માહાસુખભાઇએ અમૃત સરિતામાં 'વર્તમાન કાળે' બહુજ ગવાએલો 'અયોગ્ય દિક્ષા'નો પ્રશ્ન છણવામાં અને આપણા સમાજની વર્તમાન દશાનું 'સાચું ચિત્ર' દોરવામાં અજબ હિંમત દાખવી છે. અને તેમાં તેમણે સફળતા મેળવી છે."

* * *

નગાધિરાજ હિમાલયના શાન્ત અને રમણીય પ્રદેશમાંથી નિર્ઝરતી પતિત પાવની જાન્હવી જંગલો, પહાડો, અને ખીણોમાંથી પોતાનો માર્ગ કાપતી, સપાટ પ્રદેશમાં આવી શહેરો અને ગામડાઓને 'આર્યત્વ'નો સંદેશ આપતી અન્તે મહાસાગરમાં મળી જાય છે. જાન્હવી ત્યાં આગળ યમુનાને ભેટી સરસ્વતીનો સત્કાર કરે છે, તે પ્રયાગરાજના પાવન તીર્થમાં સ્નાન કરી પોતાને પાવન થતો માનનાર કીડીઆરા માફક ઉભરાતો જન સમુદાય કયાં? અને જાન્હવીનાં પાવનકર અને અમૃતસમાં પ્રાણદાયી 'મુળ'નાં જળનું પાન કરનાર એ પરમ યોગીશ્વરો કયાં?!

ત્રિલોકવંધ વિભૂતિના દીવ્ય માનસમાંથી નિર્ઝરતી, જગતને પાવન કરતી અને મુક્તિ મહાસાગરમાં મળી જતી એ પ્રવજ્યા–દિક્ષા–રૂપી અમૃત સરિતાના પ્રવાહમાં 'વર્તમાન તીર્થે' ડુબકી ખાઇ–માત્ર વેશપલટો કરી–પોતાને પવિત્ર થયેલા મોક્ષના અધિકારી બનેલા માનનાર આજના–ભગાડેલા, સંતાડેલા, વેચાતા લીધેલા કે દુઃખના માર્યાં દોડી આવેલા–એ વહેંતીઆઓ કયાં? અને અમૃત સરિતાના મૂળ–ઝરણુ–નાં જળપાન કરી પરમોચ્ચ 'વિતરાગ' દશા પ્રાપ્ત કરનાર એ સાચા ત્યાગીઓ કયાં?!

"—જાન્હવીના 'મુળ'નાં જળપાન કરવાના અભિલાષીને જેમ સપાટ પ્રદેશ છોડી હિમાલયના ઉચ્ચ પ્રદેશ તરફ પગલાં માંડવાં પડે છે. તેમ પ્રવ્રજ્યા રૂપી–અમૃત સરિતાના 'મૂળ'નાં જળપાન કરવા ઇચ્છનારે 'રાગ' દશાનાં મોહક પ્રદેશમાંથી હૃદયના–હિમાલયરૂપી–આંતર પ્રદેશ તરફ પ્રયાણ કર્યેજ છુટકો છે." એ સાચું નથી?

* * *

કલ્પનાના પ્રદેશમાંથી આપણે પાછા ફરીએ. અને 'અમૃત સરિતા'ના ઓવારે બેસીએ:

લેખક પ્રસ્તાવનામાં જણાવે છે, કે: "અયોગ્ય દિક્ષાથી ......નિંદાપાત્ર કલેશમય વાતાવરણ ઉભું થયેલું હોવાથી તેની આબેહુબ પરિસ્થિતિનો ખ્યાલ આપવા અને તે સ્થિતિ છે તેમને તેમ ચાલશે તો ભવિષ્યમાં કેવું ગંભીર પરિણામ આવશે તેનો ભાવી ચિતાર ખડો કરવા આ એક નવલકથા લખવાનો વિચાર મ્હને સ્ફુરી આવ્યો......"

"......અમૃત અને સરિતા પતિપત્નિ તરીકે છે. અને તે પાત્રો આ નવલકથાનાં નાયક નાયિકા છે. ભાવસૂચક નામ "અયોગ્ય દિક્ષા ઉપર દ્રષ્ટિપાત છે."

લેખકે પોતાના આ આશયને મધ્યબિંદુએ રાખી વર્તમાન વાતાવરણમાંથી કેટલાક મહત્વના બનાવોને વસ્તુ સંકળનામાં ઝડપી લીધા છે. જેવા કે: (૧) હાય નાખતી વિધવા માતાના તેર વર્ષના છોકરાને ગુમ કરવો. (૨) અસંયમી યુવાનને વિચાર્યા વિના ચોથાવ્રત સુધીની બાધાઓ આપી, વીસ વર્ષની યુવાન પત્નિથી વિમુખ કરવો, વૃદ્ધ માતાને રઝળાવવી અને નિર્દોષ બાળા ઉપર ચારિત્રભ્રષ્ટનું ખોટું કલંક મૂકી છતાં ધણીએ વિધવા બનેલીને આત્મઘાતની હદે જવાની આડકતરી રીતે ફરજ પાડવી. (૩) માબાપની એકારીનો લાભ લઇ છોકરાને વેચાતો લઇ છાની દિક્ષા આપવી. (૪) અયોગ્ય દિક્ષાના પોષકોમાંથી જેઓ સાધુઓના આવાં પાપ કૃત્યોમાં ભાગ લેતાં લાગેલી થપ્પડો અને ઠોકરોથી ચેતી જઇ તેમનાથી વિરૂદ્ધ થાય તેમની ઉપર વેર વાળવા તેમના અંગત સગામાંથી યુવાનોને ભરમાવી, ઉપાડી જઇ દિક્ષાની 'સંતાકુકડીઓ' રમવી. (૫) અને પ્રતિપક્ષીના સ્વજન સમાં દંપતિના સ્વર્ગીય સુખ જોઇ આંખમાં 'રાઇ મીઠું' પડવાથી તેઓના જીવનમાં ધૂળ નાખવા પ્રપંચ અને કાવત્રાં કરી, દાંપત્યમાં વિક્ષેપ પાડી યુવાનોને ભમાવી, પોતાની જાળમાં સપડાવી વેશ પલટો કરાવવો. (૬) નવદિક્ષિતો પકડાઇ ન જાય તે માટે સાધ્વીનાં કપડાં પહેરાવી સાધ્વીના ઉપાશ્રયમાં સંતાડવા. ઇ૦ ઇ૦. અને આ જુદા જુદા બનાવોની કુશળ ગુંથણીમાં સાથે સાથે ધાર્મિક, નૈતિક, આર્થિક અને સાંસારિક પ્રશ્નોને યથા પ્રસંગે ઉભા કરીને અને પ્રસંગોપાત તેની ચર્ચા કરીને વાર્તાને આકર્ષક બનાવવા પ્રયત્ન કર્યો છે.

* * *

એક બાજુએ 'આધ્યાત્મિકતાના અજીર્ણ'થી પીડાતા 'જ્ઞાની હોવાના' ઘમંડમાં અંધ બનેલા, કેટલાક કહેવાતા આચાર્યો: તેમને ટેકો આપી રહેલા અંધ શ્રદ્ધાળુ, લક્ષ્મીના

મદમાં ભાન ભૂલેલા શ્રીમંતો: તેમના સ્વાર્થી ને કાવત્રાંખોર સગરીતો: અને બીજી બાજુએ શિક્ષિત, સંસ્કારી અને ધર્મ પ્રેમી દંપતિના નેતૃત્વ નીચે દંભ અને પાખંડને પ્રકાશમાં લાવી, જનતાની આંખ ખોલી, વાતાવરણને સ્વચ્છ બનાવવા સામ્ય માર્ગે યોજતું યૌવન: એ બન્ને પક્ષ વચ્ચેનું યુદ્ધ જોવાનું-વાંચવાનું હું સૌને આમંત્રણ આપું છું.

આપણી બેકારી આપણને કયા પાપો તરફ ઘસડી જાય છે. આપણાં સાંસારિક બન્ધનો, રૂઢિઓ અને રિવાજો આપણા ખીલતા કુસુમોને કેવી ક્રૂર રીતે કચરી નાખે છે. આપણી ઘટતી જતી વસ્તી તરફની આપણી બેદરકારી આપણું શું ભવિષ્ય સૂચવે છે. આપણી અંધ શ્રદ્ધા ધાર્મિક ક્ષેત્રમાં કેવાં તોફાન અને પાખંડોને નિભાવી લે છે. તેમજ સાધુઓના 'હુંપદ'ને પોષવામાં આપણે છિન્ન ભિન્ન બની અવનતિની કેવી ભયંકર ગર્તા તરફ ઘસડાઇ રહ્યા છીએ. એટલુંજ નહી પણ આપણા સમાજમાં-ગૃહસ્થ જીવનમાં દાખલ થઇ વ્યાપક રૂપ લેતો સડો આપણા જીવનને કેવી દુર્ગંધથી ભરી મુકશે એ જાણવું હોય, સ્હમજવું હોય, તેમને અમૃત સરિતા રૂપી આયનામાં પડતું આપણા 'વર્તમાન જીવન'નું 'તાદશ ચિત્ર' જોઇ લેવાની મારી ભલામણ છે

* * *

મુંબાઇથી લગભગ ઉત્તરમાં સીધી રતલામ સુધી અને રતલામથી લગભગ દક્ષિણ, પૂર્વની મધ્યમાં બદનેરા સુધી સીધી લીટી દોરીએ તો જે ત્રિકોણ બની રહે છે તે પ્રદેશને લેખકે વાર્તા પ્રદેશ નક્કી કરી એ પ્રદેશમાં સમાઇ જતાં શહેરો, ગામડાઓ, રેલ્વે લાઇન અને મોટર રસ્તાઓ ઉપરાંત વાર્તાને અંગે જરૂર જણાતાં નવા શહેરો અને ગામડાઓ, નવી રેલ્વે લાઇન અને નવો મોટર રસ્તો કલ્પી લીધો છે. લેખકે સર્જેલાં વિવિધ પાત્રો અલૌકિક નહી પણ લૌકિક છે. એટલે એ પાત્રો અને પાત્રોના સંસાર દર્શન આપણને કાલ્પનિક કરતાં સાચાં વધારે લાગે છે-'વર્તમાન' વાતાવરણ સાથે 'વાર્તાનો પ્રવાહ' એટલું સામ્ય ધરાવે છે, કે આપણે એજ સૃષ્ટિમાં વિચરી રહ્યા હોઇએ એમ ઘડીભર ભાસ થાય છે. છતાં મ્હને એટલું કહી દેવું પણ ઠીક લાગે છે, કે પાત્ર સર્જનમાં અને તેમના જીવન આલેખનમાં લેખક પોતાની 'આગ્રહી મનોદશા'ની મર્યાદાઓ ઓળંગી શકયા ન હોવાથી કેટલેક પ્રસંગે વાચકને અણધારી નિરાશા મળે છે. લેખક જે પરિસ્થિતિથી અકળાઇ વાર્તા લખવા પ્રેરાયા છે. તેને મીટાવવા માટે 'આગ્રહી મનોદશા'થી પર રહી 'કુદરતને અનુસર્યા હોત તો તે વધારે અભિનંદનને પાત્ર ગણાત એ નિઃસંશય છે. છતાં તેઓએ તો પોતે સર્જેલાં પાત્રો પોતે નક્કી કરેલા ચોકઠાની બ્હાર ભૂલે ચુકે પણ ન જાય એટલી કડક સાવચેતી-જાગૃતિ રાખી છે. અને આમ કરવામાં લેખક મહાશય કદાચ કોઇ વાંચકના રોષનો ભોગ બને તો તેમાં મને આશ્ચર્ય ન લાગે! અને કદાચ તમને પણ આશ્ચર્ય લાગશે કે 'અમૃત સરિતા'ને જૈન જનતા અન્યાય ન આપે એમ સાવચેતીનો સૂર કહાડનાર આમ શાથી લખતો હશે? આનો જવાબ શોધવા આવો આપણે વાર્તાના પ્રવાહમાં નિમજ્જન કરીએ!—

* * *

પણ-હા ઘડીઆળ બારના ટકોરા વગાડે છે, ઉંઘ બગાસાં મોકલે છે અને કલમ પણ આગળ ચાલવાની ના પાડે છે......વળી બીજી વખતે. ચાલો, ત્યારે જય જય.

લી૦,

20: 1: 31: ઋષભદાસ.

# સુખનાં સ્મરણો અને દુઃખની દર્દકથાઓ.

લેખક: સર્વદમન.

સુખનાં સ્મરણો આલેખવાથી દુઃખની દર્દ કથાઓ ઉપર કલ્પના વિલાપ કરવાથી સુખ દુઃખમાં કશુએ પરિવર્તન થતું નથી. પરંતુ તેવા રસિક યા કરૂણા-જનક વર્ણનો માનવ પ્રકૃતિને તેની નવરાશની વેળાએ કવચિત કવચિત આહ્લાદક બને તેજ દ્રષ્ટિબિંદુ મારી સમક્ષ રાખી આ નિબંધ લખવા પ્રેરાયો છું. સમગ્ર માનવ જનતાનો ઇતિહાસ તે ઉપરોક્ત સ્મરણો અને કથાઓથી ભરપુર છે એ ઇતિહાસમાંથી કલ્પના કુશળ લેખકો નવલિકાઓ અને કાવ્યો રચી માનવ પ્રકૃતિને નચવે છે સંસ્કૃતિનાં પ્રથમ પગલા ચીન દેશમાં મંડાયા. હીંદે તે સંસ્કૃતિ ઝીલી, ઇરાન અને બગદાદે તેને પોષી, મીસર દેશે તેની પ્રેરણા પીધી, ગ્રીસ અને રોમનાં મહારાજ્યોએ તે ખીલવી, પોર્ટુગીઝ, સ્પેન અને હોલાંડે તેનું સ્વાગત કીધું. નવો ઓપ આંગ્લ દેશે ચઢાવ્યો અને આજે તે માનવ સંસ્કૃતિનાં પ્રથમ વર્તુલને અમેરીકામાં મધ્ય ભાગમાં આપણે શીખરે ચઢેલી જોઇએ છીએ અને તે સંસ્કૃતિના પગથાર નીચે પડેલાં સઘળાં રાષ્ટ્રોએ કંઇ ઓછાં તડકા છાયા જોયાં છે? આજે ચીન છિન્ન ભિન્ન બન્યું છે, આર્યાવર્ત શિથિલ બન્યું છે. છતાં આજ ભારત દેશની ચોદિશામાં કંઇક તેનાં નવિન સ્વરૂપે પુનઃ પગલાં થાય તેવાં આશા કિરણો દેખાય છે. ઇરાન અને બગદાદનાં ભુલાઇ ગએલાં સ્મરણો આજે પુનર્જીવન પામે તેમ લાગે છે. ઇજીપ્ત દેશે ત્રણ હજાર વર્ષો પૂર્વે કળા કૌશલ્ય ખીલવ્યું. ગઇ કાલે ઇજીપ્ત પરતંત્રતાના જંજીરોમાં કચડાતું હતું. ઝગલુલે કરેલ જાગૃતિ જીવંત રહેશે. ગ્રીસ દેશે જગતને કંઇ કંઇ પાઠ પઢાવ્યા, તેના તત્વચિંતકો અને રાજ્ય ધુરંધરોએ વિધ વિધ રાષ્ટ્ર વિધાયકોનાં જીવન ઘડયાં છે; ઇટાલીનો મુસોલીની દેશદાઝની વરાળથી શેરની માફક ગર્જી રહ્યો છે, અને પશ્ચિમનાં દેશોમાં પ્રજા સ્વાતંત્ર્યના બ્યુગલો ફુંકાયાં છે આમ સંસ્કૃતિનું વર્તુલ દેશ દેશની ચઢતી પડતીમાં જુદી જુદી જાતનાં ઇતિહાસ લખાતી રહ્યું છે. આ સુખનાં સ્મરણો અને દુઃખની દર્દકથાઓ નહીં તો પછી શું? અને એ આલેખતા એ પ્રેમનાં ઉન્હાં આસું હૃદય કેમ ખાળી શકે? મેઘને સંદેશનો યક્ષ તેનાં ઉન્હાં આંસુજ ઠાલવતો હતો અને તે દ્વારા તેની જુની અને નવી ભાગ્યવત્ સાંપડેલી સૃષ્ટિજ ચીતરતો હતો. કવિ કલાપી એવુંજ દર્દ ઠાલવી ગયો છે. હું તેવા વિશુદ્ધ પ્રેમ ભાવનાથીજ મારાં આંસુ-હર્ષના યા શોકનાં-ઠાલવા તત્પર થયો છું.

એક સમય એવો હતો જ્યારે જૈન સમાજનાં અગ્રગણ્યો રાજ્યવહીવટમાં કુશળ હતાં. બાહુબળે નહીં પરંતુ બુદ્ધિબળે રાજ્યો અને સામ્રાજ્યો ચલાવતાં હતાં. શ્રાવક ધર્મનો દિશ-દિશામાં ડંકો વાગતો હતો મુંજાલ અને ઉદો એ મહા ગુજરાતનાં મહા ચાણાકયો હતા માલવ દેશથી મહારાષ્ટ્ર સુધી તેની આણ ફરતી હતી.

અને આજે રાજકીય પ્રગતિમાં જૈન કોમે શું ફાળો આપ્યો છે? માનપૂર્વક આંગળી ચીંધી શકાય એવો કયો જૈન નેતા દેશને દોરવા નીકળ્યો છે? આ દિશામાં આપણે કંગાળ છીએ. પૂર્વજોનો વારસો આપણે ગુમાવી બેઠાં છીએ.

એવા પણ દીવસો હતા જ્યારે જૈનો કુબેરો હતા, સાત ક્ષેત્ર પોષી જાણતાં હતાં. સારાયે દેશમાં શરાફી શ્રાવકોની કહેવાતી. ભામાશાનું અઢળક ધન માતૃભુમિના ચરણે ધરતાં તે મહા પુરૂષે જરા પણ ઉદાશીનતા નહોતી દાખવી.

અને આજે જૈનોનો ધન પ્રવાહ કયાં વહી રહ્યો છે? જૈનો સમાજ હિતનાં રચનાત્મક કાર્યો માટે તેમનાં ધનનો કેટલામો ભાગ આપી રહ્યા છે? આ "પ્રશ્નનો ઉકેલ વાંચક વર્ગ જરૂર કરશે." આજના જૈનો પૈસો સંઘરી જાણે છે, વાપરી જાણતાં નથી આજનાં જૈન ધનિકને લલાટે અમરત્વ નથીજ નોંધાયું. ખરેખર એવાએ દીવસો ગયાં.

અને એક એવી પણ વેળા હતી જ્યારે જૈનો કળા પોષતા, કલાકારોને સંભાળતા; અત્યારે પણ એ તાડપત્રીનાં જુનાં ચીત્રો અને તીર્થોનાં શિલ્પ કામો અર્વાચીન દુનીયાનાં ચિત્રકારો અને શિલ્પીઓને હેરત પમાડી રહ્યાં છે.

આજે શ્રી. પરમાણંદના કહેવા મુજબ "જૈનોનું જીવન કળાવિહીન થઇ ગયું છે." જેમ તે તેનાં જીવનને કળામય નથી બનાવી શકતો તેમ તે કળાને નથી પારખી શકતો. આજ તો આર્થિક જીવનની કારમી ચક્કીમાં તેનાં આર્તનાદો સુણાય છે. કળાની રક્ષા તે આજ તેનો વ્યવસાય નથી રહ્યો.

સાધુ સમુદાય એક એવી આનંદ ઘડીએ સાહિત્યની ફુલવાડી પમરાવતો. ગુરૂ હેમચંદ્ર, મસ્ત કવિ આનંદઘન, ભકત કવિ યશોવિજયજી જેવી મહા મૂર્તિઓએ જૈન સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે આજે જૈન સાહિત્યની તેના લીધે ગણના થાય છે અને સંશોધન કાર્ય થયે તો શું શુ થશે?

પરંતુ આજ તો પૂજ્ય મૂનિવરો સર્જન શકિતથી ઉન્મૂખ બન્યાં છે. "દોહરા રચી કવિ બનવા મથે છે." આત્મ શ્રદ્ધાથી મહાત્મા થવા ઇચ્છે છે. "સાહિત્ય સમ્રાટ" કે "કવિ કુલ કિરિટ"નાં બિરદ સોંઘા થઇ પડયાં છે. સકળ વિશ્વની તુલનામાં તેનો માર્કો જુદો મંડશે.

વ્યાપાર એ તો વૈશ્ય કોમનું સબળ શસ્ત્ર આપણાં બાપદાદાઓ સાગરોની સફરો કરતાં; પરિયા પરિયા ખાય તેટલી દોલત લાવતાં; વહાણવટું ઉત્તેજતા; તેઓ "કમ્મે શુરા અને ધમ્મે શુરા" કહેવાતાં.

આજ આપણે વ્યાપારી તો છીએ, પણ વ્યાપાર ખેડતા નથી આવડતો. ઝવેરાત અને મોતીનો ધંધો હાથથી સરવા માંડયો છે. દુનીયામાં આજે તાર ટપાલ વ્યવહારનાં સાધનો શું ભાગ ભજવે છે, જાહેરાતનું શું સ્થાન છે, સાહસ, શી વસ્તુ છે તેની નોંધ આપણો વ્યાપારી કવચિતજ લે છે.

જૈનો બાહુબળીયા કહેવાતા હતા, વસ્તુપાળ તેજપાળ જેવા મહા પુરૂષેઃ લઢાઇઓ લઢયા હતા. તેમનાં દેહ સુદ્રઢ હતા.

આજનો જૈન વધારેમાં વધારે બીકણ અને લોકકહાણીએ ફોસી કહેવાય છે આજનાં માબાપો તેમનાં સંતાન પ્રત્યેની શહેરી તરીકેની ફરજ ભૂલ્યાં છે. તેમનાં સંતાનોનાં નબળાં શરીરો, ઉંડી ગયેલી આંખો અને ફીકા અને બેસી ગએલા ગાલો જોઇ કોઇ ભૂતકાળનો વ્રજદેહધારી માનવી શું કહે? દેહ તો ક્ષણિક છે, છતાં દુર્લભ છે; એવી માન્યતા ધરાવનારને મારી એટલીજ શીખામણ છે કે વ્યાયામ પ્રચારમાં વિઘ્ન રૂપ ન બનો.

હું કહું છું કે આજનાં જૈનો ધનિક છે એમ રખે માનતાં. થોડાં વિલાસ ભૂવનોને નિહાળી કુટિરોને મા ભુલતાં. જૈનોને ઘેર ઘેર નિર્ધનતાં અને ઉદાસીનતા વસે છે. કહેવાય છે કે વલ્લભીપુરમાં ઘણાંએ વર્ષો પૂર્વે નવા વસનાર જૈનને પ્રત્યેક ગૃહેથી સોનૈયો મળતો અને તે વડે તે નવો વસનાર સ્વશકિતથી ભાગ્ય અજમાવતો.

આજનાં ગરીબ વિદ્યાર્થીને કે વિધવા બ્હેનોને શું વિપત્તિઓ પડે છે તે જાણવા કંઇ વ્યવસ્થિત સાધન જૈન પાસે છે? પરમાર્થને કાજે જીવનાર શ્રાવક બંધુઓ સ્વાર્થમાં રાચવું હજી નહીં છોડે? આજ તો જૈનોની શાખ જવા બેઠી છે એક દિવસનાં મહાજનોનાં સ્તંભરૂપ શ્રાવકનાં વંશજો પાસે, આંતરિક કલહની અશાંતિ મટાડવા માટે, ન્યાયાધિકારીઓ જામીન માગે છે. અહા! હજુ કેટલીક અવનતિ બાકી છે?

**યુગ ભાવના–**

આવી અસહ્ય સ્થીતિ આજનો નવયુવક હવે વધુ નહીં સહે. આજનો યુવક માને છે કે મુંગું બેસવું એ પાપ છે, ધર્મ દ્રષ્ટિ છે, યુવાનીનો દ્રોહ છે. અમારો ઉદ્દેશ સાચો છે. અમે કોઇ સામે શત્રુવટ કે બહારવટું નથી માંડયું. પ્રેમ, સહિષ્ણુતા અને સમજાવટનાં અહિંસક શસ્ત્રોથી અમારી સામાજીક બેડીઓ અને અંધશ્રધ્ધા ઉખેડવા અમે રણશીંગું ફુંકયું છે. કેટલાએ વર્ષોની ઘોર નિદ્રા પછી **મહાવીરનાં અમર વચનો આજે અમારે કાને આથડી રહ્યાં છે. અમારી ચળવળ ક્ષણજીવી નથી. કોમીવાદના સંકુચિત માનસથી નહી, પરંતુ સમાજ હિતનાં વિશાળ માનસથી જ્યાં જ્યાં જૈન વસતો હશે, ત્યાં ત્યાં તેની સ્થિતિ સુધારવા અમે મૂખથી, લેખનથી અને અન્ય સાધનોવડે અમારો ફાળો આપશું. તેમાં વડીલો સામે ઉધ્ધતાઇ નથી, શાસન સામે ક્રાન્તિ નથી, ચતુર્વિધ સંઘ સામે ઉહાપોહ નથી. પરંતુ એ સર્વ પ્રત્યે અમારી અચૂક વફાદારી છે.**

## મહારાષ્ટ્ર જૈન સંમેલન–પુના.

તા૦ ૩૦ જાનેવારીને દિવસે પુના ખાતે મળ્યું હતું. નીચેના વિષયોની ચર્ચા ચાલવાની હતી. (૧) જૈનોના ધાર્મિક ખતાઓની ચોખવટ. (૨) સાધારણ ખાતામાં વધારો કરવાની જરૂર. (૩) પાઠશાળામાં સાધારણ ખાતા તરફથી મળવો જોઇતો ફાળો. (૪) વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપો. (૫) બોર્ડીંગોને મદદ. (૬) જૈન લગ્નવિધીનો પ્રચાર. (૭) લગ્નના ખર્ચમાં કાપકુપ. (૮) કન્યાવિક્રય અને વૃદ્ધલગ્નનો વિષય. (૯) અને પ્રચાર કાર્યની ગોઠવણી.

આવા સંમેલનો જ્યાંસુધી વરસ દરમ્યાન ચાલુ પ્રચારકાર્ય ન કરે ત્યાંસુધી વિશેષ લાભદાયક નીવડવા સંભવ નથી. આશા છે કે સેક્રેટરી ગયા વરસમાં થયેલ કામકાજની વીગતો જાહેરમાં મૂકશે જેથી બીજા પ્રાંતોને પણ અનુભવનો લાભ મળશે. બાકી નિયમિત સંમેલન ભરવાની ચીવટ માટે મહારાષ્ટ્રીય બંધુઓને અમારા અભિનંદન છે.

**જોઇએ છે:** સુશિક્ષિત, ખાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવારઃ ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો, અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો:

**ચીમનલાલ c/o શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.**

ભલતા માણસોએ લખવું નહિં.

# શ્રીમાન્ સાગરાનંદ વધે કે શ્રીયુત્ રામવિજય ?

શ્રીમાન જૈન સમાજના એક પક્ષના કહેવાતા આચાર્ય છે. વળી જેને તેને દિક્ષા આપવાના હિમાયતી. છોકરાં નસાડવા અને સંતાડવાની અભેદ ક્રિયાના જાણકાર અને પડતા શાસનને મહા પ્રયત્ન કરી બચાવનારની અજબ શોધોના જો કે નમુના છે. પણ જૈન પ્રજાને જાણવાની ખાસ જરૂર છે કે ઉપરોકત શ્રીમાન એક વખત વ્યાખ્યાનમાં એમ બોલેલા કે "નવ દીક્ષીત પુરૂષને સંતાડવો પડે અને તેને સંતાડવનું સુરક્ષિત સ્થળ ન જણાય તો છેવટે સાધ્વીનાં વસ્ત્રો પહેરાવી, સાધ્વીના ઉપાશ્રયમાં પણ સંતાડી, નવ દીક્ષીતને તેના સગાં વહાલાંને રડતાં રાખી પડી જતા શાસનને બચાવવામાં કંઇજ વાંધો નથી." વળી તેમણે હમણાં અમદાવાદમાં ભરાયેલા સાહિત્ય પ્રદર્શનમાં વ્યાખ્યાન આપતાં તેમને પુછવામાં આવેલા પ્રશ્નમાં મા બાપ આંધળાં હોય તો દીક્ષા લેવી કે કેમ? ત્યારે જાણીતા શ્રીમાન આવેશમાં આવીને કહે છે કે "મા બાપને ખાડામાં નાખો." વાહ! કેવો સરસ જવાબ શ્રીમાન આવો જવાબ ન આપે તો તેમના સંઘાડામાં ચેલા કેમ વધી શકે? આનંદસાગર ઉર્ફે સાગરાનંદજી ભૂલી જાય છે કે જે મા બાપ પાળી પોષીને મોટા કરે છે તેની સેવા કરવાને દરેક વ્યકિતની ફરજ છે. પણ શ્રીમાન જેવાને પોતાના સગાં વહાલાંને રડાવીને દીક્ષા લેવી હોય અને જ્યારે બૈરી પોતાના ધણીને ધણી તરીકેના હક પુરા કરવા કોર્ટ દરબારે એંચે અને શ્રીમાનને પાછા સંસારીપણામાં જવું પડે અને ફરી પાછા દીક્ષા ગ્રહણ કરે. એ બધું આવાં ચેલા વધારનારા અને જયાં ત્યાં ઝઘડાખોર સાધુ તરીકે પ્રખ્યાત થએલાનેજ શોભે છે. તેવીજ રીતે શ્રીયુત્ રામવિજય પણ એક શાસનનો બચાવ કરનાર, ગમે તેને ગમે તેવા સંજોગોમાં સ્ત્રી યા પુરૂષ હોય. દીક્ષા લેનાર સ્ત્રી યા પુરૂષને નાનું બે વર્ષનું બાળક હોય છતાં તે નાના બાળકની દયા ન ખાતાં, બાળકની શું દશા થશે તેનો વિચાર ન કરતાં પરણેલાં દમ્પત્તિમાંથી ગમે તેમ કરી દીક્ષા લેવાની વાત પોતાની વાણીનો વિલાસ બતાવી તૈયાર કરે પછી ભલે સ્ત્રીને પુનર્લગ્ન કરવું પડે અને સ્ત્રીનો બાપ ઝેર પી મરી જાય તે તેમને કયાં જોવા જવું પડે તેમ હતું. આ જાણીતા શ્રીયુત્ છેલ્લાં બે વર્ષથી લાગલગાટ ચોમાસું કરી રહ્યા છે. જૈન શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે "સાચા જૈન સાધુ કોઇ પણ ઠેકાણે એક કરતાં વધારે ચોમાસાં ન કરી શકે." પણ આ શ્રીયુતને કયાં જૈન શાસ્ત્ર માનવું છે, તેમને તો જેમ નજરમાં આવે તેમ "ફતવા" કાઢી આ મારૂં શાસ્ત્ર, આ અમારાં "પ્રવચન" તરીકે જાહેર કરવું છે તેને શું? મુંબઇમાં ગયા વર્ષે પોતાના વ્યાખ્યાનમાં કહેલું કે "જૈનોના ઘેર "દારૂ ઇંડા" ચટણીની જેમ ખવાય છે" "સંઘ એ તો હાડકાનો માળો છે." વાહ આવા વચચનકાર જયાં વસે ત્યાં શાસન ધર્મની ઉન્નતી થવામાં શું બાકી રહે? વાંચક આ ઉપરથી ધ્યાનમાં લેશે કે શ્રીમાન વધે કે શ્રીયુત્? બાકી બન્ને અયોગ્ય દીક્ષાના હિમાયતી, ઝઘડા વધારનારા અને સમાજને છિન્ન ભિન્ન કરનારાજ છે.

જગદીશ.

## પહોંચ અને સ્વીકાર.

**શ્રી મહુવા જૈન યુવક મંડળનો રિપોર્ટ:** આ મંડળનો સં. ૧૯૮૨ થી સં. ૧૯૮૬ સુધીનો રિપોર્ટ અમોને મળ્યો છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. મંડળની ભાવના ઉચ્ચ પ્રકારની છે તે મુજબ કાર્ય જણાતું નથી. તેના કારણો રિપોર્ટમાં જણાવેલ છે. રિપોર્ટમાં મહુવાના બાળકોની કેળવણી સંબંધીની પરિસ્થિતિની વીગત જણાવેલી છે તે સંતોષકારક નથી. મંડળે નિર્ભયતાનો ગુણ ખીલવવાની જરૂર છે. ત્યારેજ મંડળના ઉદ્દેશ મુજબ સદ્દવિચારોનું બળ જામશે. મંડળનું અસ્તિત્વ હોવા છતાં કેળવણી ફંડ રાઇ જાય તે ઇષ્ટ નથી. મંડળના કાર્યવાહકો જેટલું કરે છે તેને માટે ધન્યવાદ આપી વિશેષ કાર્ય કરવા પ્રેરાય તેવી આશા રાખીએ છીએ.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને

જણાવવાનું કે તમો આ વરસ સંવત ૧૯૮૭ ની સાલના યુવક સંઘના સભ્યો તરીકે રહેવા માંગતા હશો એમ ધારી તમોને પત્રિકા મોકલવામાં આવે છે. સભ્ય તરીકે રહેવા ન ઇચ્છનારે ખબર આપવા વિનંતી છે.

લી૦ મંત્રી :

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

(અનુસંધાન પાના પહેલાનું ચાલુ.)

કોન્ફરન્સની બેઠક ભરાયાને બાર માસ લગભગ પુરા થવા આવ્યા છે. તથા તેની બેઠક ભરવા સંબંધી કાંઇ પણ માહિતી આપણને તેના મુખપત્ર 'જૈન યુગ' માંથી મળતી નથી. કોન્ફરન્સની બેઠકની જરૂરીયાત માટે પોકારો કરનારા તેની બેઠક માટે શા માટે પ્રયાસ કરતા નથી તે સમજાતું નથી. વઢવાણ મુકામે દેશ વિરતિઆરાધક સમાજની બેઠક મળવાના ભણકારા વાગી રહ્યા છે. તો શું કોન્ફરન્સના કાર્યવાહકોને કોન્ફરન્સની બેઠક ભરવાની જરૂરીયાત જણાતી નથી. તે બાબત ચળવળ કરવાની–પ્રયાસો કરવાની જવાબદારી રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓએ લેવી જોઇએ ને સ્થાનિક આગેવાનો સાથે વાટાઘાટ ચલાવી કોન્ફરન્સની બેઠક ભરવાનું સ્થળ નક્કી કરવું જોઇએ. સ્થાનિક કાર્યકર્તાઓને મુશ્કેલી જણાતી હોય તો તે દુર કરવાના પ્રયાસો કરવા જોઇએ. જયાં સુધી સ્થાનિક કમિટિઓ સ્થાપવામાં નહિ આવે જુદા જુદા મંડળેનો સહકાર સાધી લોકસમુદાયની સાથે મળવામાં નહિ આવે, યુવાન વર્ગને કોન્ફરન્સના કાર્યમાં રસ લેતો કરવાનાં પગલાં નહિં લેવામાં આવે તો નામના આગેવાનોની મૈત્રી છોડી કાર્ય કરનારા સેવકોનું યુથ તૈયાર કરવામાં ન આવે ત્યાંસુધી કોન્ફરન્સ પગભર થશે નહિ.

**સમાચાર**– પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

શ્રીસિદ્ધિસૂરીશ્વરજીનું સ્તુત્ય પગલું યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૬ ઠો.

સંવત ૧૯૮૭ ના મહા વદી ૭. તા૦ ૯-૨-૩૧

છુટક નકલ : ૦॥ આનો.

## એ ધન્ય ફકીરી !

"આઝાદ હિન્દનો અવતાર નિરખ્યા પછીજ હું અમર-લોકના પન્થે પડીશ." એવો શ્રદ્ધાભર્યો આશાવાદ સેવનાર, છેલ્લી ઘડી સુધી 'મૈયા ભારતીની મુકિત' નુંજ રટણ કરનાર, આપણા 'સ્વાતંત્ર્ય યુધ્ધ'ના એ અજોડ સેનાધિપતિનો અમર આત્મા સાન્ત તજી અનન્તમાં ચાલી ગયો—હિન્દના બેતાજ બાદશાહ પંડિત મોતીલાલજીનું તા૦ ૬-૨=૩૧ શુક્રવારે સ્હવારે ૬-૪૦ દુ:ખદ અવસાન થયું !

* *

પંડિત મોતીલાલજી લક્ષ્મી ધામના વૈભવ વિલાસોની વચ્ચે જન્મ્યા અને ઉછર્યા હતા : એમની યુવાનીમાં પણ સમૃધ્ધ વકીલાતની શાહી આમદાની હતી—આંગણે નાણાંની નીકો વહેતી એટલે એમણે વૈભવશાળી જીંદગીના રસ માણવામાં કશી કમીના નહોતી રાખી. પણ ઉત્તરાવસ્થામાં એ જીંદગીએ પલટો ખાધો. સાબરમતીના સંતે અસહકારનું યાદગાર યુધ્ધ આદર્યું. એનો વ્યાપક અને અભેદ સ્પર્શ 'મોડરેટ' મોતીલાલજીને પણ થયો અને લાખોની કમાણીને લાત મારી એ અમીરે ફકીરીનો 'માર્ગ' સ્વીકાર્યો : યુધ્ધને મોખરે ઝુકાવ્યું.

* * *

પંડીત મોતીલાલ નહેરૂ.



[ બ્લોક : નવાકાળના બંધુકૃત્યથી. ]

ત્યાર પછી થોડા બનાવો બની ગયા. 'ચૌરી ચૌરાનાં બનાવ'ને લીધે મહાત્માજીએ અસહકારની ચળવળ આટોપી લીધી. હતોત્સાહથતી પ્રજાનો ઉત્સાહ ટકાવી રાખવા જેલમાંથી બ્હાર આવતા નેતાઓએ ધારાસભામાં પ્રવેશ કરી 'અવરોધ નીતી' અખત્યાર કરવાની ચળવળ ઉપાડી: મોતીલાલજી એમાં જોડાયા: ધારાસભામાં જઇ સ્વરાજ્ય પાર્ટીના લીડર બની પોતાની પ્રખર બુધ્ધિમતા, ડહાપણ અને મુત્સદ્દીગીરીથી દુનિયાં ચમકાવી : હીન્દની ઇચ્છા વિરૂદ્ધ 'સાઇમન સપ્તક'નું કમીશન નિમવામાં આવ્યું: હીન્દે તેનો બહિષ્કાર પોકાર્યો: મોતીલાલજીએ એ 'સપ્તક'ના બહિષ્કારનો ઠરાવ ધારાસભામાં પાસ કરાવ્યો: એ સમયે એમણે આપેલાં યાદગીરી ભાષણ ઉપર ટકોર કરતાં લોર્ડ બર્કનહેડે સર્વ પક્ષને સમ્મત થાય તેવું બંધારણ ઘડવાનો પડકાર આપ્યો; મહાસભાના ઠરાવથી બંધારણ સમિતિ નિમાઇ: મોતીલાલજીએ તેના પ્રમુખસ્થાને બેસી 'નેહરૂ રિપોર્ટ' તૈયાર કર્યો: સર્વ પક્ષ પરિષદે પાસ કર્યો: મહાસભાએ મંજુર રાખ્યો: એક વર્ષ વિત્યું:

ચાલતા ધર્મ યુદ્ધમાં પણ પંડિત મોતીલાલજી મોખરેજ હતા સીતેર–એકોતર વર્ષની બુઝર્ગ વયે પણ યુવાનને શરમાવે તેટલી સતત કર્તવ્ય પરાયણા અખુટ ઉત્સાહ અને પરમ આશાવાદથી યુદ્ધને મોખરે લડતા એ યોદ્ધાને પણ 'સરકારે' જેલમાં પૂર્યા, 'જેલ'ના વિષમ જીવને એમની તબીઅતને

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# શ્રી સિદ્ધિસૂરીશ્વરજીનું સ્તુત્ય પગલું.

જૈન સમાજને ઘટવાના કારણોમાંનું એક કારણ જ્ઞાતી અને ઘોળોના બંધારણો પણ છે. જે જમાનામાં જ્ઞાતી ઘોળના બંધારણો બાંધવામાં આવ્યાં હશે તે વખતે હિતાહિતનો પૂરતો વિચાર કરીને બાંધવામાં આવ્યાં હશે એમ માની લઇએ. પરંતુ આજના જમાનામાં આવા સંકુચિત ક્ષેત્રો અને પક્ષાપક્ષીએ સમાજનું અહિત કર્યું છે. એતો શંકા વગરની વાત છે. અમારી સમજ પ્રમાણે દરેક જ્ઞાતીઓમાં અને ઘોળોમાં મેજર (પ્રમાણ પત્ર) ના કાયદા હોય છે. એટલે જ્ઞાતીનો કે ગોલનો કોઇ પણ ભાઇ કે જ્ઞાતી ઘોળની બહારથી કન્યા લાવે તો તેની પાસે મેજર માગવામાં આવે છે અને જ્ઞાતીએ નક્કી કરેલ ધારાઅનુસાર મેજર રજુ કરવામાં આવે તો કન્યા ચોખ્ખી (શ્રાવક) છે તેમ ખાત્રી થાય છે. પરંતુ મેજર રજુ કરવામાં ગફલતી થાય અગર ખોટા ઠરે તો તરત પરણનાર જોડલાને જ્ઞાતિ બહાર મુકવામાં આવે છે અને વર્ષોના વર્ષો સુધી તેને જ્ઞાતિ કે ઘોલ બહાર રહેવુ પડે છે.

કોઇ પણ વ્યક્તી કે સમુહ ગમે તે જ્ઞાતિનો હોય તો પણ તે જૈન ધર્મ પાળી શકે છે અને ભૂતકાળ તરફ નજર કરીયે તો તેની સાથે રોટી વહેવાર તથા બેટી વહેવાર કરવામાં બાધ આવતો નથી. છતાં હાલના સંકોચિત વિચારોએ એવી તો સંકોચિત સ્થિતિ ઉત્પન્ન કરી છે કે અન્ય સમાજની કોઇ પણ વ્યક્તિ કે સમુહ ઉંચ કોમના હોય અને ખાનગીમાં જૈન ધર્મ પાળતા હોય ને તેઓને જૈન સમાજમાં ભળવું હોય તો તે ભળી શકયો નથી અને છેવટે તેને જૈન ધર્મ છોડી દેવો પડયો છે. તેમ જ્ઞાતિની કેઇ પણ વ્યકિત અન્ય સમાજની કન્યા સાથે લગ્ન કરી જૈન સમાજમાં એક મનુષ્યનો વધારો કરે, અરે ! એક કુટુંબનો વધારો કરે છતાં મેજરના અભાવે તેનો બહિષ્કાર-જ્ઞાતિ બહાર કરવામાં આવે છે. આથી પણ સમાજની વસ્તીમાં ઘટાડોજ થાય છે. આ વસ્તુ સ્થિતિમાંથી બચવા માટે આપણી કૉન્ફરન્સ દેવીએ જુન્નેર મુકામે શુદ્ધિ અંગે એક ઠરાવ કરેલો છતાં તેનો અમલ થવાનું સાંભળેલુ નહિ. પરંતુ બીજા પાના ઉપર ગોધાવીના સમાચારમાં જે હકીકત આવી છે તે હકીકત વાંચતાં અમને હર્ષ થાય છે કે ગોધાવીમાં પાંચ વર્ષ ઉપર શ્રીમાળીના જ્ઞાતિના એક ભાઇ અન્ય સમાજની કન્યા લાવેલા તેથી તેમની જ્ઞાતિએ તેમને જ્ઞાતિથી દુર કરેલા. તેઓની શુદ્ધિ થવાથી તેઓ તેમની જ્ઞાતિમાં ભળી શકયા છે.

ઉપધાન અંગે માળના મહુર્ત ઉપર આચાર્યશ્રી સિધ્ધિસૂરીશ્વરજી ગોધાવી પધારેલા, તે પ્રસંગે બહિષ્કાર થયેલ ભાઇની તેમ જ્ઞાતિની વાત સાંભળ્યા પછી મજકુર પતિ પત્નિની આચાર્યશ્રીએ શુધ્ધિ કરી જ્ઞાતિમાં લેવરાવી સ્તુત્ય પગલું ભરી ઉમદા દાખલો બેસાડયો છે છતાં સંકોચ સાથે એટલી નોંધ કરવી પડે છે કે સદર ભાઇ તરફથી રૂપીયા પાંત્રીસ જ્ઞાતિને અપાવવામાં આવ્યા તે વ્યાજબી થયું નથી.

આચાર્યશ્રીએ કોન્ફરન્સના ઠરાવનો અમલ કરવામાં તેમ અસલના ઉત્તમ ધોરણ ઉપરથી જે સંકોચિત સ્થિતિ ઉભી થઇ હતી તેમાંથી સમાજને બચાવવા સૂરીશ્વરજીના આ સ્તુત્ય પગલા માટે તેવણને અનેક ધન્યવાદ ઘટે છે અને બીજા મુનીવરોને અમારી વિજ્ઞપ્તિ છે કે જ્યાં જ્યાં આવા બંધનો હોય ત્યાં સમાજના હિતાર્થે આવા સ્તુત્ય પગલાં ભરી સમાજને પડતીમાંથી બચાવશો. સમાજની ઉન્નતિમાં સમગ્ર સમુદાયની ઉન્નતિ છે !

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સુચના.

મુંબઇ જૈન યુવક સંઘની વાર્ષિક સાધારણ સભા મહા વદ ૧૨ તા૦ ૧૪-૨-૩૧ વાર શનિવારને રોજ રાત્રિના ૮ વાગે (સ્ટાં. ટા.) શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ઓફીસમાં મળશે. તો સર્વ વખતસર હાજર થવા કૃપા કરશોજી.

કામકાજ.

(૧) ગત વર્ષનો વૃતાન્ત અને ઓડીટ થયેલો હિસાબ મંત્રીઓ સામાન્ય સભાની મંજુરી માટે રજુ કરશે.

(૨) નવા વર્ષ માટે મંત્રીઓ અને કાર્યવાહક સમિતિની ચુંટણી.

(૩) ઓડીટરોની નિમણુંક

(૪) નિવૃત થતી કાર્યવાહક સમિતિ જે કાંઇ કાર્ય રજુ કરે તે.

લી૦

૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ } ગાંધી જમનાદાસ અમરચંદ. મંત્રી : મુંબઇ જૈન યુવક સંઘ.

તા. ક.-સં. ૧૯૮૭ સાલનું સભ્ય તરીકેનું લવાજમ તથા પત્રિકાનું લવાજમ સાથે લાવવા નમ્ર સુચના છે.

## ભાઇશ્રી વીરચંદ પાનાચંદ

તા૦ ૫ મીએ યરોડા જેલમાંથી છુટયા છે. તા૦ ૬ ઠ્ઠીએ "ડકન કવીન"માં તેઓશ્રી નવમી સંગ્રામ સમિતિના સભ્યો સાથે મુંબઇ આવી પહોંચ્યા હતા. કોન્ગ્રેસના આગેવાનો, માંડવીના વેપારી એસોસીએશનો, જૈન કોન્ફરન્સના આગેવાનો, શ્રી જૈન યુવક સંઘ, શ્રી જૈન સ્વયંસેવક મંડળના આગેવાનો તેઓશ્રીને સન્માન આપવા બોરીબંદરપર હાજર હતા. તેમને ગૌરવભર્યું માન આપવા, સરઘસમાં માંડવીપર લાવવા ગોઠવણ થઇ હતી. સંખ્યાબંધ માણસોએ ઘણું સારૂં માન આપ્યું હતું પણ તે વખતે પંડીત મોતીલાલજીના અવસાનના સમાચાર મળવાથી સરઘસ બંધ રાખવામાં આવ્યું હતું. અમે તેઓશ્રીને હાર્દીક અભિનંદન આપીએ છીએ.

---

સખ્ત ફટકો લગાવ્યો તેઓ રોગના ભોગ બન્યા આખરે સરકારે છોડયા.

દેશનું ભાવી તોલાઇ રહ્યું છે, દેશને પોતાના આ પનોતા પુત્રની જયારે અનિવાર્ય આવશ્યકતા છે. ત્યારેજ નિષ્ઠુર કાળે 'આઝાદીના એ અજોડ સેનાધિપતિ' ના જીવનપર મૃત્યુનો કાળો પડદો નાખ્યો !!

દેશ આખાએ 'વીર'ને પુન્ય ભાવે અંજલિ અર્પી ! એ વિરલ ત્યાગ, અવિરત શ્રમ, અને ધન્ય ફકીરીને આપણા હજારો વન્દન હો !!

*9: 2: 31:* આત્મન્.

# જમણ, ઉપધાન, વરઘોડા, વિ.ની વ્યવહારિક દૃષ્ટિએ ટુંકી મિમાંસા

— યાને —

# સહધર્મિઓની સેવા.

લેખક : સર્વદમન.

જૈન શાસ્ત્રમાં સહધર્મીઓની સેવાને ઘણુંજ અગ્ર સ્થાન અપાયું છે, તેવીજ રીતે અન્ય ધર્મોમાં પણ તે ઉચ્ચ ભાવના વિષે ઘણું લખાયું છે. સહધર્મીની સેવા એટલે ભ્રાતૃભાવ, સમાજ ઉન્નતિ અને મનુષ્ય સેવા. પારશી, ખ્રીસ્તી વિ. દરેક કોમ સહધર્મીઓની અનેક પ્રકારે સેવા કરી રહી છે. દરેક ધર્મ અને જાતમાં સિદ્ધાંત પરત્વે મતભેદ હોય પરંતુ છેવટનું ધ્યેય તો ઉત્કર્ષજ હોય છે અને તેથી અમુક અમુક વિષયોમાં એક બીજાનું સારૂં તત્વ અનુસરાય તો તે ઉચિત છે.

'વિશ્વ બંધુત્વ'માં માનનાર કોઇ પણ વ્યકિત ન્યાત, જાત કે વ્યક્તિ સંબંધી ભેદ રાખતોજ નથી અને એજ પ્રકારનું વિશ્વ બંધુત્વ આખીએ આલમમાં ફેલાશે, પ્રજા પ્રજા માંહે અને એક બીજા રાષ્ટ્રો માંહે ભાઇચારો વધશે ત્યારેજ, આજની ખર્ચાળ અને વિનાશકારી લડાઇઓ, અસંખ્ય શોણિત સરિતાઓ અને માનવ સંહાર અટકશે. પરમેશ્વર કહો કે ખુદા કહો યા કોઇ પણ માન્યતા મુજબ યા તેના ફરમાન મુજબ મનુષ્ય આત્મોત્કર્ષ માટેજ જગતમાં જન્મ્યો છે. **वसुधैव कुटुंबकम्** એજ એનું રટણ હોવું જોઇએ અને એવીજ એને માબાપ, શિક્ષણ યા ધર્મોપદેશકો તરફથી પ્રેરણા મળવી જોઇએ. દેશભકિત એ વિશ્વપ્રેમની આડે નજ આવવી જોઇએ.

ખરી રીતે માનવ જાતના વ્યવસ્થાપકોએ પ્રગતિ કે સગવડતાઓ ખાતર મર્યાદાઓ બાંધી હશે. એ મર્યાદાઓ અવસર જતાં આજે ઉન્નતિમાં આડખીલી રૂપ થઇ રહી છે. આજે જગત એટલું જડભક્ત બન્યું છે કે અધ્યાત્મની વાતો એ હવાઇ કિલ્લારૂપ મનાય છે. પરંતુ એ ઠપકો જગતને શીરે તો નજ આરોપાય. ઉદર ભરવાને ખાતર જ્યારે આત્માની વાતો વેચાતી હોય, ત્યારે તેનાં ફળ માઠાં આવે તેમાં કશુંએ આશ્ચર્ય નથી. આપણે તો ઇચ્છીએ કે વિધવિધ પંથધારીઓ સ્વપંથે સરળ રીતે સંચરે તે ઠીક છે; પરંતુ જ્યારે પોતાનું સર્વાંશે સત્ય અને પારકાનું મિથ્યા એ હુંપદ દુનીયાની શેરીઓમાં ઢંકાતું હોય ત્યારે અવનીમાં અજ્ઞાનતાનાં વાદળ ઉલટે તો કોને કયાં દોષ દેવો? આજે આપણે ગચ્છભેદ અને પંથભેદને લીધે કેટલા પીડાઇએ છીએ? આપણી માન્યતાઓ અને રહેણી કહેણીમાં કેટલું વિષ અને કેટલી અનિચ્છનીય કટુતા વ્યાપી રહી છે? હું નથી ધારતો કે આપણી આ સંકુચિતતાઓ કોઇ રીતે દિગંત-મંડપના શોભા વધારતાં હોય!

આજે પાસેનાજ ઘરમાં એક ભાઇને પહેરવાં વસ્ત્રો ન મળતાં હોય, પેટ ભરવા મુઠ્ઠી બાજરી ન મળતી હોય, એક બ્હેનને દળણાં દળવા પડતા હોય અને તેનાં પ્યારાં બાળુડાં મૂડીવાદીઓનાં છોકરાંની દેખાદેખીથી અને રીતભાતથી મન બાળતાં હોય ત્યારે અમારા ભૂલેલાં ભાઇઓ શીરાના જમણ કરે છે. કમાઇના એવા ખર્ચથી સુકર્મની ગાંસડીઓ પરભવનાં ભાથાં માટે બાંધતા હોય તેમ માની ગૌરવ લે છે. અને જ્યારે આવાં જમણવારો કલેશનાં કારણો બનતાં હોય. આવા દુષ્ટ ભોજનો આપણી શાખ ઘટાડતાં હોય, આપણાંજ ભાઇઓ ઉપર એને કારણે જુલ્મ વર્ષાવાતો હોય ત્યારે હૃદયવાન માનવી તેને કેવી રીતે ધર્મ કહી શકે? તેને પ્રીતિભોજન કે સાધર્મી વાત્સલ્ય કેમ ગણી શકે! અરે શું શાણા કહેવાતા એ પક્ષના કેટલાક અગ્રગણ્ય શ્રાવકો આવે વખતે અંધેરી નગરીમાં શાણપણ ગુમાવી બેઠા હતા? વણીક કહેવાતા વણીકોએ શું બુદ્ધિ ગીરો મૂકી હતી? અંધશ્રદ્ધાને પણ કંઇક હદ હોય છે. આવું અંધેર યુવકો કેમ સાંખી શકે? લોકો કહે છે મુંબઇમાં "મવાલીઓ" વધવા માંડયા છે; તેમને મોઢે ડુચો હવે કેવી રીતે દઇ શકાય?

વરઘોડા કે ઉજમણાં પ્રસંગેજ અને અત્યંત સરળ રીતે થતાં હોય તો કોઇને તેનો વિરોધ કરવો નજ ગમે. વરઘોડામાં બેન્ડ કે ધામધુમ ન હોય, ઉજમણાંઓમાં પરદેશી વસ્ત્ર કે શોખની વસ્તુઓનાં પ્રદર્શન ન થતાં હોય તો તેવી પ્રભાવનાઓ ભલે થાય. આવા પ્રસંગો ખર્ચાળ, બોજારૂપ અને દંભ તેમજ વ્યકિતગત ખોટી કીર્તિના કારણો બને તેની સામે અમારો પ્રચંડ વિરોધ છે. આજે અમારી લગ્ન પ્રથામાં અમે પાંચ રૂપીયા ખર્ચી પતાવતા શીખીએ ત્યારે બાહ્યાડંબરનેજ ખાતર થતી વિધિઓમાં અમે શા માટે વિઘ્ન ન કરીએ? જો કોઇ સાધુ અમારા ભાઇઓને વાક્ચાતુર્યથી એવા નાણાના ધૂમાડા કરાવે, ચારિત્ર અને પવિત્રતાને નામે કલેશ કરાવે, અમારા દેશની વિરૂદ્ધ થવા પ્રેરે, અમારી કીર્તિમાં અને મહાવીરનાં શાસનમાં જગતની દૃષ્ટિએ ડાઘ લાગે તેવી ઉશ્કેરણીઓ કરે તો તેવા સાધુમાં અમને કયાંથી સાધુતા લાગે?

અને આજે ફકત ઉપરોકત વિધિઓ દુનીયામાં ધર્મ ફેલાવશે, એમ માનવું મિથ્યા છે. દુનીયા હવે સડો નથી સહી શકતી. આંતર પરિક્ષાની આજે બહુ જરૂર છે. અનેક ધર્મો એ અનેક સરિતાઓ રૂપ છે અને તે સર્વે વિશ્વ સંસ્કૃતિના મહાસાગરમાં મળે છે. ધર્મોની તુલના ધર્મના વ્યકિતગત ફાળા ઉપર થાય છે. એટલે આજ તો કંઇક સત્વવિત્ (concrete) કાર્ય કરવાની જરૂર છે. આજે જૈન સમાજના મંદિરો કરતાં માનવ મંદિરોનો ઉધ્ધાર કરવા કંઇક કરે તો તે સત્ય ધર્મ કહેવાશે અને આજે સાધુ સમુદાય ગુજરાત કરતાં દેશના અન્ય પ્રદેશોમાં વિશેષ વિહાર કરી જનતાને જૈન ધર્મથી પરિચિત કરે, દંભ નહિં પરંતુ સંસ્કૃતિના ખરા પાઠો પઢાવે, મહાવીરનો પંથ વધારે, એ વાત કહેવાની વિશેષ આવશ્યકતા નથીજ. ફકત સંખ્યા વધારવાથી જૈન સમાજનો શુક્રવાર નહીં વળે.

આજે પારસી કોમની સુવ્યવસ્થાથી, તેમના ખરા બંધુભાવથી અને ગુપ્ત દાનોથી તે કોમ કેટલી દીપી રહી છે? તેમનામાં કેવી સરસ નાગરિક તરીકેની ભાવના પ્રવર્તી રહી છે? અરે વિશાળ એવી ખ્રીસ્તીઓની જાત આજે અવનીને ખૂણે ખૂણે પડી છે. અમૂક અંશ બાદ કરતાં તે કોમના પાદરીઓ ઠેર ઠેર શાળાઓ, ઉદ્યોગ, મંદિરો, દવાખાનાંઓ, વ્યાયામશાળાઓ સ્થાપી પોતાના સિધ્ધાંતોનું કેવું પધ્ધતિસર પ્રચાર કરી રહ્યા છે? તેઓ માનવ જાતિના હિત માટે તન, મન અને ધનથી કાર્ય કરી રહ્યા છે. જૈન કોમ દુનીયાને કંઇ સત્ય સુણાવવા માગતી હોય તો તેણે અવશ્ય આવું પદ્ધતિસર કાર્ય કર્યા સિવાય છૂટકો નથી.

જૈનો! જાગો અને જૈનત્વ દીપાવો.

# ૨૦૦૦૦ નું શું થશે ?

અંધેરીમાં શ્રીમાન દાનવિજયના પ્રમુખપણા નીચે હમણાં ઉપધાન થયાં અને તેમાં રૂા. ૨૦૦૦૦ ની ઉપજ થયાનું શ્રીમાનનું વાજીંત્ર "શુક્રવારીયું" તેના છેલ્લા અંકમાં પ્રગટ કરે છે. તે આનંદની વાત છે કે શાસનપ્રેમીઓમાં કેટલાક પૈસે ટકે દુઃખી છે અને પૈસા કમાવાને માટે કંઇક શાસનપ્રેમીઓ આંકફરક જેવા જુગારના ધંધા કરી દીનપરદીન સાફ થતા જાય છે, ત્યારે શાસનપ્રેમીઓનો ઉદ્ધાર કરવો બાજુએ રાખી, શ્રીમાન શાસનપ્રેમીઓનાં ગજવાં સાફ કરે છે અને તે થોડી ઘણી રકમથી નહિ, પણ રૂા. ૨૦૦૦૦ થીજ. શું મઝાનો તડાકો પડયો છે ને ? આ રૂપીઆ વિષે વિચાર આવતાં મેં મારા એક મિત્રને પૂછયું કે, "દોસ્ત, આ રૂા. વીસ હજાર જે ઘીનાં બોલાવીને ઉપધાનના વખતમાં ભેગા કર્યાં છે તે શામાં વપરાશે ?"

દોસ્ત–"ભાઇ જગદીશ, જોયું નહિ કે ગઇ સાલમાં શ્રીમાન દાનવિજયે પુસ્તકો છપાવવાં છે એમ અંધશ્રદ્ધાળુ જૈનોને સમજાવી લગભગ પોણો લાખ રૂપીઆ લાવેલા. તે બધા જે રીતે વાપર્યાં તે રીતેજ આ રૂપીઆ વળી વપરાવાના, એમાં પૂછે છે શું ?"

જગદીશ–"ભાઇ તું કહે છે તેમાં મને તો કંઇજ સમજ પડતી નથી."

દોસ્ત–"જો સાંભળ જગદીશ, ગયા વર્ષમાં અહીં જે કેસ ચાલ્યો હતો તેમાં કેટલાક રૂ. વપરાયા, વળી દીક્ષા લેનારાઓના માથે કરજ હોય તેમાં પણ ચુકવાય, જેને દીક્ષા આપવાની હોય તેના કુટુંબને પાછળથી કંઇક છાની રકમો પણ આપવી પડે, વળી છોકરાં સંતાડવામાં પણ વપરાય. આમ આ શ્રીમાનને રૂપીઆ વાપરવાના ઘણાએ રસ્તા છે."

જગદીશ–"પણ આ તો દેવદ્રવ્ય કહેવાય તેનું શું ?"

દોસ્ત–"ભાઇ તું તો એવોને એવોજ રહ્યો. આ શ્રીમાન અને તેમની પાર્ટી તો દેવદ્રવ્યની વ્યાખ્યાજ જુદી કરે છે."

જગદીશ–"એ વળી શું ?"

દોસ્ત–"દેવદ્રવ્ય" જૈનના કામમાં ન આવે. પણ તે દ્રવ્યથી કોર્ટના ઝઘડાઓ લડાય, છોકરાં સંતાડાય, છાની દીક્ષાઓ અપાય. બે પક્ષોને લડાવી એક પક્ષને પૈસા આપી પોતાના પડખે રખાય, વીર શાસન અને પ્રવચન ચલાવાય પણ જો જૈન દુઃખી હોય અને તેના ઉપયોગ માટે સાધારણ ખાતેથી પૈસા અપાય તે આ કહેવાતા સાધુને જરાએ પસંદ નથી. આ બધી રીતોમાંની ગમે તે રીતે આ રૂ વીસ હજારનું પણ કંઇક થશે.

જગદીશ–"પણ ભાઇ; આ પૈસા આપનારાએ શ્રીમાનને કંઇજ પૂછતા નહિ હોય કે તમે આ રૂપીઆનું શું કર્યું, અથવા શું કરવાના છો ?"

દોસ્ત–"એજ ખુબીની વાત છેને. આ શ્રીમાનની પાટ શોભાવી રહેલ "રામ" પોતાના પ્રવચનમાં કહે છે કે અમને (સાધુને) કંઇજ પૂછી શકાય નહિ, અમે જે કરીએ તે તમારા લાભને માટેજ કરીએ છીએ. અમારે કયાં મોટર ગાડીઓ દોડાવવી છે ? અમારે તો દીક્ષાજ આપવી છે. ભલેને ગમે તે રીતે આપીએ તેમાં તમને શું ? આવી રીતે (સાધુને ન પૂછી શકાય) કહીને બીચારા અજ્ઞાન મનુષ્યોને પોતાના પંજામાં સપડાવી તેમનાં ખીસાં ખાલી કરાવી મેં આગળ કહ્યું તેમ પૈસાનો ઉપયોગ કરે છે અને આ રૂપીઆનો પણ તેમ કરશે. એ કંઇ નવીન વાત નથી."

જગદીશ–"જો તારી ભવિષ્યવાણી ખરી પડે તો ગજબજ થયો કહેવાય."

દોસ્ત–"એવું કંઇજ છે નહિ. પોણો લાખ વપરાયા કહેવાય છે તેમજ આ વીસ હજારનું થશે. જોને વળી પાછા રામવિજય અહીંજ ચોમાસું કરવાના છે. તે અત્યારે તો પાલીતાણા તરફ પગ લંબાવી રહ્યા છે પણ પાલીતાણાની મુસાફરી કરીને તે શ્રીમાન વઢવાણ પોતાની સ્થાપેલી અને માનીતી સંસ્થાનું સંમેલન ઉજવી કેટલાક નવદીક્ષીતોનો વધારો કરી પાછા પોતાનાં પનોતાં પગલાં મુંબઇમાં કરશે અને લાલબાગને અપાશરો ગજાવશે."

જગદીશ–"અરે ભાઇ તું શું કહે છે ? બબ્બે ચોમાસાં તો અહીં કર્યાં અને વળી પાછા અહીંઆંજ ?"

દોસ્ત–"ભાઇ જગદીશ, તુંજ કહેને કે તે હવે ચોમાસું કયાં કરે ?"

જગદીશ–"દક્ષીણ તરફ અથવા તો મારવાડ તરફ તો જૈનો જૈન મટીને જૈનેતર થઇ રહ્યા છે ત્યાં ખાસ જૈન સાધુઓને જવાની જરૂર છે."

દોસ્ત–"ભાઇ, આ સાધુઓને તે તરફ ગએ પાલવે તેમ નથી. કારણ કે મુંબઇમાં સ્થાપેલી સોસાયટી બિચારી બાળકજ છે. વળી કદાચ શાસનપ્રેમીઓ શાસનધર્મ ભૂલી વિરોધી બને એવાં અનેક કારણોને લઇને તેમણે માની લીધેલું કેન્દ્રસ્થાન મુંબઇ કેમ છોડી શકાય ? વળી ગુજરાતના પાટનગર અમદાવાદમાં તો જવાય તેમજ નથી. પછી મુંબઇમાં ચોમાસું ન કરે અને ભેગા થએલા રૂપીઆનો ઉપયોગ મરજી મુજબ ન કરે તો બિચારા રામપ્રેમ દાન શું કરે ? ભાઇ જગદીશ, આપણે ફરી પાછા મળશું ત્યારે હું તને બતાવીશ કે મારી ભવિષ્યવાણી ખોટી પડી નથી. અત્યારે તો આટલુંજ બસ છે."

ઉપર પ્રમાણે મારા એક દોસ્ત સાથે થએલ વાતચીતનો ટુંક સાર અત્રે આપું છું અને અમે બે દોસ્તો ફરી પાછા મળશું ત્યારે મારા દોસ્તની ભવિષ્યવાણી ખોટી પડી છે કે કેમ ? તે લખીશ લી૦

જગદીશ.

## શ્રી જૈન દવાખાનું, પાયધુની મુંબઈ.

જાન્યુઆરી માસનો રીપોર્ટ : આ દવાખાનામાં ગયા જાન્યુઆરી માસમાં ૭૩૬ પુરૂષ દરદીઓ, ૭૧૭ સ્ત્રી દરદીઓ અને ૩૪૫ બાળક દરદીઓ મળી કુલ્લે ૧૭૯૮ દરદીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાસ દરદીની હાજરી ૫૮ ની થઇ હતી. બાઇ ડોકટરે ૨૬૯ સ્ત્રી દરદીઓની સારવાર કરી હતી.

**જોઇએ છે :** સુશિક્ષિત, ખાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવાર: ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો. અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો :

**ચીમનલાલ** ૮/૦ **શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.**

ભલતા માણસોએ લખવું નહિં.

# ખાદી વિરૂધ્ધ મુનિરાજ.

## બાધા આપવા પાડેલી ના.

સાણંદ તાબે ગોધાવી ગામમાં ગઇ તા૦ ૨૫-૧-૩૧ મહા સુદ ૬ ને રવીવારના રોજ ઉપધાન વ્રતધારીઓને માળ પહેરાવવાનું શુભ મૂહુર્ત હતું કે જે પ્રસંગે માળ પહેરાવનાર વ્યકિતને કાંઇને કાંઇ નીયમ (વ્રત) પોતાની ઇચ્છા મુજબ લેવાનું હોય અને તેવા વ્રત યા બાધા તે પ્રસંગે બીરાજતા મુની મહારાજોમાંના એક લેવરાવે છે. આ પ્રસંગે મ્હારે પણ મ્હારી બે બ્હેનોને માળ પહેરાવવાની હતી, તે પ્રસંગે મ્હને પણ બીરાજતા મુનીશ્રી મનહરવિજયજીએ કાંઇક વ્રત લેવાને જણાવ્યું. મ્હેં જીંદગી સુધી ખાદી પહેરવાની પ્રતિજ્ઞા માગી પણ કોણ જાણે શાથી તેઓશ્રીએ તે પ્રતિજ્ઞા મ્હને આપવાને ચોખ્ખી ના પાડી અને વધુમાં મને જણાવ્યું કે ખાદી પહેરવી તે ધાર્મિક વિષય નથી. જ્યારે મ્હેં તેઓશ્રીને ખુલ્લું જણાવ્યું કે વિલાયતી કાપડમાં ચરબી અને બીજા તેવા પદાર્થો વપરાતા હોઇ તે અંગે લાખ્ખો જીવોની હિંસા થાય છે તેનો બચાવ થાય તેને આપ શું ધાર્મિક વિષય નથી માનતા? ખાદી તૈયાર થવામાં કોઇ જાતની હિંસા નહિ થતી હોવાથી તે શુદ્ધ અને પવિત્ર છે. છતાં મહારાજશ્રીએ તેવી બાધા આપવાને ચોખ્ખી ના પાડી.

મ્હારી બીજી બ્હેનને માળ પહેરાવવાના વખતે ફરી પણ મને વ્રત લેવાને ના પાડી અને મ્હારી ઇચ્છા મુજબ વ્રત આપવાને ત્યાં હાજર રહેલા ભાઇ કેશવલાલ હેમચંદે મહારાજ સાહેબને કહ્યું ત્યારે મહારાજ મનહરવિજયજીએ જવાબમાં જણાવ્યું કે તેમને વ્રત લેવુંજ નથી. આ ઉપરથી મહારાજશ્રીને નમ્ર વિનતિ કરી મ્હારે ધ્યાન ખેંચવું પડયું કે આપશ્રી ખોટું કહો છો, મ્હેં વ્રત લેવાની ના પાડી છેજ કયારે, પણ આપજ આપવાની ના કહો છો, જયારે મહારાજશ્રીએ ખુલાસો કર્યો કે એમને ખાદી પહેરવા સિવાયની બીજી બાધા લેવી નથી. જે હું એમને આપી શકતો નથી. તેથી મ્હેં પણ ખાદી પહેરવાના વ્રત સિવાય બીજું કોઇ પણ વ્રત લેવાની અને મ્હારી બ્હેનોને મ્હેં માળ પહેરાવી. આ ઉપરથી મને ચોખ્ખું અને સ્પષ્ટ સમજાય છે કે મુનીશ્રી મનહરવિજયજી શુદ્ધ અને પવિત્ર ખાદી ખરબચડી અને જાડી હોવાથી તેમાં પવિત્રતા અને હિંસા માનતા નથી. પણ બારીક અને મુલાયમ પરદેશી કાપડ કે જે લાખો જીવોના ભોગે તૈયાર કરવામાં આવે છે તેમાં પવિત્રતા માનતા હોય તેમ જણાય છે.

જૈન કોમના વિદ્વાન વર્ગને વિનંતિ કે તેઓ આ બાબતમાં વધુ પ્રકાશ પાડી શકશે કે?

લી૦ **મણીલાલ હરખચંદ.**

ઠે૦ જુની કાલબાદેવી પોસ્ટ ઓફીસ સામે, મુંબઇ નાં૦ ૨.

**સમાચાર**- પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

## ગોધાવીના સમાચાર.

—(૦)—

**શુદ્ધિ:** અત્રેની વીશા શ્રીમાળીની જ્ઞાતિના ભાઇ મોહનલાલ નગીનદાસ જેમણે પાંચ વર્ષ ઉપર અન્ય સમાજની કન્યા સાથે લગ્ન કરેલ હોવાથી અત્રેની જ્ઞાતિએ તેવણુને જ્ઞાતિથી દુર કરેલા, તેને મહા સુદ ૬ ના રોજ ઉપધાનની માળના અંગે આચાર્યશ્રી સિદ્ધિસૂરીશ્વરજી અત્રે પધારેલા તેવણુને ઉપરની હકીકતની જાણુ થતાં બન્ને પક્ષોની હકીકત સાંભળી લીધા બાદ ભાઇ મોહનલાલને તેમના પત્નિ સાથે શુદ્ધ કરીને જ્ઞાતિમાં લેવરાવ્યા છે અને ભાઇ મોહનલાલ પાસેથી રૂા. ૩૫) પાંત્રીસ જ્ઞાતિને અપાવ્યા છે.

**મનહરવિજયનો દાવ:** અત્રે ઉપધાન કરાવવાને પધારેલા શ્રી મનહરવિજયજીના જાણવામાં આવેલું કે અત્રે સુપનની ઉછાણી અંગે જે ઉત્પન્ન થાય છે તેનો એક ભાગ જ્ઞાન ખાતે અને એક ભાગ સાધારણ ખાતે મહાજન ઘણા વર્ષોથી ખર્ચે છે તે રીવાજમાં ફેરફાર કરાવવા માટે પોતાના પાંચ સાત ભકતો સાથે સંકેત કરી રાખ્યો અને મહા સુદ ૭ મે સવારના વિહાર કરતી વખતે ગામની પાદરે ઉપદેશ દીધા પછી તેમના પાંચ સાત ભકતોએ અનેક માણસોના વચમાં બાધા લીધી કે 'જ્યાં સુધી સુપનની ઉત્પન્ન દેવદ્રવ્યમાં ખરચવાનો ઠરાવ ન થાય ત્યાં સુધી અન્ન પાણી બંધ છે.' મહારાજે પણ વિચાર કર્યા સિવાય બાધા આપી અને ભકતોની ટેક જાળવવા કે આકરી બાધાથી ઉભરાઇ આવેલ લાગણીના લીધે વિહાર મોકુફ રાખી મનહરવિજય ગામમાં પાછા ફર્યા અને બપોરના ટાઇમે મહાજન (સંઘ) ભેગું થયું. મહાજનમાં પણ કંઇક રસાકસી થઇ આખરે એક ભાઇએ કહ્યું કે આજથી દશ બાર વર્ષ ઉપર સદગત્ આચાર્યશ્રી બુદ્ધિસાગરજી મહારાજના ઉપદેશથી આપણે સુધરો કરેલો છે. અને તે પ્રમાણે વર્તીએ છીએ. આજે એક મહારાજ બીજું કહે, વળી કાલે આવનાર બીજા મહારાજ ત્રીજું કહે. એટલે આપણે સૌના કહેવા પ્રમાણે સુધારા કરે જવા અને મુળ સુધારાને વિખી નાખવો? શું! સદગત્ આચાર્યશ્રીએ વિચાર્યા વિના સુધારો કરાવ્યો હશે? માટે લગાર વિચાર કરો આખરે અત્રેના મહાજને ડહાપણ વાપરી જે પ્રમાણે સુપનની ઉત્પન્નનો વ્યય કરવાનો રીવાજ છે તે કાયમ રાખ્યો. મહાજનના કામમાં સમજદારી વાપરી ઉતાવળ કરવામાં ન આવે તો વધુ સારૂં. નાના ગામના મહાજનમાં એક સંપ હોય એ ઘટતી જતી સંખ્યા જોતાં ઘણું જરૂરનું છે.

**ખાદી પ્રત્યે સુગ:** એવો સાધારણ રીવાજ થઇ પડયો છે કે માળના મહુર્ત વખતે માળ પહેરાવનાર ભાઇને કંઇ પણ બાધા લેવી જોઇએ અને મોટો ભાગ બલ્કે બધા લે છે. તે પ્રમાણે ભાઇ મણીલાલ હરખચંદે પોતાની બે બ્હેનોને માળ પહેરાવી ત્યારે મનહરવિજયજીએ બાધા માટે કહ્યું કે તરતજ મણીભાઇએ અનેક માણસોની વચ્ચમાં હાથ જોડયા ને કહ્યું કે 'જીંદગી સુધી શુદ્ધ ખાદી પહેરવાની બાધા આપો.' ત્યાં મનહરવિજય કહે છે તે બાધા ન અપાય. ભાઇએ પ્રશ્ન કર્યો કે સાહેબ! પરદેશી કપડાંની કાંજી માટે લાખો પંચેન્દ્રીય પ્રાણીની ચરબી અને લોહીનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે મીલમાં બનેલા કાપડ પાછળ ભયંકર હિંસા છે, તે કપડાં અપવિત્ર છે, ત્યારે શુદ્ધ ખાદી પવિત્ર છે. તે પહેરવામાં અનેકગણું પુન્ય છે, છતાં તે બાધા આપવામાં આપ શાથી આનાકાની કરો છો? છતાં મહારાજે તો ઉડાઉ જવાબો આપીને બાધા નજ આપી. આ ઉપરથી મને તો લાગ્યું કે મહારાજશ્રીને મીલમાં બનતાં મુલાયમ કપડાંનો મોહ હોવાથી ખાદી પ્રત્યે સુગ હોય, પછી બાધા કેમ આપે?

# સાહિત્ય પ્રદર્શન—સમીક્ષા.

અમદાવાદના જૈન સાહિત્ય પ્રદર્શનથી જૈન સમાજ ભાગ્યેજ અજાણી હશે. ઘણાયે એ નજરે નહિં દીઠું હોય છતાં લાંબા લાંબા હેવાલ તો 'સમાચાર' ને 'શાસન'માં વાંચ્યાજ હશે. છતાં ઉજળુ એટલું દુધ માની લેવાનું નથીજ. એમાં જેમ જાણવાનું છે તેમ ત્યજવાનું પણ છે. દૂર દૂરથી પ્રાચીન સાહિત્ય મંગાવી જનતાને દર્શનનો લાભ આપવા રૂપ જેમ ઉત્તમ કાર્ય એ દ્વારા સધાયું છે તેમ કેટલાક વિકૃત પ્રસંગો ઉભા કરી જનતાને આડે રસ્તે દોરવાનું કાર્ય પણ કરવામાં ઉણપ નથી રાખી. આમ કરી 'સાહિત્ય પ્રદર્શન' જેવા એક સુંદરતમ પ્રસંગને પક્ષાઘાત પહોંચાડવા જેવું કર્યું છે.

પ્રદર્શનના મંડપમાં પગ મૂકતાંજ જે જાહેરાત આંખે આવે છે તે પરથી વિચારક હૃદય જરૂર પામી જાય તેમ છે કે પ્રદર્શનને નામે દેશવિરતિ સમાજને અને પેલી તકરારી યંગમેન સોસાયટીને આગળ આણવાનો પ્રયાસ સેવાયલો છે. સાહિત્યનો ઉપાસક સાહિત્ય સંબંધી વિવિધતા જાણવા યત્ન આરંભે છે ત્યાં તે વિદ્વાનોના જૂદા જૂદા દ્રષ્ટિબિન્દુઓના સ્થાને માત્ર દેશવિરતિ સમાજના આશયો અને એમાં આંખો મીંચીને વર્ષી જનાર શ્રીમાનોના નામો દેખે છે. એક રીતે કહીયે તો મંગળાચરણમાંજ સોસાયટીબાઈના લાંબાં લાંબા પોકળ પુરાણના ઓર્ડો અને હનુમાનના પૂંછડા સમા લાંબા લાંબા ઉદ્દેશો નજરે આવે છે. છાપાનો વાંચનાર તો તુરત પોકારી ઉઠે છે કે આતો યંગમેન સોસાયટીનો કેવળ દંભ છે. એ બાઈએ માત્ર સાગરજી ને પ્રવરજીની મોરલીએ નાચવા સિવાય શાસનનું કંઈ પણ લીલું કર્યું નથી. ઉલટા કલેશાગ્નિને વૃદ્ધિ પમાડવામાં ઘી હોમવાનું કાર્ય આચર્યું છે. શું સોસાયટી મેંબરના સભ્યો ગણાવવા કે દેશવિરતિ સમાજના પ્રમુખોના ફોટા લટકાવવા એ સાહિત્ય પ્રદર્શનનો વિષય છે કે? જો ફોટાની અભિલાષા છોડી શકાતી નહોતી તો સાથે સાથે એમના જીવન પણ આપી દેવા હતાને? એ વિરતિના આરાધકોએ સારાયે સમાજમાં કેવો કુસંપ પ્રજ્વલિત કર્યો છે એ જૈન સમાજથી છુપું નથીજ. ભલે પ્રદર્શનના ઓઠા હેઠળ એમને જનતામાં પ્રજ્ઞ પુરૂષો તરિકે જાહેરાત આપવાનો યત્ન સેવાય છતાં આંબ નિંબનો ભેદ પરખાયા વિના નથીજ રહી શકતો. આવી ચાલબાજીથી પાટણ, જામનગરના સંઘોના ઠરાવો જરા પણ ફેરવાય તેમ નથી. ભલે ફોટામાં કોઈ ચોપડી લઈ ધર્માત્માનો સ્વાંગ ભજવે વા કોઈ ધર્મના નામે પ્રવચન કરતો નયન પંથમાં આવે આમ છતાં જે સ્થિતિ પાટણ, જામનગર, ખંભાત આદિમાં વર્તે છે તેના નિમિત્તમાં શેઠ નગીનદાસ, પોપટલાલ કે કસ્તુરભાઈએ કેવા ભાગો ભજવ્યા છે તે જગજાહેર છે. એ ભૂતકાળનો ઇતિહાસ એમના દેશવિરતિપણામાં રહેલી તરતમતાની ઝાંખી કરાવી આપે તેમ છે. તેઓ જો એમ માની બેઠેલા હોય કે ઉકત સમાજના સભ્ય હોય તોજ દેશવિરતિ અને એમાં ધન આપે તોજ ધર્મી તો એમાં ભૂલ થાય છે. ઘણા એવા બિલ્લા વગરના વ્રતધારીઓ છે અને બીજા પણ હશે કે જેમના અંતરમાં નથી તો પક્ષાપક્ષીની આંધી કે નથી તો પોતે વ્રત ધારી છે માટે આગળ પડવાની ભાવના વ્રતના રૂપ માપવામાં માનવી કૃત કાંટા કાટલાં નકામાં છે. પછી તે દેશ વિરતિ રૂપે હોય કે અન્ય ગમે તે નામે ચલાવતા હોય! ઓલ ઇન્ડીયા યંગમેનનો 'ગાડર અનુકરણ' રૂપ ઇતિહાસ ઉકેલી પ્રદર્શનનુ મહત્વ ઘટાડવાનું ઉચિત નથી લાગતું એટલે તે પ્રતિ આંખ આડા કાન ધરી સાહિત્યના સાચા દર્શન કરતાં પૂર્વે ઉક્ત સંસ્થાની જાહેરાત કરતા હોલમાં ગોઠવેલા બે દ્રશ્યો સબંધે થોડું વિચારી લઈએ.

વસ્તુપાળ મંત્રીશ્વરે સાધુનું અપમાન કરનાર રાજાના મામાને શિક્ષા કરી હતી એ પ્રસંગનુ એક ચિત્રપટ તૈયાર કરેલું છે. એ પરથી મોટા અક્ષરે એવો સાર તારવ્યો છે કે—

સાધુનું અપમાન સાચો જૈન સહન નજ કરી શકે એવું અપમાન કરનારના આવી રીતે કાંડા કાપી નાંખે.

જૈન દર્શનનો પૂર્ણ અભ્યાસી આવો ભાવાર્થ હરગીજ નજ તારવે. આખાયે પ્રસંગને આવી રીતે ચિતરી વિરૂપ બનાવેલ છે. મંત્રીએ લીધેલ પગલું એ કેવળ સાધુના અપમાન માટે નહિં પણ એક નવિન સાધુની નજીવી ભૂલ માટે રાજવીના મામાએ કરેલ શિક્ષાના પ્રતિકાર રૂપે હતું. ખુદ ગુરૂશ્રીએ તો મંત્રીને મુનિના પ્રમાદથી ખમવું પડયાનું અને તે અમારો તો ધર્મજ છે એમ જણાવી વાતને મનમાંથી કહાડી નાંખવાનુંજ જણાવ્યું હતું; પણ મંત્રી જેવા પ્રબળ રાજ્યાધિકારીને પ્રતિભાસંપન્ન માનવીને સ્વત: વિચાર કરતાં, રાજાના મામાનું આ કાર્ય ભયંકર ભાસ્યું. એમાં ભુલના બદલા કરતાં સત્તાનો મદ વધુ પડતો દેખાયો. કાયદો હાથમાં લઈ ધર્મ પ્રત્યે રોષદર્શન કરાવતો તિરસ્કાર જણાયો એટલે તેની ખો ભુલાવવા અને ફરી તેવું નિંદ્યકાર્ય કોઈ કરવાની હિંમત ન કરે એ સારૂ કાંડુ કાપવા સુધીની હદે જવું પડયું મંત્રીએ નવિન સાધુની કસુરને છાવરવા લેશમાત્ર યત્ન સેવ્યો નથી, તેમ એ ઉપરથી એવો અર્થ તારવી નજ શકાય કે મુનિ ગમે તેવું આચરણ કરે છતાં ગૃહસ્થ યા શ્રાવક તેમને કંઇ પણ સુચના કે શિક્ષા નજ કરી શકે! તો પછી શ્રાવકોને સાધુઓના પિતાની ઉપમા આપી છે તેનો શું અર્થ? વળી ગમે તેવા ઉપસર્ગો સહન કરવાનું જે મુનિ માટે કહેવામાં આવ્યું છે તેનું શું કારણ? અલબત, એ ખરૂં છે કે શકિતસંપન્ન જૈન પોતાના ગુરૂનું હિત વિનાનું અપમાન ન સાંખી શકે છતાં સાથે એ પણ ચોકકસ છે કે ગુરૂ પણ દેશકાળ પર દ્રષ્ટિ કર્યા સિવાય અને સમજુ જૈનોની વાત પર લક્ષ્ય દીધા વગર ગમે તેવા માર્ગે ધર્મના બ્હાને ન કરવાના કાર્યો ધપાવે રાખે નહીં. ઉકત પ્રસંગનો રહસ્યમય ભાવને રખે કોઇ આજની ચાલી રહેલી ધાંધલ સાથે ભેળવી દે નસાડવા—ભગાડવાની પ્રવૃત્તિને આ દ્રષ્ટાન્ત સાથે કંઇજ લેવા દેવા નથી. આજે તેવા ગૌરવશાળી અમાત્ય પણ કયાં છે? અને રાજકાજ કે રાષ્ટ્ર પ્રવૃત્તિથી ભાગતા આપણા કેટલાક ઉપદેશકોએ આપણને રાજ્યમાં કે રાષ્ટ્રમાં અગ્રગામી થવાજ કયાં દીધા છે કે જેથી મંત્રીશ્વર જેવું પરાક્રમ દાખવી શકીએ? જ્યાં વ્યાયામદ્વારા બલાઢ્ય ને દ્રઢ મનોબળી થવાના કાર્ય સામે આડી દિવાલો ઉભી થાય છે ત્યાં ઉપરોકત પ્રસંગની આશા રાખવી એ શશશૃંગ સમ છે.

વસ્તુપાળના નામે ઝનુન ચઢાવી પરસ્પર વૈમનસ્ય વધારવા સારૂ તો આ ચિત્રપટ તૈયાર નથી કરાયુંને? એવી સહજ શંકા થાય તો તે અસ્થાને તો નજ ગણાય. "પ્રેક્ષક."

(ચાલુ)

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

ટ્રસ્ટીઓના દાર.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૭ મો.

સંવત ૧૯૮૭ ના મહા વદી ૧૪. તા૦ ૧૬-૨-૩૧

છુટક નકલ : ાા આનો.

## વઢવાણના વાયરા.

ચૈત્ર માસમાં શ્રી આયંબિલ તપનું ઓળી પર્વ અત્રે ઉજવવાનું છે એ વઢવાણના સૌભાગ્યનાઃ દીવસો છે. પણ સાથે સાથે પેલી અળખામણી સોસાયટી બાઇનું સંમેલન દેશવીરતી સમાજના નામે તેની ઝેરી પ્રચારકાર્ય પ્રવૃત્તિ માટે ભરાવાનું છે તેથી અત્રેની જૈન જનતા શોક અને ભયની નજરથી જોઇ રહેલ છે. કારણ કે ઘરે ઘેર કુસંપના વાવેતર ધર્મના નામે વાવવા એ એનું મુખ્ય કાર્ય છે.

હમણા હમણા તો અઠવાડીયામાં બે થી ત્રણ વખત અમદાવાદથી દીક્ષાના દલાલો ને ધર્મના નામે પેટ ભરનારાઓ, અત્રે આવે છે જાય છે. લાગવગો લગાડે છે અને લોકોને સમજાવે છે કે-"જુઓ તમારી નાતના તકરારનો ફેંસલો પેલા મુંબઇવાળા જીવાભાઇ શેઠે કર્યો છે, જે તમોએ કબુલ નહિ કરવાની જે નોટીસો આપી છે તે પાછી ખેંચી લ્યો. નહિ તો તે શેઠશ્રી? આ શુભ પ્રસંગ પર અત્રે આવી શકશે નહિ અને તેઓ સાહેબ ન આવે તો પેલા નગીનદાસ સંઘવી પણ કેમ આવી શકે? અને તેઓશ્રી ન આવે તો પછી શોભા કેમ આવે?" ત્યારે અત્રેના મુત્સદી ભાઇઓ જવાબ આપે છે કે-"ભલા ભાઇઓ! જીવાભાઇ શેઠ કે નગીનભાઇ શેઠ ન આવે તો ધર્મની શોભા ઘટશે નહિ, આયંબિલ તપનું ફળ ઓછું થશે નહિ. અહિંના દેરાસર કે ઉપાશ્રય જીવાભાઇ શેઠ ન આવે તો પણ ઉઘાડા રહેશે? કે જ્યાં ધર્મ આરાધન કરવાનું છે."

"જો! જો! હો? પેલા યુવક સંઘવાળો કોઇ આવે તો તેને ઉતરવા ઉતારો આપશો નહિ. તેઓ નાસ્તીક ને અધર્મીઓ છે. આવી આવી વાતો કરી અમૃતમાં ઝેર ભેળવે છે.

અત્રે પૂજ્ય મુનીવર શ્રી તીલકવિજયજી લીંબડીવાળા બિરાજમાન છે તેઓશ્રી વયોવૃધ્ધ સમતા ગુણી, જ્ઞાન ગંભીર શાંત મૂર્તી છે. અમદાવાદના સોસાયટીના બે સખ્સ ઉપર્યુકત કામ માટે આવેલા હતા તે વાંદવા આવેલા. તેમાંથી એક ભાઇએ દીક્ષા માટે ધાંટા પાડી બહુ બહુ વાતો કરી. તે વખતે બીજા અત્રેના બે ચાર શ્રાવકો બેઠેલા યતા, તેમાંથી એક ભાઇ જેમનું નામ મનસુખભાઇ જેરાજ છે તેઓએ કહ્યું કે "અમો દીક્ષાની વિરૂદ્ધ નથી. તેમ દીક્ષા પ્રત્યે વિરોધ નથી. પણ શાંતીપૂર્વક જે કાર્ય થાય તેમાંજ ધર્મની ને શાસનની શોભા છે. ત્યારે તે ભાઇ? (અમદાવાદી શાસનપ્રેમી?) એકદમ તાડુકી ઉઠયા, અને બોલવા લાગ્યા કે-આમ શાંતી શાંતી કરીને સત્યાનાશ કાઢી નાખ્યું. અને જોરથી બોલતા બોલતા મનસુખભાઇના માથા ઉપરથી એકદમ પાઘડી લઇ પોતાના પગ નીચે પાઘડી દબાવી રાખીને કહેવા લાગ્યા કે રાખો હવે શાંતી? આ વખતે મનસુખભાઇ શાંત રહી કંઇ બોલ્યા નહિ અને તે શાસનપ્રેમીની મર્કટ ચેષ્ટાને ગળી ગયા.

જે ભાઇ તરફથી ઓળી માટે આમંત્રણ અપાએલ છે. તેમણે અમદાવાદ સોસાયટીને કહેણ મોકલેલું કે-"અમારા ગામમાં અમારી નાતમાં બે પક્ષ હોવાથી કાર્યમાં જરા મુસ્કેલી જેવું છે. જો તમો દેશવીરતી સમાજને કોઇ અન્યસ્થળે ભરો તો તેનું સર્વ ખર્ચ અમો આપીશું અને ઓળી પર્વ સુખ શાંતી રૂપ અમો અત્રે ઉજવીશું." પણ સોસાયટીએ કહેવરાવ્યું કે "તેમ કરવાથી તમારો અને અમારો નોક જાય, માટે ગમે તેમ કરી સંમેલન વઢવાણમાંજ ભરો." આમ હકિકત બન્યાની વાત સંભળાય છે?

આમ સોસાયટીનો હઠવાદ થવાથી શેઠશ્રીને બધી વ્યવસ્થા કરવાની રહી. તેથી તેઓએ શ્રી સંઘને બોલાવી મદદ માગી છે. વાસણો અને ઉતારા માટે જેમ બીજાઓને શ્રી સંઘ મદદ આપે છે તેમ આ ધર્મ પ્રવૃત્તિના કાર્ય માટે મદદ આપવા શ્રી સંઘ કબુલ થએલ છે એમ સાંભળ્યું છે. પણ દેશવીરતી સમાજને નામે સોસાયટીનું સંમેલન ભરાવાનું છે તેમાં અત્રેનો સંઘ રાજી નથી; એટલે તે ભાઇ પોતાના તરફથી ભોજન કમીટી, ગરમ પાણીની કમીટી, ઉતારા કમીટી વીગેરે વ્યવસ્થા પોતાના સગા વહાલા અને અંગત સંબંધીઓની મદદથી કરી લેશે. તેમાં અત્રેના શ્રી સંઘને લેવાદેવા નથી, એમ સાંભળ્યું છે.

વઢવાણના શ્રી સ્થાનકવાસી જૈન સંઘને આ ભાઇએ એકત્ર કરી તેમની પાસે વાસણ ઉતારા વિગેરની મદદ માગી છે અને અત્રેના શ્રી સ્થાનકવાસી જૈન સંઘે બનતી મદદ આપવા મરજી બતાવી છે. આમ મદદો મંગાય છે અને અમદાવાદથી દલાલો આવે છે અને જાય છે.

લી૦ શ્રી. અર્હનસેવક.

## જૈનોની જાહેર સભા.

શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆ, મુંબઇ જૈન સ્વયંસેવક, મુંબઇ જૈન યુવક સંઘ, જામનગર ઓશવાળ યુવક મંડળ અને શ્રી આદિશ્વરજીના મંદિરના ટ્રસ્ટીઓના સંયુકત આશ્રય નીચે **પંડીત મોતીલાલ નહેરૂના** મૃત્યુ માટે ખેદ દર્શાવવા તા૦ ૯-૨-૩૧ ના દીને આદિશ્વરની ધર્મશાળામાં મળી હતી તે તે વખતે જુદા જુદા વકતાઓએ વિવેચન કર્યા બાદ પંડીત મોતીલાલજીના મૃત્યુને માટે ખેદ દર્શાવનારો ઠરાવ મીટીંગે શાંતિથી પાસ કર્યો હતો. પ્રમુખસ્થાન નગીનદાસ ટી માસ્તરને આપવામાં આવ્યું હતું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ટ્રસ્ટીઓનો દોર.

આપણા જૈન મંદિરો એ વ્યકિતગત મીલકત નથી પરંતુ સકળ સંઘની મીલકત છે અને ન્હાના અને મ્હોટા દરેક સમજે છે. એટલુંજ નહિ પણ દહેરાસરનો વહીવટ કરવા શ્રી સંઘ એકઠો થઇ ટ્રસ્ટીઓની નીમણુંક કરે છે. એ નીમાયેલા-વહીવટકર્તા ટ્રસ્ટીઓ પણ સમજે છે કે અમે જે મંદિરોનો વહીવટ કરીયે છીયે તે અમારા બાપુકી મીલકત નથી પણ શ્રી સંઘની મીલકત છે, અમે તો શ્રી સંઘના સેવક તરીકે ઓનરરી કામ કરનારા છીએ. છતાં કહેવત છે કે ' ઓછુ પાતરને અદકું ભણ્યો ને વઢકણી વહુએ દીકરો જણ્યો.' તેમ કોઈ ટ્રસ્ટી સત્તા ઉપર આવતાં સત્તાના મદમાં એવા તો ચકચુર બને છે કે જેઓએ તેમને નીમ્યા છે તેઓ કોઇ સુચના કરે અગર શ્રીમતિ કોન્ફરન્સ દેવી કે કોઈ પણ બીજી જૈન સંસ્થા અમુક સંજોગોને અનુસરી શ્રી સંઘના હિતાહિતનો વિચાર કરી અમુક સૂચનાઓ કરે ત્યારે અમુક ટ્રસ્ટીબાવાઓના નાકનાં ટેરવાં વાંકા થઇ જાય અને તે લોકો જે જવાબ આપે છે તે જવાબ વાંચતાં તેમની એકહથ્થુ સત્તા, અજ્ઞાનતા અને મદતા દેખાઇ આવે. અમોને મળેલા એક કાગળમાંથી નીચેના વાકયો તેના પુરાવા રૂપ છે.

"જવાબ લખવાની જરૂર બીલકુલ વધારવામાં આવતી નથી. તે બાબતને અંગે કોંગ્રેસના ફરમાનને બની શકતી સગવડપુર્વક માન આપવા અમો બંધાએલા છીએ માટે આ બાબતમાં આપે વચ્ચે માથું મારવું એ ચાલતી મહાન લડતને ધકો પહોંચાડનારૂં છે. માટે શું કરવું તેનો વીચાર અમારેજ કરવાનો છે માટે આ બાબતમાં અમો કોઇ પણ રીતનો તમોને ખુલાસો આપવા યા તમારા કહેવા પ્રમાણે કરવા બંધાયેલા નથી. પત્ર વહેવાર બંધ કરશો."

આવા બીજા કીસ્સા અમારી પાસે મોજુદ છે. પ્રસંગ આવતાં જનતા આગળ મૂકશું. તેમ સમાજના જે જે ભાઇઓને કે સંસ્થાઓને, ટ્રસ્ટીઓના દોરનો અનુભવ થયો હોય તે પૂરાવા અમારા ઉપર મોકલશે તો અમો પ્રસિદ્ધ કરશું. અથવા જાહેર કરશે તો તેમાંથી સમાજને ઘણો લાભ થશે.

## જૈનોની જાહેર સભાએ પંડિત મોતીલાલ નહેરૂ માટે પસાર કરેલો ઠરાવ.

રાષ્ટ્રના મહાન્ નેતા અસાધારણ ત્યાગ કરનાર, દેશ-સેવા ખાતર અનેક અગવડો સહન કરનાર. કારાવાસમા વૃદ્ધ ઉમરે જઇ અનેક કષ્ટો સહન કરનાર તેમજ સાધારણ કુનેહ, આવડત અને બુદ્ધિચાતુર્યથી મહાન્ સૈન્યાધિપતિ તરીકે હિંદ મૈયાની સેવા કરનાર પંડિત મોતીલાલ નહેરૂના હિંદની અત્યારની કટોકટીના અવસરે થએલા અવસાનના સમાચાર સાંભળી સમસ્ત હિંદ સાથે જૈન કોમને પણ ભારે દુ:ખની લાગણી થઇ છે. પંડિતજીનો ત્યાગ અદ્વિતીય હોઇ પ્રશંસાને પાત્ર છે. અને તેઓની ધારાસભાની લડત યાદગાર હોવા સાથે તે સભાનો ત્યાગ પણ એટલોજ અર્થસુચક છે. એમનું અવસાન થતાં દેશને ન પૂરી શકાય તેવી ખોટ ગઇ છે. તેની નોંધ આજની આ સભા અત્યંત ખેદ સાથે લે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘની જનરલ મીટીંગ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની જનરલ મીટીંગ તા૦ ૧૪-૨-૩૧ ના રોજ રાત્રે ૮ (સ્ટા. ટા.) વાગે શ્રી જૈન યુવક સંઘની ઓફીસમાં ભાઇ ઉમેદચંદ દોલતચંદ બી. એ.ના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચે પ્રમાણે કામકાજ થયું હતું.

(૧) ઓડીટ થએલો હિસાબ વંચાયા બાદ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

(૨) કાર્યવાહક સમિતિમાં નીચેના સભ્યોને ચુંટાયલા જાહેર કરવામાં આવ્યાં હતાં.

(૧) ભાઇ ઉમેદચંદ દોલતચંદ બરોડીયા.
,, ભીખાભાઇ ભુદરદાસ કોઠારી.
,, ચંદુલાલ ટી. શાહ.
,, મહાસુખલાલ હરગોવન્ દોશી.
,, હીરાલાલ લલ્લુભાઇ.
,, અમીચંદ ખીમચંદ શાહ.
,, ગીરધરલાલ બાપુલાલ
,, લક્ષ્મીચંદ મંછુભાઇ.
,, મનસુખલાલ હીરાલાલ લાલન.
,, નગીનદાસ જગજીવનદાસ.
,, કકલભાઇ ભુદરભાઇ વકીલ.
,, મણીલાલ મોકમચંદ શાહ.
,, ચીમનલાલ મોતીલાલ પરીખ.
,, વાડીલાલ આશાલાલ શાહ.
,, વીરચંદ પાનાચંદ શાહ.
,, વલ્લભદાસ ફુલચંદ શાહ.
,, જમનાદાસ અમરચંદ ગાંધી.
,, રતીલાલ ચીમનલાલ કોઠારી.
,, ઠાકોરદાસ પી. શાહ.
,, પરમાનંદદાસ કુંવરજી કાપડીયા.

(૨) સેક્રેટરીઓ તરીકે નીચેના ચાર ભાઇઓની ચુંટણી કરવામાં આવી હતી.

ભાઇ જમનાદાસ અમરચંદ ગાંધી.
,, અમીચંદ ખીમચંદ શાહ.
,, રતીલાલ ચીમનલાલ કોઠારી.
,, મણીલાલ મહોકમચંદ શાહ.

ઓડીટરો તરીકે નીચેના બે બંધુઓને ચુંટી કહાડવામાં આવ્યાં હતાં.

ભાઇ કાન્તીલાલ ઇશ્વરલાલ મોરખીયા.
,, શીવલાલ નરપતલાલ મણીયાર.

---

ગત વરસના કાર્યનો રીપોર્ટ હવે પછીની જનરલ મીટીંગમાં રજુ કરવાનું મંત્રીઓને સુચવવામાં આવ્યું હતું. કેટલાક સામાન્ય વિવેચન થયા પછી પ્રમુખશ્રીનો આભાર માની મીટીંગ બરખાસ્ત કરવામાં આવી હતી.

# જૈન સાહિત્ય પ્રદર્શન ને મારી મુલાકાત.

જૈન સાહિત્ય પ્રદર્શન અંગે જાહેર છાપાઓમાં આવેલા લેખો અને જાહેરાતો ઉપરથી પ્રદર્શન જોવાની ઇચ્છા તો થયેલી તે અરસામાં અચાનક વડોદરે જવાનું થવાથી પાછા ફરતાં પ્રદર્શન જોવા અમદાવદ ઉતર્યો, જેવી ગાડી પ્લેટ ફોર્મ ઉપર આવી કે નાટક, સીનેમાની જાહેરાત પેઠે જાહેર ખબરના હેન્ડબીલો ડબ્બાઓમાં ફેંકવામાં આવ્યાં. તે વાંચતાં જેવો સ્ટેશનથી આગળ વધ્યો કે ઠેર ઠેર મોટા પોસ્ટરો જાહેરાત માટે લગાડેલાં નજરે પડતાં હતાં. આ ઉપરથી એમ તો કહેવું પડશે કે જાહેરાત માટે સારી મહેનત લેવાઇ છે. પણ પ્રદર્શન અંગે કેવી મહેનત લેવાઇ છે તે જોયા પછી વાત, આવા વિચાર કરતો ઉતારે પહોંચ્યો અને બીજે દિવસે સવારે તૈયાર થઇ ભગુભાઇના વંડે પહોંચ્યો અને એક આનાની ટીકીટ લઇ પ્રદર્શનમાં દાખલ થયો. ત્યારે ગીરદી જેવું નહિ હોવાથી સારી રીતે જોઇ શકાશે એ વિચારે આગળ વધ્યો.

શરૂઆતના વિભાગમાં દાખલ થતાંજ પેલી પ્રખ્યાત જૈન સોસાયટીનું પાટીયું નજરે પડયું, ને પુછપરછ કરતાં જણાયું કે આ બધી મહેનત તે સોસાયટીનીજ છે. પ્રથમ વિભાગની ભીંતો ઉપર નાની મોટી છબીઓ નજરે પડી ત્યાં મારા મનમાં વિચાર થયો કે જૈન સમાજના સાક્ષરો કે સાહિત્યકારોના અથવા તો જૈન સાહિત્ય પાછળ ધનનો ભોગ આપનાર નરોના ફોટા હશે. પણ જેવો આગળ વધ્યો અને બીરદાવળીના લખેલ લખાણ વાંચતો ગયો ત્યારે સમજાયું કે આ તો સોસાયટી અને દેશવીરતી સમાજના પ્રમુખો અથવા તે સસ્થાઓને પોષનારાઓ તરીકે ગોઠવ્યા હશે! નહિ તો સાહિત્ય પ્રદર્શનમાં આ ફોટાઓને શું સ્થાન હોય! પછી અયોગ્ય દિક્ષા સામે વિરોધ કરનાર જનતાને ભોળવવા કે બાળદિક્ષાની જાહેરાત ખાતર માબાપો અને વડીલોની અવગણના કરીને દિક્ષા લેનારાઓનું એક ચિત્ર ચીતરાવી ગોઠવ્યું હતું. તેમ સાધુઓની નિંદા કરનારાઓ માટે હાથ કાપવાનું દ્રષ્ય વસ્તુપાળ ચરિત્રમાંથી લઇ તેને ચિતરાવી ગોઠવેલું.

હાથ કાપવાનું દ્રષ્ય રખે કોઇ જોયા વિના રહી જાય તેથી તેને વિજળીની બત્તીઓથી ખુબ પ્રકાશીત કરેલું. સાથે એક માણસને ઉભો રાખેલો ને તે સમજાવતો કે 'સાધુઓની નિંદા કરનારના આવી રીતે હાથ કપાય છે,' આ ચિત્ર જોવામાં મન પરોવાતું ગયું તેવોજ વિચાર આવ્યો કે વિસ્તુપાળના ચરિત્રમાંથી તો વિરતા, ધિરતા, સમાનતા, ધાર્મિકતા, મુત્સદ્દીગીરી, ઉદારતા, વિગેરે ગુણોથી તેઓએ હજારો જૈનમંદિરો, જૈનેતરમંદિરો, ધર્મશાળાઓ, દાનશાળાઓ, જ્ઞાનભંડારો, વાવો, તળાવો, કુવાઓ, બ્રહ્મશાળાઓ, સેંકડો વિદ્યાપીઠો અને હજારો પાઠશાળાઓ પાછળ કરોડો રૂપીઆ ખર્ચી જગતનું અને તેમનું કલ્યાણ સાધેલુ તેમાંથી સાહિત્ય પ્રદર્શનને બંધબેસતાં ઘણાં દ્રષ્યો જેવાં કે જ્ઞાનભંડારો, વિદ્યાપીઠો કે પાઠશાળાઓમાંના દ્રષ્યોના બદલે હાથ કાપવાનું (સાધુએ રાજા વીરધવલના મોંમાં સિંહ ઉપર જાણે કે અજાણે કચરો નાંખવાથી સિંહ ઉશ્કેરાઇ મુનિરાજને મારી ચાલ્યો જાય છે, આની વસ્તુપાળને ખબર પડતાં **વીર** મનુષ્ય મારફતે સિંહ (રાજાના મામા)નો કરચ્છેદ કરાવવામાં આવે છે, આથી વાત વિપરીત થાય છે, રાજા મંત્રી વચ્ચે હથિયાર ખણખણવાના પ્રસંગ આવી ચડે છે, છેવટે રાજગુરૂ વચ્ચે પડી સંધી કરાવે છે ને સુલેહ થાય છે) દ્રષ્ય ગોઠવી સાધુની નિંદા કરનારને ચેતવણી આપનાર લાગ્યું. તેવોજ વિચાર આવ્યો કે જેઓ ચારિત્રના ખપી છે, જેનામાં સાચી સાધુતા છે, જેઓના અંતરમાં પ્રભુના શાસન માટે ઉંડી દાઝ છે, તેમની તો નિંદા હોયજ શાની! તેમના તો ચરણમાં મસ્તક ઝુકે છે. ત્યારે જેઓને પંચમહાવ્રતની પરવા નથી, જેની જીભપર સંયમ નથી, જે પ્રભુના લાખો સંતાનોને ગધેડાના છોકરાં તરીકે સંબોધે છે, જે પુરૂષોને છોકરા થવાની આગાહી કરે છે, જે ભાઈભાઇનાં માથાં ફોડવાનો ઉપદેશ કરી હિંસાને પોષે છે, જે દંભ, અસત્ય અને કાવાદાવાનાજ ધંધા કરી રહ્યા છે, જે સમાજની હસ્તી નાબુદ કરવાના અંગારા વેરી રહ્યા છે, જેઓ હજારોના ફંડ રખાવતા હોય આવા સમાજના રોટલે તગડા થનાર ચારિત્રહિણના રક્ષણ માટે તો આ દ્રષ્ય નજ હોય. તેવાઓ પાસેથી તો પ્રભુનો વેશ ખુંચવી લઇ કાનપટ્ટી પકડી અપાસરા બહાર ધકેલી મૂકવા જોઇએ. તો પછી આ દ્રષ્ય ગોઠવવાનો હેતુ શો હશે? શું! વૈર વિરોધને પોષવા તો નહિ તૈયાર કર્યું હોય? રખે કોઇ અક્કલનો ઓથમીર આવેશમાં આવી જઇ કોઈના હાથ, પગ કાપવા જવાની ગુંડાશાહી કરે તો વગર ભાડાની ઓરડીના સળીયા પાછળ પુરાઇ જવું પડે પણ ખરૂં! આવા વિચારમાં ને વિચારમાં તેવા નકામા ચિત્રમાં મન ન પરોવતાં આગળ વધ્યો. ત્યાં જૈન યુવાનની દીલભાવનાનું ચિત્ર, ચૈત્ય અને પ્રભુપર સદાના દેખાવો, જેમ પેલા કાંડા કાપવાના ચિત્રને સમજાવનાર ભાઇ ઉભેલા તેવી રીતે અત્રે કોઇ સમજાવવા ઉભું નહોતું પણ પાઇ પૈસો મૂકવાની બુમ મારનાર ઉભા હતા. ત્યાંથી આગળ વધ્યો ત્યાં પુસ્તક મૂકવાનાં જુદી જુદી કોતરણી અને કારીગરીવાળાં સાધનો મૂકવાના નમૂનાઓ કાગળ ઉપર હસ્તથી લખાયેલાં પુસ્તકો તેમજ દેવ દેવીઓના ચિત્રો જોતાં પ્રભુ મહાવીરના ચિત્ર પાસે આવીને ઉભો રહ્યો, જે ચિત્રમાં પ્રભુના કાનમાં ગોવાળીયા ખીલા મારે છે અને કાનમાંથી લોહી નહિ વહેતાં દુધની ધારાઓ વહે છે. એ દેખાડવા ધોળા રંગની ધારાઓ ચીતરી હતી. તેમ ચિત્ર સમજાવનાર કહેતા 'લોહી નહિ વહેતાં દુધની ધારા વહે છે, હાલના કાળમાં આવો ચમત્કાર જોવો હોય તો તૈયાર છે. આચાર્ય લબ્ધિસૂરીના એક શિષ્યના માથામાંથી ચોખા નીકળે છે, દીક્ષા પહેલાં તેના માથામાંથી ફુલ ઝરતાં હતાં,' આ સાંભળી આ કળીયુગની આવી નવી નવાઇ જોવાની ઇચ્છા થઇ, તેથી આપણે તો પૂછયું, ભાઇ ને શિષ્યને કયાં ગોઠવ્યા છે? 'તેઓ અહિં નથી, પણ આચાર્ય પાસે ઉપાશ્રયે જઇને જોઇ આવો.' સાથે પાઇ પૈસો મૂકવાની પણ ભલામણ થતી તેમ બાજુના પુસ્તકોની પૂજા કરાવવા વાસક્ષેપ અને પાનાની ગોઠવણ કરેલી ત્યાં પણ એક ભાઇ પૂજાની ભલામણ કરતા અને કહેતા કે 'આ પૈસા સાધારણ ખાતે જવાના છે.' આ સાંભળીને વિચાર થયો કે બોલનાર ભૂલ કરતા હશે, એટલે બીજીવાર પૂછયું, ત્યારે પણ એજ જવાબ મળ્યો, એટલે પાકી ખાત્રી થઇ. ચાલો જે તેમના ગુરૂઓએ આ ગોઠવણ કરાવી છે, તે આવો

સુધારો કરાવે છે તે નવી નવાઇ! શું! જમાનો ઓળખ્યો? કંઇ નહિ, ચાલો. એમ વિચારમાં જેવાં પગલાં ઉપાડું ત્યાં પેલા ભાઇ ફુલની ને ચોખાની કથા બીજાને સમજાવતા સાંભળી વિચાર આવ્યો કે પ્રભુને ખીલા ઠોકવાના મહા ઉપસર્ગનો ટુંકો ઇતિહાસ સમજાવવામાં વખત લીધો હોત તો જોનાર ઉપર ઘણીજ ઉંડી અસર થાત, પણ તેના બદલે લબ્ધિવિજયના શિષ્યના ફુલ ને ચોખાની જાહેરાતમાં વખત ગુમાવતાં લોકો હસતા ને આગળ વધતા તેમ હું પણ આગળ વધ્યો.

પ્રભુ મહાવીરના નિર્વાણ પછી લગભગ નવસો વર્ષે પુસ્તકારૂઢ કરનાર આચાર્યદેવશ્રી દેવર્દ્ધીક્ષમાક્ષમણ વચમાં બીરાજેલા. આજુબાજુ ૫-૬ મુનિરાજો અને લહીઆનાં બાવલાં બનાવી ગોઠવણ ઠીક કરી છે પરંતુ તેની આજુ-બાજુનું વાતાવરણ તેજ જમાનાનું હોત તો વધારે શોભત. પરંતુ તેવી ગોઠવણ નહિ કરતાં વીસમી સદીનું વાતાવરણ ઉભું કરેલું. દાખલા તરીકે આચાર્યશ્રીની આજુબાજુની દીવાલોના ચિત્રમાં સુંદર કબાટો અને બાઇન્ડીંગવાળા પુસ્તકો. આવા વિરોધાભાસથી ચિત્રમાં વિચિત્રતા લગતી, એટલે સમજુઓ ભુલ કહાડતા અને બેઠેલા ભાઇને પુછપરછ કરતાં. આગળ વધતાં શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય એક બાજુ પોતાનાં શિષ્યોને પાઠ આપે છે. બીજી બાજુ લહીઆઓ પુસ્તકો લખવામાં રોકાયેલા છે. આ દ્રષ્ય હાલનાં મુનિરાજોમાં જેઓ પોતાના શિષ્યોને ભણાવવા માટે જૈનેતર પંડીતો રાખી હજારો રૂપીઆ ખરચાવે છે તેવાઓને બોધ લેવા સરીખું છે.

અહિંથી આગળ વધતાં સાહિત્યનાં-જ્ઞાનનાં દર્શન થાય છે. તેમાં ઘણા પ્રાચિન પુસ્તકો એકઠાં કરી ઉત્તમ રીતે ગોઠવ્યાં છે. ત્યાં આગળ વધ્યા કે શ્રી આગમનાં એટલે જૈન શાસ્ત્રનાં દર્શન થાય છે. આ વિભાગને ઘણોજ સુંદર રીતે સણગારવામાં આવ્યો છે. એટલે સોના ચાંદીના કસબથી ભરેલા ભભકાદાર નવા પુંઠીયા ચંદરવા, સોના ચાંદીના રમકડાં અને વીજળીની રોશની ગોઠવણ વિગેરેથી આ વિભાગ ઘણોજ સુંદર શણગારેલો ગણાય. તેમ પુસ્તકો નીચે મોટા બોર્ડ ઉપર આગમનું નામ, કેટલી ગાથા, કોની ટીકા, વિગેરે ઉપયોગી માહિતી લખી હતી. છતાં દુર ઉભા રહીને નોંધી લેવાની મનાઇ હતી. વધારે પુછપરછ કરતાં છેલ્લો હુકમ નીકળતો કે કમીટીનો હુકમ નથી. ત્યાંજ સાંભળ્યું કે રા. મહાસુખભાઇને પણ અટકાવેલા. અરે! શ્રી વિજયનેમીસુરીશ્વરજીને પાનાં જોવા માગતાં નહિ આપેલાં, ત્યાંજ આપણે તો પેનસીલ કાગળ થેલીમાં મુકયાં ને વિચાર થયો કે શાથી આવો ઓરડીનન્સ પાસ કર્યો હશે?

આ સિવાય પ્રદર્શનમાં રા. માણેકલાલભાઇએ સંઘમાં લઇ જવા બનાવેલું ચાંદીનું દહેરાસર, ઇન્દ્રધ્વજવાળી ચંદીની ગાડી પણ શોભામાં વૃદ્ધિ કરતાં હતાં; પણ નવાઇ જેવું તો એ લાગ્યું કે માણેકલાલભાઇના પુત્ર રાજેન્દ્રકુમારને સગાં સ્નેહિઓ તરફથી ભેટ તરીકે સોના ચાંદીના મળેલ રમકડાંને પ્રદર્શનમાં ગોઠવવાનો શો હેતુ હશે? સોના ચાંદીના રમકડાં પ્રદર્શનની શોભા માટે મુકયાં હશે કે જાહેરાત માટે મુકયાં હશે?

આ પ્રમાણે પ્રદર્શન નિહાળતો, વિચારતો બહાર નીકળું છું ત્યાં સાંભળ્યું કે 'જે હેતુ માટે આટલી મહેનત કરી હતી તેમાંનો એક બર આવશે. પણ એકે ન આવ્યો. આનો વિચાર કરતાં સમજાયું કે, સોસાયટીની જાહેરાતનો હેતુ થોડે ઘણે અંશે બર આવ્યો ગણાય. પણ પુરતો બર કયારે આવે? આશાતના થવા જેવી વસ્તુઓ રહેવા દઇ પેલો સોસાયટી વિભાગ વિ. ગોઠવી રેલ્વે કે મોટર લોરીઓ મારફત ગામડે ગામડે અને શહેરે શહેર ફરતું પ્રદર્શન રાખવામાં આવે તો સારી જાહેરાત થાય. બીજો હેતુ સાધુ સંમેલનના બાના નીચે આચાર્ય વિજયવલ્લભસુરિને દુર કરવાનો હતો તે આચાર્ય વિજયનેમીસુરિશ્વરજી અને આચાર્ય વિજયનિતિસુરિશ્વરજીએ ન્યાયના રસ્તે રહી ચોખ્ખી વાત કરી એટલે સંમેલન થયું નહિ અને જે હેતુ સાધવો હતો તે ન સંધાણો. આ બે હેતુ લાગ્યા. બાકી દુર દુરથી પ્રાચીન સાહિત્ય મંગાવી જનતાને દર્શનનો લાભ આપવાનું જે કાર્ય કર્યું છે તે પ્રશંસનિય છે. બાકીનો ઘણો ભાગ કંટાળો આપનારો અને અમુક હેતુ-થીજ ગોઠવેલો લાગવાથી નકામો હતો હું પ્રદર્શનમાંથી કંઇ પણ સંતોષ લઇને બહાર નીકળ્યો હોઉં તો ફકત પ્રાચિન સાહિત્ય, આગમ વિ નાં દર્શનનો લાભ.

**રમેશ એમ. મહેતા.**

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખક: **રતિલાલ ભીખાભાઇ.**

---

**(દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે.)**

**પાત્રો:-**

જૈન ખેડુત-(યંગમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

**તેની સ્ત્રી-તેનો દાદો-તેની દાદી-છોકરા-છોકરીઓ પાડોશી.**

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:-

**(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા.)**

**સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી**

તેનો મંત્રી.

**ભપકાદાર સેતાન-બટુક.**

**બીજો સેતાન-બટુક.**

**ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન-બટુક.**

**પહેરેગીરો અને દ્વારપાળો.**

## અંક પહેલો.

જૈન ખેડુત-(ખેડે છે-આકાશ સામું જોઇ) બપોર થયા. હળ છોડવાનો વખત થયો. ચાલ, આગળ ચાલ. થાકી ગયો? ગરીબ બિચારૂં પ્રાણી! એક વધારે ફેરો અને ફરી પાછો આવ એટલે છેલ્લો ચાસ પુરો થશે. પછી જમવાનું. રોટલો સાથે લઇને આવ્યો એ ઠીક કર્યું. હું ઘેર જવાનો નથી; પણ કુવા પાસે બેસીને રોટલાને ન્યાય આપી જરા આરામ લઇશ, અને બળદ એટલામાં આમતેમ ચરશે. પછી નસીબની મહેરબાનીથી ફરી કામ ઉપર અને વખતસર ખેડ પુરી થશે.

(એક બટુક-સેતાન પ્રવેશ કરે છે અને એક ઝાડની પાછળ સંતાઇ જાય છે).

બટુક સેતાન-જુઓ કેવો સાદો માણસ છે. પરમાત્માનુંજ નામ લીધા કરે છે. નસીબની મહેરબાની ઉપરજ પુરૂષાર્થ કરનાર છે. થોડા વખતમાં સેતાનનું નામ લેવડાવતો કરૂં તોજ

ખરો હું? રોટલો હું લઇ લઉં છું! ભુખ્યો જરૂરાજરૂર મને યાદ કરશે.

(રોટલો લઇ લે છે. ઝાડ પછાડી સંતાય છે. ખેડુત શું કરે છે તે તપાસ્યા કરે છે).

ખેડુત-(બળદને છોડી નાંખે છે) ઘરવાળીએ રોટલો તો મોટો ખાવા લાયક કરી આપ્યો છે. આખો ખાતાં ઘણી મજાહ પડશે. રોટલો ખાવા માટે ચાલ કપડામાં વીંટેલો છે તેને ખોલું. કપડાંમાં ઢાંકેલો રોટલો દેખાતો કેમ નથી? શું થઇ ગયું?

બટુક શેતાન-(ઝાડ પાછળથી મનમાં) હવે ખોલો બચ્ચા ખોલો.

ખેડુત-રોટલો દેખાતો નથી, એ ઘણી અજાયબીની વાત છે. પક્ષીઓએ લીધો હોય તો જરૂર ટુકડા પણ દેખાય? અહીંયાં ટુકડા નથી માટે જરૂર કોઇ લઇ ગયું હોય એમ દીસે છે.

બટુક સેતાન-(ડાફોયું કરે છે) હવે જરૂર એ સેતાનને ગાળો ભાંડશે.

ખેડુત-ફિકર નહીં. એથી કાંઇ હું ભુખે મરી જવાનો નથી. જો કોઇએ લીધો હોય કે ખાધો હોય તો ખાનારનું ભલું થજો.

બટુક સેતાન-(શું કે છે.) કમબખત, ગાળો ભાંડવાને બદલે ખાનારનું ભલું થાય. હવે કરવું કેમ?

બટુક સેતાન-(ઝાડીમાંથી બહાર આવે છે.) મુખીને ઉર્ફે પરમાધામીને જવાબ શું આપીશ તે સમજણ પડતી નથી. મુખી કહે છે તું નરકમાં પુરતા જૈન ખેડુતોને લાવતો નથી. જોને, દરરોજ કેટલા બધા વહેપારીઓ, અમીર લોકો, સંખ્યાબંધ આવે છે અને જૈન ખેડુતોની સંખ્યાજ ઓછી આવે છે તેથી જૈન ખેડુતોને ફસાવવા કેવી રીતે? એને પકડવાની કોઇ પણ રીત નથી. મેં એનો છેવટનો રોટલો ચોર્યો છતાં સેતાનને ગાળો ન દીધી. શું કરવું એ મને સમજણ પડતી નથી. ઠીક મારે જઇને નિવેદન તો મુખીને જરૂર કરવું જોઇએ.

(અદ્દશ્ય થાય છે.)

(અંક પહેલો પુરો.)

## અંક બીજો.

સેતાનનો મુખી ઉર્ફે પરમાધામી-(ઉચ્ચે આસને બેઠેલો છે.) કંટાળી ગયો છું. ઘણા કામ બાકી છે કોના નિવેદનો આવ્યાં, બાકી કોના છે?

મંત્રી-(આંગળીના વેઢા ગણે છે.)

અમીરી લોકોમાં નિમેલા સેતાનનું નિવેદન આવી ગયું છે. વહેપારીઓના સેતાન તરફથી, અમલદારોના સેતાન તરફથી પણ નિવેદન મળી ગયું છે. ફકત બે સેતાનો રહી ગયા છે. વકીલોનો અને જૈન ખેડુતોનો.

મુખ્ય સેતાન-વારૂ આજેજ આપણે બધું કામ ખલાસ કરી દઇએ. (દરવાનને) એ લોકોને દાખલ કરો.

વકીલોનો સેતાન પ્રવેશ કરે છે અને મુખીને સલાસ ભરે છે.

મુખ્ય સેતાન-વારૂં, તમારૂં કામ કેમ ચાલ્યું?

વકીલોનો બટુક સેતાન- બરોબર કામ મારાં છે,
મસી સરખાં એ ધોળાં છે.

મેં મારી કાર્કીદીમાં હજુ સુધી હમણાં પકડયા તેટલી સંખ્યા કોઇ પણ દીવસ પકડી નહોતી.

મુખ્ય સેતાન-શું? તેં એટલા બધા પકડયા છે?

વકીલોનો બટુક સેતાન-એ એટલા બધા અફલાતુન માણસો છે કે સેતાનોને પણ શરમાવી દે. જો કે મેં પકડેલી સંખ્યા એટલી બધી વધારે નથી પણ તે લોકો કોઇથી ફસાય નહી તેટલા માટે હું મારી સંખ્યાનો આંકડો વધારે ગણી શકું

મુખ્ય સેતાન-વારૂ, પછી હું એમને જોઇશ. તું હમણાં જા. (વકીલોનો સેતાન જાય છે.)

મુખ્ય સેતાન-(દરવાનને) છેલ્લાને દાખલ કરો. (ખેડુતોનો બટુક-સેતાન પ્રવેશ કરે છે. તેના હાથમાં રોટલો છે. છેક જમીન સુધી વાંકો વળીને સલામ મુખીને કરે છે.)

ખેડુતનો સેતાન-આ રીતે હું લાંબો વખત રહી શકીશ નહી. મને બીજું કામ સોંપો.

મુખ્ય સેતાન-બીજું શું કામ? શેનો બડબડાટ કરે છે? ઉભો થા, અને કાંઇક સમજાય તેમ બોલ. તારૂં નિવેદન લાવ. ચાલુ સદીમાં તેં કેટલા જૈન ખેડુતોને પકડયા?

ખેડુતોનો સેતાન-(રડતો) એક પણ નહી.

મુખ્ય સેતાન-શું? એક પણ નહી? કયાં રખડતો હતો?

ખેડુતોનો સેતાન-(ગણગણાટ કરતો) હું રખડતો નહોતો. ખેડુતનો રોટલો લીધો. ગાળો ભાંડવાને બદલે લેનારનું ને ખાનારનું ભલું થાય એમ બોલ્યો.

મુખ્ય સેતાન-બડબડાટ સાનો કરે છે? નાક સાફ કર, અક્કલ ઠેકાણે રાખીને બોલ.

ખેડુતોનો સેતાન-સાંભળો, એક ખેડુત ખેડતો હતો. મને ખબર પડી કે તેની પાસે ફક્ત એકજ રોટલો છે. બીજું ખાવાનું નથી. મેં રોટલો ચોરી લીધો. નિયમ પ્રમાણે ચોરને ગાળો ભાંડવી જોઇએ તેને બદલે તેને મારૂં ભલું ઇચ્છયું. આ રહ્યો તે રોટલો.

મુખ્ય સેતાન-વારૂં, તેં વાત કરી એકજ જૈન ખેડુતની પણ બીજા જૈન ખેડુતોની હકીકત શી છે?

ખેડુતોનો સેતાન-એ બધા એક સરખા છે. એટલે તેમના ટોળાંમાંથી એક પણ આવી શકે તેમ નથી.

મુખ્ય સેતાન-પહેલાં તો તે મારી પાસે આવવાની નફ્ટાઇ કરી તેજ તારો પહેલો દોષ, તેમજ ગંધાતો રોટલો લાવી મારી મશ્કરી કરી તે બીજો દોષ. તારે જહાનમમાં રહેવું છે અને બીજા બટુકોના પ્રમાણમાં નરકમાં જૈન ખેડુતોની સંખ્યા લાવવી નથી તો જરા ઉભો રહે, બચ્ચા, એક બે પાઠ તને બરોબર ભણાવું.

ખેડુતોનો સેતાન-આપ મને શિક્ષા કરો તે પહેલાં મારૂં જરા સાંભળો. વેપારીઓ, તેમજ બીજા અમીરો સાથે તો બીજા બટુકોને કામ લેવાનું છે, તે તો બધું સીધું છે. અમીરને મુગટ બતાવો કે જાગીર આપો તો તે તરતજ કબજામાં આવે એટલે તરતજ મરજીમાં આવે ત્યાં લઇ જઇ શકાય. વેપારીને પૈસા બતાવો એટલે લોભનો માર્યો એ પણ ફસાય. જૈન ખેડુતોને ફસાવવા એ કાંઇ સહેલું કામ નથી. પરમાત્માને યાદ કરી, નશીબ ઉપર શ્રદ્ધા રાખી, પુરૂષાર્થ કરનાર સંતોષી જૈન ખેડુતોને કેવી રીતે ફસાવવા તેની સમજણ પડતી નથી. હું એમનાથી ખૂબ કંટાળી ગયો છું; અને વધારામાં આપનો કોપ વ્હોરી લીધો?

મુખ્ય સેતાન-તું મને છેતરે છે. અલ્યા એદી! બીજાઓની વાત કરવાનો અર્થ શો છે? વહેપારી, અમીરોને કેવી રીતે પકડવા તે બીજા બટુકો સારી રીતે જાણે છે. તારે પણ

કાંઇ નવો માર્ગ શોધી કાઢવો જોઇએ. રોટલાની ચોરી કરી બડાઇ હાંકે ચતુરાઇ નહી બતાવી શકાય. જા, તે જૈન ખેડુતોની આજુબાજુ જઇને જાળ પાથર. કાંઇ નવું શોધી કાઢ કારણ કે આજથી ૨૫૦૦) વર્ષ પૂર્વે થએલા ભગવાન્ મહાવીરે તેજ જૈન ખેડુતોના આગમોમાં કીધેલું છે કે પાંચમા આરામાં સંખ્યાબંધ સાધુ-સાધ્વી-શ્રાવક તેમજ શ્રાવીકાઓ જરૂરાજરૂર આપણા પંજામાં ફસાસે માટે એદી નહી બનતાં પુરૂષાર્થને ફોરવ અને તે ભગવાન્ મહાવીરની ભવીષ્ય વાણીને સફળ કરી બતાવ.

ખેડુતોનો સેતાન-મને સુજ પડતી નથી. મારાથી તે કામ નહીં થાય.

મુખ્ય સેતાન-(ગુસ્સે થાય છે.) તારા બદલે, શું હું કામ કરવા જવાનો હતો? તારા મનમાં તું સમજે છે શુ?

ખેડુતોનો સેતાન-મારાથી નહીં થઇ શકે.

મુખ્ય સેતાન-નહિ થઇ શકે? જરા ઉભો રહે અરે ત્યાં કોણ છે? નેતર લાવ. એને બરાબર લગાવ.

પહેરેગીરો જૈન ખેડુતના સેતાનને પકડે છે અને તેને ફટકાવે છે.

ખેડુતોનો સેતાન-ઓ! ઓ! ઓ!

મુખ્ય સેતાન-કેમ, કાંઇ સુઝયું?

ખેડુતોનો સેતાન-મારાથી નહીં બની શકે.

મુખ્ય સેતાન-જરા એને વધારે ચખાડો. (પહેરેગીરો વધારે સોટીઓ મારે છે) કેમ કાંઇ સુઝયું?

ખેડુતોનો સેતાન-હા! હા! કાંક સુઝયું.

મુખ્ય સેતાન-વારૂ કહે, શું સુઝયુ?

ખેડુતોનો સેતાન-મને એક યુકિત સુઝી છે કે જેથી તે બધાએ મારા પંઝામાં આવી જશે; પણ આપે મને ખેડુતોના મજુર તરીકે રહેવાની છુટ આપવી પડશે. એ યુકિત શું છે તે હું આપને પહેલાથી કહી શકું તેમ નથી.

મુખ્ય સેતાન-વારૂ, પણ ધ્યાનમાં રાખજે કે જો પેલો ટુકડો લાવ્યાનું પ્રાયશ્ચિત્ત પાંચ વર્ષમાં નહી કરે તો હું તારી જીવતાં ચામડી ઉતરાવીશ.

ખેડુતનો સેતાન-મોટા પ્રમાણમાં પાંચ વર્ષની અંદર જરૂર તે લોકોને હુ મારે વશ કરીશ.

મુખ્ય સેતાન-વારૂ, પાંચ વર્ષને અંતે હું જાતે આવીને જોઇશ

(અંક બીજો પૂરો.)

# જૈન સંમેલન સમાચાર.

હાલમાં કેટલાક વખતથી જૈન સમાજમાં ઇર્ષાખોર તથા સ્વાર્થી વ્યકિતઓ ઉત્પન્ન થવાથી બે પક્ષ પડી ગએલા છે અને તેથી જૈન સમાજને બહુજ સહન કરવું પડે છે. ઘણાઓનું માનવું એવું છે કે અમુક સાધુઓએજ પોતાના સ્વાર્થને પોષવા ખાતર જૈન સમાજમાં કલેશમય વાતાવરણ ફેલાવી દીધું છે. આ કલેશમય વાતાવરણને અટકાવવા માટે ઘણા સમજુ આગેવાનો પ્રયત્ન કરી રહ્યા છે પણ જૈનોના કમનસીબે તેઓ જરા પણ ફાવી શકતા નથી હાલમાં અમદાવાદમાં આચાર્ય ગણાતા સાગરાનંદસુરી વિરાજે છે તેઓશ્રી સંમેલન કરવાના પ્રયત્નો કરી રહેલા છે. સંમેલન કરનાર વ્યકિત હંમેશાં નિખાલસ, શુધ્ધ હૃદયનો કોઇના પ્રત્યે વૈરભાવ નહિ ઇચ્છનારો તથા ક્ષમાવંત હોય છે તેજ સંમેલન કરી શકવાને ભાગ્યશાળી થાય છે. સાગરાનદસુરી સંમેલનને બ્હાને પોતાના હરીફોને વધારે હંફાવવાનો તથા જૈન સમાજમાં કુસંપીનો સડો વધારવા માગતાજ દેખાય છે. જો તેમ ન હોય તો અમદાવાદમાં વિરાજતા આચાર્ય શ્રીમાન વિજયનેમી સુરીશ્વરજી મહારાજશ્રી જે વખતે ભગુભાઇના વંડે ૪૫) પીસ્તાલીસ આગમની પુંજામાં પધારેલ તે વખતે અગાઉથી આવેલ સાગરાનંદસુરીએ જૈન સમાજના ઉદ્ધારક તરીકેનો ખોટો આડંબર ધરાવી જરા પણ વિનય વિવેક નહિં સાચવતાં આચાર્ય શ્રીમાન વિજયનેમી સુરીશ્વરજીને બેસવા માટે તલભાર જમીન સુદ્ધાં આપી શકયા. નહિં. જે માણસ સાચા દિલથી સમાજનું ભલું ચાહી સંમેલનની ઇચ્છા ધરાવતો હોય તે કદાપી આવાં અપમાન કરી વૈરભાવ વધારશે નહિં. સાગરાનંદસુરી કહે છે કે એક બે આચાર્ય સીવાય સમભાવથી વર્તીએ છીએ, અને તેથી લગભગ સંમેલન થઇ ગયા જેવું છે. તેઓશ્રી, આચાર્ય શ્રીમાન વિજયલબ્ધિસુરીશ્વરજી મહારાજશ્રીએ અમદાવાદમાં જમનાદાસ ભગુભાઇના બંગલે ઉતરેલા તે વખતે પણ સાગરાનંદસુરી તેઓશ્રીનું અપમાન કરવાનું ચુકેલા નથી. આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીને આચાર્ય શ્રીમાન વિજયલબ્ધિસુરીશ્વરજીની સાથે બહુ સારો સંબંધ હોવાથી શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીએ પોતાના શિષ્યોને મળવા માટે જમનાદાસના બંગલે જવાની આજ્ઞા કરી તે વખતે સાગરાનંદસુરીને આ અવસર ઠીક લાગતાં પોતાના શિષ્યોને સાથે જવાનું કહ્યું અને સાથે સુચના આપી દીધી કે આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીશ્વરજીના શિષ્યો વંદન ક્રિયા કરે તો ભલે પણ તમારે વંદન કરવું નહિં. જો સાગરાનંદસુરીને આચાર્ય વિજયલબ્ધિસુરીના માટે હૃદયમાં સારૂં માન હોય તો, અને વંદન ક્રિયા કરવાનો બાધ હોય તો પોતાના શિષ્યોને જમનાદાસ શેઠના બંગલે નહિં મોકલતાં અપમાન કરવાનું યોગ્ય ધારતજ નહિં. જે ટાઇમે ભગુભાઇના વંડે પહેલા દિવસે આચાર્ય શ્રીમાન વિજયનેમીસુરીશ્વરજીનું વ્યાખ્યાન હતું તે વખતે વિદ્યાશાળામાં વિરાજતા આચાર્ય શ્રીમાન વિજયલબ્ધીસુરીજીના શિષ્યો પ્રવિણવિજયજી, મહિતાવિજયજી વિગેરેને પણ પોતાનો સત્તા શાહી હુકમ બજાવીને વ્યાખ્યાન સાંભળવા જવા દીધેલ નથી વળી વિદ્યાશાળામાં સાગરાનંદસુરી એટલા બધા ક્ષમાવંત રહે છે કે આચાર્ય શ્રીમાન વિજયમેઘસુરીજીના શિષ્યોને પણ કનડગત કર્યા સિવાય રહી શકતા નથી. સાગરાનંદસુરી એટલા બધા માયાળુ છે કે તેમના પોતાના શિષ્યો તેઓશ્રીના સ્વચ્છંદી વર્તનથી કંટાળી જુદા પડવાની ઉત્કંઠા ધરાવી રહ્યા છે. તેમના સ્વચ્છંદી વર્તનથી તેમના કેટલાક શિષ્યો તો જુદા પડી ગએલ છે. હાલમાં પણ પાલણપુરીવાળા ભકિતસાગર પણ કંટાળીને બીજા સાધુના સમુદાયમાં રહે છે અને કેટલાક જવાની ઇચ્છા ધરાવે છે. ઉપરનાં બધાં કારણો જોતાં દરેક જૈન બંધુને એમ જરૂર લાગશે કે આટલા દરજ્જે નાલાયક વર્તન ધરાવનાર વ્યકિત સમાજનું હિત કરી શકેજ નહિં અને તેથી હું દરેક જૈન બંધુને અરજ ગુજારૂં છુ કે જૈન સમાજ આવા સેતાની સાધુઓથી ચેતીને ચાલે, જ્યારે આવા સેતાન સાધુઓથી ચેતશે ત્યારેજ જૈન સમાજ પોતાનું ભલું કરી શકશે એ નિર્વિવાદ છે.

**મુની સત્ય સાગર.**

**જોઇએ છે:** સુશિક્ષિત, ખાનદાન કન્યા માટે લાયક લગ્નનો ઉમેદવાર: ઉમ્મર વર્ષ વીસ થી પચ્ચીસનો, અભ્યાસ, કુટુંબ અને ધંધા વિગેરેની સર્વ માહીતી સાથે લખો:

**ચીમનલાલ c/o શ્રી જૈન યુવક સંઘ પત્રિકા.**

ભલતા માણસોએ લખવું નહિં.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૮ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ સુદી ૧૩. તા૦ ૨-૩-૩૧ | છુટક નકલ : ०॥ આનો.

## નોંધ અને ચર્ચા.

### દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ.

જૈન સમાજનો આ અતિ મહત્ત્વનો અને બળતો પ્રશ્ન છે, છતાં સમાજ તે પ્રત્યે જાણે કંઇ પણ દરકાર કરતો ન હોય તેવું ભાસે છે. કેટલા વર્ષોથી તે ચર્ચાય છે!! છતાં આપણે તો જ્યાં ને ત્યાં. ગત વર્ષમાં ભાઇ પરમાનંદે તે પ્રશ્નને બારીકાઇથી છણ્યો, યુવક સંઘોના સંમેલને તેનો નીકાલ લાવવા એક સુંદર અને સંગીન ઠરાવ ગત કોન્ફરન્સની વિષયવિચારિણી સભા ઉપર મોકલી આપ્યો પણ તેના જેવા અનેક જરૂરી ઠરાવો ઉપર નજર નાખવાની પણ તે સભાને ફુરસદ ક્યાંથી હોય!! પણ આશા અમર છે. જુન્નેરની બેઠક તો પરિવર્તન તરફ પગલાં માંડવાનો રસ્તો ખુલ્લો કર્યો છે. હવે તેવાં પગલાં ક્યારે મંડાય છે તે હવે જોવાનુ છે

"જિન પ્રતિમા જિન સારખી, નમે બનારસી તાહિ"
"એમ તુજ બિંબ તાહરો, ભેદનો નહિ લવલેશ;
રૂપથી પ્રભુ ગુણ સાંભરે, ધ્યાન રૂપસ્થ વિચાર,
માનવિજય વાચક વદે, જિન પ્રતિમા જયકાર."

આ વિચારો કયા જૈનને માન્ય નથી?

જિન બિંબ કે જિન મંદિર કલ્પતરૂની માફક જગતમાં શીતળ છાંય આપી રહેલ છે તેની કયો જૈન ના પાડે છે?

દેવદ્રવ્યનો પ્રશ્ન હાથ ધર્યો કે ચર્ચ્યો તેથી જિનદેવની પ્રતિમા કે તેના મંદિરનો વિરોધી કે ઉત્થાપક કોઇ જૈન થઇ જાય એ ભીતિ કે આક્ષેપ નિરર્થક છે. ઉલટું દેવદ્રવ્ય વિષે છેલ્લું સાહિત્ય સર્જનાર ભાઇ પરમાનંદ એક ચુનંદો જિન-ભકત છે અને સર્વે જૈનોને જિનભકિત તરફ પ્રેમથી વાળે છે. જૈન ધર્મ ઉપર, જૈન સમાજ ઉપર તેની અત્યંત ગાઢ પ્રીતિ છે એમ તે સુંદર લેખનો શબ્દે શબ્દ બોલે છે-વાકયે વાકયે જૈન ધર્મની ઉન્નતિ માટેની ઉંડી ધગસ તેમાં ઝળકી રહી છે.

દેવદ્રવ્ય એટલે દેવનું દ્રવ્ય-એ અર્થ તો દેવતત્ત્વના સ્વરૂપનો વિરોધી છે. દેવદ્રવ્ય એટલે દેવમૂર્તિવિષયક દ્રવ્ય એમ અર્થ કરી શકાય. સામાન્ય રીતે દેવદ્રવ્ય એટલે જે દ્રવ્ય મંદિરના ખાતામાં એક યા બીજી રીતે આપવામાં આવે છે અથવા તે મૂર્તિ સમક્ષ રજુ કરવામાં આવે છે તે. આ દેવ-દ્રવ્ય વિષે એવો સંકેત-ખ્યાલ ચાલ્યો આવે છે કે આ દ્રવ્યનો ઉપયોગ મંદિરના નિભાવ તેમજ મૂર્તિના પ્રશોભન કાર્યમાંજ થઇ શકે. આનો ઉપયોગ બીજી કોઇપણ બાબતમાં થઇ શકેજ નહિ.

દેવદ્રવ્યમાંથી ચાર પાંચ લાખના હીરા માણેકના મુગટો કરવામાં આવે! મોતીની માળાઓ બનાવવામાં આવે! રત્ન-જડિત આંગી રચવામાં આવે! આખા મંદિરને આરસથી આચ્છાદિત કરવામાં આવે! મૂર્તિ ઉપર સોનું, રૂપું, હીરા, મોતી, માણેક લાદવામાં આવે! નવી ફેશનના જાકીટ, કોલર, નેકટાઇ રચવામાં આવે!! અને ઓછામાં પુરૂં નાની નાની ઘડિયાળો ચોડવામાં આવે!!! શું આવા પ્રશોભનોથી જિન બિંબ જિન સારખી તરીકે ટકી રહેશે? કે તેથી તો પ્રલોભનો વધશે અને જૈન સમાજ માત્ર આડંબરપ્રિય બની ગયો છે અને વધુ બનતો જશે.

દેવદ્રવ્યના આ પ્રાચીન માન્યતા મુજબ ઉપર જણાવ્યા પ્રમાણે થતા ઉપયોગથી શું જિન મૂર્તિની કેવળ વિડંબનાજ નથી થતી? કયાં ભગવાનની ધ્યાનસ્થ, પદ્માસનવાળી અર્ધ નિમીલિત નેત્રોવાળી પવિત્ર મુદ્રા અને કયાં તેજ શરીર ઉપર રાજા રજવાડા જેવો કરેલો ઠઠમાઠ. શું આ પ્રણાલિકા પરિવર્તન માગતી નથી? શું સાંકડો સંકેત વિશાળ થવા પોકાર કરતો નથી? બંધનમાં પડેલ દેવદ્રવ્ય શું મુક્તિ માટે ટળવળતું નથી? પ્રશોભનો અને ઠાઠમાઠમાં મૂળ સ્વરૂપ ભુલી જવાય છે તેમાં આશ્ચર્ય શું?

બાહ્ય આડંબર અને અલંકારોથી મંદ, મૂર્ખ, સ્ત્રી આદિ બાળ જીવોને આકર્ષવા જતાં, મંદિરની પેઢીઓમાં ગોટાળા વધતા જાય છે તેનું શું? તેથી તો લોકોમાં વહેમ અને અંધશ્રદ્ધા જડ ઘાલી બેઠાં છે તેનું કેમ? દેવદ્રવ્ય ભક્-તોને પણ ચળાવે છે અને તેમાં ખાનગી રીતે લૂટ ચાલુ થાય છે ને થઇ છે તેનું શું?

'જિન પ્રતિમા જિન સારખી' એ જે ઉત્તમ ઉપદેશ પૂર્વા-ચાર્યોએ કર્યો છે તેનો પુરેપુરો લાભ ઉઠાવવો હોય; મૂર્તિ દ્વારા પ્રભુ ગુણ-પ્રભુ જીવન સંભારવા હોય તો, પહેલી તકે મંદિરોમાં સાદાઇ દાખલ કરો. સાદાઇમાંજ શાંતિ છે, ધર્મ છે અને ધ્યાન છે.

પણ દેવદ્રવ્ય ઉભરાઇ ગયું છે તેનું કેમ? તેનો વ્યય શી રીતે કરવો? ઉત્તર સહેલો છે. મૌલિક સિદ્ધાંતો સિવાયની બાબતોમાં પરિવર્તન થઇ શકે છે. શ્રી સંઘને તેમ કરવા અધિકાર છે. દેવદ્રવ્ય સંબંધી ખ્યાલમાં-પ્રણાલિકામાં-રૂઢિમાં ફેરફાર કરવો જરૂરી છે. પૂર્વ ખ્યાલ-સંકેત પ્રમાણે આજ સુધી પ્રાપ્ત થયેલું દેવદ્રવ્ય સાદાઇથીજ સંગીન કામોમાં વાપરવું ઘટે. ચાલુ વ્યવહાર સમારંભની અતિશયતા તો છોડવીજ જોઇએ. મંદિરોનો પરિગ્રહ મોહ છુટવો અતિ આવશ્યક છે. સાદાઇથી પોતા પુરતી જરૂરીઆતો માટે જોઇતું દ્રવ્ય રાખી, દરેક મંદિરે પોતાના દેવદ્રવ્યનો વધારો આણંદજી કલ્યાણજી જેવી સંસ્થાને કે તેના જેવી કેન્દ્રીભૂત સંસ્થા ઉભી કરી તેને મોકલી આપવો. આવી રીતે એકઠા થયેલ દ્રવ્યમાંથી પૂર્વકાળની કળાના અનુપમ નમુના રૂપ અત્યારે જર્જરિત થયેલાં અને જિનમંદિરો તેમજ તીર્થસ્થાનો સમરાવવાં જોઇએ તથા સુવ્યવસ્થિત બનાવવા જોઇએ. તેમજ જે જે ગામોમાં જિનમંદિરનો સર્વથા અભાવ હોય ત્યાં ત્યાં સુંદર, છતાં સાદું જિનાલય બાંધી આપવું જોઇએ. પરંતુ તીર્થોના ઝઘડા ચલા-વવામાં તે દ્રવ્ય કદી વપરાવું જોઇએ નહીં આવા કાર્ય માટે જુદા જુદા મંદિરોના ટ્રસ્ટીઓએ-કારભારીઓએ એક સંમેલન તુરતમાંજ મેળવવું જોઇએ અને એક કેન્દ્રસ્થ પ્રતિનિધિમંડળ સ્થાપવું જોઇએ કે જેથી આ કાર્ય સરળતાથી જલ્દી થઇ શકે-B.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# આતે સાધુતા?

લાલબાગમાં ત્રણ ત્રણ ચોમાસા સુધી ધામા નાંખીને મુંબઇ શહેરમાં કુસંપના અંગારા વેરનાર રામવિજય ગુજરાત તરફ વિહાર કરી ગયાના સમાચાર મુંબઇની જનતાએ સાંભળીને શાન્તિનો દમ ખેંચ્યો, અને ઇચ્છતી કે મુંબઇમાં સંપ થશે, એટલે શાન્તિ સ્થપાશે અને આગલા વર્ષોમાં મુંબઇની જૈન જનતા જે રીતે હળીમળીને સામાજીક અને ધાર્મિક કાર્યો કરતી હતી તે રીતે કરશે, તે ઇચ્છા ફળીભૂત થવાના સંજોગ લાગતા નથી. કારણ કે કુસંપના ઉત્પાદક મુંબઇ છોડીને જવા છતાં દુર દુર બેઠે બેઠે મુંબઇમાં પાછા ફરવાની ઇચ્છાએ અને ગોડીજીના ઉપાશ્રયમાં ધામો નાંખવાની ઇચ્છાએ પડદા પાછળ રહીને ગોડીજીના ટ્રસ્ટીઓ ઉપર એક અરજી કરાવેલી, તેની જાણ થતાં સુલેહ અને સંપના હિમાયતીઓએ રામવિજયજીથી થતા નુકશાન માટે ચેતતા રહેવા લગભગ અઢીસો સહીવાળી ટ્રસ્ટીઓ ઉપર અરજી કરેલી. આવી રીતે એક બીજાનો વિરોધ કરતી બન્ને અરજીઓ ઉપર વિચાર કરવા ગોડીજીના ટ્રસ્ટીઓની મીટીંગ મળેલી, તેમાં ટ્રસ્ટીઓએ ડહાપણ વાપરી ઠરાવ કર્યો કે સંયોગો જોતાં હાલમાં કોઇ સાધુને આમંત્રણ કરવું નહિ.

જેને કલેશજ પ્રિય છે, જેને શાસ્ત્રને ઊંચાં મૂકી ઇચ્છા આવે તેમ વર્તવું છે, જેને ગમે તેમ કરી અંદર અંદર લડાવી મારવાનો ધંધોજ કરવો છે, તેવા સાધુઓને ઉપરો ઠરાવ કેમ ગોઠે! કારણ કે તેને તો ગમે તેમ કરીને ગોડીજીના ઉપાશ્રયમાં ધામાજ નાંખવા છે, એટલે સાંભળવા મુજબ તારો ને ટપાલો છુટી કે ગમે તે ભોગે ગોડીજીના ઉપાશ્રયનો કબજો લ્યો, પછી પૂછવુંજ શું! હજુ તો સૂર્યનારાયણ તેનાં સોનેરી કીરણો પૃથ્વી ઉપર નાંખીને અંધકારનાં પડળો ભેદી રહ્યા હતા તેવા વખતે ધાડપાડુઓ ધાડ પાડે તેમ રામટોળીના થોડાક સાધુઓ ગોડીજીના ઉપાશ્રયમાં ગુપચુપ ઘુસી ગયાં, ત્યાં તો મુખ્ય ઓરડામાં શ્રી હંસવિમળજી બિરાજતા હતા અને બીજા ઓરડાઓને સાંકળચંદ તારાચંદ દીધેલ હતા, છતાં મહેતાજીની આનાકાની છતાં જબરાઇથી, દમદાટીથી ચાવીઓનો કબજો લઇ સાંકળચંદ તારાચંદને ખુલ્લા કરી ઓરડીઓમાં ધામો નાખી પોત પ્રકાશ્યું. તેમ જૈન સમાજમાં સતા થવા માટે મુંબઇ સમાચારમાં છપાવી માર્યું કે શ્રી વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્ય સમુદાયે ગોડીજીના ઉપાશ્રયે ઉતરી મંગળાચરણ કર્યું.

ગોડીજીના ઉપાશ્રયમાં ટ્રસ્ટીઓની ઇચ્છા વિરૂદ્ધ તેમ તેજ ઉપાશ્રયમાં બિરાજતા શ્રી હંસવિમળજીની પરવાનગી સિવાય ચોરી છુપીથી દાખલ થનાર સાધુઓ (?)એ શાસ્ત્રની આજ્ઞાનું ઉલંઘન કર્યું, છતાં તેમના દાદા ગુરૂ દાનસૂરીજી, વૃધ્ધાવસ્થાને લીધે કે શાસ્ત્રના નામે કોઇ નવો ફતવો બહાર પાડવા, કે ગમે તે કારણે પોતાના શિષ્યોનો બચાવ કરવા ખાતર લાલબાગના વ્યાસપીઠ ઉપરથી વદે છે કે 'ગોડીજીનો ઉપાશ્રય શ્રાવકોના બાપનો નથી, શ્રાવકોને રહેવા માટે નથી, પણ સાધુઓનો છે અને સાધુઓના ઉપયોગ માટે છે. સાધુઓની મરજી આવે ત્યારે તેમાં ઉતરી શકે છે. ભકતો! હું શુદ ૧૪ ત્યાં જવાનો છો માટે તમે તૈયાર રહેજો.' આ ઉપદેશનો વિચાર કરતાં દાનસૂરીની દયા ઉપજે છે. કારણ કે રામવિજયજી છોકરમતમાં જેમ આવે તેમ લુલી નચાવી રહ્યા છે, પરંતુ આ વૃદ્ધ સુરીશ્વરજી શું! તેઓ તો બીજાઓ જેમ નચાવે તેમ નાચતા તો નથીને? પોતાની મેળે વિજયાનંદ સુરીશ્વરજીની પાટે બેસી જઇ તેમના પટ્ટધરનો ફાંકો રાખનારે એ તો વિચાર કરવો તો' કે કોઇ પણ ઉપાશ્રયમાં ઉતરવું હોય તો શ્રાવકની આજ્ઞા લીધા પછીજ ઉતરી શકાય. તેમ જે ઉપાશ્રયમાં અન્ય સાધુ મહારાજ બીરાજતા હોય તેમની પણ સંમતિ લેવી જોઇયે, એવો શાસ્ત્રકારોનો હુકમ છતાં શિષ્યોનો વાંસો થાબડવા જતાં તમારી અક્કલનું પ્રદર્શન ભરાશે તેનો ખ્યાલ નથી આવ્યો? કે પછી ક્રોધિષ્ટ સ્વભાવે જેમ આવે તેમ બારી માર્યું છે?

ગોડીજીના ઉપાશ્રયમાં બીરાજતા શ્રી હંસવિમળજી જેઓ શાન્ત સ્વભાવી હોવાથી ચોરી છુપીથી ઘુસી જનાર નામધારી સાધુઓએ એના નામ પ્રમાણે કનડગત કરવાથી શ્રી હંસવિમળજીએ પાણી સાથે બીજી બે વસ્તુ સિવાય કંઇપણ ન લેવાનો ત્યાંગ કરી વિરોધ જાહેર કર્યો છે છતાં રામટોળીના અમુક સાધુઓ પથારો પાથરી ગોડીજી ચીટકી બેઠા છે ને ઉપરથી તેમના દાદા ગુરૂ દાનસુરીએ સુદ ૧૪ ગોડીજીના ઉપાશ્રય ઉપર ભકતો સાથે ચડી આવવાનો વિચાર રાખવો, ચોરી છુપાથી ઘુસી જનારાઓનો વાંશો થાબડવો, ઉપરથી દમદાટી કરવી, ભકતોને ઉશ્કેરવા, અને શ્રી હંસવિમળની કનડગત કરવી એમાં સાધુતા છે?

આ વાદળો ગોડીજીના ઉપાશ્રયને વધુ ઘેરીને વાતાવરણ ખરાબ ન બનાવે તે પહેલાં ટ્રસ્ટીઓએ અને દેવસુર સંઘે સવેળા ચેતવાની જરૂર છે, 'પછી આપણે શું મરવા દો' આ સ્થિતિ રહેશે તો રામટોળી અનેક કુભાન્ડો રચશે, અને ગોડીજીનો ઉપાશ્રય વગોવાશે, તેથી પ્રમાદ ન કરતાં પ્રથથીજ સાવચેતીનાં પગલાં લેવાય તો ગોડીજીનું નામ બદનામ થતુ બચશે, અમુક સાધુઓએ તો હવે લાજ શરમ, ને શાસ્ત્રને ઉંચા મૂકી નફટાઇ આદરી છે. આવાઓને શ્રાવક સિવાય કોણ ઠેકાણે લાવશે! શ્રાવક તો માબાપ છે, તે જો કાન આડા હાથ કરશે તો સુકા ભેગું લીલું બળવા જેવું થશે.

---

**ભાઇશ્રી ફુલચંદ ગુલાબચંદ**–સુરતના જાણીતા શેઠ ધરમચંદ ઉદેચંદના પૌત્ર આ બંધુ સુરત સંગ્રામ સમિતિના મંત્રી તરીકે સરકારની મહેમાનગીરી ભોગવી થોડા વખત પહેલા છુટયા હતા. સતત્ કાર્ય પ્રવૃત્તિની ધગશવાળા તે બંધુ શાંત બેસી રહે તેમ બનેજ નહિ. હાલમાં તે બંધુ મુંબઇની ચાલુ સંગ્રામ સમિતિમાં બુલેટીનના તંત્રી તરીકે નીમાયા હતા મીઠાના કાયદાના ભંગ માટે તેમની રવિવારે તા૦ ૧ લી માર્ચે ધરપકડ થઇ છે. જૈન કોમનું ગૌરવ આવા યુવાનો જાળવી રહ્યા છે.

**ભાઈ વસંત વૃજલાલ ગાંધી**–મુકુંદના વાનરસેનના કેપ્ટનને ગયા શનિવારે સેન્સસના નંબર ભુંસવા માટે કુરલાના માજીસ્ટ્રેટ મી૦ ચોબલે ત્રણ માસની સખત કેદ તથા વીસ રૂપીયા દંડની સજા કરી છે.

**રા. રમણીકલાલ મોદી**–ગાંધીજીના આશ્રમના આ ધુરંધર કાર્યકર્તાનો ગયા શનિવાર તા૦ ૨૮-૨-૩૧ ને રોજ નાશીક જેલમાંથી છુટકારો થયો છે.

# વીસમી સદીના જૈન ખેડુત:

લેખક: રતિલાલ ભીખાભાઇ.

—:*:—

(દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે.)

**પાત્રો:-**

**જૈન ખેડુત**-(યંગમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

**તેની સ્ત્રી-તેનો દાદો-તેની દાદી-છોકરા-છોકરીઓ**

**પાડોશી.**

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:-

**(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા.)**

**સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી**

તેનો મંત્રી.

**ભપકાદાર સેતાન-બટુક.**

**બીજો સેતાન-બટુક.**

**ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન-બટુક.**

**પહેરેગીરો અને દ્વારપાળો.**

## અંક ત્રીજો.

ખેડુત-કેટલા ગાડા આવ્યાં?

મજુર રૂપે ખેડુતનો સેતાન-૪૫ ગાડાં.

મજુર સેતાન-૨૭, ૨૫, ૩૬, ૧૨, ૮ મળી ૧૦૮ ગુણ.

પાડોશી-જય વીર! જય વીર!

મજુર સેતાન-જય વીર! જય વીર!

પાડોશી-તારા શેઠ કયાં ગયા?

મજુર સેતાન-બધુ અનાજ અહીં માતું નથી માટે અનાજને પાથરવા ગયા છે.

પાડોશી-અલ્યા! તારો શેઠ બહુ નશીબદાર છે. ભરવાની જગ્યા કરતાં વધારે પેદા થાય છે. બીજાનું અનાજ સડી ગયું ત્યારે તારા શેઠના નશીબે તેને ટેકરી ઉપર વાવેતર કર્યું તેથી પાક સારો ઉતર્યો અને દુનીયામાં અત્યારે તારા શેઠનીજ (એટલે અહીંસા પરમો ધર્મની) વાહ વાહ બોલાય છે.

ખેડુત-કેમ ભાઇ, કેમ ચાલે છે?

પાડોશી-જય વીર! જય વીર! અહીંયાં હું તમારા મજુરને કહેતો હતો કે અનાજ કયાં વાવવું એની તમો કેટલી સરસ અટકળ કરી શકયા. દરેક જણને તમારી ઇર્ષા થાય છે. કેવા મોટા ઢગલા! વર્ષો જાય તો પણ ખાધે ખૂટે નહિ!

ખેડુત-એ બધા આ મજુરના પ્રતાપ છે. એ બધું એનું નશીબ છે. મેં એનેજ ખેતી કરવા મોકલ્યો. ટેકરી ઉપર ખેતી કરી-તેથી ફાયદો ખુબ થયો.

પાડોશી-એક ગુણ મને થોડા વખત માટે ધીરશો તો હું તમારો ઘણો ઉપકાર માનીશ.

ખેડુત-વારૂ લઇ જાઓ.

મજુર સેતાન-(ખેડુતને કોણી મારે છે.) આપશો નહી.

ખેડુત-ચૂપ રહે હવે! લઇ જાવ.

પાડોશી-પાડ તમારો. આ દોડતો હું લઇ આવું.

મજુર સેતાન-(બાજુએ મનમાં) એ એની જુની રીતીઓને વળગીજ રહે છે. હજી આપ્યાજ કરે છે. તે દર વખતે મારૂં કહ્યું માનતો નથી. પણ જરા થોભવું મારે માટે હાલ શ્રેયસ્કર છે. થોડીજ વારમાં તેને આપતો બંધ કરૂં તોજ હું ખરો.

ખેડુત-(ઉમરા ઉપર બેસે છે) ભલા માણસને શા માટે ન આપવું જોઇએ?

મજુર સેતાન-આપવું એ એક બાબત છે; પાછું લેવું એ બીજી બાબત છે. તમે જાણો છો કે ધીરવું એ ટેકરી ઉપરથી નીચે ગબડાવવા જેવું છે; જ્યારે વસુલ કરવું તે ટેકરી ઉપર લઇ જવા બરાબર છે. વૃધ્ધોની એ કહેવત છે.

ખેડુત-ચિંતા ન કર. આપણી પાસે પુષ્કળ અનાજ છે.

મજુર સેતાન-હા, પણ તેથી શું?

ખેડુત-આપણી પાસે પુરતું છે. પાંચમા આરા સુધી ચાલે તેટલું છે. ભલા બીજાનું ભલું થતું હોય તો શા માટે ચુકવું જોઇએ; કારણ કે આપણે આટલા બધાને સામટા બચકા ભરવાના નથી.

મજુર સેતાન-અરે! વહાલા શેઠ, આ અનાજમાંથી તો હું કાંઇક એવું બનાવુંને કે જેથી તમો અને તમારા વંશજો જરૂરા જરૂર આનંદ કરે.

ખેડુત-શું? તું એમાંથી શું બનાવવાનો છે?

મજુર સેતાન-જેમ મધ્ય યુગના સાધુઓએ જૈન ધર્મના ફાંટા-વાડા ઉત્પન્ન કર્યા તેમ હું યંગમેન્સ જૈન સોસાયટી બનાવું છું. જ્યારે આધી-વ્યાધી અને ઉપાધીમાંથી, આરામ લેવા વીચાર હોય ત્યારે તે સંસ્થાના સભ્ય જો બન્યા હોઇએ તો ત્યાં જરૂરા જરૂર આરામ અને તાકાદ મળે છે. તમો ઉદાસીન હશો ત્યારે તમોને તે સોસાયટી લહેરમાં આણશે. તમને બીક લાગતી હશે ત્યારે હીંમત આપશે.

ખેડુત-ગપ્પાં.

મજુર સેતાન-ભલે ગપ્પાં માનો. મેં તમોને ટેકરી ઉપર વાવવાનું કહ્યું ત્યારે એમજ હતુંને? તમને મારામાં વીશ્વાસ નહોતો; હવે તો તમોને ખાત્રી થઇને?

ખેડુત-પણ તે સોસાયટી બનશે કેવી?

મજુર સેતાન-સીદ્ધાંતરૂપી અનાજની.

ખેડુત-અલ્યા નથુ, આ બધું ડહાપણ તું શીખ્યો કયાંથી? અલ્યા તું દેખાય છે તો કરકસરવાળો અને મહેનતુ. ત્રણ વર્ષથી તું મારી સાથે રહે છે, તો આ બધું શીખ્યો કયાંથી?

મજુર સેતાન-મધ્ય યુગના જુના ભંડારોના ભંડારો ફેંદી વળ્યો છું.

ખેડુત-ત્યારે તું એમ કહે છે કે આ સોસાયટી તાકાદ આપશે, ખરૂંને?

મજુર સેતાન-એકવાર બનો તેના સભ્ય, પછી પુછજો કે એમાંથી કેટલો ફાયદો થાય છે?

ખેડુત-ત્યારે તેના સભ્ય થવાય કેવી રીતે?

મજુર સેતાન-દર વર્ષે ચાર આના ભરીને.

ખેડુત-ચાર આનાથી તત્વની તાકાદ આવશે ખરી?

મજુર સેતાન-જરૂર, કારણ કે તેમાં સાધુ-સાધ્વીને શ્રાવકો તેમજ શ્રાવીકાઓએ મુરબ્બી તરીકે માનવાના છે. તેમના કીધા પ્રમાણે વર્તે તેજ ખરો સમકીતી-બાકી બીજા બધા મીથ્યાત્વી-હાડકાના માળામાં રહેનારા. ચાર આનામાં દુધપાક વર્ષે દીવસે મફત મળે, એક ચોપડી ભેટમાં મળે તે જુદી. દુધપાક અને ભેટની ચોપડી વડે અમૃત જેવું તત્વ

ગ્રહણ કરાય; અને સાધુઓના કીધા મુજબ વર્ત્યાં એટલે જરૂરાજરૂર મોક્ષનો પરવાનો પણ મળવાનો. એક જગ્યાએ લખેલું છે કે:—

ભજ સીસોટી ભજ સીસોટી, સીસોટી ભજ મૂઢ મતિ;
ઇશ્વર છે સીસોટી શ્રદ્ધા, સીસોટી વિના નહી કોઇ ગતી.
ભજ સીસોટી (૧)
હોય પાસ સીસોટી શ્રદ્ધા, કલરવ કરતી આવે છે;
ભલે પધાર્યા શમણીતી તમે, કહી કંઠે લપટાવે છે.
ભજ સીસોટી (૨)
હોય પક્ષે વીરોધી જો કોઇ, જાણવો હાડકાનો માળો;
પીટશો કયારે જશે નરકે, મૈત્રી ભાવના ભલે બળો.
ભજ સીસોટી (૩)
મીત્ર સીસોટી બન્યા જો તમે, મોક્ષ પરવાનો જરૂર મળે;
સભ્ય વીના તમે પશુ પ્રમાણે, સીસોટી કહેવત છે સાચી.
ભજ સીસોટી (૪)
સીસોટીના ક્રીડ પ્રમાણે, હા કહે સાચા સાધુ:
કુસાધુ કહેવા કોને ભાઇ, સીસોટી ક્રીડ ઉચ્છેદે.
ભજ સીસોટી (૫)
સીસોટીના સીદ્ધાંતો પર, પ્રશ્નો જેઓ ઉત્પન્ન કરશે;
તેઓ જૈનોના કુસાધુ, મીથ્યાત્વી શ્રાવકો કહેવાશે.
ભજ સીસોટી (૬)
સીસોટીએ બહુ બુદ્ધી વાપરી, કરી એક કલ્વાર સીદ્ધાંત;
રતિલાલ કહે છે ગુરૂ માની સીસોટી, પ્રીતી કરો દુધપાક તણી
ભજ સીસોટી (૭)

મારા વ્હાલા શેઠ, આ ઉપરથી તમો સમજી શકશો કે જો સોસાયટીના સભ્ય તમે ના થાઓ તો જૈન ખેડુત કોઇપણ દિવસ દુનીયામાં ટકી શકે નહી કારણ કે જૈન યંગમેન્સ સોસાયટી હોય તોજ જૈન ખેડુત ટકી શકે. સાધુ-સાધ્વીને મુરબ્બી તરીકે માન્યા-તેમના વચન ઉપર આંધળીયાં કર્યાં એટલે જરૂરા જરૂર મોક્ષનો પરવાનો મળવાનો.

ખેડુત-ત્યારે તો જરૂરા જરૂર હું સભ્ય થવાનો.

અંક ત્રીજો પુરો.

## અંક ચોથો.

મજુર સેતાન-વ્હાલા શેઠ, જાહેર ખબર રૂપી ચકલીથી તત્વજ્ઞાન રૂપી અમૃત પીવાય એટલું પીઓ.

ખેડુત-કેટલી વિચિત્ર વસ્તુ! મેલવણીમાંથી પાણી આવે છે.

મજુર સેતાન-એ પાણી નથી. એ તો તત્વજ્ઞાન રૂપી અમૃત છે.

ખેડુત-ચાખવા દે મને. મજુરના હાથમાંથી પ્યાલો ઝુંટવી લે છે.

મજુર સેતાન-સંભાળજો, તમે ઢોળી નાંખશો. બરાબર સંભાળજો (ચકલી ફેરવું છું) ચાલો ત્યારે પીઓ.

ખેડુત-(પહેલાં જરાક ઘુંટડો ભર્યો, પીધો) કહે છે એક ઘુંટડાથી સ્વાદ પરખાય નહી.

મજુર સેતાન-ઠીક, તમને આ ગમતો હોય તેમ લાગે છે. (વધારે કાઢે છે.)

(હમણાં તત્વજ્ઞાનની સરસમાં સરસ જાહેર ખબર અમદાવાદમાં ભગુભાઇના વંડામાં સાહિત્ય પ્રદર્શનના નામે કરી જૈન ખેડુતોને સરસ લાભ આપ્યો)-લેખક.

ખેડુત-એહ! કોઇ ચીજ છે! ઘરવાલીને બોલાવીએ. એ ખેડુત શ્રાવીકા? આમ આવ, જાહેર ખબરરૂપી ચકલીવાળું જે પેલું વાસણ છે તેમાંથી જે ચકલીમાંથી તત્વજ્ઞાન રૂપી અમૃત નીકળે છે તેનો સ્વાદ લે.

ખેડુત શ્રાવીકા-કદાચ નુકશાન થાય તો?

ખેડુત-પીને, મુરખી, પી?

ખેડુત શ્રાવીકા-સાચેજ, સરસ છે?

ખેડુત-(જરા મસ્તીમાં) સરસ હોયજને. તું જરા વધારે પી તો ખરી એ તત્વજ્ઞાનથી જુવાનીયા સાધુ થાય છે. યુવતીઓ સાધ્વીનો વેષ પહેરે છે

ખેડુત-(બડાઇ મારે છે) તું સમજીને, જરા ઉભી તો રહે. તું અને હું જ્યારે દરરોજ પીશું, એટલે આપણે સાધુ થવાના. સાધુ થયા પછી જરૂરા જરૂર આધી-વ્યાધી ને ઉપાધીમાંથી મુક્ત દશા પ્રાપ્ત કરવાના. આવ, વ્હાલી, આવ, શરમાવ ના.

ખેડુત શ્રાવીકા-આહો ખસ! ઉલટું આ ચકલીના તત્વજ્ઞાને ઝઘડાઓ ઉત્પન્ન કર્યા છે.

ખેડુત-મુર્ખી, તે મુર્ખી રહી. સ્વાદ લીધા સીવાય કેમ કહી શકે છે કે ચકલીમાંથી નીકળતાં તત્વજ્ઞાન નુકશાન કરશે.

ખેડુત શ્રાવીકા-ત્યારે લાવ. અજમાયશ કરી જોઉં.

ખેડુત-હવે બની ડાહી-ખરી શ્રાવીકા.

ખેડુત શ્રાવીકા:-સાસુજીને બોલાવીએ. તે હંમેશાં ઉદાસીન રહે છે, બબડયા કરે છે. તેમને તાજા થવાની જરૂર છે. એ તત્વજ્ઞાન પીસે તો કંકાસ ઓછો કરશે.

ખેડુત:-(મદમાં) હા, માને બોલાવ; દાદાને પણ બોલાવો. એહ! મેરી વ્હાલી! હું કહું છું કે દાદા-દાદીને બોલાવ. જા દોડ. હવે ત્યારે દોડ જા તીરની માફક જા.

ખેડુત-(વધારે પીએ છે) તત્વજ્ઞાન શરીરના રગેરગમાં ઉતર્યું.

સ્ત્રી-તું બડો હુશીયાર બન્યો. કાંઇક ગા.

"દિક્ષાકો નહિ સમજના, કેવલ વાક્ વિલાસ;
ઓત પ્રોત હોકે ઉચીત, કરના આત્મ વિકાસ. (૧)
કરના આત્મ વિકાસ, આલસી પડા ના રહેના;
કેવલ વાક્ વિલાસ, દીક્ષાકો નહી સમજના. (૨)

(ખેડુત અને તેની સ્ત્રી ગાયન ગાતાં જાય છે અને સાથે નાચે છે પણ ખરા.)

મજુર સેતાન:-(દ્રશ્યના આગળના ભાગમાં વાદ્ય વગાડે છે અને ખેડુતની અને તેની સ્ત્રીની સ્થિતિ જોઇને હસે છે.) (મનમાં, રોટલાનો દંડ આપવો પડશે. જાલમાંથી હવે કદી નીકળી શકશો નહીં. હવે સરદારને આવવું હોય તો ભલે આવે.)

(ડોસા (દાદા) ડોસી (દાદી) દાખલ થાય છે.)

દાદા:-શું છે? તમો ગાંડા થયાં છો શું? ગાંધીજી અહીંસા પરમો ધર્મનો સીદ્ધાંત જગતભરમાં ફેલાવવા માટે પોતાની શકતી અને બુદ્ધી પ્રમાણે પ્રયત્ન કરે છે-લાખ્ખો તેમના અનુયાયી અહીંસા પરમોધર્મના નામે જેલમાં જાય છે-માથા રાજીખુશીથી ભંગાવે છે ત્યારે ઘરની અંદર આ શેનો નાચ નાચી રહ્યાં છો? અત્યારે, અહીંસા પરમોધર્મનો ફેલાવો જગતભરમાં કેવી રીતે થાય તે વીચારની આપ લે કેમ કરતા નથી? આપણો આર્ય દેશ પુર્ણ જાહોજલાલીમાં કેવી રીતે આવે તે વીચારની આપ લે નહી કરતાં નાચ શાનો લઇને

બેઠા છો? ગુણીકાઓ જેમ ડોળદમામ રાખીને જગતને આંજી નાંખવા માંગે છે તેવી રીતીઓ શા માટે ગ્રહણ કરવામાં આવે છે?

ખેડુત શ્રાવીકા–(નાચે છે અને તાલીઓ પાડે છે) **આ...આ...આ**...(નાચે છે)

ડોશી–અરે હલકટ! દાદા કહે છે તેના ઉપર પુરતું ધ્યાન આપો.

ખેડુત–માજી! જરાક થોભો. જાહેર ખબરરૂપી ચકલીમાંથી નીકળતું તત્વજ્ઞાન ઘરડા માણસોને જુવાન બનાવી શકે છે. જરા પી તો જુઓ. (પ્યાલો આપે છે.)

ડોશી–આમાં શું નાંખ્યું છે? મારા બાપ, કેવી સુગંધ છે?

ખેડુત–જરા પી તો જુઓ!

ડોશી–પીવાથી મરી તો નહી જવાયને?

ખેડુત શ્રાવીકા–એથી તો ઉલટા તમો અમરપણું પામશો.

ડોશી–(પીએ છે) સરસ લાગે છે. દાદા અહીંયાં આવો, જરા ચાખો.

મજુર સેતાન–એ ડોસા સામું ના જોશો. માજીને બીજું વધારે તત્વજ્ઞાન આપો.

ડોસી–ઇજા તો નહી થાય ને. જરાક બળે છે ખરૂં પણ લાગે છે સરસ.

સ્ત્રી–પી જાઓ, નવું બળ આવશે.

ડોસી–પીને અખતરો કરી જોવામાં જાય છે શુ? પીએ છે.

સ્ત્રી–તમારી રગેરગમાં એ પહોંચી ગયું?

ડોસી–વાહ, વાહ, હું અમર થઇ ગઇ.

ખેડુત–મેં નહોતું કહ્યું?

મજુર સેતાન વાદ્ય વગાડે છે. ખેડુત, સ્ત્રી અને ડોસી ગાય છે અને સાથે નાચ પણ કરે છે એ.લો યંગમેન્સ જૈન સોસાયટી દીક્ષાનો જય

દાદા–વાસણ પાસે જાય છે, ચકલી ફેરવે છે અને તત્વજ્ઞાનનો ઉભલ જમીન ઉપર ઢોળાઇ જવા દે છે.

ખેડુત–(દાદા સામે ધસે છે) અરે ઘરડા ગદ્ધા! આ તું શું કરે છે? સરસ ચીજ ઢોળી નાંખે છે? ખસ બુઢ્ઢા!

દાદા–જૈન ધર્મમાંથી સેતાનનો વાડો બાંધી કુદાકુદ શેની કરો છો? પાયમાલ થઇ જશો. કુસંપમાં ને કુસપમાં જૈન ખેડુત ધર્મને ખરાબ કરશો. આતો આગ છે–આગ. તમને બધાને બાળી નાખશે. ચેતો હજુ સમય છે.

અંક ચોથો પુરો.

---

**ગોડીજીના દેરાસરના વહીવટ માટે**–છેલ્લા અઠવાડીયા દરમીયાન ઉપરના દેરાસરના ટ્રસ્ટીઓના કારોબાર સંબંધી ઘણી છુટી છવાઇ ચર્ચા શહેરમાં ચાલ્યા કરતી હતી ટ્રસ્ટીઓ ઉપર ઘણા કાગળો મોકલવામાં આવ્યા છે. મુંબઇ સમાચાર તા૦ ૨૪-૨-૩૧ ના રોજમાં ખબર પ્રગટ થયા છે કે ચોક્કસ સાધુઓ ગોડીજીના ઉપાશ્રયમાં પધાર્યા હતા. તે સાધુઓને કોણે આમંત્રણ કર્યું તે તેમાં જણુવેલ નથી. તેમ ટ્રસ્ટીઓની રજા તેઓએ મેળવી હતી કે કેમ તે પણ જણાવેલ નથી. વળી લાલબાગમાં જ્યાં તેઓ રહેતા હતા ત્યાંથી શા માટે તેમને નીકળી જવું પડયું તે પણ જણાવેલ નથી. લાલબાગમાં સાધુએની સંખ્યા વધી પડી હતી કે શું? આ બધી બાબતોને અંગે મેનેજીંગ ટ્રસ્ટીઓએ પણ કાંઇ ખુલાસો બહાર પાડી દેવસુર સંઘને વિશ્વાસમાં લીધો નથી. ગમે તે સાધુ એક સ્થાને સ્થિત થયેલા હોય તે ગમે ત્યારે ગમે તે ઉપાશ્રયમાં દાખલ થાય આ પદ્ધતિ શું ધાર્મિક ગણાતી હશે! અમારા સાંભળવા મુજબ તે સાધુઓના વડીલ એમ જણાવે છે કે ચાર ટ્રસ્ટીઓએ આ ચાર સાધુના પ્રવેશને અંગે સંમતિ આપી હતી તો સત્ય શું છે. આ બધી ચર્ચાના અંગે નીચેની નોટીસ ગોડીજના દેરાસરના ટ્રસ્ટીઓ ઉપર મોકલવામાં આવી છે જે અમોને પ્રગટ કરવાનું કહેવામાં આવવાથી પ્રગટ કરીએ છીએ.

૨૬ મી ફેબ્રુઆરી ૩૧.

## મોહનલાલ હેમચંદ અને બીજાઓ.

સાહેબો,

અમારા અસીલો ઝવેરી એલ. મંછુભાઇ સવાઇચંદ અને બીજાઓ જેઓ જૈન સંઘના સભાસદો છે તેમના તરફથી આ નોટીશ લખીએ છીએ.

અમારા અસીલોએ તમારી અને તેમની વચ્ચે થયેલો પત્રવ્યવહાર અમને સોંપ્યો છે. અમારા અસીલો માને છે કે જો કે તે સખાવત એકસો પચાશ વરસ કરતાં પણ વહેલા સ્થપાઇ હતી. છતાં કાંઇપણ ટ્રસ્ટડીડ હજુ સુધી થયું નથી અને સદરહુ સખાવત ચાલુ રાખવા માટે કાંઇપણ યોજના ઘડવામાં આવી નથી. જો કાંઇપણ યોજના ઘડવામાં આવી હોય અથવા કોઇપણ ટ્રસ્ટડીડ થયું હોય તો તે અમને જોવા આપવા તમોને અમો જણાવીએ છીએ.

સદરહુ સખાવતની વ્યવસ્થા માટેની યોજના સહીતનું ટ્રસ્ટડીડ હવે પહેલીતકે થવાની જરૂર છે. આગળ જણાવવાનું કે ટ્રસ્ટીઓ તરફથી રખાયેલા હિસાબ છપાવવામાં કે પ્રગટ કરવામાં આવ્યા નથી જેથી કરી સદરહુ સખાવતોની વ્યવસ્થા સબંધી ચોકસ પરીસ્થિતી જૈન સમાજને જાણવા માટે તક મલે.

હિસાબનું સરવઇયુ સભામાં વાંચવામાં આવે તે હકીકત પુરતી નથી કેમકે જ્યારે જનરલ સભા બોલાવવામાં આવે ત્યારે વસ્તુસ્થીતી સંબંધમાં સવાલો પુછવા કે તપાસ કરવા માટે સભાસદોને તેથી તક મળતી નથી.

આગળ જણાવવાનું કે ટ્રસ્ટીઓ ઉપર પોતાની ફરજનો ભંગ કર્યાનો આરોપ છે અને ગેરવ્યવસ્થાનાં ઘણાં કામો થયાં છે જે યોગ્ય સ્થળે અને સમયે સાબીત કરવામાં આવશે.

વળી અમારા અસીલો માને છે કે તમોએ તમારા ઠરાવથી વિરૂદ્ધ રામવિજયના કોઇ એક શિષ્યને તે ધર્માદા મકાનમાં આવવા અને રહેવા દીધા જેને પરીણામે લાલબાગમાં જે જાતનો ખળભળાટ અને ઝગડો થયો હતો તેવો ફરી થવા સંભવ છે.

વળી આગળના તમારી સાથેના પત્ર વ્યવહારમાં જણાવ્યા પ્રમાણે અમારા અસીલોનો વાંધો છે કે એક નાદારને ટ્રસ્ટી તરીકે ચાલુ રાખવા દેવો નહી.

અમારા અસીલો માને છે કે એક બાજુ રામવિજયના અનુયાયીઓ અને વખાણનારાઓ તરફથી અને બીજી બાજુએ હંસવિમળના અનુયાયીઓ અને વખાણનારાઓ તરફથી સામ સામે અરજીઓ આવેલી હોવાથી ટ્રસ્ટીઓએ એવો ઠરાવ કર્યો છે કે સદરહુ મકાનમાં જેઓ પહેલેથી છે તેઓ ઉપરાંત બીજા કોઇને પણ તે મકાનમાં સાધુ તરીકે આવવા કે રહેવા દેવા નહી. આ ઠરાવો છતાં ટ્રસ્ટીઓએ રામવિજયના ચેલાઓને સદરહુ મકાનમાં આવવા અને રહેવા દેવાની તમારી ફરજમાં અને રામવિજયના ચેલાઓની આખી પાર્ટીને અંદર આવવા દઇને તમે ભુલ્યા છો કે કોમમાં ઝગડો થવાનો સંભવ છે.

તેથા કરીને જો સંતોષકારક ખુલાસો નહિ થાય તો અમારા અસીલોને એડવોકેટ જનરલ સમક્ષ મજકુર બાબત મુકવાની અને સદરહુ બાબતમાં તમારા પોતાના ખર્ચે અને જોખમે આગળ પગલાં લેવાની ફરજ પડશે.

**મેસર્સ એન. સી. દલાલ,**

સોલીસીટરો.

ધોધારી સંઘની મેનેજીંગ કમીટીએ તા૦ ૨૭-૨-૩૧ ની મીટીંગમાં સર્વાનુમતે ઠરાવો કરી ટ્રસ્ટીઓ ઉપર મોકલી આપેલ છે તેમાં એક ઠરાવ નીચે મુજબ હતો:–

"આ નવી પરિસ્થિતી ઉભી થઇ છે તે સંબંધી ચેતવણી આપ્યા છતાં ચશમપોશી રખાય છે તેને લીધે જૈન સમાજને ખાસ કરીને ગોડીજી મહારાજના દેરાસરજીને જે કાંઇ સહન કરવું પડે તેને માટે તમોને જોખમદાર ગણવામાં આવશે."

## પાટણના મણીયાતી પાડાના દેરાસરના વહીવટદારનો
# જાહેર ખુલાસો.

પાટણ તા૦ ૨૪-૨-૩૧.

તા૦ ૨૦-૨-૩૧ ના વીર શાસનમાં પાના ૩૧૯-૨૦ ઉપર "આમાં સત્ય શું છે." એ મથાળાવાળા લેખમાં પાટણનો ખબરપત્રી જણાવે છે કે "પાટણમાં મણીયાતી વાડામાં ભગવાન શ્રી મહાવીર સ્વામીજી મહારાજની જીર્ણોધ્ધાર વખતની પ્રતિષ્ટાની બોલીમાં આવેલા રૂપીયાની રકમમાંથી ચોથો ભાગ તેઓશ્રી બૃહદકલ્પ છપાવવા ધારે છે તેમાં લઇ જવા માટે જુદો કઢાવી રાખ્યો છે." આ વાત તદ્દન ખોટી અને બીનપાયાદાર છે તથા પ્રવર્તકજી શ્રી ૧૦૮ શ્રી કાંતિવિજયજી મહારાજને પ્રતિષ્ટાના અગે થએલી બોલીમાં ઉત્પન્ન થએલી રકમ સાથે સીધો કે આડકતરો કોઇ પણ જાતનો સંબંધ નથી તેમજ સદરહુ લેખમાં તા૦ કo બીજા કોઇને આ લેખનો ખુલાસો કરવાની મનાઈ કરેલી હોવાથી પૂજ્ય કાંતિવિજયજી મહારાજ ખુલાસો કરે યા ન કરે તો પણ સદરહુ દહેરાસરના વહીવટકર્તા તરીકે સત્ય વસ્તુ સમાજમાં રજુ કરવાની મ્હારી અનિવાર્ય ફરજ હોવાથી હું આ ખુલાસો બહાર પાડું છું.

કોઇ પણ જાતની ચોકસી કર્યા સિવાય આવી તદ્દન નાપાયાદાર વાતોને જાહેરાત આપી એક સાધુ પુરૂષને વગોવવામાં વીર શાસનના તંત્રીએ ઘણુંજ ઉતાવળીયુ પગલું ભર્યું છે એ શોચનીય છે આશા છે કે તંત્રીશ્રી આવી નાપાયાદાર વાતોની જાહેરાત કરવા પહેલાં પૂરતી ચોકસાઇ કરવાની તસ્દી લેશે.

સમાજમાં સદરહુ ખબરપત્રીના લેખથી ફેલાએલી ગેરસમજ દૂર થાય એટલા ખાતરજ સદરહુ દહેરાસરના વહીવટકર્તા તરીકે આ ખુલાસો કરવાની જરૂર જોઈ છે.

આ ખુલાસો વીર શાસન પત્રના તંત્રીશ્રી ઉપર પણ પ્રગટ કરવા માટે મોકલી આપ્યો છે. તા૦ સદર.

લી૦ શ્રી સંઘનો સેવક,
**શા. સુંદરલાલ પોપટલાલની સહીં**
પાટણ મણીયાતી પાડાના દહેરાસરજીના વહીવટકર્તા.

---

## રાધનપુરના વીશા શ્રીમાળી સમાજે ભરેલું સ્તુત્ય પગલું.

રાધનપુર, તા૦ ૧૨-૨-૩૧.

રાધનપુરના દશા શ્રીમાળી સમાજ તરફથી રાધનપુરના વીશા શ્રીમાળી સમાજને દશા શ્રીમાળી સમાજના આગેવાનોએ પોતાના સાથેનો બેટી વ્યવહારનો રિવાજ નથી તે પડદો ખોલી નાખી બેટી વ્યવહારના દ્વાર ખુલ્લા કરી આપવા માટે અરજ એક મહિના પહેલાં કરેલ જે ઉપર વિચાર કરવા માટે કેટલી વાટાઘાટ બાદ સંવત ૧૯૮૭ ના મહા વદ ૯ ને ગુરૂવારના રોજની મીટીંગમાં તેઓની અરજ મંજુર કરી નીચે બતાવેલી શરતોએ તેઓની સાથેનો બેટી વ્યવહારનો પડદો ખોલી નાખવામાં આવેલ છે.

### શરતો.

૧ સહી કરનાર અરજદારોએ રાધનપુર વીશા શ્રીમાળી સમાજના લગ્નાદિ તમામ રિતરિવાજ પ્રમાણે વર્તવું તેથી બીજી રીતે વર્તવું નહી.

૨ રાધનપુરના વીશા શ્રીમાળી સમાજના વહીવટથી બીજી રીતે ગામ પરગામ તેમજ જે સમાજ અથવા તેના ઘરો સાથે આ સમાજે બેટી વ્યવહાર રાખેલો કે ખુલ્લો કરેલો નથી તેવો કોઇ પણ સમાજ કે સમાજના ઘરોમાં પોતાની કોઇ પણ દીકરી કે દીકરાઓ સહી કરનાર અરજદારોના ઘરાંણાવાળાએ આપવી કે અપાવવી નહી.

૩ ધાર્મિક સંપ્રદાય હાલ જેમ એકત્ર છે તેમજ તપગચ્છની સમાચારીનો હંમેશાં કાયમ રાખવો તેમાં કોઇ પણ પ્રસંગે જુદા પડવું નહી.

ઉપર મુજબનો પડદો ઉચકી લેવા માટે અત્રેના વકીલ હરજીવનદાસ દીપચંદભાઇએ દરખાસ્ત મુકતાં તેને શા. લખમીચંદ પ્રેમચંદ અને શા. ચીમનલાલ સીરચંદે ટેકો આપ્યો હતો ને સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો. જે બાદ મંજુર થયેલો ઠરાવ દશા શ્રીમાળી સમાજને વાંચી સંભળાવતાં તેઓ તરફથી ઉપરની શરતો કબુલ રાખવામાં આવી હતી તે પ્રસંગેની ખુસાલી દશા શ્રીમાળી બંધુઓએ ધાર્મિક ખાતાંઓએ મદદ કરી હતી.

---

# મુનિશ્રી રામવિજયજીને ખૂલ્લો પત્ર.

ઠે૦ દંતારવાડો, ખંભાત, તા૦ ૨૪-૨-૩૧.
**મુ. ખંભાત.**

**મુનિશ્રી રામવિજયજી,**

મારા સાંભળવામાં આવ્યું છે કે ગઇ કાલે એટલે તા૦ ૨૩-૨-૩૧ ના રોજ શકરપુરના જીનમાં બે છોકરીઓને દીક્ષા આપતી વખતે તમોએ કહેલું કે જો બીજા કોઇને આ વખતે દીક્ષા લેવા હોય તો હું આકાશમાંથી **ઓઘો** લાવી આપું. તો જો આપ ચારિત્રવાન હોવાનો દાવો કરતા હો અને આકાશમાંથી **ઓઘો** લાવવા તૈયાર હો તો હું આપના પાસે દીક્ષા લેવા તૈયાર છું. આ કામ જાહેર પ્રજા સમક્ષ કરવું પડશે અને તેમ કરશો તો મારી દીક્ષામાં કોઈ વિઘ્ન કરશે નહીં તેની ખાત્રી રાખશો. માટે આકાશ માર્ગમાંથી ઓઘો લાવવા તૈયાર હોય તો મને તુરત જવાબ આપશો. જવાબ આપ્યા વગર ખંભાત છોડશો નહીં. અને છોડશો તો તમે તમારૂં બોલેલું પાળવાને શકિતમાન નથી તેવું મને અને જાહેર સમાજને માનવાની ખાત્રી થશે એજ. લી૦,

**રતિલાલ બેચરદાસ શાહ**, દા. પોતે.

ઉપર મુજબનો પત્ર તા૦ ૨૪-૨-૩૧ ના રોજ બે વાગે તેમને મળવા છતાં જવાબ નહીં આપતાં તેમજ તે બાબત ખુલાસો નહીં કરતાં સવાત્રણ વાગે ખંભાતની હદ છોડી ગયા છે. છતાં હજુ પણ જો તેવણ આ ચેલેંજ સ્વીકારી દીક્ષા આપવા તૈયાર હોય તો હું દીક્ષા લેવા તૈયાર છું. જાહેર જનતા આવા સાધુઓના વાક્ચાતુર્યમાં ભોળવાઇને ફસાઇ જાય નહીં તે માટે આ પત્ર પ્રસિદ્ધ કરવા મોકલું છું

લી૦, **રતિલાલ બેચરદાસ શાહ**, દા. પોતે

---

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૦ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ વદી ૬. તા૦ ૯-૩-૩૧ | છુટક નકલ : ૦ાા આનો.

## નોંધ અને ચર્ચા.

### ઝાલાવાડના જૈન યુવાનો સાવધાન!

આપણા જૈન સમાજમાં એક એવો ચોકસ વર્ગ હસ્તી ધરાવે છે, કે જે પોતાની જાતને 'શાસનપ્રેમી' અને 'ધર્મીપક્ષ' નાં વણ દીધાં બિરૂદ લગાડી સાચા જૈન હોવાનું અભિમાન લ્યે છે અને એ વર્ગે સાચાં માની લીધેલાં 'મંતવ્યો' ને સમાજની શાન્તિ અને વ્યવસ્થાને ભોગે અમલમાં મુકવાનો જીવતોડ પ્રયત્ન આદરી રહ્યો છે. એમના એવા પ્રયત્નોએ ગુજરાતના જુદા જુદા શહેરોમાં જે કલેશનો દાવાનળ સળગાવ્યો છે તેનાથી સમાજની કોઇપણ વ્યકિત અજાણ હોવાનો ભાગ્યેજ સંભવ છે. છતાં આ વર્ગ જ્યાં પોતાનો અડ્ડો જમાવે છે ત્યાં એવી ખુબીથી દાખલ થાય છે, કે તેમના હેતુ માટે શંકા કરવાનું કોઇનેય ભાગ્યેજ કારણ મલે. ધાર્મિક ક્રિયા કરવાને બ્હાને પોતાનો પગપેસારો કરી; એ ક્રિયાઓ કરનારની સગવડ ખાતર અને ક્રિયાઓની ઉપયોગીતા સ્હમજાવવાના બ્હાને નભતો 'દેશવિરતી આરાધક સમાજ' દાખલ થાય છે. અને એ 'સમાજ' ની પાછળ 'યંગમેન્સ જૈન સોસાયટી' એના પડછાયા રૂપે એની પાછળ હોયજ એ તો સ્વાભાવિકજ છે. આ રીતે વાતાવરણ તૈયાર થયા બાદ 'અયોગ્ય દીક્ષાનો' ઇજારો લઇ બેઠેલા એ 'આચાર્ય ત્રિપુટી' માંથી એકાદનો ત્યાં પ્રવેશ થાય છે, અને પછી એ કહેવાતાં "દેશવિરતી આરાધક સમાજનાં" અને "ઓલ ઇન્ડીઆ યં. મે. જૈન સોસાયટીનાં" સંમેલનો નામ નીચે પોતાના અંતરનો રોષાનળ ઠાલવતા ઠરાવો પસાર કરવામાં આવે છે. આ હકીકત કેટલી સત્ય છે તે ગઇ સાલ સુરતમાં ભરાએલા તેમના સમ્મેલનોમાં પસાર થયેલા ઠરાવો એક વખત વાંચી જવાથી સ્પષ્ટપણે સ્હમજી શકાય તેમ છે. આ વરસે વઢવાણ શહેરમાં એ વર્ગે પોતાનો પગપેસારો કરી અડ્ડો જમાવવાનો પ્રયત્ન આદરી દીધો છે. શાન્તપણે આત્મકલ્યાણને અર્થે થતી કોઇ પણ ધાર્મિક ક્રિયાઓ સ્હામે કોઇનેય—પછી તે યુવાન હોય કે વૃદ્ધ: જુના વિચારનો હોય કે નવા વિચારનો—વાંધો નજ હોય. પણ એ ધાર્મિક ક્રિયાઓના નામે 'સમ્મેલનો' અને 'સભાઓ' યોજી ત્યાંના વ્યવસ્થિત અને શાન્ત સમાજમાં અશાન્તી અને અવ્યવસ્થાનાં પૂર ઉલટે એવા પ્રયત્નો ન થાય. સમાજના ઐક્યમાં કોઇપણ જાતનો વિક્ષેપ ન પડે—અને એ વઢવાણ શહેરની મારફતે આખાય ઝાલાવાડને તેના છાંટા ન ઉડે—તેટલા ખાતર વઢવાણનાજ નહી પણ ઝાલાવાડ સમસ્તના યુવાનોને જાગૃત રહેવાની અનિવાર્ય આવશ્યકતા છે. ઝાલાવાડનું જૈન યૌવન આને માટે સાવધાન રહે!

ઋષભદાસ.

### સ્વતંત્રતા અને સ્વચ્છંદતા.

આજે શાહી સરકાર કહે છે કે હિંદ સ્વચ્છંદ બન્યું છે, પોચા હૃદયના બુઢ્ઢાઓ કહે છે કે યુવાનો સ્વચ્છંદી બન્યા છે અને કેટલાએ પતિરાજો કહે છે કે પાશ્ચાત્ય સંસ્કૃતિના સ્પર્શે પત્નીઓ સ્વચ્છંદી બનવા માંડી છે. વિશેષ મુશ્કેલ બાબત તો એજ છે કે સ્વતંત્રતા કે સ્વચ્છંદતાની નિયમસર વ્યાખ્યા કોઇ આપી શકતું નથી અને તેથી વિચાર મતભેદને સ્વચ્છંદતાનું નામ આપી દેવું ઘણાઓને સરળ થઇ પડે છે. ક્રાન્તિવાદ આવા વિચાર મતભેદને નિઃશંક આવકાર આપે છે.

સામાન્ય જનસમુહને પ્રત્યક્ષ બાબતો (open facts) આપી શાસ્ત્રાર્થમાં ઉંડા ઉતર્યા વગર ભૂત અને વર્તમાનની કંઇક ઝાંખી કરાવવી તેમાં શાસ્ત્રોને અને શાસ્ત્રોકત પાત્રોને કંઇ પણ અન્યાય થતો હોય તેમ લાગતું નથી; અને ક્રાન્તિ ભક્ત યુવાનો ઉંડી બંધારણની બાબતોમાં ઉતર્યા વગર દેશકાળાનુરૂપ સ્થીતિ ઉત્પન્ન કરવાજ સંગ્રામ ખેડે છે તેમ ટીકાકારોએ સમજવાની જરૂર છે.

'યુવક સંઘોના વાજીંત્ર' સંચાલકોને અલેલટપ્પુ સલાહકારો કરતાં તેમની ફરજનું વધારે ભાન છે, એટલે તેમને ખોટા માર્ગદર્શકોની જરાયે જરૂરિયાત નથી. યુવક સંઘોના સુકાનીઓને શું કરવું યા શું ન કરવું તેની પુરેપુરી ખબર છે. તેઓ અત્યારે કદાચ હડધુત બનશે પરંતુ ભાવિ પ્રજા તેમને જરૂર સન્માનશે. યુગ યુગનો ઇતિહાસ આ કથનમાં અવાજ પુરે છે. મને તો લાગે છે કે યુવક સંઘોના કહેવાતા શુભેચ્છકોની બીનપાયાદાર ટીકાઓ તે સંસ્થાઓ પ્રત્યેના દ્વેષને લઇ થાતો લેખકો પ્રત્યેના વ્યકિતગત ઘૃણાને લઇ હોય તો તેમાં કશું આશ્ચર્ય નથી.

ક્રાન્તિ-ભક્ત.

### આચાર્યશ્રી વિજયવલ્લભસુરિનો વિહાર.

"પુજ્યપાદ જૈનાચાર્ય શ્રીમદ વિજય વલ્લભસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પરિવાર સહિત પૂનાથી વિહાર કરી તલેગામ, દમઢેરા, ઘોડનદીનગર, યેવલા, ઔરંગાબાદ. આદી નગરોમાં ભવ્ય જીનાલયોની યાત્રા કરતાં તેમજ ભવ્ય જીવોને ઉપદેશામૃતનું પાન કરાવતાં ફાલ્ગુન સુદિ ૧૧ ને દિવસે જાલના પધાર્યા છે. અહીં આઠ દિવસની સ્થિરતા કરી ફાલ્ગુન વદિ ૩ ના વિહાર કરી ચૈત્ર સુદિ ૧ ના દિવસે શ્રી અંતરીક્ષજી પાર્શ્વનાથજી પહોંચવાના છે."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# વઢવાણનાં સંમેલનો.

વઢવાણનાં એક યુવાને આમંત્રણ આપવાથી વઢવાણમાં ઉકત સંમેલનો ભરાય છે. સંમેલન ને ધાર્મિક ક્રિયાઓ તે બે જુદી વસ્તુ છે છતાં સંમેલન ભરનારાઓ સંમેલનને ધાર્મિક ક્રિયા તરીકે ઓળખાવે છે. સંમેલનના વિરોધ કરનારને સંમેલનના કોઇ ચોકસ ઠરાવ સામે વિરોધ દર્શાવનારને ધાર્મિક ક્રિયાના વિરોધી તરીકે સંમેલન ભરનારાઓ ઓળખાવે છે, આ તેમની મનોદશા છે. તે હકીકત ઝાલાવાડના યુવાનો બરોબર ઉંડા ઉતરીને તપાસશે તો સત્ય જણાશે. ઝાલાવાડના જૈનોની સમજશકિત ઉપર અમોને વિશ્વાસ છે. તેઓ પોતાની હાજરીમાં ધાર્મિક ક્રિયાને બહાને કોમની સર્વમાન્ય સંસ્થાઓ ઉપર અસત્ય આક્ષેપોવાળા ઠરાવ પાસ થવા દેશે નહિ. અમો અમારા ઝાલાવાડના જૈન બંધુઓને સોસાયટી તથા દેશવિરતીના ગઇ સાલના ઠરાવો ને તેમના ભાષણો તપાસી જોવા વિનંતિ કરીએ છીયે.

કેટલીક ટુંકી વીગતો અમે નોંધીએ છીએ. સંમેલનનો ઠરાવ સાતમો શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સંબંધી છે તેમાં કોન્ફરન્સની જુન્નેરની બેઠક ઉપર ત્રણ આક્ષેપ છે (૧) ચુંટાયલા ડેલીગેટોને આમંત્રણ કરી અપમાન યુકત અમાનુષી વર્તણુંક ચલાવી છે. (૨) મનસ્વીપણે શાસ્ત્રથી વિરૂદ્ધ ઠરાવો કર્યા છે. (૩) શ્વેતાંબરો સિવાય બીજા ભાઇઓને સાથે રાખી બંધારણ વિરૂદ્ધ કાર્ય કર્યું છે. આ ત્રણે હકીકતની ચર્ચા જુન્નેર કોન્ફરન્સની બેઠક પછી વર્તમાનપત્રોમાં બંને પક્ષ તરફથી સારી રીતે થયેલી છે. હાલ સુધી કોન્ફરન્સની બેઠકોમાં ચુંટાયલા ડેલીગેટો માટે આવી ફરીયાદો થઇ નથી તો જુન્નેરની બેઠકમાં તેમ થવાનું સંભવી શકે નહિ. ડેલીગેટો ચુંટાયેલા હોય તો કોના તરફથી ચુંટાયેલા હતા તે વાત હજી સુધી પણ જાહેર કરવામાં આવી નથી. જેઓ ચુંટાયલા હતા તેઓએ બંધારણ વિરૂદ્ધ કોન્ફરન્સના અધિકારીઓ પાસે માગણીઓ કરી હતી જે તેમનો પક્ષ પણ કબુલ કરે છે. માંગણી કરી હતી તેમ તો તેમના પક્ષકારો કબુલ કરે કદાચ બંધારણ વિરૂદ્ધની આવી માંગણી ગણાય તે તેઓ નહિ સ્વીકારે. તે માંગણી પ્રમુખના ભાષણમાંથી અમુક ફકરાઓ કાઢી નાંખવા સંબંધી હતી. તે માગણીને કેવી ગણવી. તેના વિચાર કરવાનું અમો ઝાલાવાડના બંધુઓને સોંપીએ છીયે. શાસ્ત્રાજ્ઞા વિરૂદ્ધના ઠરાવો સંબંધી જુન્નેરના ઠરાવો તથા સુરત સંમેલનનાઃ ઠરાવો બન્ને પ્રગટ થયેલા છે. જનતા શાસ્ત્રાજ્ઞા શી છે તે સારી રીતે સમજે છે. (૩) અન્ય માણસોને સાથે રાખી બંધારણ વિરૂદ્ધનું કાર્ય કર્યું છે. તેમાં પણ બીલકુલ વીગત આપવામાં આવી નથી. સાધારણ રીતે અન્ય ફીરકાનાં બધુઓ હાજર હોય એટલે તેમના મત લેવાયા હોય તેમ બનતું નથી ને તેવું બન્યું પણ નથી. શાસનપક્ષ તેવી વીગત કાંઇ આપી શકતો નથી. તેમ ખોટા ખબરો જે અન્ય સાધન મારફતે મેળવેલા છે તેની ઉપર ભરોસો સમાજ મુકશે નહિ કારણ કે શાસનપક્ષ તો બેઠકના કામકાજ વખતે ગેરહાજર હતોઃ. બીજા પણ તેમના ઠરાવો પોતાથી વિરૂદ્ધ પક્ષની સામે આક્ષેપ કરનારા છે. આવા સંમેલનોમાં ભાગ લેવો તેથી કોમનું કાંઇ ભલું થવાનું જણાતું હોય તો તેમાં ભાગ લેવો વ્યાજબી ગણાય તેવો સંભવ ન હોય તો પણ તેવા સંમેલનોને ત્યાજ્ય ગણવા જોઇયે. બાકી ધર્મક્રિયામાં ભાગ લેવામાં પક્ષભેદ ગણવાની જરૂર નથી.

# નોંધ અને ચર્ચા.

## ...............ને!

હમણાં હમણાં આપણા વર્તમાનપત્રોના પાના ઉપર એવા લેખોનાં દર્શન થવા લાગ્યાં છે, કે જેના લખનારા પોતાની જાતને 'રૂઢીપૂજકો' કે 'સુધારકો' એ બંન્નેથી ભિન્ન માનતા જણાય છે. તેમને કયા વર્ગમાં મુકવા તે તેઓએ સુચવ્યું ન હોવાથી આપણે એમને 'શિખામણ આપનાર'ના વર્ગમાં મુકી દઇએ તો તેઓ કદાચ ઝાઝો વાંધો નહી લ્યે. કારણ કે શિખામણ આપવી એ વડીલો—ગુરુજનો—નો ધર્મ છે. અને વડીલ કે ગુરૂજન બનવું કોને ન ગમે?!

આજનું યૌવન એ શિખામણ આપનારાઓને પુછે છે કે પાણીમાં 'તરવું' અને કિનારે ઉભા રહી 'તરનાર'ને શિખામણ આપવી એ બેમાં રહેલું કયું ગણાય? પાણીમાં 'તરનાર'ને કિનારે ઉભા રહી 'શીખામણ' આપવી એ ભલે વડીલ કે ગુરૂજન બનવાના કોડ ધરાવનારાને બહુ ગૌરવ લેવા જેવું લાગતું હોય, પણ તેની કશીજ કીંમત નથી. 'તરનાર'ની ભૂલ હોય તો 'એજ પાણી'માં પ્રથમ 'તરી' બતાવો. પછી શિખામણ આપો કે આમ 'તરાયઃ' જેમ 'રૂઢીપૂજકો' કે 'સુધારકો' પરસ્પર સહિષ્ણુતા ન રાખતાં એક બીજાની અથડામણમાં આવી સમાજમાં અશાન્તિ ફેલાવે છે એવો આક્ષેપ સ્હેલાઇથી મુકી શકાય છે. તેમ એમ પણ કહી શકાય કે સમાજમાં એક એવો 'નિષ્ક્રય' વર્ગ છે. જે ઘરને ખુણે બેસી 'સબ જાણકાર'નો દાવો કરી માત્ર શિખામણ'જ આપી શકે છે.

અલબત્ત આજનું ડહોળાએલું વાતાવરણ અને સમાજની ડગમગતી નૌકા એ સૌ ભયનાં ચિન્હ છે—અશાન્તિ સૂચવે છે. પરંતુ એટલુ યાદ રખાય કે એ 'અશાન્તિ' માંથી 'શાન્તિ' જન્મશે તેજ સાચી 'શાન્તિ' હશે. બાકી નિષ્ક્રીય શાન્તિ એ મુડદાની શાન્તિ છે; ચેતનવંતા સમાજની નહી.

'સુધાર' અને 'રૂઢી'ના શબ્દાર્થો ભાવાર્થો, કે વિશેષાર્થો ગમે તેવા સુંદર શબ્દોમાં ચિતરી શકાય; દાખલા દલીલો આપી શકાય; તેને અંગે જે જે કહેવું હોય તે કહી શકાય તેની ના નથી. કહેવાનો સૌને હકક છે. એટલે કોઇનાય વિચાર સ્વાતંત્ર્યની આડે આવ્યા સિવાય અમે માત્ર એટલુંજ કહેવા માગીએ છીએ કે આજે માત્ર 'સુધાર' નોજ પ્રશ્ન નથી રહ્યો. આજે તો સમાજનો ચોકસ વર્ગ કે જેને સમાજે તેના 'પરમ ત્યાગ' અને 'સમર્પણ' ની ખાતર ઇચ્છાપૂર્વક 'શ્રેષ્ટ—પુજ્ય' માન્યો તેમાંની થોડી વ્યકિતઓ સમાજની એ ઉદારતાનો ગેરલાભ ઉઠાવવા માગે છે. પોતાની 'શ્રેષ્ટતા—પૂજ્યતા' લાયકાત હોય કે ન હોય તો પણ ફરજીયાત કબુલ કરાવવા માગે છે અને 'આજ્ઞાઃ એજ ધર્મ' ના ઓઠા નીચે 'વીતરાગ'ના સીધા વારસદાર તરીકે પોતાની આજ્ઞાને 'અનઉલ્લંઘનીય' ગણાવવા માગે છે. એ મનોદશાની સ્હામે આજના 'યૌવન' નો ખુલ્લો 'બળવો' છે. એટલું શિખામણ આપનારા ધ્યાનમાં રાખે એટલે બસ થશે.

6/3/31 — Fedist.

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખક: રતિલાલ ભીખાભાઇ.

—:*:—

(દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે.)

**પાત્રો :–**

**જૈન ખેડુત**–(યંગમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

**તેની સ્ત્રી–તેનો દાદો–તેની દાદી–છોકરા–છોકરીઓ પાડોશી.**

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:–

**(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા.)**

**સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી**

તેનો મંત્રી.

**ભપકાદાર સેતાન–બટુક.**

**બીજો સેતાન–બટુક.**

**ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન–બટુક.**

**પહેરેગીરો અને દ્વારપાળો.**

## અંક પાંચમો.

મજુર સેતાન–અનાજ તો પુષ્કળ છે. રાખવાની જગા છે, તેના કરતાં વધારે છે. એને પેલાનો સ્વાદ લાગેલો છે. કેટલાક પુસ્તકોમાં તત્વજ્ઞાન સંતાડી રાખ્યું છે. કોઇને કામ વીના આપવાના નથી. કામ કરાવવું હશે ત્યારેજ એની લહેજત ચખાડીશું.

ગામનાં મોટેરાઓને નિમંત્રણ આપવાનું અને બધાને તે ખાવાનું કહ્યું છે. એટલા માટે કે તે લોકો પોતાની મીલ્કત દાદા સાથે સમજીને જુદી કરી લે અને રસ્તો એવો લે કે જેથી કરીને દાદા પાસે કાંઇ રહે નહી. ભલે, દાદા ઝુંપડીમાં રહે. મારા સરદારને આવવું હોય તો આવે કારણ કે મારે શરમાવા જેવું હવે રહ્યું નથી.

મુખ્ય સેતાન–મુદત પુરી થઇ છે. પેલા રોટલાની ભુલ સુધારી છે કે નહી? મેં તને કહ્યું હતુંને કે હું જાતેજ આવીને જોવાનો છું, કેમ? જન ખેડુતનો કબજો થયો.

મજુર સેતાન–પુરેપુરો. આપ જાતેજ જોઇ લો. પેલા ચુલામાં પેશી જાઓ અને તેઓ શું કરે છે તે જુઓ. આપને સારી રીતે સંતોષ થશે.

મુખ્ય સેતાન–(ચુલામાં પેસતાં) હવે જોઇએ છીએ. ખેડુત–તેની સ્ત્રી–દાદી-સાધુ–સાધ્વી–શ્રાવક–ને શ્રાવીકા રૂપી સંઘ દાખલ થાય છે.

સાધુ–કેમ તત્વજ્ઞાન જલ્દ બનાવ્યું છેને?

મજુર સેતાન–જી, હા.

સાધ્વી–પહેલા કરતાં હવે સરસ તત્વજ્ઞાન છે કે જેથી તે પીનાર જરૂર અમર બનવાના.

મજુર સેતાન–દુનીયામાં ફરવાથી ઘણી વસ્તુઓ શીખાય છે.

શ્રાવક–જાણકાર હોય તેજ જાણી શકે.

શ્રાવીકા–હવે બધાએ તત્વજ્ઞાન પીને યંગમેન્સ જૈન સોસાયટીને અમર બનાવવા પ્રયત્ન કરવો કે જેથી પાંચમા આરા સુધી કાયમ રહે ખરેખર, આ સોસાયટીમાં જે તત્વજ્ઞાન પીએ છે તેનામાં જરૂરા જરૂર કલેશમય શકતી આવે છે તેથી આપણે બધાએ હવે એ શકતીથી વાઘ સાથે કુદાકુદ શરૂ કરવી જોઇએ.

બધાનો નાટારંગ શરૂ થયો. મુખીસેતાન બારીકાઇથી જુએ છે. સેતાનનો મુખી આ કામથી ઘણોજ સંતોષ પામ્યો અને ખેડુતના બટુક મજુર સેતાનને કહે છે કે તેં ખરેખર જૈન ખેડુતોની અંદર ફાટ પાડવાના રસ્તા ઘણાજ સારા લીધા છે કે જેથી કરીને હવે ભગવાન મહાવીરના વચન સત્ય થશે અને નરકની અંદર જરૂરા જરૂર કષાયોને લીધે તે જૈન ખેડુતો આપણા બંધનમાં પડશે. જે ખેડુતનો દાદો ઉશ્કેરતો હતો તે મીલ્કત વગરનો થશે. ખેડુતે પોતાના દાદાનું ભરણ પોષણ કરવું બંધ કર્યું છે તેથી હવે આપણે તે ખેડુતના દાદાનો ભય નથી.

સાધુ–સારા માણસ સાથે વાત કરવામાં ફાયદો છે. જ્ઞાન મેળવવાની એ રીતી છે.

સાધ્વી–ખરેખર, આપણી સોસાયટી ડાહી અને ધર્મી છે.

શ્રાવક–મારી લાગણી હું શબ્દોમાં કહી શકતો નથી.

સાધુ–સાધ્વીના શબ્દોમાં આપણાથી શંકા થઇ શકેજ નહી.

શ્રાવીકા–ખરૂં કહ્યું, સાધુ–સાધ્વીના વચન ઉપર શંકા કરે તે મીથ્યાત્વી–હાડકાનો માળો.

મજુર સેતાન–મુખીને કહે છે કે જુઓ એક બીજાની ખુશામદ કરવા મંડી પડયા છે.

મુખી સેતાન–જૈન તત્વજ્ઞાનની એજ ખુબી છે. જો રીતસર સાધુના પરીષહો સહન કરીને કર્મોની નીર્જરા કરાય તો જરૂર બેડો પાર. જો ચુકે તો, જરૂર આપણા કબજામાં આવી જાય તેથી એક જૈન મહાત્મા લખી ગયા છે–"ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જીન તણી ચરણ સેવા."

મજુર સેતાન–હજુ જેમ જેમ વધારે તત્વજ્ઞાન મુર્ખાઓ પીતા જશે તેમ તેમ જરૂર તેમનો નાટારંગ દીપી નીકળશે.

સ્ત્રી–દીક્ષાનું તત્વજ્ઞાન વધારે પીવું તેજ શ્રેયસ્કર છે.

સાધુ–સારા માણસની સોબતમાં જેમ વધારે દીક્ષાપાન કરાય તેમાંજ આત્માની ઉન્નતી છે.

સાધ્વી–ખરી વાત છે. જેટલા દીક્ષાર્થીઓ વધે તેટલાઓનો જરૂરાજરૂર ઉધ્ધાર થાય.

શ્રાવક–દીક્ષાનું ટોળું વધે તોજ ધર્મ ટકી શકે.

શ્રાવીકા–દીક્ષાર્થીઓ વધે તોજ શ્રાવીકાનો ઉધ્ધાર થાય. શ્રાવીકાનો જો ઉદ્ધાર થાય તોજ ભવીષ્યની પ્રજામાં ધર્મ ટકી શકે. માટેજ દીક્ષાર્થીઓની જરૂર છે.

જૈન ખેડુત–સાના બરાડા પાડો છો.

સાધુ–મીજાજ સાનો કરે છે અલ્યા. શું હાડકાના માળામાં જવાનો વીચાર રાખ્યો છે? બેવકુફ તું તારી જાતને મોટી માનતા કયારથી શીખ્યો?

જૈન ખેડુત–સાધુ–સાધ્વીને કહે છે કે અવિનય થયો હોય તો માફ કરશો.

પુજય ગુરૂદેવ, અમોને પુષ્કળ તત્વજ્ઞાન પાઓ કે જેથી કરીને યંગમેન્સ જૈન સોસાયટી પાંચમા આરા સુધી કાયમ રહે.

મુખ્ય સેતાન–અલ્યા બટુક મજુર, જોયું દીક્ષામાંજ મોક્ષ માની બેઠેલા છે. કેવી મજાની જાળ તેં પાથરી છે? તારા કામથી હું ઘણો સંતોષ પામ્યો છું.

અંક પાંચમો પુરો.

# સમાજ ઉદયનો રાજરસ્તો.

લેખક : સર્વદમન.

(૧)

"I believe that all human problems find their fundamental solution in education. I know that all the evils almost without exception, from which my land suffers are solely owing to utter lack of education of the people. Poverty, pestilence, communal fights and industrial backwardness, which make our path of life too narrow and perilous, are simply due to the meagerness of education." —*Rabindranath Tagore.*

**શિક્ષણની જરૂરિઆત.**

શિક્ષણ એ સમાજ ઉદયનો રાજરસ્તો છે. કવિવર રવીન્દ્રનાથનાં ઉપરોકત વચનો આપણા દેશજનોની અભણ સ્થીતિનો કંઇક ખ્યાલ આપે છે પ્રજા પોતાનાં પગ પર જ્યાંસુધી ન ઉભી શકે, ત્યાંસુધી રાજ્યના સંચાલકોએ પ્રજાનાં ઘડતર પ્રતિ ધ્યાન આપવું જોઇએ એ કથન વિશ્વમાન્ય છે. હિન્દનો પુરાતન ઇતિહાસ તેની સાક્ષી પુરે છે.

આપણી કરૂણાજનક સ્થીતિનો ખ્યાલ ત્યારેજ આવી શકે કે જ્યારે અન્ય દેશોનાં કેળવણી વિષયક ખર્ચોની સાથે આપણી તુલના કરીએ. અજ્ઞાન સમાજને આ પૃથ્વી પર વસવાનો કે વિચરવાનો હકજ નથી. જીવન શું છે, જગત શું છે અને સાર અસાર શું છે એ મહાન અને વિચારણીય પ્રશ્નોનું ખરૂં નિરાકરણ કરવા કાજે વિશાળ દૃષ્ટિબિંદુ જોઇએ છે. વિશાળ દૃષ્ટિબિંદુ કેળવવા માટે સરસ્વતી દેવીની અખંડ સેવાની જરૂર છે.

આ તો શિક્ષણનો અર્થ અને તેની મહત્તા વિષે વાત થઇ. ભારતવર્ષ જેવા વિશાળ દેશમાં અનેક નાના મોટા સમાજો છે. તે પ્રત્યેક સમાજની શિક્ષણ વિષયક પ્રગતિ સમગ્ર રાષ્ટ્રની ઉન્નતિમાં કંઇક હિસ્સો આપે છે. આ ન્યાયે, જૈન સમાજને પોતાની જોખમદારી જરૂર વિચારવાની રહી. પ્રાથમિક શિક્ષણમાં આપણે પછાત નથી, પરંતુ શિક્ષણની ઉચ્ચતર ભૂમિકા જે વિચાર વિકાસ અને મુશ્કેલ પ્રશ્નોની નિર્ણયશકિતને ખીલવે છે તેમાં આગળ ધપવાનું છે. આ સાધ્ય સિદ્ધ કરવા આપણે હાલ શું કરીએ છીએ, તે સાધનોમાં ગુણદોષો શું છે અને તેમાં સુધારાને કેટલી આવશ્યકતા છે તે પ્રશ્ન વિચારીએ.

**છાત્રાલયો.**

અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં આપણી સંસ્થાઓની સંખ્યા ઠીક ગણાય; પરંતુ જરૂરિઆત પુરતી તો નથીજ. આપણી સંસ્થાઓને અભિલાષી બાળકોનાં વિનંતીપત્રો પાછા ઠેલવાં પડે છે તે વિશેષ સંસ્થાઓની માગણી સુચવે છે. આપણે જૈનો જ્ઞાનના પુજારીઓ છીએ અને મોક્ષપ્રાપ્તિ માટે જ્ઞાન અને સ્વ-ઓળખ (Self-realisation) ની ભારપૂર્વક હિમાયત કરીએ છીએ, વિદ્યા એ ઉદ્યોતકારી અને પ્રજાહિતનું સાધન છે તેમ આપણે માનતા થયા છીએ, અને એ જ્ઞાન-ગંગામાંજ આપણી મુકિત છે એમ બુદ્ધિમાન પુરૂષો પોકારે છે; આ સત્ય વાત છે તો પછી તેમાં શિથિલ શાને રહેવું ?

હમણાં હમણાં છાત્રાલયો વિષે અને તેમનાં વહીવટો અને સુધારાની આવશ્યકતા વિષે ઠીક ઠીક હિલચાલ થવા માંડી છે. આ હિલચાલનું એક શુભ ફળ તો જરૂર આવ્યું છે. આપણે ઇચ્છીએ કે તેવાં અનેક ફળો આવે. મહાત્માજીના દેશયજ્ઞથી આખાયે દેશમાં ચિનગારી પ્રગટી છે. ચારિત્ર, સાદાઇ અને એવા અનેક ઉચ્ચ ભાવોએ પ્રજાનાં અંતરમાં વિશેષ સ્થાન લીધું છે. છાત્રાલય પ્રવૃત્તિ તેના અંકુર રૂપ હતી-છે અને પ્રવૃત્તિનો રંગ તેનાં પ્રત્યેક રંગ (Unit) ને લાગે તે સંભવિત બીના છે. ઉપર જણાવેલ પરિવર્તનનું એ ફળ આવ્યું છે કે આપણી સંસ્થાનાં આંતર વહીવટમાં જાહેર મતને સંચાલકો થોડું ઘણું માન આપતાં શીખ્યા છે.

**માતપિતા તથા સમાજની ફરજ.**

પરંતુ છાત્રાલય કરતાંયે માતપિતાની ફરજ અનેકવાર વધારે છે. ખરા સુસંસ્કારોનું સિંચન ગૃહ આંગણેજ થાય છે. હિંદ જેવા ગરીબ દેશમાં જ્યારે એક બાજુ જન્મ પ્રમાણ વધતું જાય છે ત્યારે પ્રજાની વસ્તુ ઉત્પાદક શક્તિને (Productive power) સ્થીર છે આનું પરિણામ એ આવે છે કે કેટલાએ કુટુંબોને અર્ધ ભૂખ્યાં અને અર્ધ વસ્ત્રાં રઝળવું પડે છે. **જે માતપિતા પોતાના સંતાનોને સુશિક્ષિત શહેરી કે જવાબદાર નાગરિકની ફરજોનું ભાન ન કરાવી શકે, તેમના પુત્ર, પુત્રીઓને સુદૃઢ શરીરવાળાં અને ચારિત્ર્યવાન ને બુદ્ધિવાન યુવક, યુવતીઓ ન સમજી શકે, ત્યાં સુધી તેવા માતપિતાઓએ માનસિક તૃપ્તિ ખાતર પ્રજાનો વધારો કરી દેશ અને સમાજપર બોજો કર ન લાદવો જોઇએ.** પરંતુ જ્યારે માતપિતાની આર્થિક સ્થીતિ ઠીક ન હોય ત્યારે તે ફરજ-એટલે કે સરા શહેરીજન બનાવવાની ફરજ. સમાજને માથે છે સમાજ જેટલી આ કાર્યમાં ઢીલ દાખવે તેટલી તે સમાજની ઓછી પ્રગતિ. અંગ્રેજ પ્રજા પાસેથી આપણે ઘણુંએ શીખવાનું છે. એક મુઠ્ઠીભર પ્રજા માનવજાતનાં ૧/૪ ભાગપર કુશળતાપૂર્વક દોર ચલાવી રહી છે તે વાર્તા કંઇક વિસ્મયકારી અને સાહસપૂર્ણ (Romance) છે. જો કે આપણે આપણી જનતાને શિક્ષિત બનાવી અન્ય કોઇ રાંક પ્રજા ઉપર દમન નથી ચલાવવા ઇચ્છતા તેમજ નથી ઇચ્છતા અન્ય પ્રજાની પ્રગતિકારક પ્રવૃત્તિઓનો અવરોધ કરવા; પરંતુ આપણી એ મહાત્વાકાંક્ષા તો છેજ કે આપણો સમાજ અને આપણો દેશ વધારે સમૃદ્ધ બને.

મારા કહેવાનો ટુંક સાર એટલોજ કે જૈન સમાજે જે કાંઇ થોડી ઘણી પ્રવૃત્તિ છાત્રાલયો, પાઠશાળાઓ અને નિશાળોદ્વારા આદરી છે તેમાં જૈન સમાજ રસપૂર્વક ધ્યાન આપતો થાય. જે છોડને પાણી પાવા આરંભ કર્યો છે તેને કાળજીપૂર્વક ઉછેરે અને પ્રત્યેક આંગણે પુષ્પરૂપ જ્ઞાનપુંવારાનાં છાંટણા છાંટવા કટિબદ્ધ થાવ !

---

**સમાચાર-** પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# સાહિત્ય પ્રદર્શન–સમીક્ષા.

(૩)

તાડપત્રને ભોજપત્ર પર સુંદર અક્ષરે લખાયેલી પ્રતો નિરખી મન આહ્લાદ પામતું, બારિક અક્ષરોમાં લખાયેલ એક પાનું તો સૌ કોઇનું લક્ષ ખેંચતું. સામે ગોઠવેલી સંખ્યાબંધ પ્રતો જોઇ ઘડીભર થઇ જતું કે ધન્ય છે એ મહાત્માઓને અને ધન્ય છે એમણે સેવેલા પરિશ્રમને, કેમકે જે યુગમાં આજની માફક છાપવાના સાધનોનું નામ નિશાન પણ ન હતું અને જે સમયમાં દેશની પરિસ્થિતિ અસ્થિર બનતાં વાર પણ ન લાગતી, એવા કાળમાં પોતાની દૈનિક ક્રિયા સાચવીને તેઓ આવા વિપુળ સાહિત્યનો ખજાનો આપણા માટે મુકતા ગયા. ત્યાગી તરિકે તેઓએ જે રૂડો ફાળો સાહિત્યક્ષેત્રમાં નોંધાવ્યો છે એ ઉપરથીજ એમના જ્વલંત જીવન વિષે આપણા માટે ઉચ્ચ અભિપ્રાય બાંધવાનું સુગમ પડે છે. આજના સાધુપુરૂષો એમના જેવું જીવન વીતાવવાના શપથ ગ્રહણ કરે તો કેટલો લાભ થાય! આજે થોડા અપવાદ બાદ કરતાં મોટો ભાગ જે રસ્તે સ્વજીવન વ્યતીત કરે છે અને દિન ઉગ્યે સંઘમાં ધર્મના નામે જે કલેશો રોપે છે એ જોતાં તો સખેદ કહેવુંજ પડે છે કે 'હે પ્રભુ! અમોને આવા સાધુઓથી બચાવ!' તેથી આપણે જોઇ શકીએ છીએ કે આજના આપણા આ નામાંકિત અને ભારોભાર વિશેષણોથી ઉભરાઇ જતાં મહાપુરૂષોથી કંઇ નોંધનીય સાહિત્યનું સર્જન થયું છે ખરૂં? અને જે કંઇ થયું છે તેમાં આ ઉપમાધારીઓનો ફાળો નહિં જેવો છે. બાકી તો આ પદવીના અભિલાષીઓએ માત્ર માંહોમાંહે થુંક ઉરાડવાનું અને ટંટા કરવાનું ઘણું ઘણું લખ્યું છે. એ પર આજનો સમાજ આંસુ સારે છે અને ભાવિ પ્રજા તો અવશ્ય એને સાગરસમાધિએ પહોંચાડશે. હજુ પણ પરિસ્થિતિ કળી જઇ, આંતરિક કલેશોમાંથી હાથ ધોઇ નાંખી, આત્મ સાધન કરતાં બચત સમય સાહિત્યના અનુપમ ક્ષેત્રમાં ખરચે તો કેવો ઉપકાર થાય? જૈન સમાજને આવા સેવકોની આજે ખાસ આવશ્યકતા છે. કોઇ પણ સમાજ કેવળ ભૂતકાળના યશોગાન ગાઇ જીવતો રહી શકતો નથી. ગતકાલિન ગૌરવથી વર્તમાનમાં જરૂર ઉષ્ણતા આણી શકાય છે પણ સાચુ તેજ તો વર્તમાન જીવનના આચરણ પરથીજ દાખવી શકાય. જ્યારે આપણા વારસામાં આવી મુલ્યવાનને અનુપમ સામગ્રી સમાયેલી છે તો આપણે શા સારૂ એમાં રહેલી અદ્દભુતતાનો લાભ સારા વિશ્વને ન આપીએ. માત્ર આઠ પંદર દિન એને ખુલ્લો રાખી અગર તો માત્ર એને ધર્મબુદ્ધિથી જોનાર વંદન કરી જાય એટલાથી સંતોષ માની પાછુ એને તાળાચાવીમાં બંધ કરીયે તે કરતાં સારૂ વિશ્વ સતત્ તેનો લાભ લઇ શકે તેવી ગોઠવણ કેમ ન કરી શકીએ? એકાદ વિશાળ પુસ્તકાલય ઉભું કરી એમાં આવો કિમતી સંગ્રહ સુંદર પ્રકારે ગોઠવી, દુનિયાના મુસાફરો, તત્વગવેષકો અને પુરાતત્વના શોધકો એના આંગણે ઉતરી આવે, અરે આ સાહિત્ય રૂપી અનુપમસરના મીઠા ઝરણા આસ્વાદે એવો પ્રબંધ કરીએ તોજ સાહિત્ય પ્રદર્શનનો પ્રયાસ ફળીભુત થાય.

ચોમાસુ રહેવા સંબંધી ગુરૂ આજ્ઞા માંગતા પટ્ટકો જોઇ એ કાળની પ્રથા માટે બહુ માન પેદા થાય છે. શિષ્યોનો ગુરૂ પ્રત્યેનો કેવો વિનય હતો એનો ખ્યાલ આપે છે અને એ તૈયાર કરતાં શિષ્યો એમાં સ્વકળા અને અભ્યાસના કેવા રંગો પુરતા તેનું ભાન થાય છે અને એ બધામાં સંઘનો મોભો કેવો ભાગ ભજવતો તેમજ ધર્મની પ્રભાવના કરવા જતાં પણ શાંતિ સાચવવાના પ્રશ્નપર કેવું વિશેષ ધ્યાન અપાતું એ બધું અવધારતાં, પૂર્વાચાર્યોની દીર્ઘદર્શીતા માટે અનહદ પ્રેમ ઉત્પન્ન થાય છે. એ સામે 'સંઘ કોણ થાય છે?' અગરતો 'એતો હાડકાનો માળો છે.' અથવા તો 'મારી હામાં હા પૂરે એજ સાચો સંઘ' ઇત્યાદિ વચનો વદનારા સાધુઓનું ચિત્ર ધરતાં કેવું ગૌરવ ગળતું અનુભવાય છે. કેટલી વિષાદ ધરવી પડે છે! સાહિત્ય પ્રદર્શનમાંથી આવા આવા તો કેટલાયે બોધપાઠો જડી આવે છે. પણ એના ઉત્પાદકો શુદ્ધ હૃદયથી આ વાત વિચારે તોને!

જે હોલમાં પીસ્તાલીશ આગમો ગોઠવ્યા હતા તેના દેખાવ સંબંધી તો પૂર્વે કહેવાઇ ગયું છે. ત્યાં ગોઠવણ ખીચોખીચ નહોતી વળી દરેક સુત્રની પ્રત નીચે લટકાવેલા બોર્ડમાં–મૂળ શ્લોક ટીકા–ચૂર્ણી નિર્યુક્તિ આદિની સંખ્યા તેમજ તેના રચયિતાના નામો લખેલા હતા. આવીજ વ્યવસ્થા સર્વત્ર ઇષ્ટ હતી. પ્રદર્શન ગોઠવ્યાનો ઉદ્દેશ ત્યારેજ ફળીભૂત થઇ શકે. આમ છતાં જગાની સંકડાશ ત્યાંજ વધારે હતી. વચમાં કિમતી ચીજો ગોઠવી દઇ એમાં વધારો કરાયો હતો. જરા થોભી બારિકાઇથી અવલોકવાનો વિચાર કરતાં પહેલાં તો 'આગળ ચાલો'ની હાકલ પડતી. 'પ્રદર્શન' ભાવ 'દર્શન'માં પલટાઇ જતો એમાં સંગ્રહ કરેલી પ્રતો તેમજ અન્ય ચીજો જોતાં જરૂર સૌ કોઇને હર્ષ ઉપજતો. એ માટે સેવેલ પરિશ્રમ બદલ જરૂર માન છુટતું. એકજ અરેરાટ થઇ જતો કે આ બધું નામના કે સ્વજમાવટની ભાવના વિહુણુ કેવળ સેવાર્થે હોત તો કેવું સારૂં!

સમીક્ષાનો ઉપસંહાર કરતાં એટલી આશા વ્યક્ત કરીએ કે આ પ્રદર્શનમાંથી ભાવિ સંગ્રહાલયના ચણતર રચાય; અને એમાં એકત્રિત કરેલ પ્રતોની સુચી તાકીદે પ્રગટ કરી ઉત્પાદકો જૈન સમાજને એકાદ કાયમી સંભારણું અવશ્ય અર્પે.

પ્રેક્ષક.

# જૈન યુવકોના સંઘટ્ટનની જરૂરીયાત.

અખિલ ભારતવર્ષમાં જ્યારે બીજા સમાજો દિનપ્રતિદિન પ્રગતિને પંથે ચડી રહ્યા છે ત્યારે આપણો સમાજ ગચ્છ ગચ્છાન્તર, મત મતાંતરના સંકુચિત વાડામાં છીન્નભીન્ન થઇ અવનતિના ખાડા તરફ ઘસડાતો જાય છે એ જોઇ કયા સાચા જૈન યુવકનું લોહી તપી ઉઠશે નહિ?

આર્ય સમાજ કે જે વીસ વર્ષ પૂર્વે નાની સંખ્યામાં હતો તે આજે એક મોટી સંખ્યામાં અસ્તિત્વ ધરાવતો હોવાના કારણો પરત્વે તેમજ જૈન સમાજમાં ઘટતી જતી સંખ્યાના કારણો સંબંધે વિચાર કરવાની દરેક સાચા વીર–પુત્રની પ્રથમ ફરજ છે,

જૈન સમાજમાં એવાં કેટલાંક યુવક યુવતીઓ હશે કે જેમને સમાજની આજની પરિસ્થીતિ સાલતી હશે. તેના ઉન્નતિના માર્ગો શોધી રહ્યા હશે. પણ સમાજના જુદા જુદા સ્થળના યુવક–યુવતીઓ એકીલા શું કરી શકે?

'સંઘટ્ટન (એકસંપી) વગર કાંઇ પણ કાર્ય સફળ થઇ શકતું નથી' એ સુત્ર સહુ કોઇ જાણે છે. કેટલાક જાણે છે પણ તે કરવા યત્ન કરતા નથી એજ ખેદની વાત છે.

સંઘટ્ટન વગર આપણા સમાજની ઉન્નતિ શકય નથી એમ મારો નમ્ર અભિપ્રાય છે.

જૈન કોન્ફરન્સ આ સંબંધે વિશેષ કરી શકત પરન્તુ આજ સુધીના વર્ષોમાં તેણે કાંઇ સારૂં કર્યું હોય તેવું જાણવામાં નથી.

માત્ર ઠરાવો કરવા અને તે ફાઇલમાં રહેવા દેવા તેનો અર્થ કાંઇ નથી. દરેક ઠરાવ સંપૂર્ણ રીતે અમલમાં લાવવા સુપ્રયત્ન કરવો, બલ્કે અમલમાં મુકવો–મુકાવવો એજ આજનું કર્તવ્ય છે.

શ્રીમંતી કોન્ફરન્સ કાંઇક કરે એ આશાએ બેસી રહેવું એ આજના યુવકને ન પાલવે. યુવકોએજ દરેક કાર્ય ઉપાડી લેવું જોઇએ અને તે સંપૂર્ણતાથી પાર ઉતારી જંપવું જોઇએ.

દેશની હાલની પરિસ્થીતિને અંગે આપણો સમાજ વધારે સુંદર ફાળો કઇ રીતે આપી શકે તેની રૂપરેખા નકી કરવી જરૂરની છે.

ઉપરની દરેક હકીકત ધ્યાનમાં લેતાં હાલને તબકકે એક 'અખિલ ભારત જૈન યુવક પરિષદ' ભરાવવાની અનિવાર્ય જરૂર છે

તે પરિષદમાં નીચેના વિષયોની ચર્ચા કરવી યોગ્ય જણાશે.

૧ યોગ્ય દીક્ષા. ઉમેદવારની વય, ધાર્મિક અભ્યાસ, ચારિત્ર.

૨ મુનિ વિહાર. મુનિઓના ચાતુર્માસના સ્થળ સંઘે નક્કી કરવા.

(આ બાબતમાં મુનિઓનો સહકાર જોઇશે)

૩ જૈન સાહિત્ય: સાહિત્યના તરજુમા કરાવી સસ્તા મુલે વેચવા.

૪ જૈન પાઠશાળા: ધાર્મિક અભ્યાસની પદ્ધતિ: (અત્યારે શુષ્ક પોપટીયું જ્ઞાન અપાય છે તે નહિ જોઇએ)

૫ દેવદ્રવ્ય તથા તેનો વહીવટ.

૬ (જૈનોની) બેકારી.

૭ (જૈનોની) કેળવણી.

૮ વિધવા વિવાહ.

૯ બાળ તથા વૃદ્ધ લગ્ન પ્રતિબંધ.

૧૦ મરણોત્તર ક્રિયા (કારજ વિગેરેનો) નો પ્રતિબંધ.

૧૧ જૈન બેન્ક.

અખિલ ભારત જૈન યુવક પરિષદ માટે સ્થળ વડોદરા, સુરત કે તેની આસપાસનું સ્થળ વધારે અનુકુળ પડશે કારણ કે તે સ્થળ દરેક રાષ્ટ્ર તથા પ્રાન્તને મધ્યસ્થ સ્થળ ગણાય.

પરિષદના દિવસો (May 1931) મે માસમાં રાખવા એ વધારે અનુકુળતાવાળું જણાય છે કારણ કે સ્કુલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને તે વખતે વેકેશન હશે એટલે તેમાં સારો લાભ લઇ શકે.

ફતેચંદ પ્રભુદાસ મહેતા.

## યુવક સંમેલન સંબંધી.

—:o◯:O:◯o:—

આ બાબતને અંગે વિચારોની માગણી કરી છે તે સંબંધી આવેલો એક લેખ આ સાથે પ્રસિદ્ધ કર્યો છે. તે ઉપરાંત યુ. સં. ની મેનેજીંગ કમિટીએ કેટલીક વિચારણા સંમેલનને લગતી કરી છે તેમાંની કેટલીક અત્રે પ્રસિદ્ધ કરી છે જેથી કરી તે કલમોને અંગે અન્ય બંધુઓ વિચાર કરી શકે ને સુધારાઓ સુચવી શકે ને તે બધી ચર્ચા જે સ્થળે પરિષદ્ ભરવાની હોય તે સ્થળના કાર્યકર્તાઓને માર્ગદર્શક થઇ પડે.

### વિગત.

૧ રાષ્ટ્ર હિત જાળવીને ધાર્મિક અને સામાજીક પ્રગતિ કરવાવાળા, વિચાર સ્વાતંત્ર્યને માનનારા, નવી ભાવનાઓ સ્વિકારનારા, સાધુઓ ઉપર પણ શ્રી સંઘની સત્તા છે એમ માનનારા, સેવા વૃત્તિ ધરાવનારા, ઉદ્દેશવાળા યુવક સંઘો, મંડળો વિગેરેના સોળ વર્ષ ઉપરની ઉમરના સ્ત્રી યા પુરૂષ પ્રતિનિધિઓનું સંમેલન ભરવું.

૨ ઉપરના વિચાર શ્રેણીને સ્વીકારનાર ભાઇઓ કોઇ પણ સંસ્થામાં સભ્ય ન હોય તે વ્યકિતગત પ્રતિનિધિ તરીકે આવી શકશે

૩ ઉપરના ઉદ્દેશને અનુસરનારી સંસ્થાઓ સંમેલનમાં મરજી મુજબ પ્રતિનિધિઓ મોકલી શકશે.

૪ જે સ્થળે સંમેલન ભરાશે, તેજ સ્થળના ભાઇઓ સ્વાગત કમીટી નીમી શકશે અને તે સ્વાગત કમીટી સંમેલનના (પરિષદના) પ્રમુખની પણ ચુંટણી કરશે.

૫ હાલતુરત સંમેલનનું ક્ષેત્ર, કચ્છી, કાઠીયાવાડ, ગુજરાત, (પાલનપુરથી મુંબઇ) અને હિન્દુસ્થાનના જે જે ભાગોમાં ગુજરાતી ભાષા બોલનારા જૈનો વસ્તા હોય અને ઉપરના ઉદ્દેશને અનુસરનારા હોય તેઓના પ્રતિનિધિઓની પરિષદ ભરવી.

---

**ગોડીજીના વહીવટ સંબંધી**—ચાલુ અઠવાડીયામાં પરિસ્થિતિમાં સુધારો થયો નથી. ટ્રસ્ટીઓની મીટીંગ મળી હતી છતાં સત્તાવાર ખુલાસા વગર જનસમાજને સંતોષ થતો નથી. મીટીંગો ખાનગી હોય તો પછી સ્ટેટમેન્ટ જાહેર બહાર પાડવું જોઇએ. જુદી જુદી વાતો થાય છે. ટ્રસ્ટીઓ કહે છે કે અમે રજા આપી નથી. આગળના ચોમાસુ રહેનારા મુનિરાજ કહે છે કે મારી સંમતિ આવનારા સાધુઓએ લીધી નથી. શ્વેતાંબરી સંઘને તેના કાગળનો ટ્રસ્ટીઓએ હજી ખુલાસો આપ્યો નથી. વીરશાસનમાં પ્રેક્ષક જણાવે છે કે આવનારા સાધુઓએ મુનિરાજશ્રી હંસવિમળની સંમતિ લીધી હતી. જો કે પ્રેક્ષક ટ્રસ્ટીઓની સંમતિ સંબંધી કાંઇ લખતા નથી અને જણાવે છે કે સેંકડો શ્રાવકોના પ્રયાસથી મુનિરાજો આવ્યા છે. પ્રેક્ષકની માન્યતા મુજબ 'ટ્રસ્ટીઓની કાંઇજ સત્તા ન હોવી જોઇએ. જુદા જુદા જૈન બંધુઓ મળીને ગમે તેટલા જુદા જુદા સાધુઓને ઉપાશ્રયમાં આણી શકે' ટ્રસ્ટી ભાઇઓ વિચાર કરશે કે?

---

## જૈન યુવક સંઘના સભ્યોને–

**સભાસદ તરીકેનું તથા પત્રિકાનું લવાજમ મોકલી આપવા વિનંતી છે.**

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચરાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૧ મો. | સંવત ૧૯૮૭ ના ફાગણ વદી ૧૨. તા૦ ૧૬-૩-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

# સુસવાતા વાયરા.

## શું ન્યાયકોર્ટનો નિર્ણય એ 'પ્રભુનો બોલ' છે.

આજનું એક દૈનિક નિહાળતાં અને તેમાં દિક્ષા પરત્વેના અમુક ઝઘડાઓના મૂકર્દમાઓના નિર્ણયો વાંચતાં મને પા સદી પૂર્વેની એક વાંચેલી વાત યાદ આવી. અમૂક સુધારકોએ, નક્કી કરેલ વય કરતાં જે કોઇ લગ્ન કરે તે ભંગ કરનારને શિક્ષા કરવા ઠરાવ કરેલ. સંજોગવશાત્ એક દશ વર્ષની બાળાનાં લગ્નની બાબત ઉપરોક્ત ઠરાવને લગતો ઝઘડો ન્યાય મંદિરે ગયો. ન્યાય મંદિરે અમુક કારણોને લઇ સુધારકોના કરેલ ઠરાવ વિરૂદ્ધ નિર્ણય આપ્યો. (કારણ કે તે વખતે શારદા એક્ટ ન હતો.) વાંચક, તું વિચારજે કે આ બનાવમાં ઘટીત કયું અને અઘટીત કયું. કેટલાક વખત કાયદાની ઝીણવટને લઇ, જનતાના છુટાપણાના કાનુનોની અમુક અમુક બારીઓને લઇ અને સબળ કારણોને લઇ, કાયદાનું ધોરણ સામાન્ય વિચારણા કરતાં કંઇક ગુંગળામણ ઉત્પન્ન કરે તેવો નિર્ણય પણ આપે છે અને આને લઇ અમૂક વિચાર સરણી ધરાવનાર કાયદાઓની એવી અમૂક અકીકતા યા હીકતા લઇ મન ધાર્યું સિદ્ધ કરે છે. પરંતુ આમાં કાયદાને દોષ નજ દેવો જોઇએ, એ મુશ્કેલ પ્રશ્ન છે. ઘણાએ વખત ન્યાયાધીસોએ શંકા સહિત મૂકર્દમાઓમાં ગુન્હેગારોને શંકાને કારણેજ કડવી ટીકા સાથે મુક્તિ આપી છે. આવો કિસ્સો એક જાણીતા મુની માટે રાજનગરમાં ઉપસ્થિત થયેલ અને તેનો નિર્ણય મેં ઉપર જણાવ્યા મુજબ થયેલ. એટલે કોઇ પણ કિસ્સાઓના નિર્ણયો, તેની ટીકા અને આગળ પાછળના બાબતો જાણ્યા સિવાય વાંચકે ઘટિત યા અઘટિત ન ધારવા. કાયદો દોષને ટેકો નજ આપે અને જો કાયદો દોષને ટેકો આપે તો એ કાયદામાં ન્યાય ન હોય; અને જો કાયદાની સંસ્થા સામાન્ય વ્યવહાર, સુબુદ્ધિજન્ય ભાવો યા નવસર્જક હેતુઓની વિરૂદ્ધ જાય તો તે આપણી દ્રષ્ટિએ, ભાવે અમાન્ય છે એમ કહેતાં શાને અચકાવું ? એ માનવ સંસ્થા છે. માનવ સંસ્થાઓ અપૂર્ણ હોઇ, તેમનાં દોષ ક્ષમ્ય ગણાય.

પરંતુ મારો આશય એ છે કે કેટલીક સામાજીક યા ધાર્મિક બાબતોમાં ન્યાયમંદિરના નિર્ણયો સંડોવી ખોટી દલીલોનું સમર્થન ન થવું જોઇએ. જૈન શ્વે. કોન્ફરન્સ અને જૈન યુવક સંઘો એ સમાજની માર્ગદર્શક સંસ્થાઓ છે, એ બાબત નિર્વિવાદ સત્ય છે. કોન્ફરન્સનું પ્રતિનિધિત્વ સરકાર દરબારમાં ને જનતા સમક્ષ સ્વીકારાયેલ છે અને આવી સંસ્થાઓ જનતાનો વિશ્વાસ ધરાવતી હોય તો તેના નિર્ણયો, ઠરાવો, સંદેશો, સર્વ હિત–સાધક હોય તેમ કહેવું, તે જરૂર સત્ય ઉક્તિ છે. તે સંસ્થાઓ જે જે કરે તે પાળવા સૌ નીતિબંધનોથી બંધાયેલું છે. એ ખરૂં કે આ સંસ્થાઓ શિથિલતા યા કવચિત્ કવચિત્ દોષવાળી દેખાય પરંતુ તેથી તેનાં છિદ્રો પ્રતિ અંગુલિ નિર્દેશ કરી, તે સંસ્થાઓની સામાન્ય જનસમૂહ આગળ અસભ્ય રીતે અવહેલના કરવી તેમાં સજ્જનતા નથી. અપૂર્ણતા વિનાશવા તેમનું અસ્તિત્વ છે. કાદવ ઉડાડવામાં દ્વેષ છે, દરિદ્રપૂર્ણ મનોભાવના છે, હલકટપણું છે. આજના સુધારકો પાસે રાજ્યસત્તા નથી કે જેથી પ્રત્યેક માનવી પાસે તેમની માન્યતાઓ સ્વીકારાવી શકાય. એટલેજ જે જે બનાવો તેમની પ્રવૃત્તિ યા કાર્યરેખા વિરૂદ્ધ બને તેને ટાંકી પરિષદ કે સંઘોની અનુપયોગીતા સિદ્ધ કરવા મથવું, તે અંધકારમાં આથડવા સમાન છે. અમે તો એટલુંએ ઇચ્છીએ કે ન્યાયમંદિરોના વિદ્વાન ન્યાયાધીશો દેશકાળના સંજોગો જુએ, પ્રજાની નાડ પારખે, અને રૂઢિ કે માન્યતાથી જકડાયેલ વિચારશ્રેણીને બાજુએ મુકી, ન્યાયનું ત્રાજવું દિનપ્રતિદિન વિશેષ ઉજાસ આપે તેવા માર્ગદર્શક નિર્ણયો આપતા રહે.

'ક્રાન્તિ–ભક્ત.'

* * *

## 'યુવાન એ નવસૃષ્ટિનો સરજનહાર છે.'

આ વેદ વાક્યની વ્યાખ્યાઓ કરવા યા તે પરત્વે લાંબા લાંબા વિવેચનો કરવા મારી પાસે સમય નથી. તેની જરૂરિયાત પણ નથી.

પરંતુ 'યુવાન એ નવસૃષ્ટિનો સરજનહાર છે' તે વાક્ય પરત્વે ભાષાની જાણી કે અજાણી, અજ્ઞાનતાપૂર્વક અન્ય લેખકોથી ટીકા થાય ત્યારે કંઇક લખવું તે અસ્થાને નહીં ગણાય. અત્રે યુવાન્ વ્યાકરણ દૃષ્ટિએ સામાન્ય નામ છે. એ સમષ્ટિગત લખાયેલ છે, વ્યક્તિગત નહીં. યુવાન પ્રત્યેક સમયે નવસર્જન કરતો આવ્યો છે. મસ્તી, ધગશ, અપૂર્ણ ઉત્સાહ અને સાહસ યૌવનને જુગજુગથી વર્યાં છે. અચકાવાનું, દોરાવાનું અને ઢરડાવાનું ઠંડા લોહીને માટે છે અને ઘટિત 'ભાંગફોડ' કરવી એ ક્રાન્તિ–ભક્તોનો ધર્મ છે. રચનાત્મક અને ખંડનાત્મક બેઉ પ્રવૃત્તિઓ સહગામી હોય તોજ પ્રગતિ સાધી શકાય. યુવક એ ચર્ચા, વિવાદ, વૃધ્ધોનાં રિસામણાં કે એવાં વિઘ્નોથી બ્હીએ તો એ યુવકજ નથી. યુવકમાં સહિષ્ણુતા, પ્રેમ, ક્ષમાભાવના એ જરૂર હોવાં જોઇએ.

અન્ય બાબત એ છે કે આજે રાષ્ટ્રની હિલચાલમાં સાથ આપવા કોઇને કહેવાની કે પ્રવચનો આપવાની જરૂર નથી રહી. વધારે ડહાપણ ભરેલું એ છે કે આ બાબત દેશનાયકોનાં વચનામૃતો માટે અનામત રાખવી. યુવક સંઘોએ બની શકે તેટલો ફાળો રાષ્ટ્રની ઝોળીમાં આપ્યો છે. શ્રી. વીરચંદભાઇ, શ્રી. પરમાનંદ, શ્રી. ફુલચંદ અને શ્રી. સુરેન્દ્ર એ આપણા માંહેનાં છે. એમનાં તો તેમની ફરજ અને આચરણપૂર્ણ ભાવનાઓ માટે યશોગાન ગાવાં જોઇએ. અને આજનો યુવાન કેટલેક અંશે સંજોગાધીન છે. કુટુંબ અને સ્વાર્થ પ્રત્યે બેદરકાર રહેવું પાલવે તેમ નથી એટલે 'યુવાન એ સૃષ્ટિનો નવસર્જક છે' એ સૂત્ર લઇ તેની કાલ્પનિક વ્યાખ્યા લખી અને અવ્યવહારૂ વિવેચનો કરી કલમનો વ્યર્થ ઉપયોગ થાય તે ઠીક નથી. સમાજમાં પલટો લાવવો, જુનિરૂઢિઓનું ઉન્મૂલન કરવું, નવયુગનો પ્રકાશ આપવો એ સર્વે માટે સમય જોઇએ છે. કહેવું સહેલું છે; કરવામાં મુશ્કેલીઓ આવે છે તેને ન્યાય આપવા વખત વીતવો જોઇએ.

ક્રાન્તિ–ભક્ત.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

# યુવક! જ્ઞાતિ બંધારણ?

નવસૃષ્ટિના સરજનહાર હે યુવક! તારેજ માટે આ શબ્દો બોલાય છે-કહેવાય છે. કારણ તું જીજ્ઞાસુ છે-આશાવાદનો ભંડોળ છે-સુધારક છે.-તો પછી બળવો જગાડવાનું કામ-અરે! જ્ઞાતિ બંધારણ સામે,-સમાજ સામે-રાજ્ય સામે મોરચા બાંધવાનું કામ તારા સિવાય બીજા કોણ કરી શકશે? દુનિયાના ઇતિહાસ તરફ દ્રષ્ટીપાત કરતાં જણાય છે કે યુવકોએજ અદ્દભુત કામો કર્યાં છે-સમાજ સુધારા યુવકોએ કર્યા છે, ગુલામીની જંજીરો યુવકોએ તોડી છે, એટલે રાજાઓને યુવાનોએજ નમાવ્યા છે. તો પછી જ્ઞાતિઓ અને ગોલો સામે બળવો જગાડી સમાજનું ક્ષેત્ર વિશાળ કરી સુધારા કરવાનું કામ તું નહિ કરે તો બીજો કોણ કરશે?

વિચાર, હે આશાવાદના ભંડોળ! વિચાર, જે જ્ઞાતિ બંધનથી માનવી દુઃખી દુઃખી થઇ ગયો હોય,-જે જ્ઞાતિ બંધનથી સમાજનું સંગઠ્ઠન બળ ઘટી ગયું હોય, જે જ્ઞાતિ બંધનથી સદીની સદી સમાજ પાછળ રહેતી હોય-જે જ્ઞાતિ બંધન અમુકજ વ્યકિતઓના આપખુદ અમલથી ચાલતું હોય જે જ્ઞાતિ બંધન સમાજની વ્યકિતઓના આર્થિક વિનાશમાં સહાય્યભુત હોય-જે જ્ઞાતિ બંધન બેટી વહેવાર માટે અતિ શંકુચિત હોય-જે જ્ઞાતિ બંધનમાં અર્ધાંઅર્ધ ભાગનો અવાજ ન હોય,-જે જ્ઞાતિ બંધનથી ત્યાગની મૂર્તિ સમી વિધવાઓની સ્થિતિ સુધરવા બદલે બગડતી હોય, અને ફરજીયાત કુટવાપણું હોય-જે જ્ઞાતિ બંધન બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને પત્નિ હયાત છતાં બીજી પરણવાની બહાલી આપતું હોય-જે જ્ઞાતિ બંધનથી સ્ત્રીઓની ગુલામડી જેવી દશા થતી હોય-જે જ્ઞાતિ બંધન દ્વેષ અને કુસંપ શીખવતું હોય-જે જ્ઞાતિ બંધન એકજ પોતાના પરિવાર વચ્ચે ઉચ્ચ નીચના ભેદની પ્રણાલીકાનું પોષક હોય-જે જ્ઞાતિ બંધન સ્ત્રી પુરૂષની કેળવણી પ્રત્યે આંખઆડા કાન કરતું હોય-જે જ્ઞાતિ બંધન સમાજ વિનાશક હોય-જે જ્ઞાતિ બંધન જ્ઞાતિના સર્વ સભાસદોની સુખાકારી તરફ દુર્લક્ષી હોય-જે જ્ઞાતિ બંધન અતિ શંકુચિત દ્રષ્ટીથી ઘડાયું હોય-જે જ્ઞાતિબંધન વડીલોની ઇચ્છાનુસાર પુત્ર પુત્રીના સંસારની ચોરી સુપ્રત કરતું હોય-જે જ્ઞાતિ બંધનમાં લાકડે માંકડું જોડવાની પ્રણાલીકા અસ્તિત્વ ધરાવતી હોય-જે જ્ઞાતિ બંધન બાળાઓ માટે ફરજીયાત લગ્ન નિર્માણ કરતું હોય-જે જ્ઞાતિ બંધારણ સમાજમાં દાખલ થવા ઇચ્છતી વ્યકિતઓને દાખલ કરી સમાજનું ક્ષેત્ર વિશાળ બનાવવાની આડે આવતું હોય, તેવા જ્ઞાતિ બંધારણોનો નાશ, હે! યુવક! શું તું ન ઇચ્છે?

હે! યુવક! તારે તો એવા સમાજ-વિનાશક જ્ઞાતિ બંધનો સામે બળવોજ કરવો ઘટે. તારાથી એવા જ્ઞાતિ બંધનો કેમ પોષી શકાય? તારા મનમાં વસવસો રહેતો હોય તો વધારે નહિ પણ એકજ સૈકાનો ઇતિહાસ તપાસીશ તો તારી ખાત્રી થશે કે આવા જ્ઞાતિ બંધારણોનો નાશ કરવા બળવો આદરવોજ જોઇએ. ધ્યાન રાખજે કે આ બળવામાં નથી હથિયારની જરૂર, નથી બળવાની જરૂર, જરૂર માત્ર છે જ્ઞાતિ સામે પડવા હિંમતની. આ ગાંધી યુગમાં યુવાનો પાસે હીંમત ન હોય તે બનેજ કેમ? જે યુવાનોએ રાજકીય ક્ષેત્રમાં જબરજસ્ત સલ્તનતને હંફાવી છે તે યુવકો આવા જ્ઞાતિ બંધન જેવા સમાજ ચુસક બંધનોનો અંત ન આણે તો તે યુવકો યુવક કેમ કહી શકાય?

હે યુવક! તું વીચારક છે એટલે બીજી વાર જણાવું છું કે આ બધું ફરીથી વિચારજે. વિચારી અમલમાં મૂકવાની પેરવી કરજે. વાતો, લખાણો કે વિનંતિઓથી કાંઇ દહાડા નહિ વળે. જો આવા જ્ઞાતિ બંધન તોડવાને તું ઉત્સુક હોય તો કમર કસ અને જગાડ બળવો. આ જ્ઞાતિ બંધન સામે તારા મિત્રો તને જરૂર સાથ આપશે.

---

## પાલનપુરે કરેલો ગાંધીજીનો સત્કાર.

### શરૂ થયેલું પીકેટીંગ જંગ.

મહાત્મા ગાંધી દિલ્હીથી તા૦ ૯-૩-૩૧ ના દિને અમદાવાદ પધારવાના છે. તેના સમાચાર મળતાં પાલનપુર જવાહીર મંડળના ચાર સભ્યો શ્રી. રતીલાલ કોઠારીની આગેવાની નીચે આબુ ગયા હતા. પાલનપુરના નવાબ ખાસ ચિત્રાસણી પધાર્યાં હતા અને ત્યાં મેલ ઉભો રખાવી મહાત્માજીની સાથે થર્ડ કલાસમાં બેઠક લીધી હતી અને ફ્રુટ, બકરીનું દૂધ વગેરેથી પૂ. ગાંધીજીનું આતિથ્ય કર્યું. ગાંધીજીને મૌન દિવસ હતો એટલે કશી વાતચીત થવા પામી નહોતી. તેઓશ્રીની સાથે શ્રી. મહાદેવભાઇ, શ્રી. પ્યારેલાલજી અને મીરાં બ્હેન વગેરે હતાં. પાલનપુર સ્ટેશન ઉપર આશરે આઠ દશ હજારની માનવ મેદની જમા થઇ હતી. સુતરના હારોથી મહાત્માજીનું પ્રેમભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પરંતુ લોકોએ વ્યવસ્થા નહિ જાળવવાથી અને પ્લેટફોર્મ ઉપર ચીકાર ગીર્દી હોવાથી મહાત્માજી માટે સ્ટેશન બહાર આવી સર્વ લોકોને દર્શન આપવાનું બની શક્યું નહોતું. બ્હેનોએ ઘણી સંખ્યામાં હાજર રહી અપૂર્વ શાંતિ જાળવી હતી.

પાલનપુર શ્રી જવાહીર મંડળની આગેવાની નીચે તા૦ ૧૦-૩-૩૧ ના દિવસથી પરદેશી કાપડની દુકાનો ચોકી કરવાનું કાર્ય ઉપાડી લેવામાં આવ્યું છે અને ઉત્સાહથી કાર્ય આગળ ધપી રહ્યું છે.

---

### સ્ટેન્ડીંગ કમીટી.

કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીની એક મીટીંગ તા૦ ૧૩-૩-૩૧ ને રોજ રાત્રે આઠ વાગે મળી હતી. પ્રમુખસ્થાન શ્રીયુત્ મોતીચંદ ગીરધરલાલ કાપડીયાને આપવામાં આવ્યું હતું.

કોન્ફરન્સનું અધિવેશન તાકીદે ભરાય તે માટે પ્રયાસ કરવાનો ઠરાવ સર્વાનુમતે ઠરાવવામાં આવ્યો હતો. સ્ટેન્ડીંગ કમીટીના સભ્યોને જૈન યુગ ફ્રી આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીનો આભાર માની કામ પુરૂં થયું હતું.

# દેવદ્રવ્ય અને તેનો ઉપયોગ.

(૨)

દેવદ્રવ્ય એટલે દેવ મૂર્તિ વિષયક દ્રવ્ય એ અર્થ કરતાં દેવ નિમિત્ત દ્રવ્ય કે દેવ વિષયક એ વધારે બંધબેસ્તો લાગે છે. જિન પ્રતિમા જિન સારખી છેજ. જિન દેવની ગેરહાજરીમાં તેમની સ્થાપનાદ્વારા તેમની પૂજા ભક્તિ આપણે કરીએ છીએ. એટલે જે દ્રવ્ય આપણે જિન બિંબ આગળ ધરીએ છીએ તે દેવ નિમિત્ત છે અને દેવ નિમિત્ત એટલે દેવ સેવા માટે, દેવ વાણી માટે, દેવ પ્રરૂપિત ધર્મ માટે, જિન દેવોક્ત ધર્મના પ્રચાર માટે એવો વિશાળ અર્થ કરવામાં આવે તો—અને તેવો અર્થ કરવામાં કોઇ પણ શાસ્ત્ર આડે આવે એમ સંભવતું નથી—અને એવા અર્થ મુજબ, દેવદ્રવ્યના ઉપયોગ ક્ષેત્રને વિસ્તારવામાં આવે તો આપણા કેટલાક બળતા પ્રશ્નોનો સહેલાઇથી ઉકેલ આવી જાય.

આપણાં અંગ પ્રવિષ્ટ અને અંગ બાહ્ય સાહિત્ય પ્રસિદ્ધિ માટે, શ્રી મહાવીર મીશનના પ્રચાર માટે જૈન ધર્મના ઇતિહાસ સંબંધી શોધખોળ માટે વિગેરે અનેક અગત્યના કામો માટે પછી દ્રવ્યની તંગીજ ન પડે. અનેક જૈન જ્ઞાન ભંડારો, જૈન પુસ્તકાલયો અને જૈન જ્ઞાનશાળાઓ પણ તેની સહાયતાથી નભી શકે અને ધર્મોદ્યોત ઘડીના છઠ્ઠા ભાગમાં—જોત જોતામાં પ્રકાશે. પણ આવા ઉત્તમ કાર્યો થવા સામે દેવદ્રવ્યના કહેવાતા ટ્રસ્ટીઓ અંતરાયો ઉભા કરે છે. સત્તા મદમાં અંધ બનેલા આ ટ્રસ્ટીઓનો દોર આજ કાલ વધતો જાય છે, દેવદ્રવ્યનો અર્થ અને વહીવટ તેઓજ સમજતા હોય તેમ, પોતાના હસ્તક રહેલું દ્રવ્ય તેઓ ગમે ત્યાં વ્યાજે મુકે છે અને તેદ્વારા પોતાની લાગવગ વધારે છે આડંબરો, પ્રશોભનો અને ધામધૂમમાં દેવદ્રવ્યનો દુર્વ્યય કરે છે અને કેટલાક અપ્રમાણિક ટ્રસ્ટીઓ તો વખતનો લાભ લઇ દેવદ્રવ્ય ઉચાપત પણ કરી જાય છે.

જે જૈન દેવ પાસે દ્રવ્ય મુકે છે તે જૈન તે દ્રવ્ય હંમેશને માટે ત્યાગે છે. અરે દ્રવ્ય તો શું પણ દરેક સાચો જૈન જિનદેવના ધર્મ માટે પોતાનું સર્વસ્વ—મન, વચન અને કાયા પણ હોમવા તૈયાર છે. અર્પણ કરેલી ચીજો તે પાછી માગતોજ નથી, અને સાચો જૈન યુવક પોતાના પ્રિય ધર્મ માટે પ્રાણ પણ અર્પણ કરશે અને તે પણ હસ્તે મોઢે. અને કંઇપણ બદલા વિના.

પણ દેવ પાસે આ ત્યાગેલું સર્વ દ્રવ્ય એકઠું થાય, તે વધતુંજ જાય, વધતાં વધતાં પ્રલોભનોનો તે ભોગ થઇ પડતું હોય, બાહ્ય દેખાવોમાંજ તેનો અપવ્યય થતો હોય, જે દેવનિમિત્ત તે દ્રવ્ય અર્પણ થયેલું તેજ દેવે ઉપદેશેલા ધર્મને અપમાનકારક બાબતોમાં તે દ્રવ્ય ખર્ચાતું હોય, ધર્મને નામે ઝઘડાઓ લડવાના કામમાંજ તેનો વ્યય થતો હોય, અયોગ્ય રીતે તે દ્રવ્ય ઇન્વેસ્ટ (રોકવાથી) થવાથી સોના સાંઠ થતા હોય, તે દ્રવ્ય ધર્મવિરૂદ્ધ આચરણોને ટેકો આપવામાં રોકાતું હોય, રક્ષણના અભાવે તે દ્રવ્ય ઉચાપત થઇ જતું હોય, તો શું દેવદ્રવ્ય અર્પણ કરનારા જૈનોએ આંખે પાટા બાંધી બેસી રહેવું? ધર્મની ધગસવાળા જૈનોથી તે ક્યાં સુધી સહન થાય? દેવદ્રવ્યને લગતા વહીવટનો હીસાબ પણ બરાબર ન રખાતો હોય, નિયમિત રીતે તે પ્રસિધ્ધ ન થતો હોય તો પણ શું તે ચાલવા દેવું કે ચલાવી લેવું?

દેવદ્રવ્યનો વહીવટ જો અધોગતિએ આવી પહોંચેલ હોય તો, તો તેના કારણોની તપાસ કરવી એ દરેક જનની પવિત્ર ફરજ છે. વહીવટની વાત બાજુએ રાખીએ તો પણ દેવદ્રવ્ય સંબંધી બંધાયેલી માન્યતાઓ પણ તપાસવી ઘટે છે અને તે સંબંધી ચર્ચા કરી તે માન્યતાઓમાં ખોટા ખ્યાલો ઘુસી ગયા હોય તો તે પણ શોધી કાઢવાં એ સાચા જૈનનું કર્તવ્ય છે. દ્રવ્ય અર્પણ કરનારાઓ તે દ્રવ્યનો સદુપયોગ કેમ કરવો તે તો અવશ્ય વિચારી શકે અને જે દેવ નિમિત્તે તે દ્રવ્ય અર્પાયું હોય તે દેવની વાણી અર્થે—તે દેવ પ્રરૂપિત ધર્મ અર્થે સૌથી સારી રીતે તે દ્રવ્યનો સદવ્યય કરવા માટે યોજનાઓ તો તેઓ ઘડી શકે અને તે યોજનાઓને અમલમાં મુકી શકે. આંમાં વિસંવાદ ક્યાં છે? શાસ્ત્ર વિરોધ ક્યાં છે? કોઇ બતાવશે કે?

## વઢવાણના સમાચાર.

એક જૈન ભાઇ જણાવે છે કે, 'વઢવાણ શહેરમાં જૈન યંગમેન સોસાયટી તરફના સંમેલન ભરાવાના છે અને વીર શાસનમાં તે માટે તડામાર તૈયારી વઢવાણમાં થઇ રહી છે અને વઢવાણના યુવકોનો ઉત્સાહ માતો નથી તે બધું વાંચ્યા પછી મને વઢવાણ જઇ જોઇ આવવાનું મન થયું અને પાલીતાણા જઇ વળતા વઢવાણ આવી તપાસતા વીર શાસનમાં લખેલ હકીકત તદન ખોટી માલુમ પડી અત્રેના યુવક વર્ગ ભરાતા બધા સંમેલન તથા રામવિજય મહારાજના આવાગમનથી વીરૂધ્ધ છે અને તે કોઇ અત્રેના શેઠ આમંત્રણ કરનારને સાથ દેતું નથી તેથી અમદાવાદથી માણસોએ આવો કામ શરૂ કરાવેલ છે અને મારી મુલાકાત દરમ્યાન અમદાવાદના ખેતરપાળની પોળના ભાઇ જે મારામારી તથા બીજા બધા રામવિજયના કેસો અંગે ખ્યાતી પામેલા છે તથા બીજા ધોલેરાના ભાઇ કોલસાનું અમદાવાદ બીજનેસ કરે છે તે તથા સોસાયટીના પગારદાર માણસો એમ પાંચ માણસે હાલ મુકામ અહીં રાખ્યો છે બીજા માણસો પણ ઉતરવાના છે. ગામ વીરૂદ્ધ હોવાથી શેઠશ્રીનું મન સંમેલન નહિ ભરવાનું છે પણ સોસાયટીવાળાનું નાક જાય જેથી શેઠને કહે છે કે અમો બધું કરી લેશું. વોલંટીયરો પણ થતા નહિ હોવાથી નાના નાના છોકરાને લાલચો આપી નામ નોંધાય છે અને વોલંટીયરની સેના પણ બહારથીજ આવશે એનો ખર્ચો કોણ ઉપાડશે તે નક્કી નથી. શેઠ પણ સંમેલન ન ભરાય તે મતના છે પણ સોસાયટીનું નાક જાય છે તેથી કોઇ ઉપાયે ભરવા માટે દબાણ છે. ઓળી સાથે સંમેલન ભરાય તોજ માણસો સંમેલનમાં દેખાય તે હીસાબે ઓળીના સાથે સંમેલન ગોઠવાયા છે. ઓળી પછી દી. ૮ મોડા ભરે તો સંમેલનમાં હું ધારૂં છું કે ૧૦૦) માણસો પણ ન હોય વળી અહીં બે પક્ષ છે જેમાં એક પક્ષ નાનો છે તે ધાર્મીક વહીવટ કરે છે અને તે ધાર્મીક વહીવટમાં ગોટાળો કહેવાતો હોવાથી તે વીરૂધ્ધ લાગણી છે અને બીજુ અહીં કજીયો હતો તે શાંત પડેલ તે જીવતલાલ પરતાપસીએ આવી નાના પક્ષની શીખવણીથી ફેંસલો નાના પક્ષના લાભમાં આપેલ અને મોટા પક્ષે તે કબુલ નહિ રાખેલ અને તેથી શાંત પડેલ કજીયો પાછો શરૂ કરાવનાર જીવતલાલ પરતાપસી અહીં આવવાના છે, તે પણ કારણ છે. બીજી બાજુ ગામને કમાવાનું નથી પણ વેપાર ઉદ્યોગના મંદીના ટાણે ભુખે મરતા જૈનોને મદદ કરવાની જરૂર છે, ત્યાં તો મહેમાનોથી ગરીબોના દાણા પણ ચવાય જશે અને શેઠશ્રી તરફથી ગામને કાંઇ લાભ નથી, કારણ કે કાંઇ માલ અહીંથી લેવાતો નથી.

# વીસમી સદીનો જૈન ખેડુત:

લેખક: રતિલાલ ભીખાભાઇ.

(દરેક જૈન પત્રોને છાપવા માટે છુટ છે.)

**પાત્રો:–**

જૈન ખેડુત-(યંગમેન્સ જૈન સોસાયટીનો પછીથી બનેલો સભ્ય.)

તેની સ્ત્રી-તેનો દાદો-તેની દાદી-છોકરા-છોકરીઓ પાડોશી.

જૈન સોસાયટીના મુખ્ય ચાર વડીલો:–

(સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકા.)

સેતાનમુખી ઉર્ફે નરકનો પરમાધામી તેનો મંત્રી.

ભપકાદાર સેતાન-બટુક.

બીજો સેતાન-બટુક.

ત્રીજો, ચોથો અને પાંચમો સેતાન-બટુક.

પહેરેગીરો અને દ્વારપાળો.

## અંક છઠો.

દાદા-અરે! સા ધંધા ચાલે છે. સા ધંધા?

છોકરાઓ-દાદા, આ ધમાચકડી શેની છે?

છોકરીઓ-દાદા, આ સેનો નાટારંગ ચાલે છે?

દાદા-(ઝુંપડામાંથી નીકળી વાડામાં પ્રવેસી બારીકાઇથી જોઇને) પ્યારા બચ્ચાઓ, તત્વજ્ઞાનથી અલમસ્ત બનેલાઓ પોતાનો વાડો જુદો બાંધી તેની અંદર કુદાકુદ કરી રહ્યા છે. ત્રણ વર્ષની અંદર લગભગ ૩૫૦૦ પંતુજીઓ ધર્મનો ઇજારો લઇને બેઠેલા છે.

જૈન ખેડુત-(દાદા પાસે જાય છે) હવે તમારી પાસે રહ્યું શું? હવે તો મારૂં સ્થાન જૈન સંઘમાં છે સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવીકા જે હમારા ટોળામાં હોય તેનેજ કહેવાના. હવે હમારો જૈન સંઘ તમોને કાંઇ પણ આપશે નહી એટલે તમો ભીક્ષુક જેવી સ્થીતિમાં આવશો. યંગમેન્સ જૈન સોસાયટીનો સંઘ તેજ ખરો જૈન સંઘ કહેવાશે:- બોલો સર્વે સોસાયટીના સભ્યો:- "ખરો ધર્મ છે હમારામાં, બીજા છે બધા દંભી-પાપી."

મજુર સેતાન-મુખીજી જોયુંને. હવે તેઓનું લોહી ઉછળવા માંડયું. (જુઓ, પહેલાંનો પેલો ખેડુત કયાં અને હવે આપબડાઇ હાંકતો કેવો સજાહનો દેખાય છે)

મુખ્ય સેતાન-અલ્યા બટુક, તું સફળ થયો. કહે તો ખરો એ તત્વજ્ઞાન તેં બનાવ્યું શી રીતે?

મજુર બટુક સેતાન-મુખીજી, મેં તો તેમનાજ આગમોનું દોહન કરી, નવું તત્વજ્ઞાન ઉભું કર્યું. વાડામાં જથો વધારે વધારવા માટે દુધપાક અને મીષ્ટાનની લાલચો આપી. પોતાના રોટલા તેથી ભુલી ગયા. પૈસાદારોએ કરેલા પાપો આ ટોળામાં નાણાંનું દાન કરે તો ધરે છે તેવી લાલચો આપી. ગરીબોને કીધું કે ચાર આના ભરશો તો જરૂરાજરૂર ફાયદો થશે. ફકત ભરી દો ચાર આના—આપણા ટોળાના સાચા સાધુ કહે તેમ વર્તો એટલે બેડો પાર થશે.

મુખ્ય સેતાન-અલ્યા બટુક, હવે તું બન્યો હુંશીયાર. ફકત અજ્ઞાન જૈન ખેડુતોને તત્વજ્ઞાન પાવાની જરૂર છે કે જેથી કરીને તેમનાજ યોગીના કીધા મુજબ જરૂરા જરૂર તલવારની ધાર ઉપર નાચતાં નહી આવડે એટલે તેમના જીનેશ્વર દેવની સેવા તેમને માટે દોહલી થશે એટલે તું તારૂં કર્તવ્ય બજાવીને તે લોકોને મારી સેવામાં હાજર કરતો રહેજે, કે જેથી કરીને ભગવાન મહાવીરનું આગમોમાં ભવીષ્ય ભાખ્યા પ્રમાણે સત્ય ઠરે. હજુ બે વર્ષની તારી મજુર તરીકે રહેવાની કબુલાત પ્રમાણે તું મને તે લોકોને સોંપતો રહેજે. હવે હું વીદાય થાઉં છું.

અંક છઠો સમાપ્ત.

વીસમી સદીના જૈન ખેડુતની મેં મારી બુદ્ધી પ્રમાણે ભગવાન મહાવીર ઉપર શ્રદ્ધા હોવાને લીધે સ્થીતી બતાવી છે. યંગમેન્સ જૈન સોસાયટી હોય કે યુવક સંઘ હોય-ખડતર ગચ્છના હોય કે તપા ગચ્છના હો-સ્થાનકવાસી હો-કે દીગંબર હો-જૈન ધર્મના આપણે બધા ખેડુતો છીએ અને જો ઉપર બતાવેલા દ્રષ્ય પ્રમાણે આપણી ખેડુતની સ્થીતી કાયમ રાખીશું તો જરૂરા જરૂર આપણે આ પાંચમા આરામાં આપણું ગુમાવી બેસવાના. તેથી કરીને આ વાંચનારને જો તત્વજ્ઞાન જાણવાની ઇચ્છા હોય તો વાડામાં નહી પડતાં ફકત પંચ પરમેષ્ટીનો જાપ જો ચાલુ રાખવામાં આવશે તો જરૂરા જરૂર તે ખેડુત પોતાના આત્માનું કલ્યાણ કરી શકશે. બાકી મેરૂ પર્વત જેટલો ઢગ થાય તેટલા ધર્મધ્વજ તો લઇ ચુકયા છતાં આપણે ખેડુતો આપણી સ્થીતી સુધારી શકયા નથી. માટે ટુંકમાં ઉપરના મારા વીચારોથી જો કોઇ વ્યકતી-સાધુ હો કે શ્રાવક-સાધ્વી હો કે શ્રાવીકા પોતાના વીચારો વાડામાં નહી બાંધે તો જરૂરા જરૂર અહીંસા પરમોધર્મનો પ્રભાવ વધારશે. છેવટમાં યંગમેન્સ જૈન સોસાયટી પોતાની રીતીઓ સુધારશે. દરેક સંત પુરૂષને સમાન દ્રષ્ટીથી જુએ છે તેમ પોતાના કર્તવ્યોથી સાબીત કરી આપશે તો જરૂરા જરૂર જૈન ધર્મનો પ્રભાવ વધશે. બાકી ધર્મ નથી યંગમેન્સ જૈન સોસાયટીમાં કે નથી મુંબઇ જૈન યુવક સંઘમાં. ફકત ધર્મ રહેશે ભગવાન મહાવીરના અહીંસા પરમોધર્મમાં. જય હો, જય હો, જય હો અહીંસા પરમોધર્મનો.

## વઢવાણની નવાજુની.

રામવિજયજી મહારાજને મુંબઇથી વઢવાણ પધારવાની વીનંતી થઇ અને તે મહારાજે કબુલ રાખી પણ તે સાથે મહારાજે એવી માગણી કરેલી સંભળાય છે કે મને ત્યાં આવે કેટલો લાભ થશે. છેવટે ૫ દીક્ષા લેનાર તો મળવા જોઇએ તે તમો ચોકસ કહો તો વઢવાણ આવું. આ ઉપરથી અત્રેના શેઠશ્રીએ તે વાત કબુલ રાખી હોય તેમ જણાય છે કારણ કે અહીં દીક્ષાના ઉમેદવારોમાં નીચેના નામો બહાર આવ્યા છે.

૧ મફતચંદ ઝુઝાભાઇ, ૨ પ્રેમચંદ દેવસી, ૩ પ્રાણલાલ મગનલાલ, ૪ ઇશ્વરલાલ તારાચંદ, ૫ વાડીલાલ મગનલાલ કંદોઇ, ૬ કાન્તીલાલ વાડીલાલ, ૭ હરજીવન તલકશી, ૮ મણીલાલ મનસુખ બોઘડ, ૯ સેડલાવાલા, ૧૦ સુખલાલ બોઘડ, ચુનીલાલ લાલચંદનો દીકરો.

આ સીવાય ૧૪ થી નાની ઉમરના છોકરા ત્રણ ચારના નામ પણ ઉપરના સાથે બોલાય છે હવે મહારાજશ્રી આવે કોની પસંદગી થાય છે તે ખબર પડે. શેઠશ્રીનું પણ લીધેલું પળે અને મહારાજશ્રીનો શ્રમ લેખે લાગે. વઢવાણ ચેતજો આ સીવાય બીજા પણ નામો છે. સાવચેત!

# પાલીતાણાના વર્તમાન
## અને
# રામવિજયની ચાલબાજી.

દેશવીરતી સમાજ અને સોસાયટી બાઇના જલસાની શોભામાં વૃદ્ધિ કરવા કે જનતાને ઉંધા રસ્તે દોરવા રામવિજય મુંબઇથી લબડધક્કે ગુજરાતમાં પહોંચી પાલીતાણે દાદાને ભેટવા દોડયા, અને ત્યાંએ કાવાદાવા તો ખરાજ ! એ સમજે છે કે કાવા-દાવાથી ભરેલા ખોટા રીપોર્ટો છાપાઓદ્વારા છપાવી જનતાને ભોળવી શકાશે, તેથીજ પાલીતાણાની પધરામણી અને વ્યાખ્યાનમાં દસ અને બાર વર્ષની બે છોકરીઓએ દીક્ષા લેવાની લીધેલ બાધાનો હેવાલ છાપાઓમાં ગોઠવાવેલ, પરંતુ જનતા તે વાંચીને ન છેતરાય તે માટે પાલીતાણાથી આવેલ સમાચાર જનતા આગળ મુકયા છે તે વાંચીને જનતા વિચારે કે રામવિજયજીને ધર્મની કેટલી ધગશ છે, તેમ કેવા કાવા-દાવા ખેલે છે.

સોળ શિષ્યોના પરિવારે ફાગણ શુદ ૧૪ સોમવારે રામવિજયે પાલીતાણામાં પ્રવેશ કર્યો. ત્યારે તેમના સ્વાગતમાં સોસાયટીના સભ્યો અને ઇરાદાપુર્વક બહારથી આવેલા થોડાક રામનંદીઓ સામૈયામાં નજરે પડતા હતા. સામૈયુ વીશાશ્રીમાળી મહાજનના વંડે ઉતર્યું ને રામવિજયજીએ ઉપદેશ દેવો શરૂ કર્યો. તેના વ્યાખ્યાનમાં દીક્ષા બીજા ઉપર આક્ષેપો અને મગરૂરી સિવાય બીજુ સાંભળવાનુ મળે તેમ ન હોવા છતાં ભકતોદ્વારા એવી હવા ફેલાવેલી કે શ્રીફળની પરભાવના છે, એટલે શ્રીફળ મેળવવા સંખ્યા સારી હતી, તેથી ગરબડ પણ થતી. ત્યાં તો રામવિજયે આગળથી ગોઠવી રાખેલ ગોઠવણ મુજબ એક વિધવા બાઇ અને બે છોકરીઓ ઉમર વર્ષ ૧૦ ને ૧૨ ની ઉભી થઇ અને કહેવા લાગી કે તમારા ઉપદેશથી અમને સંસાર ઉપરથી વૈરાગ્ય ઉત્પન્ન થયો છે માટે બાધા આપો કે અમારે વૈસાક માસ સુધીમાં દીક્ષા લઇ લેવી. તરતજ ચાલુ વ્યાખ્યાનમાં રામવિજયે બાધા આપી અને આ છોકરીઓને આગળ ધરીને પાલીતાણાની જનતાને તેના સ્વભાવ પ્રમાણે તેની તુંડાઇ ભરેલી ભાષામાં ઘણું કીધું, છતાં કશી અસર થઇ નહિ. કારણ કે બાધા લેનાર કન્યાઓને નથી કોઇ ઓળખતું, તેમ તેના ગામની, જ્ઞાતિની, કે તેના કુટુંબની રામવિજય સિવાય કોઇને ભાળ નથી એટલે જનતા તો રામવિજયની કીમીયાગરી માટે દયા ખાતી શ્રીફળ લઇ મધ્યાન પછી વિખરાવવાની શરૂઆત કરી ત્યાં તો વીસ પચ્ચીસ શ્રીફળ આપી પરભાવાના બંધ કરી.

સમાજના વિખેરાયા પછી હુંગાપાણી કરી લંબી બેચી, ચાર વાગે દાદાને ભેટવા કુચ કરી તે દાદાને ભેટી રાતના સાડા-સાતથી આઠના અમલે રામવિજય તલાટીએ ઉતર્યાં. આ ટાઇમે ગામમાં જતાં ટીકા થાય એટલે રાત તલાટીમાંજ ગુજારી, અને બીજે દિવસે સવારમાં વાવરી કરીને આઠ વાગે ચડવાની શરૂઆત કરી. નીચે આવે તે પહેલલાં તો દશ વાગ્યાથી ચાર સાધ્વીઓ વરસાદની પેઠે રાહ જોતી બેઠી હતી. આખરે બે વાગે રામવિજય નીચે ઉતર્યાં અને તલાટીની બાજુના બગીચાવાળા રૂમ ભણી સંમેલન મળ્યું અને ગુસપુસ થઇ, પરંતુ એ ખાનગી મંત્રણામાં ન જઇ શકવાથી શું બન્યું તે શી રીતે લખી શકું ? કારણ કે રામદુતો ફરતા ને ચોકી કરતા.

ચારે સાધ્વીઓ બાબુ પનાલાલજીની ધમર્મશાળામાં ઉતરેલી અને રામવિજય ગામમાં ઉતરેલા છતાં ચોવીસ કલાકમાં ગામમાંથી ખાલી કરી બાબુ પનાલાલજીની ધર્મશાળામાં આવ્યા. અચાનક ચોવીસ કલાકમાં ગામમાંથી બાબુની ધર્મશાળામાં કેમ આવ્યા ? તે સમજાતું નથી, શું ! ગોઠયું નહિ ? અવગડતા પડી ? કે કોઇના આગ્રહથી આવવું પડયું ? ખરો ભેદ તો રામવિજય બહાર પાડે ત્યારે સમજાય. બાકી શું ખબર પડે ! અત્રેથી આઠમે વિહાર કર્યો તે ગાળામાં વ્યાખ્યાન અંદર દીક્ષા લ્યોરે દીક્ષા લ્યો, સાથે એમની દુર-બુદ્ધિને સુધારવાનો પ્રયત્ન કરનાર વર્ગને, નાસ્તિક, મિથ્યાત્વી, નર્કગામી વિગેરે ગાળીપ્રદાનો તો હોયજ. આવી એમની વર્તણુંકથી અત્રે કેટલીએ પત્રિકાઓ ચેલેન્જ તરીકે બહાર પડેલી. તેમાં અત્રે બિરાજતા વિદ્વાન આચાર્ય તથા મુનિ મહારાજોની આજ્ઞાથી એક પત્રિકા સહી સાથે બહાર પડેલી છતાં કોઇને જવાબ આપવાંની પણ હીમત દેખાડી નહિ. અને છેવટે વદ ૮ મે અત્રેથી વિહાર કરી સીધાવ્યા છે. અત્રે ભોળા લોકોને ભરમાવવા બે છોકરીઓ અને વિધવાનું તરકટ ગોઠવી ખેલ તો અચ્છો ભજવેલો પરંતુ અત્રેથી કોઇ એધો ઝાલનાર ન મળ્યો, તે નજ મળ્યો.

---

## વઢવાણ સાવધાન !

રામવિજયજી મહારાજનો વિહાર શરૂ થઇ ગયો છે અને તેમના પુનીત પગલાં વઢવાણમાં પડે તે પહેલાં વઢવાણવાસી-ઓને સાવધાન રહેવાની જરૂર છે અને તે પ્રમાણે વઢવાણની એક શેરીએ તો ઠરાવ પણ કરી લીધો છે, કે મહારાજની પધરામણી થાય અને જાય ત્યાંસુધીમાં કોઇપણ છોકરાએ મહારાજના વ્યાખ્યાનમાં જવું નહિ અને જવા દેવો નહિ. બીજી શેરીવાળા પણ ઉપરના ઠરાવ કરે તેમ લાગે છે. કારણ કે મહારાજશ્રીને નાના બાળકો ઉપર બહુ હેત છે, જેથી બનવા જોગ છે કે નાના બાળકોને મહારાજ સાથે લઇ જાય માટે વઢવાણ અને ઝાલાવાડે સાવધાન રહેવાની ઘણી જરૂર છે.

તા. ક.–શેરીમાં છોકરાને નહિ મોકલવાનો ઠરાવ થયેલ હોવાથી છોકરાઓને લલચાવવા પ્રભાવનાનો કાર્યક્રમ ગોઠવાઇ રહ્યો છે. પ્રભાવનાના બ્હાને છોકરા આવે અને આવે તો ઉપાડવા થાય. મહારાજશ્રીની પધરામણી થાય તે વખતે સામૈયુ બરાબર ન થાય તેથી બહારગામના માણસો જલદી ઉતરી મહારાજના સામૈયાની શોભા વધારવાના છે અને તેથા મોડું આવવાનું રાખ્યું છે.

---

## ખુલાશો કરશે કે ?

વઢવાણના શેઠશ્રીના આમંત્રણથી અહીં સંમેલન ભરાય છે પણ તે શેઠશ્રીના દીકરા રતીલાલ પાસે વર્ધમાન તપ આંબેલ ખાતુ તથા યશોવિજયજી જૈન લાયબ્રેરીનો હિસાબ ઘણા વરસો થયાં છે અને તે ખાતાં બંધ પડી ગયેલાં છે. છતાં તે બાબતનો હિસાબ ઘણો વખત થયા છતાં બહાર પાડતા નથી અને જૈન પેપરમાં વરસ બે પહેલાં ચર્ચા થયેલી છતાં ખુલાસો કરતા નથી અને આવા મોટા ખરચો થાય છે ત્યારે જુના હિસાબ કેમ બહાર પાડતા નથી ? અને દબાવી બેઠેલા ખાતાં બીજાને સોંપતા નથી ? તે જાહેરની મીલકત છે, પોતાના ઘરની નથી.

# જૈનો ! કહેવાતા ધર્મ- -ગુરૂઓથી સાવધાન !

( લેખક :—શશીકાન્ત, મુંબઈ. )

આપણા પૂજ્ય સાધુઓને ક્રિયાકાંડ, જ્ઞાન ધ્યાન વિગેરેમાં પોતાનો અમુલ્ય વખત ગાળવાનો હોય છે, એટલુંજ નહિ પણ કેટલાક કઠીન પરીગ્રહો સહન કરવાના હોય છે કે જેથી પૂજ્ય સાધુ વર્ગને માટે આપણે આફ્રીનના ઉદ્ગારો કાઢીએ છીએ. પરંતુ જ્યારે કેટલાક એવા ધર્મગુરૂઓ પણ આપણા જોવામાં આવે છે કે જેઓ પોતાની સુંદર વ્યાખ્યાનશૈલીથી ભોળા, અજ્ઞાન અને અંધશ્રધ્ધાળુ આત્માઓને આંજી નાંખી લટ્ટુ બનાવે છે, ત્યારે તેવા સાધુઓને માટે આફ્રીનના ઉદ્ગારો નીકળવાને બદલે "પરમાત્મા આવા સાધુઓથી જૈન સમાજને બચાવે" એવા ઉદ્ગારો સ્વાભાવિક નીકળી જાય છે, કારણ કે વર્ષો સુધી ભાઇભાઇઓ તરીકે સુલેહ શાંતિથી રહેતા સ્વામી ભાઈઓને પોત્તાની વ્યાખ્યાનશૈલીના જોરે ધર્મના સુંદર સ્વાંગ નીચે કે શાસન સેવાના બ્હાના તળે આપસ આપસમાં લડાવી તેઓ ઝઘડા કરાવે છે. કેળવણી વ્યાયામાદિ કોમની પ્રગતિનાં મુખ્ય સાધનોનો વિરોધ કરી જૈન સમાજની પ્રગતિનો તેઓ ગોયા નાશ કરી રહ્યા છે. પોતાની વ્યાખ્યાન શૈલીનો અને ભોળા ભકતોની અજ્ઞનતા અને અંધ શ્રદ્ધાનો દુરૂપયોગ કરનાર ધર્મી, અધર્મી કે આસ્તીક નાસ્તીકની નકામી ચર્ચા જગાડનાર આવા ધર્મગુરૂઓને જનતા સમક્ષ ખરા સ્વરૂપમાં ખુલ્લા પાડવા એજ સાચી સેવા છે અને એમાંજ સમાજનું કલ્યાણ છે.

દુનીયાની સપાટી ઉપરનો કોઇ પણ ધર્મ ગોયા ધર્મની રક્ષાની ખાતર પણ કલેશ, કંકાસ કે ઝઘડા કરવાનું ફરમાવતોજ નથી અને એજ સિદ્ધાંત મુજબ સરદાર વલ્લભભાઇએ ગત વર્ષ દરમ્યાન અમદાવાદમાં જૈનોની જાહેર સભા સમક્ષ પોતાના પ્રવચનમાં જૈન સાધુઓના સંબંધમાં જે વ્યાજબી શબ્દો ઉચ્ચાર્યા હતા તેનો વિરોધ પણ આ કલેશપ્રીય સાધુ ત્રીપુટીમાંના એક તરફથીજ કરવામાં આવ્યો હતો. મોક્ષનો ઇજારો લઇ બેઠેલા આ મહાત્માઓ પોતે આસ્તીક છે કે નાસ્તીક, મોક્ષગામી છે કે અન્ય ગતિ ગામી છે, યાવત્ ભવી છે કે અભવી એ જાણવા જેટલું જ્યાં તેઓને જ્ઞાન નથી ત્યાં કોઇને અધર્મી કે નાસ્તીક કહેવાનો તેમને શો અધિકાર હોઇ શકે !

આ ત્રીપુટીનાં જ્યાં જ્યાં પનોતાં પગલાં થાય છે ત્યાં ત્યાં ઝઘડાઓની હોળીઓ સળગે છે. મુંબઇ પણ "આ ઝઘડાઓથી મુકત રહી શકયું નથી. મુંબઇમાં લગભગ ત્રીશ, પાંત્રીસ વર્ષો થયાં પુજ્ય મુનિ મહારાજોનું આગમન થાય છે કેટલાક મુનિરાજો તો બબે ત્રણ ત્રણ વખત અત્રે પધારી મુંબઇની જૈન જનતાને પોતાની અમૃત વાણીનો સ્વાદ ચખાડી ગયા, કે જે વખતે અત્રેના જૈનો ઝઘડા કે કલેશ શું છે તે પણ જાણતા નહોતા, અને સુલેહશાંતીથી આપસ આપસ હળીમળીને રહેતા હતા જ્યારે ત્રણ વર્ષ થયાં આ કલેશપ્રીય મહાત્માનાં મુંબઇમાં પગલાં થયાં છે, ત્યારથી ભાઇભાઇઓમાં, મીત્રો મીત્રોમાં, સગા સ્નેહીઓમાં ઝઘડાઓની હોળી સળગી રહી છે. આ રીતે સરદારનાં વચનો આ મહાત્માને આબાદ લાગુ પડે છે.

સદ્‌ગત્ આચાર્યશ્રી વિજયકમલસુરીશ્વરજી કહેતા કે મુંબઇ જવું એ આપણો ધર્મ નથી, દીક્ષાના સંબંધમાં તેમના પ્રમુખપણા નીચે વડોદરામાં સાધુ સંમેલન વખતે અત્યારની અયોગ્ય દીક્ષા વિરૂદ્ધના કેવા ઠરાવો થયા પણ આ કલેશપ્રિય મુનિને ક્યાં કાંઇયે ગુરૂવચન ઉપર ધ્યાન આપવું છે? ખાસ લાભાલાભના કારણ વિના એક સ્થળે એક કરતાં વધુ ચાતુર્માસ ન કરવાં એ જીનાજ્ઞાની પણ આ મુનિને કયાં પરવા છે? કહે છે કે હવે કોઇ ઠેકાણે ધ્રડો થઇ શકે તેમ નથી, કયાં જાય? કલેશને નોતરવા કોઇ ગામ તૈયાર નથી. "સવિજીવ કરૂં શાસન રસી" ના સુત્રને માનવાવાળા "સવિજીવ કરૂં કલેશ રસી" નાં કાર્યો કરી રહ્યા છે, છતાં વ્યાખ્યાનશૈલીમાં લટ્ટુ બની ગયેલા ભલભલા હોંશીયાર અને કાબેલ માણસો દ્દષ્ટિ રાગને લીધે કે પ્રેસ્ટીજ સાચવવાના કારણે છતી આંખે કાંઇયે જોઇ શકતા નથી. થોડા પણ આવા સાધુઓ સમાજને ભારરૂપ છે.

પરમાત્મા તેમને સન્મતિ આપે !

---

## ભાવનગરનાં સમાચાર.

—:*:—

### મુનિ રામવિજયજીને ખુલ્લો પત્ર.

આપને જણાવવાનું કે તમો અત્રેના શ્રી સંઘના આમંત્રણ સિવાય તમારા અમુક ભકતોના આમંત્રણથી અત્રે પધારવાના છો એવું અમારા સાંભળવામાં આવ્યું છે. જ્યારે શ્રી સંઘના આમત્રણ વિના અત્રે પધારો છો તો અમોને ચોક્કસ માનવાનું કારણ મળ્યું છે કે જ્યાં જ્યાં તમે ગયા છો ત્યાં ત્યાં કલેશોની મોટી હોળીઓ સળગાવી છે. તો શ્રી સંઘના આમંત્રણ વિના અત્રે તમારા આગમનથી અમારા શ્રી સંઘની ઐકયતામાં જરૂર ભંગાણ પડાવવા ધારો છો. અમે જણાવવા રજા લઇએ છીએ કે જ્યાં જ્યાં આપે કલેશોની હોળીઓ સળગાવી છે અને જૈન સમાજ ઉપર ભયંકર પ્રહારો કર્યા છે તે સંબંધી જ્યાં સુધી જાહેરમાં માફી માંગો નહીં ત્યાં સુધી આપનું અત્રે પધારવું જોખમ ભરેલું છે એવું અમારૂં માનવું છે તો આપ આપના વિચારો ફેરવો અને જૈન સમાજમાં સુલેહ શાંતિ સ્થાપવામાં તમારી વિદ્વતાનો ફાળો આપો અને શાસનને સમયાનુકુળ સાચે રસ્તે દોરો એવું કરીને પછી ભાવનગર પધારો તો અત્રેનો જૈન સમાજ તમારૂં સ્વાગત કરશે.

તા. ૧૧-૩-૩૧. }
ખારગેટ-ભાવનગર. } લી૦,
શ્રી જૈન યુવક મંડળ.

તા. ક.—અત્રેના જૈન સમાજની સુલેહ શાંતિ ઇચ્છતા હો તો આપનું અત્રે પધારવું મોકુફ રાખશો.

ઉપરોક્ત પત્ર તેઓશ્રીને શીહોર મુકામે હાથોહાથ પહોંચાડવામાં આવ્યો છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૨ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર સુદી ૪. તા૦ ૨૩-૩-૩૧ | છુટક નકલ : ના આને.

## ઉત્ક્રાન્તિના મંડાણ.

### સુધરેલું જગત્ અને ભારતવર્ષ.

સમસ્ત વિશ્વમાં આજે પરિવર્તન થઇ રહ્યું છે. નવીન યુગની નવીન ભાવના—નવા આદર્શો રચાયા છે. સમાજ અને ધર્મ વિકાસ અને પ્રગતિની માંગણી કરી રહ્યા છે. યુરોપ અને અમેરિકાના સુધરેલા જગત્‌ના રાજકીય, સામાજીક, માનસિક, શારીરિક—કોઇ પણ ક્ષેત્રો તપાસો. દરેક વિભાગમાં જાગૃતિનું, વિકાસનું, ક્રાન્તિનું વાતાવરણ છવાઇ રહ્યું છે. ત્યાંના યુવકોએ ઉત્ક્રાન્તિસૂચક વિધ વિધ દિશામાં ભિન્ન ભિન્ન આવશ્યકતાઓ પૂરી પાડનારા મંડળો સ્થાપ્યા છે અને તદ્દારા પોતાની અને સમાજની સર્વ દેશીય ઉન્નતિ સાધી રહ્યા છે, રૂઢિચૂસ્તોની સુષુપ્તિ ઉડાવી તેમને નવચેતનની પ્રેરણા પાઇ રહ્યા છે અને સારા સમાજે અને દેશને સંગીન જોમ અને જવલંત ઉત્સાહ અર્પી રહ્યાં છે—ટુંકમાં નવા યુગનું નવું જગત્ રચી રહ્યા છે. ભારતવર્ષમાં આધુનિક રાજકીય લડતે યુવકોમાં ચેતનની ચીનગારીઓ પ્રકટાવી છે અને દેશ યજ્ઞમાં તેમનો અશ્રુત પૂર્વ ફાળો સમર્પણ કરાવીને વિશ્વ ભરમાં અદ્વિતીય કીર્તિ સંપાદન કરાવી છે. છતાં પણ સમસ્ત યુવક—જગતે એ સંદેશો સંપૂર્ણપણે ઝીલ્યો હોય એમ કહેવું યોગ્ય નથી. રાજકીય ક્ષેત્ર ઉપરાંત સમાજના વિધ વિધ અંગોમાં પણ યુવકને પોતાની સેવા અર્પવા આવ્હાન મળી રહ્યું છે. સમાજની જુની જર્જરિત ઘરેડો હવે તાબડ-તોબ પુનર્વિધાન માંગે છે અને સમાજના દરેક હિતચિંતકે આ નૂતન ભાવનાઓ પોષવાની, અમલમાં મૂકવાની અને નવસર્જન કરવાની આવશ્યકતા છે.

### જૈન સમાજ અને સેવાભાવિ સંસ્થાઓ.

દૂનિયાના અન્ય સમાજોની પેઠે જૈન સમાજ આજે પરિવર્તન અને પુનર્વિધાન માંગે છે, અને જેની નસોમાં નવું લોહી વહેતું હોય—પછી ભલે તે ગમે તેટલી ઉમરનો હોય—જેને હૈડે સમાજની દાઝ અને કર્તવ્યની ધગશ પ્રબળપણે વસેલી હોય, એવી વ્યક્તિની સ્પષ્ટ ફરજ છે કે તે આ પુનર્વિધાનમાં પોતાનો યથાશક્તિ ફાળો અર્પે. નવ યુગનો સર્જનહાર, ભુતકાળની ભવ્યતાના સ્વપ્નાં સેવી વર્તમાન કાળના આદર્શો ઘડનાર અને તેને અમલમાં મૂકનાર જૈન યુવક આ નવસર્જનમાં પછાત રહીજ કેમ શકે?

આજે આપણી સન્મુખ અનેક કાર્યો પડેલાં છે, નવાં નવાં ઉમેરાતાં જાય છે, એ બધાંને પહોંચી વળવાને સતત પ્રવાસોની જરૂર છે. એ કાર્યોનો અમલ આજ કેટલાંક વર્ષોથી શ્રીમતી જૈન કોન્ફરન્સ અને જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ પોતાની નીતિ—રીતિ પ્રમાણે યથાશક્તિ કરી રહી છે. પરંતુ ગતિમાં તેજ નથી, સમાજનો યોગ્ય સહકાર નથી, આવશ્યકીય નિડરતા નથી, સંગીન વ્યવસ્થાની પૂર્ણતા નથી, સેવાકાર્યમાં સારો સમય અર્પી શકે એવા કાર્યકર્તાઓની બહૂલતા નથી. એથી આવશ્યકીય સંગીન કાર્ય તાત્કાળિક બની શકતું નથી; આકાંક્ષાઓ અમલમાં મૂકી શકાતી નથી, ઠરાવો વ્યવહારૂ સ્વરૂપ ધારણ કરી શકતા નથી, સમાજ પ્રગતી સાધી શકતો નથી.

### મંતવ્યો અને ચર્ચાઓ.

સંઘના ચતુર્વિધિ અંગોમાં અને તદ્વિષયક વિભાગોમાં સુધારણાની અપેક્ષા છે—અવકાશ છે. અમુક વ્યક્તિઓના કદાગ્રહ, કીર્તિલાલસા, અહંભાવ અને સ્વકીય પક્ષ જમાવવાની અનિષ્ટ બુદ્ધિથી સમાજમાં ભિન્નતા અને વિસંવાદ પેસી ગયા છે એ વાત નિર્વિવાદ છે, સ્પષ્ટ છે. 'તુંડે તુંડે મતિર્ભિન્ના' એ ન્યાયે સમાજમાં ભિન્ન ભિન્ન મંતવ્યો ધરાવનારા ભલે હોય એ મંતવ્યોને અંગે ચર્ચાઓ થાય પ્રશ્નોની છણાવટ થાય, જ્ઞાનની—વિચારોની આપ—લે થાય, તેથી ઢાલની એક બાજુ નિરખવાને બદલે સર્વ દેશીય અનુભવ મળે, 'મારૂં તે સારૂં" ટળી 'સારૂં તે મારૂં" નો સિદ્ધાન્ત સમજવાનો અવકાશ મળે આ બધું અતિશય આવકારદાયક છે, સમાજને પુષ્ટ બનાવનાર તત્ત્વ છે. પરંતુ જ્યારે આવી મતમતાંતર સહિષ્ણુતા ટકી શકતી નથી, મતની ચર્ચા ઉપરથી વ્યક્તિપરત્વે ઉતરી પડાય છે, સ્વતંત્ર અભિપ્રાય ધરાવવાની અને એ અભિપ્રાય વ્યકત કરવાની છુટ ઉપર જ્યારે તરાપ મરાય છે. અમુક વ્યકિતનો અમુક મત આપણને ન રૂચતો આવે એટલે એ મત ધરાવનાર વ્યકિત દુષ્ટ અને નાસ્તિક છે અને એનાં સર્વ વિચારો સડેલાં અને અનિષ્ટ છે એવું જ્યારે ઉપજાવી કાઢવામાં આવે છે, ત્યારે સમાજ નબળો પડે છે, તેના અંગોમાં પરસ્પર અસંગતતા અને ઘર્ષણ જાગે છે, સામાન્ય શત્રુની સામે મુકાબલો કરવાને બદલે આંતરિક કલહ અને ફાટફુટ જામે છે, રચનાત્મક કાર્ય બની શકતું નથી, વિઘાતક શૈલીથી ખંડનાત્મક કાર્યોનો આરંભ થાય છે અને સમાજ ધીમે ધીમે પણ ચોક્કસ રીતે અવનતિની ગર્તા તરફ ઘસડાવા માંડે છે.

હરિલાલ શાહ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# આ સાધુને હવે તો ઓળખો?

હિન્દુસ્થાનમાં લગભગ બાવન લાખ સાધુઓની સંખ્યામાં જૈન સમાજના સાધુઓ પ્રત્યે જનતા કંઇક માનભરી દ્રષ્ટિથી જોતી! કારણ કે જૈન સાધુ દીક્ષા લેતાંની સાથેજ પ્રાણાતિપાદ. (અહિંસા) મૃશાવાદ (જુઠું ન બોલવું) અદત્તા દાન (કોઇના આપ્યા સિવાય લેવું નહિ) મૈથુન (મન વચન કાયાએ બ્રહ્મચર્ય પાળવું) પરિગ્રહ (કોઇ જાતનો સંગ્રહ ન કરવો) આ પ્રતિજ્ઞા લેવામાં આવે છે તેમ ક્રોધ, માન, માયા, ઇત્યાદિ જે વસ્તુઓ ઉંચે ચડવામાં અંતરાય રૂપ છે તેને છોડવા અને ઉંચે ચડવામાં મદદગાર થાય, તેવી વસ્તુઓ ગ્રહણ કરી, પિતા મહાવીરે બતાવેલા રસ્તે ચાલતા તેથી અન્ય સમાજ પણ પ્રસંસા કરતી. પરંતુ પ્રભુએ બતાવેલ રસ્તાને ઠોકર મારી પંચ મહાવૃતની લીધેલ પ્રતિજ્ઞાને ઉંચી મુકી પોતાની મન કલ્પનાનુંસાર ભોળા લોકોને ભમાવવા શાસ્ત્રના બહાના નીચે હાંકે રાખનાર રામવિજય જેવા જ્યારથી સમાજમાં ઉત્પન્ન થયા છે ત્યારથી સમાજની દશા દિવસે દિવસે સુધરવા બદલે બગડતીજ ચાલી છે, એ દરેક માણસો સમજે છે, છતાં ભોળાં, પ્રભાવના ને જમણના ટેવાયેલા, તેમ અંધશ્રદ્ધાળુઓ એમ સમજે છે કે રામવિજય ત્યાગનો ઉપદેશ કરે છે, સગીરોને દીક્ષા આપે છે, શ્રાવક ક્ષેત્રના ઉધ્ધારની વાત નથી કરતા પણ અવગણુના કરે છે; અને અયોગ્ય ટીકાઓ કરે છે. તેથી બુદ્ધિશાળી વર્ગ તેમની પાછળ લાગ્યો છે. આ કહેનારાઓ કંઇક અંશે ખરા છે, છતાં ખરો મુદ્દો તો એ છે કે રામવિજય પ્રભુના શાસનનો નાશ કરી એક રામાનંદી ટોળું ઉભું કરી જૈન સમાજને છિન્નભિન્ન કરવાના જે પ્રયત્નો આદરી રહ્યા છે તે બુદ્ધિશાળી વર્ગ સમજી ગયો હતો. એટલે તેને ઠેકાણે લાવવા મહેનત કરે છે અને કરશે, બાકી એમના પ્રત્યે અંગત દ્વેષ જેવું કશું નથી. ભોળા લોકોને ભમાવવા અનેક જાળ બીછાવવા છતાં જે વસ્તુ હૈયે હોય તે હોઠે આવ્યા સિવાય રહે નહિ. એણે સંભાળ તો ઘણીજ રાખી! છતાં જેમ સન્નીપાત થયેલો માણસ એના ભેજા પર કાબુ ગુમાવી બેસવાથી ઘણી છાના વાતો કહી નાખે છે તેમ આ નામધારી સાધુ ભેગું બોલે છે.

**"હું કહું છું એજ ધર્મ છે, બાકી બધું જંજાળ છે; એ ધર્મના વિરોધીઓ! તમારી અધોગતિ જોઉં છું. યાદ રાખજો...ત્હમે ભુંડે હાલે મરશો! ભીખ માંગતાંય ત્હમને રોટલો નહિ મળે."**

**"ત્હમે જીંદગીમાંથી ઉખડી જશો......"**

"ત્હમારાથી શું થઇ શકે તેમ છે? સામી છાતીએ ચાલ્યા આવો! બહાદુર થઇને મરવું છે કે બાયલા?"

"ત્હમારાથી થાય તે કરી લેજો! માથુ મુકીને આવ્યા છીએ અને ક્ષત્રીય (?) છીએ. વખત આવે કેસરીયાં (?) પણ કરીએ. અમારા બાપનો માલ ઉડાવીએ છીએ...**અમે માનેલા 'ધર્મ'ને રક્ષવા માટે જરૂર પડે તો આઠ આઠ ભૈયાની જમાત પણ અમો અમારી પાસે રાખી શકીયે છીએ.** છે મગદુર કોઇની? "ચાલ્યા આવો?"

જૈન સમાજ! હવે વખત ગુમાવે કે 'આપણે શું એ ભોગવશે' એ નમાલી વાતો કરવાથી સમાજનું કલ્યાણ નહિ થાય. ઉપરના વાકયો વાંચતાંજ રામવિજયનું માનસ ચોકખે ચોકખું દેખાઇ આવે છે કે તે કોઇ નવો પંથ કહાડવા માંગે છે તે કહે તેજ ધર્મ છે બાકી બધા જંજાળની વાનો કરનારા છે. પછી વિજયનેમિસૂરી હોય કે વિજયનિતિસૂરી હોય કે ગમે તે હોય. જેમ ભુતકાળમાં અન્ય ધર્મિઓએ બીરૂ લોકોને તલવારના બળે ભ્રષ્ટ કર્યાં હતા તેમ આ ભૈયાઓની જમાત રાખીને લોકોના માથાં વધેરાવી તેની જમાત મોટી કરવાના કોડ સેવે છે, સાથે આવ્હાનો કરે છે, સાથે શ્રાપ પણ દે છે! પરંતુ જેમ સતી શ્રાપ દેતી નથી અને સંખણીના લાગતા નથી. તેમ એના શ્રાપની કે ભૈયાની જમાતની હાલનો યુવક લગારે પરવા કરે તેમ નથી. કારણકે તેને લાઠી સામે માથું ધરવાની કેળવણી મળી છે, જેલના દુઃખ સહન કરવાની તાલીમ લીધી છે, એટલે એમના શ્રાપ, ધમકી, કે ગમે તેવી ચાલબાજી કરે છતાં હાલનો યુવક તો સો ટચનું સોનુ જોશે તેનેજ મસ્તક નમાવશે. બાકી તો સામુંએ જોશે નહિ છતાં એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ સાધુ હવે ખરા સ્વરૂપમાં બહાર પડયા છે એ તેના શબ્દોજ કહી આપે છે. કારણ કે તેના શબ્દો ઉપરથી નીચેના મુદ્દા સ્પષ્ટ સમજાય છે.

પ્રભુના પ્રરૂપેલા અને ગણધરોએ ગુંથેલા આગમો અને ઉપદેશને ઉંચા મુકી નવો પંથ કહાડવા માગે છે.

પ્રાણાનિપાતની પ્રતિજ્ઞા તોડી, ભૈયાઓ મારફતે માથાં ફોડવાની હોંસ સેવે છે એટલે હિંસક વૃત્તિ ધારણ કરે છે. તેમ જેઓ તેના ટોળામાં ન ભળે તેમનું દરેક રીતે નિકંદન ઇચ્છે છે.

આ સિવાય તેના વ્યાખ્યાનોમાંથી નવો પંથ કહાડનાર એક પાખંડી છે એમ દીવા જેવુ દેખાય છે. ત્યારે જૈન સમાજે આવા પાખંડીઓથી સમાજને બચાવવા ખાતર જેમ બને તેમ તેનો બહિષ્કાર કરવાની જરૂર છે. તેમ થયા સિવાય આ ભાન ભૂલેલાનું ભાન ઠેકાણે આવશે નહિ અને જૈન સમાજ અધોગતિમાંથી બચશે નહિ.

### વઢવાણના જુવાનોને

વઢવાણના જુવાનો સાવધ બનજો. પ્રભુના પંથને ઉંચો મૂકી નવો પંથ કહાડવાની મહેચ્છા રાખનાર પાખંડી તમારા ગામમાં આવે છે અને દેશવિરતી તેમ સોસાયટી સંમેલનના બ્હાના નીચે તમારા શહેરમાં કંઇ નવાજુની કરી તમારા શહેરના શાન્તિ ભરેલા વાતાવરણને અશાન્ત કરી ભાઇઓ ભાઇમાં બંડ જગાડવા માગે છે, તેમ તમારા શહેરના ભલા નામને કલંક લગાડે તેમ લાગે છે. શું! તે તમે જોયા કરશો? એટલું ધ્યાન રાખજો કે ચૈતર સુદમાં શરૂ થતી આયંબીલની ઓળી જેવી ધાર્મિક ક્રિયા અંગે કોઇપણ જૈનનો વિરોધ નજ હોય પરંતુ ઓળીની ઓઠા નીચે ચૈતર વદમાં જે તમાસો થવાનો છે તે તમાસામાં જૈન સમાજનુ હિત નથી પણ અહિત છે, છતાં

શ્રી

# અમૃત સરિતાના ઓવારે.

## ( એક દ્રષ્ટિપાત. )

સંપાદક : વનવિહારી પ્રાગ્વાટ્.

(૩)

પ્રિય ભાઇશ્રી સુધાકર,

ત્હમારો પત્ર મલ્યો. ત્હમે લખો છો કે: "'વકીલ' મહાસુખભાઇએ વાંચનાર 'ન્યાયાધીશ' પાસે પોતાનો કેસ–અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન–સચ્ચોટપણે રજુ કર્યો છે. એટલુંજ નહી પણ બીજા એવા પ્રશ્નો પણ રજુ કર્યા છે, કે જેનો ઉકેલ લાવ્યા સિવાય ઉન્નતિની આશા રાખવી એ આકાશ કુસુમવત્ છે; એ સાચું નથી?........" હું ત્હમારા આ વિચારો સાથે સર્વથા સંમત છું. પ્રશ્ન એકજ છે: "કોણ કરે?"

* * *

"ભૂતકાળ એ વર્તમાનનો પિતા છે અને વર્તમાન એ ભવિષ્યની માતા છે." આ વિચાર જો આપણે માન્ય રાખીએ તો આપણી 'વર્તમાન દશા' આપણા ભૂતકાળનેજ આભારી છે એની આપણાથી ના પાડી શકાય તેમ છે? અને આપણી 'વર્તમાન દશા' નું સાચું ચિત્ર નિહાળ્યા પછી આવતી કાલ આનાથી વધારે સારી ઉગવાની આશા રાખી શકાય ખરી? જૈન જગતના ભાગ્ય આકાશમાં કેવળ નિરાશાનાંજ વાદળાં ઉભરાઇ રહેલાં નથી દેખાતાં?! જો કે આ 'નિરાશાવાદ' છે, અને તેનું સેવન કરવું એ ઇષ્ટ નથી એટલુંજ નહી પણ અધર્મ છે–પાપ છે; એમ સ્હમજવા છતાં સમાજની છિન્ન ભિન્ન દશા, અને તેને લાગુ પડેલો 'ક્ષય' નો ભયંકર વ્યાધિ જોતાં એટલું પણ કહી દેવુંજ ઘટે છે કે: વિના વિલંબે તેનો સચ્ચોટ ઉપાય યોજવાની અનિવાર્ય અગત્ય ઉભી થઇ છે. આપણી સહેજ પણ ગફલત આપણને 'ભયંકર ભાવી' નાં દર્શન કરાવશે એ નિઃસંશય છે.

* * *

શ્રી. મહાસુખભાઇએ અયોગ્ય દીક્ષાનો પ્રશ્ન છણવાની સાથે સાથે આપણા સમાજના સાંસારિક, નૈતિક, આર્થિક અને કેળવણી વિષયક પ્રશ્નોની ચર્ચા પણ કરી છે. જો કે તેની તલસ્પર્શી વિચારણા રજુ નથી થઇ શકી, છતાં સામાન્ય જન સમાજ સ્હમજી શકે તેવી વિચારણા રજુ કરી ઉપરના પ્રત્યેક પ્રશ્નો પર તેમણે ઠીક ઠીક પ્રકાશ તો પાડયોજ છે. એ પ્રકાશનો ઉપયોગ આપણે કરીશું કે નહિ એ જુદો પ્રશ્ન છે.

* * *

'આજ્ઞાઃ એજ ધર્મ.' એ સુત્રની સચ્ચોટ છાપ જનતાના માનસપર પાડવાના નિરંતર પ્રયત્ન કરનાર અને 'વિતરાગ'ના સીધા વારસ તરીકે પોતાની 'આજ્ઞા'ને પણ અન ઉલ્લંઘનીય ગણવાના ફાંફાં મારનાર એ ધમંડી વર્ગની મનોદશા સ્પષ્ટપણે સ્હમજવા માટે નીચેનું સુત્ર કદાચ વધારે ઉપયોગી થઇ પડશે :–

For just experience tells every soil,
That those that think
must govern those that toil.

—*Gold Smith.*

[દરેક દેશના અનુભવ ઉપરથી જણાય છે કે જેઓ વિચારશીલ અર્થાત્ માનસિક પરિશ્રમ ઉઠાવનાર છે તેઓ મહેનત કરનાર અર્થાત્ શારિરીક પરિશ્રમ ઉઠાવનાર ઉપર રાજ્ય કરે છે. (અમૃત સરિતામાંથી અવતરણ.)

આપણા ગુરૂદેવોએ ગઇ કાલ સુધી આપણી ઉપર રાજ્ય કર્યું છે. આપણા કલ્યાણનો માર્ગ શોધવાનું આપણે નહિ પણ એમણે માથે રાખ્યું છે–કદાચ આપણે સોંપ્યું હશે. અને એ બોજો ફેંકી દેવામાં ભલે આપણે ચિંતા મુકત બન્યા હોઇશું. પણ બીજી બાજુ આપણે આપણો 'વિચાર' કરનારા 'મનુષ્ય' મટી બીજાના દોરવ્યા–કેટલેક પ્રસંગે બીજાના હાંકયા–ચાલનાર 'પશુ' બન્યા છીએ, એટલું આપણે ન ભૂલીએ. ગઇ કાલ સુધી 'ગુરૂદેવો'ની સ્હામે ઉંચી આંખે જોનાર અપમાન પામતો. ગુરૂદેવને પ્રશ્ન કરનાર તિરસ્કારને પાત્ર બનતો અને તેમના શબ્દોમાં શંકા લાવનાર 'સંઘ બ્હાર'ની સજા પામતો. સાચેજ "ગુરૂ આજ્ઞા એજ ધર્મ" સુત્ર કદાચ બહુ દૂર દૂરના નહી પણ નજીકના ભૂતકાળમાં તો શિરસાવંદ્યજ ગણાતું. જૈન સમાજ ભારતની તેત્રીસ કોટી પ્રજાનુંજ એક અંગ હોવાથી તેને પણ કેળવણીનો પ્રકાશ સાંપડયો: અને જીવન પન્થે પથરાએલાં અંધારાં ઓસર્યાં. આપણા 'ગુરૂદેવો' સચેત બન્યા. પોતાનો 'વાસ્તવિક ધર્મ' સ્હમજનારા–પીળાં વસ્ત્રની પવિત્રતા પીછાણનારા–ઓએ 'સ્વ–પર'ના કલ્યાણનો માર્ગ સ્વીકાર્યો. જ્યારે પોતાની સરી જતી સત્તાના મોહમાં 'રાગાંધ' બનેલાંઓએ કેળવણીના પ્રકાશ સ્હામે ધુળ ઉછાળવા માંડી. કુદરતી ન્યાયે તેમનીજ આંખોમાં 'ધુળ' પડી. અને એના દુઃખથી આંખો ચોળતા એ 'દાંભીકોએ' કેળવણીના પ્રકાશને અને પ્રકાશ ઝીલનારાઓને 'નાસ્તિક' શબ્દે નવાજ્યા. ભૂતકાળનો વારસો મેળવી જીવન જીવનારા 'મેંઢાઓ' નીચે મુડીએ હંકાવા લાગ્યા. 'પ્રકાશ'નાં દર્શન પામેલા-ઓએ 'હંકાવા' ના પાડી, અને આંતર કલહનાં મંડાણ થયાં. આપણી સંસ્કૃતિનું આપણને બિસ્મરણ થયું. સાહિત્ય અને સ્થાપત્ય તરફ આપણે બેદરકાર બન્યા. કલા આપણાથી રીસાઇ ગઇ. ક્ષત્રિયમાંથી વણીક બનેલા આપણે વ્યાપારી મટી દલાલ બન્યાઃ 'સ્વામીવાત્સલ્ય' એજ શ્રેષ્ટ સેવા

---

તે તમાસામાં ભાગ લેનારા એના નામે જે કરવુ હોય તે કરે તેની પરવા નથી. કારણુ કે સુરજની સામે ધુળ ઉડાડતાં સૂરજ ઉપર નથી પડતી પણ ઉરાડનારની આંખમાંજ પડે છે, પરંતુ વઢવાણશહેર કે ઝાલાવાડના નામે જો કંઇ કરે તો વઢવાણને કે આખા ઝાલાવાડને કલંક લાગશે. અરે! કપાળે કાળો ડાઘ રહી જશે. માટે જાગતા રહેજો, લગાર ગફલત રહ્યા તો અહિંસાનો દાવો કરનાર, છતાં મન વચન અને કાયાથી હિંસાને સેવનાર આ કહેવાતા સાધુ છળ, પ્રપંચે પૂરા છે, એટલે તમારા શહેરના ભલાનામને એબ લગાડતાં વાર નહિ કરે, માટે સાવધ રહેજો નહિતો કપાળ તપાસવું પડશે.

જે ભોળા લોકો સાધુના વેશમાંજ પ્રભુતા માને છે તેવાઓને કાવાદાવાથી, પેંડા, લાડુ, શ્રીફળ, પતાસાં વિગેરેની પ્રભાવના તેમ જમણની લાલચથી ભરમાવવામાં આવે છે. અને તેવાઓને હથિયાર બનાવી આગના તનખા વેરવાનો આ ધંધો કરે છે, તેથી યુવાનો! આ ગોશાળાના અવતારી મહાત્મા (?) સામે વ્યવસ્થીત રીતે ગોઠવાઇને સમજપૂર્વક, શાન્તી રાખીને આત્મ બળના વિશ્વાસથી યુવાન વીરને છાજે તેવી રીતે અહિંસક રહીને પોણી બતાવશો.

એમ માનનારા સમાજમાં 'બેદરકારી' નો પ્રશ્ન ઉદ્દભવ્યો; એવું તો કૈં કૈં બની ગયું. પણ આપણે ઉંઘ્યાજ કર્યું. સદ્દભાગ્યે કો ધન્ય ઘડીએ 'યૌવને' આળસ મરડી. પ્રવૃતિને માર્ગે પ્રસ્થાન માંડયાં. સ્વાતંત્રના સુર ફુંકયા અને ગુંગળાતા સમાજે પળભર શાન્તિનો શ્વાસ લીધો પણ હજુએ કલેશનો દાવાનલ નથી હોલાયો. કયારેં હોલાશે એ પ્રશ્ન પણ હાલ તો નિરૃત્તરજ છે. અને એ પણ ખુલ્લું સત્ય છે, કે આમાંથીજ આપણે આપણો માર્ગ કરવાનો છે.

* * *

'અમૃત સરિતા'નાં વહી જતાં પાણી આપણને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે, કે આપણા સમાજનું એક પણ બાળક કેળવણી વિહોણું ન રહે, તેવી યોજનાઓ અમલમાં મુકો; હોય તેને વિકસાવી વિશાલ બનાવો. 'સ્વામી વાત્સલ્ય' શબ્દનો પ્રચલિત રૃઢ અર્થ ફેરવી એ નામે થતા ધનનો વ્યય એવી રીતે કરો કે જેથી 'બેકારી'ના જંતુનો નાશ થાય. દલાલ મટી વ્યાપારી બનો; વ્યાપારને ખીલવો; ઉદ્યોગો હાથ કરો; અને એ રીતે કેળવણી લઇ 'કેરીઅર' માટે ફાંફાં મારતા યુવાનોના જીવન નિર્વાહના માર્ગ મોકળા કરો; આપણી ઘટતી જતી વસ્તીનાં કારણોનો વિચાર કરો. બાળ મરણનું પ્રમાણ વિશેષ હોવાના કારણો શોધી કહાડી તેનું નિવારણ કરો. આપણી નિર્માલ્ય અને માયકાંગલી શરીર સંપત્તિ શાને આભારી છે, તેનું શોધન કરો. સ્ત્રી જીવનના વિવિધ પ્રશ્નોનો સમભાવ-પૂર્વક અભ્યાસ કરો : આજેજ ઉકેલ માગતો વિધવાનો પ્રશ્ન હાથ ધરોઃ આપણા ગૃહ ઉદ્યોગોને ખીલવી વ્યર્થ વિતતા સમયનો સદુપયોગ કરતાં શીખવાડો. સામાજીક વિકાસની આડે આવતા રૃઢ થઇ પડેલા રિવાજોને તિલાંજલી આપો. 'વડીલો' ની કિર્તી ઉપર શ્રેષ્ટ ગણાતા આજના થઇ બેઠેલા સૂત્રધારોને સમાજના સાચા આગેવાન બનતાં શિખવાડો અને પછી જૂઓ કે 'અયોગ્ય દિક્ષા'નું ભૂત ભાગી જાય છે કે નહી ! !

* * *

આપણા સમાજની પ્રતિનિધીરૃપ સંસ્થાઓ પોતાની ફરજ વિચારે તો આ બધું બનવું અશકય તો નથીજ. પરંતુ આપણે આજ સુધી શું કર્યું છે, અને શું નથી કર્યું તેની સ્પષ્ટ હકીકતો પણ આપણી પાસે મોજુદ છે એટલે કે કોઇનેય કશો દોષ આપ્યા સિવાય એટલું ઉચ્ચારી શકીએ કેઃ 'આપણે એ દિશામાં બહુ આગળ નથી વધ્યા—બલકે હજુ 'ક' જ ઘુંટી રહ્યા છીએ, અને તેનાં ઘણાં કારણો છે. કારણોની પરંપરામાં ઉતરતાં 'આક્ષેપ' નો આભાવ થવાનો સંભવ છે. એટલે આપણે એટલુંજ નોંધીએ કેઃ 'સેવા એજ ધર્મ' એ મંત્રનું રટણ કરનારા 'સેવકો' હજુ આપણા સમાજને નથી સાંપડયા અને એજ આપણી ભાગ્યઉણપ છે.

* * *

"કીર્તીસુંદરીની 'વરમાળાના' ઉમેદવારો નહી પણ સમાજ ઉદ્ધારની 'ધગશ' લઇ ફરનારા સાચા સેવકોજ સાચા માર્ગદર્શક બની શકે એ નિર્વિવાદ છે."

* * *

દીવ્ય માનસમાંથી નિર્ઝરતી 'અમૃત સરિતા' આપણા આંગણે નિરંતર વહ્યાજ કરે! અને તેનાં પાવનકર જળનાં પાન કરી જૈન જનતા 'ત્યાગ' અને 'સ્વાર્પણ' ની પ્રેરણા મેળવતી રહે !! એ શુભેચ્છા સહ 'અમૃત સરિતા' ના ઓવારેથી આપણે પ્રસ્થાન કરીએ !

"વ્યાપ્યો જીવનમાં અંધકારઃ પ્રકાશનાં દાન નાથ માગું!"

લી૦,

*19 : 3 : 31 :* ઋષભદાસ.

# સાધુઓના અને સાધ્વીઓના પ્રગતિ નિયમો.

લેખકઃ **સદ્દગત યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજી.**

૧ સાધુઓએ અને સાધ્વીઓએ આચાર્યાદિની આજ્ઞા પ્રમાણે ગામોગામ વિહાર કરવો અને ચારિત્ર પાલનપૂર્વક ઉપદેશ દેવાની પ્રવૃત્તિ કરવી.

૨ આચાર્યની આજ્ઞા સિવાય વિહાર કરવો નહિ અને આચાર્યની આજ્ઞા મંગાવીને વા આચાર્ય આજ્ઞા આપે, ત્યાં ચોમાસું કરવું.

૩ પરકીય ગચ્છમત ભેદક ચર્ચા ઉદીરણા કરવી નહિ. અન્ય ગચ્છીય સાધુઓની અને સાધ્વીઓની નિન્દા-ઇર્ષ્યા કરવી નહિ અને તેમજ તેઓના ગુણોનો અનુરાગ ધારણ કરવો. અન્ય ગચ્છીય સાધુઓના ભરમાવ્યાથી સ્વગચ્છીયસૂરિ વગેરેની આજ્ઞા બહાર થવું નહિં, તેમજ સ્વગચ્છીય આચાર્યાદિકની અન્ય ગચ્છીય સાધુઓ વગેરેની આગળ નિન્દા કરવી નહિ.

૪ સ્વગચ્છીય આચાર્ય જ્યારે જ્યારે સ્વગચ્છ સાધુ સાધ્વીની પરિષત્ ભેગી કરે ત્યારે તત્સમયે હાજર થવું અને સાધુઓની તથા ધર્મની સેવામાં આત્મભોગ આપવો.

૫ સ્વગચ્છની પ્રગતિના જે જે વિચારો આવે તે સ્વગચ્છીયસૂરિને નિવેદવા અને જમાનાને અનુસરી ધર્મની પ્રગતિ થાય એવી જે જે પ્રવૃત્તિઓ આદરવા યોગ્ય હોય તેઓને આદરવી.

૬ સાધુઓએ અને સાધ્વીઓએ પરસ્પર એકબીજાની નિંદા કરવી નહિ, કોઇની સાથે અપશબ્દથી ભાષણ કરવું નહિ. વ્યાખ્યાનમાં, ભાષણમાં અને લેખ લખવામાં તથા ગ્રંન્થો લખવામાં સર્વ સાધુઓની સાથે ઐક્ય વધે, કલેશ ભેદ શમે અને સર્વ ગચ્છના સાધુ, સાધ્વીઓ, આચાર્યો સંપીને એક મોટા વર્તુલમાં ભેગા મળી ધાર્મિક કાર્યો કરે, એવી યુકિત પ્રયુકિતથી પ્રવર્તવું.

૭ સાધુઓએ અને સાધ્વીઓએ કોઇ ચેલા અગર ચેલીને ખરાબ સલાહ આપી તેના ગુરૃથી જુદાં પાડવાં નહિ. સ્વગચ્છીય આચાર્યની આજ્ઞા વિના અન્ય ગચ્છીય સાધુને અને સાધ્વીને સાધુઓએ અને સાધ્વીઓએ પાસે રાખવી નહિ. અન્ય ગચ્છ-પક્ષ સંપ્રદાયની સાથે વિરોધ થાય એવી પ્રવૃત્તિઓમાં પડવું નહિ.

૮. સાધુઓએ અને સાધ્વીઓએ અન્ય ગચ્છીય ક્ષેત્રો પર પરસ્પર કલેશ મતભેદ અરૃચિ નિન્દા થાય એવી રીતે પડાપડી કરવી નહિ. અન્ય ગચ્છીય ક્ષેત્રોમાં રહેવું પડે તો સ્વગચ્છ સુરિની આજ્ઞા મેળવીને અન્ય ગચ્છીય ક્ષેત્રના આચાર્યાદિકની અનુમતિ લેઇ ચોમાસું કરવું, પણ અન્ય ગચ્છીય ક્ષેત્રના શ્રાવકોની પરસ્પરની ફૂટથી અન્ય ગચ્છીય આચાર્યની સત્તાનો નાશ થાય એવી રીતે ચોમાસું ઉપદેશ વિગેરે પ્રવૃત્તિયો સેવવી નહિ.

સાધુઓમાં અને સાધ્વીઓમાં ધાર્મિક જ્ઞાનની પ્રગતિ થવી જોઇએ. ધાર્મિક કેળવણીની પ્રગતિ વિના કદી ધાર્મિક સમાજની સુધારણા થઇ નથી અને કદાપિ ભવિષ્યમાં થશે નહિ. ઇંગ્લાંડ, જર્મની વગેરે દેશના લોકો કેળવણીથી

વ્યાવહારિકોન્નતિમાં કેટલા બધા આગળ વધ્યા છે તે ખાસ વિચારવાની જરૂર છે. વર્તમાન જમાનામાં ધાર્મિક કેળવણીની પ્રગતિ વિના સાધુઓની અને સાધ્વીઓની કદાપિ અસ્તિત્વ સંરક્ષકત્વ પ્રગતિ થવાની નથી. જ્ઞાન વિના મનુષ્ય અંધશ્રદ્ધાળુ રહે છે, જ્ઞાન વિના કદાપિ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનું સ્વરૂપ અવબોધાતું નથી. જ્ઞાન વિના સાધ્ય અને સાધક ભાવનું ભાન રહેતું નથી. જ્ઞાન વિના સ્વાતંત્ર્ય અને પારતંત્ર્ય એ બે માર્ગનું અનુકરણ થતું નથી. જ્ઞાન વિના સ્વપરનું કલ્યાણ કરી શકાતું નથી, જ્ઞાન વિના સ્વસ્વરૂપ અને પરસ્વરૂપનું ભાન થતું નથી. જ્ઞાન વિના ધાર્મિક કૃત્યો કેવી રીતે કરવાં અને ક્ષેત્રકાળાનુસારે કેવી રીતે વર્તવું તે ખાસ વિચારવા જેવું છે. જ્ઞાન વિના કર્તવ્ય અને અકર્તવ્યનું સ્વરૂપ અવબોધાતું નથી. જ્ઞાન વિના ગચ્છ સંઘાદિ સંરક્ષણાદિ કર્મયોગમાં આત્માની શુદ્ધિ રહેતી નથી. જ્ઞાન વિના રાગદ્વેષની પરિણતિનો નાશ થતો નથી. જ્ઞાન વિના કર્મયોગમાં સ્વફરજની નિષ્કામ ભાવના રહેતી નથી. જ્ઞાનની કેળવણી વિના દેશ, સમાજ, સંઘ અને વ્યક્તિની પ્રગતિ થવાની નથી. ગમે તેવા ઉપાયો વડે જ્ઞાનની કેળવણીની પ્રગતિ કર્યા વિના વિશ્વમાં–ધર્મમાં આગળ વધી શકાતું નથી. જ્ઞાન-યોગ, કર્મયોગ, ભક્તિયોગ અને રાજયોગાદિ અનેક યોગો વડે આત્માની મુક્તિ થાય છે, પરંતુ જ્ઞાન વિના કદાપિ મુક્તિ થવાની નથી; માટે જૈનાચાર્યોએ, ઉપાધ્યાયોએ, સાધુઓએ અને સાધ્વીઓએ જ્ઞાનની કેળવણી વધારવા સર્વ કરતાં પ્રથમ તેવું લક્ષ્ય દઇ અનેક શક્તિયોનું સ્વાર્પણ કરવું જોઇએ. જ્યારે ત્યારે કોઇની પણ જ્ઞાનથી ઉન્નતિ થઇ છે, થાય છે અને થશે. ભૂતકાળમાં સાધુઓની અને સાધ્વીઓની પ્રગતિ ખરેખર જ્ઞાનથી થઇ હતી વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થશે એમ નિશ્ચયતઃ અવબોધવું. જૈનાચાર્યોએ, ઉપાધ્યાયોએ, અને સાધુઓએ સર્વ સ્વાર્પણ કરીને ધાર્મિક કેળવણીની પ્રગતિ કરવી જોઇએ. એમાં હજારો વિઘ્નો પડે તો પણ તેને જીતવાં જોઇએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય અને તપની કેળવણી સાથે શરિરીક શક્તિને પણ ખીલવવાની જરૂર છે. "शरीरमाद्यं खलु धर्म साधनम्" ધર્મ સાધનભૂત આદ્ય શરીર છે. શારિરીક શક્તિ ખીલવવા માટે મુક્તાહાર વિહારથી સંરક્ષા કરવાની જરૂર છે. સાધુઓએ અને સાધ્વીઓએ દ્રવ્ય પ્રાણાયામ અને ભાવ પ્રાણાયમથી કાયિક તથા માનસિક તંદુરસ્તી જાળવવી જોઇએ. આહાર વિહાર અને આચારમાં નિયમિત રહેવાથી શારિરીક આરોગ્ય સંરક્ષાય છે. અને તેથી માનસિક, સાત્વિક અને આરોગ્યની પુષ્ટિ સાથે આત્માનંદમાં વિહરી શકાય છે. શારીરિક શક્તિ ખીલવીને તેનો ધર્માર્થે, પરોપકારાર્થે ઉપયોગ કરવાનો છે. શારીરિક વીર્યસંરક્ષા રૂપ બ્રહ્મચર્યની અનંતગણી કીંમત આંકીને શારીરિક વીર્યસંરક્ષા રૂપ બ્રહ્મચર્યનું પરિપૂર્ણ પાલન કરવું જોઇએ અને તેની સાથે ભાવબ્રહ્મચર્યના ગુણ ખીલવવા પ્રયત્ન કરવો જોઇએ. આગમોથી એવા શારીરિક વ્યાયામો વડે (ખમાસમણો) દેહ સંરક્ષા કરવાને લક્ષ્ય દેવાથી અને તે પ્રમાણે પ્રવર્તવાથી ચારિત્ર ગુણની સમ્યક્ આરાધના થાય છે. સાધુઓના અને સાધ્વીઓના શારીરિક આરોગ્ય માટે લક્ષ્ય રહે એવી પ્રવૃત્તિ થવાની જરૂર છે. જેના શરીરનો બાંધો વીર્યાદિ સંરક્ષા વડે મજબુત નથી, તે ધાર્મિક કાર્યો કરવાને અશક્ત બને છે અને કદાપિ પ્રારંભે છે તો પણ તે વચમાંથી પડતા મૂકે છે. પ્રોફેસર રામમૂર્તિ સેન્ડો વગેરેની પેઠે જો શારીરિક બળ ખીલેલું હોય છે, તો અભ્યાસ, ઉપદેશ, ચીંતવન વગેરે કાર્યો સારી રીતે કરી શકાય છે. જેના શરીરનું વીર્ય કદાપિ સ્ખલિત થતું નથી, તેનું મનોબળ ખીલેલ છે. અને તે જ્ઞાનાભ્યાસ વગેરેમાં શક્તિમાન્ થઇ શકે છે. આર્ત-ધ્યાનાદિથી વિમુક્ત એવી મનોદશા થતાં ચિંતા, શોક વગેરેના આઘાતથી શારીરિક બળ ક્ષીણ થતું નથી અને આયુષ્ય વગેરે પ્રાણોની પણ સ્થિરતા રહે છે. આચાર્યોએ, સાધુઓએ અને સાધ્વીઓએ શારીરિક બળ ખીલવવાના જૈનાગમોથી અનુકુળ એવા ઉપાયો આદરવા જોઇએ. (અપૂર્ણ.)

સંશોધક–**પરીખ નગીનદાસ મનસુખભાઈ (વીરેશ)**

## ભાવનગરના સમાચાર.

——:*:——

મુનિ રામવિજયની તિવ્ર જીજ્ઞાસાએ ભાવનગર પંદરેક વર્ષે જવાનો પ્રયત્ન કર્યો, જેનો પ્રત્યુત્તર શ્રી સંઘે યોગ્ય રીતે આપવા પ્રયત્ન સેવ્યો. માનભંગ અને મનાઇ હુકમ મળવા છતાં ભાવનગર જવું એવા આગ્રહને તેમના ભક્ત ભાઇ ધરમચંદ નરસીદાસે તથા વોરા ખાંતીલાલે ટેકો આપ્યો. ઉતારો ગોડીજી મહારાજના મંદીર સામેના અચળ ગચ્છના ઉપાશ્રયમાં અને બુદ્ધિચાતુર્યનું પ્રદર્શન દશા શ્રીમાળીના વંડામાં કરવા નક્કી થવાથી વીરોધી વાતાવરણને આવરી શકાયું. ખ્યાતિ સાંભળેલી તેથી જીજ્ઞાસા ખાતર માણસો ભેગા થતાં સામાન્ય ભાષણો કર્યાં પણ છેવટે વિદાયની સાંજે પોત પ્રકાશમાં આવ્યું. ન છાજતા આક્ષેપો શ્રી સંઘ ઉપર અને યુવકો ઉપર થયા. દબાએલી કમાન તુરત છટકીને વિદાયગીરી વખતે કાળા વાવટા અને શેઇમ શેઈમના પોકારો વચ્ચે રવાના થવાનો વખત આવ્યો જો કે તેમના સાગરીતોએ ગુંડાશાહી ચલાવી હતી પણ સત્યાગ્રેહી યુવાનોએ ઠેઠ સુધી અહિંસક રહીને યોગ્યને યોગ્ય માન(!) આપ્યું. હવે રામવિજયજીને ખબર પડી હશે કે પોતે તેમ કરવા હવે કોઇ તૈયાર નથી. જેમ હું કહું તેમ કરવા હવે કોઇ તૈયાર નથી, ભાઇ છોટાલાલ નાનચંદે અંગત રામવિજયજીના સ્નેહી તરીકે ઉભી થતી મુશ્કેલીઓનો તોડ પોતાની બુદ્ધિદ્વારા દુર કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો હતો. પણ શ્રી રામવિજયજી કંઇ કોઈના કહ્યામાં હતાં કે ગોઠવણ મુજબજ દરેક રીતે વર્તે. તેમણે વિદાયના ભાષણમાં તેને નહિ માનનારને, તેને આવવાની ના પાડનારને ને ઉતરવાની જગ્યા નહિ આપનાર માટે વિચિત્ર ઉદ્દગારો કાઢયા. જેના પરિણામે યુવાનોએ ઉપર મુજબ વિદાયગીરી આપી. ભાવનગરના સંઘના આગેવાનો ને શ્રદ્ધાળુ વર્ગ જે ધાર્મિક પ્રેમને લઇને ધાર્મિક વ્યાખ્યાનો સાંભળવા મળશે એમ ધારી ભાગ લેતો હતો તેને પણ શ્રી રામવિજયજીની સાચી ઓળખાણ પડી મુંબઇ સમાચારના રીપોર્ટો ઉપરથી જનતા છેતરાય તેમ નથી.

---


## જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.

# જૈનત્વ.

જગતનું હૈયું, સારી આલમનું અંતર આજ જૈનત્વની સાચી ઝાંખી કરવા ઝંખી રહ્યું છે. શુદ્ધ વીરત્વનાં પરમ દૈવતભર્યાં મહાવીરત્વનાં દર્શન કાજે આજ દુનિયા તલસે છે. પણ આજ આર્યાવર્તને આંગણે સાચા જૈનત્વના, મહાન્ વીર્યશાળી વીરત્વના દીદાર દેખાડનારની ખોટ પડી છે. ખુદ્દ મહાવીરની જન્મભૂમિમાં, અને પ્રભુ વર્ધમાનના કહેવાતા અનુયાયીઓમાં જૈનત્વના ઝળકાટ જીવનનાં આજ સાંસાં પડયાં છે.

કોઇ કહે છે કે કીડી, મંકોડીને, સાંઢડા, બોકડા કે કુતરાની પાંજરાપોળોને પોષે તેજ જૈન; કોઇ કહે છે કે દેરે, ઉપાશ્રયે જાય ને પૂજા સામાયિક પ્રતિક્રમણ કરે તેજ જૈન; કોઇ કહે છે કે મુહપતિ મોઢા આડી રાખે કે બાંધે તેજ જૈન; કોઇ કહે છે કે રાત્રી ભોજન કરે નહીં, લીલોતરી ઓછી ખાય, કંદમૂળ આરોગે નહીં અને ઉનાં પાણી પીએ તેજ જૈન; કોઇ કહે છે કે દીક્ષા લે, લેવડાવે અને ધામધૂમ કરે તેજ જૈન; તો વળી કોઈ કહે છે કે ઓછામાં ઓછું પાણી ઢોળે, બહુ ન્હાય નહીં તે જૈન.

આમ જનતા જૈનોને વિવિધ પ્રકારે ઓળખી રહી છે જે રીતે જૈનો ઓળખાય તેજ રીતે જૈનત્વનો કસ નીકળે. કેટલાક પંડિતો બોલે છે કે જૈનો વીર ભગવાનના સેવકો સાચા પણ વીર્ય વિનાના. કેટલાક મહાશયોને હજી અહિંસાની સુગ ચડે છે, અને તેમની પંડિતાઇ બોલે છે કે દેશની નિર્બળતા જૈનોના ધર્મનો પાલવ પકડીને આવી. આજ સુધી ગુજરાત નરમ ગણાતું અને એ નરમાશનો દોષ કળશ પણ જૈનત્વને માથેજ ઢોળાતો. કેટલાક ઇતિહાસ પંડિતો ગુજરાતની નિર્બળતા અને પરાધીનતાનો દોષ કળશ કુમારપાળ સમ્રાટને માથે ઓઢાડી દેતા પણ અચકાતા નથી. આમ વર્તમાન આચારની આંકણીથી ભૂતકાળને માપનારા જૈનત્વનું માપ જુદીજ રીતે કાઢે છે, અને દિશા ભૂલેલા એ પંડિતો સાચી શોધના સુકાન વિના ભ્રાંતિના વમળમાં ગોથાં ખાધાંજ કરે છે.

ત્યારે સાચું જૈનત્વ, શુદ્ધ વીરત્વ શામાં છે? ઇન્દ્ર જેવા અમરાધિપતિની ઓથને અવગણનાર, છતાં મગધરાજ શ્રેણિક જેવા કૈંક સત્તાધારીઓને નમાવનાર, બળપરીક્ષા કરવા આવનાર દેવમલ્લને મુઠી મારી હંફાવનાર છતાં ભરવાડના ખીલા અને ચંડકૌશિકના ડંખ સહન કરનાર ભગવાન્ મહાવીરનું જીવન એજ સાચા જૈનત્વના મૂર્તિમંત ઐશ્વર્યનો અનુપમ આદર્શ.

સરળતા, સંઘબળ અને સેવાભક્તિને ઉપદેશતી, "વિલાસનાં વલખાં એટલે મરણ અને સાદાઇનો સંયમ એટલે જીવન" એવી જીવનબોધ વાણીથી દીપતી, શુદ્ધ શીલની જીવન સરણીથી શોભતી, માયા, માનિની અને માનથી અભડાતી, પૂજ્ય સદ્દગત પંજાબ કેસરી લાલાજી જેવા મહાન્ દેશભક્તને મુખે પણ જેનાં વિકાર દમનનાં ગાન ગવાયાં એવી, સંઘ અને સમાજને કલ્યાણને માર્ગે દોરતી ચારિત્ર્ય ચતુર સાધુતા એટલે જૈનત્વનો વંદનીય ત્યાગ આદર્શ.

જૈનત્વ એટલે હડધૂત દશાની હાયવોય નહીં, જૈનત્વ એટલે વિલાસનાં વલખાંનો વળગાડ નહીં, કે હરામી શયતાનિયત નહીં.

ખોએલી સ્વરાજ લક્ષ્મીને પ્રાપ્ત કરાવનાર ચંપકશાહ, ગુજરાતના રાજ્યને સામ્રાજ્ય બનાવનાર વીર યોદ્ધા સજ્જન અને તેજપાળ, કલમ અને કાંડાના ખેલ ખેલનાર વિમળ, ઉદયન, મુંજાલ અને વસ્તુપાળ, દુકાળની દોહ્યલી વેળાએ એશિયાને અન્નદાન દઇ જીવતદાન દેનાર દાનવીર જગડુશાહ, મેવાડનો ઉદ્ધાર સાધનાર ભામાશાહ અને સૌરાષ્ટ્રની રસધારમાં પ્રસિદ્ધ થએલ એક વચની શરણ દાતા મોતીચંદ એટલે જૈનત્વનું વીર્યશાળી ઉદાર શ્રાવકત્વ એજ જૈનત્વનો સાચો આદર્શ સંસાર.

સુભદ્રા, શ્રીદેવી, લીલાદેવી, અનુપમા, આલમચંદ રાયની પત્ની અને એવીજ અન્ય શ્રાવિકાઓનાં જીવન એજ જૈનત્વના આદર્શ સંસાર રથનું બીજું અદ્દભુત ચક્ર એજ જૈનત્વનું મહાન્ માતૃત્વ.

સમ્રાટ ચંદ્રગુપ્તના ગુરૂવર અને દક્ષિણ દેશમાં ધર્મ ભડવીર અગત્સ્યના અનુજ બનનાર શ્રીમાન્ ભદ્રબાહુ સ્વામી, ગુજરાતના સ્વરાજ પ્રેરક શીલ ગુણ સુરી, ઇતિહાસ અને વ્યાકરણના વિષયને એક સાથે ગુંથીને દ્વયાશ્રય જેવું અમર કાવ્ય આલેખનાર આજન્માવિકારી શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય, શ્રીમાન્ પાદલીપ્તાચાર્ય, શ્રી સિદ્ધસેન દિવાકર, સમ્રાટ અકબરને અહિંસાની દિશા દેખાડનાર હીરવિજય સુરી, ગુજરાતનો ઇતિહાસ આલેખનાર શ્રી મેરૂતુંગાચાર્ય, અને ટોડ સાહેબને રજપુતોનાં શૌર્યગાનનાં અમૃત પાનાર શ્રી જ્ઞાન વિજય એ જૈનત્વની વિદ્વાન્ સાધુ મૂર્ત્તિઓ.

સમાજના સ્રષ્ટા નૃપવર ઋષભદેવ, ભરત ચક્રવર્તી, ધર્મ સુધારક ભગવાન મહાવીરના પરમ સેવક મગધરાજ શ્રેણીક, કલાને વિકસાવનાર અને આર્યાવર્તને આંગણે કલા અને સ્થાપત્યના આંબા રોપનાર મગધરાજ અશોકસુત સંપ્રતિ, તેના પૂર્વજ પ્રથમ મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત, મહાસમ્રાટ ખારવેલ અને ગુજરાતના સામ્રાજ્યનો વિસ્તાર કરનાર શૂર ચક્રવર્તી કુમારપાળ એ જૈનત્વના રાજયોની મહાન્ ઇતિહાસ અમર વિભૂતિઓ.

જેને જૈનત્વ જાણવું હોય તે અમર ઇતિહાસમાંથી એ અમર વિભૂતિઓનાં શ્રાવક, સાધુ ને રાજવીનાં જીવન જુએ, જાણે અને મૂલવે, જિજ્ઞાસુ બની એ વિભૂતિઓની જીવન યાત્રાનો યાત્રિક બને.

શાસ્ત્રનાં ઉદાર દીલે સાચાં મંથન કરી, ઇતિહાસ અમર વિભૂતિઓનાં તેમજ ભગવાન્ મહાવીરના વીરત્વમાંથી જે જૈનત્વને શોધશે, તેને વૈજ્ઞાનિક, તેજસ્વિતા, તાત્વિક વ્યવહાર ત્યાગ અને ઓજસભરી ઉદારતાભર્યાં, જૈનત્વનાં સાચાં, શુદ્ધ અને વીર્યશાળી દર્શન સાંપડશે.

પોપટલાલ પું. શાહ.

## : : લવાજમ : :

વાર્ષિક (ટ. ખ સાથે) રૂા. ૨-૦-૦
સંઘના (સ્થાનિક) સભ્યો માટે રૂા. ૧-૦-૦

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

# લીંબડી અને વઢવાણમાં રામવિજયનું કાળા વાવટાથી સ્વાગત.

**સેવા કે આપખુદી?**–લીંબડીના સંઘનું બંધારણ બાર મહિના પહેલા તદન સુધારીને સંપૂર્ણ રીતે પ્રજાને જવાબદાર બનાવેલું. તે બંધારણને અવગણીને સંઘના આઠ શેઠિયાઓમાંથી કહેવાતો ચાર શેઠિયાઓએ શ્રી સંઘના નામે માત્ર આપખુદીથી મુનિ રામવિજયજીને નિમંત્રણ મોકલ્યું. જુવાનોએ સમસ્ત શંઘની સભા બોલાવી. શેઠિયાઓની આપખુદીને ત્યાં સાબીત કરી. દરમ્યાન એક ધાંધલ થવાથી સભા વિખેરી નાંખવી પડી. તે પછી માત્ર બે કલાકે તે ધાંધલને સુધારવાનું કહેણ લઇને જુવાનો શેઠિયાઓ પાસે ગયા. તેના જવાબમાં તેઓએ અત્યારે સંઘની સભા બોલાવવાની ના કહી અને વધુ મમત્વ બતાવી પોતાની આપખુદીનો પુરો ઉપયોગ કરી, સંઘના અગાઉના ઠરાવોનો ભંગ કરીને શેઠિયાઓ રામવિજયના સત્કારની તૈયારી કરી રહ્યા હતા. સમાધાની માટે બનતો પ્રયાસ કર્યો છતાં તેમાં નિષ્ફળતા મળવાથી જુવાનો પાછા ફર્યાં.

**વિરોધી જાહેર સભા**–રાત્રે પાકે પાયે સાંભળવામાં આવ્યું કે સામૈયા માટે બેન્ડનો ઓર્ડર અપાઇ ગયો છે અને પોલીસની મદદ માગવામાં આવી છે. ખુદ ઠાકોર સાહેબને વચમાં પાડવાના પ્રયાસો પણ થયેલા પરંતુ રાજ્ય તટસ્થ રહ્યું છે.

જુવાનોએ દેરાસરના ચોકમાં, અમેરીકાથી પાછા ફરેલા અને તાજેતર જેલમાંથી છુટેલા શ્રી. ત્રીકમલાલ શાહના પ્રમુખપણા નીચે જાહેર સભા ભરી અને અશાન્તિના ઉપાસક આપખુદ શેઠિયાઓના સંઘની આજ્ઞાના ભંગ માટે જવાબ માગવાનો તેમજ મુનિ રામવિજયજીનો કાળા વાવટાથી સત્કાર કરવાનો ઠરાવ થયો.

**કાળા વાવટાનુ સામૈયુ**–સવારે બેન્ડ સાથેનું સામૈયુ સ્ટેશન તરફથી આવ્યું. ટ્રામ સ્ટેશન પાસે શહેરના પ્રવેશદ્વારે એક કાળા વાવટાનું તોરણ લાગી ગયેલું હતું. સેંકડો પુરૂષો અને સ્ત્રીઓ કાળા વાવટા સાથે 'આપખુદી મુડદા બાદ–લોકમત ઝીન્દાબાદ'ના પોકારો કરતા ગ્રીન ચોકમાં ઉભા હતા. સામૈયુ ગ્રીન ચોકમાં આવ્યું કે તુરત સામૈયાને મોખરે એક મોટો કાળો વાવટો અને 'રામ વિજયજીને શ્રી સંઘનુ આમંત્રણ કે સત્કાર નથી' તેવા લખાણવાળુ મોટુ કાળુ બોર્ડ લઇને જુવાનોએ આગળ ચાલવા માંડયુ. પાછળ આખા સામૈયામાં કાળા વાવટા ગોઠવાઇ ગયા હતા. જેમ સામૈયુ આગળ ચાલ્યુ તેમ આખુ સામૈયુ જાણે કાળા વાવટાવાળાઓનુજ હોય તેવો દેખાવ થયો હતો.

બ્હેનોને મોખરે કાળો મોટો ઝંડો અને "બાળ દીક્ષાએ સમાજનો દ્રોહ છે' તેવા લખાણવાળુ કાળુ મોટુ બોર્ડ બ્હેનોએ અધ્ધર રાખ્યુ હતુ અને બ્હેનો કે પુરૂષોમાંથી આખે રસ્તે એકજ અવાજ આવતો હતો કે 'આપખુદી અને બાળદીક્ષા હવે નહિ ચાલે.' મોટી બજારમાં ભકતો તરફથી ધજા પતાકા ચોડાયેલા હતા. ત્યાં પણ કાળા વાવટાના તોરણ અને દરેક ધજા ઉપર કાળો વાવટો લગાડી દેવામાં આવેલ જાહેર સભામાં નક્કિ થયા મુજબ ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા નિમિતે થોડા ભકતો સિવાયના થોડાજ ભાઇઓ ગયેલા. જુવાનોએ ઉપાશ્રયના ચોકમાં જાહેર સભા ગોઠવી, અંદર પણ એટલો ગડબડાટ હતો કે મહારાજનું વ્યાખ્યાન પડી ભાંગેલુ.

**વ્યાખ્યાનમાં ચર્ચા**–બપોરે વ્યાખ્યાન હતુ. તેમાં યુવાનોની હાજરીથી ઉપાશ્રય ભરાઇ ગયો હતો તેમાં માત્ર અડધા કલાકના વ્યાખ્યાન પછી મુનિશ્રી સાથે યુવાનોએ 'બાળદીક્ષા, કેળવણી, સમાજ અને ધર્મ વિગેરે આજના ચર્ચા સ્પદ વિષયો ઉપર છુટથી બે કલાક સુધી ચર્ચા કરી.

**વઢવાણનો વિરોધ**–રામવિજયજી જ્યારથી કાઠીયાવાડમાં આવ્યા ત્યારથી જે જે ગામોમાં તેમનાં પનોતાં પગલાં થયાં ત્યાં જૈન જનતામાં ભારે ખળભળાટ મચ્યો છે. ભાવનગર, લીંબડી વીગેરે શહેરોમાં કાળા વાવટાના સ્વાગત થયાં. કેટલીક જગ્યાએ તેમના ભકતોએ હાથચાલાકી પણ વાપરી હશે, છતાં જનતાના પૂરને તેઓ રોકી શકયા નથી–ઉલ્ટો તેથી તો વધારે જૂસ્સો પ્રગટી નીકળ્યો છે અને તેમનું પોત જૈન અને જૈનેતર પ્રજામાં ઠીક ઠીક પ્રકાશમાં આવ્યું છે.

વઢવાણના જૈન સંઘે શેઠ જીવણજી અબજીને મોઢે ચોખ્ખું જણાવ્યું હતું કે આ શહેરમાં જે શાન્તિ છે તેમાં તમો શા માટે કલેશ ને કુસંપના બીજો વાવો છો? જો તમારે ધાર્મિક ક્રીયા કરી પૈસા ખરચવા હોય તો ખુસીથી ઓળીતું વ્રત કરાવો, પણ સંમેલનો યાને સોસાયટીઓને ના બોલાવો. છતાં આ શેઠ તથા રામટોળીએ માન્યું નહિં પણ ઉલટી રીતે પોતાનો અડ્ડો કાઠીયાવાડમાં જમાવવા ખાસ મુંબઇથી ઝગડાભક્ત રામવિજયજીને બોલાવ્યા. તેમનો પ્રવેશ ચૈત્ર સુદી ૫ ના રોજે હતો. ત્યાંની પ્રજા રામવિજયજીના આવાગમનથી નારાજ થઇ અને ગામના જાહેર રસ્તા ઉપરની ભીંતો ઉપર "રામવિજયજી પાછા જાઓ" એવા વાકયો લખ્યા. આ વાતની રામભકતોને ખબર પડતાં ભાડુતી મોટરો માણસો તથા તેના ઉપર ફેરવવાના કુંચડાઓ લઇને બહાર પડયા અને તેના ઉપર ફેરવ્યા તેથી જાહેર જનતા વધારે ઉશ્કેરાઇ ને કાળા વાવટાનું સરઘસ કાઢવાનું નકકી થયું ને બજારમાં પ્રચંડ સરઘસ રામવિજયના સામે નીકળ્યું તે જીવણ અબજીના પંહેલાં સોગઠાં પાસે આવી શાન્ત રીતે ઉભું રહ્યું. ત્યાં "રામવિજય પાછા જાઓ" ના પોકારો કરી રહ્યા હતા એટલે રામટોળીએ દોડાદોડ શરૂ કરી અને બે ઘોડેસ્વારો આવ્યા તેમને પણ જવાની જગ્યા નજ મળી. અંતે હેઠે ઉતરી કાળા વાવટા છોડાવી લેવાનો પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ ગયો. તે ધક્કાધક્કીથી એક દશ બાર વરસનો જૈન છોકરો બેભાન થઇ ગયો અને કેટલાકને વાગ્યું. તેટલામાં આ મોટા રસ્તાંથી વરઘોડો નહિ જતાં નાની ગલીમાં લઇ ગયા. તેથી કાળા વાવટાનું સરઘસ મોટી બજારમાં આવી ચોગઠા, પાટીયાં, ધજાગરા, આદિને ઉતારી મસીદ પાસે આવી પહોંચ્યું અને રસ્તામાંજ બેઠુ, તેટલામાં વરઘોડો આવ્યો.

જે ભાઇઓને માર પડેલો તેને માટે લોક ઘણુંજ ઉશ્કેરાઇ ગયેલું તેથી જ્યાં સુધી માફી માંગવામાં ન આવે ત્યાં સુધી સામૈયાને આગળ વધવાનું મુશ્કેલ થઇ પડયું રામ ટોળીયે દરબારમાં, પોલીસ ખાતામાં બહુ દોડાદેડી કરી છતાં કંઇ થયું નહિ. લગભગ દોઢેક કલાક થયો રક્ષણ માટે રાખેલ પોલીસ જેની સંખ્યા મોટી હતી તેણે રામવિજયજીની આગળ પાછળ કોરડન કરી લીધું. છેવટે બે આગેવાન ગૃહસ્થોએ માફી માંગી ત્યારે રસ્તો છુટો થયો ને રામવિજય ગુપચુપ ઉપાસરામાં પેસી ગયા.

દેશભક્ત ભગતસીંગજીને ફાંસી દીધાના સમાચાર અહીં બરોબર બે વાગ્યે આવ્યા જેથી ટપોટપ દુકાનો બંધ થઇ પણ રામભકતોએ પોતાની દુકાનો ખુલ્લી રાખી દેશદ્રોહી બન્યા અને તેજ દીવસે સાંજરે રામભકતોએ લાડવા ઉરાડયા કહેવાય છે.

હજુ પંદર દીવસમાં શું શું બનાવો બનશે તેની કંઇ પણ કલ્પના આવતી નથી જો કે હવે એમ સંભળાય છે કે સંમેલનો અને અધિવેશનો બંધ રહેશે. તે વાત જો સાચી હોય તો વઢવાણમાં શાંતી પથરાશે નહિતર અધિવેશનો વખતે કયા કયા બનાવો બનશે તેનુ અનુમાન પણ થઇ શકતું નથી કારણ કે એમ સંભળાય છે કે એકાદ બે રામભકતોએ વઢવાણના રાષ્ટ્ર નેતાઓને અમુક જાતની ધમકીઓ આપવાથી તેના પરીણામો શું આવશે તે કોઇ સમજી શકતું નથી. પ્રેક્ષક.

# રામવિજયને—

## વઢવાણનું વાતાવરણ.

વઢવાણમાં જ્યારથી શાહ જીવણલાલ અબજીભાઇના આમંત્રણથી નવપદજી આરાધક સમાજ, દેશ વિરતિ આરાધક સમાજ અને યંગમેન જૈન સોસાયટી ભરવાનું નક્કી કર્યું ત્યારથી વઢવાણમાં તેની વાસ્તવિકતાના વિષે અનેક જાતના સૂરો સંભળાય છે. વઢવાણમાં દેરાવાસી વીસા શ્રીમાળીની જ્ઞાતિમાં બે તડા છે તે જગ જાહેર વાત છે. આ આમંત્રણ થયું ત્યારથી એક યા બીજી રીતે બન્ને પાર્ટી દેખાવમાં એક લાગે છે છતાં અંદરથી એક બીજાનાં અંતર જુદાં દેખાય છે. છતાં મોટો પક્ષ શ્રીમંત હોવાના કારણે સંમેલન અંગેની તમામ સામગ્રીઓ સ્ટેટ અને બ્હાર ગામથી લાવવામાં આવેલ છે. અહીં આયબિલન રોટલા ઘડવા અમદાવાદથી બોલાવવામાં આવેલ છે. અને ખોટા તેમ અતિશયોકિતવાળી અનેક જાતની ગપો ઉડાડવામાં અમુક માણસો ભારે વખણાય છે. શાસન પ્રેમીનો ડોળ કર્તાં અમુક સભ્યોનો આચાર વિચાર તપાસવામાં આવે તો બે પગે ચાલનાર સમજી શકે તેમ છે કે તેઓને જૈન કહેવા કે કેમ તે શંકાસ્પદ છે.

### સો ચુંવા મારકે બીલ્લી હજ પઢનેકુ ચલી

લીંબડીથી હદપાર થયેલા મી.........ને આજકાલ સૌ કોઇ તેમના પરાક્રમથી જાણતું હશે એ ભાઈ ઉપર કેટલીય વાર ફોજદારી ગુન્હાઓ મંડાયેલા છે. અને કેટલાયે ક્રીમનલ એક્ટ લાગુ પડેલ છે. એવા ભાઇ સંઘના અને શાસન પ્રેમીના નામે આગેવાન તરીકે ભાગ ભજવે છે. તેમની એકજ કાર્ય પ્રણાલી છે એટલા માટે ધર્મને નામે શ્રીમંતાઇની ઓળખાણ કરવી, એ એમનો મૂળ હેતુ હોય તેમ જણાય છે અને આ હેતુ બર લાવવા માટે "યેન કેન પ્રકારેન" પ્રયત્નશીલ રહે છે. પછી ભલેને અનેક સિદ્ધાન્તોનો ભંગ થતો હોય, ભલે ખોટું બોલવું પડે, ભલે દંભ કરવો પડે કે સંઘના નામે પોલ ચલાવવી પડે, પણ આજનો યુવાન પક્ષ તેમને આડો આવ્યો, અને સંઘ માંહેના કેટલાક ભાઇઓની સહીથી પત્રિકા બહાર પાડવામાં આવી કે જેથી આખી સમાજ જાણે છે કે વઢ-વાણમાં સંઘને નામે ચાલતી આ ધમાલ ખોટી છે.

### યંગમેન જૈન સોસાયટીના દંભ.

પત્રોદ્વારા ચોકખી વિગતો બહાર પાડયા છતાં પોતાના મૂળ પત્રમાં હજુ સંઘને નામે પોલ ચલાવે જાય છે. આ આપખુદી નહિ તો બીજું શું? પોતાનામાં જવાબ દેવાની તેવડ ન હોવાને કારણે જેમ આવે તેમ ફેંકયા રાખે છે અને પોતાની ટાંગ ઉંચી રાખવા પ્રયત્ન કરે છે. પરંતુ આ કાર્યમાં વઢવાણના સંઘનો બીલકુલ સાથ નથી એમ પૂર્ણ રીતે જણાઇ આવે છે છતાં સોસાયટી પત્ર લખે છે (તારીખ ૧૯-૩-૩૧) કે વઢવાણના સંઘને મદદ કરવા સોસાયટી દેશ-વિરતી આરાધક સમાજની ઓફીસ લાવવામાં આવી છે. આ વાત તદ્દન ગલત છે. મ્હેમાનો આવવા શરૂ થઇ ગયા છે. ઘરના બનેલા કાર્યવાહકો ધ્રાંગધ્રા અને ભાવનગરની મોટરોમાં મ્હાલી રહ્યા છે. રામવિજયના ઉપાસકો ચારિત્ર અને ધર્મને મહાન અગત્ય આપે છે છતાં તેમનાજ ચુસ્ત અનુયાયીઓ-માંના કેટલાક વ્રતોનું કેવું ખંડન કરે છે તેના નમુના શાસનના પ્રભાવિક કાર્યો માટે કદાચ મારપીટની ધમકીઓ દેવી, જુઠું બોલવું, ભાગનસાડ કરવી, ખંડન મંડન કરવું તે તેમનો સહજ ધર્મ છે. એમ સોસાયટીના કેટલાક સભ્યોના બોલો થાય છે. જ્યારે શાન્તિ અને સભ્યતા જોઇએ તેના બદલે તેમના ગુરૂએ ઉપદેશેલા સિધ્ધાન્ત જુદાજ જણાય છે. આ રામવિજયના પગલાનો આસ્વાદ છે.

થોડા વખત પહેલાં કિરચંદ કોઠારીએ લખેલ કાગળનો જવાબ હજુ શાન્તિભાઇએ આપેલ નથી, શું આપે? શાન્તિ-લાલ પોતે બિચારા "અબતો પ્રભુ સ્હાય દે તો હોની હોસો હોય" એમ રાત્રિ દિવસ પ્રાર્થના કરે છે.

વઢવાણના ઠાકોર સાહેબે જૈન કોમને ભારે સગવડ આપી છે. વઢવાણની જાહેર જનતા પણ આથી આશા રાખે છે કે સ્ટેટ પ્રજાને પણ હવે જોઇતી બધી સગવડ આપશે.

સોસાયટીના સભ્યો હજુ આવ્યા નથી. સોસાયટીમાં બંધારણ છે કે કેમ તે શંકાસ્પદ છે. અત્યારે દુનિયામાં આટલી સમાજો અને સોસાયટીઓ છે. તેના સંમેલનો ભરાય છે. ત્યારે મહિના બે મહિના અગાઉ જે જગ્યાએ આમંત્રણ આપેલ હોય તેની સ્વાગત સમિતિ નિમાય ત્યાર બાદ સ્વાગત અને કાર્યવાહક સમિતિ ભેગી થઇ બધું કાર્ય કરે આતો એક ગૃહસ્થનું આમંત્રણ એટલે સ્વાગત સમિતિ શાની નિમાય! મુખ્ય મંત્રી કોણ છે એ પણ સમજાતું નથી. તેમ જાણતા પણ નથી, સોસાયટીનો એક સભ્ય પણ કાર્ય માટે ફરિયાદ કરે છે કે આ કોણ? કયાંથી અને કેવી રીતે ચુંટાયા? તેની ખબરજ પડતી નથી. આજ રાત્રે છેલ્લા સમાચાર મળે છે કે બહાર ગામમાં સોસાયટીની પોલ ન જણાય માટે ચુપ-ચુપ ઠીક લાગે તેવી સ્વાગત સમિતિ રચવી, એમ નક્કી કર્યું જણાય છે, એતો ભાઇ પોલંપોલ!!! સમાજની વીરૂદ્ધ પડી કાર્ય કરવાની શા માટે ઇચ્છા થતી હશે? શા માટે સમાજ આ ચાલવા નથી દેતું? તે જાણવા છતાં મોટા ઉપાડે આ કામ ઉપાડતા હશે શા માટે મીયા પડયા તો ખરા પણ ટાંગ ઉંચી રાખતા હશે? ટાંગ ઉંચી રાખે શું ફાયદો હશે? હા એતો સ્વાર્થ બાજી, પારકાને મુંડવાના, ઘરના નહિ મુંડવાના શું સમજ્યા? ધ્યાન રાખજો તમને પણ ન મુંડી જાય. વઢવાણના આંગણે મહેમાનોનું ટોળું ઉતરવા સંભવ છે કેટલાક હૃદયથી, કેટલાક ભાવનાથી અને કેટલાક દબાણથી પણ આવે છે. એક તો વઢવાણમાં ધંધો ઉદ્યોગ નથી ઉપરાંત વઢવાણમાં શાંતિભાઇ આટલું કામ કરવા છતાં વઢવાણના એક પણ ભાઇને કમાણી થાય એવું લાગતું નથી, ગામને આંગણે મહેમાનો ઉતરી પડશે. આવા બેકારીના સમયમાં વઢવાણને પાંચ સાત હજારનું ખર્ચ પડશે. તેમ વઢવાણમાં રામવિજયનું વિરોધનું વાતાવરણ છે. પણ કાર્યવાહકો રાષ્ટ્રીય ચળવળમાં જોડાયેલા હોઇ આ કાર્યમાં તેઓનું ધ્યાન ઓછું છે. છતાં આગે આગે શું થાય છે તે દેખાશે, વાતાવરણ સખ્ત ગરમ છે તેને ઠંડું પાડવું કે વધુ ગરમ કરવું તે રામવિજયની જીભ ઉપર છે.

**વઢવાણવાસી.**

આ 'વધારો' અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૩ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર સુદી ૧૧. તા૦ ૩૦-૩-૩૧ | છુટક નકલ : ૦ાા આનો.

## સમાજનો સંક્રાન્તિ-સમય

### જૈનત્વને કલંક.

સમાજના ભિન્ન ભિન્ન અંગોમાંથી જ્યારે અજ્ઞાનને વશ થઇને, વિવેક દ્રષ્ટિ ભૂલી જઇને સ્વજનોના મંતવ્યો સાંભળવાની તે પ્રત્યે સહિષ્ણુતા દાખવવાની કે તેને પ્રમાણિક-પણે ન્યાય આપવાની વૃત્તિ ઉડી જાય છે, અમુક વ્યક્તિઓ ઉપરની અંધ શ્રદ્ધાથી પ્રેરાઇને વાત વાતમાં ભાઇ-ભાઇઓ વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, પતિ-પત્ની વચ્ચે, અને મિત્ર-મિત્ર વચ્ચે વાક્કલહ જામે છે, દુશ્મનાવટ ઉભી થાય છે, સાચા સ્વામી વાત્સલ્યનો લોપ થાય છે અને એક બીજાને અપનાવવાને બદલે મીટાવવાની ભાવના જાગૃત થાય છે, ત્યારે પુષ્પ-પાંખડીને પણ નહિ દુભવવાની જીનવરની આજ્ઞાને શિરસાવંદ્ય ગણનારા જૈનોનું જૈનત્વ કલંકિત બને છે, અને એ સ્થિતિ સમાજને બહુ અનિષ્ટ ફળદાયી અને અવનતિના પન્થે લઇ જનારી નિવડે છે. યૂરપ-અમેરિકા જેવા સુધરેલા કર્મ-પ્રધાન દેશોમાં જુદા જુદા સંપ્રદાયોને અનુસરનારા અનેક કુટુમ્બીઓ તેમજ વ્યકિતઓ એકજ ગૃહમાં વસી શકે છે, શાંતિપૂર્વક સાથે રહી અરસપરસ એખલાસ જાળવી શકે છે– આ તેમની સહિષ્ણુતા અને બુદ્ધિનું ઠરેલપણું સૂચવે છે. આપણે ત્યાં ઉચ્ચતમ વીર ધર્મના અનુયાયીઓમાં જૈનત્વને યથાર્થરૂપે જાણવાનો-અનુસરવાનો દાવો કરનારાઓમાં વિચારોનીજ ભિન્નતા, વિરોધ અને દુશ્મનાવટની દિવાલ ખડી કરે છે અને આવી બન્ને વ્યક્તિઓ સ્વપરને અને સમાજને નિરૂપયોગી નિવડે છે.

### સમાજ હિતચિંતકનું કર્તવ્ય.

આવી સ્થિતિ ઉત્પન્ન થવા ન પામે એ સમાજના દરેક હિત ચિંતકનું પરમ કર્તવ્ય છે. સમાજમાં વિરોધી પક્ષ ઉભો કરનાર સમાજનો દ્રોહી છે, અને ભવિષ્યની પ્રજાના શ્રાપ વ્હોરનાર છે. સમાજના હિતેચ્છુઓની એ સ્પષ્ટ ફરજ છે કે પોતાનાથી અણુજાણ પણે, આકસ્મિક રીતે સમાજમાં પક્ષાપક્ષી ઉદ્દભવી હોય તો તેને પોતાના બનતા પ્રયત્ને મીટાવવી, અને સમાજના અંગભૂત અને રક્ષક હોવાનો પોતાનો દાવો સિદ્ધ કરવો. તે સ્થિતિને અણુજાણપણે પણ ઉત્પન્ન થવા દેવામાં પોતાનો જરાપણ હિસ્સો હોય, તો તે ભૂલ કબુલ કરી, તેને માટે પશ્ચાતાપ કરવો, ફરીથી એ ન બનવા પામે તે માટે જાગૃત રહેવું, પરંતુ કોઇપણ સંજોગોમાં તેને હરગીજ નિભાભવું કે પોષણ આપવું નજ જોઇએ.

### સાધુ જીવનની શ્રેષ્ટતા.

શ્રી. મહાવીર દેવે પ્રરૂપેલો સાધુ ધર્મ અતિ ઉચ્ચ કોટીનો છે. જ્યારે અન્ય સંપ્રદાયોમાં અહિંસા, તપ, અને ત્યાગ વૈરાગ્યની ભાવનાઓ તે ધર્મના નેતાઓ અને ઉપદેશકોમાં અમૂક અંશે જોવામાં આવે છે, અથવા ઘણી વખત વિચારમાંથી આચારમાં પરિણમેલી હોતી નથી, ત્યારે જૈન સંપ્રદાયમાં એ બાબતો પૂર્ણતાની પરા કાષ્ટાએ પહોંચેલી હોય છે. જૈન સાધુનું ઉચ્ચ, આદર્શમય, પરોપકારી જીવન, સચ્ચારિત્ર્ય, જ્ઞાન અને ક્રિયાનો સમન્વય તેમાં એવાં સુંદર રીતે સંકળાયેલાં હોય છે કે અન્ય કોઇ સંપ્રદાયના મહાશયને પણ તેની સમક્ષ મસ્તક ઝુકાવવુંજ પડે. આવા જીવનની નિર્લેપતા, અહર્નિશ પાળવામાં આવતી ઝીણવટભરી ધાર્મિક ક્રિયાઓ, નીતિરીતિ રહેણી કરણી, અને આહાર વિહારના સૂક્ષ્મ નિયમો એટલા ઉન્નત પ્રકારના યોજાયેલાં છે કે જૈનેતર આલમને પણ સાનંદાશ્ચર્ય થયા વિના નજ રહે.

### યુગપ્રભાવ અને વિકૃતિ.

પરંતુ સમય સ્થિર નથી-તેનો પ્રવાહ સતત વહ્યાંજ કરે છે. તેમાં આપણે મને કે કમને ખેંચાવુંજ પડે છે. તેની અસર સમાજ, રાજ્ય અને ધર્મ ઉપર થાય છે. તરૂણ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરૂષ, ગરીબ કે તવંગર, ત્યાગી કે સંસારી એની સત્તાના પ્રભાવથી મુકત નથી. જંગલમાં રહેનાર ત્યાગી ઉપર પણ યુગનો પ્રભાવ પડે છે, તેનાથી એ અલિપ્ત રહી શકતોજ નથી, તો અમુક શહેરોમાં અને સ્વભકતોમાં વિચરનાર જગતના મુનિવર્ગમાં પણ જગતની સામાજીક અને ધાર્મિક અન્ય સંસ્થાઓની પેઠે વિકૃતિ પેસે એમાં કાંઇ આશ્ચર્ય નથી. અમુક ચોક્કસ સંસ્થામાં વિકૃતિ પેસી શકતી નથી કે પેઠી નથી એમ કહેવું એ મિથ્યા પ્રલાપ છે. છતાં જ્યાં સુધી તેમાં સત્ય અને અહિંસાનું નિશાન હોય ત્યાં સુધી હરકત આવતી નથી. પણ જ્યારે એ નિશાન ચૂકી જવાય છે, અને તેને બદલે કદાગ્રહ અને મમત્વનું અવલમ્બન લેવાય છે, ત્યારે આત્મીયતા ચૂકી જવાય છે, અને ફળને મૂકીને કોટલાને વળગવાનું બને છે.

હરિલાલ શાહ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

# અહિંસાનો દિગવિજય.

હિંસા અને અહિંસા વચ્ચે અનાદિકાળથી યુદ્ધ ચાલી રહ્યું છે. કોઈ સમયે હિંસા જય મેળવે તો કોઇ સમયે અહિંસા જય પ્રાપ્ત કરે. પણ છેવટની—કાયમની વિજય-માળા તો અહિંસાનેજ પહેરાવાય.

હિંસામાં હંમેશા ડર છે, ડરથી નાહિંમતપણું આવે છે અને નાહિંમતથી અંતે તો પરાજય પમાય છે; ત્યારે અહિં-સાથી નિડરતા પ્રાપ્ત થાય છે, નિડરતાથી હિંમત આવે છે અને હિંમતથી હંમેશા વિજય થાય છે. હિંસક અહિંસકની ભલે દયા ન રાખે, પણ અહિંસક તો હિંસક પ્રત્યે પણ દયા ચિંતવે.

જગતમાં મારતાં બધાંને આવડે છે પણ •મરી જાણતાં થોડાનેજ આવડે છે. બાયલા, બીકણુ કે ભીરૂ હિંસાના માર્ગ તરફ દોરાય છે. શૂરાઓજ અહિંસાનો માર્ગ સ્વીકારે છે.

ભારત માતાના પનોતા પુત્ર મહાત્મા ગાંધીજીએ અત્યારે દેશની આઝાદી અર્થે અહિંસાનું અનુપમ દિવ્ય હથિયાર યોજ્યું છે. અને આખા જગતને ‘અહિંસા’ની ખરી કીંમત દેખાડી આપી છે. “અહિંસા પરમો ધર્મ” માનનારા હાલના જૈનોને પણ આ ધર્મ યુદ્ધમાંથી ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું છે. ‘અહિંસા’ની અલૌકિક શકિતનું સાચું ભાન જૈનેતર ગણાતા મહાત્માજીએ જૈન જૈનેતર સર્વને પ્રત્યક્ષ કરાવ્યું છે. ‘અહિંસા’નો દિગ્‌વિજય થયો છે. જૈનોએ તો આ “અહિંસાના દિગ્‌વિજય’ને અપનાવવો ઘટે છે. અહિંસાના અઠંગ પૂજારી પૂજ્ય મહાત્માજીનો સમસ્ત જૈન સમાજે સત્કાર કરવો ઘટે છે. ‘અહિંસા’નો દિગ્‌વિજય જે મહાત્માને હાથે થયો તેને માટે જૈન બંધુઓએ એક કીર્તિસ્થંભ ઉભો કરવો ઘટે છે. સમસ્ત જૈન સમુદાયે તેમને અહિંસા—આચાર્યની પદ્દી આપવી જોઇએ છીએ.

મહાત્માજીને ‘અહિંસા’નો પ્રથમ પાઠ આપનાર શ્રીમદ્ રાજચંદ્ર એક જૈન તત્ત્વજ્ઞાની હતા. તેને એક સંત પુરૂષ તરીકે અત્યારે પણ મહાત્માજી યાદ કર્યા કરે છે.

ખાદી અહિંસાની નીશાની છે. મીલોના કાપડ કરતાંયે ખાદી ચ્હડે કારણુ કે તેથી અહિંસા સારી રીતે પળાય છે. વળી સત્ય અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ સૂક્ષ્મ રીતે પાળનાર મહાત્માજી પાશેથી જૈન સાધુઓને પણ ઘણું શિખ-વાનું છે. મહાત્માજીમાં નિર્મળ સાધુતાજ દેખાય છે.

આ અહિંસાના વિજયકાળ વખતે જૈનોમાં પક્ષાપક્ષી, કલહ કંકાસ, વૈરઝેર ન શોભે અનેકાંતવાદીઓ એકાંતવાદના વાદવિવાદ કરવામાં વખત ન ગુમાવે તેઓ તો અત્યારે જૈન સમાજમાં સંગઠનની યોજનાઓ ઘડે અને અમલમાં મુકે, જ્ઞાતિઓ, અને પેટા જ્ઞાતિઓ, ગચ્છ ભેદો અને વાડાઓની દીવાલો તોડી જૈન સમાજ સંઘટ્ટિત કરવા પ્રયત્નો સેવે અત્યારે દેશ વિરતિ કે સર્વ વિરતિને નામે ઝઘડાઓ ઉભા ન કરાય. રાષ્ટ્રને અહિંસા ધર્મ પાળનારી જૈન સમાજની મદદની હજી ઘણી જરૂર છે. જૈન યુવકો જાગો, અહિંસાનો સર્વત્ર પ્રચાર કરો. સ્યાદ વાદ્ જીવનમાં ઉતારો અહિંસા અને સત્યને વળગી રહી સંપનું સામ્રાજ્ય સ્થાપો. કલેશ કરાવના-રાઓને પણ મીઠી સાપેક્ષ વાણીથી સમજાવો. અને જરૂર શ્રદ્ધા રાખો કે અહિંસાનું ફળ અમૂલ્ય છે અમોઘ છે.

---

## રાધનપુર દસા શ્રીમાળી સમાજનો ખુલાસો.

——:○○:O:○○:——

જૈન પત્રના તા૦ ૮-૩-૩૧ ના અંકમાં “રાધનપુરીનો ખુલાસો” એ હેડીંગ નીચે જે બીના આવેલી છે તે તદ્દન બીન પાયાદાર અને ઉપજાવી કાઢેલી હોવા સાથે સત્યથી વેગળી છે તેટલુંજ નહીં પણ અમારા સમાજને ઉતારી પાડવા માટે કોઇ વીઘ્ન સંતોષીએ તે પેપરોમાં મોકલાવેલ એ સંભવીત છે જેથી બીજાઓમાં ગેરસમજ ઉત્પન્ન ન થાય તે ખાતર નીચેનો ખુલાસો આપ આપના પત્રમાં આપવા મહેરબાની કરશોજી.

આપના પેપરમાં “અમારા સાથે કન્યા વ્યવહાર ખુલ્લો થાય તો સાતસો ઘરોમાંથી સાડાછસો ઘરો વીરૂદ્ધ હતા તેથી નગરશેઠે અમારી અરજ નામંજુર કરેલ છે” તેવા સમાચાર છે તે તદન ખોટા છે બલકે અમોએ વીસા શ્રીમાલી સમાજને પોસ માસમાં અમારા સમાજ સાથે બેટી વ્યવહાર, ખુલ્લો કરી આપવા અરજ કરેલ જે ઉપરથી તે સમાજની જુદા જુદા વખતે ચાર બેઠકો મેળવી અંતમાં મહા વદી ૯ ની બેઠકમાં અમારા સમાજ સાથેનો બેટી વ્યવહાર ખુલ્લો કરવાનો વીસા શ્રીમાલી સમાજે ઠરાવ કરેલ છે જે આપના પેપરમાં “બેટી વ્યવહારની વીશાળતા”ના હેડીંગ નીચે પ્રસીદ્ધ થઇ ગએલ છે અને તે અનવયે સગપણ કરીને પણ ઠરાવ અમલમાં મુકાએલ છે. તેટલુંજ નહી પણ સાડાછસો ઘર વીરૂધ્ધ પડ-વાની વાત તદ્દન ઉપજાવી કાઢેલી છે બલકે અત્રેના બધા આગેવાનો સાથે પબલીકે મળીને અમારી બાબતનો મહા વદી ૯ નો ઠરાવ સર્વાનુમતે કરે છે.

નગર શેઠે અમારી અરજ નામંજુર કર્યાની વાત તો તદ્દન જુઠી છે કારણ કે જો તેમ હોય તો કાંતો અમારી અરજી અમોને પાછી મળવી જોઇએ અગર નામંજુર કરેલ બાબતના લેખીત યા મૌખીક ખબર મળવા જોઇએ જે હજુ સુધી પણ અમોને મળેલ નથી તેટલુંજ નહિ પણ અમારી અરજી નામંજુર થએલ છે તેવું રધનપુરમાં પણ કોઇ જાણતુ નથી બલકે ઉપર મુજબ થએલ ઠરાવનો અમલ પણ થઇ ગએલ છે.

વળી આપના પેપરમાં “જે કોઇ વીશા શ્રીમળી દશા શ્રીમાળીની ન્યાત સાથે કન્યાની લેવડદેવડ કરશે તેના ઘર સાથે કન્યા વ્યવહાર બંધ કરવાનો ઠરાવ કર્યાનું જણાવો છો તો તે ઠરાવ વીશા શ્રીમાળી સમાજે તો કરેલોજ નથી પણ કદાચ વ્યકતીગત અમુક માણસોએ કરેલો હોય તો તે ઠરાવ સમાજનો ગણી શકાય નહિ. લી૦,

**મસાલીયા શીવલાલ નીહાલચંદ** સહી દઃ પોતે
**ભુદરદાસ લવજી** સહી દઃ **ચીમનલાલ.**
**શા. નરોતમ રીખવચંદ** સહી દઃ પોતે.
**શા. મનસુખલાલ નીહાલચંદ** સહી દઃ **મણીલાલ.**
**વકીલ ચુનીલાલ મેઘજી** સહી દઃ પોતે.
દશા શ્રીમાળી સમાજના આગેવાનો.

# સામાયિક સુપરણ : યુવક પરિષદ્.

જૈન યુવાનો! આપણી સમાજમાં યુવક સંગઠનના અભાવે સભાવે સમાજમાં ઉન્નતિના કાર્યમાં અનેક અડચણો નડે છે. એ તમે પણ કબુલ કરો છો. અને યુવક સંગઠનનો સ્વીકાર કરો છો અને જેઓ વિચાર કરે છે તેઓ સમજે કે યુવક સંગઠન થશે તો વ્યકિતગત સ્વતંત્રતા સિધ્ધ કરી શકાશે. સમાજને કોરી ખાનાર કુરિવાજો દફનાવી શકાશે. આર્થિક સ્થિતિ સુધારવા મહેનત કરી શકાશે. સમાજમાં સ્ત્રીઓની થતી અધોગતિનો વિચાર કરી શકાશે. શારીરિક, માનસિક અને આર્થિક દુર્દશા સુધારી શકાશે, કેળવણીની ધગશ ઉત્પન્ન કરી શકાશે, ધાર્મિક અને સામાજીક વહીવટો ચોખ્ખા કરાવવાની હામ ભીડી શકાશે, સમાજને પીલી રહેલા જ્ઞાતિશાહીના આપખુદ અમલમાં સુધારા કરી શકાશે. સંઘના એક હથ્થુ બંધારણોમાં લોક તંત્રના બંધારણો કરાવી શકાશે. સિંહના ચામડામાં ફરતાં શિયાળીયોને ખુલ્લાં પાડી શકાશે. પ્રભુના શાસનને છીન્ન ભીન્ન કરવાના કોડ સેવનાર કુલાંગગારોની બુદ્ધિ ઠેકાણે લાવી શકાશે. વિગેરે સામાજીક ઉન્નતિના કાર્યો કરવામાં અને સમાજની અધોગતિ કર્તા તત્વોથી ભોળી પ્રજાને બચાવવા યુવક સંગઠન સિવાય બીજો રસ્તો નથી. યુવાનો તમે વિચારક છો-વિચારી શકો છો, એટલે બધાનું શબ્દ ગુંથન કરી તમારી આગળ પ્રદર્શિત કરવાનું અમે આવશ્યક નથી માનતા, છતાં જે ટુંકા ને ટચ મુદ્દા તમારી આગળ રજુ કર્યાં છે ને દરેક યુવક વિચારે અને યુવક સંગઠન માટે કમર કસે.

આપણી શકિતનો ઉપયોગ વ્યવસ્થિત રીતે ન ખર્ચાતાં છુટી છવાઇ ખરચાઇ જાય તો આપણે આપણી સમાજની ઉન્નતિ અંગે જે અભિલાષાઓ સેવીએ છીએ તે અભિલાષાઓ બર આવવી મુશ્કેલ છે. પરંતુ વ્યવસ્થિત એકઠા થઇને સમાજ ઉન્નતિનું કંઇ પણ કાર્ય ઉપાડશું તો જરૂર ફત્તેહમંદ થશું. સંગઠ્ઠનથી ઐકય અને સામ્યભાવ સાધી શકશે. તેમ એકબીજાના વિચારોની આપ લે કરીને પ્રગતીનો પંથ એકબીજાની મદદથી જલદી કાપી શકાશે. એટલે સમગ્ર ભારતના જૈન યુવાનોને એકત્ર કરી સંગઠ્ઠનના વિચારો કરવાની ખાસ જરૂર છે.

યુવક સંગઠ્ઠન માટે ઉનાળાની રજાઓમાં જૈન યુવક પરિષદ્ ભરવાની જરૂર છે. હાલ માટે તેનું ક્ષેત્ર ગુજરાત અને મહાગુજરાત રાખવું ઉચીત છે. તેમ ધાંધલખોરોથી બચવા માટે યુવક સંઘે સુચવેલ ઉદ્દેશ અને કાર્યક્ષેત્ર ધ્યાનમાં રાખીને તદ્દન સાદાઇથી ભરવામાં આવે તો મુશ્કેલી કે ખર્ચની લગારે અગવડ આવે નહિ ને ભવિષ્યમાં કોઇ પણ ગામ કે શહેર આમંત્રણ કરતાં અચકાય નહિ. આપણે તો કામથી કામ છે. એટલે આપણું કામ સમાજ ઉન્નતિ અંગે સાચુ અને સેવા ભાવી હશે તો એની મેળે એ સમાજ ટેકો આપશે. પરંતુ જેને ભોળી જનતાને ભોળવી ખોટા રસ્તે લઇ જવી છે, તેને તો લાંબા લાંબા બનાવટી રીપોર્ટો, દેખાવો અને લાલચોનાં પ્રદર્શનો કરી હજારો રૂપીયાના ધુમાડા કર્યા વિના છુટકોજ નથી. એટલે આપણે તો મંડપ બંડપની ભાંજગડમાં ન પડતાં ખુલ્લા મેદાનમાં કે પછી ધર્મશાળા, વાડી કે કોઇ મોટા હોલમાં પરિષદ્ ભરીયે. દુધપાકીયાઓની પેઠે આપણે માલ મીષ્ટાન ન ઉડાવતાં ભોજનમાં સાદાઇ અને સંયમ રાખીયે. તો સાધારણ ખર્ચે પરિષદ ભરી શકાય. ફકત યુવાનોમાં ઉત્સાહ જોઇયે. યુવાનના ઉત્સાહ માટે કહેવાનુ હોયજ શાનુ! દરેક યુવાન સંગઠ્ઠન ઇચ્છે છે.

યુવક પરિષદ માટે સ્થાન તો ગુજરાતજ અનુકુળ ગણાય તેમાં વડોદરા, ખંભાત, પાટણ, અમદાવાદ, પાલનપુર, અને વઢવાણ જેવાં શહેરમાંથી એકાદ શહેરમાં બેઠક મળે તો દરેકને સગવડ ભરેલુ સ્થળ ગણાય. તો તેવી પરિષદ માટે તૈયારી કરતા રહેજો.

### હજુયે બાળલગ્ન?

ચૌદ વર્ષના બાળકને બાર વર્ષની બાળીકા સાથે પરણાવી દઇ લ્હાવો લેવાનો કોડ પાટણમાં વીશા પોરવાડની જ્ઞાતિના બે ભાઇઓને થયો છે. તેથી આવતાં વૈશાખ માસની લગ્નગાળાની મોસમમાં આ ઢીંગલા ઢીંગલીનાં બાળ લગ્ન કરનાર બન્ને વાલીઓ સુધારક વિચારો ધરાવનારા છે, મુંબાઇના સંસ્કારી વાતાવરણમાં રહેનાર સજ્જનો છે, વડોદરા રાજ્યમાં બાળ લગ્ન અટકાયત કાયદો છે. છતાં આ ભાઇઓ શા માટે આ બાળકોનો ભવ બગાડવા તૈયાર થયા હશે? હજુ તો કેળવણી આપવા લાયક જીવન છે, ત્યાં ઘર સંસારની ગંભીર જોખમદારીની ધુસરી આ બાળકોના ગળા ઉપર મુકતા એના વાલીઓ વિચાર કરશે?

અમે આ બાળકોના વાલીઓને વિનવીએ છીએ કે તમારા જેવા સુધારાની વાતો કરનારા આ પ્રમાણે બાળકોના હિતાહિતનો વીચાર કર્યા વગર બચપણમાંજ લગ્ન કરી નાખવાં તે આપને માટે શરમાવનારૂં છે. પછી વાતો કરવાની જુદી હોય ને વર્તણુંકમાં મૂકવાનું જુદું હોય તો તેની કીંમત નથી છતાં તમારાં બાળકોનાં હિત ખાતર ફરીથી વીચાર કરશો અને લગ્ન બંધ રાખશો.

# ગટર મુકાદમ 'જૈન'ને!

એક રોજીંદા પત્રમાં દર અઠવાડીયે જૈન નામધારીના લેખો બહાર પડે છે, તેનું કામ જેવી રીતે ઘડીયાળોની દુકાનદાર કોઇ ઘડીયાળી પોતાની દુકાને ખોટું ઘડીયાળ રાખે અને જોનાર ભૂલાવામાં પડે તેવી રીતે લોકોને ભુલાવામાં નાખવા કોન્ફરન્સ અને યુવકો માટે ગંદુ પ્રચાર કાર્ય કરી, જૈન નામધારી કાદવ ઉડાડે છે તે તેના લખાણ ઉપરથી સેજે સમજી શકાય છે.

કોન્ફરન્સની બેઠક ભરાય તેવી પરિસ્થિતિ નજદીકમાં ઉત્પન્ન થાય છે તેમ જાણી, તેમ સમાજમાં જે જાગૃતિ આવી છે તેમાં વધારો થશે. આથી ધર્મના નામે પાખંડ ચલાવનારાઓને મુસ્કેલી પડશે. બીજી બાજુ કોન્ફરન્સને યુવકો સાથ આપતા જાય છે. તેથી તે લેખક ભડકી ઉઠયો હોય તેમ દેખાય છે. આ વસ્તુસ્થિતિ જોતાં તે બિચારો તુંબડાં લડાવવા પાસા ફેંકે છે અને કહે છે કે કોન્ફરન્સમાં વૃધ્ધો ને યુવાનોનો સાથ દેખાતો નથી, યુવાનો કોન્ફરન્સનો કુલ કબજો લેશે, અને વૃધ્ધોને દુર ફેંકી દેશે, આવી રીતે આંતર કલેશ કરાવવા મીથ્યા પ્રયત્ન કરે છે. તેની પાર્ટીની જેમ યુવાનો રીતસર ચુંટાયા સિવાય પ્રતિનિધી થવા માગે છે તેવા મીથ્યા પ્રલાપ કરે છે. વિચારસ્વાતંત્ર્યમાં માનનાર અને તેટલાજ ખાતર સંઘ બહારનું શસ્ત્ર ન વાપરવાની પ્રતિજ્ઞા લેનાર યુવાનોને મતભેદ ખાતર સંઘ બહારની સજા કરવાની સૂચના કરે છે. ખરૂં જોતાં પોતાના મત ન સ્વી-

કારનાર સંઘને "હાડકાનો માળો" વિગેરે કહી ભાંડનાર સંઘની નવી વ્યાખ્યા ઠરાવવા તલપાપડ થઇ રહેલાઓનું આળ યુવાનોને શીર ચડાવવાની ભુલ કરે છે. પ્રતિનિધીઓ ન મોકલવા ખાતર સંઘોને સંઘ તરીકે નહિ મનાય તેવું કોન્ફરન્સની પ્રવૃતિને ઉતારી પાડવાનું રૂપ આપી બીજા સંઘોને કોન્ફરન્સ સામે ઉશ્કેરવા મથે છે. સોસાયટી મારફત જુન્નેર ભાડુતી ચુંટણી થયા સિવાય પ્રતિનિધી થઇ બેસવા ગયેલાઓનો ટોપલો પ્રમુખોને માથે ઓઢાડવા જતાં એની ચાલબાજી ખુલ્લી પડે છે. સબજેકટ કમિટીમાં સુધારકોની સારી સંખ્યા આવી ગયેલી હોવાથી પોતાના કાવાદાવા ન ફાવ્યા તેના રોદણાં રડે છે, જૈનો અંદર અંદર લડયાજ કરે તેમાંજ આ સપેત બગલો પોતાનો સ્વાર્થ જુએ છે. પોતેજ ધર્મી છે અને સુધારકો અધર્મી છે. તેમને જૈનોના મૌલીક સિદ્ધાન્તોપર શ્રદ્ધા નથી. તેમ વગોવવા બહાર પડવા પહેલાં એણે પડદાબીબીનો બુરખો કહાડી નાખી ખરા સ્વરૂપમાં સહી મુકી હોત તો કંચન કે કથીરની કીંમત થાત! પરંતુ આ પડદાબીબી તો પડદામાંજ રહી ધર્માત્માનો ડોળ ઘાલી ધર્મને નામે અનેક કૌભાંડો રચનારાઓથી વ્હારે ધાય છે. અને તટસ્થતાનો દાવો કરી નિરપેક્ષ રહેવાની હુંશિયારી કરે છે.

વ્યકિતત્વ પરત્વે અંગત ખોટા ગલીચ હુમલા કરનાર, સત્ય વસ્તુને ઉલટાવી કુબુદ્ધીનું ચાતુર્ય બતાવનાર અને ખાય તેનું ખોદનાર વિશ્વાસ ભંગ કરે તેવાને કાળા મોંઢા કહેવાય છે તે બરાબર છે અને તેવાપર બદનક્ષી થવાના પ્રસંગ ઉતપન્ન થાય તેમાં ડર શા માટે હોય તે સમજાતું નથી. કૉન્ફરન્સમાં અયોગ્ય દીક્ષા સામે સર્વાનુમતે ઠરાવ થયો છે. તે માટે સામાજીક બહિષ્કારનો હાઉ ઉભો કરી લોકોને ઉંધા પાટા બંધાવવા પ્રયત્ન કરે છે. કૉન્ફરન્સના કાર્યવાહકો સગપણ કે સંબંધના કારણે ઉઘરાણી વસુલ કર્તા નથી તેવો તેના ફળદ્રુપ ભેજામાંથી ઉપજાવી કહાડેલો ખોટો આક્ષેપ કરે છે. આ તેના વિલાપનું કારણ જોશુ તો સમજાય છે કે કૉન્ફરન્સ જે કાર્ય કરી રહી છે તેમ સ્ટેન્ડીગ કમીટીના કાર્યમાં જોમ આવી રહ્યા છે તે ન જોઇ શકવાથી પડદા બીબી બની ગટર મુકાદમનું કામ કરી રહ્યા છે.

આ ગંદા કાર્યથી સમાજ હવે અજાણ રહી નથી છતાં એટલું તો હું જરૂર ઇચ્છુ છું કે જેનાપર વિશ્વાસ મૂકાયો છે. તેના સાથમાં રહેવાનો દેખાવ કરી વિશ્વાસ ભંગના કાર્યમાંથી હાથ ધોઇ નાખે આટલી સદબુદ્ધિ પરમાત્માં તેને આપે. જેથી તેના ખાનગી સાથીઓને ખાત્રી થાય કે સ્વાર્થ કમી થતાં તેમને દગો દેશે નહિ.

લી૦ યુવક.

---

# સાધુઓના અને સાધ્વીઓના પ્રગતિ નિયમો.

**લેખકઃ સદ્‌ગત યૉગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગર સુરિશ્વરજી.**

[ ગતાંકથી ચાલુ. ]

જેમ મનુષ્યના શરીરમાં અનારોગ્ય પ્રવર્તે છે તેના માનસિક વિચારો સ્થિર રહેતા નથી. શ્રી હરિભદ્રસુરિ, શ્રી ભદ્રબાહુ સ્વામી, શ્રી હેમચંદ્રાચાર્ય, શ્રી ઉમાસ્વાતિવાચક, શ્રી વજ્રસ્વામી વગેરે મહામુનિવરોનું શારીરિક બળ અદ્‌ભુત હતું. તેથી તેઓ વિશ્વપટ્ટપર અનેક ગ્રંથો રચીને આદર્શ પુરૂષ બની અમર બન્યા છે. જ્ઞાનાભ્યાસમાં ખાસ શારીરિક બળની આવશ્યકતા સિદ્ધ ઠરે છે. શારીરિક બળ ખીલવીને જે પંચાસર અને પંચમહાવ્રત પાળે છે, તે મુકિત પદ પ્રાપ્ત કરી શકે છે. વિષય વાસનાઓદ્વારા થતી સુખવૃત્તિનો સર્વથા નાશ કર્યાં વિના અને વિષયાતીત આત્મસ્વરૂપમાં સત્ય સુખ છે એવો દ્દઢ નિશ્ચય થયા વિના શારીરિક વીર્ય અને આત્મિક વીર્યની સંરક્ષા વૃદ્ધિ પ્રગતિ થઇ શકતી નથી, એ ખાસ અનુભવીને સાધુઓએ અને સાધ્વીઓએ ઉપરની વાત ધ્યાનમાં લઇ આચારમાં મુકવી. શ્રાવક સંઘ અને શ્રાવિકા સંઘ વગેરેએ પણ શારીરિક વીર્યની સંરક્ષણાર્થે ઉપરોકત બાબતને સ્વાધિકાર પ્રમાણે આચારમાં મુકવી જોઈએ. જ્યાં સુધી સ્વાધિકાર કર્ત્તવ્યકર્મનું સમયક ભાન થતું નથી, ત્યાંસુધી સ્વાધિકાર કર્ત્તવ્ય કર્યાંથે પ્રત્યેક જીવની મહત્તા અવબોધાતી નથી. સ્વકર્ત્તવ્યકર્મનું ભાન થયા વિના સ્વાધિકાર ફરજને અદા કરી શકાતી નથી. સ્વકર્તવ્યકર્મને કરવાં એમાં કોઇ જીવ સ્વફર્જથી વિશેષ કાંઇ કરી શકતો નથી તેથી કોઇ પણ સ્વકર્તવ્યકર્મ પ્રવૃત્તિમાં માન, પૂજા, સત્કાર, ચમત્કાર અને પરાભિપ્રાયની યત્ કિંચિત્ આવશ્યકતા નથી એમ અવ બોધીને મહાસંઘના પ્રત્યેક અંગે વીર્યરક્ષાદિ સ્વકર્તવ્ય કર્મમાં સદા તત્પર રહેવું એજ સ્વધર્મ છે. અને તેથી અધિકાર ભિન્ન કર્તવ્ય તે પર ધર્મ છે. સ્વકર્તવ્ય સ્વધર્મમાં મરણ થાય તે શ્રેય છે, પરંતુ સ્વાધિકાર કર્તવ્ય કર્મધર્મથી ભિન્ન ધર્મમાં જીવવું તે પણ ભયાવહ છે. એમ કર્તવ્ય ધર્મની દ્રષ્ટિની અપેક્ષાએ અવબોધવું. વિશ્વવર્તી મહા સંઘના પ્રત્યેક અંગે સ્વકર્તવ્ય ફરજોને અદા કરવા યોગ માર્ગનું અવલંબન કરવું જોઇએ. યોગ માર્ગના જ્ઞાન વિના સ્વયોગ્યતાની પરીક્ષા થતી નથી અને તેમજ પરની યોગ્યતાનુ ભાન થતું નથી. યોગના અષ્ટાંગોનું આરાધન કર્યાથી આત્માની માનસિક, વાચિક અને કાયિક યોગશકિતઓ ખીલે છે અને તેથી મહાપ્રાણાયાવસાધક શ્રી ભદ્રબાહુસ્વામીની પેઠે આત્મોન્નતિ કરી શકાય છે. અને અન્ય જીવોની ઉન્નતીમાં ઉપગ્રહ દાન કરી શકાય છે યૌગિક શકિતઓ ખીલવીને શ્રી મહાસંગની પ્રગતિમાં ભાગ લેવાથી જગતનું કલ્યાણ કરી શકાય છે બંધુઓ! જાગૃત થાઓ. સ્વાધિકાર ફરજને અદા કરો, સર્વ પ્રકારની સર્વ બાબતોમાં સાપેક્ષતા અવબોધીને સાપેક્ષ માર્ગ ગ્રહણ કરો. રાગદ્વેષને નિર્મૂળ કરી મૂકત થવું એ સાધ્યબિંદુ કલ્પીને તેના સાધક યોગોમાં પ્રવૃત્ત થાઓ. મ્હોટા વિચારો કર્યાં વિના મ્હોટા થવાશે નહિ. ઉદાર ભાવનાથી ઉદાર સિદ્ધિ થાય છે.

રૂઢ સંકચિત વિચાર અને રૂઢ સંકચિત આચાર માત્રથી ઉદાર અને વિવેકવિશિષ્ટ સત્કર્મ કર્તવ્યને આદરી શકાતું નથી. **ज्ञान क्रियाभ्यां मोक्षः** એ સુત્રનું ઉદારયોગીમ સ્વરૂપ અવબોધીને જ્ઞાનક્રિયાએ બે માર્ગની આરાધના કરી સ્વપરનું કલ્યાણ કરો. સ્વયોગ્યતાની પરીક્ષા કરી સ્વકર્તવ્ય કાર્યમાં પ્રવૃત થાઓ. પરમાત્મ પદની પ્રાપ્તી માટે પ્રયત્ન કરો. સમાજ, સંઘ, દેશ, ધર્મ, સ્વ અને પર વ્યકિતના કલ્યાણાર્થે વ્યવહાર અને નિશ્ચયથી ઉદ્યુકત રહો. મહાસંઘ પ્રગતિ, મત્ર, તંત્ર, યંત્ર વૃત્તિમાં સદા પ્રવૃત્ત રહો અને નૈશ્ચયિક દ્રષ્ટિએ અંતરથી નર્વિત્તિ માર્ગમાં ઉપયોગી રહો. ઇત્યોમ્.

**ૐ શાંતિ: શાંતિ: શાંતિ:**

श्री श्रमण संघस्य शांति र्भवतु ॥

श्री चतुर्विधि महा संघस्य शांति र्भवतु ॥

સંશોધક—**પરીખ નગીનદાસ મનસુખભાઈ (વીરેશ)**

---

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

જૈન સમાજ, સાવધાન! યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૪ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર વદી ૪. તા૦ ૬-૪-૩૧ | છુટક નકલ: ૦ાા આનો.

## સૌરાષ્ટ્રના શ્વેતાંબર મૂર્તિ-પૂજક યુવાનોને પડકાર.

સેવાની ધગશભર્યાં યુવાનો? આજે સારાએ સૌરાષ્ટ્રની લાજ તમારા હાથમાં છે. પેલી બે વર્ષથી ઉભી થએલી ઓલ ઇન્ડીયા યંગમેન્સ જૈન સોસાયટી વઢવાણમાં કયા બંધારણની રૂએ ભરાય છે, તે કોઇ જાણતું નથી. સોસાયટીનું સારૂએ મન્તવ્ય મુનિ રામવિજયના અત્યારના વ્યાખ્યાનો ઉપરથી (પ્રચાર ઉપરથી) પૂર્ણરીતે જણાઇ આવે છે. મુનિ રામવિજયનાં આચારોથી અને વિચારોથી આજે સૌ કોઇ જાણીતું છે, તેથી આ સોસાયટી જૈન કોમને લાંછન લગાડનાર છે. સોસાયટી તમારા પુનિત સૌરાષ્ટ્રમાં આવી સાચા શાસન સેવકો અને સાચી સંસ્થાઓ સામે ગંદા ઠરાવો કરી જઇ આ પૂજ્યભૂમિને અપવિત્ર ન બનાવી જાય તેની ચોકસી રાખવી તમારે હાથ છે.

સંમેલન ચૈત્ર વદ ૧, ૨, ૩, નું છે. વઢવાણના યુવાનોને કેટલીક મુસ્કેલીને લીધે તમારૂં સ્વાગત કરવા જેટલી સ્થિતિ નથી. દરેક યુવાન પોતાની ફરજ સમજી એક સાચા સિપાઇની માફક ભુખ તરસની પરવા કર્યા શીવાય સાચી શાસન સેવા કરવાના અવસરને ન ચુકતા વઢવાણનાં આંગણે યુવાનોના ટોળેટોળા ઉતરી પડો.

લી० શાસનપ્રેમીઓ,

**કીરચંદ શીવલાલ કોઠારી**
**મુળચંદ સુખલાલ શાહ**
**ત્રંબકલાલ ત્રીભોવનદાસ કુવાડીઆ**
**ધીરજલાલ બેચારલાલ નારીચાણીયા**
**અમુલખ ઓઘડભાઈ શાહ**
**ઉત્તમચંદ ઓઘડભાઇ કોઠારી**

વીગેરે વીગેરે.

**વઢવાણ શહેર, તા૦ ૨૮-૩-૩૧.**

**તા. ક.**

રાણી સાહેબના સ્વર્ગવાસના લીધે કે વઢવાણના યુવાનોના વિરોધથી હાલ તો સંમેલનો થોડા વખત માટે બંધ રહ્યાનું બહાર આવ્યું છે, અને અમદાવાદમાં ભરવાનું કહેવાય છે—**તંત્રી.**

## સૌરાષ્ટ્રનાં શ્વેતાંબર મૂર્તિપૂજક સકળ સંઘો અને યુવાનોને નમ્ર વિનંતિ.

આત્મ બંધુઓ,

આપ સારી રીતે જાણતા હશો કે વઢવાણમાં **શાહ જીવણલાલ અબજીભાઇનાં આમંત્રણથી** બે વર્ષથી ઉભી થયેલી ધી ઓલ ઇન્ડીઆ યંગમેન્સ જૈન સોસાયટી ભરાવાની છે. આ સોસાયટી ધર્મના બ્હાના હેઠળ ભોળા અને અજ્ઞાન મનુષ્યોને આંજી દઈ આપણી કોન્ફરન્સને તોડી પાડી પોતાનો અડ્ડો જમાવવા ઇચ્છે છે. આ સોસાયટીમાં કેવળ દીક્ષામાંજ મોક્ષ માનનાર અને તે માન્યતાથી હરકોઇ પ્રકારે બાળ અને અયોગ્ય દીક્ષા આપનાર, સંઘને હાડકાનો માળો ગણનાર, સંઘની અવગણના કરી ઠેર ઠેર ઝગડા કરાવનાર, પૂ० વલ્લભવિજયસૂરી જેવા આચાર્યને હલકાં પાડવા હલકટ પ્રયાસ કરનાર, આપણી એકની એક જૈન કોન્ફરન્સ જે કેટલાય વર્ષોથી જૈનોની ધાર્મિક, રાજકીય અને આર્થીક સેવા કરી રહી છે તેને તોડી પાડવા માટે ભોળા અને અજ્ઞાન સમુદાયને ધર્મને નામે ઉંધા પાટા બંધાવનાર, **મુનિ રામવિજયજી** પૂર્ણ રીતે ભાગ લઇ રહ્યા છે.

મુનિ રામવિજયની અત્યારની કારકીર્દિથી સૌ કોઇ માહિતગાર છે. એઓશ્રીનાં જ્યાં જ્યાં પગલા થયા છે, ત્યાં ત્યાં સંઘમાં ઝગડા થયા છે.

જ્યાં દુનિયામાં વિશ્વપ્રેમનું વાતાવરણ ફેલાતું જાય છે ત્યાં ત્યાં ખોબા જેટલાં જૈનોમાં ધર્મને નામે ઝગડા કરાવી તડ઼ા પડાવી અંદરો અંદર વેર વધારવામાં કઇ જાતનો મોક્ષ સધાતો હશે તે રામવિજયજી જાણે.

અંતમાં અમારી સર્વેને નમ્ર વિનંતી છે કે જે સંસ્થા ઐક્ય તોડનારી હોય, અંદરો અંદર ઝગડા કરાવવા માટે ગંદુ પ્રચાર કરનારી હોય, પોતાનું મહત્વ વધારવા શાસ્ત્રનું ઓઠું લઇને પ્રખર, વિદ્વાન ચારિત્રશાળી, શ્રાવકો, આચાર્યો અને સાધુઓને ઉતારી પાડનાર હોય તેને આપ તરફથી બીલકુલ ટેકો હોવો ન જોઇએ. તેથી સૌરાષ્ટ્રના સકળ સંઘોએ અને યુવાનોએ ઠેર ઠેર સભા ભરી આ સોસાયટીની જૈન કોમને આવશ્યકતા નથી એવી મતલબનાં ઠરાવો પસાર કરી સોસાયટીના પ્રમુખ ઉપર તેમજ અહીંના સંઘ ઉપર મોકલી આપવા કૃપા કરશો આથી શાસનનું ભારે કલ્યાણ થશે.

લી० શાસન પ્રેમીઓ,

**કીરચંદ શીવલાલ કોઠારી**
**ત્રંબકલાલ ત્રીભોવન કુવાડીયા**
**અમુલખ ઓઘડભાઇ શાહ**
**અમૃતલાલ ત્રીભોવનદાસ મણીઆર**
**મુળચંદ સુખલાલ શાહ**
**ધીરજલાલ બેચરદાસ નારીચાણીયા**
**ઉત્તમચંદ ઓઘડભાઇ શાહ**

વીગેરે વીગેરે.

વઢવાણ શહેર, તા૦ ૨૮-૩-૩૧.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# જૈન સમાજ, સાવધાન!

उत्तिष्टित जाग्रत प्राप्यवरान्नि बोधत् ।

આધુનિક યુગના કેટલાંક કહેવાતા જૈન સાધુઓ આપણા સમાજ અને ધર્મને મનસ્વીપણે પોતાની સ્વાર્થમય કુટિલ નીતિ સાધવાને આજે જગતની સન્મુખ હાસ્યને પાત્ર બનાવી રહ્યા છે. આ સાધુઓ પોતાના આડમ્બરના નિભાવ માટે, સ્વકીર્તિ પોષવાને અર્થે અને જૈન જગતમાં સમાજ અને ધર્મના ભોગે પોતાની વાહવાહ અને સર્વોત્તમતા બતાવવાને માટે છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં જે પગલાં ભરી રહ્યાં છે, તેથી સમાજમાં જે પક્ષાપક્ષી ઉભી થઇ છે અને છિન્નભિન્નતા વ્યાપી રહી છે તે સમસ્ત જૈન અને જૈનેતર આલમથી હવે છુપી વાત નથી.

ધર્મના અને શ્રી વીર પ્રભુના નામના આકર્ષક ઓઠા નીચે ઘેરઘરે, સગાં સ્નેહીઓમાં તેઓએ કલેશ અને દાવાનળની હોળીઓ સળગાવી છે. પવિત્ર ભાગવતી દીક્ષાના અભિધાનથી એવી દીક્ષાને કલંકિત કરવાને માતા-પિતાઓ કે પત્નીઓને અંધારામાં રાખી, તેમની કાકલુદીઓને તરછોડી, તેમની આજીજીઓની અવગણના કરી કાચી ઉમ્મરના બાળકોને ત્યાગ વૈરાગ્યથી તદ્દન અનભિજ્ઞ, બિન અનુભવી, ભોળાં જનોને ખોટી મોહક આશાઓ અને પ્રલોભનોની જાળમાં નાંખી ઘેટાંના ટોળાંની માફક સ્વપરિવારની વૃદ્ધિ સાધી અધિપતિ બનવાના કોડ સેવી રહ્યાં છે, અને એવાં અનેક દીક્ષિતોએ પાછા સંસાર ગ્રહણ કર્યાના દ્રષ્ટાંતો કાંઇ ઓછાં નથી. આવી તેમની અનિષ્ટ પ્રવૃત્તિઓથી જૈન અને જૈનેતર જગતમાં શોરબકોર મચી રહ્યો છે, જૈન ધર્મની છડેચોક નિન્દા અને અવહેલના થઈ રહી છે. જગતના વર્તમાન પત્રો ઝણઝણાટ ભરેલી ટીકાઓ અને અટ્ટહાસ્ય કરી રહ્યાં છે. તેમનું ઠેર ઠેર કાળા વાવટાઓથી અને લાહીના છાંટણાઓથી સ્વાગત થઇ રહ્યું છે, છતાં હજી સાન ઠેકાણે આવતી નથી. જે દેશની મટ્ટીમાંથી પોતાનો પિંડ બન્યો છે તેના તરફ અભિમાન, દિલસોજી કે આદરભાવ દર્શાવવાને બદલે તેની વિરૂદ્ધ આચરણો કરી રહ્યા છે. જગતના વર્તમાન સૌથી મહાન પુરૂષ મહાત્મા ગાંધીજી—જેને આજે વિશ્વના દરેક ધર્મ અને પન્થના ઉચ્ચ કોટિના મહાશયો વંદન કરી રહ્યાં છે, તેને તેનાજ દેશના આ મહાશયો (?) ઉતારી પાડવાના પ્રયાસો સેવી રહ્યાં છે અને આવા વર્તમાન યુગમાં અહિંસાનો દિગવિજય કરનાર અને એ રીતે જૈન ધર્મનો ઉદ્યોત અને પ્રચાર કરનારને અપનાવવાને બદલે તેના તરફ ધૃણા દર્શાવી રહ્યા છે—એ જૈન સમાજની અમાપ કમનશીબી છે. હિંસાને ઉત્તેજન મળે તેવાં ચરબીયુક્ત ઝીણાં બારીક મલમલોના પરિધાનની લોલુપતાથી લોભાઈને ખાદી તરફ સુગ બતાવવાના ઉપદેશો દેવાઈ રહ્યા છે અને દેશનો દ્રોહ કરી રહ્યા છે. છોકરાંઓને છુપાવવામાં, નસાડવામાં, તેમનાં લાગતાંવળગતાંઓનાં ઋણો પતાવવામાં જૂઠ અને ચોરીનો આશ્રય લઇ પંચ મહાવ્રતોનો ભંગ કરવામાં પાછી પાની કરવામાં આવતી નથી—આ ધર્મને કેટલી હીણપત લગાડનારી અને શરમમાં ડુબાવનારી બીના છે! પોતાની પોપશાહી ટકાવી રાખવાને કેળવણીની સંસ્થાઓ ઉપર પ્રહારો કરી, 'અંગારા અને નાસ્તિક'ના વિશેષણોથી નવાજી જ્ઞાનદાનમાં તેઓ અંતરાયરૂપ બને છે અને સમાજને પીછે હઠ કરાવવામાં સાધનભૂત બને છે; આટલેથી નહિ વિરમતાં સમાજ અને શાસનની શુદ્ધ સેવા બજાવતી આપણી મહાસભા શ્રીમતી જૈન કોન્ફરન્સ અને સમાજના કાર્યમાં અગણિત વેગ, ઉત્સાહ અને જોમ અર્પતો આપણો શ્રી જૈન યુવક સંઘ—તેને હરકોઈ પ્રયત્ને દબાવીને સારા જૈન જગતમાં ઘોર અંધકાર છાઇને પોતાની પોપશાહીની લીલા ચાલુ રાખવા માંગે છે.

નૂતન યુગની ઉષાના પ્રાકટ્ય સાથે જગતના રાજા મહારાજાઓની જોહુકમીના મૃત્યુ ઘંટ વાગી રહ્યા છે. સારાયે વિશ્વને મ્હાત કરવાની પ્રબળ આકાંક્ષા ધરાવનાર જર્મનીના સમ્રાટ કૈસરનું અધઃપતન થયું છે, રૂશિયાના ઝારની ઝારશાહીનો અસ્ત થયો છે, સમાજને છિન્ન ભિન્ન કરનારા, સમાજમાં ઝઘડાઓ ઉત્પન્ન કરનારા અને તેનો વિનાશ કરનારાઓનો વિનાશ નવયુગ માની રહ્યો છે. એમની જોહુકમી, આપખુદી અને ઝારશાહી મીટાવવાને, સમાજમાં શાંતિનું, સંપનું, પ્રગતિનું સામ્રાજ્ય સ્થાપવાને હવે તો યુવાનોએ—નવયુગના સર્જનહારોએ જાગૃત થવું જોઇએ, બહાર પડવું જોઇએ અને શ્રાવક સંસ્થાની ગન્ધ નહિ લેનારાં અને છતાં તેમનો માલ મલીદા ખાઇ મસ્ત બની તાગડધીન્ના કરનારા 'સંઘ તો હાડકાંનો માળો છે.' 'સંઘ કોણ છે?' સાધુઓ શ્રાવકનું સુખ કદિ ઇચ્છે નહિ એવી વાહિયાત વાતો કરનારા અને શ્રી વીરે પ્રરૂપેલી ચતુર્વિધ સંઘની રચનાને ઠોકરે મારનારા, જન સમાજને અવળે માર્ગે ઉશ્કેરી, ભૈયાઓની પલ્ટણો રાખી, સામી છાતીએ આવવાનો ઉપદેશ દઇ હિંસાનો દિગવિજય કરનારા, આત્મોન્નતિના સાધનરૂપ ઉપાશ્રયને પોતાની કાર્ય સિદ્ધિ માટે, કોભાંડો, વ્યૂહો અને ખટપટોની રચના માટે સમરાંગણ બનાવનારાઓને સમાજ ક્યાં સુધી નિભાવી લેશે? આવાં અનિષ્ટ અને હાનિકારક તત્ત્વોનો તાબડતોબ નાશ કરીને સમાજ અને ધર્મને સંરક્ષવાને, પવિત્ર રાખવાને અને પુણ્ય પ્રાચીન જાહોજલાલી પુનઃ પ્રાપ્ત કરવાને સમાજના યુવાનો! આગળ ધપો. વિજય તમારોજ છે. 'ઉત્તિષ્ઠત, જાગૃત, પ્રાપ્ય વરાન્નિબોધત! ઉઠો, જાગો, પ્રમાદ ત્યાગો, ઇષ્ટ વસ્તુ સંપાદન કરી આલમને તમારી શુભ ભાવનાઓનો અમર સંદેશો સુણાવો! સમાજ અને ધર્મના દ્રોહીઓને પ્રભુ સન્મતિ અર્પો! તથાસ્તુ!

# સામાયિક સ્ફુરણ :

## પીતા મહાવીર.

**ભૂતકાળ**–આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આપણાજ ભારતવર્ષમાં (તેમ સમગ્ર જગતમાં ધર્મના નામે) પશુથી માંડી મનુષ્ય સુધીની હીંસાખોરી થઇ રહી હતી. એટલે ધર્મના નામે ધતીંગ ને હીંસાનુ સામ્રાજય જામ્યુ હતું. તે વખતે જગતના ઉદ્ધાર માટે ખરો ધર્મ પમાડવા માટે આજથી ચોવીસોને અઠાવન વર્ષ પહેલાં ચૈત્ર સુદ ૧૩ ના રોજ માતા ત્રીસલાની કુખે એક રત્નનો–તેજોમય પુરૂષનો, જન્મ થયો તેજ જગત-ઉદ્ધારક શાસન નાયક શ્રી મહાવીર પ્રભુ !

ભગવાન મહાવીરના ગુણોનું વર્ણન કરવામાં ખુદ સરસ્વતી પણ થાકી જાય તેમ છે ત્યાં મારા જેવા મનુષ્યનું શું ગજું ? છતાં મ્હારી અલ્પમતિ અનુસાર પીતા મહાવીર સ્વામીના સંબંધમાં કંઇક લખીશ.

**જન્મ કલ્યાણક**–ગત ચૈત સુદ ૧૩ પ્રભુનો જન્મ દિવસ હતો જેને આપણે જન્મ કલ્યાણક કહીએ છીએ. એ જગત ઉદ્ધારક તાતના જન્મ પ્રસંગે પ્રભુના પિતાના સમસ્ત રાજયમાં સર્વ પ્રકારે વૃદ્ધિ થઇ, દેશ વિદેશમાં, શેરીચકલે, મંગળ વાજાં વાગ્યાં, શાન્તિ, સુલેહ અને અહિંસાનો અવતાર, મનુષ્ય કલ્યાણ અર્થે જન્મ લે ત્યારે આનંદજ વર્તે.

**શરીર બળ**–પ્રભુની બાલ્યાવસ્થામાં શરીર બળનો વિચાર કરશું ત્યારે સમજી સકાય છે કે તેમનામાં અમાપ બળ હતું. દાખલા તરીકે ઇંદ્રને શંકા થવાથી ચરણ અંગુઠે મેરૂ કંપાવ્યો; આમલકી ક્રીડા તેમાં સર્પને સાધારણ જંતુના પેઠે પુછડેથી પકડી દુર કર્યો; સરખા મિત્રોની રમતમાં દેવતાનું આગમન, તાડ જેવડા તેના શરીરનો દેખાવ અને પ્રભુનો મુષ્ટી પ્રહાર.

આ એમના બાલ્ય જીવનનું શારીરિક બળ આપણે પર્યુષણના દિવસોમાં તેમ તેમના ચરિત્રદ્વારા સાંભળીયે છીયે. એ ઉપરથી એમ સહેજે સમજી શકાય છે કે પ્રભુનું બળ ન કલ્પી શકાય તેવું અમાપ હતું. અને પ્રભુમાં એ અમાપ બળ હોય એ કંઇ નવાઇ જેવું નથી. પણ આપણે આ ઉપરથી શું બોધ લેવો ઘટે છે ?

પ્રભુનો બાલ્ય કાળ આપણને સબળ, પ્રૌઢ, પ્રતાપી, અનીતિ સંહારક, બનવા પ્રેરે છે, અને ઉત્તેજીત કરે છે. ત્યારે આજના અમુક મુનિવરો કહે છે કે શરીર બળની (કસરતની) શી જરૂર છે પુણ્ય કરો પાપ ઠેલાશે. અમે કબુલ કરીયે છીયે કે પુણ્યથી પાપ ઠેલાશે. પણ શરીર બળ મેળવવા માટે શારીરિક કેળવણી લેવાની જરૂર નથી? શું જૈન પ્રજાને નિર્માલ્ય રાખવા માગો છો ? શું ! નિર્માલ્ય પ્રજા પુન્ય કરી પાપ ઠેલી શકશે ? આત્મઉન્નતિ સાધી શકશે ? પિતા મહાવીર સ્વામીના બાલ્ય જીવન ઉપરથી એમ સમજી શકાય છે કે શારીરિક બળની પણ જરૂર છે.

**જુવાની**–પ્રભુના બાળ જીવન પછી પ્રભુનાં લગ્ન, માતા પીતા, વડીલો પ્રત્યે બહુ માન એ એમના દીક્ષાના પ્રસંગમાં જોઇ શકાય છે.

**દીક્ષા**–પ્રભુની અઠ્ઠાવીસ વર્ષની ઉમર થઇ ત્યારે અણગારનો આચાર પાળવાની ભાવના તેઓ વ્યકત કરે છે. માતા પીતાના સ્વર્ગ ગમન પછી ટુંક સમયમાં વડીલ બંધુ નંદીવર્ધનની રજા માગે છે. વડીલ બંધુ ત્યારે થોડોક વખત થોભવા વિનવે છે, અને પ્રભુએ સમયને અનુકુળ માની મોટા ભાઇનો આદેશ માથે ચઢાવ્યો. અને ત્રીસ વર્ષની ઉમરે દીક્ષા લીધી.

આ ઉપરથી એમ સમજી શકાય છે કે વડીલ પ્રત્યેનો પ્રેમ, મમત્વ, અને પુત્ર વત્સલભાવ જોઇ પ્રભુએ પણ દીક્ષા લેવાની ઉતાવળ નથી કરી, તેમ આપ સર્વે જાણતાજ હશો કે કળીકાળ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યસૂરીજી 'પરીશીષ્ટપર્વમાં' કહે છે કે શ્રી મહાવીર સ્વામીના નીર્વાણ પછી પાંચસો વર્ષે થયેલ આર્યરક્ષિત સૂરીજીએ શીષ્ય ચોરીની પ્રથા શરૂ કરી.

આ ઉપરથી આપ કબુલ કરશો કે માતાપીતાને કકળતાં મુકી, તેમની આંતરડીઓ કકળાવીને તેમના બાળકોને સંતાડી દીક્ષા આપવાના દુરાગ્રહને શાસન નાયક શ્રી મહાવીર પ્રભુના દીક્ષા પ્રકરણથી ટેકો મળતો નથી, તેમ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ તેને ચોરી કહે છે, છતાં શ્રી સાગરાનંદસૂરીશ્વરજી જેવા આગમઉદ્ધારક ને વિદ્વતનો દાવો કરનાર મહારાજ એમ કહે છે કે, 'નવદીક્ષીત સાધુને સંતાડવો પડે તો સાધ્વીના કપડાં પહેરાવી સાધ્વીના ઉપાશ્રયે સંતાડી શકાય ને સાધ્વી એની વયાવચ્ચ કરે !' આ સામે ઘણાએ પ્રશ્નો પુછાયા છતાં સાગરજી મહારાજ ચૂપ છે, અને એમ સંભળાય છે કે આ વાત છેદસૂત્રમાં છે. આ કળીકાળમાં છેદસુત્રોની વાતો બહાર મુકવાની મનાઇ કરેલ છે. છતાં સાગરજી મહારાજે શીષ્યચોરીનાં બચાવમાં સુખદ્વારા છેદની વાત બહાર મુકી પ્રભુની આજ્ઞાનો અનાદર નથી કર્યો ?

**વૈરાગ્યમાં ઉપસર્ગો**–પ્રભુએ વૈરાગ્ય સ્થિતિમાં અનેક કષ્ટો, અઘોર સંકટો અને ભયંકર યાતનાઓ સહન કરી કર્મો સાથે ઘોર યુદ્ધ આદર્યું તેમાં, ૧ મિથ્યાત્વ દેવતાઓનો પ્રભુ ઉપર પાષાણાદિકનો પ્રહાર. ૨ પૂર્વ ભવનો વૈરી કાનમાં ખીલા ઠોકે છે, ભકત ખીલા ખેંચી કહાડે છે. ૩ ગોવાલનો ઉપસર્ગ.

અનેક કષ્ટોમાં આ મુખ્ય ઉપસર્ગો છે, તેમાં પ્રભુનું અડગ ધૈર્ય, આત્મબળ, દેહની ઉપેક્ષા અને શત્રુમિત્ર બન્નેપર સમભાવ દેખાઇ આવે છે.

આવા મહાન ગુણો તો તેવા મહાન પુરૂષોમાંજ હોઇ શકે એ નિર્વિવાદ છે. પરંતુ એ ગુણ વિકાસની દિશાએ પ્રયાણ કરવાની ઝંખનાજ તો સૌને હોવી જોઇએ. અત્યારે તો ધૈર્યની જગાએ ભીરૂતાએ સ્થાન લીધું છે; આત્મ બળનું ઠેકાણું નથી, શરીરના મોહે ન કરવાનાં કરી રહ્યા છે. શત્રુને મિત્ર સાથે સમભાવના સ્થાને એક બીજાને નાસ્તીક આસ્તીક ને નર્ક સ્વર્ગના પ્રમાણપત્રો છુટવા માંડયાં છે. આવા કલુષિત વાતાવરણથી શ્રી સંઘની ઉન્નતિની જગ્યાએ અવનતિ થઇ રહી છે.

**દેશના**–બાર બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યાઓ કરીને પુર્વ સંચીત ઘોર કર્મો સાથે યુદ્ધ કર્યું ને જય મેળવ્યો એટલે કેવળજ્ઞાની બન્યા–સર્વજ્ઞ બન્યા, પછી દેશના દેવી શરૂ કરી.

પ્રભુ ઉપદેશમાં એટલે પ્રભુની દેશનામાં જે શકિત છે તે પણ અમાપ અને અગાધ શક્તિ છે. તેને અંગે રોહિણીઆ ચોરનોજ દાખલો બસ થશે. તેનું આખું વૃતાંત મુકવું નકામુ છે. કારણ ! ઘણા તે જાણે છે.

## જયન્તિ.

मित्तीमे सव्व भूएषु :—"ભૂત માત્ર મારા મિત્ર છે–બંધુ છે." કેવો ઉચ્ચ આદર્શ? કેવી વિશ્વવ્યાપી વિશાળ ભાવના!

એ નરનારીઓ? આ ઉચ્ચ ભાવના આપણા જીવનમાં સીંચનાર, આવો ઉચ્ચ આદર્શ આપણને આપી આપણા ભવ પંથે પ્રકાશ ધરી રહેનાર પ્રભુ મહાવીરનો આજે જન્મ દિવસ છે–જન્મ જયંતિ છે: આનંદો આપણા એ અહોભાગ્ય માટે અને પ્રભુના જન્મ મહોત્સવને ઉજવતાં ઉજવતાં પ્રભુ કથીત માર્ગને અનુસરો–જીવનમાં ઉતારો.

પણ–જયંતિ શા માટે? જગતને સહજ પણ ઉંચે લેવા–તેનું કલ્યાણ કરવા–જે કોઇ પ્રયત્ન કરે છે, તેનીજ જયંતિ ઉજવાય છે, જયંતિનો આ મર્મ છે, પ્રભુ મહાવીરનો જન્મ થયો તે સમયે આ ભારતવર્ષની શું સ્થિતિ હતી તે જોઇએ.

આજથી આસરે ૨૫૦૦ વર્ષ પહેલાં આર્યાવર્તની શું સ્થિતિ હતી તેને માટે શ્રી દત્ત મહાશય નીચે પ્રમાણે લખે છે.

"ધર્મની યથાર્થ ભાવનાનો નાશ થઇ તેનું સ્થાન "અર્થહિન આચાર વિચારે લીધું હતું. ઉત્તમ, સામાજીક "અને નૈતીક નિયમો, દુષ્ટ જ્ઞાતિ ભેદથી અને બ્રાહ્મણો માટે "ખાસ હક અને શુદ્રો માટે ઘાતકી ધારાઓથી વિકૃત થયા "હતા, આવા જ્ઞાતિ જન્મ વિશેષ અધિકારથી બ્રાહ્મણોની "સ્થિતિ ઉલટી બગડવા પામી, આખા સમાજ તરીકે તેઓ "એટલી હદે લોભી અને લાલચુ, અજ્ઞાન અને અભિમાની "બની ગયા કે. બ્રાહ્મણ સુત્રકારોને પણ આ વસ્તુસ્થિતિની "ઘણી સખ્ત ભાષામાં ઝાટકણી કાઢવી પડી હતી, શુદ્રો કે "જેઓએ આર્ય ધર્મના છત્ર તળે આશ્રય લીધો હતો તેમને "માટે ધાર્મિક શિક્ષણ અને વ્રત ક્રિયાનો નિષેધ હતો. સામા- "જીક સનમાન તેમને માટે મુદ્દલ નહોતું. જે સમાજમાં "તેઓ વસતા હતા, તેમના તરફથી તીરસ્કાર અને ધિક્કાર "પામવાથી તેઓ પરિવર્તન માટે આતુરતાથી રાહ જોતા "હતા અને જેમ જેમ તેઓની સંખ્યા વધતી ચાલી, ઉપ- "યોગી હુન્નર, ઉદ્યાગમાં પ્રવિષ્ટ થતા ગયા, જમીન અને "ગાયોના માલીક બનતા ગયા અને તેમનો પ્રભાવ અને "સત્તા વિસ્તારતા ગયા તેમ તેમ આવી દ્રેષ યુકત જ્ઞાતિ "ભિન્નતા તેમને અસહ્ય થતી ગઇ. આ પ્રમાણે આખો "સમાજ વજ્ર તુલ્ય દ્રઢ ખોખામાં ગોંધાઇ રહ્યો હતો. શુદ્રો "સભ્યતા અને ઉદ્યોગમાં આગળ વધવા છતાં અને સમા- "જના સભ્ય તરીકે લાયક થવા છતાં તે કાળનું સામાજીક, "ધાર્મિક અને કાયદા સંબંધીનું બધું સાહિત્ય તેમના પ્રત્યે "અધમ અન્યાય વર્તાવી રહ્યું હતું."

ભારત વર્ષની આવી સ્થિતિમાં અંધકારના આવા યુગમાં એક એવી શકિતનું સ્ફોટન થવુ–એક વ્યકિત વિશેષનો આવિર્ભાવ થવો–એ આવશ્યક હતું. અને તેમ બન્યુ–પ્રભુ મહાવીરનો જન્મ થયો.

ભગવાન મહાવીરે જીવનના ત્રીસમાં વર્ષે દિક્ષા ગ્રહણ કરી; ઉપદેશ આપી અનેક જીવોનું કલ્યાણ કર્યું; અને અનેક જીવો પોતાનું કલ્યાણ સાધી શકે તે અર્થે અનુપમ આદર્શ મુકતા ગયા; એમ આપણે જૈન–માનીએ છીએ અને કહીએ છીએ એમનુ નહિ પણ જૈનેતરો પણ તેમ માને છે. અને તે ડૉ૦ રવીદ્રનાથ ટાગોરના નીચેના શબ્દો સાબીત કરે છે.

"શ્રી મહાવીરે ડીંડીમ્ નાદથી મોક્ષનો એવો સંદેશ હિન્દમાં વિસ્તાર્યો કેઃ ધર્મ માત્ર સામાજીક રૂઢી નહિ, પણ વાસ્તવિક સત્ય છે. મોક્ષએ સાંપ્રદાયિક બ્રાહ્યાંગક્રિયાકાંડ પાળવાથી મળતો નથી પણ સત્ય ધર્મના સ્વરૂપમાં આશ્રય લેવાથી પ્રાપ્ત થાય છે, અને ધર્મમાં મનુષ્ય અને મનુષ્ય વચ્ચેનો ભેદ સ્થાયી રહી શકતો નથી. કહેતાં આશ્ચર્ય ઉપજે છે કે: આ શિક્ષણે સમાજના હ્રદયમાં જડ ઘાલીને બેઠેલી ભાવનાઓ રૂપી વિઘ્નોને ત્વરાથી ભેદી નાખ્યાં, અને આખા દેશને વશીભૂત કર્યો ત્યાર પછી ઘણાં કાળ સુધી આ ક્ષત્રીય ઉપદેશકોના પ્રભાવ–બળથી બ્રાહ્મણોની સત્તા અભિભૂત રહી હતી." અને ખરેખર પ્રભુ મહાવીરે જગતનું કલ્યાણ સાધવાનો–જગતને તેના ગાડરીઆ પ્રવાહના માર્ગેથી ઉંચે લેવાનો પ્રયત્ન કર્યો છે, એટલુંજ નહિ પણ જગતને સ્વાલંબન અને સેવાનો અમોલો આદર્શ અર્પ્યો છે, અને તેથીજ આપણે તેમની જયન્તિ ઉજવીએ છીએ. પણ–

પ્રભુનો જન્મ મહોત્સવ ઉજવતાં આપણે સંભાળવુ ઘટે છે કે:– પ્રભુની જયંતિ એટલે માત્ર પ્રભુની પ્રતિમા કે છબીને હાર પહેરાવવો, પ્રભુનાં ગુણગાન કરવાં, પ્રભુનું પૂજન અને સ્તવન કરવું, દેરાસરોમાં પૂજા ભણાવી દીપમાળાઓ પ્રગટાવવી, મોટી મોટી સભાઓ ભરી, મોટાં મોટાં ભાષણો

---

**સાર**–પ્રભુ વીરના જીવનનો સાર: જગતના સર્વ જીવોને તારવામાં, માર્ગ ભૂલેલાને માર્ગે ચઢાવવામાં, દુર્જનો પ્રત્યે દયા ભાવ બતાવવામાં જેણે રાગ દ્વેષને દેશવટો દીધેલો તે વિભુતિએ હિંસાખોરી સામે સતત ઉપદેશ કરી અહિંસા પરમો ધર્મનો પ્રકાશ ફેલાવ્યો.

**છેવટે**–આવા જગત ઉદ્ધારક મહાપુરૂષોના ચરિત્ર અને સંદેશ એટલે ઉપદેશ ઘેર ઘેર જુદી જુદી ભાષાઓમાં વહેંચાય, વંચાય, ને મનન થાય, તોજ અંધકારમાં ઘસડાતા જગત પર પ્રકાશ પડે.

જગત આગળ પ્રભુનો સંદેશો રજુ કરવા આપણી સમાજના સાધુઓ, વિદ્વાનો, અને ધનિકોએ કંઇ કર્યું છે?

સાધુઓનો મોટો ભાગ પોતાનું ટોળુ મ્હોટુ કરવા પાછલ એટલે શિષ્યો વધારવા માટે પોતાની શકિત ખરચી રહ્યા છે, ઘણા ખરાને અપાસરાની દિવાલો બહાર ઉપદેશ કરવો રૂચતો નથી. આવી સ્થિતિમાં સાધુઓની ક્યાંસુધી આશા રાખવી? સુકાનીવિહોણું તેમનું નાવ કોઇ પણ નિશ્ચિત દિશાના ધ્યેય વગર વર્તમાન પ્રવાહમાં વહી રહ્યું છે.

વિદ્વાનોને કૈંક કરવાની 'ધગશ' તો થઇ આવતી હશે પણ પૈસાના અભાવે ચુપચૂપ બેસી રહેવું પડતું હશે એમ માનવું વાસ્તવિક છે?

ધનિકોના અમુક વર્ગને કશી લેવા દેવા નથી, જે વર્ગ દાનેશ્વરીનો દાવો કરે છે, તેને ઘમંડ છે, ધર્મઘેલછા છે. એટલે તેના ધનનો પ્રવાહ જુદીજ દીશાએ વહી રહ્યો છે, કોઇ કીર્તિ પાછળ બહાવરા બની રહ્યા છે, કોઇ કહેવાતા ધર્મને નામે પૈસા ખર્ચી રહ્યા છે. આ દશા ધનિકોની છે એટલે તેમનીજ આશામાં બેસી રહેવું તેના કરતાં વિદ્વાનોએ કોઇ પણ યોજના તૈયાર કરી પ્રભુનો સંદેશ અને ચરિત્ર ઘેર ઘેર દરેક ભાષામાં પહોંચાડવું જોઇએ કે જેથી અંધારામાં ગોથા ખાતા જગતને પ્રકાશનાં દાન લાધે!

કરવાં, કે મહોત્સવ નિમિત્તે ગાયન વાદનની મહેફીલો ભરવી એટલુંજ બસ નથી; કારણ કે એ તો બહારનો દેખાવ થયો. એથી પ્રભુની જયંતી ઉજવી ન ગણાય. પણ પ્રભુ મહાવીરના અનુયાયી હોવાનો-સંતાનો હોવાનો-દાવો કરનાર પ્રત્યેકની ફરજ-કર્તવ્ય છે કે: પ્રભુના જન્મોત્સવથી માંડી, મોક્ષકાળ પર્યંતનો તેમનો જીવન કાળ જે સત્ય, પ્રેમ, દયા, ક્ષમા અને અહિંસા ઇ૦થી ભરપુર ભર્યો મહાસાગર છે: જેમાં ત્યાગ અને સેવાનાં મોજાં ઉછાળા મારી રહ્યાં છે: તેમાંથી યથા શકિત થોડું પણ આચમન કરવું. અર્થાત્ ભગવાન મહાવીરના જીવ માત્ર પ્રત્યે મૈત્રી ભાવના રાખી તેની સેવા કરવાના ઉત્તમ આદર્શનું સહજ પણ અનુકરણ કરવું અને આમ કરીએ તોજ આપણે તેમની જયંતી ઉજવીએ તે સાર્થક છે: અન્યથા નહિ.

આજે પ્રભુના જન્મ મહોત્સવના મંગળ દિવસે અમારી અંતરની એટલી અને એકજ અભિલાષા છે. કે: પ્રત્યેક જૈન બાળ, પ્રભુ મહાવીરના જીવનને આદર્શ ગણી પોતાનું જીવન વ્યતિત કરે. અને એ મંત્રને સત્ય બનાવે કે: जैनं जयति शासनं : ૐ શાન્તિ ! !

---

# વિકૃતિની વ્યાપકતા.

### આપણી જ્ઞાતિઓનાં બન્ધનો.

સમયના પ્રવાહ સાથે સમાજ અને ધર્મમાં, આપણા સાહિત્યમાં, આપણા મંતવ્યોમાં અને અનેક નાના મોટા સિદ્ધાન્તોના અર્થ, સમજણ અને પરિપાલનમાં વિકાર દાખલ થતો જાય છે. એ વિકૃતિએ કેટલું વ્યાપક સ્વરૂપ ધારણ કરેલું છે તેનો વિસ્તાર અને વિવેકથી વિચાર કરવો ઘટે છે. આધુનિક યુગમાં વર્ણાશ્રમ ધર્મની મહત્તા તૂટી ગઇ છે. તેને સ્થાને કહેવાતી અનેક જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ રચાઇ ગઇ છે. અને ઐકયના અનેક બુમરાણ પાડવા છતાં તડો અને વાડાઓ વૃદ્ધિ પામ્યાજ કરે છે. એટલુંજ નહિ પણ કેટલીક પેટા જ્ઞાતિઓ એટલા સૂક્ષ્મ અને સંકુચિત ક્ષેત્રમાં બંધાઇ ગઇ છે કે તેમની માનસિક, આર્થિક, શારીરિક વગેરે સ્થિતિ સંબધી ગુંચવણોનો ઉકેલ કરવો ઘણો કઠિન થઇ પડે છે. વ્યકિત પ્રમાણુની દ્રષ્ટિથી વિચાર કરીયે તો તેમાં કાંતો કન્યાઓની અતિશયતા અને યુવકોની અતિ અલ્પતા જોવામાં આવે છે, અથવા તો કેટલીકમાં તેથી ઉલ્ટીજ સ્થિતિ પ્રવર્તી રહેલા છે આથી અનેક વ્યકિતઓને આમરણાની અપરિણીત દશા ગુજારવી પડે છે અને વંશની નાબુદી વ્હોરી લેવી પડે છે અથવા તો પરજ્ઞાતિમાં પ્રવેશ કરી અન્ય ધર્મ કે સંપ્રદાય સ્વીકારવો પડે છે. આવાં અને અન્ય અનેક કારણોથી સમાજની વસ્તીનું એટલે ધર્માનુયાયીનું પ્રમાણ ઘટતું જાય છે.

### વિશ્વધર્મીઓનાં આદર્શો

આવી દુઃખદાયક અને વિનાશ કારક સ્થિતિનાં નિવારણ માટે સમાજના હિત ચિંતકો અનેક જાતના સ્વપ્નાંઓ સેવી રહ્યા છે. જૈન ધર્મએ વિશ્વ ધર્મ છે. એમાં જાતિ બન્ધન જેવું કાંઇ છેજ નહિ, સંકુચિતતાનો સંપૂર્ણ અભાવ છે. પુરાતન સમયમાં મુખ્યે ચારે કોમોમાંથી અરસપરસ કન્યા વહેવાર પ્રચલીત હતો. અને વર્ણાશ્રમ મુખ્યત્વે કરીને ધંધાના ધોરણપર રચાયો હતો. તેનું પુનરાવર્તન કરવું આવશ્યક છે. જૈન ધર્મને અનુસરનારી સર્વ વ્યકિતઓમાં એકજ પ્રકારનો વ્યવહાર હોવો જોઇએ. પછી ભલે તે શ્રીમાળી હોય કે લાડુઆ હોય કે પોરવાડ હોય-એવી આજે અનેકની ચોકકસ માન્યતા થયેલી છે, અને શ્રી વીરનો પણ મુખ્ય આશય એજ હતો. કેટલાંક હાલતુરત દશા અને વીશાનો ભેદ મીટાવી બન્નેનું એક વિશાળ ક્ષેત્ર કરવા માંગે છે. ટુંકમાં હાલની અનેક સંકુચિત પેટા જ્ઞાતિઓ અને તડો પુનર્વિધાન માંગે છે અને એ જેમ તાત્કાળિક ઉદ્‌ભવે તેમ સમાજને હિતકારક અને પ્રાણદાયી છે.

### ગચ્છો અને વાડાઓ.

જે પ્રમાણે સમાજમાં તડો અને પેટા જ્ઞાતિઓની બહુલતા છે તે પ્રમાણે ધર્મમાં પણ અનેક ગચ્છો, ભેદો અને તડાઓ છે. સૌ સૌના ઉપાશ્રયો જુદા, સૌ સૌના ભકતો જુદા અને સૌ સૌની ક્રિયાઓ અને રીતભાત જુદી. એક ગચ્છના ઉપાશ્રયમાં બીજા ગચ્છવાળાને ઉતારો નહિ, આવકાર નહિ. જેમ જેમ સમય પસાર થાય છે તેમ તેમ વિકૃતિ એવી પ્રસરતી જાય છે કે આપણે ફકત ગચ્છના વાડાથીજ અટકતા નથી, પરંતુ એક ગચ્છમાં અનેક આચાર્યો હોય તે દરેકનો વાડો જુદો. આવા દરેક આચાર્યના પરિવારનું મંડળ અલગ અલગ રીતે કાર્ય કરે. દરેકની પ્રણાલિકા જુદી-પરસ્પર સમાગમના અવસરો ઓછાં. જાણે કે દરેકનું એક અનોખુંજ જગત્! શ્રાવકને તો પોતાના જ્ઞાતિ-મંડળો.વગેરેના તડા ઉપરાંત ધર્મના ગચ્છો અને મુનિ વર્ગના વાડાઓને પણ શરણ થવું પડે છે, તેમાં પણ કોઇવાર સાધારણ બુદ્ધિની વ્યકિતને કયા સમુદાયમાં જવું-કેમ કરવું, કોની વાણી માન્ય કરવી. એ બાબતમાં મતિ વિભ્રમ થાય છે, એટલે એની સમક્ષ તો બેઉ બાજુએ દુઃખમય સ્થિતિ ઉપસ્થીત થએલી હોય છે.

### સમાન ધોરણ અને દોરવણી.

આ સ્થિતિના નિવારણ માટે-એક પ્લેટફોર્મ ઉપર સર્વ મુનીઓ એકત્ર મળે-વીચારોની આપ લે થાય-અનેક બાબતોનું સમન્વય અને સમાન ધોરણ થાય-એકસંપી થાય-સમાજ અને ધર્મના અનેક બળતા પ્રશ્નોનો વિવેકપુર્વક, શાંતિથી, સહકારથી ઉકેલ થાય, સમાજ અને ધર્મમાં પ્રવેશેલાં અનિષ્ટ તત્વોનું સમારકામ થાય, સમાજને સમાન દોરવણી મળે, અને તેની સુધારણા, વિકાસ અને પ્રગતિ માટે ભવિષ્યનો સંગીન કાર્યક્રમ યોજાય-આવાં અનેક હેતુઓથી આકર્ષાઇને કેટલાંક ધર્મદાઝ ધરાવનારાં મુનિરાજો અને ગ્રહસ્થો મુનિ વર્ગની એક પરિષદ બોલાવવાની મંત્રણા કરી રહ્યા છે. એ મંત્રણા વ્યકત સ્વરૂપ લેવા જલદી ભાગ્યશાળી બને એવી સર્વની શુભ ભાવના છે.

હરિલાલ શાહ.

---


### જાહેર ખબર.

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.

# વઢવાણનું વાતાવરણ.

## સૌરાષ્ટ્રની વીરભૂમિની વીરતા.

—(૦)—

## ચીમનલાલ કડીયો શું કહે છે?

—(૦)—

વઢવાણે "રામવિજય પાછા જાઓ" સોસાયટી બાઇ સીધાવોના યુવકોનો પડકાર ખગે પડયો. સૌરાષ્ટ્રના વીર યુવકોએ પોતાની વીરતા બતાવી આપી. તેથી શાસન ટોળી ધ્રુજી ગઇ અને ધ્રાંગધ્રા, ચુડા, લખતર, દુધરેજ, રાજપર, વઢવાણ કેમ્પ વીગેરે સ્થળે આવા પવીત્ર દીવસોમાં મોટરોથી દોડાદોડી કરી પણ કોઇ સ્થળે સ્થાન મળ્યું નહિ, છેવટે નિરાશ થયા.

ચૈતર સુદી ૧૫ ના રોજે વ્યાખ્યાનમાં ચીમનલાલ કડીયાએ સ્વમુખે કહ્યું કે હવે છેવટ એકજ રસ્તો છે, કે અમદાવાદ સંમેલન ભરો. કારણ કે સૌરાષ્ટ્રમાં સ્થાન નથી માટે ચાલો અમદાવાદ.

શેઠ જીવણ અબજી પાસેથી ખર્ચનો બંદોબસ્ત કરી લીધો છે બાઇના ફુલબાઇને શોભે? અને શોભા મારા ભાઇને વાહ! ભાઇ વાહ!

પેલો લાંબો ગણધર તેની ચાર દીવાલોમાં રૂ. ૧૦૦૦) ની ચેલેંજ આપે છે કે ધન્ય ભાઇ ધન્ય તારી અકલને.

તમોને તથા તમારા ગુરૂશ્રીને પૂછું છુ કે તમોએ અત્યાર સુધી આપેલ ચેલેંજનો કોઇ દીવસ સ્વીકાર કર્યો છે. આ તો ભોલી જનતાને ભુલાવામાં નાંખવાની તમારી ચાલબાજી શીવાય ખરી કને?

તમારી આંખ આગળ તમારા ગુરૂની પડખે બેઠેલા છોકરા તમારાથી દેખાયા નહીં હોય ભલા. અરે ખંભાતના રતીલાલને મુંડનાર તમારા ગુરૂ નોતા કે? અરે છાણીનો કેસ ભૂલી ગયા કે? છતાં પણ ભોલાઓને ભમાવવાની ખોટી ચેલેન્જો શા માટે ફેંકો છો?

ચેલેજ ચાર દિવાલમાં ફેંકવાની તમારી બહાદૂરીથી જૈન જનતા હવે કયાં અજાણી રહી છે.

વઢવાણ શહેરમાં ભેગા થએલા ભકતો પાસેથી કેટલા રૂપીઆ પડાવ્યા અમદાવાદમાંથી કેટલા ભેગા કરવા ધાર્યું છે તે જણાવશો ખરા કે?

સૌરષ્ટ્ર છોડવું પડે છે તેમાં દુઃખતો થતુ હશે પણ ધારેલી ધારણા ફળીભૂત ન થવાથી અંત ગુજરાતનો આશરો લેવા દોડયા કે?

ત્રણ વર્ષથી અમદાવાદ શાંન્તી ભોગવી રહ્યું હતુ તે અમદાવાદને હવે કયા રૂપમાં મૂકવા દોડધામ કરી રહ્યા છે. તે હજુ પણ કાંઇ સમજાતુ નથી અને હવે અમદાવાદ તમારાથી ચેતી ગયુ છે તેમ તમારી ટોલીને શુ નથી લાગતું.

"ખબરપત્રી."

---

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂા. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂા. ૧-૦-૦ |

# આપણું એજ્યુકેશન બોર્ડ અને તેની હરીફાઇની પરીક્ષાઓ.

—:०○:O:○०:—

એ ઘણું ખુશી થવા જેવું છે કે આપણું એજ્યુકેશન બોર્ડ છેલ્લા વીસેક વર્ષથી દર વર્ષે ઇનામી પરીક્ષાઓ લઇ ધાર્મિક શિક્ષણ જૈન સમાજમાં વધારવા સારો પ્રયાસ કરે છે એટલુંજ નહીં બલ્કે તેના અભ્યાસક્રમમાં ત્રણ ત્રણ ચાર ચાર વર્ષે ઘટતા ફેરફાર દાખલ કરી, વિદ્યાર્થી વર્ગમાં તે વધુ ને વધુ કેમ આવકારદાયક થાય તે માટે ઘણી પ્રશંસનીય સેવા બજાવે છે. સીત્તેર પંચોતેર જેટલા સેન્ટરો ગોઠવી, પરીક્ષકોની મોટી સંખ્યાને આમંત્રી, આ પરીક્ષાઓ જે કાળજીથી મજકુર બોર્ડ લે છે તે માટે તેને ધન્યવાદ ઘટે છે. આ પરીક્ષાનો લાભ લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા દર વર્ષે કુદકે અને ભુસ્કે વધતી જાય છે તેજ બતાવી આપે છે કે આ યોજના સફળ થઇ છે અને સમાજનું ખાસ ધ્યાન ખેંચી રહી છે.

આશરે ૧૨૦૦ વિદ્યાર્થીઓથી આ પરીક્ષાઓનો હાલ લાભ લેવાય છે. બાળ, પુરૂષ, કન્યા અને સ્ત્રી ધોરણોના બધા મળી ૨૬ વિભાગો છે. એ બધું વીચારતાં એ તો સ્પષ્ટ છે કે એકતાનું બીજ યોગ્ય સિંચન અને પોષણથી કોમળ છોડનું રૂપ અત્યારે ધારણ કરી શક્યું છે અને જો તેની ઉચિત સાર સંભાળ લેવામાં આવશે તો થોડા વખતમાં અનેક શાખા પ્રશાખાવાળું, શીતળ છાંય દેનારૂં સુંદર વૃક્ષ રૂપ ધારણ કરશે અને સમાજને મીઠાં અને સ્વાદિષ્ટ ફળો ચખાડશે.

પણ ખેદની બીના તો એ છે કે જે મંડળે આ યોજના હાથ ધરી સફળ બનાવી છે તે મંડળને સમાજ તરફથી જોઇએ તેવી આર્થિક મદદ મળી નથી મંદિરોમાં લાખો રૂપીઆ ખર્ચનારી, પ્રતિમાના આભૂષણોમાં પુષ્કળ દ્રવ્ય રોકનારી, વરઘોડા, સામૈયાં, ઉજમણાં, અને જમણવારોમાં હજારો રૂપીઆ વાપરનારી કોમનું કેન્દ્રભૂત આ કેળવણી મંડળ આર્થિક દુર્દશા ભોગવે તે વિચારજ નીરાશા અને વિષાદ લાવે છે. જૈન દાનેશ્વરીઓનાં દાન ઇતીહાસમાં મશહુર થઇ ગયાં છે પરંતુ અત્યારે તે પ્રવાહ કેમ સુકાયા જેવો થઇ ગયો છે તે એક કોયડો છે. ઇનામો માટે સારી વાંચનમાળાઓ તૈયાર કરવા માટે, વીદ્યાસંમેલનો ભરવા માટે, વીદ્યાર્થીયોગ્ય પુસ્તકોની આવૃત્તીઓ પ્રસીધ્ધ કરવા માટે, એક પાઠશાળા બોર્ડ હસ્તક ચલાવી તેમાં શીક્ષણને લગતા પ્રયોગો કરી, અનુભવો મેળવી તેને આદર્શ રૂપ સંસ્થા બનાવવા માટે અને તેમ કરી બીજી પાઠશાળાઓને અનુકરણીય દ્રષ્ટાંત પુરૂં પાડવા માટે ઉત્તમ પ્રકારના શીક્ષકો પુરા પાડવા માટે—આદી અનેક કેળવણીના કાર્યો માટે પૈસાની ઘણી જરૂર છે. અને તેના અભાવે અનેક હાથ ધરેલી યોજનાઓ પણ પડતી મુકાય છે અને પરીણામે સમાજને શોષવું પડે છે. તેથી એ અતિ આવશ્યક છે કે ધનિકો—કેળવણીપ્રિય સજ્જનો—ધર્મ શીક્ષણ પ્રેમીજનો આવા મંડળ તરફ પોતાનો ઉદાર હાથ વારંવાર લંબાવ્યા કરે અને મંડળને ઉત્સાહીત કરે. નહી તો પછી આપણે તો જયાંને ત્યાં. B.

---

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૧૫ મો. | સંવત ૧૯૮૭ ના ચૈત્ર વદી ૧૧. તા૦ ૧૩-૪-૩૧ | છુટક નકલ : ના આનો. |

# અયોગ્ય દિક્ષાના ષડયંત્રનો ભોગ બનેલા મુનિ ભકિતસાગરનો એકરાર!!

**વિપત્તિઓના વરસાદ વરસતાં અયોગ્ય દિક્ષાના પોષક સાધુઓનું સાચુ સ્વરૂપ સમજાય છે : સુંદર શબ્દો અને સ્વાર્થી સરભરાની મોહક આંધી દુર થાય છે : સંઘની સાક્ષીએ આદીશ્વર ભગવાનની પ્રતિમા સમક્ષ સાધુ વેષ ઉતારી શ્રાવક બનતા મુનિ ભકિતસાગર 'આંતર વ્યથા' ઠાલવે છે;**

## યુવક જૈન પરિષદ

વડોદરા જૈન યુવક સંઘે અખીલ ભારત વર્ષીયે જૈન યુવક પરિષદ ભરવાનું નક્કી કર્યું છે.

સ્વાગત સમિતિનું કાર્ય શરૂ થઈ ગયું છે. તારીખો, પ્રમુખ વિ. હવે પછી થશે.

આબુ રોડ ખરેડી તા૦ ૩૧-૩-૩૧.

**શ્રી જૈન શ્વેતાંબર પંચ સમક્ષ,** મુ૦ આબુરોડ.

લી૦ હું નીચે સહી કરનાર **મુનીશ્રી** ભક્તિસાગરજી જણાવું છું કે સંસારી પણાનું નામ મહેતા ભોગીલાલ લક્ષ્મીચંદ રહેવાસી ગામ પાલણપુર જત મ્હે સં. ૧૯૮૭ ના કારતક વદી ૧ ના રોજ મુની મહારાજ શ્રી સાગરાનંદ સુરીની પાસે રામવિજય મારફત મુંબઇમાં દિક્ષા નહિ દેવાના સબબે ખંભાત દિક્ષા લેવા માટે ભલામણ પત્ર આપીને મોકલેલ તેથી સાગરાનંદસુરીયે મને દિક્ષા આપી મારૂ નામ ભકિતસાગર રાખેલ છે. હવે દિક્ષા લીધા બાદ મને એવી જાતનો આજ સુધીમાં અનુભવ થયેલ છે કે આજના ચાલુ જમાનાના સાધુઓ કરતાં શ્રાવકજ વધારે પુન્ય કરી શકે છે, અને તેથી મ્હે મારા આત્માનું કલ્યાણ આજના સાધુપણામાં નહિં થઇ શકે તેવા હેતુથી મારો ધર્મ હું નહિ ગુમાવી બેસુ અને અન્ય ધર્મમાં ન જાઉં તેવા હેતુથી આદિશ્વર ભગવાનના સમક્ષ મારો સાધુપણાનો વેશ છોડી શ્રાવકપણાનો વેશ મારી રાજીખુશીથી અંગીકાર કરૂં છું. સંસારીપણામાં મારૂ જવાનું કારણ ફકત એજ છે કે દિક્ષા લેતી વખતે રામવિજય વિગેરે સાધુઓએ મને પોતાનો શિષ્ય બનાવવા માટે સારો ભાવ-વર્તન વિગેરે એટલું બધું સરસ રીતે બતાવતા હતા કે પોતાના સગા છોકરાને પણ તેવી રીતે નહિં રાખતા હોય; પણ જ્યારે મ્હે દિક્ષા સ્વીકારી ત્યાર પછી જે સાધુઓ પોતાના છોકરા કરતાં પણ વધારે સંસારીપણામાં ગણતા હતાં તેજ સાધુઓ સાધુ બન્યા પછી **ગુલામ કરતાં વિશેષ હલકા ગણી પોતાની મનસ્વી ઇચ્છાઓ સંપૂર્ણ કરવાની ફરજ પાડતા હતા. જો તેમની મનસ્વી ઇચ્છા મુજબ નહિં ચાલી શકાય તો તરતજ વિપત્તિઓનો વરસાદ વરસાવવામાં બાકી રાખતા નથી,** અને તે વિપત્તિઓ સહન નહિં કરવાથી મ્હેં તો આપઘાત કરવા સુધીના વિચાર કર્યાં છે, પણ આપઘાત કરવાથી કંઇ દુઃખ જતું નથીજ રહેતું. તે દુઃખ આ ભવમાં નહિ તો બીજા ભવમાં જરૂર સહન કરવું પડે છે. અને આ વિચારથી મ્હે ધીરજ રાખી થોડું ઘણું દુઃખ સહન કરીને મારા પુન્યબળે ખરેડીના સંઘનો સમાગમ થતાં તેમની પાસે વિનંતી કરી મ્હે આદીશ્વર ભગવાનની પ્રતિમા સમક્ષ મારા આત્માના કલ્યાણ અર્થે શ્રાવકપણાનો ધર્મ મારી રાજીખુશીથી સ્વીકારૂં છું. એજ.

લી૦, મુનિ ભકિતસાગરજી.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# પડદો ચીરાય છે—

# ભીતરના ભેદ ખુલે છે!

આપણા કેટલાક કહેવાતા ધર્મના નેતાઓ, શ્રી વીરના સુપુત્રો, મોક્ષના ઇજારદારો પડદા પાછળ કેવા કાવા દાવા, છળપ્રપંચ, મનસ્વીતા અને સ્વાર્થપરાયણતાના ખેલો ખેલી રહ્યા છે એ જૈન આલમથી હવે અવિદિત તો નથીજ. દિન-પ્રતિદિન તેમનાં કર્તવ્યો જનતા સમક્ષ નગ્ન સ્વરૂપમાં રજુ થયાં કરે છે અને નિ:શંસય રીતિ સિદ્ધ કરી આપે છે કે આપણા સમાજમાં પક્ષો ઉભા કરનાર અને આપસઆપસમાં ઝઘડાઓના ઉત્પાદકો આ મુનિવરોજ છે પુરાતન ઋષિમુનિઓએ આપણને સુણાવ્યું છે કે વૈરાગ્ય વગર ત્યાગ ટકતો નથી અને ત્યાગ વગર દીક્ષા સંભવતી નથી. એ ત્યાગ હૃદયના ઉંડાણમાંથી ઉદ્દભવેલો અને નહિ કે બળજબરીથી અને પ્રલોભનોથી છતાં પિતા કહેવડાવવાના મોહને વશ બની સાચા ખોટાની પરીક્ષા વિના પથ્થર એટલાં દેવ કરનાર સંસારીઓની પેઠે ચેલકાંઓની જમાત વધારવાના ઉચ્ચ (?) આશયથી પ્રેરાઇને ગમે તેવા અલેલટપ્પુને મુંડી નાંખી શાસનપ્રેમના ડોળઘાલુઓ શાસનના વિરોધી બની શાસનનું છડેચોક લીલામ કરી રહ્યાં છે એ આધુનિક યુગના જૈનોને લજ્જા અને ધૃણા લાવનાર વસ્તુ છે. આવી નવમુંડીત વ્યકિતઓનો મ્હોટો ભાગ જે રસ્તેથી આવ્યા તે રસ્તે પાછા ફરવાના વિશ્વના સનાતન, અબાધિત અને અવિચળ કાનુનને અનુસરી સંસાર તરફ પાછાં પગલાં ભરી રહ્યાં છે. ભૂતકાળના જૈન જગત્માં આવું પુનરાગમન અસંભવિત હતું. તેને મહાન્ પાપાચાર અને શાસનદ્રોહ તરીકે ગણવામાં આવતું. આજે દેવ સમક્ષ જીવન-ભરના લીધેલાં વ્રતો ભાંગનારને "એમાં શું થયું, પાળે એટલો ધર્મ?" એમ કહીને તેની પીઠ થાબડવામાં આવે છે. તાજે-તરમાં બનેલાં ત્રણ દ્રષ્ટાંતો સારા સમાજની અને આ શાસનના વિધાતકોની ચક્ષુઓ ખુલી નાંખવાને પુરતાં છે.

પાલનપુરવાસી મહેતા ભોગીલાલ લક્ષ્મીચંદ જેઓ સાગરાનંદસૂરીના વરદ (?) હસ્તે ગયા કાર્તિક વદી ૧ ના રોજ ખંભાતમાં ભક્તિસાગર બનેલા તેઓ ચૈત્ર સુદી બારસે પુનઃ ભોગીલાલ બને છે અને પાંચજ મહીનામાં તેમને અનુભવ થાય છે કે "ચાલુ જમાનામાં સાધુઓ કરતાં શ્રાવકજ વધારે પુન્ય કરી શકે, આત્માનું કલ્યાણ આજના સાધુપણામાં થઇ શકતું નથી, સાધુઓ અમુક વ્યકિતને સાધુ બનાવ્યા પછી ગુલામ કરતાં વિશેષ હલકી ગણી પોતાની મનસ્વી ઇચ્છાઓ સંપૂર્ણ કરવાની તેને ફરજ પાડે છે, વિપત્તિઓનો વર્ષાદ વરસાવે છે અને સાધુને આપઘાત કરવાનો વિચાર થાય છે." આવી તો તેમની કેફીયત છે, દિલનો એકરાર છે. બીજા ભાઇ ખેડાવાસી રતીલાલ પોતાની બાળપત્નીને રડતી, કકળતી મૂકીને દીક્ષા લે છે અને ટુંક વખતમાં અમદાવાદ-માંજ સાધુ વેશ ત્યાગી ધોતીયું, ડગલો પહેરી પુન: રતી-લાલત્વ પ્રાપ્ત કરે છે. ત્રીજી વ્યકિત એક સાધ્વી બાઇ છે. પોતે સંસારીપણામાં ભાઇ સોમચંદના ભોળાં અને નિર્દોષ ધર્મપત્ની. દીક્ષાના ઇજારદારોએ ભાઇશ્રીને ઠસાવ્યું કે તમારી દીક્ષા પછી બાઈ છટકી જશે. માટે ભાઇએ દોઢ વર્ષના ગભરૂ બાલુડાને રઝળતો તરછોડી બાઇને અમદાવાદમાં દીક્ષાના જાળમાં સપડાવ્યાં. ત્યાં અનેક ગુલામીઓથી કંટાળી દોઢેક માસ ચારિત્ર પાળી સંસારી બની રતનપોળથી વઢવાણ ઉપડવા તૈયાર થયા, ત્યાં એવા સૂર બહાર આવે છે કે, રામભકતોએ ઝાંપડાની પોળમાં ઘુસાડયા, ફોસલાવ્યા, દબાવ્યા—પણ મન કાંઇ બળજબરીથી કોઇનું દબાયું છે? છેવટે રામ–દીક્ષાનો ત્યાગ કરી અગ્નિરથમાં બેસી વઢવાણ પેલા બાલુડાને રમાડવા પલાયન કરી ગયા છે. આવા અનેક દાખલાઓ બની રહ્યા છે, દૂનિયાની સમક્ષ રજુ થઇ રહ્યા છે, અને આપણા આવા કારસ્તાની સાધુઓનાં ભીતરના દંભો ખુલી રહ્યા છે. ધર્મ વગોવાઇ રહ્યો છે, હાંસીને પાત્ર બની રહ્યો છે. સમાજના નાયકો ધુરંધરો હિતચિંતકો ચેતો, પ્રમાદ ત્યાગો, સમયનો ખ્યાલ કરો! તમારા ધર્મનું અધઃપતન લાવનારા, શ્રી વીર પ્રરૂપિત સંઘને ડામાડોળ સ્થિતિમાં મૂકનારા આવા કુસાધુઓ અને શાસનવિધાતકોને શાસનનો નાશ કરતા અટકાવો! તેમની સાન ઠેકાણે લાવો! તેમના ઝેરી પ્રચારકાર્યનો વિનાશ કરો, અને તેઓ શાસનના સાધુઓજ નથી, બલ્કે તેના વિધાતકોજ છે એવું ડિંડિમ નાદે જાહેર કરો!

## રતીભાઇ ઘેર આવ્યા.

અઢાર વર્ષની વયના ખેડાવાસી ભાઇ રતીલાલે અમદાવાદમાં સાગરાનંદસૂરી પાસે દીક્ષા અંગીકાર કરેલી, ત્યારે માતા અને બાળપત્નિએ કલ્પાન્ત કરેલાં પણ પથ્થર ઉપર પાણી. આખરે દોઢ માસ દીક્ષાને શોભાવી તા૦ ૨૯–૩–૩૧ ના રોજ અમદાવાદથીજ સંસારી કપડાં ધારણ કરી પોતાના ઘર ભેગા ખેડા પધારી ગયા છે. ટુંકા વખતમાંજ સાથી વેશ છોડવો પડયો એનો રતીભાઈ ખુલાસો કરશે?

## સાધ્વી વેશ છોડયો.

વઢવાણવાસી સોમચંદે પોતાની પત્નિને ભોળવી અમદા-વાદમાં દીક્ષા અપાવેલી પરંતુ 'મન વગરનું મળવું' તેમ કામ અને પોરીયા ઉચકવાની પીડાથી લગભગ બે માસ ચારિત્ર પાળીને સંસારી કપડાં ધારણ કરી બાઇ વઢવાણ પોતાને ઘેર પહોંચી ગયાં અને પોતાના એક વર્ષના માતા વિહોણા બાળકને મળી ચુકયાં.

# જૈનોની મળેલી ગંજાવર જાહેર સભા.

## "જૈનોનું રાષ્ટ્રીય મહાસભા પરત્વે કર્તવ્ય."

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશરા નીચે તા૦ ૬-૪-૩૧ ના રોજ રાત્રીના મુમ્બા દેવી ફુવારા પાસે એક જાહેર સભા મળી હતી.

પ્રમુખસ્થાને શ્રીયુત અમૃતલાલ દલપતભાઈ શેઠ બીરાજ્યા હતા.

**શ્રીયુત વીરચંદ પાનાચંદ:** મહાસભા અને કોઈપણ કોમીક કર્તવ્ય જુદું પાડી શકાયજ નહી. હિન્દ માટે સર્વની ફરજ એક સરખીજ છે. તે એ કે હિન્દ માટે મરવું અને હિન્દ માટે જીવવું. અહિંસાના વિશેષ સંસ્કારને લીધે લડતને અંગે પ્રેરણા દષ્ટીભૂત થ.ય. અત્યારે આનંદની વાત એ છે કે દરેક પર્વ સંસ્થા કે ક્રિયાઓમાં રાષ્ટ્રીય તત્વ ઉમેરાયું છે. તે સદ્ભાગ્યની નિશાની છે. અહિંસાનો સિદ્ધાંન્ત તરીકે રૂઢ થતી જતી માન્યતા અને ફક્ત રાજકારણની નિતિજ નથી અને અહિંસાથી જગતની શાન્તિ છે તે ખુબ દાખલા સહિત સમજાવ્યું હતું. યુવાનોનો ફાળો ઘણો સુંદર છે. અને ખાસ કરીને તેમની રીતો જોતાં તેઓ બુદ્ધીશાળી તેમજ સમયને ઓળખનારા છે. અને પોલાણ જોતાં સામનો પણ કરે છે આ વખતે મહાત્માજીને જય ન મળે તો ફરીથી લડત માટે તૈયાર રહેવા સમજાવ્યું હતું.

શ્રીયુત મોતીચંદ ગીરધરલાલ કાપડીઆએ બે વસ્તુ પર ખાસ ભાર મૂકયો હતો. લડતને અંગે મુંબાઈના આત્મભોગની પ્રશંસા અને બ્હેનોએ આપેલ સુંદર ફાળો. સમસ્ત દેશનું કર્તવ્ય તેજ જૈનોનું કર્તવ્ય છે. તેમાં ભેદ હોઈ શકેજ નહિ. ફ્રન્ટીઅર ગાંધી અબ્દુલ ગફુરખાનના ભાષણમાંથી મુખ્ય વસ્તુ પર ધ્યાન ખેંચે તેવી એ હતી કે અમે સૈનિક છીએ. અને અમારા જનરલને અનુસરવા તૈયાર છીએ. નિયમન એજ લડતનું મૂળ છે. અને જનરલના નિર્ણયોને અનુસરવું તે લડતનું એક સૂત્ર છે. જૈનો વ્યાપારી હોવાથી પરદેશી વસ્તુના વ્યાપારના વ્યામોહથી પસ્તાવું ન પડે તેટલા માટે સ્વદેશીને ઉત્તેજન આપવાની સવેળાની ચેતવણી આપી હતી.

શ્રીયુત્ મણીલાલ જેમલે ફરીથી લડત ઉભી થવાનો પ્રસંગ ઉત્પન્ન થાયજ. તો આત્મભોગની તૈયારી કરવા અને અનુસરવાની ખાત્રી આપી, સુંદર વિવેચન કર્યું હતું.

**પંડીત સુખલાલજી:-** "જૈનોનું મહાસભા પરત્વે કર્તવ્ય" એ વિષય યુવક સંઘે રાખ્યો છે. તેના કારણો આપણું માનસ કઈ દીશામાં છે તેનો અભ્યાસ કરીએ તો દેખાય તેવાં છે. પ્રથમ તો અત્યાર સુધી સાંપ્રદાયીક કર્તવ્યનાજ સસ્કારો પડેલા છે, સંપ્રદાયના કામ માટેજ વિચાર કરે. કર્તવ્ય તરીકે સંઘ કાઢે કે સંઘના જમણવારો કરે. ધર્મ સ્થાનો જુઓ કે ધર્મગુરૂના ઉપદેશ તરફ જુઓ. દરેક ઠેકાણે સંપ્રદાય પુરતુંજ સમર્થન દેખાય. જીવનની વિશેષતામાં કમાવું અને વૈભવપૂર્વક ધાર્મિક ક્રિયાઓ કરવી. રાષ્ટ્ર જેવી વસ્તુ તદન ગૌણ ગણે છે. અત્યારે તો વાતાવરણજ એવું છે કે ફક્ત સંપ્રદાયનો વિચાર કરવો કામનો નથી. તેવી મતાંધતા નકામી છે. આપણો સંબંધ વિશ્વ જોડે હોવો જોઈએ તે આપણે સર્વ કબુલ કરીએ છીએ. પરંતુ કર્તવ્ય વખતે વાડા બહાર નજર જતી નથી. તે વાડો તજી, તે દીશા તરફ કૂચ કરવા આપણો સંબંધ ૩૩ કરોડ મનુષ્ય સાથે થાય તેવું અમલી કાર્ય થઈ શકે તે દીશા સૂચન કરવી તે એક કારણ છે. બીજું કારણ:-મને ઘણી બ્હેનો તેમજ યુવાનો પ્રશ્ન કરતા કે જૈનો આ લડતમાં કેમ ભાગ લઈ શકે. આ લડતનું રહસ્ય અંગ્રેજોના ખીસામાં જતા પૈસા

---

## રામવિજયને પડકાર.

ગાંધીરોડ, અમદાવાદ. તા૦ ૯-૪-૩૧.

મુનિ રામવિજયજી,

આપની પ્રસિદ્ધિ તો જગજાહેર છે. છુપી દીક્ષાના હિમાયતી, સુધારકના વિરોધી, સ્વરાજના કટ્ટા શત્રુ, સ્વદેશીના પ્રખર વિરોધી, ધર્મના સ્વયંમાન્ય ધર્મી અને ધર્મના નામે મોક્ષની અને સ્વર્ગની ટીકીટો કાઢી આપનાર પણ આપજ છો.

સમાજમાં આપે જે ઝેરી પ્રચાર કાર્ય કર્યું છે તેથી આખો સમાજ માત્ર નહિ, પણ યુવકો તેમજ અજૈન સમાજ પણ આપને ઓળખે છે. આપની ખંભાતની, અમદાવાદની, મુંબઈની પ્રવૃત્તિ જગજાહેર છે; આપના પગલાં જ્યાં થાય ત્યાં કુસંપ ન વવાય તો આપની આબરૂ જતી રહે.

આપને આ પત્રથી ચેતવણી આપીએ છીએ કે અમદાવાદના યુવાનો આપના અત્રેના આગમનની વિરૂદ્ધ છે; તેઓ આપની પ્રવૃત્તિથી પૂરેપૂરા વાકેફ છે; તેઓ સમજી શકે છે કે આપ તેમના સમાજની, તેમના દેશની કેટલી ભલાઈ ચાહી શકો છો. દેશના હિત સામે, સ્વદેશી સામે, ખાદી સામે આપની દલીલો, મહાત્મા ગાંધીની આટ આટલી સેવા છતાં તેમના સામે આક્ષેપો આદિ કરવામાં આપ કદી પણ પાછી પાની કરતા નથી અને શ્રાવકોનું ભલું કરવામાં તો આપ પાપ માનો છો, તેમ છતાં તેજ શ્રાવકોના રોટલા ખાવામાં અને તેમના છોકરાઓ ઉપાડવામાં આપ પુણ્ય પણ માનો છો. આપની ગાળો તે યુવકો તો સોનાની નાળોજ સમજે છે. આપને આ આપેલી ચેતવણી છતાં આપ અત્રે પધારશો તો યુવકો તે સામે જે પગલાં લ્યે તે સારૂ આપ આપને પોતાનેજ કારણભૂત માની લેજો.

આપને જે યોગ્ય લાગે તે કરજો; પરંતુ તે સમેના વાતાવરણને વિસારતા ના.

કાગળ રામવિજયને હાથોહાથ આપવામાં આવ્યો છે.

લી૦ મંત્રી: **નવજુવાન જૈન સભા.**

આપણે કઢાવવા. એટલે કોઇના પૈસા લેવા તે ધર્મ વિરૂદ્ધ ગણાય. આ પ્રશ્નમાં સાધુ પંથીની છાપ દેખાય છે. તેઓમાંથી હિન્દમાંથી મળતો કયો લાભ જનો કર્યો છે? સારામાં સારો માલ મળે તે વાપરી શકે. અને આ દલીલને શું મેળ હોય? આ ખોટા વૈરાગ્યની છાપ છે. કર્તવ્યના પંથથી વિમુખતા સૂચન કરે છે. આ ખોટા વૈરાગ્યનો ઓપ ભૂંસવા તે બીજું કારણ છે. ત્રીજું કારણ:—જૈન એટલે જૈન સિદ્ધાન્ત. તેમના આચાર, વિચાર અને ક્રિયા જૈનોના વિશાળ દ્રષ્ટીબિંદુ સૂચવે છે. અહિસા પાણી ગળવામાં, કીડી વિગેરે બચાવવા અને પાંજરાપોળ પુરતી ગણાતી. તે તો છેજ. પરંતુ અત્યારે અહિંસા, તપ અને પરિસહનો વિસ્તાર કરવામાં આવે છે અને તે ૩૩ કરોડ મનુષ્ય સાથેનો સંબંધ જોડવા. જૈનો કઇ રીતે જુદા છે? ખાનપાન, બધી સગવડ લે. એટલે સ્વાતંત્ર્ય કે ગુલામી બન્નેમાં સરખોજ કિસ્સો છે. છતાં સાંપ્રદાયીક ભાવે તેમને જુદા રાખ્યા. એનાં પરિણામે જોશો કે મહાસભાના પ્લેટફોર્મ પર કેઇ જન આગળ આવ્યો નથી. વૈરાગ્ય ભાવના એટલે આયબીલ કે સંઘમાં ખર્ચ કરવો. તેને બદલે તેનો વ્યાપક અર્થ પિકેટીંગ કરતાં સહન કરવું તે બતાવવાનો હેતુ છે. આજે તો આપણે અહિંસા માટે હિંસા કરીએ છીએ. કયો પક્ષ હિંસા તરફ વધારે છે તે ત્રાજવે તોળી શકાય તેવું નથી. અત્યારે હિંદુ અને મુસલમાનની જેમ બે ફિરકા પડયા છે. સમ્યકત્વ સાચવવા લડાઇમાં જોડાય છે આ લડાઇઓમાં કેવળ બુદ્ધી અને શક્તિનો ક્ષય છે. આ પ્રવૃત્તિ હિંસામય છે. વૈરાગ્ય તો તેનું નામ છે કે આપણે ઓછામાં ઓછી સગવડ લેવી અને બીજાની અગવડોમાં ભાગ લેવો. પરંતુ અત્યારે તો એથી ઉલટુંજ બની રહ્યું છે. આપણી સગવડો પૂરેપૂરી સાચવવી અને આપણી અગવડોમાં મોટામાં મોટો ભાગ આપવો. ખરા જૈનને મતાંધતા જેવી વસ્તુજ ન જોઇએ. ખરૂં જોતાં વૈરાગ્યને નામે આળસ પોષાય છે. સામાયિક એટલે સમભાવ. તે ગમે તેવા કટોકટીના સમયમાં સમભાવ જે સ્વ. ગણેશ શંકર વિદ્યાર્થીએ સામાયિક કર્યું. હું દશ દશ સામાયિક કર્યાં પછી પાણી પીતો. પણ મેં ખરૂં સામાયિક કર્યું નથી તેમ કહું છું. કંઇ પણ પરિસહ સહન કર્યાં સિવાય ખાવા પીવા સંબધી કે ટાઢ કે તડકો કંઇ જરૂર ન પડે અને સામાયિક કરો અને ભોગના સર્વ સાધનો સાચવો અને કંઇ પણ સગવડતા જતી કરવા તૈયાર ન હો તે સામાયિક નથી. તે સર્વને વ્યાપક રૂપે સમજો જેથી વિશ્વ, દેશ અને સમાજ સાથે સંબધ—પ્રેમ ઉત્પન્ન થાય. પરંતુ અત્યારે તો અહિંસાને નામે હિંસા થાય છે. તે અહિંસાની આશાતના કરવા બરાબર છે. તર્કટ છે. પાખંડ છે. પાટણ, અમદાવાદ, ખંભાત વિગેરે ગામોના કેસો તરફ નજર કરો. શું આ કર્તવ્ય છે? આ રીતે લાખો અનુયાયીઓનો કચ્ચરઘાણ નીકળી જાય તેને બદલે તો બાહુબળ અને ભરતનો દાખલો આપી સૂચન કર્યું કે જેમનામાં હિંસક વૃત્તિ પેદા થઇ છે. તેમણે પોતેજ મેદાનમાં જઇ લડી લેવું. તે માટે પ્રેક્ષકની ટીકીટ રાખવી. જે ઉપજ સમાજના કલ્યાણ અર્થે વાપરી શકાશે. પરંતુ સર્વેએ કહી દેવું જોઇએ કે અમે લડતના અનુયાયીઓ નહિ થઇએ. આ તો આખા સમાજને દ્રોપ દેવાય છે. ધર્મની હાંસી થાય છે. માટે બધી બાજુથી શકિત એકત્ર કરી, સમૂહબળ એકત્ર કરવા અને અહિંસા અને સમતાનો વ્યાપક અર્થ કરી તે જગત્ પરત્વે અમલમાં મૂકી, વિશ્વ સાથેનો સુંદર પ્રેમમય સંબંધ બાંધવા અનુકુળ થાય તે દીશા તરફ પ્રગતિ સૂચક છે તે ત્રીજું કારણ છે. આ તમારોજ સવાલ છે. તમારામાં બુદ્ધી અને શકિત છે. તે વકીલાત કે બીજી સગવડો છોડી, સ્વદેશીની ઉત્પત્તી કરવા યોજના કરવા તેનો ઉપયોગ કરો.

શ્રીયુત અમૃતલાલ શેઠે વિરોધી પક્ષ તરફના ગડબડાટ પર ટકોર કરી હતી, આ બાબતમાં હું સમજું છું કે તમારા દીલમાં શંકા છે. તમારી કંઇક ઉણપ છે. તમે ઢીલા—પોચા છો તે ભાવના હોય તો તે કેટલેક દરજજે સાચી છે. કેટલાએક નામોશીભર્યાં પ્રસંગો બન્યા છે. અને પરદેશી રાજ્ય લાવવાનું કેટલેક અંશે આળ જૈન બચ્ચા પર મૂકાય છે. શત્રુંજયની લડતના પ્રસંગે કેસ તૈયાર કરેલો. તેમાં વફાદારી માટે, જયારે અંગ્રેજો પૂરેપૂરી મુંઝવણમાં હતા ત્યારે દેશ પરદેશ ખાતે ડીટેકટીવ તરીકે કામ કર્યું તેની ખાતર દલીલો અથવા હકીકતો રજુ કરવામાં આવી હતી, કે બીજું કંઇ નહિ તો આ કાર્યો બદલ તો શત્રુંજય આપો? ઇતિહાસમાં ભૂલો કરી દેશને ન સંભાર્યો, સ્વાર્થ સંભાર્યો. કોમ તરીકે વાડા બહાર નજર કરી નથી. ફિરકા તો એક મામુલી વાત છે. જયારે કાળા વાવટા અને અંદર અંદર લાકડીઓ ઉડે છે તે સાંભળીએ છીએ ત્યારે જૈન તરીક માથું નીચે નમાવવું પડે છે. સમાજ અને દેશને ઝઘડાઓ અહિતકર છે. છતાં અંદર અંદર ઝઘડા કરવા પડે તે શોચનીય છે. કોને ખાતર આ માથાં ફોડાવો છો? શું આવું કુંડાળું તોડી શકતા નથી. સંઘ હોય કે સોસાયટી સર્વને, તમારા આત્માને, તમારી જુવાનોને જૈન જનતાને અપીલ કરો. આ બાબતોમાં તમારા અને મારા માટે શરમાવા જેવુ છે. વિચારોનો પ્રચાર ખુશીથી કરો. પરંતુ તે પ્રેમભર્યો પ્રચાર હોવો જોઇએ શું લાકડીમાં અહિંસા છે. વૈર, કપ અને હુમલાની બુદ્ધીથી ચાલો છો ત્યારે અહિંસાથી ચાલો છો? કોઇપણ વાડાનો સાધુ કે શ્રાવક હિંસાના વિચારથી ચાલતો હોય તો તે ધર્મ નથી કરતો. અધર્મ કરે છે. અત્યારે વિશ્વના ઇતિહાસમાં અહિંસાનું નવું તત્વ બહાર આવે છે. અને સર્વને પગે પડીને વિનવાએ કે ઝઘડા ન વધારો. અને બુદ્ધિ અને શકિત સારા માર્ગે, વિશ્વ પ્રેમ બાંધવા તરફ વાળો એ નમ્ર વિનંતિ છે.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી લેવામાં આવતી શેઠ સારાભાઈ મગનભાઈ મોદી પુરૂષવર્ગ અને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની સન ૧૯૩૧ ની અને ત્યાર પછીની પરીક્ષાઓ નવીન નિર્ણીત થયેલા અભ્યાસક્રમ અનુસારે લેવામાં આવશે. આ અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ શરૂ કરાવવા સર્વે પાઠશાળાઓના વ્યવસ્થાપકોને જણાવવામાં આવે છે. નવીન અભ્યાસક્રમની કોપી જેઓને ન મળી હોય તેઓએ ઠે૦ **૨૦ પાયધુની, મુંબઈના** સિરનામે પત્ર લખી મંગાવી લેવી આવતી પરીક્ષા ડિસેમ્બર ૧૯૩૧ માં લેવામાં આવશે.

લિ૦ સેવકો,

**વીરચંદ પાનાચંદ શાહ,**
**સોભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**
માનદ મંત્રીઓ.

# તુલનાત્મક અને વિવેકદ્રષ્ટિ.

## પવિત્ર ભાગવતી દીક્ષા.

છેલ્લાં બે ચાર વર્ષમાં પવિત્ર ભાગવતી દીક્ષાને નામે સમાજમાં વૈમનસ્ય અને કલહ ઉપસ્થિત થયાં છે. કોઇ પણ જૈન આવી દીક્ષાનો વિરોધી હોઇ શકે નહિ. દીક્ષા-સંન્યાસ-ત્યાગધર્મ એ સર્વ કોઇ વ્યકિતનું અંતિમ લક્ષ્ય છે અને હોવું જોઇએ. સૌ સૌના અધિકાર પ્રમાણે ક્રમશઃ આત્મિક વિકાસ સાધે છે. એમાં અધિકાર ઉપરાંત જ્ઞાન, ઉમ્મર, સંજોગ, વાતાવરણ, ત્યાગ ભાવના વગેરે લક્ષ્યમાં રાખવાની ખૂબ આવશ્યતા છે. એ વસ્તુ એવી ઉચ્ચ કોટીની છે કે સર્વ કોઇ વ્યકિતથી સમાનપણે એ પ્રાપ્ત કરી શકાતી નથી. ઉપર્યુકત અનેક પરિસ્થિતિઓનો વિચાર કર્યા વગર ગમે તેવી વ્યકિતને એ ઉચ્ચ, પવિત્ર, આદર્શ અને વિશ્વવંદ્ય સ્થાન ઉપર નિયુકત કરવામાં આવે તો તેમાંથી ઘણી વખત અનિષ્ટ પરિણામની સંભાવના રહે છે. એમાં સખ્યાબળ કરતાં ચરિત્રબળને પ્રાધાન્ય છે. આથી સમાજનુ નામ નિન્દાને પાત્ર ન ઠરે, સમાજ અને ધર્મના ઉચ્ચ, પવિત્ર અને દિવ્ય સ્થાને સ્થપાયેલી વ્યકિતનું કદાપી પણ અધઃપતન ન સંભવે, ખોટુ અનુકરણ ન થાય એ ખ્યાલથી સમાજના કેટલાક હિતૈષીઓ એવું ઇચ્છે છે કે યોગ્યાયોગ્યતાનો વિચાર કરીને દીક્ષા અપાય તો જૈનત્વના સનાતન તેજને ઝાંખા પડવાનો સમય ઉપસ્થિત ન થાય.

## વિવેક દ્રષ્ટિ કે વિરોધ?

એ દિશામાં વિવેક દ્રષ્ટિથી વર્તવાને શ્રીમતી જૈન કોન્ફરન્સ અને શ્રી જૈન યુવક સંઘ જેવી સંસ્થાઓ યથાશકિત લોકમત કેળવી રહી છે. દીક્ષા-તત્ત્વને માટે બન્ને સંસ્થાઓને અપૂર્વ માન છે અને હોવુંજ જોઇએ. પરંતુ સાધુ સંસ્થા કેવી રીતે નિર્મળ ચાલુ રહે, ભૂતકાળની માફક વિશ્વ વંદનીય ટકી રહે, જગતના ધર્મોમાં મહાન પવિત્ર, આદરણીય અને અનુકરણીય બની રહે એવા સમાજ હિતના શુભ આશયથી પ્રેરાઇને જ્યારે આવી સમસ્ત જૈન સમાજનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓ પ્રયાસ સેવે, ત્યારે તેમને ભાગવતી દીક્ષાની વિરૂદ્ધ આચરણ કરનારી મંડળીઓના નામથી નવાજવી, અથવા તેના સંચાલકોને 'નાસ્તિકો' કે 'મિથ્યાત્વીઓ' તરીકે પ્રબોધવા, તેમજ તેઓને સાધુસંસ્થા ગમતી નથી, તેમને સંસારમાં રચ્યા પચ્યા રહેવું છે એવાં અને અન્ય અનેક પ્રકારના ગાલી પ્રદાનો, ગંદા પ્રચારકાર્યો, નિન્દાત્મક પ્રહારો અને અરસપરસ ફાટફુટ અને કલહની ચાલબાજીઓ સમાજ અને ધર્મની શુભેચ્છાઓ ધરાવનાર કોઇપણ વ્યકિત શોભતી નથી. એ સમાજ વૃક્ષને કુઠાર પ્રહાર કરવા સમાન છે. ઉપર્યુકિત સંસ્થાઓ જેને સમયધર્મી સુધારકોની સંસ્થાઓ કહેવામાં આવે છે તેમણે કદાપિ યોગ્ય દીક્ષાનો વિરોધ કે પ્રતિહાર કર્યો નથી, બલ્કે અનેક વખત સાથ આપ્યો છે. તેમને અયોગ્ય રીતે અણછાજતા સ્વરૂપમાં ચીતરી, જનતાને ઉશ્કેરી લડાઇના મોરચા માંડવા એ સમાજ અને ધર્મનો હિતચિંતક કદિ નજ ઇચ્છે.

## શ્રાવક સંસ્થા આવશ્યક છે?

બીજી બાબત શ્રાવક સંસ્થાના અસ્તિત્વ સંબંધી છે. આધુનિક કેટલાંક મુનિરાજોના વ્યાખ્યાનોમાંથી એવો ધ્વનિ નિકળતો જણાય છે કે આ સંસ્થા તદ્દન નકામી છે, નિર્મૂળ કરવા લાયક છે. આ બધાં એકાન્તિક વચનો છે. સમજવાની જરૂર છે કે શ્રી મહાવીર દેવે ચતુર્વિધિ સંઘની યોજના કરેલી દ્વિવિધ સંઘની નહિ. શ્રી મહાવીરે પ્રરૂપેલા ધર્મના સિદ્ધાન્તો કેવળ આદર્શમય અને સામાન્ય જનને અપ્રાપ્ય નથી, પણ દરેક વ્યવહાર અને સ્વીકાર કરવા લાયક છે. ભગવતી સુત્રમાં तिथ्थं चाउवण्णो संघो સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એ ચાર પ્રકારના સંઘને તીર્થ કહ્યું છે. એ ચતુર્વિધ સંઘ જંગમ તીર્થ છે. એ તીર્થને પ્રવર્તાવનાર તેજ તીર્થંકર એ ચતુર્વિધ સંઘના બનેલા જંગમ તીર્થથીજ સ્થાવર તીર્થનો ઉદ્ધાર અને સંરક્ષણ શકય છે પ્રાચીન ધર્મ ગ્રન્થોમાં શ્રી મહાવીરના શ્રાવકો અને શ્રાવિકાઓનાં દ્રષ્ટાંતો આપણે વાંચીએ છીએ. તેમના તરફ ભ્રાતૃભાવ, પ્રેમ, સાચો સ્વામીવાત્સલ્ય દર્શાવેલો જોવામાં આવે છે, તેમનો તિરસ્કાર કે અવગણના કરેલી નથી. ધર્મી ઉપરજ ધર્મનો આધાર છે. ધર્મીની હસ્તી નાબુદ થાય તો ધર્મ વિચ્છેદ પામે છે. ભારત વર્ષના અનેક મંદિરો, ઉપાશ્રયો, તીર્થો, જ્ઞાનસંગ્રહો એ સર્વ શ્રાવક સસ્થાને આભારી છે.

## સાપેક્ષ કે નિરપેક્ષ?

હિન્દુ ધર્મમાં પણ જીવનના ચાર આશ્રમોમાં ગૃહસ્થાશ્રમ ઘણુંજ ઉપયોગી, પરમોપકારક અને અન્ય સર્વ આશ્રમોના મૂળ તરીકે વર્ણવેલું છે. તે નિન્દ્ય અને નાશ કરવા લાયક નથી, અન્ય આશ્રમોના પાયા રૂપ છે. એ પાયા વગર સાધુ સંસ્થાની દિવાલ ટકી શકતી નથી. તેના ઉપરજ સાધુ સંસ્થાનું મંડાણ છે, તેમાંથીજ સાધુ સંસ્થા ઉત્પન્ન થઇ શકે છે, તેના વિકાસ ક્રમનું પગથીયું છે. સંસારને શાસ્ત્રોમાં બળતા ઘરની ઉપમા આપી હશે તે સાપેક્ષપણે વિચારવાની છે. સંસાર અને સંન્યાસની તુલનાત્મક વસ્તુસ્થિતિનો ખ્યાલ કરતાં મોક્ષનું અંતીમ ધ્યેય લક્ષમાં રાખીને એ વર્ણન છે, જેથી મનુષ્યો ક્રમશઃ ઉત્તરોત્તર પ્રગતિ સાધે, અંતીમ પદ પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બને. આ જીવી સામાયિક લેનાર બે ઘડી સામાયિક લેનાર સાથે કેવી રીતે વિરોધભાવ દાખવી શકે? પોતાનાજ મૂળમાં કુઠારઘાત કેવી રીતે કરી શકે? આથી જે કોઇ પણ વ્યકિત કોઇ પણ સંસ્થાનું એકાન્તિક રીતે પ્રતિપાદન કરે અથવા ગમે તે સંસ્થાને સાચવીને બીજી સંસ્થાનો વિચ્છેદ કરવા ઇચ્છે તે સમાજનો હિતચિંતક નથીજ, બલ્કે સમાજ અને ધર્મના દ્રોહ કરે છે.

હરિલાલ શાહ.

---

**જાહેર ખબર.**

જાહેર ખબરો લેવાનું અમે નક્કી કર્યું છે. ભાવ વગેરેની વિશેષ માહિતી નીચેના શરનામેથી મંગાવી લેશો :—

મુંબઇ જૈન યુવક સંઘ.
નાં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ,
મસ્જીદ બંદર રોડ, મુંબઈ નાં. ૩.

## આપણું એજ્યુકેશન બોર્ડ અને પરીક્ષાઓ સિવાયનાં અન્ય કાર્યો.

——:०○:0:○०:——

આપણું આ કેળવણી મંડળ હરીફાઇની ઇનામી ધાર્મિક પરીક્ષાઓ સંબંધી જે અગત્યનું કામ કરે છે તે ગયા અંકમાં આપણે જોઇ ગયા. આ પરીક્ષાઓ ઉપરાંત પાઠશાળાઓને અને વિદ્યાર્થીઓને મદદ કરવાનું કામ પણ પોતાની આર્થીક સ્થીતિના પ્રમાણમાં આ મંડળ કર્યે જાય છે. પરંતુ તે કાર્ય મંડળની નબળી આર્થીક સ્થીતિને લીધે વીસ્તારી શકાતું નથી. મ્હેસાણાવાળું શ્રી જૈન શ્રેયસ્કર મંડળ આ વીષયને અંગે જે મહત્વનું કાર્ય કરે છે તે જોતાં બોર્ડનું આ કાર્ય નીસ્તેજ જેવું જણાય છે. ખરૂં પુછાવો તો, શ્રી જૈન શ્રેયસ્કર મંડળ અને આ બોર્ડે આ વિષય પરત્વે કામની વ્હેંચણી કરવી ઘટે છે. અને શ્રી જૈન શ્રેયસ્કર મંડળ જે જે ન કરી શકે તે તે કામો આ બોર્ડે હાથ ધરવા ઘટે છે. જૈન કોમની સર્વ કેળવણી સંસ્થાઓ સાથે આ બોર્ડે નિકટનો પરિચય રાખવો જોઇએ અને તે તે સંસ્થાઓની કાર્યવાહીની સમાલોચના કરી કયાં કયાં સુધારા કરવા જોઇએ તે તે આ બોર્ડે સમાજને જણાવતા રહેવું ઘટે.

અમારા જાણવામાં આવ્યું છે કે મુંબઇની જૈન હાઇસ્કુલે પોતાને માટે ધાર્મીક અભ્યાસક્રમની વાચનમાળા તૈયાર કરવાનું કામ એક વીદ્વાન વ્યકિતને સોંપ્યું છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળે આ દિશામાં કંઇક કાર્ય કર્યું છે પણ ત્રીજી ચોપડી પછીનું કામ બંધ થયા જેવું લાગે છે. વ્યકિતગત કે સંસ્થાગત પ્રયત્નો આવકારદાયક છે પરંતુ વાચનમાળાનો પ્રશ્ન એવો વીકટ અને વિશાળ છે કે તે માટે એજ્યુકેશન બોર્ડ જેવી કેન્દ્ર સંસ્થા તે કામ હાથ ધરે તો વીશેષ ફળદાયી થાય. કેળવણી પરીષદ્ બોલાવી, તેવી વાંચનામાળાને અંગે ચોક્કસ નીર્ણયો કરી, વિદ્વાનોની કમીટી નીમી તેવું કાર્ય હાથ ધરવામાં આવે તો સર્વદ્રષ્ટીએ સાંગોપાંગ અને સંગીન કામ થાય. થીગડાં માર્યે હવે ચાલી શકવાનું નથી. શીક્ષણસીદ્ધાંતોને અનુસરીને, જમાનાને અનુકુળ પદ્ધતીએ તે કાર્ય કરવાનું હોઇ, એજ્યુકેશન બોર્ડે તે સંબંધે ગંભીર વીચારણા કરવી ઘટે છે. આવાં મહત્વના કાર્યો હાથ ધરવામાં બોર્ડે દાખવેલી શીથીલતાને લીધેજ ગત જુન્નેર કોન્ફરન્સમાં બોર્ડને અંગે એવો ઠરાવ કરવામાં આવ્યો કે બોર્ડે પાંચ વર્ષનો કાર્યક્રમ નક્કી કરવો. આમ છતાં તેવો કાર્યક્રમ હજી સુધી નિર્ણીત થયો હોય એમ સાંભળવામાં આવ્યું નથી. રાષ્ટ્રીય ચળવળોમાં કાર્યવાહકો રોકાયેલા રહેતા હોવાના કારણે કદાચ આવું અગત્યનું કાર્ય હાથ ન ધરી શકાયું હોય તે બનવાજોગ છે પરંતુ હવે તો તે તરફ સત્વર ધ્યાન આપવું ઘટે છે. કાર્યક્રમ તો ઘણુંય છે પણ પૈસા નથી એ દલીલ પણ ટકી શકતી નથી. સુકૃત ભંડારના પ્રવાહનો વેગ અનેક રીતે વધારી શકાય. યોજનાઓ ઘડી તે માટે દ્રવ્યની માંગણી પણ સમાજને કરી શકાય. જૈન સમાજમાં સારા કાર્યો માટે પૈસાની તાણ પડતીજ નથી. માટે હવે તો આ દીશામાં જલ્દી પ્રયાણ કરવું ઘટે છે. B

## (નકલ.)

તા૦ ૪-૪-૩૧

**શ્રી યંગમેન્સ જૈન સોસાયટી સમાચારના તંત્રીની જોગ,**

**મુ. અમદાવાદ.**

મુંબઇથી લીખતંગ રતીલાલ ભીખાભાઇના જયજીનેંદ્ર વાંચશો. તમારા તરફથી અંક છઠો મળ્યો નથી ભુલથી મોકલવો રહી ગયો હોય તો મોકલી આપશો. રસીદ નં૦ ૫૨ પ્રમાણે આઠ આના તા૦ ૧૧-૧૧-૩૦ ના રોજ વર્ષીક લવાજમના ભર્યા છે તેથી ધ્યાન ખેંચવા રજા લઉં છું કે આ કાગળ મળેથી તરતજ મોકલી આપશો. એ વાત સત્ય છે કે મેં તમારી સંસ્થાને ગુલામી ખત લખી આપ્યું નથી. તમારા વિચારોથી ભીન્ન વિચારો ધરાવું છું તમારા કર્તવ્યોની શરૂઆતથી ટીકાઓ કરતો આવ્યો છું અને તેથી જો તમો મોકલવા વિચાર ન રાખતા હો તો મહારા નાણા પાછા મોકલી આપશો.

ખાસ નોંધ લેશો કે તમો સમાચાર પત્ર નહી મોકલો તેથી તમારા સહામે થતાં લખણો અટકી પડશે તેમ જો તમે ધારતા હો તો ભુલ કરો છો કારણ કે એવા મ્હારા ઘણા મીત્રો છે કે જેઓ તમારી સંસ્થાના સભ્યો સંજોગોને લીધે થયા છે અને તમારા તોફાની વીચારો સાથે મળતા નથી. એટલે તમારૂં માસીક સમાચાર જરૂરાજરૂર ફુરસદે વાંચીશ અને જયાં જયાં ધર્મની વીરૂદ્ધ લખાણ આવશે-જૈનોને છીન્નભીન્ન કરવામાં તમારી કલમ બહાર પડશે ત્યારે હું તમારી પોકળ લીલા જરૂરાજરૂર બહાર પાડતો રહીશ.

વિનંતી સાથે લખું છું કે જો આ કાગળ મળેથી ત્રણ દીવસમાં તમારા તરફથી છઠા અંકની કોપી નહીં મળે તો હુ તમારી તુંડાઇ માટે જરૂરાજરૂર ભગવાન મહાવીર દેવના શાસનદેવ પ્રત્યે પ્રાર્થના કરીશ કે આવા ભામટાઓની તુંડાઇ સુધરે કે જેથી કરીને જૈન સમાજમાં અંગારા વેરે છે તે વેરતા બંધ થાય. હે પ્રભુ વઢવાણ જેવા પાઠો આવાને જરૂરાજરૂર પઢાવ કે જેથી તેમની શુધ્ધી ઠેકાણે આવે ટુંકમાં હું નથી તમારો સભ્ય કે યુવક સંઘનો સભ્ય એટલે મ્હને તમારી કે યુવક સંઘની પરવા નથી-મ્હને પરવા છે ફકત વીતરાગ દેવ પ્રત્યેની મ્હારી શ્રધ્ધા કાયમ રહે તેનીજ. સમજશો તો ઠીક નહી તો કુદરત તેનું કામ કર્યા કરશે અને અસત્ય રસ્તા લેનારને જરૂરાજરૂર તેના કર્મ ભોગવવા પડશે તેની નોંધ લેશો. આ કાગળ પોસ્ટ સરટીફીકેટમાં મોકલવ્યો છે

તા. ક. હજુ સુધી સોસાયટી સમાચારની કોપી મળી નથી તેથી જૈનોની જાણ માટે યંગમેન્સ જૈન સોસાયટીની પોકળતા અને મનોદશા જૈન તેમજ જૈનેતર સમાજના લક્ષમાં રહે તે ખાતર આ બહાર મૂકવા ફરજ પડી છે.

લી૦ રતીલાલ ભીખાભાઇ.

તા૦ ૧૦-૪-૩૧.

## : : લવાજમ : :

| | |
|---|---|
| વાર્ષિક (ટ. ખ. સાથે) | રૂ. ૨-૦-૦ |
| સંઘના (સ્થાનિક) સભ્યો માટે | રૂ. ૧-૦-૦ |

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના વૈશાખ સુદી ૨. | છુટક નકલ : |
| અંક ૧૬ મો. | તા૦ ૨૦-૪-૩૧ | ૦ાા આનો. |

## શ્રી સાગરાનંદસુરીના શિષ્ય ચંદ્રસાગરની ઉત્સૂત્ર પ્રરૂપણા.

વઢવાણ કેમ્પમાં પોતાનો અડ્ડો જમાવવા માટે રામ ભકતોએ ખાસ ચંદ્રસાગરજીને તેડાવ્યા, કેશર વિજય ગણી ગ્રંથમાળાના સંબંધી જગ બત્રીસીએ ચડેલા રામ ભકત ...... વરનો ભા બન્યો હતો. કેમ્પના જૈન સંઘે ઘણીજ સમય-સુચકતા વાપરી હતી કારણકે કેમ્પના શાંન્ત વાતાવરણમાં દાવાનળ ન પ્રગટે. છતાં કારસ્થાન કરનાર ટોળી યેન્ કેન્ પ્રકારે સંમેલનો ભરવા માંગતી હતી. છતાં શેઠ નગીનદાસ શેઠ પોપટલાલ ફાવી શકયા નહી ત્યારે આખા સૌરાષ્ટ્રમાં દોડા-દોડ કરી પણ સ્થાન મળ્યું નહી ત્યારે ગુજરાતનો આશરો લેવો પડયો.

ચંદ્રસાગરજીએ અહીં વ્યાખ્યાન શરૂ કર્યું અને પચીસ માણસોની વચમાં તેમનો વેપાર શરૂ કર્યો અને ચારીત્રની પુષ્ટીમાં ઉત્સુત્ર પ્રરૂપણા કરવી તે તો તેમનો ધંધોજ રહ્યો, એટલે તેમના હૃદયમાં એમજ હતું કે આ બધા મેંઢાઓ છે પણ ત્યાં તો ભડકો થયો. કારણ? તેમણે જણાવ્યું કે સર્વ વીરતીધર્મી–દેશ વીરતી ધર્મી અધર્મી અને સમકીતી અધર્મી. અને મીથ્યાત્વી મહા અધર્મી. કૃષ્ણ ભગવાન શ્રેણીક મહારાજાને જો કે ક્ષાયીક સમકીત હતું છતાં શાસ્ત્રકારે તેમને અધર્મી કહ્યા છે કારણ કે તેમનામાં વિરતીપણું ન હતું એટલે–વિરતી વગરનો મનુષ્ય અધર્મી છે પછી તેને જૈન તો કેમજ કહેવાય ?

આ વખતે વ્યાખ્યાનમાં બેઠેલ એક ધર્મના જાણકાર ભાઇએ જણાવ્યું કે મહારાજ સાહેબ આપ જે બોલો છો તે વ્યાજબી નથી "ઉવસગ્ગહરં"ની ગાથા તુહ સંમ્મતે વાલી કહી અને સમસ્ત અને તેમાં પણ ક્ષાયિક સમસ્ત કે જે સર્વથી શ્રેષ્ટ છે તે સમક્તિને અધર્મી કહી શકાયજ નહી. નવપદજીની પુજાનો દાખલો આપી જણાવ્યું કે ચારીત્ર વગર મોક્ષે જવાય પણ સમક્તિ વગર નહી" છતાં પણ મહારાજે પોતાનો કદાગ્રહ છોડયો નહીં અને "ચાલ્યા જવાનો જાકારો નાખ્યો." આથી ચર્ચા વધી. સામસામી ચર્ચાઓ ચાલી અને આ સંબંધે વિશેષ ચર્ચા ઉઠશે, તેમ આખાય ગામમાં હોહાકાર થઇ રહ્યો. આ મુનીશ્રીની સાથે એક માંદગીવાળા સાધુ હોવાથી એક માસ રહેવાના હતા પણ ચર્ચા શરૂ થતાં અને ન્યાયી જવાબ આપવાની શક્તિ ન હોવાથી સાંજના પલાયન થઇ ગયા, જે કોઇને ખબરજ પડી નહી.

હવે ગીતાર્થ સાધુઓને તથા શ્રાવકોને વિનંતી છે કે આ ચંદ્રસાગરજીનું વચન ઉત્સુત્ર ભાષી છે કે કેમ? તેનો ખુલાસો જૈન પ્રજાની જાણ માટે દરેકે દરેક કરશે તેમ વિનવું છું.

લી૦ ખબરપત્રી.

## જૈન–યુગના લેખકોને.

### નિતી–રીતીના આકર્ષક નામ નીચે છુપાયેલ નિર્બળ મનોદશાને ફગાવી ઘો !

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી ત્રિમાસીક "જૈન યુગ" મોહનલાલ દલીચંદ દેશાઇના તંત્રીપણા નીચે અનિયમીત રીતે પ્રગટ થતું હતું. ધીરે ધીરે જૈન યુગના કાર્યવાહકોને પોતાની બેદરકારીનું ભાન થયું અને જૈન યુગને ત્રિમાસીકમાંથી પલટાવી પત્રિકા પત્ર બનાવી નિયમીત રીતે જૈન સમાજને ચરણે ધરવાની ઉમેદ થઇ. અને તે પાર પડી.

જૈન યુગના કોલમોમાં અગ્રસ્થાન ભોગવનાર લેખકો જૈન સમાજના વિદ્વાન અને ચુનંદા લેખકો હોવા ઉપરાંત જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ખાસ કાર્યવાહકો છે. એટલે શ્રીમતિ કોન્ફરન્સ ઉપર થતા અસત્ય આક્ષેપ અને ગ્લીચ હુમલાઓનો સામનો કરવો એ જૈન યુગના લેખકોનું પ્રધાન કર્તવ્ય હોવું જોઇએ, છતાંય જયારે વિરૂદ્ધ પક્ષ તરફથી શ્રીમતિ કોન્ફરન્સ ઉપર અનેક પ્રકારના અસત્ય, ગ્લીચ અને હલકા હુમલા કરવામાં આવે ત્યારે જૈન કોન્ફરન્સના કાર્યકર્તાઓ (જૈન યુગના ખાસ લેખકો) તેવા લખાણો પ્રત્યે તદ્દન બેદરકાર રહે એ જૈન યુગના લેખકો માટે અતિ શરમાવનારી બીના છે.

"જૈન–યુગ" એ જૈન કોન્ફરન્સનુ મુખ–પત્ર છે. અને જૈન શ્વેતાંબર કોન્ફરન્સ એ અખીલ ભારતવર્ષના મૂર્તિપુજક જૈનોની પ્રતિનિધીત્વ ધરાવનારી સંસ્થા છે એટલે જૈન સમાજના આંગણે આંગણે ચર્ચાઇ રહેલ સામાજીક, ધાર્મીક, નૈતીક અને રાષ્ટ્રીય પશ્નોના પ્રત્યેક વિભાગપર તટસ્થ બુદ્ધિએ વિચારણા કરવાને જૈન–યુગના કોલમો સદાને માટે ખુલ્લાજ હોવા જોઇએ. પરંતુ અફસોસ ! દિલગીરીની વાત છે કે, જૈન યુગના પ્રથમ અંકના "નિતી–રીતી" એ હેડીંગ નીચેના અગ્રલેખમાં ઉત્સાહીત લેખકોની લેખન–શક્તિપર અમુક અંશે કાપ મુકાયો છે આશા છે કે, જૈન–યુગના કાર્યવાહકો "નિતી–રીતી"ના સુંદર અને આકર્ષક નામ નીચે છુપાએલ નિર્બળ મનોદશાને ફગાવી દઇ સત્ય બીના સમાજને ચરણે રજુ કરવામાં પાછી પાની નહિ ભરે. એજ અભ્યર્થના !

"સત્ય–વક્તા."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

श्रीमद् હરિભદ્રસૂરિ.

# શ્રી જૈન યુવક પરિષદ.

આજથી પંદર દિવસ પહેલાં પત્રિકા મારફત વડોદરામાં જૈન યુવક પરિષદ ભરનાર છે તે સમાચાર અમોએ પ્રસિદ્ધ કર્યાં હતા. વડોદરાના યુવાન બંધુઓના પ્રયાસ માટે અમો અભિનંદન આપીએ છીયે. વડોદરા મધ્યસ્થ સ્થળ હોવાથી જુદા જુદા સ્થળના યુવકોને અનુકુળ થઇ પડે તે સ્વાભાવિક છે. પરિષદનું સ્થળ નકી થયા પછી નીચેના મુદ્દાઓ વિચારવાના રહે છે. પરિષદનો સમય કાનુ બંધારણ, ઠરાવો સંબંધી વિચારણા, જુદા જુદા સ્થળોમાં પ્રચાર કાર્ય. જો કે ઘણે સ્થળેથી જે સુચનાઓ આવે છે તેમાં સમય જેમ બને તેમ વહેલો નકી થાય તેમ ઘણા બંધુઓ ઇચ્છે છે. અમારા સહકારી બંધુઓ પણ પરિષદ વહેલી મળે તેમ ઇચ્છે છે. પણ બહોળા પ્રમાણમાં પ્રચાર કાર્ય કરવું હોય ને ઠરાવોના ખરડાની છુટથી ચર્ચા થવા દેવી હોય તો પરિષદનો સમય મોડો રાખવાની જરૂર પડશે. વડોદરાના બંધુઓ પણ અમોને મળેલા સમાચાર મુજબ પરિષદ કારતક માસમાં ભરવાના નિશ્ચય ઉપર આવ્યા છે. જરૂર જણાયેથી તેમાં થોડો ઘણો ફેરફાર કરવો હશે તો કરી શકાશે. વચ્ચેના સમયમાં વડોદરાના બંધુઓએ પ્રચાર કાર્ય શરૂ કરી દેવું જોઇએ. પરિષદ ભરાય તે પ્રસંગે કયા ધોરણે કામ લેવાનું છે. ડેલીગેટો કોણ થઇ શકે, કોણ તેને ચુંટી શકે. પરિષદનું ક્ષેત્ર વગેરે મુદ્દા ઉપર હસ્ત પત્રો બહાર પાડી છુટથી ચર્ચા થવી જોઇએ. વડોદરાના ભાઇઓને એક સુચના ખાસ કરીને કરવાની છે જે બંધારણ ઘડો, જે રૂપરેખા નકી કરો તે એટલી સાદી ગોઠવજો કે જેથી બીજા ગામો બીજે વરસે આમંત્રણ કરવાની હિંમત ધારી શકે. 'આવું તો આપણાથી થઇ શકે નહિં' એવી ભીતિથી અનુકરણ ન થઇ શકે તેવી ધામધૂમની આપણે જરૂર નથી. યુવક પરિષદ પોતાના પગ ઉપર રહી શકે. ભરનાર ગામવાળાઓ જાત મહેનત તથા થોડા ખર્ચે ભરવાની હિંમત કરી શકે તેવી યોજના ઘડવાની જરૂર છે. સ્વાગત સમિતિ યોગ્ય સંખ્યામાં રચાઇ જાય ત્યાર પછી જુદી જુદી સમિતિઓ નીમવી જરૂરની થઇ પડશે તેમાં પ્રચાર સમિતિ તથા બીજી એકાદ બે કમીટીઓ તાકીદે નીમવાની જરૂર હોય તે નીમાવી જોઇએ. ઉદ્દેશ અનુસારના મંડળોના લીસ્ટ મેળવવા તથા તે મંડળો સાથે પત્ર વ્યવહાર શરૂ કરી દેવો જોઇયે. વિચારોની સારી રીતે ચર્ચા બાદ જરૂર જણાય તો જુદા જુદા સ્થળના મુખ્ય કાર્યવાહકોને વડોદરામાં નિમંત્રી તેમની સાથે વિચારણા કરી છેવટની રૂપરેખા નકી કરવી. જેથી પરિષદ ભરવા પ્રસંગે સરળતાથી કાર્ય થઇ શકે. જે બંધુઓ આવી પરિષદની જરૂરીયાત સ્વીકારે છે તેમણે પણ હવે બેસી રહેવાનું નથી. યુવકોના મંડળોએ પોતાની આસપાસ પરિષદ સંબંધી સાધારણ ભાષણ શ્રેણિ ગોઠવી જાગૃતિ આણવાની જરૂર છે. પરિષદ ભરાય તો ઠીક એટલું કહેવાથી પરિષદ ભરાઇ જતી નથી વળી પરિષદ પાસેથી જે વસ્તુની આપણે આશા રાખતા હોઇએ. તે વસ્તુની વિચારણા પોત પોતાના મંડળોમાં અવશ્ય કરવી જોઇએ. તે ઉપરાંત પોત પોતાના વિભાગની જુદી જુદી ધાર્મિક સંસ્થાઓની માહિતિ યુવાનોએ એકત્ર કરવી જોઇએ. કેળવણીને અંગે પોત પોતાના વિભાગમાં શું શું જરૂરીયાતો છે જે જે કેળવણીની સંસ્થાઓ ચાલે છે તેમાં શું શું ખામી છે તે ઉપરાંત પોત પોતાના સંઘોમાં બંધારણ શું છે તે બધી માહિતી યુવાનોએ મેળવી લેવાની જરૂર છે પુરતી માહિતી સાથે રચનાત્મક ને ખંડનાત્મક બંને પ્રકારની કાર્ય પ્રણાલિકા યુવાનોએ ગોઠવવાની છે. પરિષદનો ઉદ્દેશ તથા ડેલીગેટની લાયકાત વિષેની યાદી વડોદરાની કમીટી તરફથી પ્રગટ થાય તે પછી તરતમાંજ સ્થળે સ્થળના મંડળોએ પોતાના મંડળના નામો વડોદરા સમિતિ ઉપર મોકલી આપવા જોઇએ જેથી વડોદરા સમિતિના કામકાજમાં સરળતા થાય વિવેકમાં રહીને પણ દરેક વિષયને આ પરિષદમાં ચર્ચાવા દેવો જોઇએ. યુવાનોએ સંકોચિત મનોદશાનો ત્યાગ કરવો જોઇયે ચોકસ વિષય પરિષદમાં ચર્ચાવાનો છે માટે આપણે ભાગ લેવો નહિ એવી વિચાર શ્રેણીને ત્યાજ્ય ગણવી જોઇએ જે મનોદશા માટે આપણા વડીલોની ટીકા આપણે કરતા હઇએ તેજ મનોદશા યુવાનોની ન હોવી જોઇએ પોતાના વિચારો પરિષદમાં મૂકવાની સર્વેને છુટ છે. તો પછી શા માટે પોતાના વિચારો પરિષદ સમક્ષ મુકી બીજા બંધુઓને પોતાના વિચારના બનાવવાનો પ્રયાસ ન કરવો. જે મર્યાદા કોન્ફરન્સ નથી રાખતી તો પછી યુવક પરિષદમાં મર્યાદા હોઇ શકે નહિ. યુવાનોએ પોતાનો અવાજ હવે છુપાવવાની જરૂર નથી. સત્તાના શોખીનોને તથા કંટ્રાટીઓની સત્તાને લઇ ચલાવી લેવાની નબળાઇ યુવાનોએ રાખવાની જરૂર નથી. કોમની સાચી સેવા તથા પોતાનું યોગ્ય સ્થાન યુવાનોએ સંભાળી લેવાની જરૂર છે. છેલ્લી રાજદ્વારી લડતે યુવાનોની શક્તિનો ખ્યાલ આપ્યો છે દ્રવ્યની અનુભવની બધી અગવડો દુર કરી પુરતા ત્યાગ સાથે પરિષદને ફતેહમંદ બનાવવાના પ્રયાસોમાં અન્ય સ્થળના યુવકો ફાળો આપશે એવી આશા રાખીયે છીયે.

---

**શિક્ષણ સમેલન**-જૈન એજ્યુકેશન બોર્ડે જૈન શિક્ષણ સંમેલન ભરવાનો ઠરાવ કર્યો છે. સ્થળ તથા સમય નકી થયે જણાવવામાં આવશે,

**શેત્રુંજયની યાત્રા બંધ થવાની અફવા**-હાલ કેટલોક વખતથી એવી અફવા સમાજમાં ફેલાયલી છે કે શત્રુંજયની યાત્રા બંધ થવાનો સંભવ છે. આ બાબતમાં આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોએ યોગ્ય ખુલાસો પ્રગટ કરી કોમને સાચી પરિસ્થિતિથી માહીતગાર કરવાની જરૂર છે.

# નાનકડી વ્યવહાર એકતા.

જૈનો—જૈન ધર્મીઓ—આજ કેટલી ન્યાત જાતોમાં વહેંચાઇ રહ્યા છે તેનો આપણે વિચાર કરવો ઘટે છે. જૈન ધર્મને પાળનારા, અહિંસાને માનનારા નિરંમિષાહારીઓ વચ્ચે વ્યવહાર ભેદ પાલવે કે કેમ એ વાત વિચારવાનો અને તેને માટે કાંઇક કરવાનો સમો હવે કયારનોય આવી લાગ્યો છે. રોટી વ્યવહાર અને બેટી વ્યવહારના સવાલનો ફડચો પણ એજ રીતે કરીને જૈનત્વને એક અને અખંડ કરવાની વેળા હવે આવી પુગી છે.

જૈનોનો મોટો ભાગ વણિક વર્ગનો છે, એટલે અન્ય નાના વર્ગને એમાંજ સમાવી લેવો ઘટે એમ માનીને વણિક જૈનો માટેજ પ્રસ્તુત લેખમાં વિચાર કરીશું.

આપણી કોમને આપણે શ્રીમાળી, ઓશવાળ, પોરવાડ, વળી દશા, વીશા વગેરેમાં વહેંચી નાંખી છે. તેની વહેંચણી વળી પાછી સ્થાનકવાસીને દેરાવાસી તેમજ દિગમ્બર સંપ્રદાયમાં કરીને કોમના ભાગલા વ્યવહાર રીતે પાડતાં આપણે પાછું વાળી જોયું નથી.

આ પ્રશ્ન કોમનો કે ધર્મનો નથી. પણ બંનેનો ઓતપ્રોત સવાલ છે. જૈન કોમ ધાર્મિક દ્રષ્ટિયે એકજ કોમ છે, એકજ હોવી ઘટે તો વ્યવહારિક નજરે તે એક કાં ન હોય? અને છતાં ઘણે સ્થળે ગુજરાત—કાઠીઆવાડમાં આપણે એજ દ્રષ્ટિયે એટલે ધર્મિક નજરેજ વ્યવહાર એકતાના ભાગલા પડી ગયા છે એ ખેદની વાત છે. દાખલા તરીકે ઝાલાવાડના ઘોળ લ્યો, ત્યાં "વાસી"નાજ ઝઘડા કોઇ લોજ ન મળે. જૈનત્વને વાસી થવું પાલવે?

એમ એક તરફ જૈનત્વનો વ્યવહાર દેરાવાસીને સ્થાનકવાશી વચ્ચે વહેંચાઇ રહ્યો છે તો બીજી બાજુએ એકજ સંપ્રદાયના (દેરાવાસી કે સ્થાનકવાસી બેમાંથી ગમે તે એકજ) બે જૈનો વચ્ચે પણ કન્યા વ્યવહાર નથી થતો કારણ કે તેઓ દશા કે વીશા, અગર ઓશવાળ કે પોરવાડ હોય છે.

અહો આટલેથીજ સંતોષ ન માનતાં આપણે સ્થાનિક ઉંચનીચના ભેદ પાડતાં પણ પાછી પાની કરી નથી. કદાચ ગુજરાત કાઠીયાવાડ એ સામાજિક રીવાજોને અંગે હાલ એક ન બની શકે, પણ તે વાત આઘી રાખીને કાઠીઆવાડમાંજ નજર કરીએ તો જણાશે કે એક કાઠીઆવાડમાંજ છથી સાત ઘોળ એટલે વ્યવહારના કટકા છે. ગુજરાત પણ એવીજ રીતે ઘોળમાં કે એકડામાં વહેંચાઇ રહેલું છે. તેમાંય વળી અમદાવાદ, જામનગર, ભાવનગર, વગેરેની સ્થાનિક મિથ્યા મહત્તાની વાત તો નોખીજ.

આ વાડા, આ ભાગલા જૈન કોમને છિન્ન ભિન્ન કરી રહ્યા નથી? વ્યવહાર એકતા વિના ધાર્મિક એકતા સાધવી કઠણ છે અને પરિણામે જૈનત્વને સોસવુંજ પડે છે આપણું ધ્યેય ત્રણે ફીરકા વચ્ચે એકતા સાધવાનું છે, પણ વ્યવહાર ભેદ એક એક ફીરકાની એકતામાં પણ આડો આવે છે ત્યાં ત્રણ ફીરકાની વાતજ કયાંથી કરવી? છતાં એમ નિરાશ થયે પાલવે તેમ નથી ધાર્મિક એકીકરણ માટે સામાજિક સગઠન, વ્યવહાર એકતા સાધ્યા વિના છુટકોજ નથી.

અલબત આવો એકતા વ્યવહાર કદાચ મોટા મોટા પ્રાંતવાર હાલ ચાલુ થાય એટલો આદર્શ પણ આજ આપણે સેવીએ તો અનુદાર કે અવ્યવહારૂ નહિ ગણાઇએ પણ આજ તો ઉપરનાં કારણોને પરિણામે આપણા વ્યવહારની રીવાજ સાંકળ એક કચ્છ, એક કાઠીઆવાડ કે એક ગુજરાત પૂરતી પણ નથી થઇ અને ઘરઘરના જુદા જુદા રીવાજ થઇ પડયા છે, ત્યાં એટલી વિશાળતા હમણાં તો માંડી વાળવી પડે તેમ છે. આ ભેદને કારણેજ કેટલાક ભાગમાંથી આપણે કન્યા વિક્રયને તદ્દન દૂર કરી શકયા નથી અને ત્યાં તો બીજી બાજુએ ભણવાની મદદને બહાને કે વિલાયતની યાત્રાને લોભે કે એવાજ કારણે કેટલાક જુવાનો આજ કન્યાની છતને લીધે એક કે બીજી રીતે વરવિક્રયનું પોષણ કરવા મંડી પડયા છે.

આ વ્યવહાર એકતા, સામાજિક વ્યવહારની એક સાંકળની વાત એટલા માટે જરૂરી છે કે તેની સાધનાથી ત્રણે ફીરકાની ધાર્મિક એકતા સાધી શકાય તેમ છે, દરેક જ્ઞાતિ વચ્ચે જે ભેદ છે તે તોડી શકાય તેમ છે, વ્યવહારને એક રંગી ને શુદ્ધ કરી શકાય તેમ છે અને કુરિવાજોને એકીકરણથી દૂર કરી શકાય તેમ છે. જે ધાર્મિક એકતા અત્યારે સાધી શકાતી નથી તે આથી સાધી શકાશે, સહિષ્ણુતાને નિખાલસ એખલાસ વધશે અને તેને લીધે જૈનત્વને એક ને અખંડ બનાવી શકાશે.

આની તૈયારી માટે ધગશ, નિરભિમાન અને નિખાલસપણું તેમજ ખોટી મોટાઇના ખોટા ખ્યાલ છોડવાની તૈયારી કરવી જોઇશે. તે ઉપરાંત હાલ તુરત કેટલાંક વ્યવહાર પગલાંનું સૂચન થઇ શકેઃ—

૧. ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છના હાલ તુરત ત્રણ વિભાગ તેજ પ્રમાણે પાડવા અને એ ત્રણનેજ પ્રથમ જુદા જુદા એક કરવાની યોજના ઘડવી અને તે મુજબ તેને પ્રાંતોની જૈન કોમો વચ્ચે બેટી વ્યવહાર કરવાની યોજના કરવી.

૨. દશા શ્રીમાળી તેમજ વીસા શ્રીમાળી અને એવી બીજી કોમને એટલે વણિક કોમની પેટા કોમને કન્યાવ્યવહારથી એક કરવાની વ્યવસ્થા ઘડવી. તેમાં પ્રાંતિક કે સ્થાનિક કે ધાર્મિક ભેદને મુદ્દલ અવકાશ ન હોય.

૩. આખા એક પ્રાંતને માટે વ્યવહારના નિયમો એક કરવા, અને તે પળાવવા માટે નિશ્ચયપૂર્વક સંગઠ્ઠન સ્થાપવું.

૪. આ બધું કરવા અગાઉ એક કમિટી નીમવી. તે કમિટી પ્રત્યેક સ્થળે ફરીને આગેવાનોને સમજાવે, તેમના મત મેળવે અને તરફની તેમજ વિરૂદ્ધની જુબાનીઓની કારણો સહિત નોંધ લે. તેમજ કયાં કયાં સક્રિય શું શું થઇ શકે તેમ છે તે પણ નોંધે.

૫. આ બધી તૈયારી માટે પ્રથમ તેનું પ્રચાર કાર્ય હાથ ધરવું, અને તે પણ જોસભેર ચાલુ રાખવું.

૬. નીમેલ કમિટી આ પછી એક વ્યવહાર હેવાલ, યોજનાપૂર્વક તૈયાર કરે.

૭. છેવટ એક ખાસ પ્રતિનિધિઓની સભા ગામવાર બોલાવી તેના પર વિચાર ચલાવી; અમલ થઇ શકે એવી એક યોજનાનો ઠરાવ અમલ કરવાના નિર્ણયને નિશ્ચયથી પસાર કરવો.

જો કે સૌથી સરસ તો એજ છે કે જેને જેને આ વસ્તુ ખરી લાગે, તેમણે ન્યાતોને સમજાવવી અને પોતે આવા વ્યવહાર બાંધવાના સંયોગોમાં એટલે કે તેને સંતાનો

ઉમર યોગ્ય હોય અને પોતે તેનાં એવી રીતે લગ્ન કરી શકે તેવા હિમ્મતવાન હોય તો તેમણે આ વસ્તુનો અમલ કરવાનો આરંભ કરી દેવો. આવા અમલ અનેક સ્થળે અનેક માણસોથી થાય તો પણ આ વ્યવહાર ભેદ તૂટી જાય.

આમાં પણ પ્રથમ વિરોધ નડશે. કેટલાક ગુરૂ મહારાજે અને તેમના અંધ અનુયાયીઓ આ એકતા હજી થવા ન દે એવા હશે—અલબત્ત તેઓ તે વાત શ્રદ્ધાપૂર્વક; સરલતાભરી અંધશ્રદ્ધાપૂર્વક માનતા હશે, ઘણા વૃધ્ધો, વડિલો, અગ્રેસરો, અરે કેટલાક કેળવાયેલા, પદવીધરો, પણ હજી એવા પડયા હશે કે જેઓ આવી હિલચાલ વિરૂદ્ધ પડશે. પણ આવાં નાનાં દેખાતાં રચનાત્મક કાર્યો પણ હવે યુવકોએ ઉપાડી લેવાંજ પડશે, અને ધીરજ, ખંત અને વિનયભર્યાં સાહસથી તે પાર પાડવાં પડશે.

આવા કોમના નાના રચનાત્મક પ્રશ્નો પર પણ યુવકો વિચાર કરે, કાંઇક કાંઇક પ્રકાશ પાડતા રહે અને વ્યવહારૂ માર્ગ યોજી તેને પાર પાડવા યત્નો સેવે.

આશા છે કે આ સંબંધમાં જુદી જુદી સુચનાઓ થાય અને તેનો વ્યવહારૂ તોડ નીકળે અને કાંઇક કાર્ય થાય. રાધનપુરે જે કાર્ય કર્યું છે તે સૌ ગામેજ નહિ પણ બધા પ્રાંતોએ ઉપાડી લેવા જેવું છે. એમાં જેટલો વિલંબ થાય છે, એટલું જૈનતત્વ સામે પાપ થાય છે.

કારણ કે આવી વ્યવહારૂ એકતાથી ધાર્મિક સહિષ્ણુતા કેળવાશે અને તેને લીધેજ ઉદારતા અને એખલાસ વધશે. આમ કરવાથી છેવટે ધાર્મિક એકતા—ત્રણે ફીરકાની એકતા— સાધવાનો કલેશહીન માર્ગ સત્વર સાંપડશે. આમ ધાર્મિક બોધથી કે બીજી રીતે જે ઐક્ય નહિ થઇ શકે તે આમ વ્યવહારૂ એકતા સાધવાથી સહેલું થઇ પડશે.

જૈન જનતા! જ્યારે જગત એક કરવાનાં સ્વપ્નો ભારતભૂમિ સેવી રહી છે, અને તે પણ અહિંસક વિધિથી કે જેને તું તારી વિધિ ગણે છે, અને તું એ જોઇને હરખી રહી છે, ત્યારે તારાંજ આંગણાં આવાં સાધનોથી શુદ્ધ કરવાનું તને ક્યારે સુઝસે? એને માટે તું ક્યારે કટિબદ્ધ થઇશ?

પોપટલાલ પું. શાહ.

---

# આપણું કલંક.

"અરેરે! આ શું થયું?" "મહાત્માજીને સરકારે છેતર્યાં." "બાપડાને ફાંસી દીધી." "એ નમેરાને તે વળી દયા આવે?"

એવા એવા ઉદ્દગારો દરેક જૈનના મોઢામાંથી સહેજેજ નીકળી ગયા હશે પણ એ દેખીતી દયાનો વિચાર સરખોએ આપણે કદી કર્યો છે?

સાચી દયા કેમ પાળવી તે આપણે જાણીએ છીએ?

કોઇ નાનો જીવ મરે તો પણ આપણને અરેરાટ થાય છે, તો સરદાર ભગતસિંહ જેવા મર્દને ફાંસી મળે અને આપણું હૈયું ન વલોવાય એ બનેજ કેમ? આપણને પ્રશસ્ત ક્રોધ ન ચડે એ પણ કેમ બને?

છતાં આપણે દયા પાલકો આપણી દયાની મૂર્તિને- આપણા હૃદયમાં રહેલી સાચી દયાની શુદ્ધ ભાવનાને—આપણે પૂછીએ—'અમે સાચી દયા પાળી જાણીએ છીએ?'

હિંસાથી ડરનારા, પ્રાણાતિપાતથી ફફડનારા આપણે સાચી દયાનો કદી પણ વિચાર કરીએ છીએ? થોડીક ભીખ માગીને થોડાંક કાલાવાલાં કરીને કે થોડાક દોકડા વેરીને દયાને વેચાતી લેનારા આપણને દયા એમ નથી વરતી કે દયાનો ધોરી વીર ધર્મ એમ નથી સચવાતો કે નથી મળતો વેચાતો એ જ્ઞાન આપણને હજી સાંપડયું છે? સાચી દયા સ્વાર્થ ત્યાગ વિનાં, દેહનાં દાન વિના કે આત્માનાં તપ વિના સાંપડે નહિ એ વીર વાક્યનાં ભાવ સ્વપ્નાં આપણે કદી માણ્યાં છે?

વીર ભગતસિંહને માટે ફફડનારા આપણે એમ કદી વિચાર્યું છે કે એના જેવા કૈંક કલૈયા કુંવર ફાંસીને માંચડે ચડી ચૂકયા છે અને કૈંક ભૂખ અને દુઃખની ફાંસીથી પીડાઇ, પીલાઇ રહ્યા છે એમાં આપણે પણ દોષ પાત્ર છીએ. જુવા- વાનોને જે પરાધીનતા સાલે છે તેમાં આપણી કોમનો હિસ્સો કેટલો છે? આજે ભારતમાં કૈંક મડદાં મરવા વાંકે જીવે છે એમાં આપણો ભાગ કેટલો છે?

કોઇ કહેશે કે એમાં આપણે શું કરીએ? એનાં કર્મનો વાંક. આવા જડ નિયતિવાદીઓને દયા પાલનનો અધિકાર નથી. કોઇ કહેશે કે પણ બધા કરે છે એમ આપણે કરીએ છીએ. આપણો દોષ કેવા રીતે? આ આત્મશુદ્ધિના યુગમાં એમ જાતને ઠગવી કે કોમને છેતરવી તે પણ પાલવે તેમ નથી.

સાચી વાત તો એ છે કે સરકાર કરતાં આપણો દોષ વધારે છે એ આપણી વેપારી કોમે સમજી જવું ઘટે છે. સાદી, સીધી અને અર્થશાસ્ત્રની વાત વાણીઓ જૈન—નહિ સમજે તો કોણ સમજશે?

યુરોપી પ્રજાનાં ઘોર કારસ્તાનો અને યુદ્ધ દાવાનલો માત્ર પેટ ભરવાનાં ફાંફાં માટે નહિ, પણ અપરિમિત વિલાસને સત્તાનાં વલખાં માટે પણ છે, એ વાત હવે કોઇકજ હૈયસૂના હિંદીથી અજાણી હશે. આમ વેપારી બજારને માટેજ હિંદ કે મીસરને ગળે ફાંસો દેવાય છે અને એને લીધેજ કેટલાય કનૈયા ભૂખે મરે છે. કેટલાય કનૈયા ફાંસીને માંચડે ચડે છે અને કૈંક અજાણ્યા વીરો અનંતતામાં પોઢી જાય છે.

આવા પ્રસંગો આવે છે ત્યારે આપણને અરેકારો થાય છે; દયાથી આપણે પીગળી જઇએ છીએ, પણ આપણને જરાએ સુઝતું નથી કે પરાધીન પ્રજાના દલાલીઆ વેપારની ગુલામીજ એનું મૂળ છે, અને એ મુળને પોષવું અને દયાની બુમો મારવી એનું નામ દયાપાલન કે અહિંસા ધર્મ નથી પણ હૃદયનો નકટો દંભજ છે.

આપણો ધર્મ આપણા દોષની—આપણા કલંકની શુદ્ધિ કરવા આપણને પ્રથમ પ્રેરે છે. હિંસા કરવી નહિ પણ હિંસકો પ્રત્યે પણ ધાર્મિકતા ખાતર, મહાવીરને નામે, દયા રાખતા છતાં, મૈત્રી રાખીને પણ તેમની સાથે હિંસા વધે એવો વ્યવહાર કોઇ કાળે પણ નજ રાખવો જોઇએ, એજ અહિંસાનો સાચો શુદ્ધ અર્થ છે.

આપણે આ ધાર્મિક નજરે આપણા ભ્રષ્ટ વેપારની કસોટી હજી કરી છે? હજી પણ પરદેશી વેપારને આપણે તિલાંજલિ આપી છે?

આપણા ઠાઠમાઠ, વરઘોડા, ઉજમણાં, ઉપધાનાદિ પ્રસંગે કરવામાં આવતા મહોત્સવો, દીક્ષા વગેરે પ્રસંગે થતાં ખર્ચો, વગેરેને આપણે શેનાથી પોષીએ છીએ? આવી ધામધુમને

આપણે જે વડે પોષાએ છીએ, જે હિંસા વ્યાપારથી વધારીએ છીએ તેજ વ્યાપારથી આપણે કેટલાયને ભૂખે મારી રહ્યા નથી? ભારતને પરાધીન રાખનાર, દયાનું દેવાળું કઢાવનાર વિદેશી, વિલાયતી વેપારને તેમજ યાંત્રિકતાને આપણે હજી વલગાડની જેમ વળગી રહ્યા નથી?

મહાવીરના પુત્રો તરીકે, જીવદયાના ઇજારદારો તરીકે, જૈનત્વના વારસો તરીકે જે વેપારથી પરાધીનતા રહે, જેનાથી લાખોની સાદી નિર્દોષ રોટી જુંટવાઇ જાય, જેનાથી કેટલાય ભગતસિંહોને ફાંસીને માંચડે ચડવું પડે એ વેપાર આપણે છોડયો છે?

ધાર્મિક દૃષ્ટિયે, દયાની નજરે, આપણા વેપારનું સરવૈયું આપણે કદી કાઢયું છે?

જૈન યુવક! તારા ઘરમાંથી તારા કુટુંબમાંથી તે વિદેશી એઠવાડનો કચરો કાઢી નાંખ્યો છે? તું પોતે શુદ્ધ ખાદી ધારી બન્યો છે? તેં તારા ઘરને, તારા કુટુંબને શુદ્ધ ખાદી ધારી બનાવ્યું છે?

આપણી કોમમાંથી એ હિંસક વેપારને—જેના ઉપર સકળ જગતની હિંસાત્મક પ્રવૃત્તિઓ આજ તાગડધિન્ના કરી રરી છે તેને—દેશવટો દેવાને માટે તું તૈયાર છો?

જૈન કોમને એ ભયંકર ધર્મ દ્રોહમાંથી બચાવવા તેં કમર કસી છે?

આપણું કલંક દૂર કરવા માટે તેં કેડ બાંધી છે?

તાકાતની કસોટી રચનાત્મક કાર્યથી થવાની વેળા આવી છે, તે ટાણે તું નહિ જાગે?

દરેક યુવક પોતે શુદ્ધ બને, પોતાનાં સ્વજનોને શુદ્ધ બનાવે, ઘરને પવિત્ર કરે અને એમ છેવટે કોમને નિર્મળ કરી મૂકી કલંકથી મુક્ત કરે. આ વાત સહેલાઇથી ઘરમાં થોડાક પ્રેમ ભર્યા સત્યાગ્રહથી, સ્નેહમયી અડગ સમજાવટથી સહેજે થઇ શકે. જે જે યુવકોએ આટલું કાર્ય સિદ્ધ કર્યું હોય તે પોતાના મિત્રોને, સ્નેહીએઓને તેમ કરવા પ્રેરે તેમાંથી ખાદી પ્રચારક મંડળ બની જાય અને તે પણ નામ ઠામ વિના, ધારાધોરણ કે કાયદા વિના અને પ્રમુખ કે મંત્રી વિના.

પીકેટીંગ કરતાં આ વસ્તુ સહેલી અને વધુ વ્યાપક બનશે. અખતરો કરવા જેટલીજ વાર છે.

સાચો વીર પુત્ર હિંસક વસ્ત્ર નજ પહેરી શકે, નજ પહેરાવી શકે, નજ દેખી શકે કે ભાખી શકે પહેરતા પ્રત્યે દ્વેષની નજરે કે ઉત્તેજિત આંખ્યે કે વચને.

શાસનદેવ સદ્બુદ્ધિ આપો સૌને આપણી શરમ દૂર કરવાની ને આપણું પાપ કલંક ધોવાની.

પોપટલાલ પું. શાહ.

---

**કડીમાં વીર પ્રભુની** જયંતિ—કડીમાં શંઘવી જીવનમાં શ્રીયુત શીવલાલ કેશવલાલ બી. એ. એલ. એલ બી. ના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી હતી. આપણી કંગાલીયત, ઘટતી જતી વસ્તી, નિર્બળતા, હોટેલના ખાનપાન, સમાજની એકતા વીગેરે મુદ્દા ઉપર જુદા જુદા વક્તાઓએ વિવેચન કર્યાં હતા.

# તીર્થરક્ષણ અને એકતા.

જ્યારે અહિંસક યુધ્ધ જગતને એક કરવાને મથી રહ્યું છે, ત્યારે હજી અહિંસાના પૂજારીઓએ આપણે એવો માર્ગ, એવી યોજના ઘડી કાઢી નથી કે જેથી એકજ મગની બે ફાડ કરવાનો વખતજ ન આવે ખાસ કરીને દિગંબર ભાઇઓને અને શ્વેતામ્બર ભાઇઓને તીર્થ ખાતર લડવું પડે છે. જ્યાં આપણે મહાવીરને નામે અંદર અંદર ઝઘડા કરીએ, ત્યાં એજ મહાવીરને નામે ચાલતાં તીર્થોની રક્ષા અન્ય ધર્મીઓ પાસેથી શીરીતે કરાવી શકીએ? અથવા અન્યધર્મી બંધુઓ એના પર આક્રમણ ન કરે એવી આશા પણ શી રીતે રાખી શકીએ?

આમ તીર્થ રક્ષાનો પ્રશ્ન માગી લે છે કે પ્રથમ બે ફીરકાઓએ એક થઇ જવું જોઇએ તીર્થને ખાતર સતત પ્રયાસ કરીને પણ લાખો રૂપિયા વેડફાતા અટકાવવા ઘટે, અને પોદળામાં સાંઠો રહે એવા ન્યાય કરતાં સ્વબંધુના અન્યાયને પણ વધાવી લેતાં શીખવું ઘટે આટલી વાત જો બંને ફીરકા સમજી જાય તો તીર્થના ઝઘડા થાયજ નહિ.

આગળ એકવાર એક પત્રમાં સૂચના થઇ હતી તેમ આવી વાંધાવાળી તીર્થ ભૂમિઓનું એક પત્રક તૈયાર કરવું પછી તે ભૂમિની સ્થાનિક તપાસ કરવી, તેના ઐતિહાસિક નિર્ણયો જોઇ જવા અને એક નિષ્પક્ષ તટસ્થપંચ મારફત તેનો હમેશને માટે નિકાલ લાવવો અને બંને પક્ષે તે નિર્ણયને આધીન રહેવું.

આ વસ્તુ ધર્મિક એકતા માટે, મહાવીરને નામે જરૂરી છે. મહાવીરના પૂજારીઓ તેનેજ નામે આમ વઢી પડે એ હવે તો અસહ્ય શરમની વાત ગણાવી જોઇએ. નિષ્પક્ષ તટસ્થપંચ નીમાય, તે બધી બાબતોની તપાસ કરી તે જે છેવટનો નિર્ણય આપે તે નિર્ણય છેવટનોજ ગણાય અને બંને પક્ષ તેને આધીન રહીને વર્તે કે જેથી નકામા કોર્ટના ઝઘડા કે સ્થાનિક તોફાનના રગડા જગાડવાની અને નકામા પૈસા વેરવાની જરૂર ન રહે અને અહિંસાના અવતાર વીર ભગવાનનું નામ સ્મરણ કરવાનો આપણો અધિકાર જળવાઇ રહે.

આપણે ન્યાય મેળવવા કે દયા પાળવામાં પૈસા વેરવાનુંજ શૂરાતન ભારે વાપરીએ છીએ. આને લીધેજ ઘણીવાર જમ ઘર ભાળી જાય છે. આપણને લાગે છે કે આપણે પૈસા ખરચીને ન્યાય મેળવ્યો, એ પૈસા તો વળી મળી રહેશે, પણ ન્યાય કરનારને પણ ઓરડી ખંખેરવાની રોજની લાલચ વળગી રહે છે એની લેશ પણ ગંધ આવતી નથી.

કોઇ પણ તીર્થનું રક્ષણ પૈસાથીજ કરવું એના કરતાં એને જવા દેવું બહેતર છે. તીર્થ એ કાંઇ વેચાતી લઇને સંઘરી રાખવાની પટારાની વસ્તુ નથી, કે જગતને બતાવવા માટે બંગલા બંધાવવાની ભૂમિ નથી. ધનથી રક્ષા એ ધર્મ રક્ષા નથી. માત્ર થોડા વખતના સંતોષની—મન વાળવાની વાત છે. ધર્મ રક્ષા તો સાચથી, અહિંસક સત્યાગ્રહથીજ થઇ શકે. ધર્મનાં રક્ષણ પ્રાણદાન વિના કે તપનાં તેજ વિના કરવાની પ્રથા આધુનિક છે અને તેનો જન્મ વિલાસને અખંડ રાખવાની અને કાંઇ પણ ન વેઠવાની કમતાકાતવાળી નિર્બળ ગુલામીનેજ આભારી છે. પૂર્વાચાર્યો એ ધર્મ રક્ષા, તીર્થ

રક્ષા કર્યાના દાખલા તપાસીશું તો જણાશે કે તેમણે પોતાની ચારિત્ર્યસિધ્ધ વિદ્વતાથી ને તપના પ્રભાવથીજ એ કાર્ય સિદ્ધિ પાર પડી છે. આપણને જે જે આગળનાં ફરમાન મળ્યાં છે તે પણ પૈસા ખરચીને ભીખ માગવાથી નથી મળ્યાં. તે પણ આપણી સંઘબળની મહત્તાને બળે, આપણા સંઘવીઓની પ્રતિષ્ઠાને હિમ્મતને પ્રતાપે અને તેમનાં પરોપકારી કાર્યને પરિણામેજ આપણને મળ્યાં છે.

આજ તીર્થ રક્ષાને ખાતર, કે તીર્થ યાત્રાના પુણ્યને માટે આપણે માત્ર પૈસાજ વેડફી જાણીએ છીએ. એ લબાડીનો-એ રામ તાનની માયાનો-પછી અંતજ આવતો નથી આવી સ્થિતિ સાચા જૈનને મન અસહ્ય હોય.

અહીં ત્રણે ફીરકાને ઉદ્દેશીને એક વાત કહેવી જોઇએ કે મહાવીરને નામે આ પ્રશ્નમાં પણ ત્રણેયે એક થઇનેજ કામ ઉપાડી લેવું જોઇએ; આર્ય સમાજી ભાઇઓ જેમ અન્ય હિંદુ ધર્મીઓને સહાયને રક્ષણ આપે છે તેમ સ્થાનકવાસી ભાઇઓએ પણ આ પ્રશ્ન પોતાનો કરી લેવો ઘટે આમ પણ નિખાલસ એકતા થઇ શકશે અને મહાવીરના શાસનને બળ મળશે.

કોઇ પણ તીર્થની રક્ષા પૈસા ખરચીને કરવાની વાત (જ્યાં અન્યાયથી પૈસા પડાવવાનીજ વાત હોય કે કોર્ટના ઝઘડા હોય ત્યાં) હવે નજ પાલવે. પૈસાથી પૂણ્ય વેચાતાં લેવાની નિર્બળ વાતોને હવે છોડીને આત્માના નૂરથી પુણ્ય હાંસલ કરતાં હવે આપણે શીખવું ઘટે

આને માટે વ્યવહારૂ યોજના કરવા, તેને વારંવાર જાગતી રાખવા એક કાયમની સંસ્થા નીમાવી ઘટે. યુવકોએ પોતા તરફથી એક સંસ્થા નીમી આ કામ પણ ઉપાડી લેવું ઘટે. તે સંસ્થાએ આ પ્રશ્નની બાબતમાં જૈન કોમને જાગૃત રાખ્યા કરવી જોઇએ અને જ્યાં જ્યાં અન્યાય કે જુલમ કે આક્રમણ દેખાય ત્યાં તો જૈન કોમને સાચા. ધન વગરના અહિંસક. સત્યાગ્રહી ઉપાય લેવા આમંત્રવી ને દોરવી જોઇએ-

પોપટલાલ પું. શાહ.

---

# મુનિ રામવિજયઃ એક તટસ્થ અભ્યાસ

અભ્યાસક; **હેમચંદ્ર લધુભાઇ દોશી, જામનગરવાળા.**

"યદ્વા તદ્વા કાર્યસિદ્ધિ એજ જીવનોદ્દેશ." અહં અને ધમંડ એજ એની ધાંધલની પ્રેરણાઓ છે ઇર્ષા એ એની પ્રવૃત્તિને પોષક અને પ્રેરક તત્વ છે. કાબેલીયત એ એહની જાદુઇ અંધાર પછેડી છે. વાકચાતુર્ય એ એહની સડેલ પ્રવૃત્તિઓને ટકાવી રાખનાર શસ્ત્ર છે. વાણીનો વિલાસ, શબ્દ બાહુલ્ય અને બહુશ્રુતપણા નીચે આચાર શીથીલતા સહેલાઇથી ઢાંકે છે અને શાસ્ત્ર ફરમાન નીચે અજ્ઞાન, અંધશ્રદ્ધાળુ, ભોળા ભક્તો (?) ને ભોળવી પોતાની લાલસાઓને પોષે છે. સત્ય પ્રકાશનના બ્હાના નીચે, ધર્મ અને શાસનની રક્ષા ગમે તે પ્રકારે કરવાના નિશ્ચયના નામે ગંદુ પ્રચાર કાર્ય અને સાધન અને સંપત્તિનો દુરૂપયોગ કરે છે. ભૂખે મરતા સહધર્મી બંધુઓ તરફ નજર પણ નહિં નાખતા ધર્મ પ્રવૃતિઓને નામે લખલૂટ ખર્ચ કરાવે છે.

મુનિ રામવિજયજી બુદ્ધિવાદને તીરસ્કારે છે. બુધ્ધિના ઉપયોગને નાસ્તિકોનું શસ્ત્ર જાહેર કરે છે. અંગ્રેજી કેળવણીને ધર્મ વિમુખતા ઉત્પન્ન કરનાર ધારે છે. શંકા કરનારને શાસનદ્રોહી, ભારે કર્મી, નાસ્તિક, એવા વિશષણોથી નવાજેશ છે. બુધ્ધિની આંખે નીરખતાં આ સઘળા પ્રયત્નો પછવાડે પોતાની સરી પડતી સત્તાને ગમે તેમ, ગમે તેવા સાધનો દ્વારા, શાસ્ત્રોના નામે, શાસન અને ધર્મ રક્ષાના મોહક બ્હાના નીચે ટકાવી રાખવાની મલીન પ્રવૃતિજ તરી આવે છે. "**संशयात्मा विनश्यति**" કહેનારને શું ખબર નથી કે શંકાના સમાધાનથી થતું પરિવર્તન ચીરસ્થાયી અને હોય છે. મારી ઠોકીને યા પરંપરાથી ચાલે છે કહી દ્રઢ કરાવેલી માન્યતાઓ હિમ જેવી છે અને બુધ્ધિના પુણ્યાગ્નિ નીચે પીગળી જઇ પ્રવાહી જલ માફક વહેતી થઇ જાય છે.

તે આ દુન્યવી પ્રવૃતિઓને એકાંતે અનિષ્ટ જાહેર કરે છે. છતાં ચાલુ જમાનાના સહુ કોઇ સાધનોનો વિના સંકોચે પોતાનું પ્રચારકાર્ય જોશભેર ચલાવવા ઉપયોગ કરે છે. વિસંવાદી વર્તનનો વાક-ચાતુર્યથી બચાવ કરી પોતાની નબળાઇઓ ઢાંકે છે. સાધુ લેબાશમાં સંસારના નિર્મોહના નામે સત્તા, ઐશ્વર્ય પ્રાપ્ત કરવાની અને ભોગવવાની સારી ચાવી હાથ કરી છે. હંમેશાં સત્તાવાન, દ્રવ્યવાન, રૂઢીપુજક, શાસન કરતી સત્તાનો પક્ષ લેવામાં રહેલ લાભ અને સલામતીનો સારો ઉપયોગ કરી જાણે છે.

આ સર્વ કરતાં પણ એ રામવિજયને સૌથી વધારે પ્રીય વસ્તુ તો જ્યાં ત્યાં સર્વતોભક્ષી કલેશ જ્વાળાઓ સળગાવી, ઝેર, વેર, વિરોધ વધારી, પક્ષો જમાવી "રામપંથ" સ્થાપવાની હોંશ છે. પોતાના પક્ષમાં અનેકવિધ પ્રલોભનોદ્વારા સંખ્યાવૃદ્ધિ કરતાં અચકાતા નથી. એક વખતના "યંગમેન્સ જૈન સોસાયટી" ના સભ્યો કે "રામટોળી" ના સાધુઓ જ્યારે કારસ્થાનોથી કંટાળી યા શુદ્ધ બુદ્ધિથી યા પરિવર્તનથી કલેશપ્રીય, ઘમંડી સાધુ (?) સામે બળવો પોકારે છે ત્યારે એ મૂર્તિ એને નબળો, શાસનદ્રોહી યા સમયધર્મીઓની જાળનો ભોગ થઇ પડેલ જાહેર કરે છે.

જ્યાંસુધી આ વ્યક્તિનું ચાલશે ત્યાંસુધી એ જૈનોમાં ઐક્ય નહિં થવા દે. જૈન કોન્ફરન્સમાં સીધે રસ્તે કંઇ ચાલતું નથી ત્યારે ત્હેને તોડી પાડી પોતાની મુરાદ બર લાવવા ચાહે છે. કોન્ફરન્સ જૈનોની જુની સંસ્થા છે. મોટી સંખ્યાનું પ્રતિનીધીત્વ ધરાવે છે, કેળવણીને ઉત્તેજન આપે છે, ધર્મ રક્ષના પ્રયત્નો કરે છે. છતાં સુધારા અને ઉદાર મનોવૃત્તિની હિમાયતી છે. સાધુ સંસ્થાની પૂજક છે છતાં સર્વ સત્તા નિયમીત કરવાની તથા જૈનોની વ્યવહારિક ઉન્નતિ કરવાની તેની પ્રવૃત્તિ સતત ચાલુ છે.

સહુ કોઇ જૈન સમાજનું શ્રેય અને ઐક્ય ઇચ્છનારે ધર્મનો અભ્યુદય ઇચ્છનાર, શાંતિનો પુજક પોતાથી બનતા સર્વ કોઇ પ્રયત્ને આ રામવિજય અને "રામ ટોળી"ને તેના નગ્ન સ્વરૂપમાં જાહેર કરે. ત્હેને સાધુ તરીકે ન સ્વીકારવા જૈન સમાજને વિનવે અને નિડર જૈન સંઘોને ત્હેના સાધુત્વનો ખુલ્લો ઇન્કાર કરવા તૈયાર કરે. હવે એ સાધુની પ્રપંચ લીલા પુરેપૂરી જાહેર થઇ ગઇ છે. હવે એની મહેલાતો ડગમગે છે. જૈન સમાજ એહને નીભાવવા તૈયાર નથી.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૭ મો. | સંવત ૧૯૮૭ ના વૈશાખ સુદી ૧૦. તા૦ ૨૭-૪-૩૧ | છુટક નકલ : ૦।। આનો.

## સંસારી થયેલી સાધ્વીજી.

મારા સંબંધી બ્હેન ભુરીબ્હેન કે જેઓએ ગયા માગશર વદ ૧ ના દીવસે અમદાવાદમાં રામવિજયના ઉપદેશથી ગુણશ્રી સાધ્વી પાસે દીક્ષા લીધી હતી તેઓ વૈશાખ સુદ ૫ ના દીવસે દીક્ષા છોડી ચાલી આવ્યા. તેમની મેં મુલાકાત લીધી હતી અને શું કારણથી દીક્ષા છોડી તેના જવાબમાં ભુરીબ્હેને કેટલીક વાત કરી તે જાણી મને એમ થયું કે આ વાત જૈનોના જાણવા માટે બહાર લાવવી અને સાધુ તથા સાધ્વી-માં અત્યારે કેટલો સડો પેઠો છે તે દરેકના જાણ માટે બહાર પાડવું.

ભુરીબ્હેનની સંસાર છોડયા પહેલાંની સ્થિતિ અને તેમનું જીવન તેમના સમાગમમાં આવ્યા હશે તે દરેક જાણતા હશે. મારા સમાગમમાં છેલ્લા ચાર વરસથી આવેલા છે અને તેઓ **સાધ્વી કરતાં પણ સારૂં જીવન** સંસારમાં ગુજારતા હતા. પણ તેમની ઇચ્છા છેલ્લા બે વરસથી દીક્ષા લેવાની થઇ અને માગશર વદ ૧ ના દીવસે અમદાવાદમાં દીક્ષા લીધી.

અમદાવાદમાં હીરશ્રી પાસે દીક્ષા લેવાનું નક્કી થયું હતું પણ હીરશ્રીએ તેમની ચેલી શાન્તીશ્રી પાસે દીક્ષા અપાવવાની વાત પાછળથી કરી અને તે ભુરીબ્હેન તથા તેની સાથે દીક્ષા લેનાર ઝવેરીબ્હેનને ઠીક નહી લાગવાથી ગુણશ્રી પાસે દીક્ષા લીધી. ભુરીબ્હેને દીક્ષા લીધી તે દીવસે જ્યારે ક્રીયા ચાલુ થઇ અને ઓઘો હાથમાં આપ્યો કે તરત મોઢેથી નાકેથી લોહી પડવું શરૂ થયું અને લગભગ આઠથી દશ શેર લોહી પડયું ત્યારથી તેમનું શરીર નબળું થતું ગયું. ગુણશ્રી પાસે દીક્ષા લીધા બાદ ઝવેરી તથા ભુરીબ્હેનને એકને ભેગા થવા દીધા નથી અને રોજ ન બોલવા જેવા વચનો સંભળાવતા હતા. તેમની સાથે ૭ દીવસ રહી. તેમના ધણીની મદદથી તેઓ હીરશ્રી પાસે ગયા. અને ત્યાં પચ્ચીસ દીવસ રહ્યા. ત્યાં પણ સાધ્વીનો રોજનો કલેશનો કાર્યક્રમ ચાલુ રહ્યો અને ન બોલવા જેવા વચનો બોલવા લાગ્યા. છેવટ ભુરીબ્હેને કહ્યું કે મને વડી દીક્ષા આપો. ત્યારે હીરશ્રીએ કહ્યું કે તમોને વડી દીક્ષા શાન્તીશ્રી પાસે આપવામાં આવશે. આ બાબતમાં ભુરીબ્હેને ના કહી અને કહ્યું કે મારે શાન્તીશ્રી પાસે વડી દીક્ષા લેવી નથી. ત્યારે તેમણે કહ્યું કે શાન્તીશ્રી પાસેજ વડી દીક્ષા લેવી પડશે. ત્યાં પણ રોજ કલેશ થવા લાગ્યો. ત્યાં બીજી સાધ્વી વસંતશ્રી રહેતાં હતાં તેમણે ભુરીબ્હેનને કહ્યું કે તમો મારી સાથે આવો. તમારે મુદ્દલ મુંઝાવું નહી. એવી રીતે પચીસ દીવસ હીરશ્રી પાસે રહી વસંતશ્રી પાસે ગયા તો વસંતશ્રી પણ એથી ચડે તેવા નીકળ્યા અને ભુરીબ્હેનના વર કેવળદાસે વડીદીક્ષા માટે રામવિજય-દાનવિજય વીગેરેને કહ્યું પણ દરેકે એકજ વાત કહી કે શાન્તીશ્રી પાસે વડી દીક્ષા લેવી હોય તો અપાવીએ નહી તો નહી. છેવટ તેમના વરની ઇચ્છા એવી થઇ કે સાધુ વેશ છોડાવી સંસારમાં આવે. પણ બાઇની ઇચ્છા ગમે તે ભોગે ચારીત્ર પાળવાની હતી. રામવિજય વઢવાણ જવાના હતા. ત્યારે વસંતશ્રી તથા ભુરીબ્હેન કે જેમનું નામ મોહનશ્રી હતું તેમણે વઢવાણ તરફ વીહાર કર્યો અને વઢવાણ પોળમાં વઢવાણના યુવકોના પ્રયાસથી વઢવાણ સંમેલન ભરાણુ નહી અને રામવિજયને વઢવાણથી નીકળી અમદાવાદ આવવું પડે. તુરત વસંતશ્રી તથા મોહનશ્રીએ ત્યાંથી વીહાર કરવો શરૂ કર્યો મોહનશ્રીને વરસીતપ ચાલતો હતો અને આ ગરમીમાં રોજ દસથી બાર ગાઉનો વીહાર-વસંતશ્રીને લીધે કરવો પડતો હતો તેના લીધે તેમના પગે સોજા આવી ગયા હતા મુસીબત પારાવાર હતી છતાં વસંતશ્રીએ ગમે તેમ કરી અમદાવાદ તુરત જવા જણાવ્યું અને ત્યાં પહોંચ્યા.

મોહનશ્રીની તબીઅત વૃત્તને લઇ તેમ માનસીક ચીંતાને લઇ ઘણીજ નબળી થઇ ગઇ હતી. વરસી તપનું પારણું કરવાનું હતું. વસંતશ્રી જાણતા હતા છતાં તેઓ બહાર ચાલી ગયા. ચાર ઉપવાસ મોહનશ્રીને હતા અને પારણું કરવું હતું છતાં વસંતશ્રીએ ધ્યાનમાં ન લીધું અને ત્યાંની શ્રાવીકાઓએ આગ્રહ કરી રસ વોરવા લઇ ગયા અને પારણું કરાવ્યું ત્યાર બાદ વસંતશ્રી આવ્યા અને ન બોલવા જેવા શબ્દો બોલ્યા છતાં મોહનશ્રી કાંઇ પણ બોલ્યા નહી અને સહન કર્યું. હવે વડી દીક્ષા આપ્યા સીવાયનું જીવન એકે હીસાબમાં ન લાગવાથી તેમજ વસંતશ્રીના વચનોથી હેરાન થઇ અંતે દીક્ષાનો વેશ છોડી અમદાવાદથી અહીં આવ્યા. વસંતશ્રી એટલા શબ્દો ખરાબ બોલતા હતા કે જે એક સાધ્વીને શોભે નહી. તેઓ જ્યારે ભુરીબ્હેનને માથું સાફ કરતા જોતા ત્યારે કહેતા હતા કે તારે શું મુસલમાન સાથે જવું છે કે પારસી સાથે જવું છે તે શબ્દો બોલી રોજ રોજ હેરાન કરતા હતા. દીક્ષા લીધા બાદ એકે દીવસ એકે સાધ્વીએ પાઠ આપ્યો નથી તેમ સાધુ જીવનનો અભ્યાસ પણ કરાવ્યો નથી. દીક્ષા લીધા પહેલા મોટી મોટી વાતો કરી અને દીક્ષા લીધા પછી શું દશા થાય છે અને તેને કેવી રીતે રાખવામાં આવે છે તેનો ખ્યાલ કરશો ઝવેરીબ્હેને દીક્ષા લીધી હતી તેને એક માસ સુધી ઓરડીમાં પુરી રાખવામાં આવી હતી ચાર વખત તેઓ ભાગી ગયા હતા અને પકડાયા હતા. છેવટે પાંચમી વખતે મુસીબતે નાસી છુટી છે.

લી૦ એક જૈન.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# ધર્માદા સંસ્થાઓના વહીવટ.

આપણી ધર્માદા સંસ્થાના વહીવટોને અંગે સુધારાને ઘણો અવકાશ છે તે વાતની કોઇ પણ ના પાડી શકે તેમ નથી. અગ્રેના ગોડીજીના વહીવટને અંગે કેટલીક વીગતો અમોએ અગાઉ પત્રિકામાં પ્રસિદ્ધ કરી હતી. શેઠ આણંદજી કલ્યાણજીના બંધારણમાં ફેરફાર થવાને પણ ઘણા વરસો પસાર થયા છે તે બંધારણ પસાર થવા પ્રસંગે પણ પોલીસની હાજરીની જરૂર જણાઇ હતી. આ ઉપરથી તે બંધારણની ચર્ચા કેટલી છુટથી થઇ હશે તેનો ખ્યાલ આવી શકશે તે બંધારણ પણ હાલના દેશ કાળને અંગે ફેરફાર માંગે છે. પણ હંમેશ બનતું આવ્યું છે તેમ દરેક સંસ્થાના ચલુ સત્તાધારીઓ કાયમ ચલુ બંધારણના દૃઢ હિમાયતી રહેતા હોવાથી સમાજ જ્યાં સુધી સંપૂર્ણ એકતા ધારણ કરી પ્રબળ ચળવળ કરે નહિ ત્યાં સુધી શેઠ આણંદજી કલ્યાણજીના ટ્રસ્ટીઓએ પોતે આ હકીકતમાં માર્ગદર્શક થશે નહિ. તેવીજ રીતે ગોડીજીના વહીવટને અંગે હાલમાં સાધુઓના મે૦ ટ્રસ્ટીઓની મંજુરી વગર ગોડીજીના ઉપાશ્રયમાં દાખલ થવાના પ્રસંગમાંથી કેટલીક ચર્ચા ઉપસ્થિત થઈ છે, તેમાં ટ્રસ્ટીઓની, મેનેજીંગ ટ્રસ્ટીઓની, ટ્રસ્ટીઓના સગા સંબંધીઓની વહીવટમાં કેટલી સત્તા હોઇ શકે તેવા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. લાલબાગથી આવનાર મુનિઓ ખુલ્લે ખુલ્લુ જાહેર કરતા હતા કે અમે પરવાનગીથી આવ્યા છીએ. વળી બીજી બાજુએ ટ્રસ્ટીઓ જાહેર કરતા હતા કે અમે પરવાનગી આપી નથી. એક એવો મત પણ હતો કે ઉપાશ્રય સાધુ માટે છે તેમાં સાધુઓ આવે તેમાં રજા માગવાની શેની? પરિણામે ઘણી ચર્ચા થઇ રજા લઇને દાખલ થનાર ને રજા વગર દાખલ થનાર બધા સાધુઓને ઉપાશ્રય છોડી જવાની ફરજ પડી ટ્રસ્ટીઓએ પોતાની સત્તાનો યોગ્ય ઉપયોગ કર્યો કે કેમ તે વાત વાંધામાં પડી ને પોકારો થયા કે ટ્રસ્ટીઓ ઉપાશ્રયના માલીક નથી, વહીવટદાર છે માટે ઉપાશ્રયમાં સાધુને લાવવા જોઇએ. આ બધી પરિસ્થિતિમાં સુધારાની જરૂર છે. અમારા સાંભળવા મુજબ ટ્રસ્ટીઓ વહીવટને અંગે એક યોજના તૈયાર કરે છે. અમો અમારી સુચનાઓ રજુ કરીયે છીયે. હાલ જે રીતે વહીવટ ચાલે છે તે રીતે ટ્રસ્ટીઓજ જ્યાં પુરેપુરી વીગતો જાણી શકતા નથી ત્યાં સામાન્ય વ્યકિત પુરેપુરી માહીતગાર હોવા સંભવ નથી, વહીવટ મેનેજીંગ ટ્રસ્ટીઓ કરે તે બરોબર છે પણ વહીવટની માહિતી દરેક ટ્રસ્ટીને મળી શકે તેટલા માટે ટ્રસ્ટીઓની મીટીંગ દર મહિને મેળવી કામકાજનો હેવાલ રજુ થવો જોઇયે. ચોક્કસ મુદ્દાસરના નિર્ણયો ટ્રસ્ટીઓની બોર્ડજ કરી શકે ફકત તેનો અમલ કરવાની સત્તા મેનેજીંગ કમીટીના હાથમાં રહે. મેનેજીંગ ટ્રસ્ટીઓએ ચોપડામાં સહી કરવાનો રીવાજ રાખવો જોઇએ. ટ્રસ્ટીઓ જે લાંબા વખત સુધી મીટીંગમાં હાજરી આપે નહિ અગર વહીવટની બીલકુલ માહિતી ન રાખે તેને બદલે બીજા ટ્રસ્ટીઓની નીમણુંક થવી જોઇયે. ટ્રસ્ટીઓની ચુંટણીને માટે યોગ્ય ધોરણો નક્કી કરવા જોઇયે. દેરાસુર સંઘની વ્યકિતઓનું લીસ્ટ તૈયાર કરવું જોઇએ તે તે વ્યકિતઓજ ટ્રસ્ટીઓની ચુંટણીમાં–દેવસુર સંઘની સભાઓમાં મત આપી શકે તેમ નકી થવું જોઇએ. બાકી દર્શન પૂજા વ્યાખ્યાનનો લાભ દરેક જૈન લઇ શકે. દેરાસરના દેવાદારને મત આપવાનો ને ટ્રસ્ટી થવાનો હક ન હોવો જોઇએ. વાર્ષિક હિસાબનું સરવૈયું સંઘ પાસે રજુ થાય તે પહેલાં પંદર દિવસ માટે પેઢી ઉપર કોઈ પણ મતદારને જોવા તપાસવા માટે ખુલ્લું હોવું જોઇએ. ઓડીટરો પાસે હિસાબ તપાસવો જોઇએ. ટ્રસ્ટીઓનું સામાન્ય વર્તન મતદારો પ્રત્યે–સમાજના જૈન બંધુઓ પ્રત્યે પ્રેમભાવવાળું હેવું જોઇએ. આ હકીકત તદન સામાન્ય લાગશે પણ તેની નજીવી સ્ખલનાથી પણ મોટા કલેશો ઉભા થઇ જાય છે. આશા છે કે ત્રસ્ટી મહાશયો યોજના ઘડતા પ્રસંગે આ સુચનાઓ ધ્યાનમાં લેશે ને યોજના જલદી પસાર કરાવશે.

---

## રતીલાલ ડાહ્યાભાઇએ વેશ છોડયો

અમદાવાદની ખેતરંપોળની પોળના રહીશ શા. રતીલાલ ડાહ્યાભાઇ જેમણે અંધેરીમાં મુનિ રામવિજયજી પાસે દીક્ષા લીધેલી હતી તે તા૦ ૨૪-૪-૩૧ ના રોજ પલાયન થઇ ગયા છે.

તે ભાઇએ દીક્ષા લેવા અગાઉ ધાર્મિક અભ્યાસ કર્યો હતો. છેલ્લા એક વરસથી તે ભાઇ સંસારમાં રહીને પણ સાધુ જેવું જીવન ગાળતા હતા. પણ હાલના સાધુઓના વર્તનથી કંટાળી તેમણે દીક્ષા છોડી દીધી છે. માજીસ્ટ્રેટ સાહેબને પુસ્તકમાંથી સાધુ જીવનને અંગે ઉંચો ખ્યાલ આવ્યો હશે પણ વર્તનમાં તેમ ન હોવાથી હાલ તો રતીલાલ જેવા પણ તે જીવન છોડી ગૃહસ્થ જીવનમાં દાખલ થયા છે.

**ખોરાકી પોષાકી માટે:** મુનિશ્રી કાંતિવિજયજીની સંસારી પત્નિ બેન લીલાવતીએ પોતાની ખોરાકી પોષાકીના બંદોબસ્ત માટે અમદાવાદની કોર્ટમાં ફરીયાદી માંડી છે.

**મીયાંગામના સમાચાર:** કોન્ફરન્સની સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય શેઠ આણંદજી કલ્યાણજીના સ્થાનિક પ્રતિનિધિ મીયાંગામના નગર શેઠ શ્રી નેમચંદ પીતાંબરદાસ ચૈત્ર વદી ૨ ના રોજ અવસાન પામ્યા છે મીયાંગામના સંઘના દરેક વહીવટમાં તેમનો આગેવાનીભર્યો ભાગ હતો. દરેક સારા કાર્યોને યોગ્ય પ્રમાણમાં મદદ કરતા હતા.

**શીહોરના સમાચાર:** એક બંધુ લખી જણાવે છે કે અત્રેના દેરાસર માટે પ્રતિમાઓ નકરો આપી લાવવાનું ઠરાવવામાં આવેલ. પ્રતિમા લેવા માટે ગયેલ આગેવાનો નકરો આપી પ્રતિમાઓ લઇ તે શીહોર લાવવાને બદલે મેસાણા મૂકી આવેલ છે તે હજી સુધી તેઓ પ્રતિમાઓ લાવવાની ફુરસદ મેળવતા નથી.

# દેશવિરતિના નામે—સોસાઈટીની સણસણાટી.

## કોન્ફરન્સનો ફેજ કરવા જતા—પડેલા ફાટા.

## રામવિજયે ખુલ્લા કરારોનો—કરેલ ભંગ.

### સોસાઇટીને આમંત્રણ કેમ ન મલ્યું?

### ઠરાવો કે ઠગાઈ?

વઢવાણમાં સંમેલન ભરવાની હોંશ રામ પાર્ટીને મનમાં ને મનમાં રહી ગઇ. સૌરાષ્ટ્રના દરેક ગામોગામ રખડયા પણ કોઇ સ્થળે સ્થાન નજ મળ્યું. એટલે ગુજરાતનો આશરો લેવો પડયો?

વઢવાણના લોહી છાંટણા તાજાંજ હોવાથી અમદાવાદના યુવાનોનો ઉકળાટ ઉડી નીકળ્યો અને રામવિજયને આવવાના સમાચાર ફરી વળતાં બધી તૈયારીઓ કરવી શરૂ કરી.

શરૂઆતમાં સાણંદ મુકામે "ખુલ્લો પત્ર" પહોંચાડયો પણ આ ઝનુની અને જોહુકમીથી કામ લેનાર રામવિજય આવ્યા વગર કેમ રહે? એટલે બીજે દીવસે તેની આવવાની તૈયારીઓ ચાલી. બીજી તરફ કાળા વાવટાની મોટરોની દોડાદોડી શરૂ થઇ તેથી રામપાર્ટી ગભરાણી અને ચારે તરફ દોડાદોડી શરૂ થઇ. અંતે પોલીસોનો આશરો લેવો પડયો અને કાળા વાવટાની મોટરો અટકાવવા ભગીરથ પ્રયત્ન કરવા પડયા?

રામવિજયના માનમાં અને વિદેશીના શોખીન હોવાથી માણેક ચોક વિદેશી કાપડથી શણગાર્યો અને તે જોઇ બ્હેન લીલાવંતી ખુબ આનંદ પામ્યા હશે.

રામવિજય નીકળવાને રસ્તે સીપાઇઓ ખડા હતા ઉપરાંત ગેટોમાં પણ રાખ્યા હતા. શાસનની સેવાના ઇજારદારોને સરકારી સૈન્ય શા માટે? મી૦ વાડીલાલ શેઠે ચોરી તૈયાર કરાવી હતી તેમાંથી રામવીજય પસાર થયા. કહેવાતા બાળબ્રહ્મચારીને આ ચોરીનો લાહો આપ્યો. ધન્ય છે ભકતોને?

સોસાઇટી આદીના પ્રમુખોના આગમન વખતે સ્ટેશન ઉપર રામ પાર્ટી ૬૦) સાઠ હાર લઇને સન્માન કરવા ગઇ હતી. ત્યાંથી મારકીટમાં આવ્યા ન તો મળે મારકીટના પ્રેસીડેન્ટ કે સેક્રેટરી સાહેબ એટલે નોકરના હાથે નવાજયા? ત્યાંથી પાંચકુવા તરફ વળ્યા રસ્તામાં માણસોનું તો નામજ ન હોય? સો બસો ટોપીવાળાઓ રીચીરોડ આવ્યા ત્યારે દેખાતા હતા જ્યારે પાઘડીઓવાળા ભાગ્યેજ હશે? તેમજ અમદાવાદના અગ્રગણ્ય ગૃહસ્થો (શેઠીઆઓ) તો દેખાતાજ ન હતા. તે માટે માણેક ચોકમાં બહુજ ચર્ચા થઇ રહી હતી.

પ્રમુખો કે રામવિજય આવતા ગામ શણગારવામાં ઘણી મહેનત કરવા છતાં સાથ નહી મળવાથી પોતાનું નાક રાખવા માટે ભારે જહેમત ઉઠાવ્યાની એક પછી એક વાતો બહાર આવવા લાગી?

દેશવિરતિ સંમેલનમાં કેટલાક આગેવાનો ગયા પણ સોસાઇટીના સંમેલનમાં અમદાવાદના સંભવીત ગૃહસ્થોએ સાથ નહી આપ્યો તેના કારણો વાંચનારાઓજ વિચારી લેશે.

સંમેલનોમાં જો કે તેના કહેવાતા ચાર છ ગામના માણસો બહુજ જુજ જાજ હતા. ત્યારે લગભગ તેઓએ બેથી ત્રણ હજાર કંકોત્રીઓ લખી તેનું આ હીસાબે પાણી થયુંજ મનાય કે? છેવટે અમદાવાદમાં "આમંત્રીત" ગૃહસ્થો કરી છુટથી પાસ આપવામાં આવ્યા. તેથી માની લીધું હશે કે માણસોનો રાફડો આવી મળશે તે પણ મહેનત નકામી નીવડી એટલે સ્રીઓને મફત આવવાની છુટ આપવા જરૂર પડી. જેથી મંડપ ભરેલો દેખાય? આ બધુ જાણે દેશવિરતિના નામે સણસણાટી બતાવી.

સોસાઈટીનું એકલું સંમેલન કરવામાં આવે તો જૈન જનતા જાણી શકે કે કેટલા સભ્ય આવે છે. પણ આ તો ઓલીના ઓઠા નીચે અગર ધર્મના નામે જ્યાં ધતીંગ કરવા હોય ત્યાં બીજું શું કરી શકે?

ચઉદશ સવારના વ્યાખ્યાનમાં રામવિજયે પોતાની ધૃષ્ટતા ભરેલા વાકયોથી સભાને રંજીત કરી બપોરે ખુલ્લા પ્રશ્નો પૂછવા બધાને નોતર્યા તે વાતની ગામમાં ખબર પડતા તેમની ટોલી ઉપરાંત બીજા અનેકોને પૂછવા જવાની ઇચ્છા થઇ પણ દરવાજે ચોકી પહેરો એવો સખ્ત હતો કે તેના માણસો સીવાય કોઇને જવા ન દેવા તેવો ઓર્ડર છે તેમ તેના સ્વયંસેવકો કહી રહ્યા હતા.

આ વખતે ગાંધી મંડળ તરફથી આવેલા અને બીજાઓને દરવાજેથી હાંકી કાઢયા એટલે રામપાર્ટીએ અંદર અંદર ગોઠવેલા પ્રશ્નો પુછ્યા. તે પણ દીક્ષા આદીનાજ એટલે રામવિજયે પોતાના ખુલ્લા કરારનો ભંગ કર્યો આવી વાતો સંમેલનમાં આવનારાઓ કયાંથી જાણે? એટલે આ રીતી નીતીથી ધર્મના નામે છેતર્યાં શું ન ગણાય?

સ્વયંસેવકો અમદાવાદમાંથી પુરતા ન મળ્યા ત્યારે વઢવાણ, મુંબઇ, સુરત, ખંભાત આદી સ્થળેથી તેડાવવા પડયા તેજ બતાવે છે કે અમદાવાદનો પુરતો સાથ નથી; નહીતર મુખ્ય તેનું ગણાતું અમદાવાદને ઉછીના શા માટે મંગાવવા જરૂર પડે.

કહેવાય છે કે આવનારાઓની તજવીજ રીતસર ન હતી તેમજ ઉતારૂઓ માટે પણ અડચણો હતી તેથી કેટલાકોને મરચીપોળ ધર્મશાળાનો આશરો લેવો પડયો હતો. લગભગ ત્રણસો માણસોની સગવડતા કરવી સોસાયટીને અમદાવાદ જેવા સહેરમાં ભારે પડતું કહેવાય છે, તો બીજા શહેરમાં શું દશા થાય તે ગંભીર પશ્ન ખરો કે?

સોસાઇટીના થએલ જમણવારમાંથી પચ્ચીસ ત્રીસ માણસ જમ્યા વગરનું પાછું ફર્યું એટલે શું ખુટયું હતું કે બીજું કાંઇ કારણ હશે તે કેમ કલ્પના કરી શકાય. તેમાં પણ જમ્યા વગરની સ્રીઓ પાછી આવી એટલે આખાય અમદાવાદમાં ભારે સણસણાટી થઇ હતી.

સોસાઇટી આવી રીતે દંભ ખેલી રહી હોવાથી જ્યારે ઠરાવોના રૂપમાં ભાષણોની જવાળા ઠલવવા મંડયા ત્યારે કોન્ફરન્સ જેવો ફેજ કરવાની શરૂઆત કરી પણ જ્યાં પાયધુનીના રૂપીઆ લેણા હોય અને કોઇ સંસ્થાને કે પત્રકારોને ગાળો આપવી કે હલકટ શબ્દોથી બોલવા ઉઠે અને ઠરાવ રૂપ બતાવવા કોશીષ કરે અને આવેલ જૈન જનતાને ઠરાવની નકલો કાયદાસર આપવાની ઉદારતા ન દાખવે એટલે આપનારાઓએ હોહોકાર મચાવી મૂકયો હતો. અને કહેવાય છે કે બે ચાર લેભાગુઓ પોતાની સ્વેચ્છાંનુસાર બોલી રહ્યા હતા. પણ અમદાવાદના ગણાતા ગ્રહસ્થો પૈકી કોઇપણ હાજર ન હતું અને તેની પાર્ટીનાઓ બોલે તેમાં વજુદ શું ગણાય? આવી રીતે ઠરાવને નામે ઠગાઇ જેવું કર્યું તેમ બહાર નીકળનારાઓ બોલતા હતા તેમ મનાય છે.

ખંભાત, રાધનપુર, પાટણ, સુરત વીગેરેના ગ્રહસ્થોને આવતી સાલ માટે સંમેલનો બોલાવવા માટે કેટલીક ખાનગી હીલચાલો કરી પણ જ્યાં સૌરાષ્ટ્રના વઢવાણનો તાજો દાખલો નજર પાસે તરી આવતો હોય ત્યાં હીંમતથી કોણ હા પાડે?

એટલે સોસાઇટીએ વિચાર કર્યો કહેવાય છે કે આપણું નાક રાખવા માટે કાંઇક યોજના કરવી જોઇએ. એટલે પહેલા ભરેલ સુરત. તેજ ગામના એક કહેવાતા ગૃહસ્થને પરાણે ઉભો કર્યો.

સોસાઇટી બાઇએ આવી રીતે અમદાવાદ જેવા શહેરમાં ગુફાની ગંદકીની જેમ દેશવિરતિના નામે દવા લીધી અને તેના કહેવાતા છાપાઓમાં પોતાની ઇચ્છાનુસાર મોટા મોટા હેડીંગોથી રીપોર્ટ લખી વાહવાહ દેખાડી?

તેથી કરી જૈન કે જૈનેતર પ્રજા અંજાઇ જાય અગર ભોળવાઇ જાય તેમ માનવાને કારણ મળતું નથી.

સોસાઇટીના પ્રમુખ ગમે તે કારણે ન આવ્યા અને તે માટેનો ખુલાસો કરવા ફુરસદ નજ મળી પણ જ્યાં કાવાદાવાની રમતો રમાતી હોય ત્યાં કયાંથી સાચી વાત બહાર મુકાય?

તેવીજ રીતે દુગડ પ્રમુખ સાહેબ પણ એક જણને કહેતા હતા—એમ સાંભળ્યું છે કે પાંચ છ જણાઓ અમારી પાસે આવી અમે હા કહ્યા પહેલાજ તેઓએ પરાણે ભગવાનની જય બોલાવી ચોકઠું બેસાડી દીધું અમે તો ખરતર ગચ્છી છીએ અમારા ગચ્છ વિરૂદ્ધ સાગરાનંદજીએ ઘણા ધમપછાડા કર્યા કરે છે તેથી અમે કેમ આવી શકીએ? પણ વિજયસીંહજીએ બહુજ દબાણ કર્યું અને તપા ગચ્છીય કોઇ ન મળી શકવાથી અમારે લાચારીથી આવવા જરૂર પડી.

સોસાઇટીએ માણસોનો દેખાવ કરવોજ જોઇએ તેટલા માટે એમ જણાય છે કે વઢવાણ આદી સ્થળેથી ભાડા આપી જુન્નેરની જેમ માણસો લાવ્યા હતા તે શું સાચું છે.

આ બધું ધર્મના નામે ઢોંગ કરવાવાળી એક ટોળીને કોઇ સાથ આપતું નથી અને તેથી જાહેર જનતાની "સીસોટી" માત્ર પોતાની ઇચ્છાનુસાર જેમ આવે તેમ નાટકો ભજવે છે તેમ ઝંડાધારી અમદાવાદ લખે છે અને ધર્મના નામે ભોળા લોકો તેમાં ફસાય તો તેમાં નવાઇ નહિ. પ્રભુ એવાઓને સન્મતિ આપો અને કોમની દુર્દશા કરતા અને ઠેર ઠેર કુસંપના ઘર ઘાલતા અટકશે. "જૈન."

## ઠરાવ કે ઠગાઇ?

યંગમેન્સ જૈન સોસાઇટીએ મોટા મોટા ખરચા એક માસથી દોડધામ સાથે કરી સમેલન ભર્યું ત્યારે એક પણ ઠરાવ વગરજ સૌ જમૈયા વગર લાભ લીધે ઘરભેગા થઇ ગયા તે કેટલું શોચનીય?

વળી પોતાનું નાક રાખવા માટે સત્યથી વેગળા રીપોર્ટ છાપાઓમાં લખાવવા અને જૈન જનતાને છેતરવા જેવું બીજું કયું હીણપતવાળું ગણાય?

ઠરાવની કોપીઓ આવેલા પૈકી કોઇને આપવામાં ન આવી અને જીભનું ઝેર ઉતારતા નહિ ઇચ્છવાજોગ પત્રકારો, ગાંધીજી, કોન્ફરન્સને ગાળો દીધી હોય તેને ઠરાવ સનાથી પોતાનું પોત પ્રકાશે તે આવનારા અને સાંભળનારાઓ કેવા ધર્મી કે અધર્મી ગણાય, તે વાંચનારાઓ વિચારી લેશે.

હજારો રૂપીઆનો ધુમાડો કરી સોસાઇટી બાઇ એમ માનતી હોય કે અમે ઇડરીયો ગઢ જીતી ગયા છીએ તો ત્યાં ગંભીર ભુલ થતી દેખાય છે. કારણ કે તેના સંમેલનમાં અમદાવાદના એક પણ મુખ્ય મુખ્ય ગણાતા આગેવાનોએ સાથ આપ્યો હોય તેમ ગણાતું નથી. આ ઠરાવો કે ઠગાઇ કે આવનારાઓને છેતરવાનું મહાન પાતક વોરી લીધું તેમ શું ન લેખાય? "જૈન"

# શુકરવારીયાનો અરૂણ વિલાપ.

## સુધારકોથી ભડકતી સોસાઇટી.

—:o◯:O:◯o:—

વઢવાણના લોહી છાંટણાના હેવાલો હિન્દુસ્તાનના દરેક પેપરોમાં આવ્યા પછી ગુજરાતને આંગણે સોસાઇટીબાઇ સીધાવ્યા, ત્યાં પણ મુહુર્તમાંજ કાળા વાવટા જોયા અને સોસાઇટીના સભ્યો સમજતા હતા કે સૌરાષ્ટ્ર જેવા પ્રદેશમાંથી નાસવા જરૂર પડી તો અમદાવાદને આંગણે શું બનશે તે ભયથી અઢી હજાર ઉપરાત કંકેત્રીઓ લખી છતાં કોઇ આવ્યાજ નહિ તેના અરૂણ વિલાપ તરીકે શુકરવારીયા (વીરસાશન)માં કોન્ફરન્સ માટે પોતાની દ્વીમુખી ભાષાથી સુધારકો માટે સ્વેચ્છાનુસાર લખે છે કે "નીકાચીત કર્મ બાંધ્યું હેય તો ભોગવ્યા વગર છુટકો નથી" તે વાત તો સારી આલમ સમજી શકે તેવી છે પણ જ્યાં પગ નીચે બળતું જોવાની ફુરસદ નથી અને બીજાઓને કહેવા દોડવું તે નરી અધમતા રીવાય શું ગણાય?

સોસાઇટીની દોડાદોડી, સોસાઇટીના કાવાદાવા, સોસાઇટી સંમેલનના ઠરાવ રૂપ હલકી ભાષાજ બતાવી આપે છે કે "નીકાચીત કર્મ" કોણ બાંધે છે "જૈન યુગ" પાક્ષીક કેટલાય વખતથી થયું છે તે જૈન કોમ સારી રીતે જાણે છે ત્યારે હમણા શુકરવારીયું જાણે સમાલોચના કરવા બહાર આવ્યું હોય તેમ તેના લેખકો બેરીસ્ટર, વકીલો, સોલીસીટરો છે એટલે સુધારકોથી શુકરવારીયું ભડકી ઉઠયું લાગે છે. તેના અરૂણ વિલાપમાં લખે છે કે દીક્ષાદેવીને બચાવો પણ જ્યાં દીક્ષાના નામે દંભ ખેલાતા હોય તે અને છોકરાઓને ભગાડવાની રમત રમાતી હોય તે વાતો સોસાઇટીનું શુકરવારીયું છુપાવી જૈન જનતાને કે ભોળા જનોને ભમાવવા માટે વાકય ચાતુર્યતા વાપરે! તે આ જમાનામાં કયાં સુધી ચાલે?

દીક્ષાના નામે કે સોસાઇટી બાઇને નામે જ્યાં લાખો રૂપીઆના ફંડ એકઠા થતા હોય તે ભુલી જઇ જૈનોની જાણીતી—માનીતી અને જુનામાં જુની સંસ્થાઓ ઉપર ખોટા પ્રહાર કરવાથી કે મુંબઇ વાતાવરણ કરી લખવાથી શું જૈનો ફસાઇ જશે. તેમ માની લીધું હોય તો આ વીસમી સદીમાં તેવા લખાણોની કીંમત શું ગણાય?

ધર્મના ઓઠા નીચે જે ટોળીને બાજીગરોની જેમ બાજીઓ રમવી છે અને રમે છે. તેથી હવે જૈન જનતા જાણીતી થઇ ચુકી હોવાથી શુકરવારીયું ભડકયા કરે તેમાં શંકા રાખવાનું કારણ મળતું નથી. તેટલા માટેજ સુધારકોથી સોસાઇટી બાઇ ભડકતી ભાગે છે.

સોસાઇટી બાઇએ કરેલ સંમેલનમાં નથી તો અગાઉથી પ્રોગ્રામ આપ્યા—નથી તો અગાઉથી ઠરાવના ડ્રાફ્ટ આપ્યા. આ બધી પોલંપોલ કયાં ચાલે એ વાંચનારાઓજ વિચારી લેશે. "જૈન."

**સમાચાર**— પત્રિકા માટે દરેક સ્થળના યુવાનોને સમાચાર મોકલી આપવા નમ્ર સુચના છે.

# રામવિજયે અમદાવાદમાં આપેલા ભાષણના અગત્યના ચાર મુદ્દાની ચર્ચા.

લેખક: અમૃતલાલ ઝવેરી.

જૈન સમાજમાં ઘેર ઘેર કુસંપના દાવાનળ સળગાવનાર રામપંથ કહાડવાના કોડ સેવનાર શ્રી રામવિજયને સારીએ જૈન જનતા પીછ.ણી ગઇ છે. કારણ કે તેમણે જ્યારે ત્યારે અનેક પ્રકારના ‘હૈયામાંથી બૈયા’ ઉભા કરી જેમ આવે તેમ ફેંકેજ રાખ્યું છે. બીજી બાજુ અનુચરો અને લાગતા વળગતાઓ મારફતે કાવાદાવા, લાલચો, ધમકીઓ આપીને, છેવટે ઉતારી પાડવાના કીસ્સા સમજાવીને બુદ્ધિશાળી વર્ગને ડરાવવાના–કબજે કરવાના અનેક પ્રયાસો સેવાયા છતાં બુદ્ધિશાળી વર્ગ તેમની જાળમાં નજ ફસ્યો ત્યારે ‘હાર્યો જુગારી બમણું રમે’ તે ક્હેતીનુસાર ખાદી, સ્વદેશી, સેવીકાસંઘ, સ્વયંસેવકો અને રાષ્ટ્રની આઝાદી માટેના યુદ્ધ સામે ધુળ ઉડાડી તેમાંએ હડધુત થયા, ત્યારે યુનીયન જેકો ફરકાવી સરકાર માબાપને વહાલા થયા. ત્યાંએ કંઇ સીરપાવ નજ મળ્યો. ત્યારે મુંબઇમાં કંઇક ધમપછાડા ઓછા થયા અને જનતાએ વિચાર્યું કે આટલી ઠોકરો વાગવાથી કંઇક સુધારો થશે.

આખરે મુંબઇમાંથી લબડધક્કે નાસભાગ કરી વીર ભુમી કાઠીયાવાડમાં પગલાં મુકયાં અને ભાવનગરમાંથી નીકળતાં નીકળતાં ટેવ અનુસાર પીઠ પાછળ ઘા કર્યો કે તરત યુવકોના પડકારથી ભાવનગર છોડી આગળ વધ્યા ત્યાં સારાએ સૌરાષ્ટ્રમાંથી સખ્ત વિરોધ થયા: કાળા વાવટાના સામૈયાં થયા. વાતાવરણ ઉગ્ર છતાં વઢવાણમાં છડેચોક હિંસાના ઉપદેશ દીધા: સંમેલનો બંધ રાખવા પડયા અને કીલ્લા સમ ગણાતા અમદાવાદમાં પધારી ભગુભાઇના વંડામાં ભાષણ આપ્યું. એ ભાષણનો સાર મુંબઇ સમાચારના તા૦ ૧૫ એપ્રીલ ૧૯૩૧ ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે તેમાં તેઓ વદે છે કે:

૧ “દીક્ષા લઇને ત્યજી દેનાર કોઇ કોઇ કમનસીબ વ્યકિત માટે ગમે તેવા ઉદ્દગારો કાઢે છે. આમાં ભણેલાઓ આગેવાની લે છે.”

૨ “જે લોકો ઉંચે ચઢે છે તે કદાચ પડે પણ ખરા, પણ નીચે ઉભા રહી ઉંચે જોયા કરનાર કરતાં ચઢીને પડનાર ઉંચ કોટીનો છે.”

૩. “જૈન સાધુ તો (જૈન સાધુતા શબ્દ હશે) માત્ર ઢીલા પોચા માટે નથી. એ માર્ગે ચઢનાર અને **માર્ગમાં સ્થિર રહેનાર વીરલાજ હોય છે.**”

૪. “જૈન સાધુઓની નિંદા કરનારા અધમકોટીના મનુષ્યો છે.” તેમના ભાષણનો એકજ પેરેગ્રાફ વાંચતાં જે પ્રશ્નો ઉદ્દભવે છે તે જરા જોઇએ: પ્રથમ તો તેમને બુદ્ધિશાળી વર્ગ પ્રત્યે જે ઇર્ષ્યા, અદેખાઇ અને ઝેર છે તે તરી આવે છે. કારણ કે બુદ્ધિશાળી વર્ગ તેમની અને તેમના જેવા પાખંડીઓના પાખંડ ખુલ્લાં કરી જૈન જનતાને જાગૃત કરે છે. એટલે ઉપાશ્રયની ચાર દિવાલો વચમાં અગર પોલીસ પહેરાના જાપતા નીચે આ સાધુભાઇ બુદ્ધિશાળી વર્ગને પેટ ભરીને ભાંડે છે. હિંસાખોરી કરવા ભકતોને ઉશ્કેરે છે. છતાં બુદ્ધિશાળી વર્ગ તો જૈન સિધ્ધાંતનુસાર અહિંસક રહીને સમતાથી એનું કામ આગળ ધપાવેજ જાય છે, અને જશે.

**બીજો** મુદ્દો–દીક્ષા છોડનારાઓની બીક લઇ તેનો બચાવ કરતાં કહે છે કે **દીક્ષા ન લેનાર કરતાં છોડનાર ઉંચ કોટીનો છે.** કેવું મઝાનું પ્રમાણપત્ર? આવા પ્રમાણપત્રો ફાડવાની તેમને ટેવ પડી છે એમ ગણીને આ મુદ્દો જતો કરી શકાય તેમ નથી. કારણ કે આ પ્રમાણપત્ર ભયંકર છે. દીક્ષાની થેકડી છે; દીક્ષાને અખતરો સમજી પ્રમાણપત્ર ફાડે છે. નહિ તો તે છોડનારની વકીલાત કરેજ નહિ પરંતુ વસ્તુસ્થિતિ તપાસતાં વકીલાત કર્યાં વિના છુટકોજ નથી. કારણ કે નસાડીને, ભગાડીને, ખરીદીને કે લલચાવીને જે આવ્યો તેને મુંડી નાંખવાનો ધંધો લઇ બેઠેલાઓ સારી પેઠે જાણે છે કે આવા કેટલા દિવસ ટકવાના છે! એટલે પતિતોનો બચાવ કરી ઉચ્ચ કોટીના પ્રમાણપત્રો ફાડે તો થોડા દિવસના અખતરા માટે પણ એમની પાસે મુંડાવનારા નીકળે એજ ઇચ્છાએ આ પ્રમાણપત્ર ફાડયું હશે? અને સાથે સાથે તમને સુચવીએ છીએ કે સંસારીઓને લગતા નીચેના પ્રશ્નનો ખુલાસો પણ કરશો કે જેથી આપના ભકતો ઉપર ઉપકાર થશે.

“પંચમહા વૃતનું પચ્ચખાણ લઇ છોડી દેનાર સાધુ પેઠે કોઇ શ્રાવક ચોથું વૃત ઇત્યાદી કોઇ પણ વૃત પચ્ચખાણ ઉચરે અને થોડો સમય પાળે ને મુકી દે તો વૃત પચ્ચખાણ ન લેનાર કરતાં તે ઉચ્ચ કોટીનો ખરો:

ત્રીજો મુદ્દો–બુદ્ધિશાળી વર્ગની જે ફરીયાદ છે તેને જાણતાં કે અજાણતાં ટેકો આપતાં બોલે છે કે: **સાધુના મારગમાં સ્થિર રહેનાર વિરલાજ હોય:** આ તેવણનો એકરાર લાંબા દિવસે પણ તેવણે બહાર પાડયો છે. તે વાંચીને પણ વિચાર થયા વિના રહે તેમ નથી કારણ કે બુદ્ધિશાળી વર્ગ તો એમ માને છે કે દેશકાળને અનુસરી સધુઓનો મોટો ભાગ ચારિત્ર પાળે છે ત્યારે આ સાધુભાઇ તો મોટા સમુદાયને સાધુ મારગથી દુર ગયેલો કહે છે. એમના એ ઉદ્દગાર સત્ય માની બેસવું તે સમગ્ર સાધુ સમાજને કલંકરૂપ છે. એટલે તેમને પુછીયે કે આપ સાધુ સમુદાયના મોટા ભાગના સમાગમમાં આવી આ ટીકા કરો છો? કે ફેંકે રાખ્યાની ટેવને લીધે બોલાઇ ગયું છે? કે પછી એમ તો નથીને કે શ્રાવક વર્ગને વિશેષણો લગાડવામાં થાકી જવાથી અગર ગમે તે મહેચ્છાએ ગણ્યા ગાંઠ્યા સાધુઓને બાદ કરી તમામ સધુઓને કલંક દેવા મેદાને પડયા છે? કંઇ ખુલાસો કરશો?

ચોથો મુદ્દો–જૈન સાધુઓની નિંદા કરનારને અધમ કોટીમાં મુકો છો: એ આપની વાત સત્ય છે કારણ કે જે સાધુઓ સાધુતાનું લીલામ કરી રહ્યા હોય. પ્રભુ મહાવીરે બતાવેલો માર્ગ ઉપર પગ મુકી મન કલ્પીત વાગબાણો છોડી જેમ આવે તેમ વાણીના વિલાસ સેવી દુનિયાને ઠગવા દંભ સેવી રહ્યા હોય મ્હોટા થવાના મોહથી સાધુ સમુદાયના મોટા ભાગને કલંક દઇ જેઓ સત્તાનો પાઠ ભજવતા હોય, તેવા પાખંડીઓને ખુલ્લા પાડવા તેમાં લગારે પાપ નથી. પરંતુ જેઓ આ કળીયુગમાં પણ સાધુધર્મ પાળી આત્માનું કલ્યાણ કરતા હોય તેવા અનેક સુસાધુઓને કલંક દેનાર શ્રાવક હો, કે સાધુ હો, પરંતુ તેઓના કહેવા મુજબ અધમ કોટીનોજ મનુષ્ય છે તેમાં લગારે ખોટું નથી.

એ સાધુભાઇ! પોતાના અસ્તવસ્ત ચિત્તને લગાર શાન્ત કરી ઉંડો વિચાર કરશો તો સમજાશે કે થોડા વખત માટે શ્રીફળ, પેંડા, લાડુ, દુધપાક અને બીજી લાલચોને લીધે અમુક વર્ગ આપની બોલબાલા બોલશે મોટા દેખાવો કરશે. મ્હોટા કરીને ફુલાવશે. પરંતુ જે દીવસે એ લાલચો બંધ થશે તેજ દીવસે આપના સિંહાસનના પાયા ડોલવા માંડશે. સમજો. લાલચે ધર્મ ટકયો નથી, મારી ગોળી અત્યારે કડવી લાગશે પરંતુ આગળ ઉપર એજ લાભ આપશે. બાકી તમે સધુ કે બુદ્ધિશાળી વર્ગને ગમે તેવા શ્રાપો આપો તેની કશીએ અસર થવાની નથી. એ તો પતિતોને પોષવામાં પાપ સમજે છે અને સમજશે.

“એક જૈન”

# જૈનો વાંચો અને ચેતો.

**[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલકસુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર: એક જૈન.]**

સમય સમયનું કાર્ય કર્યે જાય છે. તેમ ભવિષ્યમાં કેવો સમય આવશે, જનતાને કેવા સયોગોમાંથી પસાર થવું પડશે, એની પણ મનુષ્ય જાતિને ખબર પડતી નથી. ચોકસ વર્ષો પહેલાં હિન્દુ-મુસલમાનો, અરે હિન્દુ અને બૌધ્ધો તેમજ જૈનો આપસમાં બીલાડી અને ઉંદરનું વૈર રાખતા હતા, ત્યારે આજે એકત્રતાનો પવન (સમગ્ર હિન્દુસ્તાનમાં) અહીંસા પરમો ધર્મને નામે ફુંકાઇ રહ્યો છે અને એવા પારસ્પરિક ઝઘડાઓ પ્રત્યે લોકો તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે. કોઇ સમય સમભાવનો પાઠ શીખવે છે, તો કોઇ સમય ખેંચાતાણીનું ક્ષેત્ર વિશાળ કરે છે.

વિજયતિલકસૂરી રાસ ઉપરથી જૈનો જોઇ શકશે કે વાગ્બાણોનો વરસાદ વરસાવી-ધાર્મીક લાગણીઓના આવેશમાં અસહિષ્ણુતા ખુલ્લી રીતે બતાવી-પોતપોતના ગંધાતા વાડામાં લઇ જવાનો પ્રયત્ન જેવી રીતે સત્તરમી સદીમાં થતો હતો તેવી રીતે અત્યારે વીસમી સદીમાં જોવામાં આવે તો મારા જૈન બંધુઓ ભડકતા નહી. તમારા સમભાવ ઉપરથી પતીત થતા નહી. કારણ કે અત્યારના ઝઘડાઓમાં કદાચ કુદરતનો જૈનોને વધારવાનો ગુપ્ત સંકેત રહેલો હોઇ શકે કારણ કે કુદરતના ગુપ્ત સંકેત સમજવાનું મનુષ્યની શકતીથી બહારનું છે :-

ધર્મસાગર તે પંડિત લગઇ કર્યો નવો એક ગ્રંથરે,
નામથી કુમત કુદ્દાલડો માંડીએ અભિનવો પંથરે.
આપ વષાણકરઇ ઘણું નિંદઇ પર તણો ધર્મરે,
એમ અનેક વિપરીતપણું ગ્રથમાંહી ઘણો મર્મરે.
માંડી તેણઇ તેહ પરૂપણા સુણી ગછપતિ રાયરે,
વિક્ષલ નયરિં વિજયદાનસૂરી આવી કરઇ ઉપાયરે.
પાણી આણી કહઇ શ્રીગુરૂ ગ્રંથ બોલવો એહરે,
નયર બહુ સંઘની સાખિ સિઉં ગ્રંથ બોલીયો તેહરે.
શ્રીગુરૂ આણ લહી સહી સૂરચંદ પંન્યાસરે,
હાથ સિઉં ગ્રંથ જલિ બોલીઓ રાષી પરંપરા અંશરે.

ધર્મસાગર અને વિજયહીરસૂરિજીએ સાથે રહીનેજ અભ્યાસ કર્યો હતો પણ કર્મના જોરને લીધે ધર્મસાગરે પોતાના ગુરૂ વિજયદાનસૂરિજીના સામે થઇ કુમત કુદ્દાલ ગ્રંથ બનાવ્યો અને તે ગ્રંથ વિજયદાનસૂરિજીના હુકમથી જલ સરણ કરવામાં આવ્યો તે છતાં ધર્મસાગરે પોતાની ઝઘડાખોર પ્રવૃત્તિ છોડી નહી ત્યારે વિજયદાનસૂરિજીએ નીચે મુજબ હુકમ બહાર પાડયો તે બાબત હીસામાં લખાણ નીચે મુજબ છે :-

કરી વિચાર પત્રીકા લષીગચ્છ બાહિરતે કીધા પછી,
કહઇ ગચ્છ નાયક કો છઇ અસ્યો ચીઠ્ઠી લેઇ તિહાં જઇ ધરયો.
એક મુજાવર તેનિઃસુણી વાત કહઇ ચીઠ્ઠી લાવ્યો અમ તાત,
લેઇ ચીઠ્ઠી જઈ ચાલ્યો જેહ રાજનગરિ જઇ પુહુતો તેહ.
સભા માંહીં જઇ ઉભો રહિઓ ગુરૂ સંદેસો તેણઇ કહિઓ,
ચીઠ્ઠી આપી નઈ એમ કહઇ ધનાવના ગચ્છ બાહિર રહઇ,
એમ કહી પાછાં પગલાં ભરઇ ગલો કહઇ કોઇ છઇરે ધરઇ.
ધાઓ ધાઓ ધીંગા નઇ ધરો મારો મારી પૂરો કરો,
નિર ધાયા જેમ જમના દૂત કિહાં જાઇ તુંરે અવધૂત.
મુનિ નાઠો શ્રાવક ઘરિ ગયો શ્રાવક કિંઇ તરા ઘરમાં ગ્રહિઓ,
રાખિ દિન બિ ઘરમાં તાસ રાતિં કાઢી મુકયો નાશ.
સાગર ગચ્છ બાહિરી જે કીધ કાઢયા જાણ્યા જગપ્રસિદ્ધ.
આહાર ન પામઇ શ્રાવક ઘરે સાગર કરઇ ગલ્લા નઇ સરે.
તો શ્રી શકલચંદ ઉદઝાય સાગર તેડિ રાધિનપુરી જાય,
જઇ ઉભા રહીયા બારણઇ ગુરૂ નઇ જાણ કરો એમ ભણઇ.
ગુરૂ કહઇ એહનું નહીં અમ કાજ એહ નઇ કહી દીન વલઇ આજ,
શકલચંદ વાચક એમ ભણઇ શિષ્ય કહઇ તે શ્રીગુરૂ સુણઇ,
છોરૂ હોઇ કછોરૂ કદા માયબાપ સાં સેવઉં સદા,
કરેસ્થઇ હવઇ જે તુમે આસિદિયો સાગરનંદ ગચ્છમાંહી લીઓ.

સૂરિજીએ કહ્યું :-જો ગચ્છમાં આવવાની ઇચ્છા હોય તો 'પુર્વસૂરિનું વચન હું સદ્દ હું છું' એ પ્રમાણે હું કહું તેમ લખી રાખો.

ધર્મસાગરજી ઉપાધ્યાએ વાત સ્વીકારી. ગુરૂના કીધા પ્રમાણે પટો લખી આપ્યો. સાગરજીએ મિચ્છામી દુક્કડં દીધા તેને બધા બોલ લખાવી લીધા. પટાની અંદર અનેક મતાં અને શક્ષીઓ પણ થઇ. આ પટો વિજયદાનસૂરિએ સંવત ૧૬૧૭ ની સંવત્સરીની મિતિએ રાધનપુરમાં બહાર પાડયો. તેમાં મુખ્ય બે વાતો:-

(૧) સાતથી અધિક નિહ્નવ છે, એમ કહેનાર ગચ્છનો ઠપકો પામશે.

(૨) પ્રતિમા સંબંધી જેમ પરંપરા ચાલી આવે છે તેમ ચાલવું. બધાઓના મતાં કરાવ્યાં.

ધર્મસાગરજીએ ચતુર્વિધ સંઘના નામથી એક કાગળ અમદાવાદના ગલરાજ ઉપર મોકલ્યો તે નીચે મુજબ છે :—
"મેં જે નવા પાંચ નિહ્નવોની પ્રરૂપણા કરી છે તેનો મિચ્છામી દુક્કડં દઉં છું. કુમતિ કુદ્દાલ નામના ગ્રંથનાં પંથને હું છોડું છું. પહેલાંની જે સકહબ્બ કરેલી તેનો મિચ્છામી દુક્કડં દઉં છું. ષટ્પર્વી-ચતુઃપર્વી જે હું નહોતો સદ્દહતો તે પણ હું ગુરૂના કહેવા પ્રમાણે સદ્દહું છું. સાત બોલને પણ હું હવે સદ્દ હું છું. ચતુર્વીધ સંઘની જે મ્હેં આસાતના કરી, તેનો મીચ્છામી દુક્કડં દઉં છું. વળી પાંચ ગચ્છવાળાઓનાં ચૈત્યોને હું ઉત્થાપતો હતો તેને ન ઉત્થાપતાં હવે હું પાંચેનાં ચૈત્યોને ખામણાંપૂર્વક વંદુ છું."

તદનન્તર સંવત ૧૬૨૨ માં શ્રી વિજયદાનસૂરિ વડાવલામાં સ્વર્ગે પધાર્યા. શ્રી વિજયદાનસૂરિ પછી તેમની પાટે શ્રી હીરવિજયસૂરિ થયા. શ્રી હીરવિજયસૂરિએ, શ્રી જયવિમલને આચાર્ય પદ આપી તેમનું વિજયસેનસૂરિ એવું નામ સ્થાપ્યું.

ધર્મસાગરજીનો એક વધુ પ્રપંચ હવે પછી બહાર પાડવામાં આવશે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૮ મો. | સંવત ૧૯૮૭ ના વૈશાખ વદી ૨. તા૦ ૪-૫-૩૧ | છુટક નકલ : ૦ા આનો.

## જૈનો વાંચો અને ચેતો.

[ ઐતિહાસીક રાસ સંગ્રહ ( વિજય તિલકસુરિ રાસ ) ઉપરથી તારણ કાઢનાર : એક જૈન.]

ધર્મસાગરજીનો વધુ પ્રપંચનો નમુનો–કર્મની વિચિત્ર ગતિ છે સોસાયટી આગમના નામે અભીમાન કરે છે તે પણ કર્મના લીધેજ. આગમોદ્ધારની ઉપાધી લઇ ફરનાર કર્મથીજ પોતાના મતને માન નહી આપનારને નીર્મૂલ કરવાની હઠ લઇ બેઠા છે. કર્મથીજ રોહિણી ઘણું જ્ઞાન ભણવા છતાં અજ્ઞાનતાથી નરકે ગઇ. તેવી રીતે ધર્મસાગર વારંવાર ગુરૂની સ્હામા થયા તે પણ કર્મનેજ લીધે. પહેલા બે વાર શિક્ષા આપી તો પણ તેઓને સાન આવી નહીં. તેઓ તો પોતાના મતને સ્થાપન કરનારા એક પછી એક છાના નવા ગ્રંથો બનાવનાજ રહ્યા.

સંવત ૧૬૨૮ ની સાલમાં લોંકાના આગેવાને પોતાનો મત તજી હીરવિજયસુરિની આજ્ઞા માનવી શરૂ કરી. સંવત ૧૬૩૯ હીરવિજયસુરિજી અકબર બાદશાહને મળ્યા. સુરિજીના ઉપદેસથી બાદશાહ ઘણો ખુશી થયો. પોતાની વીદ્વતાના બળે તીર્થોમાં લેવાતાં મૂડકાં પણ મુક્ત કરાવી વર્ષમાં છ માસ જીવદયા પ્રવર્તાવી અને જજીયા વેરાથી લોકોને મુક્ત કરાવ્યા તેવે વખતે ગુજરાતની અંદર ધર્મસાગરજીએ ધાંધલ ઉઠાવી. ઠેકાણે ઠેકાણે કલેશો થવા લાગ્યા. ખરતર ગચ્છ વાળાઓ સાથે પાટણમાં મ્હોટો વિવાદ ઉભો થયો; (જેમ હાલમાં આનંદસાગર ખરતર ગચ્છને हवहात्मजां કહે છે તેવી રીતે ઝઘડા વધાર્યાં.)

પરતર સિઉં અતિ હૂઓ વિવાદ પાટણમાં વાધ્યો ઉન્માદ, શ્રાવક નઇ બઇઠા ઘણા દામ સાગર દુશ્મન થયા બહુ ઠામિ.
એહ વાત જગમાં વિસ્તરી હીરવિજયસૂરિ સુણી મનિ ધરી, વેગિં નૃપનો લહી આદેશ શ્રીગુરૂ આવ્યા ગુજ્જર દેસિ.

ધર્મસાગરની ધમાલના નમુના નીચે મુજબ છે તે વિજય નિલકસુરિના રાસાની ભાષામાં નહી આપી તેનો તરજુમો કરેલો છે :–

### ધર્મસાગરના બાર બોલ.

(૧) પોતાની શક્તિ હોય તો પરપક્ષીને પાછા પાડવા–કષ્ટ આપવું (જેમ હાલના આનંદસાગર વદે છે કે અધર્મીઓને નીર્મૂલ કરો તે ઘણું સારૂં છે)

(૨) પરપક્ષી નોકાર ગણીનેપાપ વધારે છે, તેનું ધર્મ–કર્મ અનુમોદવા યોગ્ય નથી.

(૪) પરપક્ષીએ ગ્રહણ કરેલાં દેહરાં, જીનવરનાં બિંબ તે હોળીના રાજા જેવા જાણવા. (એટલું સારૂં છે કે આનંદસાગરે પરપક્ષી એટલે ખરતર ગચ્છના દહેરાને રાજા જેવા જણાવ્યા નથી)

(૬) શાસ્ત્રની અંદર સાધુની પ્રતિષ્ઠા હોઇ શકેજ નહી કારણ કે શાસ્ત્રનો એક અક્ષર વાંકો કહે, તેને ઉત્સુત્ર ભાષી કહેવામાં આવે છે અને ઉત્સુત્ર ભાષી હોય તેને સાધુ કહેવાયજ કેવી રીતે? જો તેને સાધુજ ન કહેવાય તેની કરેલી પ્રતિષ્ઠા વાળી પ્રતિમા વાંદવા યોગ્ય કેમ હોઇ શકે? વળી જો તેમને સાધુ કહેવામાં આવતા હોય, તો તે સાધુ કેવા સાધુ? જો તેમાં સાધુપણું સદ્દહતા હો તો પછી તેઓને વાંદતા કેમ નથી?

### હિરવિજયસૂરિએ સામા બાર બોલનો ખુલાસોબહાર પાડયો :–

(૧) કોઇએ પરપક્ષીને કઠિણ વચન ન કહેવું.

(૨) પરપક્ષી જે કંઇ ધર્મ કરે તે, અનુમોદવા યોગ્યજ છે. કેમકે જ્યારે મિથ્યાત્વીમાં રહેલું માર્ગાનુસારીપણું અનુમોદવા યોગ્ય છે તો પછી જૈનમાંજ રહેલા પરપક્ષીનું શું કહેવું?

(૪) દિગંબરની પ્રતીમા કેવળ શ્રાવકે પ્રતિષ્ઠીત કરેલી પ્રતિમા અને દ્રવ્ય લિંગીના દ્રવ્યથી બનેલી પ્રતિમાએ ત્રણે વાંદવા યોગ્ય નથી. બાકીના જીન બીંબોને વાંદતાં અચકાવું નહી–તેને પુજવાથી પાપનો નાશ થાય છે.

(૬) તેમનો વેષ દેખીને તમે કયા દર્શનના સાધુ તરીકે તેમને કહેશો કારણ કે દર્શન તો છજ કહેલાં છે. તેમના વેષને જુદા માનતા હો તો તે પણ ૨૪ તીર્થંકરને આપણે માનીએ છીએ તેમનેજ તે લોકો માને છે. કદાચ મતિભેદના લીધે કંઇ ધર્મનો ઉચ્છેદ થઇ શકે નહી. વળી તેઓનું જો કંઇ પણ લેખામાં ન ગણાતું હોય તો પછી ચોભંગી શા માટે કહેવામાં આવી? અગર જો તેમનામાં સાધુપણું ન હોય, તો જુઓ ઠાણાંગ સુત્રની અંદર કહેલી તે ચોભંગી વળી મુનિમાં દ્રવ્ય–ભાવ–નામ અને સ્થાપના એ ચાર નિક્ષેપા ઘટાવ્યા છે. તેમાં ભાવ અને સ્થાપના ન હોય ત્યાં દ્રવ્ય અને નામ ન હોય એવું કાંઇ નથી. ત્યાં તો ચારે આરાધક કહ્યા છે તેમનામાં સાધુપણું કંઇ લાધતું નથી.

હવે રહી વાંદવાની વાત. દષ્ટાંત તરીકે કણબી, ભાટ, અને રજપુતની છાશ સાધુઓ લઇ શકે છે પણ રાંધેલું અન્ન લઇ શકતા નથી. કેમકે તેવો વ્યવહાર નથી.

તેવી રીતે વ્યવહારથીજ વદના થતી નથી. કહેવાની મતલબ કે તેઓમાં સાધુપણું કોઇ અંશે છે, માટે તેમના પ્રતિષ્ઠિત બિંબો વાંદવાને યોગ્યજ છે.

[જુઓ પાનું ૬ ઠું.]

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# દીક્ષા લેવાનો થઈ પડેલો ધંધો.

ચરમ તીર્થંકર શ્રી મહાવીરે "રેમિ સામાઇએ" કહી દીક્ષાનો જે પવિત્ર માર્ગ ખુલ્લો કર્યો તે આજકાલ કાંટાળો થઇ પડયો જણાય છે. છેલ્લા પંદરેક દિવસમાં કેટલાક દીક્ષિતોએ જે રીતે સાધુવેષ છોડયો છે તે જોતાં સ્પષ્ટ રીતે અનુભવાય છે કે તેઓને પોતાનું દીક્ષિત જીવન ત્રાસમય અને અસહ્ય લાગ્યું હોવું જોઇએ તેઓએ કે તેઓના સંબંધીઓએ કરેલા એકરારો આ વાતની સાક્ષી પુરે છે. દીક્ષા લેતી વખતે અને દીક્ષા લીધા પછી એવા પ્રબળ કારણો પ્રાપ્ત થયા હોવા જોઇએ કે જેથી દીક્ષા ત્યાગનો જે બનાવ પૂર્વે પચાસસો વર્ષે પણ કવચિતજ બનતો તે આજે લગભગ દરરોજ બનતો હોય એમ તીવ્ર દુઃખ સાથે કાને અથડાય છે.

જે કાળમાં દીક્ષા ફંડો અને ઉપકરણ ફંડ સ્થપાયા હોય, કરજદારોનાં કરજો ચુકવી દીક્ષા અપાતી હોય અથવા દીક્ષા દ્વારા કમાવાનો ધંધો લઇ બેઠેલા કેટલાક બેકારોને થોડાક હજારો રૂપીઆઓ આપીને લલચાવવામાં આવતા હોય, યોગ્યાયોગ્યની પરીક્ષા–અરે તેનો વિચાર સરખોએ કર્યા વગર માત્ર દીક્ષિત સૈન્ય વધારવાની લાલસાએ અનેક વ્યવસ્થિત યોજનાઓથી સાધુ વેષ પહેરાવી દેવાની તાત્કાળીક ગોઠવણો–વ્યૂહ રચનાઓ રચાતી હોય તે કાળમાં આવા આશ્ચર્યકારક બનાવો વારંવાર બને તેમાં કંઇ નવાઇ જેવું જણાતુ નથી.

પરંતુ વધારે નવાઇ જેવું તો એ જણાય છે કે દીક્ષા લેતી વખતે ખરા વૈરાગ્યવાળા જણાયેલા દીક્ષિતો પણ હાલમાં દીક્ષાનો ત્યાગ કરે છે. શું આજ કાલના સાધુ જીવનમાંજ સામાન્ય રીતે સડો દાખલ થયો છે કે માત્ર રામસાગર ટોળીના તંત્રમાંજ આ પરિસ્થિતિ છે તે કહેવું પણ મુશ્કેલીભર્યું થઇ પડે છે. બનવાજોગ છે કે સુકા સાથે લીલું પણ બળે ભાઇ રતીલાલ ડાહ્યાભાઇએ ત્રણ માસ ઉપર દીક્ષા લીધી તે વખતની અને તે અગાઉના કેટલાક વર્ષોની તે ભાઇની ધાર્મિક વૃત્તિ જે જાણે છે તે ચોક્કસ રીતે કહી શકશે કે ખરી વૈરાગ્ય ભાવનાથીજ તે ભાઇએ દીક્ષા ગ્રહણ કરી હતી. છતાં ત્રણ માસમાંજ તેમણે શા માટે દીક્ષા છોડી તે સવાલનો ખરો ઉકેલ તો તે ભાઇજ કરી શકે પરંતુ એટલું અનુમાન તો જરૂર કરી શકાય કે સરળ હૃદયના તે ભાવિક બંધુને તેમની આજુબાજુનું કલુષિત થઇ પડેલું સાધુજીવન રૂચ્યું નહીં હોય. બલ્કે ત્રાસદાયક થઇ પડયું હશે.

શ્રી કોન્ફરન્સના એક નાના ઠરાવથી ભડકેલી રામટોળીમાં વારંવાર બનતા આવા બનાવોથી હવે તો આખા સમાજે સત્વર ચેતવું જોઇએ. શ્રી કોન્ફરન્સે પોતાની એક તાત્કાળીક બેઠક બોલાવવી જોઇએ અને આખા જૈન સમાજની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારા આવા બનાવો માંટે એક સ્વતંત્ર કમીશન નીમી તપાસ કરવી ઘટે. આ નાનકડી રામ ટોળીએ પોતાની શોચનીય પરિસ્થિતિ સુધારવાની શકિત ગુમાવી દીધી છે. નથી તેમાં સંપ કે જંપ. જ્યાં ત્યાં ઇર્ષ્યા અને કલેશ, અભિમાન અને અજ્ઞાન નજરે પડે છે. તેથી સમસ્ત શ્રાવક વર્ગે પોતાના આશ્રમની રક્ષા અર્થે, જૈન ધર્મની પ્રતિષ્ઠાને અર્થે, શ્રી મહાવીરના માર્ગના ઉદ્ધારને અર્થે, હવે તો કટીબધ્ધ થવું જોઇએ અને પોતાનો દ્રઢ અભિપ્રાય જલ્દી જાહેર કરી શ્રી મહાવીરના સુંદર પણ હવે કંટકમય બનેલા માર્ગમાંથી કાંટાઓ કાઢી નાંખી તેને સુખમય બનાવવો જોઇએ. અત્યાર સુધી તટસ્થ રહેલા સાધુ સમુદાયે પણ જૈન ધર્મની પ્રતિષ્ઠાની ખાતર શ્રી કોન્ફરન્સના આ કાર્યને સંગીન સાથ આપવો ઘટે.

જો આ સોનેરી તક ગુમાવવામાં આવશે તો, યાદ રાખવાનુ છે કે એક ભયંકર હોળી તુરતનાજ ભવિષ્યમાં જાગશે અને સમાજમાં વધુ અવ્યવસ્થા અને છિન્નભિન્નતા થશે.

દુધમાં અને દહીંમાં પગ રાખવાનો આ સમય નથી. આ સવાલ આખા જૈન સમાજનો છે–પવિત્ર જૈન ધર્મનો છે. ઉચ્ચતમ મનાયેલું જૈન સાધુ જીવન હાલ તો વગોવાય છે, અને જૈનેતરોમાં તેની હાંસી થાય છે. જેટલા વ્હેલા જાગીશું તેટલું સારૂં છે નહીં તો પછી સમાજની શી દુર્દશા થશે તે કહેવા કરતાં કલ્પવું વધારે સ્હેલું છે.

---

**આજોલના સમાચાર.**

આજોલથી એક ભાઇ લખી જણાવે છે કે, મુનિ અમૃતવિજય જે સોસાયટીના મેમ્બરો વધારવા બારોટને બોલાવી મહેનત કરી જોઇ પણ પરિણામે નિષ્ફળતા મળી. પછી રીદરોલના તથા આજોલના શ્રાવકોમાં કુસંપના બીજો વાવ્યા. એટલાથી ન ધરાતાં ગામ પુધરામાંથી સોનાના પ્રતિમાઓ ધારી ઉપાડી પણ શ્રાવકોના પાછળ પડવાથી નાલે મોઢે તે મૂર્તિઓ પાછી આપવી પડી

---

—અમદાવાદ જૈન યુથ લીગની એક સામાન્ય સભા તા૦ ૨૮–૪–૩૧ ને મંગળવારના રોજ રાતના આઠ વાગતાં ઝવેરી મુળચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા

(૧) ગત રાષ્ટ્રીય લડતમાં જેલ જઇ આવેલ ભાઇઓ તથા તેમાં સતત ભોગ આપનાર અન્ય ભાઇઓને આ સભા અભિનંદન આપે છે અને પરસ્પરના પરિચયમાં આવવા સારૂ એક સ્નેહ સંમેલન કરવાનું ઠરાવે છે.

(૨) યુવક સંઘ સંમેલન જે વડોદરા ખાતે ભરાવાનું છે તેને જરૂરી સહકાર આપવો

(૩) દરેક જૈન ભાઇ તથા બ્હેન સ્વદેશી વસ્તુ વાપરે તે સારૂ યોગ્ય પ્રચાર કરવો.

(૪) યંગમેન્સ જૈન સોસાયટી. સંમેલને કોન્ફરન્સ, યુવક સંઘ અને અન્ય જૈન છાપાઓની પ્રવૃત્તિ વિરૂદ્ધ જે ઠરાવો કર્યા છે તેને આ સભા વખોડી કાઢે છે.

# વઢવાણનો પડકાર.

કેટલીક રૂઢીઓ અને અન્યાયોને આપણે સામે જઇને સહકાર નથી આપતાં, તે છતાં આપણી નિષ્ક્રિયતામાંથી તે પુષ્કળ પોષણ મેળવે છે. કેટલાંક જંગલી છોડ એવાં હોય છે કે તેને કોઇ પાણી સીંચવા નથી જતું, તેની રક્ષા માટે વાડ પણ કોઈ નથી બાંધતું. તો પણ તે ફાલે-ફુલે છે; અને તેમાં સર્પ-વીંછી આદિ પ્રાણીઓ ભરાઇ બેસે છે. કુરૂઢીઓ અને સામાજીક અન્યાયો પણ એ રીતેજ આગળ વધે છે. આપણે વખતસર ચેતી તેનું જડમૂળથી નિકંદન ન કાઢીએ અને માની લઇએ કે આપણા સહકાર વિના તે કંઇ થોડાંજ વૃદ્ધિ પામવાનાં છે તો તે કાંટારૂપ બની રહે. આળસને અંગે અથવા તો જે વખતે આપણે જાગૃત બની સામે પડકાર કરવો ઘટે તે તક નિષ્ક્રિયતામાં ગુમાવી બેસીએ તો એક યા બીજી રીતે આપણે એ અન્યાયને આડકતરો પણ અસહકાર આપ્યો છે એમ ગણાય. આજે કેટલાય વખત થયાં આપણા જૈન સમાજમાં "યુવાન" શબ્દનો છડેચોક દુરૂપયોગ થઇ રહ્યો છે. યુવાનીનાં તેજ, સ્વાતંત્ર્ય અને ઉદ્દામતાને લજાવે એવી પ્રવૃત્તિઓ યુવાનોનાના નામ સાથે સંકળાય છે. છતાં આપણા જૈન જુવાનો પોતાની નિષ્ક્રિયતા વડે તેને આગળ ધપવાનો અવસર આપે છે અને "આપણું શું બગડી જવાનું હતું" એવી વૃધ્ધ મનોદશામાં મ્હાલી, ધૂર્તતાના વાતાવરણને જૂદી રીતે પોષણ આપે છે. વઢવાણના યુવકોએ એ નિષ્ક્રિયતા સામે હાલમાં પોતાનો પ્રચંડ પડકાર નોંધાવ્યો છે એ જાણી જૈન યુવકો અને પ્રૌઢોના દીલ સંતોષાયા વિના નહીં રહે. એક વાત તો સૌ કોઇ જાણતું હતું અને જાણે છે કે જેમને પોતાની લીલા વીસ્તારવાની હોય છે તેઓ, યુવાનો, વૃધ્ધો અને સ્ત્રીઓના નામે પણ નાટારંભ ખેલતાં લજવાતાં નથી, કારણ કે એ તો એમની કારીગરીઓ પૈકીની એક કારીગરીજ પુરવાર થઇ ચૂકી હોય છે, એટલે એ વિષે આપણે એમને માફ કરી શકીએ: પરંતુ જેઓ આ દુરૂપયોગને ઠંડે કલેજે સાંખી રહે અને અન્યાયની સામે પણ માથું ઝુકાવી બેસી રહે તેઓ તો અક્રિયપણાના આરોપ માટે પૂરેપૂરા જવાબદાર રહે છે એમ કહ્યા વિના નથી ચાલતું. વઢવાણના યુવાનોએ સવેળા જાગૃત થઇ સૌરાષ્ટ્રની લુંટાતી લાજ સંભાળી અને "ઑલ ઇંડીયા યંગમેન્સ સોસાઇટી"ની સાથે સૌરાષ્ટ્રના યુવકોને લેશ પણ લેવા દેવા નથી એમ ખુલ્લે ખુલ્લું જાહેર કરી દીધું. આ હિમ્મત નહીં તો, સમયસરની સાવધગીરી માટે પણ વઢવાણના યુવકો અભિનંદનને યોગ્ય છે. એટલું ઠીક થયું કે વઢવાણમાં જે અભિનયો બતાવવાનાં હતાં તે બીજી કોઈ રંગભૂમિ માટે મુલતવી રહ્યાં. પણ સાચી વાત કહીએ તો એ અભિનયોની આપણને જેટલી દરકાર ન હોય તે કરતાં વધુ ચિંતા તો યુવકોના નામના દુરૂપયોગની આપણને હોવી જોઇએ. એ દુરૂપયોગને જો આપણા યુવકોએ આટલેથી ન અટકાવ્યો હોત તો તે કેટકેટલાં રૂપ ધરત તે કંઇ કહી શકાય નહીં. અમે એ લીલાઓના રહસ્યમાં આ સ્થળે ઉતરવા નથી માગતાં. પણ આટલા પડકાર માત્રથી સૌ કોઇ સમજી શક્યું હશે કે કેટલાક અન્યાયો અને દંભો આ પ્રમાણે આપણા એક માત્ર પડકારનીજ રાહ જોતાં ખડાં હોય છે. મરવાની આળસેજ એ છેલ્લો શ્વાસ ઘુંટતા હોય છે. દરેક દરેક ગામનો યુવાન સમાજ જો આટલી જાગૃતી રાખે તો અમને ખાત્રી છે કે જંગલી છોડની જેમ આપણી આળસમાંથી પોષણ મેળવતાં ઘણુખરાં અન્યાયો આપોઆપ ભસ્મીભૂત બની જાય. "ઑલ ઇંડીયા યંગમેન્સ સોસાઇટી" જેવી સોસાઇટી જો કયાંઇએ વિદ્યમાન હોય અને તેણે કોઇને ગુલામી ખત લખી આપ્યું હોય કે ન આપ્યું હોય તો પણ તે પોતાના વિચાર કે મનોભાવ જાહેર કરવાને સંપૂર્ણ સ્વતંત્ર છે. પરંતુ જૈન સમાજના યુવકોના નામે તે પોતાનો દંભ વિસ્તારી શકે નહીં એટલું તેણે બરાબર સમજી લેવું ઘટે.

# જૈન કોન્ફરન્સ ઉપર પ્રહારો.

## શું આ શાસનપ્રેમીઓનો ધર્મ છે?

## બોલતાં પહેલાં વિચાર કરો.

### શેઠ કસ્તુરભાઈ લાલભાઈ શું કહે છે?

લેખક: શા. મહાસુખભાઇ ચુનીલાલ, વીસનગર.

જાહેર વર્તમાનપત્રોમાં અયોગ્ય દીક્ષા ઉપર લેખ લખવા મારી કલમ, હિંદી વાતાવરણ રાજ્યકીય ચળવળથી ભરપૂર છવાયેલું હોવાથી, બંધ થયે માત્ર ૫-૬ માસ થવા આવ્યા એટલામાં તો વીરશાસનના તંત્રી સુના પડી ગયા અને મારી કલમ શરૂ કરવા જાણે આડકતરી રીતે સૂચવતા હોય તે પ્રમાણે "મહાસુખભાઇની ચૂપકીદી" એ મથાળાવાળો લેખ તા૦ ૧૦-૪-૩૧ ના વીરશાસનમાં વાંચકો આગળ રજુ કરી પોતાનું હૃદય ખાલી કરે છે. "અમૃત સરિતા નામની નવલકથા મારફત જૈન સમાજમાં ઝેરી પ્રવાહ ફેલાવ્યા બાદ તેમણે નવું સાહસ ખેડયું નથી" એમ કહી નવું સાહસ ખેડવા મને પ્રેરણા કરે છે. મારી પાંચ છ માસની ચૂપકીદીને ભયંકર મૌન તરીકે તે ઓળખાવે છે અને આગળ ચાલતાં મુનિશ્રી રામવિજયજીના વર્તનથી કે તેમના પ્રવચનથી જાણે મારા વિચારો બદલાયા હોય એમ અનુમાન કરી મારી ચૂપકીદીને ઘડીભર પ્રશંસાને પાત્ર માનવાને તૈયાર થાય છે. કેવા વિરોધાભાસ અલંકારનું પ્રદર્શન!!

આ પ્રમાણે કહી પોતાના મૂળ ધ્યેય ઉપર આવી જૈન કોન્ફરન્સને ઉતારી પાડવા-તેમના શબ્દો ઉપરથી કહીએ તો ગાળો દેવા ગમે તે શબ્દોનો ઉપયોગ કરે છે

વીરશાસનના તંત્રીજીને પુછું છું કે - આપને જૈન કોન્ફરન્સના વિરૂદ્ધ લખતાં જરા પણ શરમ નથી આવતી? તે કોન્ફરન્સનું બારમું અને તેરમું કહેતાં આપનું હૃદય જરા પણ કંપાયમાન થતું નથી? તે કોન્ફરન્સને દફનાવવાની વાત કરતાં આપના જેવા શાસનપ્રેમી અને ધર્મી હોવાનો દાવો કરનારને પાપ નથી લાગતું? એવું અશુભ ચિન્તવન કરવું એ શું ધર્મી પુરૂષોનો ધર્મ છે? ખરેખરા દુશ્મનનું પણ બુરૂં ઇચ્છવાની ધર્મમાં સખ્ત મનાઇ છે તો આવો ધર્મ વિરૂદ્ધનો ઉપદેશ કયાંથી ગ્રહણ કર્યો? કૃતઘ્ની મટી કૃતઘ્ની થવામાં હૃદય જરા પણ ડંખતું નથી? તે જૈન કોન્ફરન્સના

પ્રમુખોની નામાવળી યાદ કરો અને પ્રભુ માથે રાખી હૃદય ઉપર હાથ મુકી હૃદયને પુછો કે જૈન કોન્ફરન્સને ગાળો દઇએ છીએ તે પુણ્ય કરીએ છીએ કે પાપનો પોટલો બાંધી શાસન-પ્રત્યે બેવફાઇનું પ્રદર્શન કરીએ છીએ? શાંત ચિત્તથી હૃદયનો જવાબ સાંભળી ન્યાય આપો, યદ્વા તદ્વા ન બોલો. તેમ બોલવાથી આપ કોનું અપમાન કરો છો તેનો ખ્યાલ કરો. ફલોદીમાં સંવત ૧૯૫૮ માં જન્મ પામેલી આજે ૨૯ વર્ષની થયેલી જૈન કોન્ફરન્સની સંસ્થાને મારી નાખવાની વાત કરવી તે કૃતધ્નીપણું નહીં તો બીજું શું? જે કોન્ફરન્સનું બારમું, તેરમું કરવાની વાતો કરો છો તેના સ્થાપક રા. ગુલાબચંદજી ઢઢ્ઢા હતા, જેને દફનાવવાની વાત કરો છો તેના પ્રમુખ તરીકે બાબુ બદ્રીદાસજી અને બાબુ બુદ્ધિસિંહજી દુધેડીઆ હતા. જેને અધર્મી તરીકે ઓળખાવો છો તેના પ્રમુખ તરીકે શેઠ વીરચંદ દીપચંદ, બાબુ સીતાપચંદજી નહાર, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ નથમલજી ગુલેચ્છા આદિ જેવા પ્રમુખો થઇ તેનું પાલન કરી ભર યુવાન અવસ્થા પ્રાપ્ત કરાવી છે. તેનું મીષ્ટ ફળ સમગ્ર હીંદના જૈનોએ મુંબઇમાં મળેલી ખાસ કોન્ફરન્સ મારફત ચાખ્યું છે. શ્રી શેત્રુંજય તીર્થ ઉપર આવેલી આફતનો પ્રશ્ન કોન્ફરન્સેજ ઉપાડયો હતો અને તેની મારફત કામ લીધેલું છે. તેની બેઠક મુંબઇમાં સંવત ૧૯૮૧ માં શેઠ કસ્તુરભાઇ લાલભાઇના પ્રમુખપણા નીચે મળી હતી. તે વખતે પ્રમુખ મહાશયે પોતાના ભાષણમાં કોન્ફરન્સની જરૂરીયાત સંબંધી બોલતાં જણાવ્યું હતું કે—

"આપ સૌને વિદિત હશે કે જૈન સમુદાયના જુદા જુદા ગામના સંઘના આગેવાનોની એક સભા સન ૧૮૮૦ માં અમદાવાદમાં મારી જાણ પ્રમાણે પ્રથમ મળી હતી. વખત જતાં આવા સમેલનની ઉપયોગીતા જણાઇ અને સને ૧૯૦૨ ની સાલમાં ફળોદી ખાતે તેની પહેલી બેઠક થઇ અને તે કોન્ફરન્સમાં તીર્થના તેમજ કોમ ઉન્નતિના પ્રશ્નો હાથ પર ધરવામાં આવ્યા અને ત્યાર પછીની કોન્ફરન્સની જુદી જુદી બેઠકોમાં થયેલું કામકાજ તેની અગત્યતા પુરતી રીતે સાબીત કરે છે. હાલમાં ઉપસ્થીત થયેલી સ્થીતીનો આપણે વિચાર કરીશું તો આપણને સ્હેજે જણાશે કે શ્રી શત્રુંજયના રખોપા બાબત તેમજ અન્ય તીર્થોની હક્કની બાબત એવી છે કે જેમાં દરેક જૈનને પોતાનો ફાળો આપ્યા વીના ચાલે તેમ નથી. આવે વખતે આપણી છુટી ન્યાતના મંડળો અને સંઘોને એકત્ર કરવા અને આપણામાં પ્રગતિ અને કર્તવ્યનો જુસ્સો રેડવા **કોન્ફરન્સ એ આપણું અંગજ બનવી જોઇએ** પણ તેમની મદદે સમસ્ત કોમ ન હોય તો તેમનું કામ સ્હેલાઇથી અને સરળતાથી થવું સંભવીત નથી તેથીજ કોમના અભ્યુદયના ઉત્તમ વિચાર આપણી સમક્ષ રજુ કરી તેને વ્યવહારૂ રૂપમાં મુકવા **કોન્ફરન્સની ખાસ જરૂર છે. ટુંકાણમાં કોન્ફરન્સ કોમના જીવનનું અને કર્તવ્યનું સાધન હોઇ નીયમીત રીતે ઓછા ખરચે મળવી જોઇએ** અને જૈન **ભાઇઓને તે તેમની સામાજીક, ધાર્મીક અને નૈતિક** સ્થીતી સુધારવામાં જેટલી વધુ ઉપયોગી થઇ પડે તેટલાજ પ્રમાણમાં આપણી કાર્યનીપુણતા અને કર્તવ્યશક્તીનું માપ નીકળી શકે × × છેલ્લા પંદર વર્ષથી આપણી માતૃભૂમીમાં નવા વિચારો ફેલાય છે સામાજીક તેમજ રાજકીય બાબતમાં આપણે આગળ વધીએ છીએ. દેશસેવા અને જનસમાજની સેવાની ભાવના પ્રકટ થતી જાય છે. રાષ્ટ્રીય ઉન્નતીની ચળવળો ચાલી રહી છે. આવા વખતે આપણે પણ તેવા કાર્યમાં સાથેજ રહેવાની ખાસ જરૂર છે અને તેથીજ આપણો કાર્યક્રમ રાષ્ટ્રીય પ્રગતિના ધોરણ અનુસાર હોવો જોઇએ × × ટુંકમાં હવે આપણે **જાગૃતિના જમાનામાં સત્વર જાગી આપણી યોજનાઓને બનતી ત્વરાથી અમલમાં મુકીએ એવી મારી નમ્ર વિનંતી છે. મને આપણી કોમના ઉજવળ ભવિષ્યને માટે ખચીતજ મોટી આશા છે."**

ઉપરના શબ્દો તે કોન્ફરન્સના પ્રમુખ શેઠ કસ્તુરભાઇ લાલભાઇના ધ્યાનમાં લો, તેમના દરેક દરેક શબ્દ ઉપર વિચાર કરો. તંત્રી સાહેબ! આવી કોન્ફરન્સ અને તેના પ્રમુખના ગુણો કેમ ભૂલી જાઓ છો? જેને અવલંબીને ચાલવાથી કોમના ઉજ્વળ ભવિષ્યની આશાઓ બંધાયેલી છે તેને નાશ કરવાની વાતો છોડી દો. કોન્ફરન્સમાં પસાર થયેલો ઠરાવ જે વ્યક્તિને ન રૂચતો હોય તો તેને તે ઠરાવ વિરૂદ્ધ પોતાનો મત જણાવવાનો સંપૂર્ણ અધિકાર છે તે ઠરાવ વિરૂદ્ધ લખો તેમાં કોઇને વાંધો નજ હોય. પણ કોન્ફરન્સને મારી નાખવાની વાત કરવી તે તો માણસાઇના લક્ષણથી બહાર છે. આટલાથી સંતોષ થતો ન હોય તો હીંદી મહાસભાનો દાખલો લો. હીંદી મહાસભાના ઠરાવો વિરૂધ્ધ ઘણી ઘણી પારટીઓ પડી હતી અને હાલ પણ પડે છે પરંતુ તેઓ હીંદી મહાસભાને ગાળો દેવા કે તેને તોડી નાખવા યત્ન નહોતા કરતા અને અત્યારે પણ કરતા નથી એટલુંજ નહીં પરંતુ તેની પ્રત્યે પુજ્ય ભાવથી જુએ છે સુભાશચંદ્ર બોઝ જેવા લાલ પેરણ (red shirts) ના આગેવાન જે એક તીવ્ર લાગણી ધરાવતા હતા તે ગાંધી-ઇરવીન ટ્રુસ વિરૂદ્ધ જુંબેશ ઉઠાવવા આવ્યા, નિયમાનુસાર કરાંચીમાં હીંદી મહાસભામાં ભાગ લીધો અને બહુમતીને માન આપ્યું અને પોતાનું ધાર્યું ન થયું છતાં હીંદી મહાસભાને ગાળો ન આપી કે તોડી પાડવાની વાતો ન કરી. કેટલાક મુસલમાનો પણ વિરૂદ્ધ વિચાર ધરાવનાર હોવા છતાં પણ મહાસભા પ્રત્યે માનની લાગણીથી જુએ છે. આનું નામ માણસાઇ અને એનું નામ કાર્યદક્ષતા.

જૈન કોન્ફરન્સને ગાળો દેવી તે તો માજી પ્રમુખોને અપમાન કર્યા બરાબર છે. તેમણે ઉઠાવેલી સેવા અને મદદ ધ્યાનમાં લો! કોઇનો રોષ કોઇના ઉપર ન ઠલવો. લડવાની તે રીત નથી. મતનો વિરોધ હોઇ શકે પણ જાતનો વિરોધ ન હોઇ શકે. તે વાત ધ્યાન બહાર ન કાઢો. બોલતાં પહેલાં જીભ ઉપર અને લખતાં પહેલાં કલમ ઉપર કાબુ રાખો. જૈન ધર્મના સિધ્ધાંતને ન છાજે તેવા દ્વેષની લાગણીથી ભરેલા ઠરાવો આપની શાસનપ્રેમી સોસાયટીના સંમેલનમાં થાય એ થોડો ધર્મદ્રોહ છે. ધર્મી પુરૂષોના હાથે તેનો ઠરાવો થાય? જો તેવા ઠરાવો થઇ શકે તો પછી તે શાસનપ્રેમી અને ધર્મી તરીકે કહી શકાય? લેખ લંબાયા છે એટલે સંમેલનના ઠરાવો ઉપરનું અવલોકન હવે પછી કરીશ.

તંત્રી સાહેબ! જૈન યુવક બંધુઓ હવે રાજકીય પ્રવૃત્તિમાંથી મુકત થયા છે તેવા અનુકુળ પ્રસંગે આપે મારી ભયંકર ચુપકીદીનો ભંગ કરવા સમયસુચકતા વાપરી પ્રેરણા કરાવી છે તે માટે આ સ્થળે આપનો ઉપકાર માનું છું. આશા છે કે યુવક બંધુઓ પોતાની જાગૃતિ સામાજિક સુધારણાના માર્ગ તરફ દોરી સમાજનો આભારી કરશે.

વીસનગર, તા૦ ૨૮-૪-૩૧.

# કરિયાતુ.

( લેખક : કડવો વૈદ્ય )

(નોંધ–આ લેખમાળા લેખક સ્વતંત્ર રીતે લખે છે. તેમાં જણાવેલા વિચારો આ પત્રિકાને સર્વથી માન્ય છે તેમ સમજવું નહીં.—તંત્રી.

## — પ્રાસ્તાવિક —

સમાજ જ્યારે રોગગ્રસ્ત હોય અને જીર્ણ જ્વરે. જ્યારે ઘર કર્યું હોય ત્યારે કરિયાતુ એ સ્હેલો અને સરળ ઉપાય છે. ભલે ડાક્ટરોનો જુદો અભિપ્રાય પડે પણ કડવા વૈદ્યને કરિયાતા વિષે અખંડ શ્રદ્ધા છે. વ્હાલા વાંચકગણ એ રોગના જે જુદા જુદા ચિન્હો આપણા સમાજ શરિર ઉપર દૃષ્ટિ ગોચર થાય છે તેની સમિક્ષા હું નીચેના લેખમાળામાં અનેક દૃષ્ટિબિંદુથી કરવા માંગુ છું અને આશા રાખું છું કે વાંચકગણ હંસક્ષીર ન્યાયે સારૂં ગ્રહણ કરી નઠારૂં ત્યજશે.

* * *

આજ સમસ્ત હિંદુસ્થાન એક ખુણેથી બીજા ખુણા સુધી જાગૃત થઇ ગયું છે. રાષ્ટ્રિય અસ્મિતાના વ્હેણ જોસભેર વહી રહ્યા છે. તેમાં પણ ખાસ કરી છેલ્લા બાર મહીનામાં આપણા સ્ત્રીવર્ગમાં જે ઉત્સાહ અને ચેતનાનું પુર આવ્યું છે તેવું પુર જગતભરના ઇતિહાસમાં આટલા ટુંકા વખતમાં ભાગ્યેજ આવ્યું હશે. જ્યારે સ્વાર્થ ત્યાગથી માંડી સ્વાત્માર્પણ સુધીના એક એકથી ચઢીયાતા દાખલા નજરે ચઢે છે ત્યારે મને પ્રશ્ન થાય છે કે હજુ આપણા સમાજમાં જોઇએ તેટલી જાગૃતિ આવી છે? આપણા સમાજનો એક ઘણોજ સાદો જણાતો પ્રશ્ન મારા મન આગળ તરી આવે છે. આપણામાંથી લાજ કાઢવાનો અજ્ઞાનજનક રિવાજ ક્યારે નાબુદ થશે. ઘણાને આ પ્રશ્ન બહુ સાધારણ લાગશે જ્યારે કેટલાક એવા જરૂર છે કે જે આ પ્રશ્નનું મહત્વ હજુ સહૃદયપણે સ્વીકારી શક્યા નથી. જે દૃષ્ટિબિંદુથી હું આ પ્રશ્ન ચર્ચવા માંગુ છું તેમાંથી જરૂર બન્ને પક્ષને કંઇ નવું જાણવાનું મળશે.

* * *

ઘણાં વર્ષોની વાત છે. જ્યારે આ પ્રશ્ન મને પ્રથમ સ્ફૂર્યો ત્યારથીજ લાગેલું કે આમાં કાંઇ દોષ હોવો જોઇએ પરંતુ જે રિવાજ જમાનાથી ચાલ્યો આવ્યો છે તેમાં દોષ કેમ હોઇ શકે એવો સામો પ્રશ્ન થયો. ત્યાર પછી આજ સુધી આ રિવાજ જેમં જેમ વધુ ચર્ચતો આવ્યો છું તેમ તેમ મારી સમિક્ષા વધુ રસમય બનતી ગઇ છે અને આખરે હું એવા નીર્ણિત અભિપ્રાય ઉપર આવ્યો છું કે આ અતિ સાદો જણાતો–કુરિવાજ જો દૂર થાય તો આપણો આખોયે સામાજીક પ્રશ્ન પચાસ ટકા અથવા બલ્કે તેથી ઘણો વધારે ઉકેલી શકાયો ગણાય–જેમ ક્ષયના દર્દીને રોગિષ્ટ વાતાવરણથી દૂર કરી સ્વચ્છ અને નૈસર્ગિક આબોહવામાં મૂકવામાં આવવાથી થાય તેમ.

* * *

આ રિવાજનું મૂળ મને આપણી સ્ત્રીઓની નિરક્ષરતામાં જણાય છે અને તેને પુરૂષોની નિરક્ષરતા અને આડંબરનો ટેકો મળ્યો છે. સૃષ્ટિની શરૂઆતમાં તેમજ હિંદુસ્થાનના સુવર્ણકાળે પણ આ રિવાજ પ્રચલિત હતો એવું કોઇ પ્રમાણ મળતું નથી.

* * *

સ્ત્રી પુરૂષની લાજ શા માટે કાઢે? સ્થિતિચુસ્ત તરત જવાબ આપશે કે મોટાનું માન સાચવવા ખાતર. સ–સ્ત્રી પોતાના પિતા તથા કાકાની લાજ શા માટે કાઢતી નથી? ઉ–(જરા વિચાર કરીને) હા. પણ શા માટે કાઢે? તે તો પોતાનું ફરજંદ છે. સ–ત્યારે લાજ કાઢવાનો હેતુ શો? ઉ–વાહ, સાસરીઆમા વડીલો હોય તેનું માન તો કાંઇ સાચવવું જોઇએને? સ–વડીલનું માન લાજ કાઢવાથીજ સચવાય તે કાંઇ સમજાતું નથી. વળી જો માન શ્વસુર પક્ષમાંજ સાચવવાનું હોય તો જમાઇ સસરાની લાજ કેમ કાઢે નહીં? ઉ–તમે તો મૂર્ખ છો, લાજ સ્ત્રીને કાઢવાની હોય કાંઇ પુરૂષને હોય. આ તો શ્વસુર પક્ષના વડીલોનું માન સાચવવા ખાતર છે. શું છોકરાની વહુ સસરાની લાજ કાઢ્યા વગર ઘરમાં હરે ફરે? કેવુ અજુગતું કહેવાય.

સ–તમે કહો છો તે પ્રમાણે કદાચ પુત્રવધુ શ્વસુરની લાજ કાઢે નહી તો શું અજુગતું કહેવાય તે સમજાતું નથી. માન જો લાજ કાઢવાથીજ સચવાતું હોય તો સ્ત્રી જાતિ **જે જે વ્યક્તિને માન આપવા માગે તે તે વ્યક્તિની જાતિના ભેદભાવ વગર–શા માટે લાજ કાઢે નહી.** જ્યારે બ્હાર જાય ત્યારે ભાગ્યેજ લાજ કાઢવી અને પોતાનાં ઘરનાજ વડીલો જેમના તરફથી સારા સંસ્કારોની અપેક્ષા રાખવી ઘટે અને રખાય તેમનીજ લાજ કાઢવી, એ પારાવાર અજ્ઞાનતા નહીં તો બીજું શું?

* * *

મારૂં તો માનવું છે કે લાજ વડીલ પ્રત્યેના માન અને વિનયની લાગણી માટે હોય તો તે ખોટો ભ્રમ છે. ઉલટું તે અપમાનજનક અને અવિનયી છે એવો મારો નમ્ર અભિપ્રાય છે. જાતિના ભેદભાવ બાજુએ મૂકી વિચારો કે એક વ્યક્તિ પોતાના વડીલને માન આપવા ખાતર મોઢું સંતાડે તો? એ કલ્પના ભયંકર છે. વાત એમ છે કે આ રિવાજનું મૂળ મને અમૂક અંશે મુસ્લિમ રાજ્યકર્તાઓના સમયમાં જણાય છે, જ્યારે અજાણ્યા માણસોથી સ્ત્રી વર્ગ ચેતતો રહેતો. દેશમાં તે વખતે નિરક્ષરતાનું પ્રમાણ વધતું ગયું. પુરૂષોમાં–એટલે સ્ત્રી વર્ગનું પૂછવુંજ શું? પરંતુ શ્વસુર પક્ષ અને તેમના સંબંધીઓ પ્રત્યે સર્વથા જે આ પ્રથા હજુ ચાલુ છે. (અજાણ્યા પ્રત્યેજ નથીજ કારણ સ્ત્રી વર્ગ બ્હાર નીકળે છે ત્યારે ભાગ્યેજ લાજ કાઢે છે.) તેનુ કારણ સ્ત્રી વર્ગની નિરક્ષરતામાં આ રિવાજની ઉત્પત્તિ અને પુરૂષોની નિરક્ષરતાનું જલસિંચન. એક ઓછી કેળવણીવાળી કન્યા લગ્ન વખતે પતિથી કુદરતી ક્ષોભ પામે તેજ મને તો આ રિવાજનું મુળ ભાસે છે. દેખીતી આ નિર્દોષ પ્રથાએ સમાજમાં કેટલાં ઉંડા મૂળ ઘાલી દીધાં છે? સ્ત્રી વર્ગને કેટલો લાચાર, નિર્બળ અને પરાધીન બનાવી દીધો છે? અને પરિણામે કેવા ભયંકર વિચારો ફેલાઇ રહ્યા છે. વિચારક વર્ગે હવે ચેતી તાકીદે આ કુરિવાજ જલદી નાબુદ કરવો ઘટે છે.

* * *

પણ કોઇ કહેશે કે આ રિવાજથી આપણને ભલે લાભ ન હોય પણ નુકશાન શું? અરે નુકશાન તો પારાવાર છે. શારીરિક સુખાકારીની બાબત બાજુએ મુકીએ પણ સ્ત્રીઓને મનુષ્યત્વના સાધારણ હકમાંથી હડસેલી મુકીએ છીએ અને વર્ષને વચલે દહાડે તેમના સદ્‌ભાગ્યે જો તેમને ઘરની બહાર નીકળવાનું થાય તો લાંબા દિવસના ભુખ્યા ભિખારીને જેમ અન્ન મળે અને છુટકારાનો દમ ખેંચે તેમ દમ ખેંચશે. વસ્તુત: જો વિનય અને માનને ઠેકાણે કેટલાક સ્થિતીચુસ્તો તો અપવિત્રતાનુંજ વાતાવરણ ઉભું કરે છે અને મત દર્શાવે છે કે આ રિવાજને લીધેજ આપણા સમાજમાં કાંઇ પવિત્રતા સચવાઇ રહી છે! મને વાસ્તવિક રીતે બહુ શંકા છે કે આ રિવાજથી પવિત્રતા સાચવી શકાતી હોય મેં કેટલેક ઠેકાણે જોયું છે કે જ્યાં જ્યાં આ રિવાજ દૃષ્ટિગોચર થાય છે ત્યાં ત્યાં સ્ત્રી વર્ગમાં એક એવી જાતની કુતુહલતા ઉત્પન્ન થાય છે કે જેમાંથી અનેક દોષો જન્મ પામે છે અને જરાયે લાજ કાઢવાનું કારણ અદ્રશ્ય થાય છે ત્યારે અણઘટતી છુટ લેવાય છે. આ બધાનું પરિણામ તો એકજ છે કે જેને આપણે ખરો વિનય કહીએ તે નષ્ટ થાય છે અને મૃઢતા અને સાંકડા વીચારો ઘર કરી બેઠા છે, જે આપણી બધી પ્રગતિ રોકી રહ્યા છે.

* * *

પણ આ રિવાજ આપણા સમાજને તદ્દન છિન્ન ભિન્ન અવસ્થામાં મુકવામાં કેટલો કારણભુત થયો છે તે બહુજ થોડા જાણતા હશે. આ રિવાજનું અસ્તિત્વ હોત નહીં તો આપણામાં સાસુ વહુના **अहिनकुलम्** (સાપ અને નોળીઆ) જેવા કજીયા હોત? કેળવણીના દરેક પ્રશ્નો બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કેટલે અંશે વિધવા વિવાહ જેવા પણ ફુટ પ્રશ્નોનો નિકાલ કયારનોએ આવી ગયો હોત. વળી કન્યાની સંમતિ વગર આપણામાં જે આજીવન લગ્નગ્રંથી બંધાય છે તેવી પ્રથા ભાગ્યેજ પ્રચલિત હોત. પરિણામે આપણા આખાયે સમાજ અંગનો આ પક્ષાઘાત રાષ્ટ્ર-શરિરની જે પ્રવૃત્તિઓ રોકી રહ્યો છે તે ભાગ્યેજ રોકતો હોત—હિંદુસ્થાન પાયમાલ અને પરાધીન રહ્યું ન હોત. પૂ. ગાંધીજી એક ઠેકાણે લખે છે "સ્ત્રી સ્વાતંત્ર્યનો માર્ગ શિક્ષણદ્વારા નથી પરંતુ **પુરૂષોની તેઓપ્રતિની દ્રષ્ટિમાં** અને તદનુસાર થતા વર્તનના ફેરફાર કરવામાં છે શિક્ષણ જરૂરનું છે પરંતુ તે સ્વતંત્રતાની પાછળ હોવું જોઇએ. અક્ષરજ્ઞાન વિના આપણી સ્ત્રીઓ પૃથ્વિ ઉપરની કોઇ પણ સ્ત્રી જેટલી સંસ્કારી ગણાઇ છે × × × **જ્યાંસુધી હિંદુસ્થાનની સ્ત્રી એક રતિભાર પણ દબાએલી રહેશે અથવા ઓછા હકકો ભોગવતી હશે ત્યાંસુધી હિંદુસ્થાનનો ખરો ઉદ્ધાર થવાનો નથી.**"

* * * (સંપૂર્ણ)

(અનુસંધાન પાના ૧ લાનું ચાલુ.)

| | |
|---|---|
| (૭) સ્વામીવાત્સલ્ય કરતાં જો કોઇ પરપક્ષી આવી જાય તો સ્વામિ વાત્સલ્ય નિષ્ફળ જાય છે. દાખલા તરીકે ખીરના ભોજનમાં વિષનું બિંદુ પડવાથી ખીર નકામી થઇ જાય છે તેવી રીતે સ્વામી વાત્સલ્યનું સમજવું. | (૭) આ યુકતી ઠીક નથી. હજારો માણસો સ્વામી વાત્સલ્યથી જમતાં હોય તેની અંદર થોડા પરપક્ષી આવ્યા હોય તેનાથી હજારોને જમાડવાનું પુન્ય ફોક થઇ શકે નહી. એકના લીધે બીજાનું પુન્ય ઠેલવાઇ શકાતું નથી જેમ વિષમિશ્રીત ખીરના ભોજનમાં અલ્પ અમૃત નાંખવામાં આવે તો તે ખીર નિર્વીષ થઇ જાય છે તેમ સ્વામિવાત્સલ્યના પુણ્યથી તે (દોષ) પણ નષ્ટ થય છે. (અનંતા કાળના મીથ્યાત્વની અંદર સબડતા જીવોને સમકીતનો અંશ અર્ધ પુદ્‌ગળ પરાવર્તનની સ્થીતીએ પહોંચાડે છે તે દાખલો પણ બંધ બેસતો આવી શકે તેમ રાસનું તારણ કાઢનાર જૈન માને છે.) તેટલા માટે સ્વામિવાત્સલ્ય ફોક થતો નથી. |
| (૯) સ્વપક્ષીનો યોગ ના મળે, પરપક્ષી સાથે જે યાત્રા કરવામાં આવે તે નિષ્ફળ થાય છે. | (૯) પરપક્ષી સાથે યાત્રા કરતાં યાત્રા સંસાર તરવામાં કારણભુતજ છે. |
| | (૧૦) પરપક્ષી ચર્ચા કરવા માંગતો હોય તો શાસ્ત્ર અનુસારે કરવી પરન્તુ કલેશ વધે તેમ ન કરવું. |
| | (૧૧) કુમતી કુદ્દાલ ગ્રંથ વિજયદાનસુરિએ સંઘ સમક્ષ જલશરણ કર્યો છે માટે તે ગ્રંથમાંનું એક પણ વચન જે કોઇ ગ્રંથમાં હોય તે ગ્રંથ પણ અપ્રમાણ માનવો. |
| (૧૨) પરપક્ષીએ બનાવેલ સ્તુતિ-સ્તવનાદિકને તુરક અને ભંગીના ભોજનના માફક નિષેધવું. | (૧૨) જે લોકો જીનસ્તુતિ કરે છે તે સુકૃત પીંડનેજ ભરે છે. માટે ગમે તેણે પણ કરેલી જીન સ્તુતિ હોય તે કહેવામાં બાધ નથી. |

એ પ્રમાણે ધર્મસાગરજીએ પટામાં મતુ માર્યું અને હીરવિજયસૂરિજીની અને સંઘની માફી માંગી. આ બાર બોલનો હીરવિજયજીએ બનાવેલો પટો હતો તેના ઉપર ગીનારથોએ મતાંપણ કર્યાં અને આ પટો ત્રણ ચોમાસી અને પર્યુષણોમાં ગીનાર્થો વાંચવા લાગ્યા. સર્વત્ર શાંતી ફેલાઇ ગઇ.

બાર બોલનો પટો લખાયા પછી ધર્મસાગરજી વિચરવા લાગ્યા. તેઓએ અમદાવાદમાં આવીને ઘણા શ્રાવકોના મનમાં સંદેહ વાળી દીધો અને પાછું પોતાનું સ્વરૂપ પ્રકટાવ્યુ.

નિસુણી ગચ્છ નાયક એ વાત જાણ્યો તેહનો સવી અવદાત;
ભવિયણ નઈ કરતા ઉપગાર રાધિનપુરી પુહુત્તા ગણધાર.

શ્રી હીરવિજય સુરિજીએ, શ્રી શાન્તિચંદ્ર વાચકને અમદાવાદ મોકલી ધર્મસાગર વાચકને કહેવડાવ્યું કે:—

સંવત સોલ નઈ સતરોત્તરઇ સીખ દીધી તે નવિ સાંભરઇ.
ઓગણીસમઇ પણિ તે પરિ દૂઇ તો હઇ તુમ હાયડઇ મતિ જુઇ;
વળી છિઈતાલઇ લવી બોલ બાર તે પણિ તુમ માટિં સુવિચાર.

તમને સં. ૧૬૧૭ ની સાલમાં શિખામણ આપી. તે શું સાંભળતી નથી? સં. ૧૬૧૯ માં પણ શિક્ષા આપી હતી, તેને યાદ કરો. વળી સં ૧૬૪૬ માં બાર બોલનો પટો લખ્યો તે પણ શું ભુલી ગયા? આટલું થવા છતાં તમે તમારા આગ્રહને છોડતા નથી અને ગચ્છમાં ભેદ કરો છો શા માટે? તમે તમારા મુખથી શ્રી સંઘની સાક્ષીએ મિચ્છામી દુક્કડં દો નહિ તો ગચ્છનો તમારે ઘણો ઠબકો વેઠવો પડશે

શાંતિચંદ્ર વાચકે પરા વિગેરેનો સંઘ એકઠો કર્યો આ સંઘે સાગરજીની પાસે બેસવ.વાળા ભદુઆ વિગેરે બાવન શ્રાવકોને સંઘ બહાર મુકયા. પછી સાગરજીને બોલાવ્યા. એ પ્રમાણે સંવત ૧૬૪૮ માં મળેલી આ સભામાં સાગરજીએ ઉભા રહીને આ પ્રમાણે મિચ્છામી દુક્કડં દીધા:

(હવે પછી બહાર પાડવામાં આવશે.)

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૧૯ મો. | સંવત ૧૯૮૭ ના વૈશાખ વદી ૯. તા૦ ૧૧-૫-૩૧ | છુટક નકલ : ૦။ આનો.

## (ક્રાન્તિ ભ્રાતા.)

### જૈનો ચેતો.

સાંભળવામાં આવ્યું કે યંગમેન જૈન સોસાયટી પોતાના કુકર્મો છુપાવવા પોતાનો ગચ્છ સ્થાપવા માટે લોકોને એટલે જૈન સાધુ, સાધ્વી, શ્રાવક ને શ્રાવીકાને સમજાવી રહી છે કે યુવકસંઘે આગમો ને ફતવા શાસ્ત્ર કીધું છે. યુવકસંઘે કોઇપણ દીવસ આગમો ને ફતવા શાસ્ત્ર કીધું નથી પણ આગમોને નામે જે જે ઝઘડાખોર સાધુઓએ વાડા બાંધ્યા છે અને ઝઘડા ચાલુ રાખ્યા છે તેને ફતવા શાસ્ત્ર કીધેલું છે. યંગમેન સોસાયટીને પુછવામાં આવે છે કે આગમો લખવાની શરૂઆત દેવર્ધીગણી ક્ષમા શ્રમણે કરી તે ફકત બાલજીવો પોતાના આત્માનું કલ્યાણ પાંચમા આરામાં સાધી શકે તેટલા માટે તો આગમોના કયા પાનામાં લખેલું છે કે દેવર્ધીગણી ક્ષમાશ્રમણે પુસ્તકો લખાવતી વખતે બાલક શીષ્ય પોતાના સાથે રાખેલો હતો. આગમોને નામે દુકાન માંડીને બેઠેલાઓને ચેતવણી હજુ આપવામાં આવે છે કે જ્ઞાનના નામે મારવાડમાંથી હુંડીઓ લાવી વટાવી ખાધી અને વીરશાસન જેવા પત્રો ચલાવવા અને જ્યારે તેનો ખુલાસો નાણાં આપનાર માંગે ત્યારે દંભસેવી યુવકો આગમોને ફતવા શાસ્ત્ર તરીકે જાહેર કરેલો તેમ બરાડા પાડી લોકોને ઉંધે રસ્તે દોરવવા હોય તો તે રસ્તા યંગમેન સોસાયટીને મુબારક હો.

જૈનસાધુઓને યુવકોએ કોઇપણ દીવસ પઠાણ કીધા નથી પણ જૈન સાધુઓના વેષમાં પઠાણોના કામો કરતાં દંભ સાધુઓને (હમેજ સમકીતી બીજા મીથ્યાત્વી) પઠાણોના ઇલ્કાબ આપવામાં આવ્યા છે તે બાબત ગમે તેટલાં ગપગોળા ફેંકવામાં આવશે તો તે ગપગોળા બાબત હવે યુવકો ફસાય તેમ નથી. હજુપણ કહેવામાં આવે છે કે જો પઠાણ શબ્દોથી ચીમકીઓ લાગતી હોય તો પઠાણનો ધર્મ મોહરાજાને હંફાવવા કરો પણ દગા, પ્રપંચ, જુઠ બદમાસી ધર્મને નામે કરતા અટકો તોજ કાયમની સુલેહ શાંતી થઇ શકે તેમ છે નહીં તો ક્રાંતિકારો જરૂરાજરૂર દંભીઓને હંફાવવા પ્રયત્ન કરશે.

વીજયનેમીસૂરીજી જેવા તટસ્થ મહાત્માઓને ફરીથી વનિંતી કરીએ છીએ કે યુવકોએ આગમોને ફતવા સાસ્ત્ર કીધા નથી પણ આગમોને નામે જે નૈકો દુકાનો લઇને બેઠા છે તેમના પ્રવચનને તેમના વીરસાનના શબ્દોતે અમોતો જરૂરાજરૂર ફતવા શાસ્ત્ર કહેવાના અમારે આગમોને નામે કે ભગવાન મહાવીરના નામે જુદી દુકાન કાઢવી નથી અમારો જૈનસંઘ ભગવાન મહાવીરના વખતમાં હતો. તેમ જૈનસંઘ પાંચમા આરા સુધી કાયમ રહે તેમ અમોને શ્રધ્ધા છે. આગમોનું નામ રાખી જૈનસંઘ પાંચમા આરા સુધી કાયમ રહેશે કે નહી તેની શ્રધ્ધા જેને નથી તે લોકો શાસન રસીક સંઘ સ્થાપે છે કારણકે જૈનસંઘ સ્થાપતી વખતે ભગવાન મહાવીરે ભુલ કરેલી હોવી જોઇએ કે જેથી કરીને શાસન રસીક સંઘ સ્થાપવાની વીસમી સદીમાં જરૂર પડી છે પણ તે આગમોના નામે ચરીખાનારાઓને ?

ટુંકમાં પાટણની અંદર નેમીશ્વર પ્રભુના મંદીરમાં બેસી કર્મ ખપાવવાનો ડોળ ઘાલી જૈનધર્મનો ઉધ્ધાર શાસન રસીક સંઘ વડેજ થવાનો છે તેવા પ્રયત્નો કરી પાટણના સ્થાનીક જૈનસંઘને ગાળો ભાંડે તેવા ડોળ ઘાલુ સૂરી હો કે સાધુ તે સાધુ નથી પણ ભગવાન મહાવીરના શાસનમાં અંગારા પેદા થયા છે અને તેવાઓ સામે યુવાનો ક્રાન્તિ કરશે જરૂર મોરચા માંડશે. ક્રાન્તીકારો કોઇથી ડરે તેવા નથી કારણકે ભગવાન મહાવીરેજ કીધેલું છે કે સ્વનો ઉદ્ધાર સ્વ વડેજ થવાનો છે. જૈન સંઘ બંધારણ પુર્વક અહીંસા પરમો ધર્મનો ફેલાવો જગતભરમાં કરે તેજ ઇચ્છા ક્રાન્તીકારોની છે.

લી.

જૈન ક્રાન્તિભ્રાતા.

## ગ્રાહકોને વિનંતિ.

અત્યાર સુધી આપણી સેવામાં 'જૈનયુવકસંઘ પત્રિકા' મોકલવામાં આવે છે. ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે ચાલુ સાલનું એટલે ૧૯૩૧ ની સાલનું લવાજમ મોકલી આપશો અથવા હમારો માણસ લેવા આવે તો આપી દેશો.

હવે પછીના પંદર દિવસોમાં જેઓનું લવાજમ નહિ આવે તેઓને ૨૧ મો અંક વી. પી. થી રવાના કરવામાં આવશે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

## નિષ્ફળ સંમેલનો.

દેશવિરતી ધર્મારાધક તથા સોસાયટીના સંમેલનો અમદાવાદમાં ભરાયા તે સંમેલનોના કામકાજની પધ્ધતીના નીયમો હાલમાં ભરાતા અન્ય કોમના તથા જૈન સમાજના સંમેલનોથી તદ્દન જુદા પ્રકારના છે. સંમેલનો ભરવાની જરૂરીયાત તથા તેનો હેતુ એજ હોવો જોઇએ કે સંમેલનમાં ભાગલેનારાઓ જે કાર્યસિદ્ધિ માટે સંમેલન ભરવામાં આવ્યા હોય તે માટે સંમેલનમાં કાંઇ વીચાર કરી શકે. સંમેલન કાંઇ કાર્ય પ્રણાલીકા નકી કરી શકે. પણ આ સંમેલનમાં કાંઇ નકી કરવાનું હતુંજ નહી. કાંઇ વીચારવાનું હતુંજ નહી. સંમેલનના કર્તાહર્તા મુનીશ્રી રામવીજયજીના હુકમોનું આજ્ઞાનું પાલન તેજ કાર્ય, તેજ વીચારણા તેજ ઠરાવો હતા. તો પછી સમેલન ભરવાની અને આટલા મેટા ખર્ચો કરવાની શી જરૂર હતી? મુનીશ્રીના ફરમાનો પ્રવચન દ્વારા, વીરશાસનદ્વારા કે મુંબઇસમાચારમાં જાહેરખબર દ્વારા સુખેથી સમાજ પાસે મુકી શકાત. ખંભાતમાં કમીટી ઠરાવો ઘડવા માટે મળવાની હતી. સંમેલન વઢવાણમાંને ઠરાવો માટે કમીટી ખંભાતમાં !! તે કમીટીએ કાંઇ કાર્ય કર્યું કે નહી તે સમાજ જાણતી નથી; તે કમીટીએ ઠરાવોનો ખરડો ઘડયો હોત ને પ્રગટ કર્યો હોત તો સમાજ તે ઠરાવો ઉપર જરૂર વીચાર પ્રગટ કરી શકત. તેમ સમેલનોના દીવસોમાં પણ સબજેકટ કમીટી નીમાણી હોય તેમ જણાતું નથી. નીમાણી હોય તો તેના સભ્યોનાં નામપ્રગટ થયા નથી. પ્રમુખના ભાષણો કોણે લખ્યા? કોણે વાંચ્યા? તેમાંના વીચાર કોના છે તે સમાજ સરી રીતે સમજી શકે તેમ છે. પહેલેથી છેલ્લે સુધી કોઇ ગુપ્ત ષડયંત્ર કામ કરી રહ્યું હોય તેમ સંમેલનમાં ભાસ થતો હતો સમેલન વઢવાણમાં ન ભરાયા. કારણ કુદરતે મેળવી આપ્યું. ભરાયા હોત તો પરીણામ શું આવત તેનો ખ્યાલ વઢવાણવાસી બંધુઓ આપી શકે. ઘણા આમંત્રણો તે પછી કાઠીયાવાડના ગામોમાંથી ને અન્ય સ્થળોથી મળ્યા એમ અભીમાન પૂર્વક જાહેર કરતા હતા છતાં અમદાવાદ સંમેલન કેમ ભરવા પડયા? શું અમદાવાદના સંઘનો આગ્રહ હતો! કે આણંદજી કલ્યાણજીની પેઢીએ આમંત્રણ મોકલ્યું હતું? હકીકતતો સાચી એમજ છે કે કાઠીઆવાડના સ્થળોમાં ભરવાના પ્રયાસો નીષ્ફળ નીવડયા એટલે અમદાવાદ તરફ જવું પડયું. શામાટે અમદાવાદના આમંત્રણ કરનારના નામ બહાર પાડવામાં આવતાં નથી? આમંત્રણ આ સંમેલનનું આપવા તૈયાર હતા તે ગામો શા માટે આવતા સંમેલન માટે આમંત્રણ આપવા તૈયાર ન થયા કે સુરતથી અમદાવાદ આવી પાછું સુરતનુંજ આમંત્રણ કરવામાં આવ્યું? સમાજ હવે ખોટી ધામધુમથી કે સહરાગત ભરેલા હેવાલોથી છેતરાય તેમ નથી. સંમેલનમાં ડેલીગેટ કેટલા આવ્યા હતા ને કયા કયા ગામના તે પણ પ્રગટ થયેલ નથી. જે આવ્યા હતા તેમને કોણે ચુંટયા હતા? જુન્નેર કોન્ફરન્સમાં જેટલાએ ડેલીગેટ ન હોવા છતાં ડેલીગેટ હોવાનો દાવો કરી ટીકીટો માગી હતી. તેમાંનાજ કેટલાક ભાઇઓએ આ સંમેલનમાં ભાગ લીધો છે. જેવીરીતે જુન્નેરમાં પોતાની મેળે પ્રતિનિધિ થઇ બેઠા હતા તેવીરીતે સંમેલનમાં પોતાના ગામોના નામનો ઉપયોગ કર્યો હશે. તેઓને કોઇ ગામે કે સંઘે કે મંડળે ડેલીગેટ તરીકે અમદાવાદના સંમેલન માટે ચુંટયા હોય તો તે હકીકત પ્રગટ શામાટે કરવામાં આવતી નથી? સંમેલનની નિષ્ફળતા ચર્ચનારને ગાળો દેવાથી સંમેલનની ઉપયોગીતા પુરવાર થવાની નથી. સત્ય હકીકતો પ્રગટ કરો સમાજ તો તેનો તોલ કરશે. ધર્મની કે કોમની વાસ્તવિક ઉન્નતિ ઇચ્છનારા કોઇ પણ સંમેલન ભલે તે કોન્ફરન્સ હોય કે યુવક પરિષદ હોય કે સોસાયટી સંમેલન હોય તે દરેકને આ હકીકત લાગુ પડે છે. હાલના યુવાનોને નક્કર કાર્ય જોઇએ છે. તેઓ જ્યાં ધર્મ, કર્તવ્યપરાયણતા અને આત્મત્યાગ હશે તેને વંદન કરશે. ઠરાવો વિષે હવે પછી.

## કરિયાતુ.

—ગતાંકથી ચાલુ—

(લેખકઃ કડવો વૈદ્ય.)

**(નોંધ**–આ લેખમાળા લેખક સ્વતંત્ર રીતે લખે છે. તેમાં જણાવેલા વિચારો આ પત્રિકાને સર્વથા માન્ય છે તેમ સમજવું નહીં —**તંત્રી.**

### — પ્રાસ્તાવિક —

આશા છે કે આપણો વિચારક વર્ગ આ દયાજનક સ્થિતી સુધારવા જલદી પ્રયત્ન કરશે. હિંદુસ્થાનની બત્રીસ કરોડ (હાલ ૩૫ કરોડ) ની પ્રજામાંથી **પંદર કે સોળ કરોડને અજ્ઞાન અને પરાધીનતામાં રાખવાનું અંધેર ક્યાં સુધી આપણે ચલાવી લઇશું**–ક્યાં સુધી આપણે આપણી પ્રગતિ રોકી રાખી પોતાના પગ ઉપરજ કુહાડો મારીશું? આપણે જ્યારે સ્ત્રી સ્વતંત્રતાનો પ્રશ્ન ઉકેલીશું ત્યારે જેમ અપચાનો રોગ અદ્રશ્ય થએ આખા શરીરમાં લોહી આવી રૂંવાડે અને અવયવે લાલી પ્રસરે તેમ આપણા રાષ્ટ્ર શરીરને વિષે થશે.

સ્વામિ વિવેકાનંદ જેમણે જગતભરમાં હિંદની સંસ્કૃતિનો ડંકો વગાડયો છે તેમણે એક વખતે અમેરિકામાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે "અમારા દેશમાં પુત્રવધુ જ્યારે શ્વસુરગૃહે આવે છે ત્યારે વડીલો તેને પોતાની પેટની દીકરી સરખી ગણે છે અને તેવાજ પ્રેમ અને માયાથી રાખે છે. અને શિક્ષણ આપે છે. આજ કારણથી જ્યારે દુનીયાના ઘણા રાજ્યો પરદેશીઓના આક્રમણોથી નષ્ટ થઇ ગયા છે ત્યારે અમારો દેશ અનેક આક્રમણો છતાં હજુ પણ પોતાની સંસ્કૃતિ સાચવી રહ્યો છે." અને તેથીજ હજારો વર્ષ પહેલાં મનુ ગાઇ ગયો છે કે **यत्रनार्यस्तु पूज्यन्ते रमन्ते स्तत्र देवता** આપણા અર્વાચીન ગૃહમંદિરોમાં હમણાં તો દેવતાના ઠેકાણે રાક્ષસો રમી રહ્યા છે!

કડવો વૈદ્ય એક દિવસ ઘાટકોપરથી મુંબઇ આવતો હતો સાથે એક જઇન મિત્ર હતા-યુવાન અને અલબત સાધારણ રીતે નવી કેળવણી પામેલા તેમજ સાથે તેમનો એક પુત્ર આઠથી દશ વર્ષનો રેલ્વેમાં સળીઆવાળી બારી પાસે બેઠો

(જુઓ પાનું ૬)

# જૈનો વાંચો અને ચેતો.

**[ ઐતિહાસીક રાસ સંગ્રહ ( વિજય તિલકસુરિ રાસ ) ઉપરથી તારણ કાઢનાર : એક જૈન. ]**

—ગતાઅંકથી ચાલુ—

ધર્મસાગરજીએ ઉભા રહીને આ પ્રમાણે મિચ્છાદુક્કડં દીધાં:–

(૧) મરિચીએ કપિલને જે વચન કહેલું, તેને શાસ્ત્રમાં ઉત્સુત્ર કહ્યું છે, અને હું ઉત્સુત્ર સદહતો ન હોતો તેનો મિચ્છાદુક્કડં દઉં છું.

(૨) ભગવતીને અનુસારે અનંતાભવ મેં સદહ્યા પરન્તુ શ્રી હીરવિજયસુરિજીના વચનથી હવે હું તાણું કરતો નથી. અહિં પંદર ભવ છે. અનંતા નહિં શ્રી ભાગવતીની શાખ દઇને અનંતા સદ્દહતો, તેનો મિચ્છાદુક્કડં દઉં છું.

(૩) ઉત્સુત્ર ભાષીને નિયમેન અનંતસંસાર હું સદ્દહતો, તેનું પણ શ્રીસુરિજીના વચનથી મને ભાન થયું કે અધ્યવસાય પ્રમાણે સંખ્ય અસંખ્ય અને અનંત સંસાર થઇ શકે છે. આ સંબંધી જે પ્રરૂપણા કરી, ત્હેનો મિચ્છાદુક્કડં.

(૪) કેવલીના શરીરથી કોઇપણ જીવ મરે, એમ હું સદ્દહતો, પરન્તુ શ્રી હીરસૂરિના વચનથી આચારંગ અને ભગવતી આદિની શાખથી હવે હું તે એકાંત છોડું છું, અર્થાત, અવશ્યં ભવાનપણે કદાચિત કેવલીના શરીરથી પણ કોઇ જીવ મરે, તો ના નહી નજ મરે એવો જે એકાંત ભાવ હું સદ્દહતો, તેનો મિચ્છાદુક્કડં.

(૫) બાર બોલનો જે પટો બહાર પાડેલો તેથી જે કંઇ હું ઉલટું બોલ્યો હઉં, તેનો મિચ્છાદુક્કડં દઉં છું.

આ સિવાય સાગરજીએ સંઘ સમક્ષ, ગચ્છ વિરૂદ્ધ, પરંપરા વિરૂદ્ધ સુત્ર વિરૂદ્ધ, પુજ્યની આણ વિરૂદ્ધ સદહવાયું હોય, તે દરેક સંબંધી મિચ્છાદુક્કડં દીધા.

લખ્યા ઉપર સાગરજી અને બીજાઓનાં મતાં કરાવ્યાં પછી દરેક પોતાને સ્થાનકે ગયા. (સત્તરમી સદીનો કલેસ થોડા વખત માટે બંધ પડયો ને શાંતિ થઇ.)

(હાલમાં વિચરતા આનંદસાગરને જો જૈનધર્મની ખરી દાઝ હોય, પોતાનો ગંધાતો વાડો વધારવાનો મોહ ઓછો કરે અને જો તેઓ નીખાલસ હૃદયથી પોતાના માની લીધેલા શીષ્ય રામવિજય, વીગેરે સાથે મળીને જો (સુરિ સમ્રાટ ચક્રવર્તી ?) વિજય નેમીસુરિજી પાસે જઇને પોતાના નીખાલસ દીલથી જો ખુલાસો બહાર પાડે તો જરૂર વિજય નેમીસુરિજી જૈનોની અંદર ચાલતા ઝઘડાનો અંત લાવી શકે તેમ છે.)

ઝઘડા વધારવા હોય તો ખુશીથી વધારો, જૈનો જૈનોનો ઉદ્ધાર પોતાના સ્વશુભ વડેજ સમય પરીપાક થયે, જરૂર કરશે તેતો સનાતન સત્ય છે તેથી જૈનયુવકો ઉંઘમાંથી ઉઠીને કટીબદ્ધ થઈ બંધારણપુર્વક થોડે થોડે કામ કરવાની શરૂઆત કરશો તો જરૂર ફતેહ પામશો.

કહેવત છે કે લીંબડે કેરી લાગતી નથી, દુધથી એળીઓ મીઠો થતો નથી, દુધપાવાથી સર્પ નિંવિષ થતો નથી, દુધથી ધોવાતો કાગડો ધોળો થતો નથી, તેવીરીતે ધર્મસાગરે મિચ્છાદુક્કડં દીધા છતાં ઘણીવાર સમજાવ્યા છતાં પોતાનો સ્વભાવ છોડયો નહી. સાગરે પોતાનું અભીમાન છોડયું નહી. પોતાનો મત સ્થાપવાને "સર્વજ્ઞ સતક" નામનો ગ્રંથ બનાવ્યો. વિપરીત પંથ આલેખ્યો તેથી ધર્મસાગરને જે ત્રણ ગામ અમદાવાદ–પાટણ– અને રાધનપુરમાં રહેવાનો નિષેધ કરવામાં આવ્યો તેથી તેઓ સુરતમાં જઇને રહ્યા.

(સંવત ૧૬૪૯ ની સાલમાં વિજયહીર સુરિશ્વરજીએ શત્રુંજયની યાત્રા કરી અને તેમની સાથે રહેલા સંઘમાં કુલે બે લાખ માણસોની સંખ્યા થઇ હતી. પાટણ, કુંણગેર, આગ્રા, લાહોર, મેડતા, સીરોહી, જાલોર, માલવ, મેવાડ, રામપુર વાગડ, દક્ષિણ, સુરત, દીવબંદર, વટપદ્ર, (વડોદરા) ભરૂચ, દમણ, વસહી, ગણદેવી, ચેઉલી, ડભોળી, કોલીહરો (કચ્છ) અને નવાનગર વિગેરેના સંઘો સામેલ થયા હતા. વિજયસેન સુરિ પાટણમાં પર્યુષણ પર્વ કરી વિજયહીર સુરિજીની તબીયત બગડતી હોવાને કારણે વીહાર કરવાની તૈયારીમાં હતા. તે વખતે પત્ર મળ્યો કે ભાદરવા સુદી ૧૧ ના દિવસે રાતના ૭ ઘડી જતાં અનશન કરી, નવકાર મંત્રના ધ્યાનપૂર્વક સુરિજી સ્વર્ગે પધાર્યા છે.

આ વખતે ધર્મસાગર ઉપાધ્યાય સુરતમાં સ્થિરવાસ કરીને ચોમાસું રહ્યા હતા. વિજયસેન સુરિજીએ તેમને ખંભાત મોકલાવ્યા. ખંભાતમાં કેટલાક દીવસ વ્યતીત થયા તેમનું શરીર અશક્ત થયું એટલું નહી પણ તેમને મુત્રીકૃચ્છનો રોગ પણ લાગુ પડયો. છેવટે આ રોગે આ મહાત્માના આયુષ્યનો અંત આણ્યો.

શ્રી ધર્મ સાગરજીને લબ્ધિસાગર નામના એક શિષ્ય હતા. વિજયસેન સુરિજીને અમદાવાદ વાંદવા આવ્યા લૂ લાગવાથી તબીયત બગડી અને લબ્ધીસાગર દેવલોક પામ્યા. લોકો બહુજ દીલગીર થયા.

ધર્મસાગરના અનુયાયીઓ સુરતમાં કનકવિજય પન્યાસ હિરવિજયસૂરિશ્વરના વચનોના પ્રરૂપણા કરતા હોવાને લીધે વાદ ઉઠાવ્યો. હિરવિજયસૂરિજીના વચનોને ઉત્થાપી નાંખવામાં ઢીલ કરી નહી અને તે અનુયાયીમાં સુરો વ્હોરો મુખ્ય હતો. આખો સંઘ તેની હાજી હા કરતો હતો છતાં ગુરૂભક્ત મુનીયો રીતસરના જવાબો આપતા છતાં કલેશ વધી પડયો. સુરિજીએ (વિજયસેનસૂરિ) બન્ને પક્ષવાળાને શાન્ત થઇ જવા પત્ર લખ્યો અને એ પણ લખ્યું કે સાધુ શ્રાવકોએ અહીં વાંદવા માટે આવવું.

શ્રાવકોને શિખામણ આપી તેમજ કનકવિજયને કહ્યું કે શ્રાવકોથી શામાટે બોલીને દુઃખ ધારણ કરો છો.

કલ્યાણ વિજય ઉપાધ્યાયને સુરતમાં ચોમાસુ રહેવા માટે સૂરિજી વિજયસેનસૂરિજી) તરફથી આજ્ઞા મળી. ઉપાધ્યાયના ઉપદેશથી રાજાઓ પ્રતીબોધ પામવા લાગ્યા, આથી સાગર મતવાળાઓના મન વિચલીત થએલા અન્નના ગંધની માફક છાનાં રહી શક્યાં નહી. સાગરનો અનુયાયી શૂરો વ્હોરો જ્હેમ ત્હેમ બોલવા લાગ્યો.

જૈનો સમજો અત્યારે વિરશાસન કે રામસાગરના અનુયાયી જગતમાન્ય અહિંસા પરમો ધર્મનો પોતાની શકતી પ્રમાણે ફેલાવો કરનાર ગાંધીજીને ગાળો ભાંડે તો ગભરાતા નહી, કારણકે સાગરનો અને તેના અનુયાયીનો સ્વભાવ સત્તરમી સદીથી ગંધાતો વાડો વધારવાનોજ છે અને તેથી તેવા ગંધાતા વાડામાં નહી પુરાતા બને તેટલું આત્મકલ્યાણ કરી હિન્દ દેશને સ્વતંત્ર બનાવવો અને તેટલી શકતી આપો.

વિજયસેનસૂરિએ નેમિસાગર અને ભક્તીસાગરને સંવત ૧૬૭૧ માં ગચ્છ બહાર કર્યા, ૧૬૭૨ માં જેઠ વદી ૧૧ ના ખંભાત પાસે અકબરપુરમાં સ્વર્ગવાસ થયો.

સાગર વિગેરેના વધુ પ્રપંચો હવે પછી સમય મળે જરૂરાજરૂર બહાર પાડવામાં આવશે. (અપૂર્ણ.)

# "સમાજ ઉદયનો રાજરસ્તો."

(લેખક:-સર્વદમન.)

આપણે ગયે વખતે શિક્ષણની જરૂરિઆત, માતપિતાની ફરજો તથા સમકાલીન છાત્રાલયોની સાંપ્રત પ્રવૃત્તિ વિષે પ્રાથામિક વાત કરી. હવે તેની ઉંડી ચર્ચામાં જરા ઉતરીએ.

વર્ષો અગાઉ જ્યારે અત્યારની ભાદુતિ શિક્ષણ પદ્ધતિનું નામ નિશાન નહતું, જ્યારે વિદ્યાને ખાતર મહા ઇમારતો ન્હોતી અને જ્યારે આવજાવનાં આટલાં વિપૂલ સાધનો ન હતાં, ત્યારે ગુરૂ અને શિષ્યો સૌ પર્ણકુટિઓમાં રહેતા. રંક અને રાય એ સૌને ગુરૂજી એકી રીતે શિખવતા, અને આવી રીતે રાજા રાજ્યધિકારીનાં ધર્મો સમજતો, પ્રજાગણ તેનો ધર્મ જાણતો. આમ ઇતિહાસ કહે છે. પરંતુ એ પુરાતન કાળ પુરો થતાં નવાં નવા સંજોગો ઉપસ્થિત થયા હશે અને નવી નવી યોજનાઓ ઘડાઇ હશે. ભણતર બહુ મોટા પ્રમાણમાં ન્હોતું લેવાતું પરંતુ લેવાતું તે આચરાતું. આર્ય પ્રજાનું સાહિત્ય આજકાલના જેવું ક્ષણજીવી નહિં પરંતુ ચિરસ્થાઇ રહેશે તે વિષે કશો શક નથી.

કાશી વિ. ની પાઠશાળાઓ સિવાય પચાસેક વર્ષ અગાઉ લોકો ગામડી નિશાળે અભ્યાસ કરતા અને તે પણ જીવનની જરૂરિઆત પુરતુંજ અને આ કારણેજ તે વખતમાં કોઇ પદવીધર થતું તો સન્માન પામતું, પરંતુ અંગ્રેજોના આવ્યા પછી મેકોલેની પ્રેરણાથી જે શિક્ષણ યંત્ર ઉભું થયું તેનું બૃહદ્ સ્વરૂપ તે આજનાં ઠેરઠેર સ્થપાયેલાં વિદ્યાપીઠો. લોકો સ્વાર્થે કે બીન સ્વાર્થે કેળવણીની કિંમત સમજવા લાગ્યા અને નિજ સંતાનોને શિક્ષણ આપવા માટે કંઇક મશગુલ બન્યા. શેહેરો સિવાય સારો અભ્યાસ અલભ્ય હતો. આથી ઉદાર ગૃહસ્થો કોઇ કોઇ વિદ્યાર્થીને પોષવા લાગ્યા અથવા તો વિદ્યાર્થીઓ લઘુસંઘો બનાવી છુટક છુટક રહેવા લાગ્યા. આ બધી ભૂમિકાઓ બાદ આજનાં આપણા છાત્રાલયો સ્થપાયાં હોય એવું મારૂં મંતવ્ય છે.

માતાપિતાની છાયામાંથી પસાર થયા બાદ આજના વિદ્યાર્થીઓની મોટી સંખ્યા હોસ્ટેલો, બોર્ડીંગો અને છાત્રાલયોમાં પોતાનાં જીવનનો અમુક ફળદ્રુપ ટુકડો વ્યતીત કરે છે. આ સમય દરમ્યાન જેવું ખાતર પાથર્યું હોય, જેવું બીજ રોપાયું હોય અને જેવું ઉછેર પામ્યું હોય તેવુંજ તે વૃક્ષ કલ્યાણકારી નિવડે.

એટલે કે છાત્રાલયના વસવાટ દરમ્યાનનો વખત તે વિદ્યાર્થીનું ખરૂં જીવન ઘડે છે. જેવું તેનું શારિરીક, માનસિક, અને અન્ય વિષયક ચણતર તેવુંજ તેનું જીવન તેવીજ તેની ભાવના તેવાંજ તેનાં સઘળાંએ કૃત્યો. **આપણાં છાત્રાલયોને આપણે માણસો ઘડવાનું કાર્ય સોંપ્યું છે, માણસો યંત્રવત્ બનાવવાનું નહીં.** જાણકારો કહે છે કે હેરો અને ઇટનની શાળાઓએ આંગ્લનું બ્રીટિસ સામ્રાજ્ય રચ્યું છે, આ બે સરસ્વતી મંદિરોએ આંગલદેશને મહા મુત્સદીઓ, સૈનિકો અને લેખકોની સેના આપી છે. આપણાં છાત્રાલયો એવાં બને એમ આપણે સૌ ઇચ્છીએ; પરંતુ એવાં બનવા માટે સામગ્રી જોઇએ એ ભુલવાનું નથી.

છાત્રો માટે યોગ્ય રહેવાનું કયે સ્થળે અને કેવું એ પણ વિચારણીય પ્રશ્ન છે. આ પ્રશ્નનો ઉત્તર મતભેદપુર્ણ હોઇ શકે. અત્રે આપણે આશ્રમ અને છાત્રાલય જુદી સંસ્થાઓ ગણીએ છીએ. છાત્રાલયોમાંથી આપણે સમાજને વ્યવહારૂ, કાર્યદક્ષ, અને જનતાની નાડ પારખી શકે એવા ગુણીજનો આપવાનાં છે. લાલાજીએ શિક્ષણ સંબંધી પુસ્તક લખ્યું છે તેમાં શિક્ષણ સંસ્થાઓનું ખરૂં સ્થાન નગર વચ્ચે છે તેમ તેઓ માને છે. તે વીરપુરૂષોનો અનુભવ ઉચ્ચારે છે કે આજના શિક્ષિતજનોને "વેદીયા ઢોર" ના ઉપમાનથી બચાવવો હોય અને સામાન્ય જન સમુહમાં ભળી શકે તેવા સમાજસેવકો બનાવવા હોય તો તેમનું ઘડતર તે અનુરૂપજ થવું જોઇએ. આ સિવાય કેટલાક વિચારક બંધુઓ આવી સંસ્થાઓને દોડધામ અને ધમધમાટથી મુક્ત રાખવા નિર્જન સ્થળો સુચવે છે. ઉપર જણાવેલ બેઉ દલીલો કરતાં ત્રીજી દલીલ મારી સમજ શકિતને વધારે અસર કરે છે અને હું માનું છું કે તેમાં વજુદ છે. આ દલીલ મુજબ શિક્ષણ સંસ્થા યાતો છાત્ર સંસ્થા નગરની અંદર શાંત જગાએ હોવી જોઇએ કે જેથી નિર્દેશ કરેલ બેઉ હેતુઓ સચવાય

આપણાં જૈન છાત્રાલયોનાં મકાનો માટે કવચિત્ કવચિત્ ટીકાઓ સાંભળવામાં આવે છે. **मुंडे मुंडे मतिर्भिन्नम्** તેમ આ બાબતમાં જુદા જુદા વિચારો દર્શાવાય. આજના સઘળાં છાત્રાલયો જોયાનો મારો દાવો નથીજ પરંતુ ટુંક અનુભવ જોવાનો અને સાંભળવાનો હોવાનો દાવો તો જરૂર કરૂં આજે સંજોગવશાત્ ઝુંપડાથી છાત્રાલયો નહિંજ ચલાવી શકીએ. **આપણે ઉપાશ્રયો જેવાં રોનકદાર વિલાસ ભુવનોયે નથી** જોઇતાં પણ જ્યારે આપણી આદર્શ શિક્ષણ પદ્ધતિને પ્રાપ્ત નથી કરી શકયા ત્યાં સુધી મને કે તમને સ્વાર્થે કે પરમાર્થે હયાત છે તેનું કેટલીક રીતે અવલંબન લીધા વગર છુટકો નથી.

પૂર્વ અને પશ્ચિમનું જે શિક્ષણમાં મિશ્રણ હોય જ્યાં ચેતન અને જડ બન્નેની પ્રાથમિક પ્રયોગશાળા હોય, ત્યાં આજના વિદ્યાર્થીને છાત્રાલયસંચાલકો એક બાજુ વિશેષ ખેંચવા પ્રયત્ન કરે તો તે અખતરો સાચેજ નિષ્ફળ નીવડે તે નિ:શંક બીના છે. આજના વિદ્યાર્થીને આજના અભ્યાસ માટે પુરતાં સાધનો મળતાં હોય, શિક્ષણને અનુરૂપ વિદ્યાર્થીની રહેણી કહેણી ઘડાતી હોય, અને એ શિક્ષણ સમાજને લાભ કારી નિવડવા વકી હોય, તો તે શિક્ષણને, છાત્રસંસ્થા કે શિક્ષણ સંસ્થાના સંચાલકોને, છાત્રોને કે તે સૌ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓને અવહેલવામાં અમુક, વ્યકિતનો કે વ્યકિતઓનો સ્વાર્થ રહેલ છે. તેમ કહેવામાં કશું ખોટું નથી.

# પ્રજામિત્રથી ભડકતુ વિરશાસન.

## શુકરવારીયું સ્ત્રીઓને ચરણે ?

ધર્મના નામે બુરખામાં રહી સ્ત્રીઓ પાસે માંગેલી ભીક્ષા

## વિનયકાંન્ત ગાંધી માટે વિરશાસનનું ઉતરતું પાણી

"હીંદુસ્થાન પ્રજામીત્ર" માં જૈન જગતની ચર્ચા જયારથી વિનયકાંન્ત ગાંધીએ લખવી શરૂ કરી ત્યારથી વીરશાસન જેવા પત્રને દાઝ ચડી ચુકી છે. વિનયકાંન્તની ચર્ચાએ વીરશાસન અને તેના ગુરૂ રામવિજયના લુલા પાયાઓને ડગમગાવ્યા છે અને એ બીચારાઓમાં અત્યારથીજ સણસણાટી પેદા થઇ ચુકી છે. જૈનોમાં જે થોડાક મુલ્લાઓ આજે પોતાની ઝારશાહી ચલાવવા આકાશ પાતાલ એક કરી રહ્યા છે તેઓ "પ્રજામીત્ર" ના પ્રકાશથી ભડકી દોડાદોડી કરવા મંડયા છે. એમને શિષ્યો મારનો સેનીયા લાગુ પડયો છે અને તે પોષવા થોડાક અંધશ્રદ્ધાળુઓ બહાર પડયા છે તેઓ અંતે તો હારી બેસીજ જવાના છે.

ખરી વાત કહેવા જતા આંધળાનેજે પ્રકારનો રોષ થાય છે તેજ જાતનો આ વીરશાસનના તા. ૨૪-૪-૩૧ ના પૃષ્ટ ૪૮૭ પર વ્યકત કરેલો રોષ સ્પષ્ટ નજરે પડે છે. અત્યારથી શુકરવાયું આકાશ, પાતાલ, સ્વર્ગની વાતો કરવા મંડી પડયું છે એજ બતાવે છે કે "પ્રજામીત્ર" ની અસર એ ગુલામી મનોદશાવાલા ઉપર કેટલી થઇ છે. પરમ પવિત્ર રામ (દશરથના પુત્ર) ના નામને આજે કલંક લગાડનાર જૈન સમાજમાં આ રામદાનના પ્રશિષ્ય ગણતાના કાર્યોથી જૈન કોમને શું શરમાવનારૂં નથી લાગતું ?

પ્રજામીત્રની કીંમત કરવા જતાં પોતાની કિંમત શું છે તેનો ખ્યાલ કર્યો છે ? ઘરમાં બેસી બરાડા નાંખવા કરતા જૈન અને જૈનેતરોમા તમારી કિંમત કેટલી અંકાય છે તેનો ખ્યાલ કર્યો પહેલા બીજાઓને કાંઇ કહેવા જવું તે ધર્મ આ શુકરવારીયાનો છે. વિનયકાન્ત ગાંધીની કલમથી જે અંગત આક્ષેપો કરવા નીકળે તેજ બતાવે છે કે આ વીરશાસન વીરના નામને કલંકરૂપ છે. પણ જ્યાં આ રામટોલીને સત્યાસત્યનો તપાસ કર્યા વગર હુંપદના આધારે ધર્માંધોને વાત પલટાવી નીતી રીતી વિરૂદ્ધ આચરણ કરી પોતાનો હઠ્ઠો જમાંવવા પ્રયાસ ચાલુ હોય ત્યાં અંગત ટીકા સીવાય બીજું શું હોય ? વિનયકાંન્ત ગાંધીની ટુંક સમયની કલમથી વીરશાસનનું પાણી ઉતરતું દેખાય છે. નહીતર વહેવારીક દ્રષ્ટીના જવાબ આપવા છોડી અંગત અક્ષેપો ઉપર ઉતરી પડે છે તેજ બતાવે છે કે જવાબ આપવાની શકિત ન હોવાથી આડી વાતો કરી પોતાનું ઉતરતું પાણી છુપાવવા પ્રયત્ન કરવો તે કયાં સુધી ટકી શકશે એ વાચનારાઓએ વીચારી લેવા જેવું છે.

વધારે આશ્ચર્યજનક તો એ છે કે વીરશાસન અત્યાર સુધી કયાં એ ન ફાવતા સ્ત્રીઓ તરફ દોડી જઇ પોતાનો દંભ શાશન સેવા માટે (નારી) જાત જેવી જાત પાસે નાણાંની ભીક્ષા માગે છે કે (એકેક સાડી પરનું મમત્વ જૈન સ્ત્રીઓ ઓછુ કરે. અને બચત રકમ શાસન સેવામાં સમર્પે.) તો લાખો રૂપીઆનું ફન્ડ થાય. આવી હલકટ મનોદશા હવે વીરશાસનની આવી પડી લાગે છે કારણકે રામટોલીના ભકતો કે મુંબઇવાસીઓ હવે રામપાર્ટીની બાજી સમજી જવાથી કોઇ ફન્ડમાં નાણાં ભરતું નથી એટલે છેવટે (સ્ત્રીઓ) પાસે ભીક્ષા માગવાનો વખત આવ્યો. તેજ બતાવે છે કે ધર્મ નામે ઢોંગ હવે કયા સુધી નભી શકશે ? સાંભળવા મુજબ કહેવાય છે કે રામપાર્ટી અમદાવાદ અને તેની આસપાસ ગામોમાં એવી શોધ કરી રહ્યા છે કે રાંડીરાંડ બાઇઓ માલદાર હોય તો તેને દીક્ષાઓ આપી તે રકમો પોતાના ફન્ડોમાં જમા કરવા માટે તાલાવેલી કરી રહ્યા છે તે શું સચુ છે.

વલી મોટા મોટા શહેરોમાંથી રામપાર્ટીને ફન્ડ નહી મલતું હોવાથી તેના શુકરવારયામાં લખ્યું છે કે હવે ગામડાવાળાઓ શાસન સેવાની ધગશ ખાતર પોતાની ઉદારતા દર્શાવે તો શાસનની સેવા થાય તે ઉપરથી સ્પષ્ટ હવે થાય છે કે તેના ભકતો પણ પૈસા આપીઆપી કંટાલ્યા એટલે છેવટે સ્ત્રીઓ પાસે અને ગામડા તરફ દ્રષ્ટી વલી છે તેથી માનવાને કારણ મલે છે કે કહેવાતા શાસનભકતો હવે પારકા પૈસે સોસાઇટી બાઇને જીવતી રાખવા મંથન કરી રહ્યા છે. પણ હવે જાગતા જમાનામાં પોલંપોલ કે દીક્ષાને નામે દોડાદોડી કયા સુધી ટકાવી શકે છે તે જોવાનું રહે છે.

આજકાલ સંખ્યાબંધ સાધુઓ અને સાધ્વીઓ વેશ છોડી સંસારી બનતા જાય છે તેજ બતાવે છે કે અયોગ્ય દીક્ષાના આ ભયંકર પરીણામો છે.

હજુપણ અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ ચેતો તો સારૂ નહીતર જૈનધર્મ ઉપરે મોટી આફત આવી પડશે તેમ અનુમાન થાય છે અને આથી કરી જૈનેતરોમાં જૈનધર્મની હાંસી થશે તેટલા ખાતર છુપી કે ભગાડીને દીક્ષા આપવાનું કે કોર્ટે ચઢવાનું ન થાય તેમ કરવા પ્રબંધ થાય તો જૈનધર્મની મહત્વા રહે.

આજકાલ જયાં જોઇએ ત્યા દીક્ષાના કોર્ટે ચડેલા કેસ અગર નાસી ભગાડી આપેલી દીક્ષા અને દીક્ષા લીધેલ થએલા સંસારીઓનીજ વાતો કાને અથડાય છે તેથી કરી જૈનેતરોમાં મશકરીઓ થઇ રહી છે તેમાંથી પ્રભુ બચે અને બચાવે તેજ પ્રાર્થના છે.

"જૈન"

---

તા. સમાચાર

### એક વધુ સાધુ સંસારી બન્યા.

ગીરધરલાલ પટવા પાટણના જેઓએ આનંદ સાગર પાસે દીક્ષા લીધી હતી તેઓ સાધુ જીવનના સડાથી કંટાળી કપડા પહેરી ગયા શનિવારે મુંબઇ આવી પોહોંચ્યા છે.

હતો. પ્રસંગોપાત અમારે વાતચીત તો ચાલુજ હતી. પરંતુ દરમીઆન આ ભાઇ પેલા છોકરાને વારંવાર "હાથ બ્હાર કાઢતો નહીં ઉંચો કેમ થાય છે? સરખો બેસને" એ પ્રમાણે ધમકાવતા હતા. વાસ્તવિક રીતે પેલો છોકરો તો બીચારો શાંતીથી બેઠોજ હતો ફકત તેનાથી સળીઆ ઉપર જરા હાથ મુકાઇ જવાતો હતો. પણ તેમાં પણ આ ભાઇને જોખમ લાગતું હતું. વાચક જાણતાજ હશે કે જી. આઇ. પી રેલ્વેમાં બારીમાં ત્રણ ચાર સળીઆ એવી રીતે નાંખેલા હોય છે કે ભાગ્યેજ કોઇપણ જાતના અકસ્માત ભય રહે. આતો આપણામાંના કેટલાકની મનોવૃતિનો આ નમુનો છે. જ્યાં સાધારણ સમજુ માણસને જરાપણ ભય હોય નહીં ત્યાં આપણા કેટલક નમાલા લોકોને ભયંકર આદતો દેખાય છે. હિંદુસ્થાનનું સ્વરાજ્ય અટકાવી રાખવામાં બ્રિટીશ મુત્સદીઓ કરતા આપણી નિર્માલ્ય પ્રજાજ વધુ કારણભુત છે. પરંતુ વાંચનાર હતાશ થઇશ નહીં આવા માણસોનો સમુદાય ઘણો ઓછો થતો આવે છે પ્રમાણ વીષે છેલ્લા બાર મહિનાના બનાવો તાજાજ છે.

ઉપરની બીના લખતા બીજી આવીજ પ્રાસંગિક બીના યાદ આવે છે. કડવો વૈદ્ય જ્યારે થોડા વર્ષ પહેલા ક્રિકેટ રમવાનો શોખ ધરાવતો હતો ત્યારે કેટલાક સુરતી મિત્રોને ક્રિકેટ મેચ અથવા પાર્ટી માટે બપોર પછીના ટાઇમે આમંત્રણ આપતો ત્યારે જવાબ મળતો કે અમારાથી બપોરના નહી અવાય "અમે તો કાલા પરી જઇએ." આટલું છતાં તે ગૃહસ્થો પોતાના કિમતી શરીરના જોખમે પણ (સવારના) ક્રિકેટ રમતા તેના માટે તેમને અભિનંદન તો જરૂર ઘટે છેજ. કોઇ સુરતી ભાઇઓને આ ટીકા કડવી નજ લાગે. હું મિત્રભાવે ટીકા કરૂં છું.

થોડાક દીવસ પહેલાં વિલેપારલેમાં મહાત્માજીને માનપત્ર આપવા ઉપનગર સત્યાગ્રહ છાવણી તરફથી જે સુંદર કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો તે પ્રસંગ યાદ આવે છે. તે દિવસના સ્મરણો બહુ મીઠા છે. ત્યાંના કાર્યકર્તાઓએ માનપત્ર માટે સભાની જે યોજના કરી હતી તે ખરેખર પ્રસંશનીય હતી વૃક્ષોની છાયા નીચે હજારો માણસની મેદની છતાં કેવી શાંતિ-આશો-પાલવ અને મોગરાનાં કુસુમોથી રચેલો મહાત્માજી માટે મંડપ—સવારનો વખત—ઉપવન જેવું સ્થાન—બધે સુરભી અને સુરભીજ—વળી તેમાં પુજ્ય ગાંધીજીની હાજરી એટલે વાતાવરણ એટલું નૈસર્ગિક હતું કે જાણે સોનું અને સુગંધ મળ્યાં હોય. ભાષણનો વિષય ગંભીર હતો. ગાંધી ઇરવીન સમજુતી વીષે તેમણે પોતાની લાક્ષણિક સરલ ભાષામાં જે પ્રવચન કર્યું તે એટલુ અસરકારક હતું કે પ્રખર રાજનીતીજ્ઞ અને સાક્ષરથી માંડી બાળક સુધી દરેક વ્યકિતને સરખો રસ પડે તે વખતે એક મુદ્દા ઉપર ગાંધીજીએ ખાસ ભાર મુકયો હતો તે વાત યાદ આવે છે. સ્વામી આનંદે પોતાના વૃતાન્તમાં પ્રથમ જણાવ્યું હતું કે ઉપનગરની સ્ત્રીઓએ રાષ્ટ્રીય યજ્ઞમાં ઘણો પ્રશંસનીય ફાળો આપ્યો હતો પરંતુ હજુ તેમનામાંના ઘણા વિદેશી વસ્ત્રનો સાર્વત્રિક મોહ છોડી શકયા નથી. મહાત્માજીએ એ વીષય ઉપર ભારપુર્વક ઘટતું કહયું મને તે વખતે મનમાં એમ થઇ આવ્યું કે જે ત્રુટી ઉપનગરની સ્ત્રીઓમાં છે તે ત્રુટી ખાસ કરી આપણા જૈન સ્ત્રીવર્ગમાં ઘણા વધારે પ્રમાણમાં છે. જૈન પુરૂષવર્ગે પણ આ પ્રશ્ન સંતોષકારક રીતે પોતાનો કરી લીધો નથી. આવી બાબતોમાં ઇગ્લાંડના લોકો કેવી રીતે કામ લે છે તે બાબતમાં એક બે પ્રાસંગિક બીના યાદ આવે છે તે અહીં ટાંકીશ.

જ્યારે આપણી છેલ્લી લડત ચાલુ થઇ તે વખતે ઇગ્લાંડમાં લેંકેશાયરના કાપડના ઉદ્યોગને પહેલેથી થોડો ઘણો ધકો તો લાગેલોજ હતો. બેકારીનો પ્રશ્ન તેમને મુંઝવી રહ્યો હતો. આવા સંજોગોમાં અંગ્રેજોએ તે પ્રશ્નને રાષ્ટ્રીય પ્રશ્ન કરી લીધો અને અંગ્રેજ સ્ત્રીઓએ સખ્ત પ્રચાર કાર્ય આદર્યું. તેઓએ બને તેટલા અંગ્રેજો પાસેથી પ્રતિજ્ઞાપત્રકો ઉપર સહી લીધી કે બ્રીટીશ કાપડ સિવાય કોઇપણ કાપડ ખરીદ કરવું નહીં. દુનીઆના સમર્થમાં સમર્થ સામ્રાજ્યે પોતાની થોડી બેકારીના પ્રશ્નને ઉકલવા માટે આવા સખ્ત પગલાં લીધા તો જે દેશ પરાધીનતાની બેડીમાં જકડાયો છે અને જેના પ્રજાજનોના મોટો ભાગ ભુખમરા જેવી સ્થિતિમાં મરવાના દુઃખે જીવી રહયોં છે તેઓએ શું કરવું જોઇએ. પણ આ કરતા બીજી એક બીનાએ મને વધારે અજાયબીમાં ગરકાવ કરી મૂકયો. થોડાક દીવસ પહેલાજ એક અંગ્રેજ પેઢીનો કાગળ મારા હાથમાં આવ્યો હતો જેમાં તે પેઢીએ letter heads (છાપેલા નામના કાગળો) માં કાગળને બદલે કાપડ વાપર્યું હતું !! છેક નીચે લખ્યું હતું "By using this we are doing our bit to support the Lancashire Industry" (આ રીતે કાગળને ઠેકાણે કાપડ વાપરી અમે લેંકેશાયરના ઉદયોગને ફુલ નહીં તો ફુલની પાંખડી ન્યાયે યતિકંચિત મદદ કરીએ છીએ). આપણા હીદાઓ (અત્રે જૈનોને અનુલક્ષી લખાએલું છે એટલે જૈનો) હવે પરદેશી વસ્ત્રનો મોહ સર્વથા ત્યાગ કરશે? આપણામાં આ પ્રવૃતિ સર્વવ્યાપિ કરવાને માટે આપણા સાધુઓએ પણ આ પ્રશ્ન ઉપાડી લેવો જોઇએ. દીલગીરીની વાત છે કે ઘણાં સાધુઆને આ પ્રશ્ન હજુ ગળે ઉતર્યાં નથી અને "અમે તો ધર્મ સિવાયની બાબતમાં વચ્ચે પડી શકાય નહીં" એમ કહી ખોટો બચાવ કરે છે. વાસ્તવિક રીતે આ ધર્મ નથી એમ કોણ કહી શકે? પરદેશી કાપડ ખરીદ કરીને તો આપણાજ ઘરના માણસો જે રોટલો મજુરીથી પેદા કરે છે તેમનો રોટલો ખુંચવી લેવા જેવો પ્રયત્ન કહેવાય અને એવો કોણ મૂઢ હશે કે આ ધર્મનો વિષય નથી એમ મિથ્યા બચાવ કરે. કોઇ ધર્મનો પ્રશ્ન જો રાષ્ટ્રે રાજયનીતિમા પણ સ્વીકાર્યા હોય એટલે તે ધાર્મિક પ્રશ્ન મટી જાય છે તે છતાંએ આપણો સમસ્ત સાધુવર્ગ છેવટે પોતાના અંગત ઉપયોગને માટે પણ એટલી પ્રતિજ્ઞા લેશે કે નહી કે ખાદી અથવા દેશી કાપડ શિવાય બીજુ કોઇપણ વહોરીશું નહીં?

આ પત્રિકા અંબાલાલ આર પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના જેઠ સુદ ૧ | છુટક નકલ :
અંક ૨૦ મો. | તા૦ ૧૮-૫-૩૧ | ૦ાા આનો.

## ગોડીજી દેરાશરના ટ્રસ્ટીઓનો જવાબ.

મુંબઇ તા. ૧૧ મી માર્ચ ૧૩૯૧.

મેસર્સ એન. સી. દલાલ એન્ડ કંપની જોગ.

મેસર્સ [illegible] એલ. મંછુભાઇ રવાઈચંદ અને બીજાઓના વકીલો, [illegible] સાહેબો.

[illegible] મહીનાની તા. ૨૬ મીના કાગલના જવાબમાં મારા અસીલો મેસર્સ મોહનલાલ હેમચંદ, નેભચંદ [illegible] તલકચંદ. કસ્તુરચંદ નાનચંદ, મોતીચંદ જી. કાપડીયા, હીરાભાઇ નાહાલચંદ અને મણીલાલ મોતીલાલ તરફથી અમને તમોને નીચે પ્રમાણે જવાબ આપવાની સુચના મલેલી છે.

તમો જ્યારે કહો છો કે આપણી ચેરીટીનું ફંડ (૧૫૦) એકશો પચાશ વર્ષ પહેલાં સ્થપાયેલુ છે અને તેનુ ટસ્ટડીડ થયું નથી [illegible]

અમો જણાવી [illegible] જ્યારે [illegible] ઉભું થયું ત્યારે ટ્રસ્ટ [illegible] વીચાર હશો [illegible] આવી ચેરીટીનું કામકાજ [illegible] ટસ્ટડીડ પ્રમાણે થયેલું નથી [illegible] અત્યાર સુધીની ચેરીટીનુ કામ ટ્રસ્ટ બેઝીશથી થયેલુ છે અને તેનો હીસાબ બરાબર રાખેલો છે અને જે પૈસાનું રોકાણ સ્થાવર મીલ્કતમાં અથવા સીક્યુરીટીઝ અથવા સેનું અને ચાંદીમાં અથવા બેંકમાં ડીપોઝીટ તરીકે વાપરેલા છે અને તેનો હીસાબ દરેક શાલ વિજયદેવસુર સંઘના સભા વખતે છાપીને બહાર પાડેલો છે.

અમે વધુમાં જણાવીએ છીએ કે અમારા અસીલો એક એવો ચોકશ ખરડો ઘડવાના વીચારમાં છે કે જેથી કરીને આ બધું કાયદેસર છે તેવું પુરવાર થઇ શકે.

અમે વધુમાં જણાવીએ છીએ કે બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ અને આખી સભાની મીટીંગનું પરીણામ અમે બરાબર રાખેલ છે અમોને ટ્રસ્ટડીડ કરવાની જરૂરીયાત લાગતી નથી પણ ઉપર જણાવ્યા પ્રમાણે અમે એક ખરડો ઘડવા માંગીએ છીએ કે જેથી કરીને આ બધું ટ્રસ્ટડીડ પ્રમાણે છે એવું કહી શકાય તેથી તમે જોશો કે એવું ટ્રસ્ટડીડ કરવાની ખાસ જરૂરીઆત નથી

હીસાબ છાપવાની બાબતમાં તમે જે કહો છો તે છપાવીને બહાર પાડવામાં આવ્યા નથી તે વાત ખરી છે પણ ચોકશ હીસાબ અમોએ રાખેલા છે અને તે દરેક સાલની સભા આગળ રજુ કરેલા છે અને કોઇપણ પરોપકારી માણસના પુછેલા સવાલનો જવબ સંતોષકારક રીતે આપેલા છે અને આજ સુધીમાં અમારી પ્રમાણીકતા માટે કોઇએ વાંધો ઉઠાવ્યો નથી.

તમે લખો છો કે સભાના મેમ્બરોને તપાસ કરવાની કે સવાલ પુછવાની સભાની મીટીંગમાં તક મળતી નથી તેની સાથે અમો મળતા નથી.

અમારા અસીલોને કોઇ પણ જાતની ફરીયાદ આ બાબતમાં થઇ નથી અમારા અસીલોને છાપેલા હીસાબ બહાર પાડવામાં કોઇ પણ જાતની ભલામણ જનરલ મીટીંગ દરમ્યાન કરવામાં આવે તો કોઇ જાતનો વાંધો નથી. તમે જે ફરીયાદ કરો છો કે મારા અસીલે મેનેજમેંન્ટ કરવામાં પોતાની ફરજો બરાબર બજાવી નથી તે અમો સ્વીકારતા નથી.

અમે ઇચ્છીએ છીએ કે અમારા અસીલે કયાં આગળ તેમની ફરજમાં ભુલ કરેલી છે તે તમારા કાગળમાં ચોકસ રીતે જણાવેલુ નથી તેથી તમે જે આક્ષેપ મુકેલો છે તેનો અમે ઇનકાર કરીએ છીએ

**તમો જણાવો છો કે અમારા અસીલોએ પન્યાસ રામવિજયજીના ચેલાઓને ધરમશાળાની જગ્યામાં રહેવાની છુટ આપી છે તે વાત ખોટી છે. તપાસ કરતાં અમને માલમ પડયું છે કે બોર્ડ ઑફ ટ્રસ્ટીએ અવા કોઇ પણ એક ટ્રસ્ટીએ આ ચેલાઓને રહેવા માટે રજા આપી નથી અને તમારી ખબર ખોટી છે.**

અમારા ટ્રસ્ટીમાંનો એક ટ્રસ્ટી મુંબઇની બહાર છે અને તેના તરફથી અમોને કોઇ જાતના સમાચાર મલેલા નથી પણ [illegible] આવી [illegible] જાતની જોખમદારી [illegible] એક ટ્રસ્ટી [illegible] નહી.

વધુમાં અમે [illegible] કે આવો કોઇપણ જાતનો ઠરાવ આ બાબતમાં પસાર કરવામાં આવ્યો નથી. જુદી જુદી પારટી તરફથી સામાસામી અરજીઓ અમને મળી છે તેની અમે નોંધ લીધેલી છે અને બોર્ડ ઓફ ટ્રસ્ટી તરીકે અમે કોઇ પણ પક્ષ તરફ અમારી વલણુ બતાવી નથી અને અમો આશા રાખીએ છીએ કે તમારા અસીલને આટલા ખુલાશાથી બોર્ડના વલણની બાબતમાં સંતોષ થશે.

તમો જણાવો છો કે બોર્ડની અંદર એક નાદાર ટ્રસ્ટીને રાખવામાં આવ્યા છે તે બાબતમાં અમો તમને જણાવી છીએ કે તે ટ્રસ્ટીએ તેની જગ્યા ઉપરથી નાદાર થયા પહેલા રાજીનામુ આપેલુ છે અને તેને છુટકારો મલ્યા પંછી પાછો ટ્રસ્ટી તરીકે રાખેલો છે અને એક માણુસ નાદાર થઇ જાય એટલે તેની ટ્રસ્ટી તરીકેની લાયકાત હમેશને માટે જતી રહેતી નથી.

અમારા ઉપર કાયદેસર કામ ચલાવવાના તમારા પેરાના જવાબમાં અમારા અસીલો જણાવે છે કે કોઇપણ જાતનો શાન્તીનો ભંગ થવાનો વખત તે લોકો આવવા દેશે નહીં, અને ત્રસ્ટીઓ તરીકે અને જૈન તરીકે આવો કોઇપણ જાતનો તોફાન આટકાવવા માટે પુરતી ફરજ બજાવી રહેલા છે અને બધાને સંતોષકારક રીતે નીવેડો આવે તે માટે પ્રયત્ન કરી રહેલા છે:

અમારા અસીલોના ટ્રસ્ટપણા માટે આ બાબતની અંદર કોઇપણ જાતનો વાંધો ઉઠાવી શકાય તેમ નથી તે છતાં જો તમારા અસીલ કોઇપણ જાતના વધુ પગલાં લેવા માગતા હોય અથવા આ બાબત એડવોકેટ જનરલના હાથમાં મુકવા માગતા હોય તો તમો તેમને આ કાગળ વાંચી સંભાળવજો અને જે આક્ષેપો તેમના કાગળમાં કરેલાં છે તેનો ખુલાશો કરવાની અમને તક મળે અમારા અસીલો એડવોકેટ જનરલના આગળ બધી બીના રજુ કરવા માટે ઘણા ખુશી છે.

તમારા વિશ્વાસુ
મોતીચંદ એન્ડ દેવીદાસ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

## એક નવા પત્રકારને મિત્રભાવે બે બોલ

ગત્ ચૈત્રી પુર્ણિમાના દિવસથી જૈન પત્રોમાં એકનો વધારો થયો છે. તે પત્રનું નામ શ્રી જૈન યુવક મંડળ પત્રિકા. આ એક માસિક રૂપે એક વર્ષ પહેલાં સ્થપાયેલી શ્રી મુંબઇ જૈન યુવક મંડળ નામની સંસ્થાના આશ્રય નીચે પ્રગટ થાય છે. તેનો ઉદેશ જૈન શાસનની તેમજ તીર્થોની બની શકે તેટલી સેવા બાજાવવાને અને સાથે સાથે જૈન સમાજની ઉન્નતિ માટે ઉપાયો સુચવવાનો રહેશે, તેમજ વળી જ્યાં જ્યાં અનુકુળતા જણાય ત્યાં ત્યાં જૈનોમાં ભ્રાતૃભાવ વધારવાની કોશીષ કરવામાં આવશે. આ પ્રમાણે ઉકત પત્રિકાના પહેલા અંકમાં તંત્રીશ્રોના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. બે અંક જોયાં પછીજ તત્સંબંધે અમારૂં વકતવ્ય બહાર પડવું એવી ઇચ્છાથી અમે આજ સુધી મૌન સેવ્યું હતું. બે અંકના અગ્રલેખો નોંધો અને લેખો તપસતાં એમ હૃદયપુર્વક કહેવું પડે છે. કે તંત્રી તેમનાં કાર્યમાં ઇરાદાપુર્વક નિષ્ફળ નીવડયા છે. આ પત્ર જાણે કે 'વીર શાસન'ની પુર્તિરૂપે હોય તેવીરીતે ધર્માન્ધ મુલ્લાંઓ અને રૂઢિચુસ્ત અંધશ્રદ્ધાળુઓની પ્રેરણાથીજ ચાલી રહયું છે. જૈન શાસન કે તીર્થોની સેવાનો કે જૈન સમાજની ઉન્નતિના ઉપાયો સુચવવાનો ઉદેશ તંત્રીના વકતવ્યમાંજ રહયો છે. કોઇપણ સ્થાને રચનાત્મક કાર્ય પ્રણાલી દૃષ્ટિ ગોચર થતી નથી. સ્થળે સ્થળે ખંડનાત્મક પદ્ધતિએજ દરેક બાબતની છણાવટ થતી જોવામાં આવે છે. અને ભ્રાતૃભાવ વધારવાની કોશીષ કરવાને બદલે સમાજમાં આજકાલ દેખાતાં પક્ષાપક્ષીના વાદળોને વધારે ઘટ્ટ કરવાને અને ગલી પ્રદાન-નિન્દા ઇત્યાદીદ્વારા સમાજમાં આંતરકલેહની હોળીને જોશ આપવામાં સાધનભુત બને એમ જણાઇ રહયું છે. તંત્રીને વીસમી સદી તેણે લાવેલી અજબ જાગૃતી અને તેમાં થઇ રહેલાં યુવકોનાં પ્રેરણાત્મક કાર્યો માટે માન છે. છતાં કોણ જાણે નોંધો અને ચર્ચાઓમાં અને લેખ સામગ્રી જોતાં યુવકોને દફનાવી દેવા સાચા સંયમધર્મી અને સમયમાર્ગી શ્રાવકો અને સાધુઓને ગાળો ભાંડવા રૂઢિચુસ્તોની જડ રૂઢિઓને અપનાવવા જૈન કોન્ફરન્સ વીરૂદ્ધ યંગમેન્સ સોસાયટીને સાથ આપવા રામ–સાગરટોળીની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તીને ઉત્તેજવા તેમજ જૈન પત્રોનો. નવજુવાનોનો અને કેળવાયલાઓનો વીરોધ કરવા એ પત્રનો જન્મ થયો હોય એમ સ્પષ્ટ દેખાય છે. અને સાંભળવા પ્રમાણે 'વીરશાસન' સંસ્થામાં વંચાયા બાદજ પ્રગટ થાય છે.

આ પત્રના તંત્રી ભાઇ પાનાચંદ રૂપચંદ ઝવેરી સુરતના ખાનદાન કુંટુમ્બના નબીરા છે. તેઓ ઉછરતા યુવાન છે. શાળાના અભ્યાસને તાજેતરમાં છોડી યુવાનીમાં દાખલ થતા યુવક છે. એમને જ્ઞાન કેળવણી તેમજ નવા યુગની સંસ્કૃતી મળી છે. છતાં કોણ જાણે તેમની કાચી ઉમ્મરને લીધે અન્ય પ્રકારની સંગતી મળવાથી કે અપરીપકવ અનુભવને લીધે તેઓ પોતાની સર્જક બુદ્ધીનો ઉપયોગ કરવાને બદલે બીજાઓથી દોરવાઇ રહયાં છે. હજી તેમને દુનીયાનો અનુભવ લેવાનો છે, અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓ પાસેથી ઘણું ઘણું શીખવાનું છે. તેના ઉપર સ્વતંત્ર વીચાર ચલાવવાનો છે. અને ત્યાર પછીજ નીર્ણયો બાંધી જાહેરમાં અભીપ્રાયો દર્શાવવાના છે, તેને બદલે આ પ્રમાણે કવખતે મતી વીભ્રમ નીપજે એ ઘણા ખેદની બીના છે. આશા છે કે ઉકત પત્રના તંત્રીશ્રી અન્યના હસ્તમાં રમકડું બનવાને બદલે પોતાની સ્વતંત્ર વીચારણાના બળે ચાલુ ગાલી પ્રદાન, કલહ અને પક્ષાપક્ષીના પ્રશ્નોની ચર્ચાને બદલે કાંઇક ઉન્નતિસાધક રચનાત્મક અમલી કાર્ય કરી સમાજની સાચી સેવા બજાવે ! તોજ મીત્ર ભાવે લખાયલા આ બોલ કાંઇક સાર્થક છે! "ઇત્યલમ્"

---

## વીરશાસનની શાસનનીતિ.

વીરશાસન પત્રની કુટીલતા અને અધમતા દીનપ્રતીદીન વધતીજ જાય છે એમ એ પત્ર જોવાથી અને વાંચવાથી સાફ દેખાઇ આવે છે. પત્રકાર એમ માનતા હશે કે આનું નામ વીર છે તેથી દરેક વીર ભકતો આને હાથમાં લે છે. સત્કાર કરે છે. આ મીથ્યાભાવના પત્રના ઉત્પાદકના ભેજાંમાં આવતી હોય તો સર્વથા કાઢી નાંખે. એ વીર શબ્દની માયા જાલમાં કોઇ ફસાય તેમ નથી કારણ કે પ્રભુ વીરના નામનું આ પત્ર નથી પરંતુ વીર વીજયજીના નામનું આ પત્ર છે એમ સહુ કોઇને જ્ઞાન થઇ ગયું છે. એ સંબંધી વધુ લખવું યોગ્ય નથી છતાં પણ આટલું તો નીઃસંશય જણાવી દેવું જોઇએ છે કે આજ પત્રના અંક ૩૨ માં એક મુસલમાનના મોઢેથી પોતાની તારીફ કરાવી. (બીજો કોઇ વાહ વાહ કરનાર કેસ્તુતી કરનાર ભાટ ચારણ ન મળ્યો હાથમાં ન આવ્યો અને ચારે બાજુથી સમજુ વર્ગના તરફના ફીટકાર અને ધીક્કાર છુટયા ત્યારે શુ કરે મુસલમાનભાઇ પાસેથીજ તારીફ કરાવેને ?) એજ ભાઇ જણાવે છે કે પત્રના ઉત્પાદક (સમાજમાંથી હડધુત થએલા અને કોર્ટે ચઢેલા, આખી સાધુ સમાજને કલંકીત કરનાર) રામવીજયે વીરશાસન પત્ર કાઢવું શરૂ કર્યું છે. એમ ૩૨ માં અંકથી સ્પષ્ટ સહુ જાણી શકે તેમ છે. એ ભાઇના અક્ષરોજ આપણને કહી રહયા છે કે પત્રના ઉત્પાદક રામવીજય છે આટલા દીવસ સુધી અમુક કોઇ જણાવતા હતા કે એમાં સાધુનો હાથ નથી પણ શું કરે? જેવું ખાધું તેવોજ ઓડકાર નીકલેને? એ કહેવત અનુસારે પત્રના ઉત્પાદક સીદ્ધ થઇ જાય છે. આ ઉપરથી વાચક વર્ગ સમજી લેશે કે શાસનમાં જેટલું લખાણ આવે છે તે ઇંડાચાર્યજ લખી–લખાવી રહયા છે. એમ આપણે પણ ચોક્કસ માની લેવા મુસલમાન ભાઇના શબ્દો પુરતા થઇ પડે છે.

જયારથી વીરશાસન પત્ર સમાજમાં પ્રગટ થયું છે. ત્યારથી લગાવીને આજ પર્યન્ત પુજયવાદ અખીલ જૈન સમાજમાં પરમ માનનીય આચાર્ય શ્રી વીજયવલ્લભ સુરીશ્વરજી મહારાજના ઉપર ખોટા, તરકટી બીનપાયાદાર, વજુદ વગરના જુઠા આક્ષેપો અને એક ગૃહસ્થને ન છાજે તેવા અરે ગૃહસ્થના મ્હોંમાંથી પણ ન નીકલી શકે તેવા શબ્દો એ

જુઓ પાનું ૫

# જૈનો વાંચો અને ચેતો.

[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલકસુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર: એક જૈન.]

ગતાંકથી ચાલુ.

જૈન બંધુઓ અત્યારે યંગમેન જૈન સોસાયટીએ રામ સાગર વીગેરે સાધુઓને સાથે રાખીને આગમ નામની દુકાન ખોલી નવો ગચ્છ સ્થાપવો છે માટે ભડકશો નહી કારણ કે ઉંટના શરીરમાં સીધુ અંગ દેખાય છે. ખરૂં ! ગચ્છ નાયક વિજયસેનસુરિએ એક દૃષ્ટાંત આપેલું છે. કેઃ-૭ સાત પોસ્તીઓ (અફીણના ડેડા પીનાવાળા) એકઠા થઇને આપસમાં વાતો કરવા લાગ્યા. એકે કહ્યું:-પાણીમાં આગ લાગે તો માછલી નાસીને કયાં જાય ?

બીજાએ કહ્યું કેઃ-નાસીને આકાશમાં જાય અને પછી જયારે આગ ઓલવાઇ જાય, ત્યારે પાણી પાસે આવે.

વળી એકે કહ્યું કેઃ-જમીન ઉપર આગ લાગે ત્યારે ભેંસો ઝાડ ઉપર ચઢી જાય અને બીજા પણ ચઢી જાય ત્યારે એ એમાં વિશેષ સું. ?

જેવી રીતે ઉપરની વાતો સાચી નથી, તેવી રીતે સાગરના બોલવામાં પણ લગારે સત્યતા નથી તેમ ગચ્છનાયક વિજય સેનસુરિએ સત્તરમી સદીમાં કહયું હતું તેમ હે જૈન બાંધુઓ, અત્યારે સાગરો અને રામવિજયો તમોને હાડકા નામાળામાં રહેનારા કહે યંગમેન જૈન સોસાયટીમાં મતુ મારી આપે તેજ શાશન પ્રેમી અને બીજા અધર્મી-મીથ્યાત્વી કહે તો ગભરાતા નહી.-મુંઝાતા નહી કારણકે સત્તરમી સદીમાં ગચ્છનાયક વિજયસેનસુરિના રાજયમાં ભકિતસાગર નિજ સમકિત નિજ સમકિત "કહી પોકારતા હતા પણ જ્યારે ગચ્છનાયકે એકજ સંઘાડામાં બે શમકીત કયાં છે. તેનો ખુલાસો માગ્યો ત્યારે સમજાવી શકયા નહી. વિજયસેનસુરિએ ૧૬૭૧ માં ઘણા કારણોને લીધે નેમીસાગરને અને ભકિતસાગરને ગચ્છ બહાર કર્યાં. ૧૬૭૨ માં જેઠ વદી ૧૧ ના ખંભાત પાસે અકલપુરમાં વિજયસેનસુરિ સ્વર્ગવાશી પામ્યા.

આ પછી સોમવિજય વાચકે ઘણા વિચાર પૂર્વક વિજયદેવ સુરિ ઉપર વિસળનગર એક પત્ર લખ્યો. તેમાં વિજયસેન સુરિના કાળ કર્યાંની હકીકત લખવા ઉપરાંત એ પણ લખ્યું કેઃ-આપે હવે બધાઓની સાથે પ્રેમ દાખવવો જોઇએ છે. અમે આપની આજ્ઞા પાળવાને તૈયાર છીએ. અમારે બીજાનું કંઇ કામ નથી. વળી આપ જો ગુરૂનું વચન પળાવશો તો આપની ઘણી કીર્તિ વધશે.

આના જવાબમાં વિજયદેવસુરિએ લખ્યું:-ગુરૂવચન તે સાચાંજ છે. અને તે સારી રીતે પળાવસું.

વિજયદેવસૂરિનો આ પત્ર વાંચીને બધો સાધુ સમુદાય આનંદિત થયો.

(હવે ઘર ફુટે ઘર જાય છે તેનો પ્રત્યક્ષ નમુનો)

ચોમાસું ઉતરતાં પાટણના સંઘે વિજયદેવસૂરિને પાટણ પધારવા વીનંતી કરી. આ વખતે વિજયદેવસૂરિએ સંઘને કહયું કેઃ-હું કહું તે પ્રમાણે પાટણનો સંઘકરે તો હું ત્યાં આવું. પાટણના અબજી શ્રાવકે કહયું કેઃ- "આપને એવું શું કાર્ય છે ? સૂરિજીએ કહયું:-કોઇ પણ મતું કરાવ્યા કે મીચ્છાદુકકંડ દેવરાવ્યા શિવાય, સાગરોને ગચ્છમાં લઇલેવા અને તેમ કરવાથીજ મારી લાજ રહી શકે તેમ છે.

છેવટે શરમને લીધે પાટણના સંઘે એ પ્રમાણે લખી આપ્યું કે વિજયદેવસૂરિ જે કહે તે અમારે પ્રમાણ છે.

તે પછી સંઘ પાટણ ગયો. વિજયદેવસૂરિ મ્હેશાણે ગયા અહીં અમદાવાદનો સંઘ વાંદવા આવ્યો. વિજયદેવસુરિએ વિચાર કર્યો કે 'આ લોકો મને ઘેરી લેશે' સાગરોને લેવા દેશે નહી. મારાથી કંઇ વિશેષ કહેવાશે નહી. શીઘ્ર તેઓ ધીણોજ પહોંચ્યા. વિજયદેવસુરિ સાગર સંબંધી પોતાનું કાર્ય સિદ્ધ કરવાને પાટણ ગયા.

પાટણમાં આવ્યા પછી વિજયદેવસુરિએ ધનવિજયને અમદાવાદ ભકિતસાગર અને નેમિસાગરને બોલાવવા માટે મોકલ્યા.

ધનવિજયે સોમવિજય વાચકની પાસે આવી વંદના કરી.

સોમવિજય વાચકઃ- એવું શું કાર્ય છે કે એકાએક અહીં આવવું થયું ? ધનવિજયએ કહયું:- કંઇ કામ પ્રસંગે ખંભાત આવ્યો હતો, ત્યાંથી અહીં આવ્યો છું.

સોમવિજય વાચકઃ-તમે સમાચારીના સારા જાણવા વાળા છો, છતાં પોતાના ગુરૂએ જેઓને બહાર કાઢયા છે. તેઓને મળો છો, વંદન કરો છો અને એકાંતમાં વાતો કરો છો, તે વ્યાજબી કહેવાય નહી. ધનવિજયજીએ કહ્યું:-હું આ બધુ કાર્ય ગચ્છનાયક વિજયદેવસુરિના આદેસથી કરૂં છું.

સોમવિજય વાચક;- અમે તેમની આટલી બધી ખટપટ જાણતા નથી.

આ પછી ધનવિજયજીએ નેમિસાગરને કેટલીક સીખામણ આપીને ખંભાત મોકલ્યા અને કહ્યું કેઃ-ત્યાં તમે પોતાના મતના (સાગરમત) પ્રરૂપણા કરો અને ગ્રંથોને સાચા કરો. (અહીંયાં ગ્રંથો એટલે કુમતી કુદ્દાલ ગ્રંથ વીગેરે જેને માટે શ્રી ધર્મસાગરે ત્રણ ચાર વખત વિજયદાનસુરિ સમકાવિજય હીરસુરિશ્વરજી પાસે માફી માંગી હતી.)

(આગમોને નામે જેની દુકાનમાં પ્રવચન-વીરશાસન જેવા પુસ્તકોનો પ્રચાર કરવો હોય-જુદો ગચ્છ સ્થાપવો હોય તેને સત્તરમી સદીના સાગરોના માફક કેવી રીતે પહોંચી વળશો મારા જૈન બધુઓ ?)

(દરરોજ સાંજ સવાર પ્રાર્થના કરો કે આવા માર્ગ ભુલેલાઓને સત્યના રસ્તા સુઝે અને મારા જૈન બંધુઓ આવાઓથી ચેતતા રહેશો તેમાંજ આત્મ કલ્યાણ છે.)

ભકતીસાગરને સાથે પાટણ લાવ્યા. પાટણમાં ભકતીસાગરને બીજા ઉપાશ્રયમાં ઉતારવામાં આવ્યા. બીજા મુનીયો અને શ્રાવકો (વિજયદેવસુરિ સીવાય) ભકતીસાગર પાસે જવા લાગ્યા અને તેમની પ્રરૂપણા સાંભળવા લાગ્યા.

આ ઉપરથી સોમવિજયવાચકે નંદવિજયવાચાકને ખંભાતથી બોલાવી વિજયદેવસુરિની સેવા કરવા માટે મોકલ્યા નંદિવિજય વાચક હળદપુર પહોંચ્યા ત્યારે વિજયદેવસુરિના કેટલાક સાધુઓ અને શ્રાવકો વાંદવા માટે આવ્યા. નંદિવિજય વાચકે તેમને કહ્યું:-વિજયસેનસુરિએ જેઓને ગચ્છ બહાર કર્યા છે તેઓને તમે સ્થાન કેમ આપ્યું ?

શ્રાવકોએ કહ્યું:-"ગુરૂના વચનથી" નંદિવિજય વાચક:- "તેમણે પણ ગુરૂનું વચન માન્યું નથી."

શ્રાવકો ઝટ પાટણ પહોંચ્યા અને ભકતીસાગરને ઉપાશ્રયની બહાર કાઢયા. તેઓએ કોઇના ઘરમાં જઇને ઉતારો કર્યો. તેમનું ઘણું અપમાન થયું તે પછી તેઓ અમદાવાદ આવ્યા અને બધી વાત શાન્ત પડી ગઇ.

(જેવી રીતે ભકતીસાગરને કોઇના ઘરમાં જઇને ઉતારો કરવો પડયો તેવી રીતે વીશમી સદીમાં તેજ પાટણ મુકામે વિજયલબ્ધીસુરિ ઠમણાજીની વાડીમાં ઉપાશ્રય નહી મળવાને કારણે ઉતારો લે છે-પાટણમાં જૈન તેમજ જૈનેતર તરફથી પુષ્કળ અપમાન પામે છે. નેમીશ્વર પ્રભુના મંદિરમાં કર્મ ખપાવવાનો ડોળ ઘાલી સ્થાનીક પાટણના સંઘને ગાળો ભાંડે છે તે વીશમી સદીની બલીહારી નવી નથી કારણ કે ઇતિહાસ ? તેનું પુનરાવર્તન કરેજ જાય છે તે ફકત પંચમકાળનો પ્રભાવ) તે પછી નંદિવિજય વાચક ધુમધામ પૂર્વક પાટણમાં આવ્યા વિજયદેવસુરિને વિધિપૂર્વક વંદણા કરી પરંતુ વિજયદેવ સુરિએ પ્રેમપૂર્વક તેઓને બોલાવ્યાં નહી. નંદિવિજય વાચક તેમનાથી લગારે ડરતા નહોતા. વિજયદેવ સુરિ કદાચ સાગરોની વાતો સંભળાવતા તો નંદિવિજય વાચક શ્રાવકોને સમજાવી દેતા આવી આવી ઘણી ખટપટો ચાલી તે બાબત સોમવિજય વાચકે અમદાવાદમાં જાણી ત્યારે કેટલોક વીચાર કરીને વિજયદેવસુરિને લખ્યું કે આપની આજ્ઞા હોય તો આપની સેવામાં હાજર રહું

આના જવાબમાં વિજયદેવસુરિએ સોમવિજય વાચકને ખંભાત જવા માટે આજ્ઞા ફરમાવી અને ખંભાતમાં જઇને મનોહર સ્તૂભની પ્રતિષ્ઠા સોમવિજયવાચકના હાથે થઇ.

વિજયદેવસુરિ પાટણમાં રહીને સાગરમતના ઓસો (આગમ નહી પણ પોતાનો વાડો વધારવાની યુકિતઓ) પ્રરૂપવા લાગ્યા.

નંદિવિજયવાચક ઘણું સમજાવતા પરંતુ તેમણે માન્યું નહી. આ બીનાથી નંદિવિજયવાચક ઘણા દુઃખી થયા અને કુંણગોરથી વર્સનવિજયજીને તેડાવ્યા. એક પત્ર વર્સનવિજય પાસે લખાવી સોમવિજયવાચકને વીજયદેવસુરીની સર્વે હકીકત જણાવી સોમવીજયવાચકે છત્રીસ બોલ લખી જણાવ્યા તે હવે પછી બહાર પડશે.

(અપૂર્ણ)

---

પાટણના યુવાનો અને યુવાનીના કોડ સેવતા વૃધ્ધો! સમય બહુ બારીક છે. સમાજ અને ધર્મની સેવા કરવાનો આ અણમોલો અવસર છે, તેની રક્ષા કરવાનો તમારો પરમ ધર્મ છે, તેનો દ્રોહ કરનારને સાથ નહિ આપવાનો અને તેવાઓથી સ્વધર્મી બન્ધુઓને સંરક્ષવાનો તમારો આ ઉચ્ચ પવિત્ર અને હિતાવહ કર્તવ્ય પંથ છે. માટે ચેતો તમારી શ્રાવક સંસ્થામાં સંઘના દુર્જય કિલ્લામાં એ ગાબડુ પાડે તે પહેલાં ચેતો અને યોગ્ય પ્રતિકાર કરો. વિજય તમારોજ છે.

સુરેન્દ્રલાલ એલ. પરીખ.

# પટ્ટણીઓ ! સાવધાન !

પાટણ એક પ્રાચીન અને ઐતિહાસીક શહેર છે. નરેન્દ્ર કુમારપાલ અને આચાર્ય હેમચન્દ્ર જેવા પુણ્યશાળી મહાશયોના પગલાંથી વિભુષિત થએલી કર્તવ્યભુમી છે, અનેક સુંદર જિનાલયો, સાહિત્ય ભંડારો અને ઉપાશ્રયોથી અલંકૃત એ નગરી એક વખત સારા ભારત વર્ષમાંજ નહિ બલ્કે અખિલ જગતમાં અનુપમ અને અદ્વિતીય નામના ધરાવતી હતી. એનો ઇતિહાસ સુવર્ણના અક્ષરોથી લખાયલો છે એના ચિરંજીવ સંસ્મરણો આજની જૈન અને જૈનેતર પ્રજાને આનંદોલ્લાસમાં ગરકાવ કરે છે.

આવી શાંત, પુરાતન અને દિવ્ય ભુમિમાં જેણે અગાઉ કુસંપના ઝેરી બીયાં વાવી મુકેલા છે, અને હવે તેને સિંચન કરી મહાન વૃક્ષ બનાવવા માંગે છે, એટલુંજ નહિ પણ રહી સહી શાંતિમાં ખળભળાટ મચાવવા નામચીન રામ વિજયનાં પનોતા પગલાં થાય છે. આચાર્ય મેઘવિજયજીને આગળ ધરી જેઠ શુદ બીજે શહેરમાં પ્રવેશ કરે છે. પટણીઓ! તેમના કાર્યથી સુપરિચિત છે એટલે તેમણે બિછાવેલી જાળમાં કોઇ ભાઇ કે બહેન ન ફસાય તે ખાતર આ લાલબતી ધરવાની જરૂર પડી છે.

તેમણે અયોગ્ય દીક્ષા પ્રદાન અને શિષ્ય વૃદ્ધિના મોહથી આપણી પવિત્ર ભાગવતી દીક્ષાના નામને કંલકિત કર્યું છે. જ્ઞાન કેળવણીની સંસ્થાઓ ઉપર અણછાજતા પ્રહારો કરીને સમાજમાં અંધકાર ફેલાવી પોતાની પોપશાહી ચલાવવા સમારંભ શરૂ કરી દીધો છે. સગીરોને અને નવ વિવાહિતોને નસાડી ભગાડી સમાજના ઘેરેઘેર અશાંતિ, કલેશ, કુસંપ અને આફતના દાવાનળ પ્રગટાવ્યા છે. જેઓ ખાદી, સ્વદેશી અને સ્વરાજ તરફ સંપૂર્ણ સુગ ધરાવે છે. મહાત્માજી જેવાને ગાલીપ્રદાન કરી રાષ્ટ્રીય તત્વને હલકું પાડે છે. ઉત્સૂત્ર ભાષણોથી ધર્મને છિન્ન ભિન્ન કરી નવો રામપંથ કહાડવાની પેરવી કરી રહયા છે. જેનામાં સાધુતાએ દેવાળુ કહાડયું છે. પંચમહાવ્રતોની હસ્તી નાબુદ થવા બેઠી છે. જેની વાણીમાં સંયમ નથી જેના શબ્દો હલાહલ વિષથી ભરપૂર છે. ક્રોધ, હિંસા અને અસત્ય આક્ષેપો એ જેના જીવન મંત્રો છે. એવો તે તમારા શહેરમાં પગલાં મુકે છે.

આવા કલેશને પોષનારા કુસંપને પ્રસારનારા અને ધર્મને નામે અધર્મની દુકાન ચલાવનારા સાધુથી પટ્ટણીઓ ? ચેતજો ? સારા સૌરાષ્ટ્રે તેમને હાંકી કાઢીને તેમની ઉન્માદ ભરેલી ઝેરી વાણીને જડબાતોડ જવાબ આપ્યો છે. આથી જૈનપુરીના નામે ઓળખાતી પાટણની પવિત્ર ભૂમિની લાજ રાખવાને સમાજમાં કુસંપ પક્ષાપક્ષી અને કલેશોના ઉત્પાદકને ઘેરેઘેર હોળીઓ સળગાવી અંગારા વેરનાર અને સમાજને ભયરૂપ-હિત શત્રુને યોગ્ય સન્માન આપજો

અનુસંધાન પાને ૨ થી

લખી રહયો છે. પણ એ બીચારાને એટલું પણ ભાન નથી કે સુર્યના સામે ઉડાડેલી ધુલના શા હાલ થાય છે? તેજ હાલ લંખનારના થઇ રહ્યા છે. જૈન સમાજ આવા નિંદકોને પોષી રહી છે. એથીજ જૈન સમાજની પડતી દશા આવી છે ચારીત્ર ભ્રષ્ટ થએલાઓને અધીક વેતન આપી ચારીત્રવાનની નીંદા અપશબ્દો લખાવવા અને પોતાના વખાણના રાફડા ફરકાવવા એ સીવાય પત્રમાં બીજુ કાંઇ હોતું નથી. જૈન સમાજ! હે પ્રભુ મહાવીરના પરમભકતો! હવે તો ચેતો અને આવા ચારિત્ર ભ્રષ્ટ નરાધમોને અને જૈન સમાજનો નાશ કરનાર સાધુ નહી પણ સયતાનોને દૂર ફેંકો જ્યાં સુધી જૈન સમાજ આવા ને પોષે છે. ત્યાં લગી કોઇ કાલે જૈન સમાજની ઉન્નતિની આશા રાખવી એ આકાસ કુસુમ વતજ માનવી.

પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજ પાછલ કેટલાક આદુ ખાઇને પડયા છે કે જયાંસુધી નિરંતર દસવીસ ગાળોનો વર્ષાદ ન વર્ષાવે, અપશબ્દો ન લખે ત્યાં લગી લખનારને કે બોલનારને ખાધુ પચતું નથી. જેમ પ્રભુ મહાવીરની પાછળ ગોસાલો અને પ્રભુ પાર્શ્વનાથ ભગવાનની પાછલ કમઠ પડયો હતો. તેવીજ રીતે કેટલાક નરાધમો અને મુનિઅંગારાઓ પુજય આચાર્યશ્રીની પાછલ પડયા છે આ વાત આજે આખી જઇન સમાજ અને જૈનેતર વર્ગ સારી રીતે જાણે છે.

મહામાનનીય તીર્થંકરો પાછલ અધમ ગોસાલો અને નીચ કમઠ જેવો પડયો હતો તો પુજય આચાર્ય વીજય વલ્લભ સુરીજી મહારાજ પાછલ ન પડે તો તે કેમ ચાલે? ગોસાલા જેવા પામરની તો છાપ પડી ગઇ કે અમુક ભવમાં સંસારનો અંત કરી મોક્ષસુખનો ભાગી બનશે. પરંતુ આ વીસમી સદીના નફટ ગોસાલાઓના શા હાલ? તે વાચક સ્વયં વીચારી લે. નીષ્કારણ એકપક્ષીય ચશ્મા ઉંધા લગાડી પુજયપાદ શ્રી વીજયવલ્લભસુરીજી મહારાજ માટે વાણીનો કાબુ રાખ્યા વીના મનમાં જેમ આવે તેવી રીતે લખવું એ એક પ્રકારની અધમતા છે. શાસન ચલાવનારાઓ પોતાની મેલેજ શાસન રક્ષકના મન ફાવતા ટાઇટલો લગાડી પુજય આચાર્યશ્રી વીજયવલ્લભસુરીજી માટે ગમે તેવું અસત્ય કે પાયા વીનાનું લખે પણ એ અખંડ શાંતીનો સાગર અદ્વિતીય શાસ્ત્રજ્ઞાતા, આખી દુનિયામાં પ્રભુ મહાવીરના સત્ય ધર્મનો વિજય ડંકો ફરકાવનાર પુજયપાદ આચાર્ય શ્રી વિજય વલ્લભસુરજી કોઇ કાલે ત્હારા જેવા માટે એક અક્ષર પણ નહી લખે. ત્હારા જેવા હડધુત થએલા માટે પોતાની મહાન શાંતિનો કદાપિ ભંગ નહીજ કરે એ ધ્યાનમાં રાખજે.

"જાત વિના ભાત નહી" આ નિયમ સુપ્રસિદ્ધ છે.

જો યાદ ન હોય તો ઉપરનું વાકય યાદ કરી લેજો અને હવે તો કાંઇ મર્યાદા લખવામાં કે બોલવામાં રાખજો. નહી તો યાદ રાખજો હાલમાંજ સ્પેનના બાદશાહના જે હાલ થયા છે તેથી પણ અધિક નીંદનીય હાલ તમારા ન થાય માટે, ઉપરનો મંત્ર ધ્યાનમાં રાખી વાણીનો સંયમ રાખવા ચુકશો નહી.

શ્રી મહાવીર વીદ્યાલયને તો પોસવા અનેક નરરત્નો જગતમાં પડયા છે. હાલમાંજ એક ભાગ્યવાને ત્રીસ હજારની મોટી રકમ વીદ્યાલયમાં આપી છે અને કોઇ માયના લાલો એથી પણ વધુ રકમ આપવાવાલા પડ્યા છે પણ યાદ રાખજે ત્હારા જેવા જેનું ખાય તેનુંજ ખોદનારાઓનું, શ્રી સંઘને હાડકાનો માલો કહેનારનું કે "સાધુને સાધ્વીના કપડા પહેરાવી સાધવીના ટોળામાં રાખવો" આવું મહામીથ્યા પાગલની માફક પ્રલાપ કરનારનું પોષણ થવું મુશ્કેલ ન થઇ પડે!! સાધુના વેષમાં હોવાથીજ આવા હલકટોનું પોષણ સમાજ કરી રહી છે. નહી તો હડકાયા શ્વાનના જે હાલ થાય છે તેજ હાલ થાત. પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભસુરિજી મહારાજ દક્ષિણ તરફ ગચ્છંતિ નથી કરી ગયા, ગચ્છંતિ તો તેજ કરી શકે છે કે જેઓના પાપના પડઘા ચોતરફ વાગી રહયા હોય, પવિત્ર તીર્થસ્થાન પાલીતાણા જેવા ઉત્તમ સિધ્ધગિરિમાં વ્યભિચારમાં અખાડા ખુલ્લા પડી ગયા હોય, સૃષ્ટિ વિરૂધ્ધ પાપકર્મ પ્રગટ થયા હોય ગુજરાત કાઠીયાવાડમાં હડધુત બનેલાને માલવા અને પૂર્વનો આશ્રય લેવો પડયો હતો અને કોર્ટ તરફથી પાંચ વર્ષ માટે રાજનગરમાં આવવું નહી આ હુકમથી સાંજનાજ ખડીયા પોટલા બાંધી જે રાજનગરની હદ દુર્દશાથી ઓળંગી ગયા હોય તેજ પોતાના મનમાં વિચારી લે કે ગચ્છંતિ કોણ કરનાર? બાકી પુજયપાદ આચાર્ય શ્રી વિજયવલ્લભ સુરિજીને તો દશે દિશા તરફથી વિનંતીઓની હારમાલાઓ આવતી હોય અનેક પુણ્યાત્માઓ, જેમના ચરણો સેવી રહયા હોય ત્યાં ગચ્છંતિ કે રવાનાની વાત કરનાર કેવળ બેવકુફજ ગણાય.

મુખ્ય વાત તો એ છે કે પૂજયપાદ સ્વપર સમયવિદુ આચાર્યશ્રી વિજયવલ્લભસુરીશ્વરજી મહારાજને આખા દક્ષિણ દેશે એકી અવાજે વધાવી લીધા અને અખીલ મહારાષ્ટ્ર તરફથી અપુર્વ સત્કાર મળ્યો એ જોઇને કેટલાક ઇર્ષ્યામાં બળતા અને ક્રોધાગ્નિથી જાજવલ્યમાન થઇને પૂજય આચાર્ય મહારાજ ઉપર ખોટા બનાવો ઉભા કરી પોતાની પોત પામરો પ્રકાશી રહયા છે. અને ક્રોધાગ્નિને શમાવી રહયા છે. વર્ષાઋતુમાં અનેક વનસ્પતિઓ નવ પલ્લવિત થાય છે. પરંતુ યોગ્યહીન જવાહ નામની વનસ્પતિ નપવલ્લવિત થએલી પોતાની જાતને જોઇને ઇર્ષ્યામાં આવી સુકાઇ જાય છે. તેમ પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયવલ્લભસુરિનો અખંડ ચારિત્રનો મહિમા જોઇ, સત્ય ઉપદેશ સાંભળી ચારે બાજુથી કીર્તિના યશોગાન સાંભલી નરાધમો જવાહની પેઠે સુકાઇ રહયા છે. નામચીન કીર્ત્તિલોલુપીઓને કીર્ત્તિ મળતી નથી તેથીજ પુજય શ્રી આચાર્ય મહારાજ ઉપર ખોટી પોતાના સડેલા ભેજામાંથી સડેલી દુર્ગંધ કાઢી નાંખી રહયા છે. ફેલાવી રહયા છે.

વિષ્ટાનો કીડો જેમ ગંદકીમાંજ આનંદ માને છે. તેમ આ પામરો બીજાની ખોટી નિંદારૂપી વીષ્ટામાં રાત દીવસ સડી રહયા છે. અને પોતાની ઉમર પુરી કરી રહયા છે.

નામધારી શાસનભકત, ટોલી પ્રભુ મહાવીરના નામને કલંકીત કરી રહી છે. એ જનતા હવે સારી પેઠે જાણતી થઇ ગઈ છે. સમજુ વર્ગ દુધપાકીયા ટોલી ઉપર દયાજ ચિંતવે છે.

**વીરચરણોપાસક.**

---

—શ્રી જૈન દવાખાના મુંબઇમાં એપ્રિલ માસમાં કુલ ૧૬૧૫ દર્દીઓએ લાભ લીધો હતો, સરેરાસ દૈનિક હાજરી ૫૪.

## ગ્રંથાવલોકન.

શ્રી જૈન તત્વ પ્રવેશક જ્ઞાન માળા-સંયોજક, સદ્દગુણાનુરાગી મુનિ કંપૂરવિજયજી-સિદ્ધક્ષેત્ર અને પ્રકાશક-રા. કુંવરજી આણંદજી-ભાવનગર દ્વિતીયાવૃત્તિ-કીંમત-સુંદર પઠન પાઠન.

સામાયિક અને ચૈત્યવંદનના અભ્યાસ માટે નવીન રચના શૈલીથી તૈયાર થયેલું આ પુસ્તક ખરેખર ઉત્તમ છે પુસ્તકની પદ્ધતિ પુરવાર કરે છે કે સામાયિકાદિ આપણાં આવશ્યક સૂત્રો જૈન ધર્મ શિક્ષણની પ્રારંભપોથી કે માર્ગોપદેશિકા નથી પણ કેટલેક પ્રાથમિક ધાર્મિક અભ્યાસ થયા પછીની મંદિરાન્તઃ પ્રવેશિકા જેવી માધ્યમિક અભ્યાસ માટેની પાઠમાળા છે. જીવવિચાર, જીવ અને પ્રાણનો સંબંધ, પાંચ ઇંદ્રિયોના વિષયો, જીવ અને કર્મ, પુણ્ય અને પાપ આદિ વિષયોના પાઠો આરંભમાં આપી સામાયિક શિક્ષણ માટેની ભૂમિકા તૈયાર કરવામાં સફળતા મેળવી છે એ નિઃસદેહ વાત છે. આ પધ્ધતિથી તે સૂત્રોનો અભ્યાસ જરૂર સરળ થશે. સુત્રોનો સંગીન અભ્યાસ તો સંસ્કૃત પ્રાકૃત ભાષાદ્વારા યોગ્ય ઉમ્મેરજ થઇ શકે; પરંતુ આ પ્રયાસ એટલા માટે આવકારદાયક લેખી શકાય કે તે તે સૂત્રોના અભ્યાસ પૂર્વેની ભૂમિકા સરસ રીતે આ જ્ઞાનમાળામાં તૈયાર કરવામાં આવી છે અને તે માટે સંયોજક અને પ્રકાશકને અને ખાસ કરીને સદ્દગત શેઠ અમરચંદ તલકચંદને અભિનંદન ઘટે છે

આ પુસ્તકને અંગે નીચલી સુચનાઓ કરવાની રહે છેઃ—

૧. નાની ઉમ્મરના વિદ્યાર્થીઓ માટે આ પુસ્તક યોજવામાં આવ્યું હોય તેમ જણાય છે તેથી
   - (ક) આઠમા પાઠમાં ‘ માતા પિતાના સંયોગથી ઉત્પન્ન થનારા ’ એ શબ્દો કાઢી નાખવા.
   - (ખ) ૧૯ મા પાઠમાં, ‘કોઇપણ પુરૂષ અથવા સ્ત્રીએ મૈથુન સેવવાથી’ એને બદલે ‘ વિષયસેવન ’ કે એવા પર્યાયવાચી શબ્દનો ઉપયોગ કરવો.
   - (ગ) બ્રહ્મચર્યની નવ ગુપ્તિ વિગેરેને લગતા પાઠો ૩૭, ૩૮, ૩૯, ૪૦ અને ૪૫ જુદી રીતે લખાવા જોઇએ. વિકારનું સૂક્ષ્મ જ્ઞાન બાળ વિદ્યાર્થીને આપવું ન ઘટે. તેવું જ્ઞાન નાની ઉમ્મરે વિકાર દાબવાને બદલે ઉત્તેજે છે અને કુતુહલ વૃત્તિને તો ખાસ ઉશ્કેરે છે.

(૨) ૬૬ મા પાઠમાં ‘ જાવણિજ્જાએ ’ નો અર્થ ‘ આપના શરીરને બાધા ન થાય તે રીતે ’ આપવામાં આવ્યો છે. ૬૮ મા પાઠની શરૂઆતમાં પણ તેજ અર્થ આપવામાં આવ્યો છે. જ્યારે પાછળથી ‘ શક્તિયુક્ત ’ એવો અર્થ કરવામાં આવ્યો છે. આમ બે અર્થ આપવાથી વિદ્યાર્થીને ગુંચવાડો થાય એ કુદરતી છે એકવાર અવ્યય તરીકે ગણેલાને બીજીવાર વિશેષણ ગણવું એ બંધબેસતું થતું નથી. આને અંગે વધુ ચર્ચા માટે જુઓ “ આપણું ખમાસમણ અથવા પ્રણિપાત સૂત્ર ” એ લેખ જૈનયુગ, ફાગણ-ચૈત્ર ૧૯૮૩ નો અંક ૧૭ પૃષ્ટ ૨૯૯. આ બંને અર્થમાંથી કયો અર્થ બંધ બેસતો છે તે વિચારવા જેવું છે. ગમે તે હો, પણ એકજ ઉચિત અર્થ મુકવો

૩ સામાયિક વિભાગ પુરો થતાંજ, એટલે પૃષ્ટ ૨૦૦ થી પ્રતિપાદક શૈલી મુકી દેવામાં આવી છે અને જુની પ્રણાલિકાથીજ સામાયિક લેવા પારવાની વિધિ, દેવદર્શન ચૈત્યવંદન વિધિ વિગેરે આપવામાં આવેલ છે. તો સુચના છે કે પ્રથમ સ્વીકારેલ પધ્ધતિથી આ ભાગ પણ લખાય તો પુસ્તક વધુ લાભદાયી થશે જૈનશાળાઓને આ પુસ્તક ઘણુંજ ઉપયોગી થઇ પડે તેવું છે. આ શૈલીથી આખું પ્રતિક્રમણ લખાય તો ઘણો લાભ થવા સંભવ છે. આશા છે કે તે કામ કોઇ વિદ્વાન મુનિમહારાજ કે શ્રાવક ઉપાડી લેશે.

## શાસનટોળીનું ભાવનગરમાં પરાક્રમ.

વીરશાસન વારંવાર અભિમાન લે છે કે રામવિજયજી પ્રત્યે ભાવનગરમાં વિરોધ હતો નહિ વિરોધ કરનારાને તેની હંમેશની ટેવ મુજબ ઢેઢવાડો ને રખડતા તરીકે ઓળખાવે છે ભાવનગરનો સમુદાય ધર્માનુરાગી છે. ને રામવિજયજીની બરોબર તે વર્ગને પીછાણ નહોતી એટલે સાધુ છે ને સાધુ માત્ર પુજવા લાયક ગણાય એવી અંધશ્રદ્ધાથી સમુદાયે સામૈયામાં ભાગ લીધો હોય તેમાં તેમની શ્રદ્ધા કારણભૂત છે. તેમાં રામવિજયજીની કહેવાતી મહત્તા કારણભુત નથી. શ્રધ્ધાળુ વર્ગમાંના કેટલાકને તેમના ભાવનગરના છેલ્લા ભાષણથીજ તેમની ઓળખાણ થઇ ગઇ હતી ને તેઓ તીવ્ર વિચારો પ્રગટ કરતા હતા.

### વધારે ખાત્રી નીચેની નોટીસ પુરી પાડશે.

જત અમારા અસીલ શા. માણેકચંદ રાયચંદ હીરાચંદ ભાવનગરવાળા રહેવાસી ભાવનગરનાની ફરમાસ અને સુચનાથી અમો વકીલ જણાવીએ છીએ કે અમારા અસીલના દીકરા નામે પ્રતાપરાય માણેકચંદ ઉમર આસરે વરસ ચઉદનાને આસરે ૭ સાત દીવસથી અમારા અસીલના કેટલાક દુશ્મનોએ બદસલાહ તથા ઉશ્કેરણીથી અમારા અસીલના ઘેરથી નસાડી મુકયો છે અને અમારા અસીલે તે બાબતની તપાસ કરતાં માલુમ પડયું છે કે મજકુર પ્રતાપરાય કોઇ જૈન સાધુની ઉશ્કેરણીથી દીક્ષા લેવાની તજવીજમાં છે. આ સાલના ચઇત્રમાં પણ અમારા અસીલ મજકુર તેમના દીકરાને વઢવાણ મુકામે જૈન સાધુ શ્રી રામવિજયજીના અપાસરામાંથી સમજાવીને ઘેર લાવેલા હતા. માટે આથી તમામને જાહેર નોટીસ આપવાની કે મજકુર અમારા અસીલનો દીકરો સગીર ઉમરનો તથા કમઅકલનો છે તથા અમારા અસીલ તેના કાયદેસર વાલી છે. તેને તેની કમઅકલતા તથા સગીરતાનો લાભ લઇ કોઇ સખસ અથવા સખસોએ બદસલાહ તથા ઉશ્કેરણી કરી અમારા અસીલની સંમતી સીવાય તેમની જાણ બહાર રીતે કોઇપણ જાતની દીક્ષા વીગેરે કાંઇ આપવું અપાવવું નહીં અને તેમ છતાં તેવું કાંઇ ગેરકાયદેસર કૃત્ય કોઇ સખસ અથવા સખસો કરશે કરાવશે તો અમારા અસીલ તે બાબતમાં કાયદેસર તમામ પગલાં લઇ તેમાં થતા તમામ ખર્ચ નુકશાન વીગેરેના જોખમદાર તેમને ગણશે તે નકકી સમજવું.

**જેસીંગભાઇ મોહનલાલ ગાંધી.**
બી. એ. એલ. એલ. બી.
એડવોકેટ.

ટંકશાળ અમદાવાદ તા૦ ૭-૫-૧૯૩૧.

ઉપરનો છોકરો ગુમ થવા પછી ભાવનગરમાં ખળભળાટ થયો છે ઘોળકીયા જ્ઞાતિયે ને ભાવનગરના મંડળોએ શ્રી સંઘથી આ સબંધમાં યોગ્ય પગલાં લેવાય તેને માટે રીકવીઝશન મોકલ્યા હોવાનું સંભળાય છે. સંઘ એટલે આપણે-યુવાનો કોણ? એવી માન્યતાવાળાઓના પડળ હજી ઉઘડયા નહિ હોય. સમય તેમને રામવિજયજીની સાચી ઓળખાણ પાડશે

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે ‘સ્વદેશ’ પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરીછે.

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૨ મો. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ૧ તા૦ ૧-૬-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## આકોલામાં જયંતી મહોત્સવ.

જેઠ સુદી આઠમને દિવસે શ્રી આત્મારામજી મહારાજની જયંતી મહોત્સવ શ્રીમદ્ વલ્લભસૂરિજી મહારાજના અધ્યક્ષતામાં ઉજવવામાં આવ્યો હતો. આચાર્યશ્રીજીના અસરકારક સદુપદેશથી ગુજરાતી અને મારવાડી ભાઇઓ વચ્ચે ઘણાં વર્ષો જે અનીચ્છનીય વૈમનસ્ય ચાલતુ આવતું હતું તે હમેશને માટે નાબુદ થઇ ગયું છે. અને કાયમી સુલેહ થઇ છે.

## સોસાયટી સંમેલન સામે યુવક સંઘનો વીરોધ.

થોડા વખત પહેલાં અમદાવાદ ખાતે મળેલ શ્રી દેશવિરતી ધર્મારાધક સમાજ અને જૈન યંગમેન્સ સોસાયટીના સંમેલનોમાં પસાર થયેલા કેટલાક ઠરાવો અને તેના અનુમોદનોમાં પ્રસાર થયેલા ભાષણોમાં વ્યાપી રહેલી તિરસ્કાર અને પરસ્પર ઝેર વધારનારી મનોદશા સામે યુવક સંઘની મેનેજીંગ કમીટી સખ્ત વિરોધ જાહેર કરે છે, અને જે સમયે પરસ્પર એકતા અને સંગઠનની સૌથી વધારે આવશ્યકતા છે ત્યારે જૈન સમુદાયને છિન્ન ભિન્ન દશાએ પહોંચાડનારી આવી પ્રવૃત્તિ વિશે આ કમીટી ભારે ચિંતાની નજરે જુએ છે; અને ધર્માંધતા, સંકુચિતતા અને ગુંડાશાહીનાં વધતા જતા બળોને બને તેટલી જલ્દીથી છેદવા સમગ્ર જૈન સમુદાયને અને ખાસ કરીને જૈન યુવકોને આગ્રહ કરે છે.

## પુનામાં શ્રી આત્મારામજી મહારાજની જયંતી

તા. ૨૫-૫-૩૧ ના દીવસે શ્રી આત્માનંદ જૈન લાયબ્રેરી પુના તરફથી શ્રી મદવિજયાનંદસુરિ આત્મારામજી મહારાજની જયંતી લાયબ્રેરીના હોલમાં ઉજવવામાં આવી હતી. લોકોની હાજરી પણ સારા પ્રમાણમાં હતી તે પ્રસગે મુ. કૌશીલર મી. પોપટલાલ શાહના પ્રમુખપણામાં મહારાજશ્રીના જીવનચરિત્ર ઉપર સરસ વિવેચન થયું હતું. બીજા ત્રણ ચાર વકતાઓના પણ ભાષણ થયા હતા પ્રમુખ સ્થાનેથી સમાલોચના કરતાં આવા મેળાવડાઓની ખાસ અગત્ય જણાવી હતી. બાદ સેક્રેટરી તરફથી પ્રમુખશ્રીનો તથા શ્રોતા સમુદાયના આભાર આપ્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો. ”

## ભાવનગર જૈન યુવક સંઘનો વિરોધ

### ના૦ ગાયકવાડને તાર

તા. ૨૪-૫-૩૧ ના રોજ મળેલ શ્રી જૈન યુવક સંઘની સભા ઠરાવે છે કે:—

જૈન મુનિશ્રી રામવિજયજીના પાટણમાં પ્રવેશ વખતે તેમનો કાળા વાવટાથી વિરોધ કરવા આવેલ જૈનો ઉપર તેમના તથા તેમના ભકતો તરફથી પોલીસ અને બીજા ગુંડાઓના હાથે જે લાઠીચાર્જ ચલાવવામાં આવ્યો હતો અને જેના પરિણામે ઘણા જૈન પુરૂષ સ્ત્રી તથા બાળકોને સખ્ત ઇજા થવા પામી છે. તે સામે અમો સખ્ત વિરોધ જાહેર કરીએ છીએ તથા પોતાનો શાંતિપૂર્વક વિરોધ કરનારા ઉપર આવા નીચ હુમલા કરવા કરાવવામાં આવે તે એક જૈન મુનિ અને તેમના ધર્મિષ્ઠ ગણાતા ભકતો માટે અમો ઘણું શરમાવનારૂં માનીએ છીએ

ઉપલી બાબત સંઘે ગાયકવાડ સરકારના દીવાન ઉપર નીચે મુજબનો તાર મોકલવામાં આવેલ છે:—

'પાટણમાં મુનિ રામવિજય સામે કાળા વાવટાથી વિરોધ દર્શાવતા ઘણા માણસો ઉપર રાજ્યની પોલીસે લાઠીચાર્જ કરી જે સખ્ત ઇજા કરી છે તે સામે અમારો મજબુત વિરોધ છે. રામવિજયને તેની સગીર બાળકોને દીક્ષા આપવાની પ્રવૃત્તિ માટે પોતાના પક્ષના માણસોને જબરજસ્તી કરવા ઉશ્કેરવા માટે તથા જૈનોમાં અંદરો અંદર વિક્ષેપ કરાવવા માટે દરેક સમજુ જૈને વખોડી કાઢેલ છે. પોલીસ કૃત્યની તપાસ કરવા તથા આવા વિરોધ પ્રદર્શનમાં બીન દરમ્યાનગીરી રાખવા અમારી નમ્ર વિનંતિ છે. મહેરબાની કરીને રામવિજયની હાનિકારક પ્રવૃત્તિ ઉપર પ્રતિબંધ મુકો.

લી.

સેક્રેટરી શ્રી. જૈન યુવક સઘ

### ભણકારા

વાયરલેશ ટેલીગ્રાફ જણાવે છે કે સાત આઠ હજાર રૂપીઆ આપી બે પંખીડા ખરીદાયા છે અને જેઠ વદી ૫ ના રોજ એ ખરીદાએલા પંખીડા મોક્ષ સુંદરીને વરવા સાધુ સ્વાંગ સજવાનાં છે. બાળક પંખી નાસી છુટશે તો મોઘા પંખીની ઓછી કીંમત અંકાશે? સમાજ ચેતે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ભાવનગરના સંઘે બાળદીક્ષા માટે કરેલા ઠરાવો.

## યુવક સંઘે દેશીરાજ્યોને બાળદીક્ષા માટે અટકાવવા કાયદા ઘડવા કરેલા તારોનું આવેલું શુભ પરિણામ.

આજથી બે વરસ ઉપર મુંબઇના જૈન યુવક સઘે દેશી રાજ્યોને બાળદીક્ષા અટકાવવા કાયદો કરવા કરેલા તારોનું સુંદર પરિણામ આવેલું જાણી યુવક સંઘની મહેનતની સફ્ળતા માટે આનંદ થાય છે ભાવનગરના એક આગેવાન કુટુંબમાંથી ચાદ વરસના નાના બાળકને દીક્ષ માટે નસાડી લેઇ જવાના કારણે ભાવનગરના સઘે નાની ઉમરનાને દીક્ષા નહીં આપવાનો ઠરાવ કરેલા છે અને પત્રોકામાં પ્રગટ થાય છે તે ઉપરથી સમજાય છે કે ભાવનગર સ્ટેટના ચીફ એડ મીસ્ટર પટણી સહેબે બે વરસ પહેલાં ભાવનગર સંઘને મુંબઇના યુવક સંઘ તરફથી આવેલા તારનો હવાલો આપી જૈન સંઘમાં એક ઠરાવ કરવા ભલામણ કરી હતી પણ તે લેખને સઘના આગેવાનોએ એ ભલામણના કાગળને ફાઇલે ચડાવી નિરાતે કાંઇજ બન્યું ન હોય તેમ માન બેઠા હતા. આજે બે વરસે સંઘના આગેવાનો બાળક દીક્ષાના હિમાયતીઓ ઉઠાવી જાય છે ત્યારે આગેવાનો પોતાનું ઘર બળતું હોવાથી જાગે છે. અને લાંબે વખતે મૌન છોડે છે અને નામદાર પટણી સાહેબની ભલામણનો ઉપયોગ કરે છે. અને તેઓ કોનફરન્સના દીક્ષાના ઠરાવને મજબુત બનાવવા કાઠીઆવાડમાં જૈન ધમના રાગી અને અભ્યાસી તરીકે અગ્ર લેખાતા ભાવનગરના સંઘને ધન્યવાદ ઘટે છે અને બીજા શહેરો અને ગામોને બાળદીક્ષા સંઘની અને માતપિતાની આજ્ઞા શીવાય નહી આપવાના ઠરાવો કરવા અમો ભલામણ કરીએ છીએ. બાળદીક્ષા પરિક્ષા વિના અપાતી દીક્ષા પૈસાઓ આપી વેચાતા લીધેલાને અપાતી દીક્ષાઓના પરિણામે સાધુ સંસ્થામાં જે ભયંકર સડો અને જૈન સમાજમાં ભયંકર કલેશનું વાતાવરણ ઉભુ કર્યું છે. એ વિરૂદ્ધ મોટો પોકાર મોટા નાના ગામોના સંઘોએ ઉઠાવવાની જરૂર છે. સંઘની સત્તાનો ખ્યાલ એવા પોપજીઓને આપવાની જરૂર છે. જો સમાજને સમાજની સ્થીતિનું ભયંકર ભાન હોય, જો સમાજને લાગુ પડેલો ભયંકર ચેપ સમાજને કઇ સત્યાનાસીમાં નાંખશે એ વીચાર હોય તો સમજુ અને શાણા સમાજના આગેવાનોને પોતાના ગામોમાં **બાળદીક્ષા વિરૂદ્ધના** ઠરાવો કરવાની અને એવા ઠરાવનું પાલન ગમે તે **ભોગે** ગમે તેવી **પ્રતાપી વ્યકિત સામે** કરવાના ઠરાવ ઉપર આવવાની વિનંતી કરવાની ફરજ સમજીએ છીએ. આશા છે કે સમાજ જરૂર તેનું પાલન કરશે.

# મુંબઈમાં આત્મારામજી મહરાજની ઉજવાયલી જયંતિ.

આજ રોજ પાયધોની ગોડીજી માહારાજના દેરાશરના ઉપાશ્રયમાં શેઠ મોહનલાલ ભગવાનદાશ સોલીસીટરના પ્રમુખપણા નીચે પુજય આચાર્ય માહારાજશ્રી આત્મારામજી માહારાજની જયંતી ઉજવવા જૈનોની જાહેરસભા મળી હતી. પ્રમુખશ્રીએ શરૂઆતમાં માહારાજ સાહેબે સહિત્યની જે શેવા જુદ જુદા પુસ્તકો પ્રગટ કરીને તથા એ પુસ્તકોનો જૈનેતર પ્રજાએ અને ખાસ કરી યુરોપીઅન પ્રજાએ અભ્યાસ કરી માહારાજ પ્રત્યે જે પુજયભવ બતાવ્યો હતો એનું શુંદર વર્ણન કર્યું હતું. હીંદુસ્થાનની સરકાર તેમના શમયના વિદ્વાનોમાં અગ્રણીય વિદ્વાન તરીકે તેમને માન આપતી હતી વેદનું પુસ્તક બાહાર પાડી એક પ્રત તેમને ભેટ આપી તેમની વીદતાની પીછાન કરી હતી. એ પુસ્તકનો માહારાજશ્રીએ અભ્યાસ કરી મનન કરી તેઓશ્રીએ બીજા પુસ્તકો બાહાર પાડવામાં તેનો ઉપયોગ કર્યો હતો. ધર્મના સીદ્ધાંતનું રહસ્ય બરોબર સમજવા સાથે બીજા ધર્મના રહસ્યને યુકતીસર સમજી પ્રતિસ્પર્ધીના ધર્મના પ્રમાણોથી તેનું ખંડન કરતા અને તેમાં વિજય મેળવતા. પંજાબમાં તેઓએ ભગીરથ પ્રયત્ન કરી જૈનેતરોને જૈન ધર્મની રૂચી કરાવી જૈનધર્મમાં લાવ્યા હતા પુસ્તકના અંગે થયેલા કોર્ટના ઝગડામાં તેઓ માન સહીત વિજય પામ્યા હતા. આવા એક સમયધર્મી મહાનપુરૂષની જયંતી પ્રસંગે આપણે તેમના ગુણોનું અનુકરણ કરવા પ્રયત્ન કરવો. ભાઇ મોતીચંદ ગીરધરલાલ કાપડીયાએ જણાવ્યું કે માહારાજ સાહેબના સમયમાં ઘણે ભાગે બાળબોધથી વાંચન મનન થતું હતું. સંસ્કૃતનો ઘણોજ અભાવ હતો અને એટલે સુધી કે તેમના વખતમાં જેને સાધારણ સંસ્કૃત કહેવાય એવા સમજનારાનો અભાવજ હતો. પૂર્વ આચાર્યનુ રચીત એક સંસ્કૃત પુસ્તક વાંચવાનો અથાગ પરીશ્રમ લેવા છતાં તેઓશ્રીએ જણાવ્યું હતું. કે આ પુસ્તકમાં ચંચુપાત કરવાની મારામાં શકતી નથી. એવા જમાન માં એ એ સમયને અનુસરીને હીંદી ભાષામાં જુદા જુદા પુસ્તકો બાહાર પાડયા **અજ્ઞાન તિમર** ભાસ્કર જયન તત્વ પ્રકાશ વગેરે આવા પુસ્તકો હિંદી ભાષામાં બહાર પડી પંજાપ મારવાડ યુ પી કલકત્તાના જઇનોને જઇન ધર્મપ્રત્યે રૂચી કરાવવા પ્રયત્ન કર્યો એમના વખતનો જમનો અને હાલનો જમાનામાં ઘણો ફેર છે અત્યારે ધર્મ પ્રત્યે રૂચી વધુ છે. સંસ્કૃત માગધી પ્રકૃત સમજનારાઓ મળી આવે છે. અને તે બહુ પ્રમાણમાં એ બધાઓનો સહકાર જો થય તો ઘણુ કામ થઇ શકે આ સમય આગલ વધ્યાનો છે.

ભાઇશ્રી ઊમેદચંદ બરોડીયા એ જણવ્યું કે એ શમયમાં માહારાજ સાહેબે ઉંડી દીર્ઘ દૃષ્ટી વાપરી જૈનોના મોટા ભાગનો ઉગ્ર વિરોધ સહન કરી ચીકાગોમાં મળેલી સર્વ ધર્મ પરીષદમાં બેરીસ્ટર વીરચંદ રાઘવજી ગાંધીને મોકલીને વ્યવહાર ઉંડી દીર્ઘ દૃષ્ટી જૈનધર્મ ઉપરનો અથાગ પ્રેમ અને વિરોધતા સહન કરવાની અડગતા ભવ્ય ગુણ એમના પ્રત્યે આજના જમાનાના સરકારી પુરૂષોનો પણ પુજયભાવ ઉત્પન્ન કરે છે

ભાઇ લલુભાઇ કરમચંદે જણવ્યું કે ભાઇ વીરચંદ ગાંધીને ચીકાગો સર્વ ધર્મ પરીષદમાં જૈન તરીકે મોકલ્યા હતા તેવીજ સર્વ ધર્મ પરીષદ હાલમાં ભરવાની છે અને એમાં જૈન ધર્મને આમંત્રણ મલ્યું નથી પ્રયત્ન કરતા મળવા સંભવ છે

ભાઇ શાંતીલાલ પંડીતે સમયને અનુસરતું વિવેચન કરી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરી માહારાજશ્રી આત્મારામની જય બોલાવી સભા વિસર્જન કરી હતી.

# જૈનો વાંચો અને ચેતો:—

[અતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલક સુરિ રાસ) ઉપરથી તારણ કાઢનારઃ—એક જૈન.]

—ગતાંકથી ચાલુ—

હવે વિજયદેવસુરિ સ્વતંત્ર થયા તે પછી સંખેશ્વરમાં ખંભાત અને અમદાવાદના સંઘો એકઠા થયા હતા, તેમની પાસે બે સાધુ મોકલીને કહેવડાવ્યું કે "તમે પાટણ ચાલો" સંઘોના આગેવાનોએ કહ્યું કે અમે પાટણ આવી શકીશું નહી, અગર વિજયદેવસુરિ ચાણસમે આવે, તો ત્યાં બધા એકઠા થઇ વિચાર કરીએ. સંખેશ્વરના અંદર એકઠા થએલા સંઘોના હુકમ સાંભળી વિજયદેવસુરિ પાટણથી રવાના થઇ ચાણસમે આવવા તૈયાર થયા તે વખતે શુકન સારા થયા નહી તો પણ ચાણસમે આવ્યા. સંઘની સાથે તેમણે વીચાર કર્યો કે સાગરોને લેવા કે કેમ? છેવટે એ ઠરાવવામાં આવ્યું કે અમદાવાદમાં બધાએ એકઠા થવું અને ત્યાં મિચ્છામિદુક્કડં દેવરાવવો.

વિજયદેવસુરિ પાટણ આવ્યા. સંઘો વીખરાઇ પોત પોતાના સ્થળે પહોંચ્યા વિજયદેવસુરિએ પાટણમાં આવીને (ગચ્છ નાયકનું અભીમાન ચઢી ગયેલું હતું તેથી) સાગરોને તેડાવ્યા અને ચૈત્ર અમાવાસ્યાનું મુહુર્ત કઢી સાગરોને ખુલ્લી રીતે લઇ લીધા. દરેક સ્થળે કહેવડાવ્યું કે સાગરો સાથે મેળ કરી દીધો છે.

(મારા જૈન દોસ્તો, અત્યારે આપણા જૈન સાસનમાં સાગરો અને રામવિજયો વીગેરે એકઠા થયા છે તે વીજયો અને સાગરોનું ભલું ચહાવા માટે નહી પણ નવો ગચ્છ સ્થાપવો છે માટે સાગરો અને રામવિજયો દોસ્તી કરીને નવો સંઘ સાશન (ઉર્ફે સેતાન) રસિક ઉર્ફે રેંશી નાંખનારા જૈનોને) સંઘ સ્થાપવા માટે મોટી તૈયારીઓ ચાલી રહી છે. ઇતિહાસ સાક્ષી પુરે છે કે વિજયદેવસુરિને વિજયસેનસુરિ પછી સોમવિજય વાચક નંદિવિજય વાચક વીગેરે એ એકઠા થઇને ગચ્છ નાયક તરીકે સ્થાપ્યા છતાં વિજયદેવસુરિએ ગચ્છ નાયક હોવા છતાં પોતાના મોટા શીષ્ય સમુદાયનો વીચાર નહી કરતાં પોતાના આપેલા ઠરાવ "અમદાવાદમાં એકઠા થવું" કહીને શાકારણથી સાગરોને એકદમ પાટણમાં જઇને સંઘમાં લઇ લીધા? ગચ્છ નાયકના તોરમાં અને અભીમાનમાં ભવીષ્યનો વીચાર નહી કરતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે વિજયદેવસુરિની ઇચ્છા પોતાના શીષ્ય સમુદાયથી વીરોધ કરી પોતાના વીચારો સાગરો સાથે મળતા હોવાને લીધે પોતાનાથી વીરૂદ્ધ વીચારો ધરાવનારા પ્રત્યે સમભાવ ગુમાવી નવો ગચ્છ સ્થાપવાની થઇ હશે.)

અમદાવાદ અને ખંભાતના શ્રાવકોએ વાત જાણી એટલે તરતજ ખળભળાટ મચી ગયો. અમદાવાદના સંઘે વિજયદેવસુરી ઉપર એક પત્ર લખ્યો તેમાં જણાવ્યું કેઃ—

"તમે સાગરો પાસે મિચ્છાદુક્કડં દેવરાવ્યા શિવાય, તેમને બધાને લીધા તે ઠીક કર્યું નથી. આપણે જે ઠરાવ કર્યો હતો તે તમે પાળ્યો નહી. હવે અમેતો ગુરૂવચન પ્રમાણેજ ચાલવાના. (અહીયાં ગુરૂ એટલે વિજયહીરસુરિજી). અમારો દોષ કાઢશો નહીં. હજુ પણ જો ગુરૂ વચનને અનુસરીને દરેક કાર્ય કરસો તોજ તમારી સાથે ગુરૂ વ્યવહાર રાખીશું, નહીં તો અમે માનીશું નહી, તે વાત નિશ્ચયપૂર્વક સમજવી" ઉપરના પત્રની હકીકત સોમવિજય ઉપાધ્યાય, મેઘવિજયવાચક, નંદિવિજયવાચક, અને ધર્મવિજય એમણે પણ મળીને લખ્યો. વિજયદેવસુરિ નીચે પ્રમાણે જવાબ આપે છેઃ—

"મારે જે કરવું હતું અને મારા મનમાં આવ્યું તે કરી દીધું છે. તેમાં તમને કંઇ પુછવાની જરૂર નહોતી કારણકે એ મારી સત્તાની વાત છે."

(સત્તારૂપી અફીણ પીને બેઠેલા બીચારા પામર ગચ્છનાયક વિજયદેવસુરિના મનમાં આવ્યું તે કરી દીધું અને તેથી મારા જૈન દોસ્તો રામવિજય અને આનંદ સાગરો સત્તાના કેફમાં ભાન ભૂલે તે સ્વાભાવીક છે કારણ કે વિજયદેવસુરિતો સત્તા-ધરાવતા હતા પણ બીચારા દીલના ભોળા હોવા જોઇએ કે તેમને તે વખતે સંઘને હાડકાનો માળો નહી કહેતાં લખ્યું કે મારા મનમાં આવ્યું તે કરી દીધું ત્યારે સાગરો અને વિજયો ખત્તાખાઇ ઘડાએલા માલુમ પડે અને કહે કે જૈન સંઘ એટલે પહેલો શ્રમણ સંઘ અને તેમાં પણ શાસન રસિક સંઘ તેના અંદર સાશનના ટોચે બેસનાર રામવિજયો અને સાગરો જામનગર—પાટણ, વઢવાણ, લીંબડી અને હવે પછી ભાવનગરના સંઘોને હાડકાના માળા તરીકે કહે— અધર્મી કહે તો જૈન દોસ્તો તો ગભરાતા નહી કારણકે જ્યારે જ્યારે સત્તાની વાતો થઇ છે ત્યારે નીગ્રંથ ગુરૂ હોવાનો ડોળ ઘાલી ગ્રંથીગુરૂ સત્તાના કેફમાં બની સુરિ અને ઉપાધ્યાય જેવા નામો ધારણ કરવા છતાં સાધુ ધર્મથી પતીત થયેલા તે શ્રાવક અને શ્રાવીકા બલ્કે શ્રમણ અને સાધ્વીઓનું આ સત્તાના કેફઉપર શી રીતે ભલુ કરશે તેતો જ્ઞાની જાણે કારણકે આનન્દઘનજી કહી ગયા છે કે "ગચ્છના ભેદ બહુ નયણ નીહાલતાં તત્વનીવાત કરતાં નલાજે—ઉદર ભરણાદી નીજ કાજ કરતાં થતાં મોહ નડીયાં કલીકાલ રાજે")

વિજયદેવસુરિ માટે અમદાવાદના સંઘે એકઠા થઇને જ્યારે વિજયદેવસુરિનો કાગળ લખ્યો ત્યારે ચાર ઉપાધ્યાયોએ સંવત ૧૬૭૨ ના વૈશાખ સુદ ૧૩ ના દિવસે દરેક ગામોના સંઘોને એક પત્ર લખ્યો આ પત્રમાં વાચક મેઘવિજય, સોમવિજય, ભાનુચંદ વાચક, નંદિવિજય વાચક, વિજયરાજ વાચક, અને ધર્મવિજય તથા બીજા ઘણા મુનીઓની સંમતિ મેળવવામાં આવી આ પત્રમાં આ પ્રમાણે જાહેર કરવામાં આવ્યું કેઃ—

હિરવિજય સુરિજીની સમક્ષ ઘણા ગામોના સંઘની રૂબરૂમાં બારબોલ અને બીજી કેટલીએક શાસ્ત્ર વિરૂદ્ધ કરેલી પ્રરૂપણાઓ માટે સાગરે માફી માંગી મિચ્છામી દુક્કડં દીધો હતો. સાગરે તે ઠરાવોનું ઉલ્લઘંન કરીને "સર્વજ્ઞ સતક" ગ્રંથ બનાવ્યો. તે પણ શસ્ત્ર વિરૂદ્ધ હોવાથી વિજયસેનસુરિએ તેમને દૂર કર્યા અને સર્વજ્ઞ ગ્રંથને અપ્રમાણીક ઠરાવ્યો તે ગ્રંથને વાંચશે વંચાવશે તેને ગુરૂની આણા બહાર ગણવામાં આવશે. વીગેરે વીનવી પહેલા જણાવ્યા પ્રમાણે સાગરોને ગચ્છ બહાર વિજયસેનસુરિએ કીધા છે છતા વિજયદેવસુરિએ ગુરૂની આજ્ઞાનું ઉલ્લઘંન કરીને પશ્ચાતાપ કરાવ્યા શીવાય વિજયદેવસુરિએ ગચ્છમાં લઇ લીધા છે. ગચ્છના સુવિહિત સાધુઓનો મત છે કે સાગરો અને સાગરોને આશ્રય આપનારાઓ સાથે અમારે કોઇપણ જાતનો સંબંધ નથી. અગર સાગર પક્ષવાળા ગુરૂનું

જુઓ પાનું ૪

# રામવિજયની પાટણમાં પધરામણી

## સ્વાગતમાં નીકળેલા કાળા વાવટાનું જંગી સરઘસ આખરે ચાલેલું લાઠીરાજ.

લાંબા વખતથી પાટણ આવવાના કોડ પુરા કરવા આખરે રામવિજયજીએ અમદાવાદમાં તા. ૧૬-૪-૩૧ ની સવારે એક ઝેરી વ્યાખ્યાન આપી પાટણ તરફ પોતાના પગલા ફેરવ્યા. ધીણોજ મુકામે પાટણના જૈન યુવાનોના એક ડેપ્યુટેશને મહારાજને પાટણ નહી પધારવા માટે તથા પાટણની ચાલુ પરીસ્થીતીનો વીચાર કરી પાટણની સુલેહ શાંન્તીનો ભંગ નહી કરવા માટે સમજાવ્યા તથા એક લેખીત પત્ર પણ આપ્યો રામવિજયજીએ પોતાની હંમેશ ટેવ મુજબ હસીને તિરસ્કાર કર્યો અને પોતાની બહાદુરી હાંકતા જણાવ્યુ કે "હીદુસ્તાનના એક લાખ યુવાનો ભેગા થાય તો પણ હું ડરી જાઉં તેમ નથી" વ્યાજબી જવાબ નહી મલવાથી એ પત્ર જાહેરની જાણ માટે બહાર પાડવામાં આવ્યો.

જેઠ સુદી ૭ નો દીવસ પાટણ પ્રવેશ માટે મુકરર કરવામાં આવ્યો પણ આ ત્યાગી વૈરાગીને મંગલવાર સમો નડવાથી બીજની સાંજના ઉતારા માટે શહેર બહાર બગલાની સોધ ચાલી. સ્ટેશનના રસ્તે આસરે જૈન જૈનેતરના પોણો ડઝન બંગલા હોવા છતાં આ સાહેબના માટે એક પણ બંગલો નહી મલવાથી ત્રીજની સહવારે પાટણ આવ્યા. તથા અનાથ-આશ્રમમાં સાંભળવા પ્રમાણે રૂપીઆની સારી રકમ ભેટ આપી ભકતોએ તેમાં મુકામ કરાવ્યો.

રામવિજયજીના સ્વાગત માટે ધ્વજા, પડદા, બોર્ડો, વીગેરે સામાન કે જે વિહાર દરમ્યાન સાથે ફેરવવામાં આવે છે તે અગાઉથી પાટણ આવી પંહોચ્યો. સારી હાજરી સામૈઆમાં બતાવવા માટે રાધનપુર, વઢવાણ, જામનગર, અમદાવાદથી માણસોને બોલાવવામાં આવ્યા. ચાણસ્માથી પણ લગભગ બસોથી અઢીસો માણસો આવ્યા. પુજા કરવાને દેરાસરમાં જતા હોઇએ અને કોઇ સાધુ આવવાનું સાંભલવામાં આવે તો પુજા પડતી મુકીને પણ સામૈયામાં જવુ જોઇએ એવું શાસ્ત્ર ફરમાન છે એવો ઉપદેશ આપી ચંદ્રસાગરે ભકતોને તૈયાર કર્યા.

બીજી બાજુથી પાટણના યુવાનોએ આ અભીમાની, ઝઘડાખોર, ગાંધીજીના સ્વદેશીના નીંદક વગર નોતરે પાટણમાં આવતા આ નામીચા રામવિજયના લાયક સ્વાગતની પુરતી તઇયારી કરીનાંખી. કાળા સુત્ર બોર્ડો કાળી ધ્વજા પતાકા જગ્યાએ જગ્યાએ બાંધીદીધા "રામવિજય પાછા જાઓ"ના લેબલો ભીતે ભીતે લાગી ગયા. ધીણોજ મુકામે મળેલા જવાબથી "ઝગડાને એકદમ સળગાવી મુકો" અરીહંતની માફક શતરૂઓને હણી નાંખો " વીગેરે ચંદ્રસાગરના હીંસક ઉપદેશથી, અમદાવાદમાંના રામવિજયના ભાષણથી તથા વગર નોતરે ખાસ ઝગડામાં ગ્યાસલેટ નાખીને તેને વધારવા માટેજ પાટણ આવતા હોવાથી જેમ જેમ આ અભીમાની રામવિજયના પગલા પાટણ તરફ આગલને આગલ વધવા માંડયાં તેમ તેમ અહીના લોકોમાં અજબ જાગૃતી આવવા માંડી.

જેઠ શુદ બીજની રાત્રે શ્રી સંઘ એકઠો થયો. લાંબી વાટાઘાટ પછી પાટણના શ્રી સંઘ ઉપર કરેલા આક્ષેપોના લીધે તથા શ્રી સંઘનું અપમાન કરેલુ હોવાથી રામવિજયના સામૈયા તથા વ્યાખ્યાનનો સર્વાનુમતે બહીસ્કાર જાહેર કરવામાં આવ્યો તેમની સાથે કોઇપણ જાતનો સંબંધ નહી રાખવા માટે આ ઠરાવની લોકોને જાણ માટે બ્રાહ્મણ ફેરવવામાં આવ્યો.

### જેઠ શુદ ત્રીજની યાદગાર પ્રભાત.

અરૂણે સોનાની કુચીવડે પુર્વ તરફનો દરવાજો ઉઘાડયો અને સુર્યદેવતાએ પ્રભાતની જાણ કરી જે પ્રસંગની રાહ જોવાતી હતી. તે પ્રસંગ આવી પહોંચ્યો. અપૂર્વ ઉત્સાહ સાથે બાલકો, યુવાનો, અને પ્રૌઢો હાથમાં કાલા વાવટા લઇને આવવા માંડયાં એક કલાકમાં તો આ સંખ્યા હજાર ઉપર થઇ ગાંધીજીના નિંદક અને સ્વદેશીના વિરોધી આ અઠંગ ખેલાડીને સારી રીતે લોકો જાણતા હોવાથી જૈનેતરોની પણ સારી સંખ્યા ઉતરી પડી રીતસર સરઘસ ગોઠવાયાબાદ હવામાં કાલા વાવટા ઉરાડતા આ સરઘસ ગામમાં ફરી વધતી જતી સંખ્યા સાથે સરઘસ ગામ બહાર રામવીજયના ઉતારે (અનાર્થ આશ્રમે) પહોચ્યું. "રામવિજય પાછા જાઓ"ના કાન બહેરા બની જાય તેવા બુલંદ અવાજે થયેલા પોકારો રામવિજયના કાન સોંસરા નીકલી ગયા ત્યાંથી સરઘસ ગાંમમાં આવ્યું અને રસ્તાની બંન્ને બાજુએ લાઇનબંધ કાલા વાવટા રાખી રામવિજયના સરઘસના સ્વાગત માટે રાહ જોતા સૌ ભાઇઓ ઉભા રહયા.

જુઓ પાનુ ૫

ત્રીજા પાનાનું ચાલુ

(એટલે વિજયદેવસુરિનું નહી પણ વિજયસેનસુરે અને વિજય-હીરસુરિનું સમજવું) વચન માને તો તે અમારી સાથે ભળે જો વિજયદેવસુરિ સાગરોને ગુરૂની આજ્ઞા પળાવીને ભેગા લે તો ખુશીથી અમો વિજયદેવસુરિને વાંદીને તેમના સાથે વ્યવહાર રાખીશું." ઠરાવની નકલો દરેક ક્ષેત્રોમાં મોકલી અને સાધુ-ઓને આદેશ કરી દીધા.

નંદિવિજય વાચકે જાહેર કરી દીધું કે હું ગુરૂવચનને માનવા વાળો છું તો મારી સાથે રહેવાની ઇચ્છા હોય તો મને સાથ આપો તેથી સાગરો ઘણાજ રોશે ભરાયા અને તેથી સાગરોએ કોરટનો આસરો લઇને તેમને એટલે નંદિવિજય સોમવિજય વીગેરે ને નુકશાન પહોંચાડવાનો ઇરાદો કર્યો.

(દોસ્તો તૈયાર રહેજો રામવિજયો અને સાગરો પણ તમારી સઘ સત્તાને નાબુદ કરવા મથે છે. મરજીમાં આવે તેમ વર્તવાની શ્રાવકોના નાંણે કોરટોમાં જઇને સંઘ સત્તા ને નાબુદ કરવા માટે સાગર અને રામના અનુયાયી તમોને હેરાન કરે તો પણ તેવા કહેવાતા દંભી પાખંડી ગ્રંથી હોવા છતાં નિગ્રંથનો ડોળ ઘાલી રવિસાગર અને ભકતીસા-ગરની આપ વીતીઓ જાણીને પણ જો ભુલેચુકે કોરટમાં જઇને સત્તાનો પાયો મજબુત કરવા દોડીશ તો સંઘ સત્તા મજબુત નહીં થતાં ઢીલી થશે માટે પહેલાજ તે સાગરો અને રામના અનુયાયીઓને સંઘ સામે કોરટે જવદો અને રક્ષણ માટે દરેક રીતે પાટણના સંઘની માફક બચાવ કરવો તેમાંજ શ્રેય છે કારણ કે સોમવિજય વાચકે જાણ્યું કે સાગરો કોરટનો આશરો લઇને નુકશાન પહોંચાડવાનો ઇરાદો કરે છે. તે ઇરાદો અમલમાં મુકે તે પહેલાં સોમવિજય વાચક અબદુલ્લાખાનને (એટલે તે વખતના ગુજરાતના સુબાને કેવી રીતે ખુશ કરીને પોતાનું કામ કેવી રીતે કાઢે છે તે હવેથી ફુરસદ મળે બહાર પાડવામાં આવશે. (અપુર્ણ)

આ ઉભરાઇ જતા માનવ સાગરથી ગભરાઇ જઇ રામ ભકતોએ દોડાદોડ કરી મુકી પોલીસ પાર્ટી બંદુકો અને લાઠી સાથે આવી પહોંચી મજબુત પોલીસ રક્ષણ નીચે વોલીંટીઅરોની કોર્ડનમાં ગોઠવાયા બાદ ડંકા નિશાનના રણકાર સાથે આ રામવિજયજીએ પાટણમાં પ્રવેશ કર્યો. પોલીસ પહેરા નીચે પાટણમાં આવવાનો આ પહેલોજ પ્રસંગ છે જે પાટણના ઇતિહાસમાં રામવિજયના નામને કલંક લગાડતો રહી જશે પાટણ ઉપર જીત મેલવી તેને પોતાને તાબે કરવા આ સેનાધિપતિ રામવિજયે પ્રેમવિજય મેઘવિજય આદિ સત્તર સાધુઓ સાથે પરદેશી ભાડુતી સેના સાથે પાટણમાં પ્રવેશ કર્યો

બને બાજુએથી હવામાં ઉડતા કાલા વાવટા જોતું જોતું તથા રામવિજય પાછા જાઓના પોકારો સંભળતું આ અભિમાની રામનું સરઘસ પોલીસ પેરા નીચે ધીમે ધીમે બજારમાં આવ્યું બોલાવવામાં આવેલા પરદેશીઓ સિવાય પાટણના એક નાના બચ્ચાંએ પણ આ સરઘસમાં ભાગ ન લીધો આવા આવા સખ્ત બહિષ્કારથી તેમજ કાલા વાવટાથી ઉશકેરાઇ જઇ આ રામ ભકતોએ મગજનું સમતોલપણું ગુમાવ્યું સાજનમાંથી લાકડીઓ ઉછળી અને શાન્ત ઉભેલા કાલા વાવટાધારી યુવાનો ઉપર ફરીવલી શાન્તી અને સંયમથી આ લાઠીઓ ખાવામાં આવી સરઘસ આગળ વધ્યુ અને રામ ભકતોએ રામની હાજરીમાં સુખડીવટ અને ડોસીવટ વચ્ચે બીજીવાર લાઠી ચલાવી આ રીતે બએ વખત લાઠીરાજ ચાલવા છતાં આ હથીઆર વિનાના યુવાનોએ આ ગુંડાશાહીની લાઠીના પ્રહારો ઝીલી શાન્તી અને સંયમ સાચવી રાખ્યાં.

આટલું કરવા છતાં પણ જયારે કાળા વાવટાના દેખાવો ચાલુ રહ્યા ત્યારે તો આ રામભકતોએ પોતાનો મિજાજ ગુમાવ્યો. પંન્યાસજી પહોંચતા પહેલા સરઘસ અટકાવી આ વાવટાધારી યુવાનોને ઘેરી લીધા અને છુટથી લાઠી ચલાવી ગુંડાશાહિ માટે નામીચા થએલા ચાણસ્માવાલાઓએ પોતાની શકિત આ લોકોના ઉપર લાકડી વાપરવામાં બતાવી. યંગમેન્સ જૈન સોસાયટીના વોલંટીઅરોએ પણ પોતાનાં હાથમાંની પીત્તલની પાઇપોથી તેમજ કમર ઉપરના ચામડાના પટ્ટાઓથી પોતાની બહાદુરી બતાવી.

રામવિજય, મેઘવિજય, પ્રેમવિજય, નગીનદાસ, જીવાભાઇ આદી સઘળા ઉભા ઉભા આ સર્વ જોઇ રહયા હતા. પણ આ સઘળું બંધ કરવા કાંઇપણ હુકમ બહાર ન પાડયો કે પોતે કાંઇપણ મહેનત ન કરી પોલીસે ન છુટકે લાઠી વાપરી લોકોને વીખેરવા પ્રયત્નો કર્યા પણ બંન્ને બાજુથી ઘેરાઇ ગએલા વાવટાધારી યુવાનોજ મોટાભાગે આ લાઠીના ભોગ થયા. પોલીસ ઓફીસર, સીટીફોજદાર, રા. આબેગાંવકરની કુનેહભરી સાવચેતીથી આખરે આ તોફાની રામટેલુ વીખરાણું એટીરીતે અટકી પડેલું સરઘસ આખરે ફોજદાર સાહેબના હુકમથી આગલ ચાલ્યુ [ચાર માણસોની ધરપકડ કરવામાં આવી જેમાં બે વાવટા ધારી જુવાનો પણ સંજોગવસાત સપડાઇ ગયા પણ ફકત અડધાજ કલાકમાં ફોજદાર સાહેબે છોડી દીધા] જૈન યુવાનોએ છેવટ સુધી મગજ ઉપર કાબુ રાખી પોતાનો સખ્ત વિરોધ બતાવી વિખરાઇ ગયા દશબાર યુવકો ધાયલ થયા છે જ્યારે ત્રીસ ચાલીશ યુવકોને ઓછી વધતી ઇજા થયેલી છે. આટલું થવાં છતાં આ રામ ભકતોએ એક પણ દીલગીરીનો શબ્દ કહાડયો નથી

રામવિજયના આગમનના આ પ્રથમ દિવસેજ પાટણની પવિત્ર ભુમી ઉપર લોહી રેડાણા છે. તેના ચોમાસાના નિવાસ દરમ્યાન તેની પ્રવૃત્તિ કેવી ચાલશે તથા શું પરીણામો નીપજાવશે તે અત્યારે કોણ કહી શકે ? જનતા તેની તરફ તિરસ્કારથી જોઇ રહી છે. પ્રભુ તેને સન્મતિ આપે અને પાટણમાં વધુ લોહી રેડાતા અટકે એજ ઓમ શાંન્તિ.

# રાધનપુરની જૈન જનતા ! સાવધાન !

## કહેવાતા મુની રામવિજય રાધનપુર પધારે છે

( લેખકઃ—શશીકાન્ત—મુંબઇ. )

પાટણમાં મુનિ રામવિજયની સામે અતી તીવ્ર વિરોધ હોવાને લીધે ત્યાં રહેવાનું તેમને માટે લગભગ અશકય થઇ પડયું છે. જેથી તેઓ શંખેશ્વરજી થઇને રાધનપુર જવાના છે એમ સંભળાય છે. રાધનપુરના સ્થાનીક જૈનો આ મહાત્મા (!) વિષે ઓછું જાણતા હોવાથી મારે રાધનપુરની જૈન જનતાને સાવધાન કરવાને માટે લાલબત્તી ધરવી પડે છે.

આ તેજ મુનિ રાજ છે કે જેમણે જૈન કોમમાં ઘેર ઘેર કલેશ કંકાસની હોળીઓ સળગાવી છે તેમનાં જયાં જયાં બનોતાં (!) પગલાં થયાં છે ત્યાં ત્યાં તેઓ હડધુત થયા છે, જેને માટે ભાવનગર, લીંબડી, વઢવાણ અને પાટણના તાજેતરના દાખલા મોજુદ છે પાટણમાં તેમની સામેનો વિરોધ કાળા વાવટાઓથી અને જાકારાથી વ્યકત કરવામાં આવ્યો હતો. ત્યાંના સામૈયામાં કરવામાં આવેલો લાઠી ચાર્જ એ ખરેજ ખેદજનક બનાવ ગણાય આ દૃશ્ય નજરે જોનારા કહે છે કે લાઠી ચાર્જની વખતે આ કહેવાતા અહિંસાવાદી મહાત્મા હસતા જણાતા હતા, એટલુંજ નહિ પણ સાંભળ્યું છે કે એક દીવસ વ્યાખ્યાનમાં તેઓ એમ બોલેલા કે વીરોધીઓને એક લાઠી મારનારને એક ઉપવાસનું—બે લાઠી મારનારને બે ઉપવાસનું એ પ્રમાણે ફળ મળે. આ ઉપરથી એટલું તારણ જરૂર નીકળી શકે કે તેઓ ગુંડાશાહીમાં માનનારા છે અને તેઓ જુદો રામપંથ કાઢવા માગે છે.

પ્રાતઃસ્મરણીય પરમાત્મા મહાવીર સ્વામી છદ્મસ્થપણામાં મૃષાયુક્ત થવાના સંભવને લીધે કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પહેલાં વ્યાખ્યાન પણ આપતા નહોતા જયારે આ મુનિ વ્યાસપીઠ ઉપર બેસી હાથમાં માત્ર પાનાં દેખાવનાં રાખી પોતાની જીભડી ઉપર કોઇપણ જાતનો કાબુ રાખ્યા વગર જેમ આવે તેમ હાંકે રાખે છે, અને તેમની વ્યાખ્યાન શૈલીમાં લટુ બની ગયેલા લોકોની અંધશ્રદ્ધા અને અજ્ઞાનતાના ભોગે પોતામાં રહેલી સુંદર વ્યાખ્યાન શૈલીનો દુરૂપયોગ કરી રહયા છે. ભગવાનની પર્ષદાની અંદર ધર્મી અધર્મીઓ, આસ્તીકો, નાસ્તીકો, ભવી અભવીઓ યાવત્ પશુપક્ષીઓ પણ આવતાં છતાં પણ શ્રોતાગણને મહાનુભાવ શબ્દથી ભગવાન સંબોધતા, જયારે આ મુનિ તેમણે માની લીધેલ ધર્મી અધર્મીઓને લડાવામારી જુદા પાડે છે. શાસનપ્રેમીની તેમની વ્યાખ્યા ખાસ સમજવા જેવી છે. રામ—સાગર—લબ્ધિની ટોળીને જેઓ માને તે શાસનપ્રેમી પછી ભલે તેઓ જૈનધર્મના સિદ્ધાંતો મુજબ જરાયે વર્તતા ન હોય. અને રામ—સાગર—લબ્ધિની ટોળીની અયોગ્ય પ્રવૃત્તિ, ધર્મના નામે કરવામાં આવતાં ધતિંગો અને બાળહરણ અને છુપી અયોગ્ય દીક્ષાની વિરૂદ્ધ હોવાના કારણે તે ટોળીને ન માનનારાઓ, પછી ભલે તેઓએ સંઘો કાઢયા હોય, ઉજમણાં કર્યાં હોય, વર્ધમાન તપની ઓળીઓ કે માસક્ષમણ જેવા મહાન્ તપ કર્યાં હોય, પવિત્ર સિદ્ધક્ષેત્રમાં નવાણું કે ચાતુર્માસ કર્યાં હોય તોપણ આ ત્રીપુટીને નહિ માનવાના કારણે તેઓ હાડકાનો માળોજ ગણાય, જાણેકે ધર્મી અધર્મીનું બિરૂદ આપવાનો ઇજારો આ ત્રીપુટીએજ રાખ્યો હોયની !

જુઓ પાનું ૬

પાંચમાં પાનાનું ચાલુ

આ તેજ મુનિ છે કે જેમને માટે એમ કહેવાય છે કે તેઓએ મારવાડમાંથી પુસ્તકો લખાવવા માટે ભોળા મારવાડીઓ પાસે હજારો રૂપીઆ જ્ઞાન ખાતે ભરાવી તે પૈસા પોતાનું સ્વતંત્ર છાપું કઢી યંત્રમાં હોમાવ્યા. જનો પંડ ચટણી ખાય છે એ વગર વિચાર્યું બોલી જૈનોને જૈનેત્તર પ્રજાની અંદર શરમાવવું પડે એ સ્થીતિ ઉત્પન્ન કરતાર પણ આ મુનિજ હતા. વળી જૈનોનું અમે ભલું ન ઇચ્છી શકીએ એવાં વાયડાં વાકયો બોલનાર પણ આ મુનિ પોતેજ હતા. જો કે અયોગ્ય દીક્ષા પ્રવૃતિમાં પોતાનાં અન્ય ધતિંગોમાં યાવત્ તેમની દરેક પ્રવૃત્તિમાં જૈનોનાજ પૈસાની તેમને જરૂર પડે છે.

જ્યારે મુનિરામવિજયના સામૈયામાં કાળા વાવટાઓથી અને જાકારાથી દરેક સ્થળે તેમનું સ્વાગત થાય છે ત્યારે મહાત્મા ગાંધીની માફક તેઓ વિરોધીઓને પ્રેમથી શા માટે જીતતા નથી? શું મહાત્માજી જેટલુ આત્મ બળ તેઓ ધરાવતા નથી? મહાત્માજીને કાળાં ફુલો આપનારાઓની પાસે તેમણે વધુ ફુલોની માગણી કરી, અને પોતાના વાજીત્રમાં લખ્યું કે તેઓ મારી તરફ સભ્યતાથી વર્ત્યાં હતા, તેઓએ ન તો મારા શરીરને ઇજા કરી કે ન તો મારૂં અપમાન કર્યું. તેઓ ધારતે તો મને મારી શકતે અથવા મારા શરીરને ઇજા કરી શકતે આ રીતે તેઓ એક લાખ વિરોધીઓને પ્રેમથી જીતીને પોતાના પક્ષમાં લઇ શકયા. શું પ્રેમ, સમતા અને શાંતિની મૂર્તિ! જો મુનિ રામવિજય ગુણાનુરાગી બને તો તેઓ મહાત્માજી પાસેથી ઘણું ગ્રહણ કરી શકે તેમ માણસને અધોગતીમાં લઇ જનાર કષાયોની ઓછાશ તેમજ સમતા શાંતિ, પ્રેમ આત્મબળ વિગેરે ઘણા ગુણો તેમની પાસેથી મેળવી શકે.

મુનિરામવિજયના કેટલાક અંધભકતો પોતાની બુદ્ધિનો જરાયે ઉપયોગ કરતા નથી. અને મહારાજ સાહેબે આમ કહયું અને તેમ કહયું એવી વાયડી વાતો કરે છે. મુનિરામ-સાગર લબ્ધિની અયોગ્ય દીક્ષાના ફળરૂપે હાલમાં કેટલાક સાધુઓ (ફકત રામ-સાગરમાંથીજ) દીક્ષા છોડી સંસારમાં પાછા આવે છે. આના સંબંધમાં તે મુનિઓ તરફથી એમ કહેવામાં આવે છે કે દીક્ષા નહિ લેનાર કરતાં દીક્ષા લઇને ભાગનારાઓ ઉત્તમ છે. અંધ શ્રદ્ધાળુઓ પોતાના ગુરૂની આવી વાહીયાત વાતો પણ સાચીજ માની બેસે છે. કયા જૈન સિદ્ધાંતો આ હકીકતને ટેકો આપે છે. એ તેઓ જણાવશે? ખાસ અપવાદરૂપ માર્ગ ધોરી માર્ગ બનતો જાય છે એ સાધુ સંસ્થાની હેલના-હીણપત છે એની સર્વ જોખમદારી આ ત્રીપુટી ઉપર છે.

કેટલાક જૈન ભાઇઓ કહે છે કે સાધુની નીંદા કરનાર ભુંડા હાલે મરશે. બીલકુલ સાચું છે અને મારે પણ તે કબુલ છે. હું ઇચ્છું છું કે તે ભાઇ સાધુ શબ્દનો અર્થ કોઇ તટસ્થ વિદ્વાન (પછી ભલે તે વિદ્વાન સાધુ હોય યા શ્રાવક) પાસેથી શાખી લે! તેવા ભાઇને મારો સભ્યતા પૂર્વક એ પણ જવાબ છે કે સાધુના વેશમાં રહી શેતાનીયત કાર્યો કરનાર પાખંડી શેતાનોને પોષનારાઓ અને સાચા સાધુઓની અવગણના કરનારાઓ તેથીયે વધારે ભુંડા હાલે મરશે એ સિદ્ધાંત તમારે કબુલ છે યા નહિ? સાચા ખોટાની પરીક્ષાજ તમોને કયાં છે? કથીરને કંચન માની બેઠેલાછો ગુણો જોયા કે વ્યાખ્યાન શૈલી? ગુણોમાં અંજાઓ તો આત્માનું કલ્યાણ કરી શકશો. વ્યાખ્યાન શૈલીમાં ન અંજાઓ તમારી આંખ ઉપર પડળ વળી ગયાં છે તે દુર કરો અને વાણી તરફ ન જોતાં વિચારો, વર્તન, ખટપટો, ઘમંડ ઇર્ષ્યા, માયા, પાખંડ આદીનું બારીક નિરીક્ષણ કરો. અંધશ્રદ્ધારૂપ કાળાશ દુર કરો અને બુદ્ધિનો ઉપયોગ કરો તો તમારી આંખો સામે સાચો પ્રકાશ જણાશે. અને તમોને માલુમ પડશે કે અમારી અજ્ઞાનતાનો અને અંધશ્રદ્ધાનો કેવો દુરપયોગ થઇ રહ્યો છે. અમોને છતી બુદ્ધિએ કેવા મુર્ખ અને પાગલ બનાવવામાં આવ્યા છે. પુર્વાચાર્યોએ પવિત્ર આગમો લખ્યાં પણ કોઇ મુનિરાજ કે મહાન્ ગીતાર્થ આચાર્યોએ પોતાના વ્યાખ્યાન છપાવવા છાપુ કઢાવ્યું કદી એ સાંભળ્યું છે? છતાં જૈન પ્રવચન છપાય છે તેની સામે તમે કદીયે પ્રશ્ન ઉઠાવ્યો છે? નજ ઉઠાવો, કારણ તેવો પ્રશ્ન ઉઠાવવામાં તમારી અંધશ્રદ્ધા આડે આવે છે. સો બસો વર્ષ પછી આજના જૈન પ્રવચનોને કોઇ પુસ્તક રૂપે છપાવી આગમ તરીકે મનાવશે તો તેનું શું પરિણામ આવશે તેનો વિચાર કરવાનું હું તમોનેજ સોંપું છું.

પુજ્ય મુનિ સંસ્થાની દીક્ષાની કે યાવત્ જૈન ધર્મની જો કોઇએ જાણ્યે અજાણ્યે નાલેસીહેલના કરાવી હોય તો તે આ ત્રીપુટી મુનિરાજોજ છે એવું મારૂં મન્તવ્ય છે. એટલુંજ નહિ પરંતુ તેમની અયોગ્ય પ્રવૃત્તિ અને ધતિંગોથી ભવિષ્યમાં પણ જૈનો ધર્મથી વિમુખ થવાનો સંભવ હોવાથી આ ત્રીપુટી જૈન શાસનની ગેરસેવા કરી રહી છે. એ વાત તેઓ સમજે અને પોતાની પ્રવૃત્તિમાં ઘટતો સુધારો કરે એમાં જૈન ધર્મને જૈન સમાજને અને સાધુ સંસ્થાને બધાને લાભ છે.

છેવટે રાધનપુરની જૈન જનતાને મારે જણાવવુ જોઇએ કે સાધુનાં વેશમાં રહેલ કલેશ અને કંકાશની મૂર્તિ તમારા આંગણે આવે છે સવિ જીવ કરૂં શાસન રસીનો સિદ્ધાંત દેખાવમાં રાખીને સવિ જીવ કરૂં કલેશ રસીના કાર્યો કરનાર મુની તમારા આંગણે આવે છે. સુંદર વ્યાખ્યાન શૈલીના જોરે તમોને તે આડે રસ્તે દોરે એનો સંભવ છે. માટે હું લલ બત્તી ધરૂં છું અને તમોને એક સ્વામીભાઇ તરીકે ચેતાવું છું કે તમોને મૂર્ખ બનાવે તો મૂર્ખ બનવાની ના કહેજો તમોજ શાસન પ્રેમી એમ કહી રાધનપુરમાં રહેતા અન્ય માણસોને હાડકાનો માળો કહી તમોને આપસ આપસ લડાવે તો ચેતી જજો અને લડવાની ના કહેજો શાણા અને સુજ્ઞ બની બુદ્ધિનો ઉપયોગ કરજો અને દુનીઆને દેખાડી આપજો કે ડહી અને શાણી રાધનપુરની જૈન વસ્તી રામવિજયના પંજામાં ન ફસાઇ. ભાઇ ભાઇઓમાં લડવું, આથડવું, મારામારી કરવી અને તે પણ ધર્મના પવિત્ર નામે એ સુજ્ઞ માણસનું નહિ પણ પાગલોનું કામ છે. છેવટ ફરી પ્રેમથી વિનવું છું કે રાધનપુરના જૈનો! સાવધાન!

પરમાત્મા સૌને સદ્બુદ્ધિ બક્ષે!

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ૮ | છુટક નકલ : |
| અંક ૨૩ મો. | તા૦ ૮-૬-૩૧ | ૦ાા આનો. |

## ગોડીજીના દેરાસરના ટ્રસ્ટીઓનો જવાબ.

મુંબઇ, તા૦ ૧૧ મી માર્ચ ૧૯૧૧.

મેસર્સ એન સી. દલાલ એન્ડ કું૦ જોગ

મેસર્સ ઝવેરી એલ. મંછુભાઇ સવાઇચંદ અને બીજાઓ વકીલો.

વ્હાલા સાહેબો,

તમારા ગયા મહીનાની તા. ૨૬ મીના પત્રના સંબંધમાં અમારા અસીલો મેસર્સ મોહનલાલ હેમચંદ, નેમચંદ અભેચંદ, રતનચંદ તલકચંદ, કસ્તુરચંદ નાનચંદ, મોતીચંદ જી. કાપડીઆ, હીમ્તભાઇ ન્હાલચંદ અને મણિલાલ મોતીલાલને અમે મળ્યા છીએ અને તેમના તરફથી અમને નીચે મુજબ જવાબ આપવાની સુચના કરવામાં આવી છે.

આ ચેરીટીની સ્થાપનાના ૧૫૦ ઉપરાંત વર્ષોથી થયેલ હોવા છતાં આ ચેરીટીનું ટ્રસ્ટડીડ હજુ સુધી કરવામાં આવ્યું નથી એમ તમે કહો છો તે તદન બરોબર છે. અમે જણાવીએ છીએ કે જ્યારે આ ચેરીટી અસ્તિત્વમાં આવી ત્યારે ટ્રસ્ટડીડ કરવાનો જરા પણ વિચાર હતો નહિ અને આવી ચેરીટીઓમાં કોઇ ટ્રસ્ટડીડ કરવામાં આવ્યું નથી.

એમ છતાં પણ આખરે વિશેષમાં એ પણ જણાવવું જોઇએ કે આ ચેરીટીઓની વ્યવસ્થા ટ્રસ્ટડીડના ધોરણેજ કરવામાં આવે છે, બધા હિસાબ રીતસર રાખવામાં આવે છે; અને ચેરીટીની બધી મીલ્કતનું રોકાણ સ્થાવર મીલ્કતમાં અથવા તો સમથી સીક્યુરીટીમાં અથવા તો સેનુ યા ચાંદીમાં અથવા તો બેંકોમાં ફીકસ્ડ ડીપોઝીટમાં કરવામાં આવે છે, અને દર વર્ષે કુલ હીસાબ 'વિજય દેવસુર સંઘ'ની મીટીંગ સમક્ષ રજુ કરવામાં આવે છે. વિશેષમાં અમે એ પણ જણાવીએ કે અમારા અસીલો રીતસરની યોજના તૈયાર કરવાનો અને તે કાયદેસર ગણાય તેવા યોગ્ય પગલાં લેવાનો વીચાર કરી રહ્યા છે.

અમે તમને જણાવીએ છીએ કે ટ્રસ્ટી મંડળની તેમજ સમસ્ત સંઘની સભાઓના બધા અહેવાલ રીતસર રાખવામાં આવે છે. અમને ટ્રસ્ટડીટ કરવાની બીલકુલ જરૂર લાગતી નથી. પણ ઉપર જણાવ્યા મુજબ ટ્રસ્ટડીડના સર્વતત્વો આવી જાય તેવી એક યોજના કરવાની છે. આ ઉપરથી તમે અમારી સાથે સંમત થશો કે રીતસરનું ટ્રસ્ટડીડ કરવાની ખાસ જરૂરીઆત નથી. મજકુર ચેરીટીના હીસાબો છપાવવા અને પ્રગટ કરવા સંબંધમાં તમે જણાવો છો કે મજકુર હીસાબો છપાતા નથી તે વાત તદન સત્ય છે પણ હીસાબો રીતસર અને નીયમીત રાખવામાં આવે છે અને દર વર્ષે સમસ્ત સંઘની સભા સમક્ષ રજુ કરવામાં આવે છે અને આ ચેરીટીમાં હીત ધરાવનારા કોઇ પણ પક્ષ તરફથી પુછાતા પ્રશ્નોનો બરોબર ખુલાસો કરવામાં આવે છે અને હજુસુધી ચેરીટીના વહીવટની વ્યવસ્થા તેમજ પ્રમાણીકપણા વિષે કોઇએ કદી પણ શંકા ઉઠાવી નથી. સંઘની સભામાં હીસાબ રજુ કરવામાં આવે છે ત્યારે સંઘના સભ્યોને પુરતી તપાસ કરવાનો કે સવાલો પુછવાનો પુરતો અવકાશ મળતો નથી એ પ્રમાણેના તમારા અભીપ્રાય માટે અમે મળતા થતા નથી ખરી રીતે અત્યાર સુધીમાં અમારા અસીલોએ આ સબંધમાં કોઇપણ જાતની ફરીયાદ સાંભળી નથી. સમસ્ત સંઘની સભા મળે ત્યારે તેની સમક્ષ હીસાબ છપાવવાને લગતી બાબત રજુ કરવા સામે અમારા અસીલો ને કોઇપણ જાતનો વાંધો નથી અને જો સંઘ અમારા અસીલોને કોઇ હુકમ કરશે યા સુચનાઓ આપશે તો તેઓને તે મુજબ અક્ષર સહ અમલ કરવાને કોઇ જાતનો વાંધો રહેશે નહિ.

વહીવટની ગેરવ્યવસ્થા સંબંધમાં અથવા તો વહીવટદારોની ગલતીઓ સંબંધમાં તમારા અસીલોએ કરેલો આક્ષેપ બહુ ગોળ ગોળ ભાષામાં હોઇને તેનો કાંઇપણ જવાબ આપી શકાય નહિ અમે ઇચ્છીએ છીએ કે અમારા અસીલોને જવાબ આપવાની બરોબર તક મળે એટલા માટે ગેરવહીવટ કે ગલતીઓ સબંધમાં તમારા પત્રમાં વધારે ચોક્કસ હકીકતો રજુ થવી જોઇતી હતી અત્યારે તો તમારા અસીલે કરેલા આક્ષેપોનો સદંતર ઇન્કાર કરે છે એટલોજ ઉત્તર બસ છે.

અમારા અસીલોએ પન્યાશ રામવિજયજીના અમુક શિષ્યોને આ ચેરીટીના મકાનમાં આવવાના અને રહેવાની રજા આપી છે તે પ્રકારની તમારી ખબર સાચી નથી આ બાબતની વધારે વિગતવાર તપાસ કરતાં અમને માલુમ પડે છે કે ટ્રસ્ટી મંડળે અથવા તો કોઇપણ ટ્રસ્ટીએ તે શિષ્યોને તેવી રજા આપી નથી અને અમને એમ કહેવામાં આવ્યું છે કે આ પ્રમાણેની તમારી ખબર સાચી નથી. માત્ર એક ટ્રસ્ટી મુંબઇથી દુર હોઇને તેની પાસેની માહીતી અમે મેળવી શકયા નથી પણ અમને ખાત્રી છે કે આવી રજા આપવાની જવાબદારી કોઇ પણ ટ્રસ્ટી લે નહિ. અમે એ પણ તમને જણાવીએ કે આ સંબંધમાં કોઇ પણ જાતનો ઠરાવ કરવામાં આવ્યો નથી. ભીન્ન ભીન્ન પક્ષો તરફથી પરસ્પર વિરોધી અરજીઓની નોંધ લેવામાં આવી છે અને ટ્રસ્ટી મંડળે એક સંસ્થા તરીકે કોઇપણ બાજુનો પક્ષ લીધો નથી અને અમે આશા રાખીએ છીએ કે આ હકીકતથી તમારો અસીલોને બોર્ડ ટ્રસ્ટી મંડળના પક્ષ સંબંધી પૂરતો સંતોષ થશે.

વધુ માટે જુઓ પાનું ૪ થુ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# યુવાનો કે જરીપુરાણા બુઢા બાવાઓનું મંડળ.?

## શાસન સેવા કે ચેલાઓની ફેકટરી-ભસ્મગ્રહ પુછડું પછાડે છે?

### સોસાયટી સંમેલનના સ્વાગતના ભાષણની આછી સમાલોચના.

સારા સૌરાષ્ટ્રમાંથી પોતાના પનોતા (?) પગલાંના પ્રભાવે વિદાયગીરીનું માન મેળવી ચુકેલા અને ત્યાર બાદ અમદાવાદમાં ભરાયેલા પેલા કહેવાતા ધી ઓલ ઇન્ડીયા (?) યંગ મેન્સ(?) જૈન સોસાયટી સંમેલનનું અધિવેશન ભરાઇ ગયું. સ્વાગતાધ્યક્ષ અને પ્રમુખના ભાષણો વંચાઇ ગયા. સોસાયટીની ગત વર્ષની કાર્યવાહીથી વાકેફગાર વ્યકિતઓને એ ભાષણો અને કાર્યવાહી છેકજ નિરસ અને નિરાશાજનક (જેણે આશા રાખી હોય તેને) લાગ્યાં. ભાષણમાં શ્થાને સ્થાને મેમ્બરોની દિવ્ય કારકિર્દીની ભવ્ય આત્મપ્રશંસા ગવાઇ તેમના મુમુક્ષાપણાના, સાક્ષરતાના અને સર્વ જીવ ઉપરના પરોપકારિપણાના અમાપ બણગાં ફુંકાયા. જે સંસ્થાએ છેલ્લા ચાર વર્ષમાં ચાર ડઝન સાધુઓ બનાવ્યા અને સાડા ત્રણ ડઝનને પાછાં ઘર ભેગાં કર્યા-એમાંજ એના કાર્યની ઇતિશ્રી થઇ જાય છે. એ સંસ્થામાં નથી સકલ હિન્દના સમસ્ત યુવાનોનું પ્રતિનિધિત્વ કે નથી તેમાં યુવાનોની હાજરી કેવળ ધર્માન્ધ, અજ્ઞાન અને જીલબ્બેવાળાઓનું જરીપુરાણું મંડળ-જેમાં સમાજના કોઇ પણ કાર્ય કરવાની ધગશ, ઉત્સાહ કે જોમ વિદ્યમાન નથી, જેને વૃદ્ધાવસ્થાનો શિથિલ અને પ્રાણનાશક ઝેરી પવન લાગેલો છે, જે વૃદ્ધ અને અશકત હોઇ બીજાની લાકડીએ દોરવાઇ રહી છે, જે ટુંકમાં કહીયે તો અમુક સાધુની અનિષ્ટ અને શાસન વિઘાતક આકાંક્ષાઓને પોષવા તેનુ દલાલ મંડળ બની ચેલાઓ પૂરા પાડવાની ફેકટરીરૂપ બની રહી છે. જે આવા શાસન-નાશક સાધુઓને ખુશ રાખવા જૈન સંસારમાં ભયંકર દાવાનળ સળગાવી રહી છે. જૈન સમાજમાં પક્ષાપક્ષીનું ભયંકર ઝંઝવાત ઉભું કરી ધર્મના નામે અધર્મનો ફેલાવો કરી રહી છે, એવા અસત્ય નામધારી મંડળના ગત વર્ષની કાર્યવાહી તપાસતાં માલુમ પડે છે કે તેણે સ્થાને સ્થાને સારા હિન્દમાં ગાલીપ્રદાનો, ઝઘડાઓ, પક્ષા પક્ષીઓ અને સંક્ષેપમાં સમાજ અને ધર્મના અધઃપતનનું જબ્બરમાં જબ્બર પ્રચાર કાર્ય કરેલુ છે. આ ચાર વર્ષ પહેલાં સમાજ પોતાની પ્રાચીન ઉન્નત સ્થિતિ ઉપર નહોતો એ વાત ખરી, તેને પુર્વની જાહેજલાલી પ્રાપ્ત થયેલી નહોતી એ વાત પણ સાચી છતાં સમાજમાં એક સંપી હતી, આંતર વિગ્રહ ન હોતાં અને ભાઇ ભાઇઓ વચ્ચે કલહ અને વૈમનસ્ય નહોતાં. પરંતુ જ્યારથી ખાસ કરીને રામવિજય અને એવા અન્ય સાધુઓએ યેનકેન પ્રકારેણ પોતાની ટોળકી વધારવાની ઘેલછા અને સ્વચ્છંદ વૃત્તિ ધારણ કરી અને શાસનનો નાશ કરવા આવી સોસાયટીઓ જમાવી ત્યારથી સમાજ અને ધર્મના મૃત્યુઘંટના ડંકા વાગી રહયા છે. જૈનેતરોમાં પ્રતિષ્ટાની હાનિ અને નિન્દા થવા લાગ્યા છે. અને સમાજના સાચા કાર્યકરોને ઉતારી પાડી સમાજની પ્રગતિનું કાર્ય વેડફી નાંખી સમાજને અધોગતિની ગર્તામાં ધકેલવા માંડયો છે. ભવિષ્યમાં સમાજ અને ધર્મનો જો નાશ ઉપસ્થિત થશે તો તે આવા ક્ષુલ્લક, સ્વાર્થપટુ અને અહંભાવી સાધુઓ અને તેના એજન્ટોથીજ થશે એમાં રજમાત્ર શંકાને સ્થાન નથી.

સ્વાગત મંડળના પ્રમુખે ઘણું ટુંકામાં પતાવ્યું છે. ઉદ્દેશો બતાવવા છે કાંઇ અને કાર્ય કરવાં છે કાંઇ શાસ્ત્રોમાં શ્રદ્ધા અને તીર્થ રક્ષાનો ઉદ્દેશ જે સર્વ જૈનોને માન્ય હોઇ શકે તેના ઓઠા નીચે ચેલાવર્ધક ફેકટરી ચલાવવી અને સમાજની ઉન્નતિના કાર્યો કરનારાને ભાંડવા આ કઇ જાતની મનોદશા? શ્રી મહાવીર સ્વામીએ અવસર્પિણી કાલ સંબંધી ભવિષ્ય ભાખેલુ તે શું ખરૂં પડતું જાય છે? અથવા તો આ બધું ભસ્મગ્રહના પૂંછડાનું જોર છે?

તેમની ગત વર્ષની કાર્યવાહીની નોંધ તરફ દ્રષ્ટિપાત કરતા મુખ્યતઃ જણાશે કે તેમણે વડોદરાની ધારાસભામાં આવેલા અયોગ્ય દીક્ષા પ્રતિબંધના ખરડા સંબંધમાં એક નિવેદન તૈયાર કરેલું, ભારતવર્ષના એકસો ગામોમાં પૂજા ભણાવી, આંગીઓ રચાવી અને ત્યાંના શ્રાવકસમુદાયને તે વાંચી સંભળાવી (જાણે કે તેમની હયાતી ન હોત ભગવાનની પૂજા કોણ ભણાવત? આંગીઓ અદ્દશ્ય થાત!) પોરબંદરની સાધ્વી બાબતમાં અયોગ્ય દીક્ષાનું સમર્થન કરી કલહ વધાર્યો; સાધ્વીઓ અને સાધુઓના કેસો લડયા (સમાજના નાણાં યોગ્ય રસ્તે વેડફયાં!) કોઇ અન્ય સંસ્થાએ ખોલેલ જૈન સાહિત્ય પ્રદર્શનમાં પોતાની જાહેરાત કરવા ત્રણ ચિત્રો મુકીને સાહિત્ય પદર્શનને સફળ (કે વિફલ?) બનાવ્યું અને છેવટે સમાજને અવળે માર્ગે દોરી દીક્ષાનો ડંકો (?) વગડાવવાની ઉદ્દઘોષણા કરી.

છે આમાં કોઇ પણ ઠેકાણે તીર્થની ઉદ્ધારણાનો પ્રશ્ન છણ્યો? જ્ઞાનપ્રસારની વાત ચર્ચાઇ? સમાજ અને ધર્મની સુધારણાના તેને પરમોન્નતિના શિખરે લઇ જવાના જવલંત દિશા સૂચનો થયાં કે દ્રષ્ટિબિંદુઓ રજુ થયાં? આ સર્વ ધાંધલને બદલે ગતવર્ષમાં આપણે અડતાલીસ ચેલા મુંડયા, આ વર્ષે આપણે અઠ્ઠાવનની સંખ્યાએ પહોંચવુંજ જોઇએ અને આપણા રસ્તામાં વિઘ્ન કરે તેને હરકોઇ પ્રયત્ને દાબી દેવા-એટલીજ વાત કરીને વિખેરાયા હોત તો જરૂર સમાજને સત્ય વસ્તુસ્થિતિનું દિગ્દર્શન થાત, અને સંસ્થાનું પ્રમાણિકપણું સાબિત થાત. તેને બદલે પરસ્પરમ્ પ્રસ્તુવન્તિ અહોરૂપમ્ અહો ધ્વનિઃનો મુદ્દો રજુ કરીને છુટા પડયા તેમના ઉદગારો તો શ્રવણ કરો—"છેલ્લા ચાર વર્ષમાં અહોરાત્રિ (એક મિનિટ પણ ઉંઘ આવી નથી?) શાસનની સેવા (?) કરી શાસન સેવક (?) સંસ્થાનું બિરૂદ મેળવી ચુકેલી (તેમની ફોઇએ આપેલું) તેની શાસનસેવા જગજાહેર છે. (અરે વિશ્વની બહાર ફેલાતી જાય છે) આપણે બધાએ શાસન સેવાની મંત્રણાઓ કરી શાસનના પ્રત્યેક અંગની સેવાની યોજનાઓ ઘડી કાઢી તેનો યથાશકિત અમલ કર્યો છે તે આપણે સારી રીતે જાણીયે છીએ. (સ્વપ્નું આવ્યું હશે!) આ શબ્દોમાં કેટલી બધી આત્મ પ્રશંસા છે અને સત્યથી વેગળી બીનાઓ રજુ થઇ છે?

ભાષણનો એક તૃતીયાંશ ભાગ આવી આત્મપ્રશંસા અને વાહિયાત ઉદ્દેશોની ગણનામાં પૂરો થાય છે. બીજો તૃતીયાંશ અમદાવાદની પ્રાચીન જાહોજલાલીના વર્ણનમાં રોકાય છે અને બાકીનો તૃતીયાંશ પોતાના સ્વધર્મી બન્ધુઓને ગાલી પ્રદાનમાં અને ગાડા તળેના કુતરાની માફક સોસાયટીને માથે ઝઝુમતી ભારે જવાબદારીની ગણત્રીમાં ખલાસ થાય છે.

તેમના વચનામૃતો કેવા અસત્ય આક્ષેપોથી અને અહંભાવથી ભરપુર છે તેતો નિહાળો. 'જૈન શ્રતની સામે બેસુરા અવાજો નીકળી રહ્યા છે, શાસ્ત્રોની સામે બંડ ઉઠાવવાની પ્રવૃત્તિઓ આદરી કુવામાં પડી પોતાનો વિનાશ કરાઇ રહ્યો છે. મુમુક્ષુ આત્માઓના આત્મવિશુદ્ધિના એ માર્ગમાં પાંચ પ્રમાદને વશ થયેલા, તત્ત્વની અજાણ જૈન કુટુમ્બમાં જન્મ લેવાથી પોતાનાંમાં જૈનત્વની ગંધ ન હોવા છતાં જૈનત્વ છે એમ માનનાર તથા અઢારે પાપ સ્થાનક સેવતા કેટલાક અજ્ઞાની આત્માઓ વિઘ્નો નાંખવા અગર અંકુશ મૂકવા તૈયાર થયા છે." આવા વાહિયાત અને બેશરમ વચનો પ્રમુખના મોઢામાં શોભે છે? આ શબ્દોથી એવો ભાસ થાય છે કે પ્રમુખ સાહેબ અને તેમની આ ટોળકી તદન અપ્રમત્ત દશામાં છે, તત્વની સંપૂર્ણ પણે જાણકાર છે તેમના હાડેહાડમાં જૈનત્વ ઠાંસી ઠાંસીને ભરેલું છે, એક પણ પાપ સ્થાનકથી દૂર નાસનારા છે, જ્ઞાનથી પરિપૂર્ણ છે. ટુંકમાં તેઓ સિદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ કેવળી આત્માઓ છે. શી ધૃષ્ટતા! શો નર્યો દંભ! આ ટોળકીના પામર જનો તદન દયાને પાત્ર છે, કારણકે તેઓ કયી શદીમાં વસે છે તેનું તેમને ભાન નથી. ઘુવડની દ્રષ્ટિએ સર્વત્ર રાત્રી અને અંધકારજ છે. પ્રભુ! પ્રભુ! અમારા આ મુમુક્ષુ બંધુઓથી અમને બચાવો!

તેમના ભાષણમાં ડગલે ડગલે સુધારકો અને બુધ્ધિમાનો તરફના ડરનું પ્રદર્શન થાય છે. "સાસન સામે ઝેરી પ્રચાર થઇ રહ્યો છે. આક્રમણો થઇ રહ્યાં છે, સાસનની હેલના થઇ રહી છે. તેનો પ્રતિકાર હે મહાનુભાવો! મને બતાવો"—આમ જણાતી અંતમાં સોસાયટીના લાગતા વળગતાઓને તેમણે જે અમુલ્ય ઉપદેશ આપ્યો છે તે જરૂર સોસાયટીના સભ્યોએ અમલમાં મૂકવા જેવો છે—"જૈનધર્મના નામે કોઇ પોતાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા ન રાખે, મનગમતી રીતે મ્હાલવા અગર સ્વચ્છંદને પોષવા શાસ્ત્ર વિરૂધ મનગમતી પ્રવૃત્તિઓ ન આદરે, વાણીના વિલાસથી સરલ પ્રકૃતિના મનુષ્યોને આંજી દઇ તેમના જીવનને શ્રાવકકુળ હરાવી દેવાની પેરવીઓ ન કરે" વગેરે સોસાયટીના લાગતા વળગતાઓ અને તેમના માની લીધેલા સંધુઓ આટલુ અમલમાં મૂકે—એટલે અયોગ્ય દીક્ષાનો પ્રચાર કરીને પોતાની ગાડર—જમાત વધારવાનો સ્વાર્થ સાધવાની ઇચ્છા ત્યાગે, મનગમતી રીતે મ્હાલવા, શાસ્ત્રોને ઉંચા મુકી પુસ્તકના આશ્રય વગર યદ્વા તદ્વા બકવાટ કરવાનું છોડી દે, વાણીના વિલાસથી બિચારા ભોળાં ભૂલકાંઓને—અજ્ઞાન જૈનોને આંજી અવળે રસ્તે ચઢાવવાનું બંધ કરે, શ્રાવક ધર્મમાં દ્રઢ કરી તેમનો વિનાશ કરાવી તેમનો ભવ હરાવી દેવાની પેરવીઓ ન કરે તો અવસ્ય પ્રમુખના વચન પ્રમાણે સાસનનો વિજય વાવટો ફરકે સોસાયટીના બન્ધુઓ! કાંઇ વિચારશોકે? તમારા પ્રમુખના વચનો માન્ય કરશોકે? સમાજ અને ધર્મમાં તમારા કલહો ઘુસડતા બધ થશો કે? અને આ મહિત તેમજ પરહિત સાધશો કે?—લેકિન વો દિન કહાં કે મીયાંકા પાંવમેં જુ"—કભી ભી નહિ ૐ શાન્તિઃ! શાન્તિઃ!

# રામવિજય સામે વિરોધના ઠરાવો.

—(૦)—

અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા. ૨૫-૫-૩૧ ને સોમવારના રોજ ઝવેરી મુળચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી જેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા:

(૧) અમદાવાદ જૈન યુથ લીગના માજીમંત્રી શ્રી શાન્તીલાલ સોમચંદ શાહનું અવસાન થયું છે. તે બદલ આ સંસ્થાની કા. વા. સમિતિ ખેદ દર્શાવે છે અને તેમના આત્માને શાંતિ મળો તેમ ઇચ્છે છે સાથે તેમના કુટુંબની દીલગીરીમાં દીલસોજી ભર્યો ભાગ લે છે.

(૨) મુનિ રામવિજયના પાટણમાં પ્રવેશ સમયે ત્યાંના શ્રી સંઘે પોતાના મોભા અને પ્રભુત્વની રક્ષા માટે જે પ્રયત્નો કર્યાં તે બદલ તેમજ તે પ્રસંગે ધર્મીઓની હિંસક પ્રભાવનાને વધાવી લીધી તે બદલ ત્યાના શ્રી સંઘને મુબારકબાદી આપે છે અને જણાવે છે કે વડોદરા રાજ્યમાં ધોળે દિવસે આવા બનાવ બને તેની રાજ્ય ખબર ન લ્યે તો સુલેહ અને શાન્તિ જાળવાનો દાવો કરનાર કોઇપણ સરકાર પોતાની સત્તા અસ્તિત્વમાં છે એમ પ્રજા માની શકે નહિ. તેથી રાજ્યના અમલદારો આ બનાવની તપાસ કરે અને યોગ્ય ગુન્હેગારને તે બદલ યોગ્ય નસ્યત કરે.

શ્રી ભાવનગર વિજયધર્મ પ્રકાશક સભાની તા. ૩૧-૫-૩૧ રવીવારના રોજ મળેલી જનરલ મીટીંગે નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

## ઠરાવ.

પાટણમાં મુનીશ્રી રામવિજયજીના પ્રવેશ સમયે તેમના આગમન સામે શાંત અવરોધ દર્શાવનાર જાહેર જનતા ઉપર ચાલેલા લાઠી પ્રહાર સામે આજરોજ તા: ૩૧-૫-૩૧ ના રોજ મળેલી શ્રી વિજયધર્મ પ્રકાશક સભાની જનરલ મીટીંગ પોતાનો સખ્ત વિરોધ જાહેર કરે છે. અને દઢતા પૂર્વક માને છે કે મુનીશ્રી રામવિજયજીને પાટણના જૈન સંઘનું આમંત્રણ નહી હોવા ઉપરાંત મોટા ભાગનો વિરોધ છતાં પાટણમાં તેમનો પ્રવેશ થવાથી ઉપરનું ખેદજનક પરીણામ બનવા પામ્યું છે. માટે મુનીશ્રીને વિનંતી કરે છે કે તેઓ પોતાની અયોગ્ય પ્રવૃત્તિમાં સુધારો કરે.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઇ મગનભાઇ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોક્ત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મુર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીયા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.

## શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ સંબંધી વકતવ્ય.

ઉપર્યુકત ફંડ સંબંધી યોજના થોડા દિવસ અગાઉ પ્રસિદ્ધ થઈ છે. તેના સંબંધે ઉહાપોહ કરતાં જે વિચારો અમોને ઉદભવ્યા છે તે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની જનરલ કમીટીની જાણ અને યોગ્ય અમલ માટે રજુ કરીએ છીએ.

આવા સમયમાં ઉચ્ચ ધાર્મિક કેળવણી સંબંધી યોજના માટે રૂા. ૩૦૦૦૦) જેવી નાદર રકમ શ્રી વિદ્યાલયના કાર્યવાહકો સમક્ષ ધરવા માટે શ્રીયુત શેઠ મેઘજી સોજપાળને અમો અંતઃકરણ પૂર્વક ધન્યવાદ આપીયે છીએ. આવી ઉત્તમ દાનવૃત્તિનું અનુકરણ બીજા શ્રીમંતો કરે તો ધાર્મિક કેળવણીના પ્રશ્નો સહેલથી નિકાલ થઇ જાય હવે યોજના સંબંધી વિચાર કરીયે:—

યોજનાના ઉદ્દેશોનો વિચાર કરતાં એમ ચોકકસ જણાય છે. કે રૂા ૩૦૦૦૦) નું ફંડ આવા ઉદ્દેશોનો અમલ કરાવવાને ઘણું નાનું થઇ પડશે. કારણ માત્ર ન્યાય તીર્થની પરીક્ષાઓ માટેજ વર્ગો કાઢવામાં આવે તોએ અને ધર્મિક શિક્ષકનો પગાર પણ ન ગણીએ તોએ માત્ર ૧૦) વિદ્યાર્થીઓને માસિક ૨૫) લેખેની સ્કોલરશીપો આપી શકાય તેમ છે. એટલે એકજ વર્ષમાં દશ વિદ્યાર્થીઓથી પ્રથમાનો વર્ગ શરૂ થાય તો પણ બીજા વરસમાં પ્રથમાના પછીના દાખલ થતા વિદ્યાર્થીઓ માટે વૃત્તિ આપવાનું બની ન શકે કારણ બધી વૃત્તિઓ દ્વિતીય કક્ષામાં આવેલા વિદ્યાર્થીઓમાંજ ખલાસ થઇ જવા પામે એ સંભવિત છે. આવી સ્થિતિ હોવાને લઇને બીજી પરીક્ષાઓ માટે યાતો અર્ધ માગધીન અભ્યાસ માટે પ્રબંધ થવો અમેને અશકયવત્ લાગે છે.

આ યોજના સ્વીકારી લેતાં વિદ્યાલયની કાર્યવાહક સમિતિએ પૂખ્ત પુર્ણ વિચાર કર્યો નથી એમ અમારૂં નમ્ર મંતવ્ય છે તે નીચેની બાબતો ઉપરથી સૌ કોઇને સ્પષ્ટ સમજાઇ જશે.

પ્રથમ તો ઉપર્યુકત યોજના અત્યારના વિદ્યાલયના બંધારણ નીચેની બાબતોમાં વિરોધ કરે છે.

૧. યોજનાનો લાભ લેતો વિદ્યાર્થી પોતાના અંગત ઉપયોગ માટે વિદ્યાર્થી વૃત્તિ લઇ શકશે અને તે વિદ્યાલયના દેવા પેટે તે પૈકી કંઇ રકમ લઇ શકશે નહિ. જ્યારે ચાલુ બંધારણમાં વિદ્યાર્થી ને કયાંયથીયે વૃત્તિ લેવાની મનાઇ કરવામાં આવે છે અને તેવી વૃત્તિ લેનાર, ઇચ્છનાર વિદ્યાર્થી ઉપર ચાંપતી દેખરેખ રખાય છે.

૨ અત્યાર સુધી ઉચ્ચ વ્યવહારીક કેળવણી લેવા ઇચ્છતા મેટ્રીક ધોરણ પાસ થએલા વિદ્યાર્થીનેજ વિદ્યાલયમાં સ્થાન હતું જ્યારે આ યોજનાની કેવળ ગુજરાતી ભણેલા વિદ્યાર્થીને માટે આ યોજના માટે વિદ્યાલયમાંજ સ્થાન રહેશે; આ બે જુદી જુદી કક્ષાઓના વિદ્યાર્થીઓને એક સંસ્થાના આશ્રય તળે લાવવાથી શું પરિણામ આવશે તેનો ગંભીર પુર્ણ વિચાર થવો ઘટે છે બન્નેની રહેણીકરણીના તફાવતનો પણ વિચાર કરવો ઘટે છે આવા નાના વિદ્યાર્થીઓ વિદ્યાલયમાં દાખલ કરવાથી સુપ્રીન્ટેન્ડન્ટની જવાબદારી પણ ઘણી વધુ થઇ પડશે તે તો નિર્વિવાદ છે. બંધારણમાં કયા વિદ્યાર્થી અને કઇ વયે દાખલ થઇ શકે તેનો ફેરફાર કરવો પડશે તે પણ ચોકકસ વાત છે.

૩ અત્યાર સુધી વિદ્યાર્થીઓ માટે ધાર્મિક વર્ગમાં હાજરી આપવી તે અવશ્યજ હતું અને તે માટે ઘણોજ ભાર મુકવામાં આવેલો છે. જ્યારે આ યોજનના વિદ્યાર્થીઓને તે અભ્યાસ કરવાની આવશ્યકતા ન હોય તે લઇને અમુક વિદ્યાર્થીઓ માટે ધાર્મિક વર્ગો અને બીજા માટે નહીં એવી સ્થિતિ થવાનીજ.

યોજનામાં સ્ત્રી વિદ્યાર્થીનીને દાખલ કરવા માટે કમિટીને આધીન રહીને નિર્ણય થઇ શકે તેમ છે તેને દાખલ કરવામાં આવે તો તેના માટે શો પ્રબંધ થઇ શકે તેમ છે તેનો વિચાર કરવા યોગ્ય છે લી૦ બે બંધુઓ.

( અપૂર્ણ. )

## એક વધુ સાધુ સંસારી.

**મુનિશ્રી હીરવિજયજી જેમણે રામવિજયજી પાસે સુરત મુકામે દિક્ષા લીધી હતી તેણે સાધુ વેશ છોડયો છે. તેઓ મારવાડમાં ગામ બીજેવાના રહીશ હતા ને મૂળનામ હિમતમલજી હતું અયોગ્ય દિક્ષાના હિમાયતીઓ હજી પણ નહિ વિચારે.**

૧ લા પાનાથી ચાલુ.

તમે જણાવો છો કે ટ્રસ્ટી મંડળમાં એક નાદાર ટ્રસ્ટીને રાખવમાં આવ્યો છે. એ બાબતમાં અમે તમને જણાવીએ છીએ કે એ ટ્રસ્ટીએ તેની જગ્યા ઉપરથી નાદાર થયા પહેલાં રાજીનામું આપેલું હતું અને એની નાદારીમાંથી એને છુટકો મળ્યા બાદ તેની ટ્રસ્ટી તરીકે ફરી નીમણુંક કરવામાં આવી છે. અને એટલું સ્પષ્ટ છે કે નાદારીને લીધે કોઇપણ ટ્રસ્ટી ફરીવાર ચુંટવવાની નાલાયકાત ધરાવતો નથી.

તમારા પત્રના છેલ્લાથી આગળના પેરેગ્રાફના ઉત્તરમાં જણાવવાનું કે સુલેહ શાન્તિનો કોઈપણ રીતે ભંગ ન થાય તેવી સંભાળ રાખવા માટે અમારા અસીલો બને તેટલી કોશીષ કરી રહ્યા છે અને ટ્રસ્ટી તરીકે અને તેમજ જૈન તરીકે તેમની જે ફરજ છે તે અનુસાર આવા શાન્તિના ભંગને અટકાવવાને બનતો પ્રયત્ન સેવી રહ્યા છે અને સૌને સંતોષ થાય તે પ્રમાણે આખી પરીસ્થીતીનો નીવેડો લાવવાની ઉમેદ રાખે છે.

અમારા અસીલોની આ બાબતની સાચી નિષ્ટા અને કોઇપણ શંકા ન ઉઠાવી શકે તેવી તટસ્થતા સંબધમાં અમે તમને ખાત્રી આપીએ છીએ.

આમ છતાં પણ તમારા અસીલો બીજા વધારે પગલાં લેવાનો કે એડવોકેટ જનરલ સમક્ષ આ બાબત રજુ કરવાનો ઇરાદો રાખતા હોય તો આ પત્ર તેને વંચાવવાની અને તમારા પત્રમાં કરેલી સુચનાઓ અને આક્ષેપો સંબધમાં ખુલાસો કરવાની અમારા અસીલોને તક આપવાની અમે વિનંતી કરીએ છીએ. અમારા અસીલો એડવોકેટ જનરલ સમક્ષ બધી હકીકતો રજુ કરવાને બહુ ખુશી છે.

તમારા વિશ્વાસુ

સહી મોતીચંદ એન્ડ દેવીદાસ.

# ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયા

આ સંસ્થાનો સં. ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીનો પાંચ વર્ષનો અહેવાલ અમોને મળ્યો છે. મજકુર અહેવાલ તેની તા. ૧૮-૧૧-૩૦ ને દિને મળેલી વાર્ષિક જનરલ સભામાં રજુ થયા પછી હમણાંજ પ્રસિધ્ધ પામ્યો છે.

સં. ૧૯૩૮ માં સ્થપાએલી આ સંસ્થાને હાલ ૪૯ મું વર્ષ ચાલે છે. આવતે વર્ષે તેને અડધી સદી પુરી થશે અને તેનો સુવર્ણ મહોત્સવ ઉજવવાનો પ્રસંગ આવશે આશા છે કે આ જુનામાં જુની અને અનેક વખતે જૈન સમાજની પ્રતિનિધિ સંસ્થા તરીકે કાર્યો કરવાની પ્રતિષ્ઠા પામેલી સંસ્થાનો આવો આનંદદાયક મહોત્સવ તેને છાજે તેવી રીતે ઉજવવામાં આવશે.

જૈન સમાજમાં ત્રણ મહાસંસ્થા છે. (૧) શ્રી જૈનશ્વેતાંબર કોન્ફરન્સ, (૨) શેઠ આણંદજી કલ્યાણજી અને (૩) આ એશોસીએશન. પ્રથમની બે મહા સંસ્થાઓના કાર્યોમાં મદદ કરવાનો ઉદેશ આ એશોસીએશનના શરૂઆતના ઉદ્દેશોમાં આપેલ જ કર્યો છે. તે બહુ અર્થસૂચક છે. આ ત્રણે મહા સંસ્થાઓનો સહકાર સમાજને બહુ જરૂરી છે અને તે ચિરંજીવી રહે તેજ પ્રાર્થના છે.

આ એશોસીએશન સૌથી જુની એ વાત ખરી અને કોમની પ્રતિનિધિ સંસ્થા તરીકે તેણે અનેક વખતે કાર્યો બજાવ્યા તે પણ ખરૂ, પરંતુ જ્યાંસુધી પ્રથમની બે મહાસંસ્થાઓના બંધારણોની પેઠે આ એસોસીએશનના બંધારણમાં પ્રતિનિધિ તન્ત્ર દાખલ કરવામાં ન આવે ત્યાંસુધી, તે મહાસંસ્થામાં આજ સુધી તેની ખામી રહી છે અને રહેશે. જૈન સમાજના જુદા જુદા મંડળો કોઇ પણ વ્યવસ્થાપૂર્વક આ એસોસીએશન સાથે જોડાય યાતો સર્વ મંડળોનું ફેડરેશન બાંધી તે મુજબ આ એસોસીએશનનું બંધારણ સુધારવામાં આવે તોજ પ્રતિનિધિ તત્ત્વ સંપાદન કર્યું કહેવાય. આખા સમાજની વતી કામ કરનાર સંસ્થાએ કોઇપણ પ્રકારનું પ્રતિનિધિ તત્ત્વ સ્વીકાર્યેજ છુટકો છે. નહીં તો ભવિષ્યમાં આખા સમાજની વતી તે કામ કરી શકશે નહીં. અને કરશે તો સમાજ તરફથી વાંધાઓ ઉઠાવવામાં આવશે અને તેમ થયે એસોસીએશનની પ્રતિષ્ઠાને ધોકો પહોંચશે. ના૦ વોયસરોયને માનપત્ર આપવાના સવાલને અંગે આવો વિરોધ એક વખત જોસથી કરવામાં આવ્યો હતો. આવો પ્રસંગ ફરીથી ન બને તે માટે, અગાઉથી ઉપાયો લેવા જરૂરી છે. પ્રતિનિધિ તત્વ સિવાય કે મેમ્બરોની જબરી સંખ્યા સિવાય કોમનો એકત્રિત અવાજ રજુ કરવા જતાં અનેક અંતરાયો આવવા સંભવ છે માટેજ પાણી પહેલાં પાળ બાંધી લેવી યોગ્ય છે.

આ એસોસીએશને એક વખત લાંબી નિંદ્રા લીધેલી સને ૧૯૧૨ માં તેનો પુનરૂદ્ધાર કરવામાં આવ્યો અને શેઠ રતનચંદ તલકચંદ માસ્તરે તે વખતે સંસ્થાના સેક્રેટરી તરીકે સારી સેવા બજાવી હતી. પાછળથી તેમણે રાજીનામું આપેલું પરંતુ એસોસીએશનના ઉત્સાહી સેક્રેટરી શેઠ મગનલાલ મુળચંદ શાહ વિલાયત જવાના હોવાથી ગત વર્ષે તેમની જગ્યાએ શેઠ રતનચંદ તલકચંદ માસ્તરને ફરીથી નીમવામાં આવ્યા છે. સેક્રેટરી પદ એકવાર ફરીથી સ્વીકારી એસોસીએશનની વધુ સેવા કરવાનું બીડું શેઠ ર. ત. માસ્તરે ઝડપ્યું છે તે ખુશી થવા જેવું છે. તેમનો આગલો અનુભવ આ સંસ્થાની પ્રગતિ વધારવામાં જરૂર મદદ કરશે.

# ઇતિહાસની નજરમાં આપણે.

ઇતિહાસમાંથી-હમણાં જે ઇતિહાસ ઉપલબ્ધ છે તેમાંથી-આપણી કોમને માટે બે વાત તરી આવે છે. બીજી કોમની સરખામણીનો આ પ્રશ્ન નથી, પણ આપણી શુદ્ધિનો અને આપણે મેળવવાના જ્ઞાનનોજ આ પ્રશ્ન છે. ઇતિહાસ આપણી કોમના બે વર્ગ પાડે છે. વેપારી જૈનો અને મુત્સદ્દી જૈનો અલબત એક વર્ગ જરૂર એવો નીકળે-નીકળે છે કે જેમાં બે વર્ગનો મેળ હોય, પણ એ ત્રીજા વર્ગમાંનો વેપાર તરફ ઢળનાર, કે વેપાર ખાતર મુત્સદ્દી બનનાર, મુત્સદ્દી વા મુત્સદ્દીપણાને મદદરૂપ વેપાર ખેડનાર વ્યાપારી એમ જેવી વ્યકિત તેવીરીતે તેને પણ ઉપલા બે વર્ગમાં વહેંચી દેવાય.

વેપારી જૈનોમાં કાકુ, માણેકચંદ ફોજદાર (જે વેપારી મુત્સદ્દી હતો) અને એવાં નામો આપણને જરૂર શરમાવે છે. જગત શેઠને માટે પણ હજી ઇતિહાસ એવોજ છે એમ હમણાં સુધી માન્ય છે. પણ શ્રી સુશીલે તેનાપર નવો પ્રકાશ પાડયો છે. પણ તે એક કથાની નજરે. વળી એમાં ઐતિહાસિક પુરાવો સબળ દલીલોથી આપવો જોઇએ તે અપાયો નથી, કારણકે ઇતિહાસમાં નોખી નોખી ત્રણેક નવલિકાઓ બની ગઇ છે. છતાં એમાંથી કાંઇક નવીન ઇતિહાસ સાંપડે તેમ છે.

વળી જૈન પત્રમાં એકવાર જૈન વ્યાપારીઓએ હિંદના મહા વિગ્રહોમાં-જેવાકે કર્ણાટકના વિગ્રહો, પંજાબના વિગ્રહો વગેરેમાં-સરકારને સાથ દીધાનો લેખ પ્રગટ થયાનું સ્મરણમાં છે. આજપણ અપવાદો બાદકરતાં એક વેપારીકોમ તરીકે આપણે દેશને બહુ વફાદાર નીવડીએ છીએ એ વાત સાચા જૈનને સાફ સાફ નકારવી પડે તેમ છે.

પણ એકલા મુત્સદ્દી જૈનત્વનો ઇતહાસ એથી તદ્દન ઉલટો જઇ એની ઉજાસ કોઇપણ કોમના ઇતિહાસને ટપી જાય એવી છે. સાચી વાતતો એ છે કે કોઇ પણ મુત્સદ્દી જૈન દેશને કે ધર્મને બેવફા નીવડયાનું એકે ઉદાહરણ હાલ તો ઇતિહાસપોથીમાં નોંધ્યુ નજરે પડતું નથી. ચંપકશાહ, સજ્જન, વિમળ, ઉદયન, મુંજાલ, શાંતુ, વાગભટ્ટ, આહડ, ચાહડ વસ્તુપાલ, તેજપાલ, ભામાશાહ, હેમુ, ટોડરમલ, કર્મસિંહ રત્નસિંહ, ભંડારી અને એવા અનેક જૈનવીરોએ મુત્સદ્દીગીરીમાં ધર્મને તેમજ દેશને વફાદાર રહીને જૈનત્વને ઉજળું કરી બતાવ્યું છે

આજ પણ જે જૈનો વ્યાપારી છતાં વ્યાપારી મટી મુત્સદ્દી જીવન (રાજકીય જીવન-ધર્મ સમજીને, ધાર્મિક દૃષ્ટિયે) જીવી જાણે છે તે રાષ્ટ્રની તેમજ ધર્મની સબળ સેવા સાધી રહ્યા છે પણ એવા જૈનો હજી આપણી કોમમાં બહુ નથી. એટલે એટલે આપણો એ ઉજળો વારશો અણવપર્યો, વ્યાજખાધ ખાતો પડી રહયો છે. આપણે એ વ્યાજખાધ કે 'દા'ડે ઓછી કરીશું ? એ મુડીને કયારે વધારશુ ? મૂડીમાંથીજ ખાવું ને વ્યાજખાધ ખમીને જીવવું-એવો જીવનવ્યાપાર કરવો એવું જીવન જીવવું એ જૈનોને જયનાવારસોને, વીરપુત્રોને પાલવે ખરૂં કે ?

લી૦ **પોપટલાલ પુંજાભાઇ શાહ.**

---

આવી મહત્વની એશોસીએશનના કામકાજનો રીપોર્ટ ત્રણ ત્રણ વર્ષે કે પાંચ પાંચ વર્ષે બહાર પડે તેના કરતાં પ્રતિ વર્ષ તે સમાજ આગળ રજુ કરવામાં આવે તો તે વિશેષ લાભદાયી નીવડવા સંભવ છે. સંસ્થામાં કંઇક વધુ ચૈતન્ય સ્ફુરે અને પારસી પંચાયત ફંડનો દાખલો લઇ જૈન પંચાયત ફંડને વધારી જૈન કોમના અનેક જરૂરી કામો કરવા અને ખાસ કરીને જૈનોમાં વધી પડેલી બેકારી દુર કરવા આ સંસ્થા તત્પર બને તેવી આશા જૈન સમાજ રાખે છે અને આ આશા ફળીભુત કરવા સસ્થાના કાર્યવાહકો જરૂર ઘટતો પ્રબંધ કરશે એવી અમારી નમ્ર સુચના છે.

# 'જૈન' સંજ્ઞા ધારીને જવાબ.

તા. ૩-૬-૧૯૩૧ ના રોજ મુંબઇ સમાચારમાં "જૈન" નામધારી વ્યકિત લખે છે કે દુનીયાના ઘણા પંડીતો, વખત અને નાણાંના અભાવે, થોડા સમયના વાંચનથી પંડીત થઇ જાય છે અને પોતાના પેટભરવાના ધંધામાંથી જે થોડીક પળો ચોરીલેવાય, તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાશ આપી, દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે—

કેકડીનું અનેકાંત પ્રભાકર મંડળ, સામા પક્ષની દલીલો સાંભળવા તૈયાર રહે છે, પોતાના સીદ્ધાંતોના ખુલાસા આપવા તત્પર રહે છે અને ધીરજથી કામ લેવા તૈયાર રહે છે.

શાસ્ત્રાર્થ કરવામાં કાંઇપણ ખોટું નથી; બલ્કે શાસ્ત્રાર્થ ન થાય તો સત્ય અને અસત્યના ભેદ નહી સમજાય.

જૈનશ્વેતાંબર શીરકામાં સીદ્ધાંતો અને માન્યતાઓ સંબંધમાં મોટા મતભેદો પડયા છે અને તે દૂર કરવા માટે શાસ્ત્રાર્થ એક રામબાણ ઉપાય છે વિગેરે.

"જૈન" દોસ્ત સાચુ કહે છે કે દુનીયાના ઘણા પંડીતો પેટ ભરવાના ધંધામાંથી જે થોડીક પલો ચોરી લેવાય તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાશ આપી, દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે. જૈન દોસ્ત આમાં તમારૂં સ્થાન આવી શકે કે કેમ તે બાબત જનો અને બીજા સૂજ્ઞ પંડીતો ઉપર મુકુ છું કારણકે શાસ્ત્રાર્થ કરવાની ભલામણ કરનાર જૈન શાસ્ત્રાર્થ કરીનેજ સત્યાસત્યનો નીર્ણય કરવા માંગે છે ત્યારે જૈન દોસ્ત સીદ્ધસેન દિવાકરસૂરી નીચે મુજબ કહે છે તે માટે ખુલાસો આપશે ખરો ?

"મંદ, અલ્પાભ્યાસી પણ જો શાંત ચિત્તવાળો હોય છે તો તેનું વચન અખંડનીય થાય છે. તેથી ઉલટું બહુ અભ્યાસી પણ જો અશાંત ચિત્ત હોય છે તો તે પુરૂષોમાં ઉપહાસ પાત્ર બને છે. તેટલા માટે સભ્યોના મનમાં સ્થાન મેલવવા તત્પર થનારે શાસ્ત્ર કરતાં પ્રશમના વિષયમાંજ સો ગણો પ્રયત્ન કરવો જોઇએ.

શાસ્ત્ર જાણનાર વિદ્વાન જો શાંત હોય તો તે એકલો છતાં પણ પોતાનો પક્ષ સાધે છે. પરંતુ **વાકયોની લાળ ચાટનારા** અનેક વીદ્વાનો એકઠા થઇને કલહ પ્રધાન એવી કરોડો કોટીઓથી પણ પોતાનો પક્ષ સાધી શકતા નથી.

અમારા વચ્ચે તે કથા થવાની છે તેમાં મારે આ જાતિઓ (અસત્ય ઉત્તરો) યોજવાના છે આવા પ્રકારની ચિંતાથી નિદ્રાહીન થઇ વાદી રાત્રિને વખતે વચન અને મુખની કસરત કરે છે.

પામર જનોનાં ચિત્તને ભરમાવવા માટે પિશાચ જેવા અને કઠોર વચન બોલવા માટેજ જેઓના મુખ તત્પર હોય છે એવા ધુર્ત જનોએ કલહને મીમાંસાના (શાસ્ત્રાર્થના અથવા ધર્મના) નામમાં બદલી નાંખ્યું છે.

સર્વ શાસ્ત્રકારોનો એ મત છે કે અહંકાર એજ દુઃખનું મૂળ છે છતાં તેજ-અહંકારનો આશ્રય લઇ વાદી તત્વની પરીક્ષા કરવા ઇચ્છે છે.

તેથીજ બીચારો પામર "જૈન" શાસ્ત્રાર્થ કરીને દેવ દ્રવ્ય-આગમોની ચર્ચા-યોગ્યાયોગ્ય દીક્ષાની ચર્ચા કરવા માંગે છે પણ તે બીચારા પામર જૈનને ખબર કયાં છે કે તેના પક્ષમાં શાસ્ત્રાર્થ કરનારા શાસ્ત્રાર્થજ લઇને બેઠેલા છે. તેના પક્ષમાં શાસ્ત્રાર્થ કરનારમાં વીનય ગુણનો છાંટો તો છેજ કયાં ? બાળજીવોને એટલે જેમને ધર્મનું જ્ઞાન ઓછું છે તેવા બાલ જીવોને ઉંધે રસ્તે દોરવી જયાં નવો ગચ્છજ સ્થાપવો હોય-શાસન રસિક સંઘની જમાવટ કરવી હોય તેની સાથે શાસ્ત્રાર્થ થાયજ કેવી **રીતે** તેનો ખુલાસો જૈન શામાટે છુપાવી રાખે છે ? હજુ પણ જૈનને ચેતવણી આપવામાં આવે છે કે શાસ્ત્રાર્થ કરીને દેવદ્રવ્ય-દીક્ષાનો ઝઘડો વીગેરેનો નિર્ણય નહી લાવી શકાય પણ જો તેના પક્ષના ઝઘડાખોરો પોતાની પ્રવૃત્તીઓ છોડી વિજયનેમીસૂરિજી પાસે જઇને વીનય સાથે વીચારની આપલે કરે અને સુધારકોને વિજયનેમીસૂરિ બોલાવે એટલે તરતજ સુધારકો ત્યાં જઇને રીતસર વાતાઘાટ કરીને ફેંસલા લાવી શકે તેમ છે. વળી પૈસાદારોને પોતાના પક્ષમાં સાથે રાખી-શાસ્ત્રાર્થના બણગાં ફુકીને સત્ય ખોળવુ હોય તો "જૈન" અને તેના પક્ષવાળાઓ બણગાં ફુંકી લે અને સાથે સાથે નોંધી લે કે સીદ્ધસેન દીવાકરસૂરિજી કહે છે કેઃ-'ક્ષુલ્લક વાદી કુકડા અને તેતરની પેઠે પૈસાદારોનું રમકડું બની પોતાના શાસ્ત્રોને બાળકો ( એટલે શાસ્ત્રનું ઓછું જ્ઞાનવાળા ) મારફત ઉપહાસ અને લઘુતા પ્રાપ્ત કરાવે છે."

જા દોસ્ત, જૈન, જા તું અને તારો પક્ષ ક્ષુલ્લકવાદી કુકડા અને તેતરની પેઠે જૈન સમાજના પૈસાદારોને રમકડાં બનવી-શાસ્ત્રોની અંદરથી સત્ય કાઢવા શાસ્ત્રાર્થના બણગાં ફુકી બાલકો મારફત ઉપહાસ અને લઘુતા પ્રાપ્ત કરાવ. સુધારકો એવા મુર્ખા નથી કે તારા જેવા પામર જૈનની જાલમાં ફસાઇ જાય. જૈન દોસ્ત છેવટમાં નોંધ લે કે સુધારકોને નવો ગચ્છ સ્થાપવો નથી. ભગવાન મહાવીરનો જૈન સંઘ કડવો લાગ્યો કે હવે જુના પુરાણા વીચાર વાળાઓએ સાસન રસિક સંઘ સ્થાપ્યો અને બીજા શહેરોમાં સ્થાપવા પ્રયત્ન કરે છે. જૈન દોસ્ત તારાજ શહેરમાં દહેરાસરમાંથી મુર્તી લઇ જઇને જૈનોનું નાક કપાવનાર તારા શાસન પ્રેમીને શાસ્ત્રાર્થ કરીને સત્ય કયાં નથી સમજાવતો કે બીજાઓને સલાહ આપવા નીકળ્યો છે કે પોતના પેટ ભરવાના ધંધામાંથી જે થોડીક પળો ચોરી લેવાય, તેમાં પોતાની પંડીતાઇનો પ્રકાસ આપી દુનીયાના મહેતાજી થઇ જવાની અભીલાષા રાખે છે તું તારૂં તો સંભાળ. તુજ પોતે પેટ ભરવાના ધંધામાંથી થોડીક પળો ચોરી લઇને મુંબઇ સમાચારના પાનામાં અઠવાડીએ જૈન તરીકે લખે છે અને જૈન ધર્મનો જાણે ઉંડો અભ્યાસ હોયને તેવો ડોળ કરીને જગતના ચોકમાં તારી પંડીતાઇ બતાવે છે. તારા પગ તળે બળતું છે તે જોતો નથી અને શાસ્ત્રાર્થમાંજ સત્યાસત્યનો નિર્ણય રહેલો છે તેવા બણગાં ફુકીને બીચારા થોડા ભણેલા જીવોને શાંત ચીત્તમાંથી અશાંતનીઃ અને ક્રોધની જવાળામાં ભભુકવા મીઠા શબ્દો લખી તૈયાર થયેલો છે. તેથીજ આ કલમ બહાર પાડવાની ફરજ પડી છે. દોસ્ત, જૈન સમજીસ તો ઠીક, નહીં તો શાસ્ત્રાર્થને બાળકનું રમકડું બનાવીસ તેની નોંધ લેજે.

લી. **પંચ પરમેષ્ટી આરાધક જૈન.**

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg. No. B 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૨ જું. અંક ૨૪ મો. | સંવત ૧૯૮૭ ના જેઠ વદ ०)) તા૦ ૧૫-૬-૩૧ | છુટક નકલ : ०॥ આનો. |


# સફેત ઠગોના કાવત્રાનું બહાર આવેલુ પોગળ.

## જૈન સમાજ સમજે અને વિચારે.

### દિક્ષાના હીમાયતીઓ જુઠી સહીથી લેખો લખી જૈન કોમને કેવીરીતે ફસાવે છે તેનો સચોટ દાખલો.

મુંબઈ જૈન યુવકસંઘ પત્રીકામાં મે દિક્ષા કેમ છોડી તેનો એકરાર લખી મોકલ્યો હતો-તે આવ્યા પછી દીક્ષાના હીમાયતીઓએ ઘણી દોડાદોડી કરી અને મને પણ ઘણું સમજાવવા પ્રયત્ન કર્યો પણ તેઓ નિષ્ફળ ગયા. પછી મારા નામની સહી મુંબઈ સમાચાર તા. ૧૧-૬-૩૧ માં લખે છે કે " હું દીક્ષા વિરોધીઓની જાળમાં કેમ ફસાયો " તે લેખ મેં લખ્યો નથી છતાં પણ મારા નામથી ખોટી સહી કરી જે લેખ લખ્યો છે તેના માટે તે પત્રકાર અને લખનાર બન્ને જવાબદાર છે. લેખ લખનાર પોતે કે તેની ટોળી સમજી શકે છે કે રતીલાલ ખેડાવાળા મુંબઈ સમાચારને પુછનાર નથી અને પુછે તો મુંબઈ સમાચાર જવાબ આપે તેમ નથી તેમજ રતીલાલ પાસે પૈસા નથી તો ખોટી સહીથી લેખો લખીએ તો કોણ પુછનાર છે: તેથી દીક્ષાના હીમાયતીઓ જૈન કોમને ખોટીરીતે અને ઉંધે રસ્તે દોરવવા જે પ્રયત્ન કરી રહયા છે તેથી જૈન કોમની જાણ માટે આ ખુલાસો લખુ છું. વળી જૈન યુથ લીગ કે જૈન યુવક સંઘ વાળાઓએ મને કાંઇ પણ ફસાવવા પ્રયત્ન કર્યો નથી પરંતુ જે જાતી અનુભવ થયો તેજ એકરાર મેં બહાર પાડયો છે.

લી૦

રતીલાલ અમૃતલાલ ખેડાવાળા.

સહી દ. પોતે તા. ૧૧-૬-૩૧

---

**ગ્રાહકોને સુચના.**

સવીનય લખવાનું કે શ્રી જૈન યુવકસંઘ પત્રિકાના અંક ૨૪ માથી વી. પી. શરૂ કર્યાં છે, માટે દરેક ગ્રાહક મહેરબાની કરી સ્વીકારી લેશે, બીજું હમારા કોઇપણ ગ્રાહકને પત્રિકાના અંગે જે કંઇપણ ખાસ ફરીયાદ કરવી હોય તો વ્યવસ્થાપકને ઓફીસમાં મળવું અથવા લેખીત ખબર આપવી જેથી ઘટતું કરવામાં આવશે. ઓફીસ ટાઇમ સ્ટા. ૧-થી-૫.

વ્યવસ્થાપક:-ઓછવલાલ ચંદુલાલ.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

# લીગ ઓફ નોર્ધન (?) નો બળાપો.

ભાવનગરના શ્રી સંઘે અયોગ્ય દિક્ષા સામે જે ઠરાવો પસારકર્યાં તેથી કહેવાતા શાસન પ્રેમીઓની છાવણીમાં તરખાટ ફેલાયો હતો. ખેડાવાલા રતીલાલના ખુલાસાએ તેમાં વધારો કર્યો હતો. ગમે તેટલાને દિક્ષા આપીદે. ને ગમે તેટલા આંકડાની વૃદ્ધિ ગણાવે પણ તેટલા વંદન કરનારા હવે રહે તેવો સંભવ નથી. જમાનો એવો આવે છે કે ચારિત્રની પુજા થશે પણ વેષની પુજા ભુલાતી જવાની છે, વેષના ઓઠાં નીચે સમાજ હવે છેતરાય તેમ નથી તેમ જાણીને ભાવનગરના સંઘ સામે ઠરાવ કરવા લીગ ઓફ નોર્ધન (?) નામની સંસ્થાનો આશ્રય લેવો પડયો છે. નોર્ધન શું તેતો જણાવેલ નથી કદાચ નોર્ધન કલોસ નીજ હોય નહિ નામ ગમે તેવા રાખો લોકો જેમ વેષથી છેતરાવાના નથી તેમ નામોથી ભોળવાય તેમ નથી લીગ ઓફ નોર્ધનની કારકીર્દી શું છે? તેણે સમાજની શું સેવા બજાવી છે કે તે ભાવનગરના સંઘના સામે ધુળ ઉડાડે છે. ભાવનગરના સંઘના શેઠ પોતે મુનિ રામવિજયજીના સામૈયામાં હાજર હતા નહિ પણ મોટા દેરાસરમાંથી પ્રભુ પૂજા કરીને તેઓ બહાર નીકળતા હતા તે વખતે દાક્ષિણ્યતાથી સાથે થઇ ગયા હતા છતાં તેમની હાજરીથી રામવિજયજીને ભાવનગરમાં બહુ માન મળ્યું એમ બડાઇ હાંકવામાં આવતી હતી. હવે વીર શાસનના મોરલીએ નાચતી લીગ ઓફ નોર્ધન પાસે તેજ સંઘપતિની સહીથી પ્રસિદ્ધ થયેલા ઠરાવોને શાસ્ત્ર વિરૂદ્ધ કહેવામાં આવે છે. ને હવે ભાવનગરના સંઘને કહેવાતો સંઘ કહેવામાં આવે છે. ચોક્કસ વાત શાસ્ત્ર વિરૂદ્ધ છે તે કહેવાનો ઇજારો લીગ એફ નોર્ધન કલોલે કોની પાસેથી મેળવ્યો છે? પાટણનો સંઘ કહેવાતો ગણાયો જામનગરનો સંઘ ગણાયો છે. હવે ભાવનગરનો સંઘ કહેવાતો ગણાયો બાકી બીજા સંઘો માટે જજમેંટ બહાર પડયું નથી. પણ જે છોકરાના પ્રસંગમાંથી આ ઠરાવ કરવાની ભાવનગરના શ્રી સંઘને જરૂર પડી છે તે સગીર છે. એટલુંજ નહિ પણ તેના માતા પિતાની સંમતિ વગર તેને ઉપાડી લેવામાં આવ્યો છે ને તે ઉપડાવનારાને તેને સંતાડનારાના નામો બહાર આવ્યા વગર રહેવાના નથી તે વખતેજ જણાશે કે નોર્ધન લીગના ટોળ.નાંજ તે માણસો છે. નોર્ધન લીગ સગીર છોકરાને ભગાડવા બાબત કેમ ચુપ છે. આમાં વાલીની સંમતિ પણ નથી તો તે દિક્ષા કેવી ગણાય તે બાબતમાં કેમ બીજો ઠરાવ સાથોસાથ કર્યો નથી? શાસનપ્રેમી ટોળાઓના ન્યાયના કાટલાં વિચિત્ર પ્રકારનાજ હોય છે સમાજ તેને હવે સારી પેઠે પીછાણે છે. પહેલે પાને આપેલો રતીલાલનો ખુલાશો તે હકીકતને વધારે પુષ્ટિ આપે છે પ્રપંચ કોણ ખેલે છે. તે હવે સમાજ સારી રીતે સમજી શકશે મુંબઇ સમાચારમાં આવતી જૈન ચર્ચાઓ ખબરોને માટે વિશ્વાસ રાખવો કે કેમ તે વિચારવાનું કામ અમે સમાજને સોંપીએ છીએ.

# દેવ-દ્રવ્ય.

——(०)——

એ પૂર્વ-યુગના મહારથીઓએ લખેલું 'દેવ-દ્રવ્ય તો દેવના માટેજ વપરાય, દેવના દેવાતન અખંડ રાખવા માટેજ ઉપયોગ થાય'

સાચુ, એટલા માટેજ તો તેનું નામ 'દેવ-દ્રવ્ય પડયુ' છે. દેવના સ્થુળ સાધનો તમામ માણસોની કૃતિ છે. માણસોમાંના જેણે પોતાનો આત્મા રેડયો છે તે દેવના સાચા પુજારી છે. પુજારી તે દેવના સાચા દેવાતન છે.

એટલા માટે કહેવાય છે કે 'દેવનું દેવાતન તો પૂજારીમાં છે' પુજારી આજે ભૂખે રજળે છે, તેના પાસે ધંધો નથી ધંધા કાજે સાધન સામગ્રી નથી માળા કે આસન ખરીદવાએ કોડી નથી એ દેવના દ્રવ્ય રક્ષવા માટે કોઇ સાધન સંપતિ રહયા નથી પુજારી હજુ પૂજા કરે છે. પણ જીવન માત્ર પેટનો ખાડો કેમ પુરશું તેની ચિંતનમાં છે. તેની પુજા એ કેવળ વળગણા અને વ્યહવાર માત્ર છે. પુજારીને દુઃખ શાના હોય? પણ આજે પુજારીમાં દેવાતન નથી. દેવ-દ્રવ્યની કોટી કોટી સમૃધ્ધિ આજે છે અને નથી. છે તો તે કુપાત્રે પડી છે, એ અઢળક લક્ષ્મી અકળાય છે અને પાપાચાર સાથે અફળાય છે અને નથી તો એ રીતે કે એમાંનો મોટો સંગ્રહ અધમ અન્યાય અને અનાચારમાંથી પ્રાપ્ત થયો હોવો જોઇએ અને અન્યાયોપાર્જીત દ્રવ્યના સાધનો તે દેવ-દ્રવ્ય કેમ કહેવાય? જેમ જે કન્યા જ્ઞાનપૂર્વક અને યોગ્ય ઉમરે પરણી નથી તે લગ્નજ ન કહેવાય તેમ જે દાન ભાવુકની ભક્તિનું ના હોય તે શુધ્ધ દાન કેમ કહેવાય? ઘણુ દ્રવ્યતો ક્ષુદ્ર માંનવીના કબજામાં છે તે ધણી થઇ હુપદમાં ફરે છે કોઇ પોતાને 'ટ્રસ્ટી' કહેવડાવે છે પણ તેને રખોપુ આવડતુ નથી, તેનાથી રખોપુ થઇ શકે તેમ નથી. કેટલાક દ્રવ્યથી સારો અને નરસો વેપાર થાય છે. કેટલુક કતલખાનામાં રોકાયું છે અને કેટલુંક સારા વ્યાજ કાજે પાપીઓને ત્યાં પડયું છે. કેટલુંક સરકારી લોનોમાં અને મીલશેરો વિગેરેમાં રોકાઇ પડયું છે.

વ્યાજની આવક કરતાં પાપકર્મની આવક અનેક ગણી વધે છે.

ગમે ત્યાંથી આવ્યા છતાં તે દેવના દ્રવ્યો છે. તે બધા દ્રવ્યો સમાજ પાસેથી સમાજના આબાલવૃધ્ધો સૌ પાસેથી લીધ્યા છે, ધર્મ અને દેવને નામે મળ્યા છે. શ્રાવક શ્રાવીકાઓએ પોતાના સુખ-વૈભવને તરછોડી તેમાંથી હિસ્સો આપ્યો છે.

ત્યારે શું? સાધુ સાધ્વીઓએ કંઇ નહિ આપ્યું?

એ દ્રવ્ય શું આપે બિચારા! પણ તેમાંના ઘણાકોએ એ શ્રાવક શ્રાવીકાઓને આશા અને શ્રદ્ધા આપેલા કે એ દ્રવ્યો અનેક ગણા થઇ પાછા તમારા પાસેજ ઠલવાશે.

સુખી દુઃખી બધાએ દ્રવ્ય આપ્યા. અન્યાય કરનારાઓએ પણ પોતાના પાપના નિવારણ કાજે વધારે પ્રાયશ્ચિત કર્યાં, એ આશાએ કે તેમના પાપો ક્ષય થશે. દ્રવ્ય આપો, દ્રવ્ય આપો.

આજે આ બધા દ્રવ્યો જયાં ત્યાં રગદોળાય છે. કતલખાને ચડે છે.

# શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ સંબંધી વકતવ્ય.

– ગતાંકથી પુરૂં. –

ઉપર્યુકત ચાર રીતે ચાલુ બંધારણ સાથે યોજનાને વિસંવાદ થાય છે. તેમ કરવું ઇષ્ટ છે કે નહિ તે પ્રશ્ન વાંચકોની બુદ્ધિને સોંપી તેના પરિણામોનો વિચાર કરીયે.

વિદ્યાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે સમાજને સરેરાસ વિદ્યાર્થી દીઠ રૂા. ૫૦૦) ખર્ચ આવે છે તે વિદ્યાલયના રિપોર્ટ વાંચ્યાથી સૌ કોઇને વિદિત થશે. આપણે આ યોજનાના ત્રણે વર્ગોમાં ભણવાનાં વિદ્યાર્થીઓની સરેરાશ સંખ્યા માત્ર ૧૫) નીજ ગણીએ તોએ સંસ્થાને દશવરસને તેમના માટેનો ખર્ચ રૂા. ૧૫×૩૦૦×૧૦–૪૫૦૦૦) થવા જાય છે, અને દાતાના રૂા. ૩૦૦૦૦) વિદ્યાર્થીવૃત્તિઓ તથા શિક્ષકોના પગાર માટે ગણીયે તો દશ વરસની ઉપર્યુકત યોજના ન્યાયતીર્થની ત્રણ કક્ષાઓ માટેજ અમલમાં મુકતાં રૂા. ૭૫૦૦૦) નો ખર્ચ થવા પામે. ઉપર્યુકત ખરચ આ યોજનાને વિદ્યાલય સાથે જોડાવીએ તો થાય છે. જયારે આટલી રકમમાંતો શ્રી પાલીતાણા જૈન બાલાશ્રમ કે જૈન ગુરૂકુળ પાલીતાણા કે એવી કોઇ બીજી સંસ્થા સાથે જોડવામાં આવે તો અમારી નમ્ર માન્યતા મુજબ આટલાજ ફંડમાં હંમેશને માટે પચીસ વિદ્યાર્થીઓનો સમાવેશ સ્હેલાઇથી થઇ શકશે. કઇ સ્થિતિ પસંદ કરવા લાયક છે તેનો વિચાર વાંચકોને સોંપીયે.

ઉપર્યુકત યોજના વિદ્યાલયની સાથે સંકળાવવાથી તે યોજનાના વિદ્યાર્થીઓને અંગે વાર્ષિક રૂ. ૪૫૦૦) નો નવો ખર્ચ આવી પડશે અને તેટલાજ પ્રમાણમાં ઉચ્ચ કેળવણી લેતા વિદ્યાર્થીઓના શિક્ષણપર ફટકો આવશે અમોને માલુમ છે તેમ અત્યારે પણ વિદ્યાલયના વિદ્યાર્થીઓની ચાલુ સંખ્યા નભાવવામાં પણ વાર્ષિક રૂ. ૧૨૦૦૦) ની ખોટ આવે છે અને ઘણીયે અરજીઓ સમાસના અભાવે નપાસ કરવી પડે છે. યોજના સ્વીકારાતાં કાંતો આટલા વિદ્યાર્થીઓ રાખીએ ને નવો ઉમેરો ન કરીયે તોએ ખાધમાં વધારો થશે અથવા તો ચાલુ વિદ્યાર્થીઓની સંખ્યા પણ ઘટાડવી પડશે. આથી પરિણામ એ આવશે કે આવા કફોડા સંજોગોમાં ગરીબ માબાપોથી વિદ્યાર્થીઓની ઉચ્ચતર કેળવણીનો ભાર સહન થશે નહીં અને પરિણામે એ અમુક વિદ્યાર્થીઓને ઉચ્ચ કેળવણીના અભ્યાસથી વંચિત રહેવું પડશે. અત્યારની મુખ્ય જરૂરીયાત તો વ્યાવહારિક કેળવણીનો પુરેપુરો લાભ આપણને મળે તે માટેના દરેક સાધનો વિકસાવવામાં છે. નહીં કે માંડમાંડ ઘણા ભોગોને અંતે સ્થપાયેલી સંસ્થામાં લાભ લેતી વિદ્યાર્થીઓની સંખ્યા આડકતરી રીતે ઘટાડવામાં. વિદ્યાલયની કમિટી આવી ઉલટી સ્થિતિ થાય એમ ઇચ્છે છે?

રખેને કાર્યવાહકો એમ ખ્યાલમાં હશે કે વિદ્યાલયના ચાલુ વિદ્યાર્થીઓજ આ યોજનાનો પુરેપુરો લાભ લેશે તેમને આ યોજનામાં દાખલ કરાવવામાં કેટલી જોખમદારી રહે છે તેનો પણ પુરો ખ્યાલ કરવો ઘટે છે. બે જુદી પરીક્ષાઓ માટે અભ્યાસ કરતાં વિદ્યાર્થીની માનસિક શકિત બે વિભાગમાં વ્હેંચાતા વ્યાવહારિક શિક્ષણમાં જે ઉચ્ચું ધોરણ વિદ્યાર્થીઓએ હાલ સુધી બતાવ્યું છે તે કદાપિ નહી બતાવી શકાય એ સ્વભાવિક છે. વળી કેટલાક વિદ્યાર્થીઓ તો કેવળ વૃત્તિની લલચથીજ જોડાશે અને બહુ બહુ તો પરિક્ષા માટે નપાસ પડતાં તે વૃત્તિના પૈસા લોન તરીકે ગણાશે એટલે આટલું દેવું વધશે એમાં કંઇ વાંધો નથી તેમ માની પોતાની જરૂરીયાતો પોષવા માટે આ ઉત્તમ સાધન છે તેમ માની યોજનાનો દુરૂપયોગ કરશે એવો સંભવ છે.

ઉપર્યુકત પરિણામોનો વિદ્યાલયની સામાન્ય સભામાં યોજના રજુ કરવામાં આવે ત્યારે પુખ્તપણે વિચાર કરવામાં આવે એમ ઇચ્છીએ.

હવે આ યોજના સ્વીકારવી યા ન સ્વીકારવી તે મેનેજીંગ કમીટીની સત્તાનો સવાલ છે કે નહિ તેનો વિદ્યાલયના બંધારણ પરથી ખ્યાલ લઇએ.

બંધારણનો છેલ્લો નિયમ સ્પષ્ટ રીતે જાહેર કરે છે કે "આ ધારાધોરણોના નિયમોમાં મુળ મુદ્દાને અડચણ ન આવે તેવા આંતર વહીવટને અંગે ફેરફારો મેનેજીંગ કમીટી કરી શકશે અને સાધારણ જનરલ વાર્ષિક સભા વખતે તેવા ફેરફારો રજુ કરવામાં આવશે. **આ સંસ્થાના ઉદ્દેશને અસલ આવે તેવો ફેરફાર ધારાધોરણ કે વહીવટમાં મેનેજીંગ કમીટી કરી શકશે નહિ.**" આ નિયમ ઉપરની યોજનાને લાગુ પાડીએ તો આ યોજના સ્વીકારવામાં ધારાધોરણનો મહત્વનો ફેરફાર આવશ્યક હોઇ મેનેજીંગ કમીટી આ યોજના સ્વીકારી શકતી નથી. પણ જનરલ કમીટીજ સ્વીકારી શકે છે.

અમો મેનેજીંગ કમીટીને નમ્રતાપુર્વક નીચેના સવાલો પુછીએ છીએ.

૧ યોજના શ્રી વિદ્યાલયના બંધારણ મુજબ સ્વીકારવામાં આવી છે કે બંધારણની બહાર જઇને સ્વીકારવામાં આવી છે?

૨ બંધારણ મુજબ સ્વીકારવામાં આવી હોય તો તે છેવટને માટે સ્વીકારવામાં આવી છે કે જનરલ કમિટીની બહાલીને આધીન?

---

જે રાજાઓ પ્રજાના 'ટ્રસ્ટી થવાને બદલે માલીક બને છે તેના સામે પ્રજાદેવી કોપે છે દેવ–દ્રવ્યનો 'ટ્રસ્ટી' હજુ ઉંઘે છે?

કેટલાય તો દેવના માલીક થઇ બેઠા છે અને દરશનની ના કહે છે અરે! જૈન સમાજ તું આ બધું કયાં સુધી સાંખીશ.

સંઘ અને સમાજ તો પચ્ચિસમો તિર્થંકર છે. એ સંઘના અંગ–ઉપાંગો આજે નવ–ચેતન માગે છે. એ તિર્થંકરનો સ્થુળ દેહ ટટ્ટાર થવા પ્રયત્ન કરે છે. પેલા આપખુદીના ઇજારદારો એ સાંખી શકતા નથી.

કારણ? તેને નવયુગના નવા ટ્રસ્ટીઓને લગામ સોંપવી ગમતી નથી.

સમાજને સુસજ્જ અને સુસંગઠીત કરવા એ દ્રવ્યોને ખેંચી કાઢો, જે સંઘે, સમાજે અને સમુદાયે એ બધા દ્રવ્યો એકઠા કર્યાં છે, તેને તેનો સુયોગ્ય અમલ કરવા અધિકાર છે, જે સંઘે એ ટ્રસ્ટીઓ નિમ્યા છે તે સંઘને ટ્રસ્ટીઓ ફેરવવા અધિકાર છે. જે દેવના દેવાનો અર્ધનગ્ન, અર્ધભુખ્યા પડયા છે, તેના કાજે સમાજ આંખ નજ મીંચી શકે? સમાજ લાંબો કાળ ગુલામીમાં ન રહી શકે. દ્રવ્ય લાંબો કાળ ન મુંઝાઇ રહે! દેવ–દ્રવ્યનો નિર્ણય સંઘ જલ્દી કરે—અસ્તુ.

લાલચંદ જયચંદ વોરા.

૩ જનરલ કમિટીની બહાલીને આધીન સ્વીકારવામાં આવી હોય તો તેવી બહાલી મળ્યા પહેલાં તે પ્રગટ કરી, તેને માટે વિદ્યાર્થીઓની અરજીઓ મેળવવા માટે જાહેર ખબર આપી શકાય ખરી ?

૪ બંધારણ બહાર જઇને સ્વીકારવામાં આવી હોય તો તેમ કરવું વાજબી ગણાય ખરૂં ?

૫ મેનેજીંગ કમિટીનું ઉપર્યુંકત કાર્ય જનરલ સભાની સત્તાની અવગણના કરે એમ કેમ ન ગણી શકાય ?

૬ બંધારણમાં આવશ્યક ફેરફારો યોજના સ્વીકારાતાં કરવા પડે તેમ છે તે સ્વાભાવીક રીતે દશ વર્ષની મુદત માટેજ કરવા પડશે એ સ્થિતિ ઇચ્છવાજોગ છે ?

ઉપર્યુંકત સવાલોના જવાબ ભલે મેનેજીંગ કમીટી ન આપે પણ બંધારણ પ્રિય કહેવાતી મેનેજીંગ કમીટીએ ઉપર્યુંકત યોજના જનરલ કમિટીની બહાલી માટે મુકવી જોઇએ એતો બંધારણ જોતાં સ્પષ્ટજ છે.

છેવટે આ યોજના સંબધે અમારી નમ્ર સૂચનાઓ શીશી છે તે પણ લખી નાંખીયે.

યોજનાના સ્વરૂપમાં જરાપણ ફેરફાર કર્યાવિના તેને અમલમાં મુકવી હોય તો અમારા નમ્ર મંતવ્ય મુજબ કાંતો વિદ્યાલયના અંગ તરીકે મુબઇ બહાર કોઇ નાના શહેરમાં તેટલીજ રકમમાં ઉપર જણાવ્યા મુજબ હંમેશને માટે પચીશ વિદ્યાર્થીઓને લાભ મળે તેમ એક જુદી સંસ્થા ઉચ્ચ ધાર્મિક કેળવણી માટે ઉઘાડો અને તેને દાતાના પૈસા તથા વિદ્યાલયને આ યોજનાને અંગે થતો ખર્ચ તે સંસ્થાને દર વર્ષે આપો એટલે ૧૦ ને બદલે ૨૫ વિદ્યાર્થીઓને લાભ મળશે અને કાર્ય ૧૦ વરસને માટેજ ન રહેતાં હંમેશનું રહેશે અથવા તો કોઇ કેળવણી વિષયક સંસ્થા જેવી કે પાલીતાણા જૈન બાલાશ્રમ યા ગુરૂકુળ કે તેવી કોઇ સંસ્થાને આ ફંડનો લાભ આપો તેઓજ તેનો પુરો ઉપયોગ કરે અને વીરતત્વ પ્રકાશક મંડળની શીવપુરીની પાઠશાળાની જેમ ન્યાયતીર્થ અને વ્યાકરણ તીર્થની પરીક્ષાઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરે.

અમારા અંગત અભિપ્રાય મુજબ તો આ યોજનામાંજ નીચેના ફેરફારો કરી તેને વિદ્યાલયના અંગ તરીકે વિદ્યાલયમાંજ અમલ કરવામાં આવે તો વધુ ઇષ્ટ છે. અમારી નમ્ર સૂચના એટલીજ છે કે ન્યાયતીર્થ વ્યાકરણતીર્થ જેવી પદવીઓ માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવા માટે તો સમાજ પાસે શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ તરફથી ચલતી શીવપુરી પાઠશાળા છેજ પરંતુ અમારી દષ્ટિ મુજબ સમાજની ધાર્મિક કેળવણી માટેની સાચી જરૂરીયાત તો એજ છે કે આપણા અમૂલ્ય ગણાતા આગમ ગ્રથો અથવા તો બીજા પ્રખર આચાર્ય મહારાજોના અમૂલ્ય જુના ગ્રથો પાશ્ચાત્ય પદ્ધતિથી સંશોધન કરાવી અને તેને વિદ્યાલયદ્વારા ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરાવો આ યોજના માટે વિદ્યાલયમાંથી પાસ થયેલા અથવા તો બહારના સારી ડીગ્રી ધરાવતા યોગ્ય ગૃહસ્થોને યોગ્ય વેતન યાતો વૃત્તિ આપી તેઓ પાસે અત્યાર સુધી સંશોધિત ન થયેલા ભંડારોમાં ઉધઇ ખાતા અમુલ્ય સાહિત્યના રત્નોનું સંશોધન કરાવો અને તેનો ગુજરાતી ભાષામાં ઓછી કિંમતે સાર્વત્રિક પ્રચાર થાય તેમ કરો. આથી આજકાલ ધર્મના નિમિત્તે સહજ થઇ પડતા કજીઆઓનો પણ સહજે નિકાલ થઇ આવશે અને સામાન્ય જૈન જનસમુહ જે સાચી ધાર્મિક કેળવણીથી સર્વાંશે વિમુખ છે તેમ ગણાય તેને તેનો પુરેપુરો લાભ મળતાં તેમની સારાસાર વિવેક બુદ્ધિ ઠીક કેળવાશે તે પણ કઇ જેવો તેવો લાભ નથી.

ઉપર્યુંકત વિચારો દર્શાવવામાં આવ્યા છે તેનો મેનેજીંગ કમિટી અને જનરલ કમિટી પુખ્તપણે વિચાર કરશે તો અમારો આ લેખ લખ્યાનો શ્રમ સફળ થયો માનીશું-

**બે અભ્યાસી બંધુઓ.**

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અને તેના જુના વિદ્યાર્થીઓ.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થીઓ સંબંધમાં તે સંસ્થાના રીપોર્ટો શું કહે છે તે પ્રથમ જોઇએઃ—**

**સંસ્થાનો આઠમો વાર્ષિક રીપોર્ટ, પાનું ૯.**

**પ્રથમ બે ફકરાઃ—**

"સંસ્થામાંથી બહાર નીકળેલા લગભગ દરેક વિદ્યાર્થી સંસ્થા તરફ ઘણો સદ્‌ભાવ રાખે છે, સંસ્થા માટે પ્રેમ રાખે છે, કાર્ય કરવા ઉદ્યુકત રહે છે. અને તેમાંનો સારો ભાગ આગળ જતાં સમાજ કે દેશ સેવામાં જોડાઇ આપણી ભાવનાને જરૂર પોષશે એવી પૂર્ણ આશા રહે છે. સદરહુ પરિશિષ્ટ (E) ખાસ વિચારવા લાયક છે. વાંચીજવા વિજ્ઞપ્તિ છે, આપ જો ઉપરના કોઇપણ વિદ્યાર્થીના સંબંધમાં આવશો અને આપ તેની સાથે વિદ્યાલય સંબંધી વાત કરશો તો આપને તેની લાગણી, આભાર અને વર્તનનો ખ્યાલ આવશે.

છતાં **આ પુર્વ વિદ્યાર્થીઓને** અને સંસ્થાને સંબંધ રહે એવી યોજના કરવાની જરૂર છે. તેના અનેક માર્ગો છે નિબંધ લખવાની હરીફાઇમાં ભુત અને વર્તમાન વિદ્યાર્થીઓને જોડવા, મેળાવડા કરી સર્વને બોલાવવા, સંમેલનમાં બહારગામથી પણ વર્ષમાં એકાદ વખત સર્વને એકઠા કરવા, પ્રીતિભોજનનાં પ્રસંગો ઉપસ્થિત કરવા, આ બાબતમાં યોગ્ય કરવા ભલામણ કરીએ છીએ. એમાં સંસ્થાને અનેક પ્રકારના લાભો છે હવે આપણે સારી સંખ્યામાં ગ્રેજ્યુએટો બહાર પાડી શકયા છીએ તો **તેઓમાંથી એક બેને વ્યવસ્થાપક કમીટીમાં બેસવાનો ચુંટણીથી હક્ક આપવા માટે** પણ **ઠરાવ કરવો યોગ્ય ગણાય.** આ સબંધમાં જનરલ કમીટી યોગ્ય વિચાર કરશે એવી અમારી સૂચના છે."

**સંસ્થાનો નવમો વાર્ષિક રીપોર્ટ, પાનું ૧૬.**

"સંસ્થામાંથી ગ્રેજ્યુએટ થઇ બહાર પડેલા વિદ્યાર્થીની સંખ્યા હવે મોટી થઇ છે. તે પરિશિષ્ટ F માંથી જણાશે. તેઓને એક મેમ્બર પોતા તરફથી ચુંટી **મેનેજીંગ કમીટીમાં મોકલવાનો હક્ક આપવો યોગ્ય છે એવી અમારી ભલામણ છે. એવા મેમ્બરથી આપણને ઘણો લાભ થશે.** વિદ્યાર્થી મેમ્બર પોતાના અનુભવનો આપણને લાભ આપી શકશે. આવો ઠરાવ આપણા ભાવી આશારત્નોને સંસ્થા તરફ આકર્ષણ કરતો રહેશે."

આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સંસ્થામાંથી ગ્રેજ્યુએટ થઇ બહાર પડેલા જુના વિદ્યાર્થીઓને-પછી તે લોન વિદ્યાર્થી હોય કે પેઇંગ વિદ્યાર્થી હોય તે સર્વને મેનેજીંગ કમીટીમાં બેસવાનો હકક આપવાની ઇચ્છા, મેનેજીગ કમીટીને ઘણાં

વર્ષો થયાં થયેલી છે. એમાં રહેલા લાભ પણ મજકુર ઉતારાઓ **કમીટીના શબ્દોમાંજ** બતાવે છે. આ ઇચ્છાઓમાં કોઇપણ જગ્યાએ આ હકકની ઉપર કોઇપણ જાતની મર્યાદાઓ મુકવાનો ઇસારો સરખો પણ કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત જુના વિદ્યાર્થીઓના યુનીયન તરફથી પણ આવી માગણી કરવામાં આવી હતી.

જુનો વિદ્યાર્થી આ હકકની રૂએ મેનેજીંગ કમીટીનો મેમ્બર થવા માટે જનરલ કમીટીનો સભાસદ હોવો જોઇએ એટલી પણ મર્યાદા સંબંધી કયાંય પણ ઉલ્લેખ જણાતો નથી. અને આવી **ઉદાર ભાવનામાં** સંકુચિત મર્યાદાઓને સ્થાનજ કયાંથી હોય!! કારણ કે આવો હકક આપવાનો મુળ ઉદ્દેશ જુના વિદ્યાર્થીઓને સંસ્થાના કાર્ય તરફ આકર્ષી તેના વિકાસમાં વિશેષ રસ લેતા કરવાનો હતો. અને જો આવોજ ઉદ્દેશ હોય તો પછી એ હકક ઉપર કોઇપણ પ્રકારની મર્યાદા મુકવાથી તેનું ગૌરવ અને સુંદરતા જતાં રહે છે ને સ્વમાન ધરાવતા વિદ્યાર્થીઓ એવા સંકુચિત અને મામુલી હકકનો લાભ લેતાં અચકાશે અને મુખ્ય ઉદ્દેશ માર્યો જશે.

આમ છતાં, જયારે આવો હકક આપવાની તક આવી ત્યારે મેનેજીંગ કમીટીએ ઉમેર્યું કે આવી રીતે મેમ્બર થનાર વિદ્યાર્થી જનરલ કમીટીનો સભાસદ હોવો જોઇએ. જો કે આ શરત જરૂરી લાગતી નથી, કારણ કે ગ્રેજ્યુએટ થયા પછી, વિદ્યાલયનો મેમ્બર થવા માટે જુના વિદ્યાર્થીને પૈસાની છુટ હોયજ એમ માની શકાતું નથી. છતાં આ શરત સ્વીકારવા યોગ્ય છે કારણ કે તે આત્મભોગ સાથે સંસ્થા તરફનો પ્રેમ સૂચવે છે.

પરંતુ જ્યારે આવા પ્રકારની દરખાસ્ત મેનેજીંગ કમીટી તરફથી જનરલ સભામાં આવી ત્યારે તે ઉપર એવો સુધારો મુકવામાં આવ્યો કે જુનો વિદ્યાર્થી જ્યાં સુધી **સંસ્થાનો દેવાદાર** હોય ત્યાં સુધી તે મેનેજીંગ કમીટીમાં બેસી શકે નહીં અથવા તો તેણે **પાંચ વર્ષમાં પોતાનું** દેવું ભરપાઇ કીધેલું હોવું જોઇએ ત્યારે તો લાગે છે કે સંકુચિત દષ્ટિની હવે તો હદ થઇ. કારણ કે આવા સુધારાઓ.

૧. જુના વિદ્યાર્થીઓ પ્રત્યે અવિશ્વાસ સૂચવે છે

૨. તેઓની સેવાની જાણે જરૂર ન હોય તેમ તેઓને દૂર હડસેલતા હોય એમ લાગે છે.

૩. વિશેષમાં એમ પણ તે સુધારાઓ સૂચવે છે કે જલ્દી પૈસા કમાવાની શકિત એજ કેળવણીનો ઉદ્દેશ અને એજ સમાજ અથવા સંસ્થાની સેવા કરવા માટેની લાયકાત.

૪. તે ઉપરાંત આવા સુધારા મુકનારાઓ સામાન્ય વ્યાપારી લોન અને કેળવણી માટેની લોન-એમાં રહેલો ભેદજ સમજતા ન હોય એમ લાગે છે

સૌ કોઇ મધ્યસ્થપણે જોનાર સમજી શકે છે કે આ બે પ્રકારની લોનમાં મોટો તફાવત છે. વ્યાપારી લોનમાં કમાવાનો ઉદ્દેશ રહે છે જેથી તેના વ્યાજ અને ભરપાઇ ઉપરજ લક્ષ આપવામાં આવે છે જ્યારે કેળવણી લોનમાં, યુવાનો કે જે જૈનાચાર્ય શ્રી વિજય વલ્લભ સૂરીશ્વરજીના શબ્દોમાં ભવિષ્યની આશા, સમાજના દેશની દોલત, શાસનની શોભા અને સેવાના પુંજ છે. તેઓને મદદ કરી સુશિક્ષિત બનાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. અને જ્યારે સમાજ મોટે ભાગે કેળવણી હીન અનેક પ્રકારના કુધારા અને કુમાન્યતાઓમાં તલ્લીન અને સાધનહીન હોય ત્યારે તો કેળવણી પ્રચારનું કાર્ય એ યુગ ધર્મ થઇ પડે છે.

જ્યાં મદદની ભાવના રહેલી છે ત્યાં દેવું, કરજ એ શબ્દોનો ઉપયોગજ અસ્થાને છે. ભલે કાયદાની દષ્ટિએ વ્યાજબી હોય પરંતુ નૈતિક દષ્ટિએ સંસ્થાને અંગે અમુક પ્રકારના હક વાસ્તે લોન વિદ્યાર્થીને નાલાયક ઠેરવવા એ સંસ્થાના મૂળ ઉદ્દેશોને ભુલી જવા જેવું છે.

ઉપર દર્શાવેલા કહેવાતા સુધારામાં એવી એવી વિચિત્રતાઓ રહેલી છે કે તે તેના પક્ષકારો સમજયાજ ન હોય એમ લાગે છે, નહીં તો આટલા જોર શોરથી તે સુધારો મુકાયોજ ન હોત

પ્રથમ તો, આ સુધારાની રૂએ પેઇંગ વિદ્યાર્થી (ભલે તે ૭ મહિના વિદ્યાલયમાં રહયો હોય કે લાંબો વખત રહયો હોય) ગ્રેજ્યુએટ થતાં બીન અંકુશે કમીટીનો મેમ્બર થઇ શકે છે પરંતુ લોન વિદ્યાર્થી લાંબો વખત રહયો હોય અને સંસ્થાના ઉપકારથી સંસ્થા સાથે જીંદગી ભરના સંબંધથી બંધાયેલો હોય છતાં, પોતાનું દેવું કોઇપણ કારણે જલ્દી ભરી ન શકવાથી મેમ્બર ન થઇ શકે. પેઇંગ અને લોન વિદ્યાર્થી વચ્ચે કેટલો મોટો તફાવત!!! શું પેઇંગ વિદ્યાર્થીને આડકતરી રીતે અને દેખીતી રીતે સંસ્થામાં રહેવાથી આર્થિક લાભ થતો નથી? અને એ રીતે દેવાદાર નથી.?

બીજી વિચિત્રતા તો એ લાગે છે કે આ સુધારાની રૂએ, સમાજની બીજી કોઇ ફ્રીસંસ્થાનો લાભ લીધો હોય તેવા ગૃહસ્થો કે જેમને તે સંસ્થાના નિયમ પ્રમાણે પાછું કાંઈપણ આપવાનું હોતું નથી, તેઓ સંસ્થાની વ્યવસ્થા માટે લાયક અને પ્રતિષ્ઠિત ગણાય પરંતુ વિદ્યાલયના લોન વિદ્યાર્થીઓ જ્યાં સુધી પોતાનું દેવું નથી આપી શકતા ત્યાં સુધી, ભલે પછી તે બધી રીતે કુશળ હોય, તો પણ નાલાયક ઠરે છે. ગુન્હો માત્ર એટલોજ કે તેઓએ વિદ્યાલયના નિયમ પ્રમાણે બનતી સગવડે, પોતાના અભ્યાસ માટે થયેલો ખર્ચ પાછો આપવા માથે લીધું છે. કેવો ન્યાય!!!

મૂળ દરખાસ્ત ઉપરના સુધારાના પક્ષકારોમાંથી કેટલાકો કહે છે કે આટલી સરત ન રાખવામાં આવે તો સંસ્થાની લોન જલ્દી ભરપાઇ થશે નહીં. તેઓ એમ માનતા હોય કે આવો મર્યાદિત હક આપવાથી, જુના વિદ્યાર્થીઓ મેમ્બર થવા જલ્દી પૈસા ભરી દેશે તો તેઓ ભૂલે છે. કારણ કે દેવું વસુલ આપવું તે પોતાની કમાવાની શકિત ઉપર આધાર રાખે છે. અને નહીં કે આવો હક ભોગવવા. બીજું, કમાતાં છતાં, ભરપાઈ ન કરતા હોય તેવા વિદ્યાર્થીઓને પણ આ હકની લાલચ કંઇ અસર કરી શકશે નહી. અને લોન રીતસર વસુલ કરવાને ઘણી રીતો છે પણ આ હક અને લોનની ભરપાઇ વચ્ચે કોઇપણ જાતનો સંબંધ નથી. અપૂર્ણ.

લી० એક જૈન.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઈ મગનભાઈ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોકત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મુર્તિપુજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળ્યા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.

# શ્રી રામવિજયજીની ચેલેંજનો સ્વીકાર

પાટણ, તા.-૭-૬-૩૧

**શ્રીમાન રામવિજયજી,**

આપે તા. ૧-૬-૩૧ ના રોજ આપના વ્યાખ્યાનમાં વ્યાસપીઠ ઉપરથી એક ચેલેંજ પાટણના જૈન તેમજ જૈનેતર જનતાને ઉદ્દેશીને ફેંકી છે કે જે આ મુજબ છે "દિક્ષા સંબંધે વિવાદ કરી યોગ્ય નિર્ણય કરવા એ સોલીસીટરો તથા બાર એટ-લો. તૈયાર હોય તો હુ કોઇ પણ મધ્યસ્થની રૂબરૂમાં તૈયાર છું યોગ્ય નિર્ણય મુજબ હું મારી પ્રવૃત્તિનો ત્યાગ કરૂ અને કાં તે લોકો મ્હને અનુસરે. તમે એ લોકોને લખો. અને જાહેર છાપાઓદ્વારા ચેલેંજ કરો અને જો તેઓ ન આવે તો ખુલ્લુ બહાર પાડો કે તેઓ જુઠ્ઠા છે."

અત્યાર સુધીમાં દિક્ષાની ચર્ચા અંગે હેન્ડબીલો, ટ્રેકટો, પુસ્તકો શાસ્ત્રોના આધારો સહીત બહાર પડી ગયા છે એટલે હવે શાસ્ત્રની ચર્ચા કરવા જેવુ કાંઇ પણ બાકી રહ્યું હોય તેમ અમે માનતા નથી તેમજ સંવત ૧૯૬૮ માં વડોદરા મુકામે પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વિજયકમળસૂરીજી મહારાજના અધ્યક્ષપણા નિચે પ્રાતઃસ્મરણીય પુજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી ૧૦૦૮ શ્રી વિજયાનંદ સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજના વયોવૃદ્ધ જ્ઞાની અને અનુભવી, શાસ્ત્રજ્ઞ મહોપાધ્યાયજી, પ્રવર્તકજી, પંન્યાસો, અને મુની મહારાજોનો મળેલા સંમેલનમાં જે જે ઠરાવો કરવામાં આવેલા તે શાસ્ત્રની મર્યાદા બહાર તો નહીજ કરવામાં આવ્યા હોય, તેમ આપ પણ કબુલ કરશોજ. સદરહુ સંમેલનમાં થયેલા ઠરાવો પૈકીના ઠરાવ નં. ૨૦-૨૩ કે જે નીચે મુજબ છે તે આપશ્રીના ખ્યાલ બહાર તો નહીજ હોય.

### વડોદરા સંમેલનમાં થયેલા ઠરાવો

ઠરાવ નં. ૨૦

જેને દિક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી એક મહીનાની મુદત સુધી યથશકિત પરીક્ષા કરી તેના સંબંધી માતા, પીતા, ભાઇ, સ્ત્રી વીગેરેને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો રીવાજ આપણા સાધુઓએ રાખવો તેમજ દિક્ષા નીમીતે આપણી પાસે જે વખતે આવે તેજ વખતે તેના સંબંધીઓને રજીસ્ટર કાગળથી તેની પાસે ખબર આપવાનો ઉપયોગ રાખવો.

ઠરાવ નં. ૨૩

આજકાલ કેટલાક સાધુઓ શીષ્ય કરવા દેશકાળ વિરૂદ્ધ વર્તન ચલાવે છે જેથી શાસનની હેલના થવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમજ મુનીઓને કોઇ કોઇ વખત અનેક મુશ્કેલીમાં ઉતરવું પડે છે જેથી આ સંમેલન આવી રીતે દિક્ષા લેનાર તથા આપનાર, અપાવનાર માટે અત્યંત નાપસંદગી જાહેર કરે છે કે આપણા સમુદાયના સાધુઓ પૈકી કોઇએ પણ આવી ખટપટમાં ઉતરવું નહી અને જે મુની આવી ખટપટમાં પડશે તેને માટે આચાર્યજી મહારાજ સખ્ત વિચાર કરશે.

સદરહુ ઠરાવો વયોવૃદ્ધ અને ગીતાર્થ એવા પરમોપકારી સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ તથા મહોપાધ્યાયજી તથા તમારા ગુરૂ પ્રેમવિજયજી અને તેઓના ગુરૂ તથા આપના દાદા ગુરૂ કે જેઓની આજ્ઞામાં હાલ તમે વર્તો છો તે વિજયદાન સૂરીની હાજરીમાં સર્વાનુમતે થયેલા છે. એટલે તમારા અને અમારા પરમ ઉપકારી આચાર્ય દેવવિજય કમળસૂરીશ્વરજી તથા મહોપાધ્યાયજી શ્રી વીરવિજયજી કે જેઓના આપ પ્રશીષ્યના શીષ્ય છો. તેઓ બંને મહાત્માઓ શાસ્ત્રના પારંગત તેમજ વયોવૃદ્ધ અને અનુભવી હતા એટલે તેઓશ્રીએ સર્વાનુમતે કરેલા ઠરાવો ઉપર શાસ્ત્રાર્થ કરવો તે તેઓશ્રીના શાસ્ત્રના જ્ઞાનની બુદ્ધિની હાંસી કરાવવા જેવુંજ છે અને તેઓશ્રીના જ્ઞાન અને બુધ્ધિ ઉપર શંકા કરવા જેવું છે અને તેથીજ તમે તેઓશ્રીના પ્રશીષ્યના પણ શીષ્ય અને અમે તેઓના દાસાનુદાસને તેઓશ્રીએ કરેલા ઠરાવો ઉપર શાસ્ત્રાર્થ કરવા જેવું કે વિવાદ કરવા જેવું રહેતુંજ નથી અને તે તમો તેમ અમોને ઇષ્ટ નજ હોય.

હવે તો ફકત એકજ મુદ્દો સ્પષ્ટ કરવાની જરૂરીઆત છે, અને તે એ કે સદરહુ ઠરાવ નં. ૨૦-૨૩ સદરહુ સમેલનમાં થયા હતા કે કેમ ?

સદરહુ ઠરાવો નં. ૨૦-૨૩ થયા છે એમ સિધ્ધ થાય તો પછી બીજી ચર્ચાને સ્થાન રહેતુંજ નથી. એટલે અમે આપશ્રીની ચેલેંજનો એ રીતે સ્વીકાર કરીએ છીએ કે-

આપશ્રી સદરહુ ઠરાવો થયાજ નથી એમ સાબીત કરવા તૈયાર છો ?

અમો સદરહુ ઠરાવો નં. ૨૦-૨૩ થયા છે એ સાબીત કરી આપવા યોગ્ય મધ્યસ્થની રૂબરૂમાં તૈયાર છીએ.

આપ સદરહુ ઠરાવ નં. ૨૦-૨૩ થયા છે એમ કબુલ કરતા હો તો પછી પાટણના શ્રી સંઘે કરેલા ઠરાવને શાસ્ત્ર વિરૂદ્ધ કહી શકોજ નહિ કારણ સદરહુ ઠરાવોને અનુસરીને સદરહુ ઠરાવોના ત્રણ મુદ્દાઓને દ્રષ્ટિ સન્મુખ રાખી સંમેલનમાં થયેલા ઠરાવોને અમલમાં મુકવાની હાલની પરિસ્થીતિમાં જરૂર લાગવાથીજ પાટણના શ્રી સંઘે નીચે મુજબ ઠરાવ કર્યો છે.

### પાટણના શ્રી સંઘે કરેલો ઠરાવ.

હાલની પરિસ્થીતિ જોતાં પાટણમાં જેઓને દિક્ષા લેવી હોય તેઓએ એક માસ પહેલાં જાહેર છાપાઓમાં જાહેરાત કર્યા પછી તેની યોગ્યતાની ખાત્રી થતાં સંઘની સંમતિ મેળવી દિક્ષા આપી શકાશે. આની વિરૂધ્ધ વર્તનાર અથવા તેમાં ભાગ લેનાર સંઘનો ગુન્હેગાર ગણાશે.

આ ઉપરથી જોઇ શકાય છે કે સંમેલનમાં થયેલા ઠરાવ નં. ૨૦ તથા પાટણના શ્રી સંઘે કરેલા ઠરાવના મુદ્દાઓ નીચે મુજબ છે.

૧ વાલીવારસોની અનુમતી

૨ લાયકાતની પરિક્ષા

૩ પરિક્ષા માટે કમમાંકમ એક મહીનાની મુદત

આ પત્રનો જવાબ આપશ્રી પોતાની સહીથી તા. ૧૨-૬-૩૧ સુધીમાં રજીસ્ટર પોસ્ટ મારફત યાતો જાહેર પત્રિકા મારફત આપશો.

તા. ૧૨-૬-૩૧ સુધી આપશ્રી તરફથી જવાબ નહિ આવે તો અમને જાહેર કરવાની અનિવાર્ય ફરજ પડશે કે આપ ગુરૂઆજ્ઞાનો છડેચોક ભંગ કરી ભોળી અને અજ્ઞાન જનતાને પ્રભુ મહાવીરની આજ્ઞાના નામે કેવળ દંભ સેવી અવળે રસ્તે દોરી રહયા છો. તા. મજકુર.

તા. કઃ—આ પત્રની અસલ કોપી રજીસ્ટર પોસ્ટથી શ્રી રામવિજયજીને મોકલવામાં આવી છે.

લી૦

શ્રી પાટણ જૈન યુવક સંઘ તરફથી શ્રી સંઘનો સેવક.

**કેશવલાલ મંગળચંદ શાહ.**

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૫ મો. | સંવત ૧૯૮૭ ના અ. અષાડ શુદ ૭ તા૦ ૨૨-૬-૩૧ | છુટક નકલ : ૦ા આનો.

મુંબાઇ જૈન યુવક સંઘ પત્રીકામાં મેં દિક્ષા કેમ છોડી તેનો એ કરાર લખી મોકલ્યો હતો તે આવતા પત્ર દિક્ષાના હીમાયતીઓએ ચાહીને દોડાદોડી કરી અમને માટે પણ ઘણુંક [illegible] પ્રયત્ન કરેલ પણ તેઓ નિષ્ફળ ગયા. પછી મારા નામની સહી મુંબાઇ સમાચાર તા. ૨૨-૬-૩૧. માં છપાવેલ કે હું દિક્ષામાં વિરોધપક્ષના જાળમાં કેમ ફસાયો તે લેખ મેં લખ્યો નથી છતાં પણ મારા નામના ખોટી સહી કરી જે લેખ છપાવેલ તેના માટે તે પત્રકાર અને સમાજનું ભલું જવાબદારીથી લેખ છાપનાર પોતે જ તેનો રોડો સમજી શકે છે. જે [illegible] જોવાના મુંબાઇ સમાચારને પુછનાર નથી અને પુછે તો મુંબાઇ સમાચાર જવાબ આપે તેમ નથી [illegible] પણ પેપર [illegible] ખોટા સહીના [illegible] તો કોણ પુછનાર છે તેમ દિક્ષાના હિમાયતીઓ જૈન કોમને ખોટા રસ્તે અને ઉંધે રસ્તે દોરવવા જે પ્રયત્ન કરે છે તેમ જૈન કોમના ભલા માટે આ ખુલાસો લખું છું - વળી જૈન યુવકો કે જૈન યુવક સંઘ વાળાઓએ મને ફોસલાવી પટાવી [illegible] પ્રયત્ન કરેલ નથી પણ જે - મારી મરજીથી છોડ્યો છે એ કરાર મેં બહાર પાડ્યો

લી.

રતીલાલ અમૃતલાલ

સહી દ. પોતે તા. ૨૨-૬-૩૧

# મુંબઇ સમાચારનો અસત્ય આક્ષેપ.

(તંત્રી સ્થાનેથી.)

મુંબઇ સમાચાર પત્રના તા૦ ૧૯-૬-૩૧ ના અંકમાં તે પત્રના અધિપતીએ 'મેં દિક્ષા કેમ છોડી'? 'મી૦ રતીલાલ અમૃતલાલ ખેડાવાલાનો નોટરી પબ્લીક સમક્ષ ચોંકાવનારો ખુલાસો' 'જૈન યુવક સંઘ પત્રિકામાં પ્રગટ થયેલા બનાવટી પત્રો' એ મથાળા નીચે કેટલીક પ્રસ્તાવના બાદ રતિલાલ શાહની સહીનું મેસર્સ કાંગા એન્ડ કું. ના ભાગીદાર મી. પેસ્તનજી એમ. કાંગા સમક્ષ કરેલું સ્ટેટમેન્ટ પ્રગટ કર્યું છે. આ સ્ટેટમેન્ટનો સાર એ છે. કે મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકાના તા૦ ૨૫-૫-૩૧ અને તા૦ ૧૫-૬-૩૧ ના અંકોમાં ઉકત રતિલાલના પ્રગટ થયેલા પત્રો તેના પોતાના લખેલા નથી અને એ પત્રો અમે બનાવટી ઉભા કરી પ્રગટ કર્યા છે. આ સંબંધમાં જણાવવાનું કે રતિલાલ જેવો સાધારણ માણસ ગમે તેવું સ્ટેટમેન્ટ કરે તે પ્રગટ કરવા પહેલાં મુંબઇ સમાચારના અધિપતિએ સભ્યતા ખાતર અમારી પાસેથી તે સંબંધમાં ખુલાસો માંગવો જોઇતો હતો. તેમ કરવાને બદલે એક જાહેર પત્ર સામે સત્યાસત્યનો કશો વિચાર કર્યા સિવાય આવો આક્ષેપક ઉલ્લેખ કરવાની એક જવાબદાર પત્રકાર ધૃષ્ટતા કરે તે એક હીચકારૂં અને શરમાવનારૂં કૃત્ય છે. તે પત્રો સંબંધમાં અમે જાહેર જનતાને જણાવીએ છીએ કે તે દરેક પત્રની મુળ નકલ રતિલાલના હાથની લખેલી અમારી પાસે મોજુદ છે. જે જે કોઇને જોવી હોય તેને અમારી ઓફીસે આવી ખાત્રી કરવા અમે નિમંત્રણ કરીએ છીએ. તે પત્રો ઉપરાંત તેજ રતિલાલે તા૦ ૧૪-૬-૩૧ ના રોજ ખેડા વર્તમાનના પ્રતિનિધિને જે ઇન્ટરવ્યુ આપેલ છે. (જે તે પત્રના તા૦ ૧૭-૬-૩૧ ના અંકમાં પ્રસિદ્ધ થયો છે.) તે પત્ર તેની સહી સાથેનો અમોએ પ્રાપ્ત કર્યો છે. આ પત્રોમાંથી જાહેર જનતાની પ્રતિતી ખાતર અમો એક પત્રનો બ્લોક આજ રોજ પહેલે પાને પ્રગટ કરીએ છીએ.

બીજા પત્રો અને બીજી હકીકતો અમે આગળ ઉપર પ્રગટ કરીશું. આટલા ઉપરથી અમે આશા રાખીએ છીએ કે મુંબઇ સમાચારના અધિપતિએ એક પત્રકારને ન શોભે એવો આક્ષેપ કરવામાં જે અક્ષમ્ય ભૂલ અને અન્યાય કર્યો છે તે સંબંધમાં તેઓ યોગ્ય ખુલાસો બહાર પાડી અમને વધુ ચર્ચામાં ઉતરતાં અટકાવશે.

રતિલાલના પ્રસ્તુત સ્ટેટમેન્ટની વિગતોમાં જે અસત્ય અને છળ ભર્યા છે તેની લંબાણ ચર્ચામાં હાલ ઉતરવાની જરૂર નથી. રતિલાલ એમ જણાવે છે, કે પોતે એક કોરા કાગળ ઉપર પોતાના હસ્તાક્ષરથી સહી કરી છે તેની ઉપર અમે બનાવટી લખાણ ઉભું કર્યું છે. આ પ્રમાણે તેને લખવું પડે છે તેજ તેના સ્ટેટમેન્ટનું પોલાણ સિદ્ધ કરે છે પણ વસ્તુતઃ અમારી પાસે 'દિક્ષા કેમ છોડી'? એ મથાળા નીચે પ્રગટ થયેલો આખો લેખ તેના પોતાના હસ્તાક્ષરથી લખાએલો પડેલો છે. આટલી હકીકતો રતિલાલને લગતા તરકટને ખુલ્લું પાડવા માટે બસ છે.

લી૦ ગાંધી જમનાદાસ અમરચંદ.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને અને તેના જુના વિદ્યાર્થીઓ.

– ગતાંકથી પુરૂં. –

લોનનો ઉદ્દેશ અને ભરપાઈ સંબંધમાં બંધારણમાં નીચે મુજબ કલમ છેઃ—

કલમ નં. ૭૭–ઉપર પ્રમાણે બોન્ડ કરાવી લેવાનો હેતુ વિદ્યાર્થીને પોતાની જાત ઉપર આધાર રાખવાનું શિખવવાનો પોતે જાહેર ખાતાની સખાવત પર આધાર રાખનાર છે એવા ખ્યાલ અભ્યાસ દરમ્યાન ન આવવાનો અને આ સંસ્થા પોતાના જોર ઉપર ભવિષ્યમાં ઉભી શકે એવી રીતે તેને પગ ભર કરવાનો છે. એ નિયમને અમલમાં મુકતાં, વિદ્યાર્થીની કમાણી, તેને પાળવાના કુટુંબીઓ અને બીજી જરૂરી બાબતો પર તે વખતના સેક્રેટરી યોગ્ય ધ્યાન આપશે અને એ નિયમનો અમલ બોજા રૂપ ન થઇ પડે તેમજ નરમાશનો ગેરલાભ ન લેવાય એ બાબત પર યોગ્ય લક્ષ્ય રાખી બોન્ડની રકમ વસુલ કરવામાં આવશે.

એ ઉપરથી લોનનો હેતુ અને તે શી રીતે વસુલ કરવી એ સ્પષ્ટ છે એવો કયો વિદ્યાર્થી કૃતઘ્ન હોય કે જે આવી શરત મુજબ પોતાની લોન પાછી ન આપે !

કેટલાક ગૃહસ્થો એમ ધારે છે કે આટલી મર્યાદા ન રાખવામાં આવે તો, જતે દિવસે બધા લોન વિદ્યાર્થીઓ મેનેજીંગ કમીટીમાં આવી જાય અને પોતાનું દેવું માંડીવાળે. આ વિચારમાં અવિશ્વાસ અને ખોટા ભય સિવાય બીજું કાંઇ જોવામાં આવતું નથી.

પ્રથમતો, આમ ધારવામાં જુના વિદ્યાર્થી પ્રત્યે તેઓ કેટલું માન (!!!) ધરાવે છે અને કેટલી શાબાસી (!!!) આપે છે ! આવી શંકા જો રાખવામાં આવતી હોય તો પછી બહેતર છે કે જે સંસ્થામાંથી આવા વિદ્યાર્થીઓ પાકતા હોય તે બંધ કરવી. પણ આ ખ્યાલ તદ્દન પાયા વિનાનો છે અને તે નબળા મનની કલ્પના છે. પહેલાંતો, આ અંકુશ વગર મેનેજીંગ કમીટીમાં ઘણા વિદ્યાર્થીઓ આવી જશે એ હાલમાં કોઇપણ રીતે શકય નથી. આ હકથી એકજ વિદ્યાર્થી મેનેજીંગ કમીટીમાં આવી શકે છે અને જનરલ ચુંટણીથી જોકે બીજા વિદ્યાર્થીઓ આવી શકે પણ હાલના સંજોગો જોતાં આ માનવું ભુલ ભરેલું છે. તેમ છતાં, કદાચ તેઓ સારી સંખ્યામાં આવે તોપણ લોનની પધ્ધતિને કોઇપણ પ્રકારની ધારતી નથી કારણ કે એ બંધારણનો સવાલ છે અને તેમાં કાંઇ પણ મોટો ફેરફાર કરવાની મેનેજીંગ કમીટીને સત્તા છેજ નહીં એવા ફેરફાર જનરલ કમીટીજ કરી શકે છે. તો પછી આવી શંકા રાખવી અવ્યવહારૂ છે અને અમે ઇચ્છીએ છીએ કે આવા ખોટા આક્ષેપો કરીને લોન વિદ્યાર્થીઓ તરફ સમાજની અપ્રીતિ કોઇપણ સમજદાર વ્યકિત ઉત્પન્ન ન કરાવે.

આ અવિશ્વાસની પાછળ અમને તો ભયની દૃષ્ટિ ઘણી હોય એમ લાગે છે. મેનેજીંગ કમીટીનું કાર્ય નવા જુવાનીઆઓ પચાવી પાડશે એવુ સામો પક્ષ ધારતો હોય એમ જણાય છે. આમાં સત્ય હોય તો તે નવા જમાનાનીં નીશાની છે અને તેને તો આવકારદાયક ગણવું જોઇએ.

અન્તે વિદ્યાલયના હાલના કાર્યવાહકો બદલાયા વગર રહેવાના નથી. ધીમે ધીમે નવા કાર્યવાહકો આવવાનાજ અને તે પણ મોટે ભાગે જુના વિદ્યાર્થીઓજ. તેમના માતૃતુલ્ય સંસ્થાનો કારોબાર પાંચ પચીસ વરસે પોતાના હાથમાં જ લેવાના એ નિઃસંદેહ વાત છે. તો પછી જુના વિદ્યાર્થીઓને સમાજ સેવાને તાલીમ આપનારી આવી તક—આવો હક શા માટે ઉદાર હાથે અત્યારેજ ન આપવો કે જેથી જૈન સમાજમાં આવી સારી પદ્ધતિઓથી સમાજસેવકોની સંખ્યા વધવા પામે અને કોમની ઉન્નતિ સહેલાઇથી થાય.

આટલી દલીલોથી મે. કમીટીની મુળ દરખાસ્તનું અતિ ઉપયોગી પણું સ્પષ્ટપણે સમજશે એમ આશા છે. મે. કમીટીની આ દરખાસ્ત તદન વ્યાજબી હતી એટલુંજ નહીં પણ ઘણાં વર્ષો થયાં મેનેજીંગ કમીટીએ દર્શાવેલી ઇચ્છાઓનું તે મુર્તિમંત સ્વરૂપ હતું સંસ્થાના બંધારણમાં આવા સુધારાની આવશ્યકતા ઘણો વખત થયાં સ્વીકારાયેલી હતી અને તેને માટે ઘણીજ ઉત્કંઠાથી રાહ જોવાઇ રહી હતી તેમ છતાં આ મુળ દરખાસ્ત ઉપર જે મુખ્ય સુધારો મુકવામાં આવ્યો હતો તે સંસ્થાના મુળ ઉદ્દેશથી તદન વિરૂદ્ધ અને સંસ્થાના હિતને હાનિકર્તા હતો આવો સુધારો શા કારણે કયા ઉદ્દેશથી અને કયા લાભાર્થે કરવામાં આવ્યો હશે તેજ એક અણઉકેલ કોયડો છે.

છેવટે ઇચ્છીશું કે જુના વિદ્યાર્થીઓ અને શ્રી મહાવીર જૈન વિદ્યાલય વચ્ચે સારો સંબંધ અને સહકાર હંમેશ જળવાઇ રહે તેવી જલ્દી કોઇ યોજના હાથ ધરવામાં આવે.

લી૦ એક જૈન.

# જૈનો વાંચો અને ચેતો:—

—:૦○:0:○૦:—

[ ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલક સુરિ રાસ) ઉપરથી તારણ કાઢનારઃ—એક જૈન. ]

—ગતાંકથી ચાલુ—

( પુર્વાચાર્યો જેમને પોતાના આત્મ સાધનનીજ પડી હતી અને બાલજીવોને ધર્મના રસ્તે ચઢાવવાનીજ જેમની ઇચ્છા હતી તેવા પુર્વાચાર્યોએ આગમોની રચના કરી અને લખતા ગયા કે સાધુઓને રાજ ભય નથી તેમજ ચોર ભય નથી. સાધુઓ ફકત કષાયરૂપી ચોરો આત્મારૂપી રાજાને હેરાન કરે નહી તેનુંજ ધ્યાન રાખવાનું હોય છે. ઐતિહાસીક રાસાનું તારણ કાઢતી વખતે હવે મારે ખાસ ધ્યાન રાખવાનું છે કે જ્યાં જ્યાં ધર્મના નામે સાધુઓએ જાણી જોઇને કે અજ્ઞાનતાથી ધતિંગો મેલી વાડાઓ બાંધ્યા છે તે વાડાઓ જૈનોને આત્મજ્ઞાન તરફ એટલે જૈનધર્મ પ્રત્યે પ્રેમ રાખવા શીખવે છે કે કેમ તે ખાસ ધ્યાન રાખી પૃથ્થકરણ કરવાની ઇચ્છા રાખું છું છતાં ભુલને પાત્ર બનું તો આ પત્રિકાના તંત્રી જોગ શાન્ય ભાષામાં ખુલાસો જણાવશે અને ભૂલને પાત્ર જો હોઇશ તો મારા આત્માને પુછીને તેમજ મારા ગુરૂની સલાહ લઇને હું જરૂર ભુલ સુધારીશ. )

પુર્વાચાર્યો કહી ગયા કે સાધુઓને રાજ ભય નથી તેમજ ચોર ભય નથી છતાં સોમવિજય વાંચક સહનશીલતાની હદ

ઓળંગી અબદુલખાન તે વખતના ગુજરાતના સુબાને મળે છે. (જેમ અત્યારે ઘણી વખત બને છે કે શાસનપ્રેમી જેવા સુંદર નામો ધારણ કરવા છતાં, તેમના મનથી માની લીધેલા વિરોધીઓને શામ-દામ-દંડ અને ભેદના રસ્તે હંફાવવા પ્રયત્નો કરનાર સાધુ ધર્મ ઘણી વખત ચુકે છે અને જોઇએ છીએ કે અત્યારે સમતારૂપી સાગરની અંદર પોતાના આત્મનું કલ્યાણ કરી બાલજીવોને ધર્મના રસ્તે લગાડનાર સાધુઓને પણ પૂજ્યપાદ વાચસ્પતિ લબ્ધીસૂરિ પણ સાધુ ધર્મને જાણી જોઇને અંગારમાં હોમે છે તે પણ ઇતિહાસીક પરીવર્તન સીવાય કાંઇપણ નથી. કારણ કે જ્યારે જ્યારે વાડાઓ ઉત્પન્ન થવાની તૈયારીઓ થાય છે ત્યારે સામા પક્ષને તોડે તોજ પોતાનો પક્ષ મજબુત થાય. જૈનસંઘ શબ્દ હવે કડવો લગ્યો કે શાસન રસિકસંઘ સ્થપાયો-જૈન યુવકસંઘ પણ કડવો લાગ્યો કે જૈન યુવકમંડળ સ્થપાયું. ધન્ય છે સમજદારી હોવાનો ડોળ કરી મંડળ અને વાડાઓ નવા ઉત્પન્ન કરનારની બુદ્ધીને વધારો-વધારો વાડાઓ જૈનોમાં, કે જૈનોને છીન્નભીન્ન દશામાં હે સમજુ ડોળઘાલુ સાધુઓ-જૈનો છીન્નભીન્ન થશે ત્યારેજ તેમની આંખો ઉઘડશે. વિજયહિરસૂરિ પછી વાડો બંધાય છે તેનો હેવાલ બાબત પુરતો વિચાર કરજો.

**પટ્ટાવલ્લી.**

શ્રી વિજયદાનસૂરિ

શ્રી વિજયહીરસૂરિ — શ્રી વિજયરાજસૂરિ

શ્રી વિજયસેનસૂરિ — શ્રી વિજયરત્નસૂરિ (રત્નશાખા ખેડામાં હોવાનું સંભળાય છે)

શ્રી વિજયદેવસૂરિ (દેવસૂર સંઘની સ્થાપના) — શ્રી વિજયતિલકસૂરિ (આણંદસૂર સંઘ સાખા થઇ) — શ્રી રાજસાગરસૂરિ (સાગર ગચ્છની ઉત્પત્તી)

ઉપરની પટ્ટાવલીમાંથી જોઇ શકશો કે વિજયસેનસૂરિ પછીજ તેમના શીષ્યોએ ફાંટાઓને વાડાનું રૂપ આપી વાડો હતા તેના કરતાં વધાર્યા-જૈનોમાં કલેશ એટલો વધ્યો કે અકબર બાદશાહના વખતમાં ૬૦ લાખ જૈનો કહેવાતા હતા તે દીવસે દીવસે આ વાડાઓએજ જૈનોને જૈનધર્મ પ્રત્યે પ્રેમથી વિરકત કરેલા છે. આવા ઝઘડાઓને લીધે ઘણાએ જૈનધર્મ છોડી સ્વામીનારાયણમાં અથવા તો મુસલમાન થઇ ગયા છે તેમ ઇતિહાસ સાક્ષી પુરે છે.

હવે હું પ્રશ્ન પુછું છું કે રામવિજય અને આનંદ સાગરજીએ ત્રણ વર્ષમાં ઉપદેશ આપી ચાર છાપાઓ છપાવવા શરૂ કર્યા તે છતાં બીચારા-પામર પંતુજીએ ફકત ત્રણ વર્ષમાં તેમના સાગર-રામધર્મને ૩૫૦૦) જણાજ ટેકા આપે છે તે ૩૫૦૦) માંથી દુધપાકની લાલચ, સરમાસરમી નોકરીઓની શરમને લીધે દબાણ વીગેરે ને બાદ કરીએ તો સાસન રસિક સંઘમાં અખિલ હિન્દના અંદર ૧૨૫ સાખાઓના બણગાં ફુંકનાર ઘણા શહેરો ઉપર કાબુ ધરાવતાં છતાં કેટલા નીકળશે તેનો ખુલાસો નિપક્ષપાત પણે વિજયનેમીસૂરિજી જો આપે તો જરૂર મુંબઇનો જૈન યુવક સંઘ ઉપકાર માનશે. ૩૫૦૦) સંખ્યો તે હમો નથી કહેતા પણ સોસાયટી સમાચાર પ્રકાશે છે. તેમા બાળકો-સ્ત્રીઓનો પણ સમાવેશ થાય છે. સાસન રસિક સંઘ સ્થાપવો હોય રામ-સાગરમાં તાકાદ હોય તો સીસોટી વગાડીને કહેવાસાં આવે છે કે અખીલ હિન્દમાં ૫૨થી ૫૬ લાખ બાવાઓ છે તેમાંથી પાંચ હજાર બાવાઓને જૈન ધર્મનો ઉપદેશ આપી તમારા શીષ્યો વધારી અખીલ હિન્દમાં ખુણે ખુણે મોકલી જૈનો વધારો તો મુંબઇ જૈન યુવક સંઘ રામ-સાગરને કોટી કોટી વાર વંદન કરશે. બાકી જૈનોમાં ફાટ પડાવી ગમે તેટલા તાગડધીન્ના કરસો તો તમને પહોંચી વળવાની યુવકોને શકતી સાસનદેવ આપે તેમ જરૂર યુવક પ્રાર્થના કરશે. યુવક સંઘને ભગવાન મહાવીરના નામે નવી દુકાન માંડવી નથી.

અબદુલખાન (ગુજરાતનો સુબો) સોમવિજય વાચકને કહે છે કે:-"મારા લાયક કાર્ય હોય તે બતાવો, હું આપના દુશ્મનોને સખ્ત શિક્ષા કરીસ સોમવિજય વાચક કહે છે કે" અમારો એક ગુરૂભાઈ હતો તે ગુરૂ આજ્ઞાથી વિરૂદ્ધ થયો અને તેણે એક ગ્રંથ બનાવ્યો; જેમાં ગુરૂને ગાળો લખી છે. આ ગ્રંથને તેના પક્ષના કેટલાક લોકો વાંચે છે, તેથી અમારૂં દિલ બહુ દુઃખી થાય છે, માટે આપ જો કંઇ પ્રયત્ન કરીને તેઓને અટકાવો તો સારૂં."

અબદુલખાન પત્ર લખીને માણસ મોકલે છે. વિજયદેવસૂરિએ જાણ્યું કે રાજ તરફથી માણસ બોલાવે છે એટલે તરતજ તે ચાર મોટા માણસોને મળ્યા. ભણસાળી દેવરાજ, નગર શેઠ દોસી વેણીદાસ, દોસી મનીઓ અને શાહ નાના વધુસા એ ચારને અમદાવાદ સોમવિજય વાચક પાસે મોકલ્યા તે વણીકોએ વાચકને કહયું કે અમારૂં વચન માનીને આ વખતે વિજયદેવસૂરિજીને બચાવો. સોમવિજયવાચકે કહયું કે તે જો ગુરૂ વચનને માને તો એના મેળે લાજ રહેશે. ચોમાસું ઉતરે વિજયદેવસૂરિ અમદાવાદ આવે-સાગરો પાસે સતું મરાવી મીચ્છ દુક્કડં દેવરાવી સંઘની અંદર લે તોજ વચન સત્ય થઇ શકશે.

તે ચારે શેઠીયાઓએ વિજયદેવસૂરિને ઉપરની હકીકત લખી વિજયદેવસૂરિ શેઠીયાઓએ લખેલી બીના કબુલ કરી, વિજયદેવસૂરિનો જવાબ સંઘ સમક્ષ અમદાવાદમાં વંચાયો. અને અમદાવાદનો સંઘ સાક્ષી થયો અને પત્ર લખીને મેળ કરી દીધો છતાં વિજયદેવસૂરિ હ્રદયનો ભેદ કાઢતા નથી અને કપટ રાખે છે. (કારણ કે ગચ્છભેદ કરવાની ઇચ્છા વિજયદેવસૂરિની થએલી હોવી જોઇએ એવો તેઓ ભાવથી સાંવત્સરીક પ્રતિક્રમણ કરવાનું તેમના વડવાઓને એવો વિજયહીરસૂરિ અને સેનસૂરિને સોંપ્યું હશે અને સાંવત્સરી પ્રતિક્રમણ દ્રવ્યથી બહારનો ડોળ બતાવી કરતા હોવા જોઇએ નહીં તો સાધુ થઇને સાધુતા સમજાવાને શા માટે તેઓ ગુમાવે? ખરી વાત છે કે ગચ્છનાયકને ભગવાન મહાવીરે કદાચ સત્તા આપી હોય? કોઇપણ વ્યકિત શાસ્ત્રના ઉતારા બહાર પાડે તો સારૂં)

વધુ લખાણ હવે પછી ફુરસદ મળે બહાર પાડવામાં આવશે.

## ( ક્રાન્તિ ભ્રાતા. )

વિરશાસન પત્ર તા૦ ૧૨-૬-૩૧ ના રોજ ક્રાન્તિ ભ્રાતાને ખુબ ખ્યાલ રહે તેમ લખતાં લખે છે. ક્રાન્તિ ભ્રાતા બેવકુફ બની ગયો છે. વિરસાસન પત્ર બેવકુફનો ટાઈટલ આપી જાણે છે તેને માટે તેને ધન્યવાદ આપું છું અને સાથે છેવટની ચેતવણી આપી જણાવું છું કે ક્રાન્તિ ભ્રાતાના મત પ્રમાણે જીનેશ્વર દેવ સાસન તેમજ તેના વિતરાગ દેવ ઉપરના રસ્તે ચઢાવનાર ગુરૂ સીવાય તેમજ વીતરાગ દેવના સાસનમાં આત્માનું કલ્યાણ કરનાર તેમજ વીતરાગ દેવના સાસનમાં જીવોને સમતા ભાવ ઉપર ચઢાવનાર સીવાય જે જે સાધુના વેષમાં સાધુ હોય શ્રાવક હોય તે બધાએ ઇન્દ્રજાલીયા તરીકેજ સંબોધી શકાય.

વિરસાસન પત્ર ધ્યાન રાખ, જ્યાં પઠાણના કામો સધુ વેષે થતાં હોય તેને સાધુ કહેવાયજ કેવી રીતે વિરસાસન પત્ર ધ્યાન રાખે કે શ્રીમદ્ યસોવિજયજી ઉપાધ્યાયને સૂરિના વેષમાં રહેનાર પંચમહાવ્રતધારી પઠાણે અઢાર દીવસ સુધી કોટડીમાં રાખ્યા હતા તેમ દંતકથાદન્તીથી સાંભળનાર બુદ્ધીસાગરજી પોતાના પુસ્તકમાં લખે છે કે શરૂઆતમાં શ્રીમદ્ યસોવિજયજીએ સાગરોનો આશ્રય લીધો હતો અને રાંદેરમાં થોડા વખત સુધી સાગરોના આશ્રયે રહયા અને જ્યારે આ ખટપટથી કંટાળ્યા ત્યારે દેવસૂરિ ગચ્છનો આશ્રય લીધો અને શ્રીમદ્ યશોવિજયજી કંટાળી ગયા ત્યારે સંખેશ્વર પ્રભુનાં દર્શન કરી પોતાના હૃદયનો ઉભરો નીચે મુજબ બહાર કાઢે છેઃ—

पद त्रीसमुं

**अब मोही ऐसी आयबनी श्री संखेश्वर जिनेसर मेरे तुं एक धनी ॥**
**कोपानल उपजावत दुर्जन मथत वचन अहनी । नामजपुं जलधार तिहां तुज धारु दुःख हरनी ॥**

શ્રીમદ્ કથે છે કે સંખેશ્વર પાર્શ્વનાથ! મારા ઉપર એવી એવી બની છે કે શરણ માટે તુંજ એક મારો ધણી દેખાય છે. વચન રૂપ અરણિકાષ્ટને મથીને દુર્જન લોકો કોપરૂપ અગ્નિ ઉપજાવે છે. આવી દસામાં તારા નામરૂપ જાપની મેઘધારાજ દુઃખ હરનારી લાગે છે.

મોટા સૂરિના વેષમાં સાધુઓના વેષમાં ગચ્છને માટે ખટપટો ઉત્પન્ન કરનાર સાધુ કે સૂરિ તે સાધુ નથી પણ તે પઠાણજ છે અને વિરસાસન પત્રમાં ખરીધર્મની દાઝ હોય પેટભરાઓનું પેઢું જ્ઞાન નીમીતે હુંડીઓ લાવી વટાવી ખાવા ના હોય તો નિસ્વાર્થપણે પડ મેદાને અને તું અને તારો સેતાન રસિક સંઘ વિનય રાખતા સીખ વીનય રાખી તું-તારો પક્ષરામવિજય અને સાગરવિજય નેમીસૂરિજી પાસે જા અને વિનયથી તેમની સાથે જૈનોમાં સંપ વધે તેના રસ્તા લે અને નહિ તો તારા જેવા ગચ્છની અંદર સબડતા દુષ્ટોથી ક્રાન્તિકારો ગભરાય તેમ નથી. સંઘ બહાર કોને મુકવો તે તો વિચાર કર. બોલ્યા કે સંઘ બહાર એટલે જાણે વિતરાગદેવે પરવાનોજ ના આપ્યો હોય તને અને તારા લેભાગુ ઝઘડાખોરોને. તારા જેવા ઝઘડાખોરોને પહોંચી વળવાને માટે ક્રન્તિકારો ખડે પગે ઉભેલા છે અને જરૂર દરેક વિતરાગદેવના સાસનમાં રહેનાર સાધુ-સધવી શ્રાવક અને શ્રાવીકાને વિનંતી કરીએ છીએ કે વિરસાસન પત્ર એ ભગવાન મહાવીરના નામે પેટ ભરાઓનું પેઢું છે તેના દાખલા મોજુદ છે અને તેથી જૈનો જો ગચ્છના નામે ઝઘડામાં પડસો તો ગુમાવસો તમારૂં આત્મ કલ્યાણ. ક્રાન્તિકારો પેટભરા પેઢીઓને પહોંચી વળવા સમર્થ થાય તેમ પ્રાર્થના કરી છેવટમાં વીરમું છું.

લી૦ ક્રાન્તિ ભ્રાતા જૈન.

## રતીલાલ દિક્ષા પ્રેકરણ.

ખેડા વર્તમાનના પ્રતિનિધિ સમક્ષ ખેડાના બે ગ્રહસ્થોની રૂબરૂમાં રતીલાલે જે એકરાર કર્યો છે તે નીચે મુજબ.

સવાલ—'મુંબઇ સમાચાર' ના તા. ૧૧ મીના અંકમાં તમારી ( રતીલાલ ) સહીથી પ્રગટ થએલો "જૈન સમાજ સાવધાન" વાળો લેખ સત્ય છે?

જવાબ—ના, તે હકીકત તદ્દન ખોટી છે, અને મારી ખોટી સહી કરી કોઇએ "મુંબઇ સમાચાર"માં લખી મોકલેલો હોવો જોઇએ.

સવાલ—આ બાબતની ખબર તમે મુંબઇ સમાચાર"ના તંત્રીને આપી છે?

જવાબ—હા

સવાલ—તા. ૧૪ મીના "જૈન"ના અંકમાં ૪૧૭ માં પાના પર તમારી સહીથી જે ખુલાસો પ્રગટ થયો છે તે સત્ય છે કે?

જવાબ—હા.

સવાલ—ત્યારે પ્રથમ 'મેં દીક્ષા કેમ છોડી' એ લેખ તમારી સહીથી પ્રગટ થએલો તે વાત તો ખરી છે ને? તે લેખતમેજ મોકલેલો ને?

સવાલ—ત્યારે પ્રથમ 'મેં દીક્ષા કેમ છોડી' એ લેખ તમારી સહીથી પ્રગટ થએલો તે વાત તો ખરી છે ને? તે લેખ તમેજ મોકલેલો ને?

જવાબ—હા, તે બાબત તદ્દન સાચી છે અને હજુ પણ તે બાબતના લખાણને હું અક્ષરે અક્ષર વળગી રહું છું.

ઉપરની વાતચીત જે ગૃહસ્થો સમક્ષ થઇ છે. તે એકરાર ઉપર રતીલાલની સાથે બે ગ્રહસ્થોની શાક્ષી તરીકે શાહીઓ છે જેની અસલ નકલ અમારી પાસે મોજુદ છે.

——(૦)——

## સમય-ધર્મના સીધ્ધાંતો.

૧ સમાજમાં જડ ઘાલી બેઠેલ રાક્ષસી રીત-રીવાજોને તિલાંજલી દઇ સમાજહિતને સન્મુખ રાખી નવિન સુધારા યોજવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે!

૨ બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કજોડા, મરણ પાછળના જમણો અને હાયકુટના ભજવાતા ગંદા ફારસો આદી અનેક કુરૂઢીઓને જડમુળથી ઉખેડી ફેંકી દેવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે!

૩ લગ્ન આદી સામાન્ય પ્રસંગે હજારો બલ્કે લાખો રૂપીઆનો ધુમાડો કરવાની "ઘેલછા-વૃત્તિને" નાબુદ કરવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે!

૪ કન્યા કેળવણી તરફ અરૂચી ધરાવવાની જડ માન્યતાને ફગાવી દઇ કન્યા કેળવણીના શુભમાર્ગો ખોલવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે!

૫ ધાર્મિક અને વ્યવહારીક કેળવણી પ્રત્યે દુર્લક્ષ આપતાં વડીલોએ પોતાની પ્રજાને કેળવણીના પંથે દોરવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે!

૬ કંગાળ અને કફોડી સ્થીતિમાં જીવન ગુજારતા ભયંકર બેકારીના ભોગ બનેલ જૈન-બિરાદરોને ધંધાથે લગાડવામાંજ સાચી સમાજ-ઉન્નતિ સંભવી શકે!

( અપૂર્ણ. )

# દક્ષિણ મહારાષ્ટ્ર પ્રાંતિક પરિષદના પ્રમુખના દિક્ષા સંબંધી વિચારો.

આપણા જૈન સમાજમાં દીક્ષાના પ્રશ્ને જે ઉગ્ર સ્વરૂપ પકડયું છે તેની ચર્ચાઓ જોતાં નિરર્થક ઝગડાઓ પોષનારાઓનું એ કર્તવ્ય હોય એમ કહ્યા વીના ચાલતું નથી. આવા પ્રશ્નને અંગે મૌન રહેવું એ ઉચિત ન લાગતા એ સંબંધે કહેવાનું મન થાય છે કે પવિત્ર દિક્ષા અંગીકાર કરવા-કરાવવા સામે કોઇ પણ સાચા જૈનને વાંધો હોઇ શકે નહી; છતાં હાલ જે એક ન્હાનો પક્ષ ઊભો થયો છે. તે એક યા બીજા બ્હાને સાચા જૈનને ન છાજે તેવી રીતે યદ્વા તદ્વા ભાષણો અને લખાણો દ્વારા પ્રગતિ ઇચ્છનારાઓ પ્રત્યે પોતાના રોષના પોટલો ખાલી કરે છે. અને જૈન સમાજમાં ભારે અશાંતિનું વાતાવરણ પોષી રહયો છે. વસ્તુતઃ ઉપર જણાવ્યા મુજબ દીક્ષા સામે કોઇને વાંધો છે નહિ અને હોઇ શકે નહિ, પરંતુ જે મતભેદ જોવામાં આવે છે તે મુખ્યતયા દીક્ષા આપવાની નીતિ-રીતી અને પાત્રની યોગ્યાયોગ્યતા માટે જણાય છે. અને એમ હોય તો જે વિરોધ દીક્ષાઓના કેટલાક કિસ્સાઓમાં જોવામાં આવે છે તે સ્થાને છે એટલુંજ નહિ પરંતુ એવી અયોગ્ય દીક્ષાઓની પાછળ છુપાએલ ઘેલછા એ એક જૈન કોમને શરમાવનારી ને જૈનધર્મને હિણપત લગાડનારી ખરે જ કહેવાય અને ટેટલા માટે જુનેરની કોન્ફરસમાં દીક્ષા સંબંધી નીચે મુજબ જે ઠરાવ થયો છે તે વ્યાજબી અને દીર્ઘદર્શી છે. ઠરાવમાં કહેવામાં આવ્યું છે કે 'દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો અભિપ્રાય છે કે દિક્ષા લેનારને તેના માતપિતાઆદિ અંગત સગાઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતિથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી !

આ ઠરાવ જૈન કોમનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવનારી મહાસભાના ગત અધિવેશન સમયે હજારો બંધુઓએ એકત્ર મળી એકી અવાજે સર્વાનુમતે મંજુર કરેલ છે અને એ ઠરાવનું અક્ષરશઃ પાલન એ નિર્વિવાદ જરૂરીઆત છે. આ ઠરાવ થવા પછી તુરતમાંજ ભાવનગર રાજના નાં. કાઉન્સીલ ઓફ એડમીનીસ્ટ્રેશનના પ્રમુખ સર પ્રભાશંકર પટણીની ભલામણ ઉપરથી ભાવનગરના શ્રી સંઘે સર્વાનુમતે ઠરાવ કર્યો છે કે—"સગીર વયના છોકરા અથવા છોકરીઓને દીક્ષા આપવાનું શ્રી સંઘ અયોગ્ય માને છે"

જે સંયોગો વચ્ચે ભાવનગરના શ્રી સંઘે મજબુત વલણ અખત્યાર કરી ઉપરનો ઠરાવ કર્યો છે તે સંયોગો ત્યાંના શ્રી સંઘની બેઠકમાં નીચે પ્રમાણેનો બીજો ઠરાવ થયો છે તે ઉપરથી સ્પષ્ટ થાય છે. તે ઠરાવમાં જણાવવામાં આવ્યું છે કે 'શા માણેકલાલ રાયચંદના સગીર પુત્ર પ્રતાપરાયને અહીંથી કોઇના શિખવવાથી દીક્ષા લેવા માટે નસાડવામાં આવેલ છે તો તેમને કોઇપણ ગામના કે શહેરના સંઘે કે કોઈપણ સાધુ મહારાજે તે નાની ઉમરનો હોવાથી તેમજ તેના મા-બાપની રજા નહિ હોવાથી ભાવનગરના શ્રી સંઘની સંમતિ સિવાય દિક્ષા આપવી નહી અને દરેક ગામ અને શહેરના સંઘને વિનંતી કરવામાં આવે છે કે સદરહુ પ્રતાપરાય જે જગ્યાએ હોય ત્યાંના સંઘે ભાવનગર શ્રી સંઘ ઉપર લખી મોકલવા મહેરબાની કરવી" આવા સંયોગોમાં અપાતી દીક્ષાઓ એ આજના સમાજની દુર્દશા, છિન્નભિન્નતા અને કુસંપોનું મુખ્યત્વે કારણ છે. આ વસ્તુસ્થિતિમાંથી ઉગરવા માટે અને કુસંપ દુર કરવા માટે જરૂર માલમ પડશે કે દીક્ષાને અંગે થએલા ઉપરોક્ત ઠરાવોનું પાલન થવું જરૂરી છે અને તે થશે ત્યારેજ જુદા જુદા સંઘોમાં શાંતિ પ્રસરશે.

—(૦)—

## શિષ્ય મોહ.

લુવારનીપોળના એક શ્રાવક લખી જણાવે છે કે- અમદાવાદમાં લુવારની પોલના ઉપાશ્રયમાંથી પન્યાસ મોતિવિજય મહારાજનો એક બાળ શિષ્ય લગભગ ૧૨ થી ૧૩ વર્ષની ઉમ્મરનો ગયા અઠવાડીયામાં વેષ છોડીને નાશી ગયો તેને જૈન સમાજનો ઉધ્ધાર કરવા માટે આનન્દસાગરે ફરીથી ઓઘો આપી પોતાની સાથે રાખેલો છે. (તે સાધુએ પોતાનો જુનો ઓઘો વાડામાં નાખી દીધો હતો) જૈન સમાજ દીક્ષાનો વધુ એક નમુનો જુઓ શાસ્ત્રના બણગાં ફુંકનાર આનન્દસાગરનો કેવો મજાહનો શીષ્ય મોહ ?

---

**લેખકોને જવાબઃ**—રા. રા. કાંતિલાલ ભોગીલાલ-તમારા કાગળની હકીકતની બાબતમાં જણવવાનું કે તે બાબતની વધુ તપાસ કરવામાં આવે છે.

**ગ્રાહકોને સુચના.**

સવિનય લખવાનું કે શ્રી જૈન યુવકસંઘ પત્રિકાના અંક ૨૪ માથી વી. પી. શરૂ કર્યાં છે, માટે દરેક ગ્રાહક મહેરબાની કરી સ્વીકારી લેશે, બીજું હમારા કોઇપણ ગ્રાહકને પત્રિકાના અંગે જે કંઇપણ ખાસ ફરીયાદ કરવી હોય તો વ્યવસ્થાપકને ઓફીસમાં મળવું અથવા લેખીત ખબર આપવી જેથી ઘટતું કરવામાં આવશે. ઓફીસ ટાઇમ સ્ટા. ૧-થી-૫.

પ્રેસની તથા બીજી અનુકુળતા ખાતર મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા હવેથી દર મંગળવારે પ્રગટ થશે.

વ્યવસ્થાપકઃ-ઓછવલાલ ચંદુલાલ.

---


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

**સારાભાઈ મગનભાઈ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.**

ઉપરોકત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકોશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી. ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળીયા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.


---

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૬ મો. | સંવત ૧૯૮૭ ના અ. અષાડ શુદ ૧૫ તા૦ ૩૦-૬-૩૧ | છુટક નકલ: ૦II આનો.

## એક મેળાવડો.

—(०)—

## સ્ત્રી કેળવણીનાં સન્માન.

—:*:—

શ્રીમતી વિદ્યાગૌરી મૂળચંદ કાપડીઆને બી. એ. ની છેલ્લી પરીક્ષા ઉભર્ણું કરવાને માટે અભિનંદન આપવાનો એક મેળાવડો શ્રી. મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસીટરના પ્રમુખપણા નીચે માંગરોળ જૈન સભાના હોલમાં રવિવાર તા. ૨૮-૬-૩૧ ના દિવસે થયો હતો. ચી. વિદ્યબ્હેન લાડુઆ શ્રીમાળી જ્ઞાતિના હોઇને આ પ્રસંગ તે જ્ઞાતિ તરફથી યોજવામાં આવ્યો હતો. અને જૈન જૈનેતર ભાઇ બ્હેનોની સારી હાજરી હતી.

શ્રી. મોતીચંદભાઇએ શ્રી. વિદ્યાબ્હેનને અભિનંદન આપતાં કેટલીક પ્રાસંગિક બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. વિદ્યબ્હેને યુનીવરસીટી સેટલમેંટ નામે જે ગૃહ ઓળખાય છે તેમાં રહીને અભ્યાસ કર્યો છે. આપણા વિદ્યાર્થીઓ માટે આપણી પાસે શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સંસ્થા છે અને ઇલાકાના કેટલાક શહેરમાં જૈન વિદ્યાર્થી ગૃહો છે ત્યારે ઉચ્ચ શિક્ષણ લેવા ઇચ્છા ધરાવતી બહેનો માટે આવી કાંઇ સગવડ નથી. આ પ્રશ્નનો ઉકેલ આપણે કેમ લાવી સકીયે તે માટે હું આપ સૌનું લક્ષ ખેંચું છું. સ્ત્રીએ કેટલુ શિક્ષણ લેવું? ગૃહમાં તેનું સ્થાન શું? જીવનયાત્રામાં તેનો ફાળો કેવો અને કેટલો હોઇ શકે? વિગેરે પ્રશ્નો ઘણીવાર ચર્ચાઇ ગયા છે. સ્ત્રીશિક્ષણ-માટે આજે વિરોધ નથી. હવે તો તેમના માર્ગમાં નડતી મુશ્કેલીનું કઇ રીતે નિવારણ થઇ શકે અને કેંદ્રસ્થાન ધરાવતા મુંબઇ શહેરમાં આપણે કન્યાશિક્ષણ માટે શું કરી શકીયે તે જોવાનું છે.

લાડવા શ્રીમાળી કોમને આપણે ભૂતકાળમાં ઘણો અન્યાય કર્યો છે. જૈનધર્મ વર્ણ અને આશ્રમમાં માનતો નથી. કોઈ પણ વર્ણનો સ્ત્રીપુરૂષ જૈન હોય તો તેઓ અરસપરસ ખાનપાન તથા લગ્ન વ્યવહાર રાખી શકે છે. મેં જૈન વિદ્વાનો તથા જૈન સાધુઓ સાથે ચર્ચા કરી છે પરંતુ તેમાં કોઇએ એ વ્યવહાર સામે વાંધો લીધો નથી. આપણા આ રાષ્ટ્રીય ઉત્થાન પછી આવતા પાંચ દશ વર્ષમાં આપણી હાલની જ્ઞાતિઓ રહેવાનીજ નથી માટે આપણી બધી પેટા જ્ઞાતિએ એકત્ર થઇ જવાની જરૂર છે.

ત્યારબાદ શ્રીમતી ગુલાબબહેન, શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારીઆ, શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ, શ્રી. જગજીવનદાસ મોદી, પંડિત લાલન, શ્રી. વીરચંદ પાનાચંદ વિગેરેએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં.

ગુલાબબહેને સ્ત્રીશિક્ષણને આગળ ધપાવવા ખુબ આગ્રહ કર્યો હતો. શ્રી. અંજારીઆએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવાની હિમાયત કરી હતી, પરંતુ આર્યસંસ્કૃતિને દૃષ્ટિ સમીપ રાખવાની એટલીજ જરૂર બતાવી હતી. શ્રી. જગજીવનદાસ મોદીએ વિદ્યાબહેનનાં શીલ, ગુણ, સ્વભાવ અને સરલ પ્રકૃતિનો પરિચય આપ્યો હતો. શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇએ જણાવ્યું કે વિદ્યબહેન ઉચ્ચ શિક્ષણ મેળવીને લાડુઆજ્ઞાતિ તેમજ જૈન કોમનું ગૌરવ વધાર્યું છે ઉદયન મંત્રી વિગેરે એજ જ્ઞાતિમાં ઉત્પન્ન થયા હતા. શ્રી સાગરાનંદસૂરીએ લાડુવા શ્રીમાળીને "મોદકીય" કહયા છે તે ગંભીર ભૂલ છે. લાડવા શ્રીમાળી કાંઇ લાડવા ખાતા અથવા લાડવા ખાવાની ઇચ્છાથી જૈન થયા હતા તેવું નથી પરંતુ તેઓ લાટ દેશમાં રહેતા તેથી તેમાંથી લાડવા વ્યુત્પન્ન થયેલ છે.

પંડિત લાલને જણાવ્યું કે વિદ્યા બ્હેને પોતાના નામને સાર્થક કર્યું છે, અને હું તો ખરૂ અભિનંદન વિદ્યાબ્હેનને વિદ્યાભ્યાસમાં પ્રોત્સાહન આપનાર તેમના માતાપિતા તથા કુટુંબીઓને આપું છું.

શ્રી. વીરચંદ પાનાચંદ શાહે જણાવ્યું કે આપણા ગરીબ દેશમાં બેકારીને કારણે આજે શિક્ષિત વર્ગ વિશેષ દેખાય છે પરંતુ દેશની વસ્તિના પ્રમાણમાં આપણે ત્યાં ભયંકર નિરક્ષરતા પ્રવર્તે છે. વિદ્યાબ્હેન જેવા થોડાં ગુજરાતી ગ્રેજ્યુએટ બહેનો આપણી નજરે આવે છે પરંતુ તે સંખ્યા ઘણીજ થોડી છે. આજે જૈન સ્ત્રીસમાજ હજુ ઘણો અશિક્ષિત છે શ્રી. વિદ્યબહેન જેવાં સુશિક્ષિત બહેનોની સહાય લઇને આપણે આપણા સમાજને કેળવી દેશના પ્રશ્નો બહેનો પાસે મુકવા જોઇશે અને તેઓના સહકારથી દેશ મુક્તિને માર્ગે વહેલો જઇ શકશે.

ત્યારબાદ શ્રી મોહનલાલ રતનચંદ પારેખે માનપત્ર વાંચ્યું હતું અને શ્રી વિદ્યાબ્હેને તેનો બહુજ સુંદર અને ભાવભીની ભાષામાં જવાબ આપ્યો હતો. તેઓએ જણાવ્યું કે આપણા સમાજમાંથી ઉચ્ચ સ્ત્રીશિક્ષણ માટેની ટીકા તદન નાબુદ થઇ નથી. ટીકાની દરકાર કર્યા સીવાય માબાપોએ ઉચ્ચ આદર્શ લક્ષમાં રાખી પોતાની કન્યાઓને ઉચ્ચ શિક્ષણ આપવાની પરમ આવશ્યકતા છે. "સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ લીધા પછી ઘરકામ માટે નાલાયક બની જાય છે" આ આક્ષેપનો હું સદંતર ઇન્કાર કરૂં છું અને મારો અંગત અનુભવ પણ તેમ કહેવાને ના પાડે છે. જે વસ્તુ નેપોલીઅને કહી છે તેનું હું ફરી સ્મરણ કરાવું છું કે તમારે દેશને ઉન્નતિને પંથે લઇ જવો હોય તો તમારા દેશની કન્યાઓને સારૂં શિક્ષણ આપો.

ત્યારબાદ પ્રમુખને તથા વિદ્યબ્હેનને હારતોરા આપ્યા હતા અને શ્રી ધરમચંદ દીપચંદ પારેખ તથા શ્રી છગનલાલ મોતીચંદ સાહ તરફથી સૌ આમંત્રિત ગ્રહસ્થોનો આભાર માન્યા પછી મેળાવડો વિસર્જન થયો હતો.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# મહાવીર જૈન વિદ્યાલય.

——(૦)——

આપણી આ કેળવણીની સંસ્થા સામે સબળ મહારથીઓનો વિરોધ ત્રણ વરસથી ચાલુ હોવા છતાં તે સંસ્થા ચોકસ દિશાએ વિશેષ પ્રગતિ કરતી રહી છે. કેળવણીની આવી સંસ્થા સામે પોકાર કરનારાઓ ચોક્કસ તેમની માની લીધેલી ખામી ખાતર આવા પગલાં લે છે. પણ તેઓ આવી સંસ્થા સ્થાપવા માટે કોઇ પણ પગલાં ભરતાં નથી તેથી તો એમજ સમજી શકાય કે તેમને કેળવણીની સંસ્થાઓ સામેજ વાંધો છે કહેવાતી ખામી તો ફક્ત બાનારૂપ છે. જૈન કોમમાં કેળવણીનો ફેલાવો વધતો જાય છે ને આવી સંસ્થામાં લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે. ચાલુ સાલના બરોબર આંકડા હાલ અમારી પાસે નથી પણ સાંભળવા મુજબ ઘણા વિદ્યાર્થીઓને જગ્યાને અભાવે નિરાસ થવું પડયું છે. સમાજે આ બાબતનો ખાસ વિચાર કરવાનો છે ને આવી સંસ્થાઓને પુષ્ટ રાખવાની તેમજ જે સ્થળે વિદ્યાલયો કે બોર્ડીંગો ન હોય ત્યાં સ્થાપન કરવા માટે કટ્ટીબધ્ધ થવાની જરૂર છે શાસન પક્ષ કહે છે કે વિદ્યાલયમાં અભ્યાસ કરનારાઓ ધર્મને ઉપયોગી નીવડતા નથી ધર્મનો દ્રોહ કરનારા હોય છે આવી વાતો ફેલાવવા પ્રસંગે તેઓ પાસે કોઇ આધાર હતો નથી છતાં ભોળી ને અજ્ઞાન શ્રદ્ધાળુ સમાજ જેમને વધુ વિગતમાં ઉતરવાની ફુરસદ હોતી નથી તેમના મન ઉપર ખરાબ અસર નીપજાવે છે. યુવાનોએ ને વિદ્યાર્થીઓએ આ વસ્તુ સામેનો વિરોધ, આ વસ્તુની અસત્યતા વર્તનથી કોમ સેવાથી ખોટી પાડી આપવાની ખાસ જરૂર છે. લાંબા ભાષણો કે વિતંડાવાદ કાંઇ અસર કરી શકશે નહિ. કોમના ગરીબ ભાઇઓની સેવાના વ્રત ને તેનો અમલ ઘણાં ઉપયોગી નીવડશે. સેવાના કામ તેમને સોંપે કે ણ? સેવા કરવા માટે વિદ્યાર્થીઓ સમય આપે પણ તેને સગવડ આપવી, જરૂર પાડતા દ્રવ્યની સગવડ કરવી તે કોમના આગેવાનોની ફરજ છે. પણ જ્યાં ખુદ વિદ્યાલયનીજ મેનેજીંગ કમીટી સંસ્થાના વિદ્યાર્થીઓને મેનેજીંગ કમીટીમાં કો. ઓપ્ટ કરીને સંસ્થાના વહીવટમા ભાગ લેવાની તક ન આપે તેની જનરલ કમીટીમાં જુના વિદ્યાર્થીઓને એક પ્રતિનિધિ મેનેજીંગ કમીટીમાં ચુટવાનો હક આપવાની દરખાસ્ત રજુ થય તો દરખાસ્તને ઉડાડવામાં આવે. એટલુંજ નહિ ખુદ મેનેજીંગ કમીટીના સભ્યો તે દરખાસ્તનો વિરોધ કરે એ સ્થિતિ ઘણી શોચનીય છે એવી સ્થિતિમાં કોમના બીજા ખાતાઓ કાર્યવાહકોને શુ કહી શકાય? આ સંબધી એક લેખ અમોએ આ પત્રિકામાં પ્રગટ કર્યો છે. તે સંબંધમાં 'મેનેજીંગ' કમીટીએ શું કહેવાનું છે તે હવે સમાજ પાસે રજુ થવુ જોઇએ. આ સ્થિતિમાં સુધારો થવાની તાકીદે જરૂર છે સંસ્થા હજી પણ વિશેષ પ્રગતિ પામે તેટલું ઇચ્છી આ લેખ પુરો કરીયે છીએ.

# સાગરાનંદના કુતર્કો.

——(૦)——

## કલ્પાંતની કિમ્મત એક આનાથી પણ ઓછી.

રામસાગરનો પંથ અને શિષ્યો વધારવાનો મોહ એટલો વધી પડયો છે કે ટાણે અને કટાણે જૈન સમાજના કકડા પાડી તેમાંથી જુદો પંથ સ્થાપવા પ્રયત્ન કરી રહ્યા છે.

ઝેરી પ્રચાર સોસાયટીના સભ્યોને જુદા પંથમાં રહેવા ફરજ પડે અને તેમને બીજા સહકાર કદી નજ આપી શકે તેવી વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા ઝેરી પ્રચાર વ્યાખ્યાનમાં કરે છે. જેમ સર્પના મોંમાં આંગળી નાખવી તે ભયંકર છે, વીંછીને હાથ લગાડતાં ભયંકર વેદના સહન કરવીજ પડે છે, અંગારાને હથ અડકતાં પીડા વહોરવીજ પડે છે. વાતચીત કરતાં ટાપલી મારવાની ટેવ હોય છતાં ને જગ્યાએ કાંટા મૂકયા હોય તો ભોંકાયા સિવાય રહેતા નથી. તેવી રીતે સોસાયટી સિવાયના બીજા દરેકને ભલે ગમે તેવા સારા દેખાતા હોય તો પણ તેમને તેવા ભયંકર માની સમાજમાં છિન્ન-ભિન્નતા કરવા મિથ્યા પ્રયત્નો સેવે છે.

## ઉપદેશ આપવાનો બીજાને અધિકાર નથી.

'જેમ કેઇ ફંડમાં નાણા નભરનારને તે માટે બોલવાનો અધિકાર નથી તેમ ત્યાગીઓ સિવાય બીજાને યોગ્યતા કે અયોગ્યતા સંબધી બોલવાનો અધિકારજ નથી' આવા ઉપદેશના અભાવે શિથિલાચાર ખુલ્લો પડી જવા ભય રહે છે. 'દીક્ષાના વારોધી નથી–સાધુતાના પુજારી છીએ. તે શબ્દોમાં વિશ્વાસ ન મુકવા ભલામણ કરે છે.' નહિંતર તેમના જેવા વેષધારિનું સ્થાન કયાં રહે?

'મા બાપ, સ્ત્રી, બાળક વિગેરેના કલ્પાંતની કિમ્મત એક આનાથી ઓછી:—

દીક્ષા એ મોક્ષનું સાધન છે. તો મા બાપ કે સ્ત્રી કે સગીર વયના બાળકો કલ્પાંત કરે તેની કિમ્મત કરતાં દીક્ષાની કિમ્મત ઓછી છે. કોઇ દીવાળું કાઢનો હોય તેની પાસે ડુબતાં નાણાંમાં વિધવા કે સગીરવયના બાળકોના નાણાં પણ જાય તેમાં એવો કોઇ કાયદો છે કે પ્રથમ વિધવા કે બાળકને આપવા અને પછી વધે તો બીજાને ફાળો આપવો તો પછી કલ્પાંતની કિમ્મત શું વધી? ઘણી લીમીટેડ કું એ છે. તેના શેરો વિધવા કે સગીરવયના બાળકો પાસે પણ હોય તેમને શેર દીઠ એક આનો વધારે વ્યાજ આપવાનો કાયદો છે? તો પછી કલ્પાંતની કિમ્મત એક આનાથી પણ ઓછી થઇ ખરી કે?'

આવા કુતર્કો કરી, ભેજાંની કચુંબર કરે છે. ત્યારે એમ લાગે છે કે સાગરજીની તર્ક શકિત આટલી બધી નિર્માલ્ય હશે? અથવા તો ઇરાદાપૂર્વક ભોળા લોકોને ભરમાવવા મથતા હશે. જેને કશો સંબંધ કે મેળ નથી તેવા તેવા કુતર્કો કરવા અને વેશને લજવવાની પ્રવૃત્તિ કરવા જતાં, ગૃહસ્થપણાનાં લક્ષણ હોય તે પણ ભુલી જાય છે.

પરમાત્મા તેમને સદ્બુદ્ધિ આપે અને જૈન સમાજ આવી લોભાગુ દલીલમાં ન ફસાય અને ખરી સાધુતાના પૂજારી બને.

લી૦ એક જૈન.

# આપણું દ્રષ્ટિબિન્દુ.

યુવકો તરિકે યુવકોમાં સાહસ, પ્રેમ અને સેવાભાવના હોવા જોઈતા મૂળ સૂત્રોના પૂજક તરિકે આપણુ દ્રષ્ટિબિન્દુ વેરનો પ્રતિશોધ કે 'શઠં પ્રતિ શાઠયમ્' નહિં પણ ઝેર સામે સમતા અને દ્વેષની સળગતી ભઠ્ઠી પ્રતિ પ્રેમવારિની વર્ષાજ હોઇ શકે. બાહ્યદ્રષ્ટિથી જોનાર જનતા ભલે માની લ્યે કે સાસન રસિક સોસાયટીનો સામનો કરનાર તેજ યુવક સંઘ અને 'વીરસાસન'ના ભારોભાર નિંદ્ય લખાણો સામે કલમ ચલાવનાર એજ 'યુવક સંઘ પત્રિકા. આ માન્યતામાં ભલે સત્યનો અંશ હોય, છતાંએ શાશ્વત સત્ય તો નજ લેખાય. કદાચ એ માર્ગે યુવકોનું નાવ હંકારાતુ હોય તો સાંખી પણ નજ લેવાય 'વીર શાસન' એ નથી તો પરમાત્મા મહાવીર દેવના કરૂણા ભરપુર શંદેશને વિશ્વ ભરમાં પ્રચાર કરનારૂ અઠવાડીક કિંવા નથી તો એ જૈન ધર્મનો વિજયવાવટો ફરકાવનાર સચોટ, હૃદય સ્પર્શી અને દલીલ પુરસ્સર લેખો સર્જન કરતુ સાપ્તાહિક એના કટાક્ષો અને નિંધ લખાણો વડેજ મૂલ્ય અપાઇ ચુકેલ માત્ર એ એક ધર્માંધ સાધુ પક્ષીઓનુ કલહ ઉત્પાદક વર્જિંત્ર છે. એની લેખિની કેટલી હદે ઝેરમય છે તે નીચેના ફકરાથી દ્રષ્ટિગોચર થાય છે. જૈન ધર્મ પ્રકાશમાં આવતા મૌકિતના લેખ સામે કાગળ કાળા કરતા એનો હૃદયનો ઉભરો કેવી ગલીય રીતે જગત જેમના પ્રતિ મીંટ માંડી રહ્યું છે એવા પૂજ્ય ગાંધીજી પ્રત્યે ઠાલવી રહયું છે તે સાફ જણાઇ આવે છે. એ મહાપુરૂષનુ નામ લખવાની હિંમત ડરપોકપણાથી થઇ શકી નથી છતાં અંતરનો ઉકળાટ તો દિશિ આવે છે. લખાણજ લેખકના જાતિ કુળનુ ભાન કરાવે છે! આ રહ્યા તે કાતીલ શબ્દો "હથેલીમાં ચાંદ બતાવી સારાએ જગતને છેતરનાર અને મોટી મોટી વાતોથી અજ્ઞાન જનતાને ભોળવનાર તેમજ અનેકને પાયમાલ કરનાર **મહાદંભી આત્માના** યશોગાન ગાનાર અધર્મી આત્માને ઉપાશ્રયોમાં દુકાનદારી ખેલાતી જણાય તેમાં કાંઇ નવાઇ નથી...... **ઘોર મિથ્યા દ્રષ્ટિનો** પરિચય તેમજ પ્રશંસા સમકિતનાં દૂષણો ગણાય છે. જેનામાંથી જૈનત્વ નાશ પામી ગયું હોય તેને સમ્યકત્વની કીંમતજ ન હાય."

(વીરશાસન તા. ૮-૫-૩૧ અધર્મ પ્રકાશનો પરિચય) આ ટાંકી હું તો એટલુંજ કહેવા માંગુ છું કે આવી નિંદા કરવાનુ કાર્ય આપણા સરખા યુવકોથી નહીજ થાય, ધર્મ અને સમ્યકત્વના નામે એ આખુ તંત્ર કેવળ ધુમાડાના બાચકા ભરી રહ્યું છે! જયાં ચણતરજ ઉધું ત્યાં પછી વિચાર વિનિમય કે ન્યાય-યુકિતનાં દર્શન કયાં? આમ છતાં એ તંત્ર પાછળ આથડીયાં કરનાર માનવીઓ, સાધુ કે શ્રાવક ગમે તે હોય-પ્રત્યે રોષ ન હોય. તેમના જેવી સ્વચ્છંદતાનું પિંજરણ આપણે ન પીંજીએ, જરૂર એ તંત્ર સામે ઝઝુમીએ, એને સુધારીએ કે ખુઠ્ઠુ બનાવીએ પણ પ્રેમના માર્ગે અને સુજ્ઞ ઉચિત દલીલોથી. સોસાયટી કરતાં આપણો માર્ગ નિરાળોજ હોય. 'બાબા વાકયમ્ પ્રમાણમ્' કે 'બકરી બાઇની જાનમાં ઉંટ ભાઇના ગાન' જેવું આપણને નજ પાળવે. એટલે એવું નકામું છોડી દઇને પણ સંગઠન અને સાચી બાબતનો પ્રચાર તો એના કરતાં વધુ ચીવટથી કરવો રહયો. એમાં આપણો ભાવ એ સીશોટી બાઇને દફનાવવાનો નહિ પણ જનતા સમક્ષ સત્યનો પ્રકાશ કરવાનો હોય, એટલે આપણા વિચાર, વાણી અને વર્તનમાં સાહસ, પ્રેમ અને સેવાભાવ રૂપ ત્રિપુટી જોરથી કામ કરતાં હોય છતાં એમાં દ્વિધાભાવ ન હોય.

આપણી પત્રિકા સચોટ શૈલીમાં કુચ કરે, છતાં ભાષા વિવેક ન ભૂલે. સત્ય રજુ કરતાં ગભરાય નહિં પણ જુઠાણા તો નજ સંઘરે, આપણા ભાષણ તીખા ને સોંસરા ઉતરી જાય તેવા હોય છતાં અંગત કે જૈન ધર્મના મૂળ તત્વોને ઘા કરનારા તો નજ હોય. આપણી ભાવના સંપ માટે તલપતીને નિર્મળ હોય, એ તડાના વિસ્તારથી રાજી ન થાય. બાંધછોડથી પણ એ ઐકયતંતુની દ્રઢતા ઇચ્છે. આ માટે સંમેલનો કે પરિષદો, ભ્રમણને પર્યટન, પ્રેસને પ્લાટફોર્મ આદિ સર્વ સાધનોનો સથિયારો શોધીએ ને ચાલુજ રાખીયે.

લી. 'સમયધર્મી'

# ધર્મ-શિક્ષણ.

---(૦)---

૭.

હવે પ્રતિક્રમણ સૂત્રો કેવી રીતે અને કઇ ઉમ્મરે શિખવવા તે વિચારીએ.

મ્હેસાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાની સં. ૧૯૮૪ ની સાલની વાર્ષિક પરીક્ષાના વિદ્વાન પરીક્ષકો પં. ભગવાનદાસ હરખચંદ અને રા. હીરાચંદ દેવચંદના રીપોર્ટમાંથી આ બાબત સંબંધી નીચલો અભિપ્રાય મળે છેઃ—

"વિદ્યાર્થીઓ સારા અક્ષરથી અને મુદ્દાસર લખી શકતા નથી તેમજ ગુજરાતી લખાણમાં ઘણી ભૂલો કરે છે. માટે સારા અક્ષરે અને ગુજરાતી ભાષામાં મુદ્દાસર લખાણની ટેવ તથા ગુજરાતી ભાષાના જ્ઞાનની આવશ્યકતા છે.

સંસ્કૃત અભ્યાસ શરૂ કર્યા પહેલાં, ત્રિવેદીકૃત ગુજરાતી વ્યાકરણનો ભાગ પહેલો અને બીજો વિદ્યાર્થીઓને શિખવવો જોઇએ કે જેથી સંસ્કૃત ભાષાનો ગુજરાતી ભાષા સાથે સંબંધ ખ્યાલ આવે અને સંસ્કૃત વાકયોનો શુધ્ધ ગુજરાતીમાં તરજુમો કરી શકે. સંસ્કૃત પહેલી બુક પુરી થયા પછી તુરતજ વિદ્યાર્થીને સંસ્કૃત સાહિત્યમાં પ્રવેશ કરાવવા માટે કથામુકતાવલી તથા કુસુમાંજલી જેવી નાની નાની પુસ્તિકાઓ અને સાથે બીજી બુકનો પણ અભ્યાસ ચાલુ રખાવવો.

જેઓ સંસ્કૃત વ્યાકરણ ભણવાની ઇચ્છાવાળા હોય તેઓ પણ સાથે કાવ્યાદિનો અભ્યાસ ચાલુ રાખે એ ઇષ્ટ છે અને આ રીતે તેઓનો વ્યાકરણના અભ્યાસની સાથે સાહિત્યમાં પણ પ્રવેશ થઇ શકે પ્રતિક્રમણ સૂત્રો ચોખ્ખાં અને સ્પષ્ટ ઉચ્ચારથી શીખવવા અને તેના અર્થ પાછળથી તેને કાંઇક પ્રાકૃત ભાષાનો પરિચય થયા બાદ શીખવવા.

જેઓને સંસ્કૃત બીજી ચોપડીના ઓછામાં ઓછા પંદર પાઠ થયા હોય તેઓને પ્રાકૃત ભાષાનો સંક્ષિપ્તમાં પરિચય કરાવવો અને ત્યારબાદ પ્રતિક્રમણ સૂત્રના અર્થ ચલાવવા. જીવ વિચારાદિ પ્રકરણો કેવળ મૂળમાત્ર નહિ શિખવતાં અર્થ સાથેજ શિખવવા કે જેથી વિદ્યાર્થીઓની શકિત ઉપર નકામો બોજો ન પડે. + + + તેના (ઇંગ્રેજી ભાષાંના) બદલે વિદ્યાર્થીને ગુજરાતી ભાષાનું સંગીન જ્ઞાન આપવાની જરૂર છે કે જેથી

તેઓ શુધ્ધ લખી અને બોલી શકે તથા પોતાના વિચારો બીજાને સારી રીતે સ્પષ્ટતાપૂર્વક શુધ્ધ ગુજરાતીમાં સમજાવી શકે.”

આ વજનદાર અભિપ્રાય ઘણોજ મનનીય છે. તેનો પ્રથમ મુદ્દો ગુજરાતી ભાષા પરત્વેનો છે. ગુજરાતી ભાષાનું **સંગીન જ્ઞાન** આપણા વિદ્યાર્થીઓ માટે અતિ આવશ્યક છે. સર્વ પ્રકારનું શિક્ષણ માતૃભાષામાં આપવું જોઇએ એ તો અત્યારે સર્વમાન્ય સિધ્ધાંત છે. તેમાંથી ધર્મશિક્ષણ કંઇ અપવાદ તરીકે ગણી શકાય નહિ. ધર્મ સારાયે જીવનને સ્પર્શે છે તેથી તેનું શિક્ષણ તો **ખાસ કરીને** માતૃભાષામાંજ આપવું ઘટે. આગળ કહેવાયું છે તેમ માતૃભાષા આપણો પ્રાણ અને બળ છે કારણ કે તેમાંજ આપણે વિચારીએ છીએ અને જીવન જીવીએ છે. આ રીતે જોતાં, ધર્મશિક્ષણને લગતી આપણી શિક્ષણમાળાઓમાં જેટલે અંશે માતૃભાષાને મહત્ત્વ અપાયું છે અને તેનેજ વાહન તરીકે ગણવામાં આવ્યું છે તેટલે અંશે તે આવકારદાયક છે.

સંસ્કૃત જેવી પ્રૌઢ ભાષા મુકીને આપણા પુર્વાચાર્યોએ મુળગ્રથો પ્રાકૃતમાં લખ્યા તેનું કારણ એજ છે કે પ્રાકૃતભાષા તે વખતે પ્રચલિત લોક ભાષા હતી અને આબાળવૃદ્ધ સર્વે લોકો-અરે સ્ત્રી, મૂઢ અને મૂર્ખ પણ સહેલાઇથી સમજી શકે તે માટેજ તે વખતની માતૃભાષામાં-તે વખતના હિંદની લોકભાષામાં-પ્રાકૃતમાં જૈનગ્રંથો લખાયા અને શ્રી મહાવીરે પણ તેજ ભાષાનો આશ્રય લીધો હતો કારણકે જે વીરપ્રભુએ ધર્મનાદ્વાર સર્વમાટે ખુલ્લા મુકયા તેમની ભાષા લોકભાષાજ હોઇ શકે. માતૃભાષામાં જે વિચારણા થઇ શકે છે-જે સમજણ આવી શકે છે તે પ્રાચીન લુપ્તપ્રાય ભાષામાં કદી બની શકેજ નહીં. આ અનુભવ સર્વ સામાન્ય છે. ધર્મના બીજ ઉંડા વાવવા હોય, તો શિક્ષણ તો શું,-પણ પ્રાર્થનાઓ-ધાર્મિક ક્રિયાઓ-લગ્નાદિ સંસારીક ક્રિયાઓ પણ માતૃભાષામાં કરવામાં આવે તો, જીવન કંઇ અનેરી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરે એ મને તો નિઃસંશય વાત લાગે છે.

આમ છતાં, જૈન ધર્મ શિક્ષણને અંગે સંસ્કૃતપ્રાકૃત ભાષાઓના અભ્યાસની મહત્ત્વ હું ઘટાડવા ઇચ્છતોજ નથી. હવે મજકુર અભિપ્રાયનો બીજો મુદ્દો લઇએ.

સામાન્ય રીતે ઇંગ્રેજી ત્રીજા ધોરણથી કે બાર તેર વર્ષની ઉમ્મરથી સંસ્કૃત ભાષાનો અભ્યાસ શરૂ કરવામાં આવે અને ઉપલા વિદ્વાન્ પરીક્ષકોએ જણાવ્યું છે તેમ, સંસ્કૃત બીજી ચોપડીના ઓછામાં ઓછા પંદર પાઠ થયા બાદ એટલે કે ઇંગ્રેજી પાંચમાં છઠ્ઠા ધોરણમાં **પ્રાકૃત ભાષનો** પરિચય કરાવવામાં આવે તો મેટ્રીક સુધીમાં આ બને ભાષાઓનું સામાન્ય જ્ઞાન જૈન વિદ્યાર્થીઓને મળી શકે. આ બાબત પર આપણી જૈન હાઇસ્કુલોએ કે બીજી તેને મળતી સંસ્થાઓએ કદી ધ્યાન આપ્યું છે ? તેવું ધ્યાન અપાયું હોય એમ મારી જાણમાં તો નથી.

પરંતુ અત્રે એક બીજો મહત્વનો પ્રશ્ન વિચારવા જેવો છે. તે એ છે કે સંસ્કૃતના અભ્યાસ પછી પ્રાકૃતનો અભ્યાસ કરાવવો કે પ્રાકૃત ભાષાનો અભ્યાસ સંસ્કૃતના અભ્યાસ પહેલાં કરાવવો આ બાબત હવે પછી વિચારીશું.

લી૦ ઉ. દો. બ.

આ લેખમાળાના ૧ થા ૬ સુધીના ભાગો જૈન યુગમા પ્રસિદ્ધ થયેલા છે.

# ( ક્રાન્તિ ભ્રાતા. )

—ગતાંકથી ચાલુ—

વિરશાસન પત્ર લખે છે કે યુવક સંઘ તરફથી પત્રિકાઓ પ્રગટ થતી તેમાં યુવકોએ આગમોને ફતવા શાસ્ત્ર કીધું છે જ્યારે સોસાયટી સમાચાર તા. ૧૬-૬-૩૧ માં કાર્યવાહક મોતીભાઇને ઉદ્દેશીને લખે છે કે “સાંજવર્તમાનમાં યુવક સંઘ તરફથી પત્રિકાઓ પ્રગટ થતી તેમાં જન સાધુઓ પાંચ મહાવ્રતધારી પઠાણો છે, તેઓએ હિમાલયની ગુફામાં ચાલ્યા જવું જોઇએ, સાધુઓ ગુંડા છે, શસ્ત્રો ફતવા છે, એને બાળી ભસ્મ કરવાં જોઇએ.”

હજુ પણ યુવક સંઘ દુનીયાની સમગ્ર શકતી એકઠી કરીને મોટો સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરે છે કે જૈન સાધુએ પાંચ મહાવ્રતધારી પઠાણો છે તેનો અર્થ એ છે કે જે જે સાધુઓએ પઠાણના કામો કર્યા હોય-કરતા હોય તે બધા પઠાણ છે. તે પાંચ મહાવ્રતધારીને આત્માનું કલ્યાણ કરવું હોય તો હીમાલયની ગુફામા ચાલ્યા જાય. સાધુઓ ગુંડા છે તેનો અર્થ ગુંડા જેવા જેમના કર્તવ્યો છે તેનેજ ગુંડા ગણવાના છે. તેના દાખલા ઘણા છાપાદ્વારા બહાર પડી ગયા છે. પાટણમાં જે સંતોના આગમન વખતે શાંતી પ્રસરવી જોઇએ તેને બદલે લોહીછાંટણાં થાય તેનો અર્થ તે સાધુઓમાં ગુંડાપણું જરૂર છે. પાટણના સંઘને ગાળો ભાંડે તે નેમીશ્વર પ્રભુના દરબારમાં કર્મ ખપાવવાનો ડોળ કરનાર તે સાધુ કે સૂરિ ગુંડા હોય તેજ દંભસેવી અજ્ઞાન ભરેલી પ્રજાને ભમાવી ગુંડા સાહીનું કામ કરી શકે. શાસ્ત્રો ફતવા છે. એને બાળી ભસ્મ કરવા જોઇએ તેનો અર્થ વીરશાસન તેમજ સોસાયટી સમાચારના તંત્રી જાણે છે છતાં ભોળી પ્રજાને ફસાવવા આશ્રવ નામની દુકાન ખોલી ઉંધા અર્થ કરે છે. સમાચારના અને વિરશાસનપત્રના તંત્રીને લખવામાં આવે છે કે જાઓ પુછો શાસ્ત્રોનો અર્થ તમારા ગુરૂને. તમારા ગુરૂ ના જાણતા હોય તો આ પત્રની કોપી લઇને વિજયનેમીસૂરિજી પાસે જાઓ-અર્થ પુછો અને વિજયનેમીસૂરિજી પોતાની સહીથી બહાર પાડે કે શાસ્ત્રો એટલે આગમો તો અમો વિજયનેમીસૂરિજી પાસે તે બાબત વાતાઘાટ કરવા તૈયાર છીએ તમારી તોફાની ટોળીના કીધાથી અમો શાસ્ત્રો એટલે આગમો માની શકવાના નથી અને તેથી હજુ પણ સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરીએ છીએ કે જેટલા શાસ્ત્રો જૈન ધર્મની અંદર કલેશ-કંકાશ અને સમભાવથી પતીત કરનારા હોય તે બધાને બાળીને ભસ્મ કરી નાંખો કે જેથી કરીને જૈનો સમભાવમાં રહીને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે. વિરશાસન પત્રને અને (રામ) જૈન પ્રવચનને ભવિષ્યની પ્રજામાં શાસ્ત્રો તરીકે જાહેર કરવા હોય તો અમો ના પાડતા નથી પણ ક્રાન્તીકારો ભવિષ્યની પ્રજાને સુઘોષા ઘંટ વગાડીને જાહેર કરે છે-કરશે કે તે શાસ્ત્રો જરૂર બાળી નાંખવા જોઇએ કે જેથી કરીને ભવિષ્યની પ્રજા સમભાવ ઉપરથી પતીત થાય નહિ. દોસ્ત•વિરશાસન પત્ર અને સોસાયટી સમાચાર પત્ર નોંધી લે કે યુવકો ખડે પગે તમારી સામે ક્રાન્તિના જોસથી તમોને જરૂર ત્રાહીત્રાહી પોકરાવી ભવિષ્યની પ્રજા માટે સમભાવનો આદર્શ જરૂર મુકશે.

લી૦ ક્રાન્તિ ભ્રાતા જૈન.

( અપુર્ણ. )

# ચોમાસુ રહેવા સાધુઓની સરતો.

## જ્ઞાન અને પુસ્તકોના નામે ફંડ.

### વંદનાને બહાને ભકતોને સાચવવાની પેરવી.

ચોમાસુ રહેવાનો જાહેર રીતે નિર્ણય થાય તે પહેલાં પોતાના ભકતોને મક્કમ રાખવા, ફંડ એકત્ર કરવા કે ચારણોની માફક ગુણગાન કરાવવા નવાજેશો કરવાની સરતો કરવા કોઇ કોઇ સાધુઓ કેટલીએક યુકિત પ્રયુકિત કરે છે, તેથી સમાજને ચેતી જવાની જરૂર છે તેઓ સમજે છે કે સમાજ તદ્દન અજ્ઞાન છે, એટલે હેતુ સમજી શકશે નહિ, તેમાં તેઓ ભુલે છે. અને બાજી ખુલ્લી પડતાં, પૂજયભાવ ઉડી જશે અને ધિક્કાર ઉત્પન્ન થશે.

અમુક ગામમાં ચોમાસુ રહેવાના નિર્ણયથી ગયા પછી અમુક દિવસે બપોરના ભેટ બાંધી વિહાર કરવા તૈયાર થાય છે. તે માટે ભકતો તરફના ચોમાસા માટે આગ્રહની તાણ પણ હોય છે. (સવારના સ્ત્રીવર્ગ તેમજ લોકો કામકાજમાં ગુંથાયેલા હોય છે તેમ તેઓ સમજે છે). ખાસ કરીને સ્ત્રીવર્ગ સાચું માની, આગ્રહ કરવા જાય છે. પુરૂષવર્ગની ગેરહાજરી ખાતર ઠપકા આપે છે. આગેવાનોને વગોવી પોતા પાસે બોલાવવા પ્રયત્ન થાય છે. છતાં ન ફાવે તો માણુસ મોકલાવી બોલાવે છે કે મહારાજશ્રી વિહાર કરે છે માટે બોલાવે છે, વિવેક થાય છે. ખોટા ખર્ચ કરવાની તાકાદ ન હોવાનું ભાન હોય છે એટલે ગોળગોળ વાતો થાય છે, અને એકાદ શબ્દ પકડી ચોમાસુ રહેવા નિર્ણય જાહેર કરે છે. આ રીતે આગ્રહવશ ચોમાસુ રહે છે તેવો ભાર મૂકે છે. પછી ધીમેથી શરતો રજુ થાય છે.

બહારગામની વંદના અર્થે શ્રાવકવર્ગ આવે તેમની સરભરા થાય અને માનપૂર્વક સચવાય તે માટે શું સગવડ છે? તેમના માટે રસોડું ચાલુ કરાવવા પ્રયત્ન કરે છે.

અમારે ચોમાસામાં પુસ્તકો જોઇએ અથવા તો ગ્રંથ છપાતો હોય તેની કોપી લેવી હોય તો તમારી પાસે શું સાધનો છે?

આવાં પુસ્તકો મોટે ભાગે તેમના આશ્રય નીચે ચાલતી સંસ્થામાંથીજ મંગાવવાના હોય છે. પુસ્તકોની જરૂરીઆત માટે નહિ. પરંતુ તે સંસ્થાને નાણાં પૂરાં પાડવા વી પી મંગાવાય અને તે પુસ્તકો પાછાં તેજ સંસ્થાને મોકલાવાય આ તો ફકત ફંડ મેળવવાની ઉજળી રીતભાત છે. તે માટે બારીક તપાસ કરવી ઘટે છે શા માટે તેમનીજ સંસ્થાના પુસ્તકોની કિંમત આપવી પડે છે. અને શું તેમને વાંચવા માટે પણ તેમાંથી મળી શકતાં નથી? આવી રીતે પૈસા આપતાં પહેલાં બહુ સાવચેતીની જરૂર છે. છતાં પુસ્તકો મંગાવવાજ પડે તેવું હોય તો ઉપયોગ પછી તેજ ગામમાં સચવાય તો વારંવાર ખર્ચમાંથી બચી જવાય.

કદાચ તબીયત બરાબર ન રહે તો બહાર ગામથી વૈદ્યને બોલાવી અપવા સગવડ છે? ગામમા મોટી સંખ્યામાં ડાકતરો તથા વૈદ્યો હોય છે તેમ તે જાણે છેજ પણ આતો વાર્ષિક નુવાજેશ કરવાની રીતી છે અથવા તો અમુક અમુક કામોમાં પોતાની જરૂરીઆત હોય તે માટે માણસો બોલાવવા પડે, તેના તમામ ખર્ચ આપવા શું સાધન છે? ભકતો બહાર ગામથી આવે તેમાં મહત્વતા સમજે છે. એટલે ભાડું આપીને પણ બોલાવવાનો ઇરાદો હોય છે.

જરૂર પડતાં કોઇ સંઘ સગવડ કર્યાવીના રહેતો નથી તે સર્વ કોઇ જાણે છે. પરંતુ આવી સરતો પાછળ હેતુઓ હોય છે તે જાહેરની જાણ માટે રજુ કરૂં છું. એક યુવક.

# એક કરૂણ કહીયત.

## અમાનુષિતાથી ઉભરાતો એક કિસ્સો

( જૈન પત્ર ઉપરથી )

શિષ્ય લોલુપ્તાની પાછળ મુનિ ધર્મને પણ ન છાજે તેવા જે કરૂણ કૃત્યો આજે જૈન સમાજને સળગાવી રહયાં છે. અને સમાજને ચોંકાવનાર એક પછી એક શરમ કથાઓ, જે સાધુતાની ભવ્યતાનો લોપ કરી રહેલ છે, તેમાં ઉમેરો કરતો આ કિસ્સો જરા વધારે હ્રદયભેદક નીવડે છે. ૧૯ વર્ષના એક બાળકને ભરમાવી દીક્ષાને નામે કોટડીમાં પુરવાની અને માથુ મુંડવાની અણછાજતી ઘટના આ કિસ્સામાં બને છે. આ પ્રસંગમાં સપડાઈ ગએલ ભાઇ નરશીદાસ પોતાનાજ શબ્દોમાં પોતાની દર્દકથા નીચેની વિગતે રજુ કરે છે. સમાજ આ કિસ્સો વિચારે અને આમ વધતી જતી ભયંકરતાનું નિવારણ કરે એટલુંજ આમાંથી પ્રાપ્ત કરવાનું રહે છે.

હું નીચે સહી કરનાર શાહ નરશીભાઇ પ્રેમચંદ રહેવાશી માંડળ તાલુકે વીરમગામ ઉમર વર્ષ ૧૯ આથી સત્ય પ્રતિજ્ઞા પુર્વક જણાવું છું કે—

હું છેલ્લા ૧ વરસ અને દસ મહિના થયા મહેશાણાની શ્રી યશોવિજયજી જૈન પાઠશાળામાં જૈન ધાર્મિક અભ્યાસ કરૂં છું જૈન તપગચ્છના સાધુ બુદ્ધિવિજયજી, તિલકવિજયજી તથા શાન્તિવિજયજીને હું કેટલોક વખત થયા ઓળખું છું. મુનિ શાંન્તિવિજયજી મુળ માંડળના રહીશ અને અમારા પાડોશી હતા તેથી મારે એ સાધુઓ સાથે ઓળખાણ થયેલી.

મારા મા-બાપ ગુજરી ગયેલ છે. મારી એક નાની બેન છે. તે માંડળમાં પરણેલ છે. હું ઉપરની પાઠશાળામાં મારીથી દાખલ થઇ અભ્યાસ કરૂં છું. મારી આંખો કાચી હોઇ ચશ્માની જરૂર છે. મેં મારી એ જરૂર સાધુ મહારાજોને જણાવેલી. તેઓએ મને એક કાગળ લખી અમદાવાદ શાહપુરમાં મંગળ પારેખના ખાંચાના ઉપાશ્રયે આવવા જણાવ્યું અને મારી આંખોની દવા ત્યાં કરવામાં આવશે એમ જણાવ્યું આ પત્ર મને તા ૮-૬-૩૧ ના રોજ સવારના મહેસાણા મળતાં હું તા ૮-૬-૩૧ ની બપોરની ગાડીમાં મહેસાણાથી નીકળી રાતના અમદાવાદ પહોંચ્યો. ગાડી ભાડે કરી શાહપુર પહોંચ્યો.

હું તારીખ ૯ અને ૧૦ શાહપુરના ઉપાશ્રયે રહયો. તા. ૮ ની રાત્રે સદરહું સાધુઓની સંમત્તિથી હું હોટેલમાં જમી આવ્યો હતો. તા. ૯ અને ૧૦ ના રોજ ગામમાં એક શ્રાવક વિધવાબાઇ ડાહીને ત્યાં જમાડવાનો પ્રબંધ કરેલો બે દિવસ સુધી મારા માટે ડોકટરની કે ચશ્માની વ્યવસ્થા કરી નહિ આપવાથી મેં કહયું કે " મને કાંતો ચશ્માની વ્યવસ્થા

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## સારાભાઈ મગનભાઈ મોદી લોન-સ્કોલરશીપ ફંડ.

ઉપરોકત ફંડમાંથી ચંચળ શ્વેતાંબર મૂર્તિપુજક જૈન વિદ્યાર્થીઓને અંગ્રેજી ચોથીથી સાતમા ધોરણ સુધી અભ્યાસ કરવા, દેશી અંગ્રેજી વૈદક શીખવા, તેમજ કળાકૌશલ્ય, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી, વીજળી, વિગેરેનું કામ શીખવા વગર વ્યાજે લોનરૂપે સહાય કરવામાં આવે છે. મદદ લેવા ઇચ્છનારે ઓનરરી સેક્રેટરીને ગોવાળ્યા ટેન્કરોડ, ગ્રાન્ટરોડ, મુંબઇ લખવું.

કરી આપો નહિતર હું પાછો "મહેસાણા ચાલ્યો જાઉં" આ સાધુઓની દાનત મને હરકોઇ રીતે ફસાવી દીક્ષા આપવાની હોવાથી તેઓ મારા આ શબ્દોથી ગભરાયા અને હું કયાંયે ચાલ્યો ન જાઉં એ માટે મારાપર જાપ્તો અને ચોકી પહેરો રાખવામાં આવ્યો.

તા. ૧૧ ના રોજ મને શાહપુરથી અમદાવાદ શહેરમાં ભટ્ટીની બારીમાં વીરના ઉપાશ્રયે લઇ જવામાં આવ્યો. મને કહ્યું કે ચાલો શ્રાવકને ત્યાં લઇ જઇ ત્યાં ડૉકટરને બોલાવી તમારી આંખ તપાસાવી ચશ્મા અપાવીએ. મારી સાથે સાધુ બુદ્ધિવિજયજી અને શાન્તિવિજયજી વીરના ઉપાશ્રયે આવ્યા વીરના ઉપાશ્રયમાં ઉપાધ્યાય મનોહરવિજય તથા બીજા બે સાધુઓ હતા. મને ઉપાશ્રયમાં એક કોટડીમાં લઇ ગયા. જે કોટડી ઉપાશ્રયમાં પેસતાં ડાબા હાથ તરફ છે. સાધુ મનોહરવિજય બુદ્ધિવિજય અને શાન્તિવિજય ઓરડીમાં મારી સાથે આવ્યા અને બીજા બે સાધુઓ બહાર ચોકી કરવા રહ્યા. મારી અનેક વિનવણીઓ અને અનિચ્છાઓ દર્શાવ્યા છતાં મને બળજબરીથી હજામ પાસે માથું મુંડાવરાવી સાધુના કપડાં પહેરાવવામાં આવ્યા. આ બનાવ બપોરના સાડાબાર વાગે કે જે વખતે તે સાધુઓએ દીક્ષાના મુહુર્ત તરીકે નકકી કરેલ હતો બન્યો. પછી મને ઓરડીમાં બપોરના બે અઢી વાગ્યાના અરસામાં ખાવાનું આપ્યું. લાકડાના પાત્રામાં ખાવાનું આપ્યું અને પાછળથી તે પાત્ર મારી પાસે ધોવરાવી તેનું એઠું પાણી પણ મને બળજબરીથી પીવરાવ્યું.

ત્યારબાદ વીરના ઉપાશ્રયથી સાંજના પાંચેક વાગ્યાના અરસામાં સાધુ બુદ્ધિવિજય અને શાન્તિવિજય મને શાહપુરના ઉપાશ્રયે લઇ ગયા.

મારૂં સાધુ તરીકેનું નામ નંદનવિજય જાહેર કર્યું અને મને સાધુ શાન્તિવિજયનો શિષ્ય બનાવ્યો પછી મારી પાસે બળજબરથી એક કાગળ માંડળ મારા કાકા ઉપર લખાવ્યો. અને બીજો કાગળ મહેસાણા પાઠશાળા ઉપર લખાવ્યો કે "મેં રાજીખુશીથી દિક્ષા લીધી છે વગેરે"

તા. ૧૨ મીના રોજ માંડળનો એક યુવાન રતિલાલ પ્રભુદાસ સાધુઓને મળવા આવેલો તે મને મળ્યો, ત્યારે મેં તેને કહેલું કે "મારી બહેનને મળવા દીધા સિવાય મને આમ ફસાવ્યો હોઇ મને ખુબ દુઃખ થાય છે." એ રતિલાલે માંડળ સમાચાર લખ્યા હશે જેથી તા. ૧૫ મીના રોજ માંડળથી મારા કાકાના દિકરા ભાઈ રતિલાલ તથા મણીલાલ તથા મારા બનેવી વોરા મણીલાલ કેવળદાસ મને મળવા આવ્યા. મેં તેઓને ખાનગીમાં મારી આપવીતી જણાવી. અને કોઇપણ ભોગે મારો છુટકારો કરવા વિનવ્યા. તેઓને મેં જણાવ્યું કે હું સાંજના વખતે કોઇપણ બ્હાને બહાર નીકળીશ અને મારા માટે કાંઇ વાહન તૈયાર રાખજો.

આ ચાર દિવસો દરમ્યાન મારી સાથે બહુજ હલકટ વર્તન ચલાવવામાં આવ્યું હતું. મને પુરૂં ખાવા પણ આપતા ન હતા. મને ઝાડા-પેશાબ માટે પણ બહાર જવા દેવામાં આવતો ન હતો. તેથી હું ખુબજ મુંઝાએલો. કોઇ અજાણ્યા માણસ સાથે વાતચીત પણ કરવા દેવામાં આવતી ન હતી. હું ચાર દિવસો દુઃખનો માર્યો રડયા જ કરતો હતો. મને લાગ્યું હતું કે આ કરતાં તો યરોડા અને વીસાપુરની જેલમાં દેશસેવા કરવા ગયો હોત તો હજાર દરજ્જે સારૂં થાત અહીં તો એ જેલો કરતાં પણ ભયંકર ત્રાસ મેં અનુભવ્યો. માંડળથી મારા સગાં વહાલાં આવ્યા તે વખતે પણ સાધુ બુદ્ધિવિજય વચ્ચે ઉભા રહેલા, પણ મે. યુકિત કરી અંગ્રેજીમાં એક વાકયમાં બધી સ્થિતિ મારા બનેવી મણીલાલને ધીમે રહીને કહી સંભળાવી.

સાંજના સાડા છ વાગ્યાના અરસામાં મેં જાજરૂ જવા જણાવ્યું. મને ત્યાંજ હાજતે જવા કહયું પણ મેં કહયું કે "આ ગંદકીમાં મને ઝાડો ઉતરતો નથી તેથી બહાર ખુલ્લામાં જવું પડશે" એક સાધુને મારી સાથે બહાર મોકલ્યો. જ્યાં મેં અગાઉથી તૈયાર રખાવેલ વાહનમાં બેસી હું નાસી છુટયો. અને તા. ૧૬ મીની સવારની ટ્રેનમાં નીકળી માંડળ પહોંચ્યો છું.

આ સાધુઓએ ભાભર ગામના બે છોકરાઓને આજ રીતે બે માસથી દીક્ષા આપી સંતાડયા છે. તેની માતા આવી કલ્પાંત કરી રહી છે. પણ હજુ સુધી તેના બાળકો પાછા સોંપવામાં આવ્યા નથી.

તા૦ ૧૬-૬-૩૧

લી૦ શાહ નરસિંહ પ્રેમચંદ
સહી દઃ પોતાના

## સંઘે પરવાનગી આપી નથી.

અમદાવાદ શામળાની પોળમાં સુરજબેન નામની કોઇ વિધવા રહે છે, જેની વય આશરે ૨૫ વર્ષની છે. અને તેને નારંગી નામની ૯ વર્ષની એક છોકરી છે. આ બંને મા-દિકરી ઉંઝામાં સાધ્વી શ્રી ધનશ્રીની પાસે દીક્ષા અંગીકાર કરવા માટે ગયેલ પરંતુ સંઘે આ દીક્ષા માટે સંમતિ ન આપી. પરિણામે દીક્ષા મુલતવી રાખવામાં આવી છે. દીક્ષા આપનાર આ વાતની તપાસ કરવા પુર્વે ઉપરોક્ત મા-દિકરીને દીક્ષીત ન બનાવે એ જરૂરી છે.

## ગુપ્ત દીક્ષા.

થોડા સમય પુર્વે ઉંઝામાં રહેલ એક સાધુએ, ઉંઝાની આસપાસના નાના ગામડામાં અમદાવાદના ૧૭ વર્ષના એક બાળકને ગુપ્ત રીતે દીક્ષા આપ્યાના વર્તમાન બહાર આવ્યા છે.

## વેશ ફેંકી દીધો.

કહે છે કે શાન્તિલાલ નામનો એક છોકરો તેની ફઇ (સાધ્વીજી)ને વાંદવા અમદાવાદ આવ્યો, અને પાછો દભોઇની ટીકીટ લઇ રવાના થયો. માર્ગમાં ભકત મંડળે છોકરાને હાથ કરી ઉંઝા ભેગો કર્યો અને......મુનિએ દીક્ષા આપવા સંઘની રજા માગી, પણ રજા ન મળી. બીજા દિવસે વિહાર કરી મેત્રાણા ગયા, ત્યાં સાધુના કપડાં પહેરાવવામાં આવ્યા, અને છોકરાને ઉપવાસ છતાં ત્યાંથી ૭ ગાઉ દુર ટુંડાવ ગયા. છોકરાને ઇચ્છા વિરૂદ્ધ કપડાં પહેરાવવામાં આવ્યા હોઇ ધર્મશાળામાંથી તે નાઠો, માર્ગમાં ઓઘો વગેરે ફેંકી દીધો, માર્ગમાં ભુલો પડતાં એક પટેલે ઉંઝા ભેગો કર્યો અને ત્યાંથી તે ડભોઇ પહોંચી ગયો.

જૈનમાંથી.

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કર્યો છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૭ મો. | સંવત ૧૯૮૭ ના અ. અષાડ વદ ૭ તા૦ ૭-૭-૩૧ | છુટક નકલ : ાા આનો.

## નાલાયક જ્ઞાતિ પટેલોને સવેળાની ચેતવણી.

### નવયુગ પીછાનો—નહિં તો—પદભ્રષ્ટ બનશો.

લેખકઃ—સર્વદમન.

અત્યારની આપણી સમાજ રચના સદંતર સડેલી છે અને તે પુનઃ ચના માગે છે તે વિષે બેમત ન હોઇ શકે. અત્યારના પ્રગતિમાન યુગમાં આપણી નાની નાની જ્ઞાતિઓ કેવા સંકુચિત વાતાવરણમાં પોષાય છે અને તેનાં માઠાં ફળોનો આપણી સમગ્ર સમજપર કેવો અનિષ્ટ પડછાયો પડે છે તે બીના અત્યારે જાહેરાત વગરની નથીજ રહી. આપણા જ્ઞાતિ પટેલો કેટલા આપખુદ, અજ્ઞાન, સ્વાર્થાંધ અને પીછેહઠ મતિ વાળા હોય છે તેનો અનુભવ વ્યકત કરવાની જરાયે આવશ્યકતા નથી. આજે તો નવયુગનાં જોસભર્યાં આંદોલનોથી રંગાયેલો યુવક તે બધાં બળોની સામે પડકાર પાડે અને જ્ઞાતિઓનું સંગઠ્ઠન કરી આપણાં નિર્બળ ઝરણાંઓને વિપૂલ બનાવવા મથે તે વિષે સ્વપ્નાં સેવવાનાં હોય. જ્ઞાતિગંગા નિર્મળપ્રવાહમાં આજે મળ ભેળાયો છે તે દુર કરવા શા ઇલાજ લઇ શકાય તેજ અત્રે વિચારવાનું છે.

જ્ઞાતિઓમાં સુધારાની પૂર્ણ આવશ્યકતા છે. જ્યાં સુધી વંશ વારસાની શેઠાઇ નષ્ટ ન પામે ત્યાં સુધી આપખુદ સત્તા નિર્મળ થવી અતિમુશ્કેલ છે. આજના શેઠો બીન કેળવાયેલ પક્ષપાતી અને બીન કુશળ છે એ સત્ય બીના છે. પ્રત્યેક જ્ઞાતિના યુવાનોની આ ફરિયાદ પ્રસગોપાત સૌએ સાંભળી હશે તેમની નાણા વ્યવસ્થામાં ગેરવહીવટ હોય છે સમાજના બાળકોની કેળવણી પ્રત્યે અને જ્ઞાતિજનોની સામાજીક પ્રગતિ પ્રત્યે આ પટેલોનું ઘણુંજ દુર્લક્ષ્ય હોય છે. વૃધ્ધવિવાહ કે બાળ વિવાહના ઠરાવો ઘડવામાં જેમ તેઓ અગ્રગણ્ય હોય છે તેમ તે ઠરાવોને ભાંગવામાં પણ તેટલાજ રસિક હોય છે. ગાડરિયા સમાજને પાટા બાંધવામાં આ ઝ.ર-પંથીઓ બહુજ શૂરા હોય છે.

સૂધારકોનું એકપણ વિકાસમય ચિન્હ તેઓને રૂચિ કરતુ નથી હોતું. આ હઠીલાઇ અને મતલબીપણું ટાળવા આજના યુવાનોએ ક્રાંતિકારી મંડળો રચવાં જોઇએ અને આવાં મંડળોદ્વારા જાહેર સમ્મેલનો ભરી, જ્ઞાતિજનોને હિતકર ઠરાવો અને આચરણ કરી, વારસા પધ્ધતિવાળી શેઠાઇને નિર્મૂળ કરવાની જરૂર છે. જ્ઞાતિના આગેવાનની ત્રણ ત્રણ વર્ષે કે પાંચ વર્ષે ચુંટણી થતી હોય તો જ્ઞાતિનું સુકાન ઘણુંજ Democeratic રીતે ચાલી શકે. આજે ઝીણી ઝીણી બાબતોમાં બહિષ્કારનું હાનિકારણ શસ્ત્ર વાપરવામાં આવે છે તે નીતિરીતિ સામે આજના યુવકોએ તેમનો પૂર્ણ તિરસ્કાર દર્શાવવો જોઇએ. આજના ઉમ્મરલાયક વિદ્યાર્થીઓએ જ્ઞાતિજનોની સામાન્ય કેળવણીમાં વૃધ્ધિ કરવા અને શુદ્ધ સમાજ રચનાનાં સિદ્ધાંતો સમજાવવા પોતાના ક્ષેત્રમાં ફરી પ્રચારકાર્ય કરવા કટિબદ્ધ થવું જોઇએ. જેમ જેમ આપણાં બંધુઓનાં માનસમાં વિશ્વવિકાસની વિપૂલતાનો ખ્યાલ આવશે તેમ તેમ સડાઓ નાબુદ થશે અને જ્ઞાતિઓમાં નવજીવન આવશે.

આજે જ્ઞાતિઓનું અસ્તિત્વ ભયમાં છે. બુધ્ધિવાદમાં માનનાર પ્રત્યેકજણ આજે બંધનોથી કંટાળ્યું છે ત્યારે હું 'થીગડીયા' સુધારાઓ માટે લખું છું તે જરા અનુચિત તો લાગેજ પરંતુ જુની રૂઢિમાં માનનાર સમૂહને જરા ઓછો આઘાત લાગે અને અશાંતિ વારી શકાય તે સારૂ ધીમી પરંતુ સુવ્યવસ્થિત રીતે કામ લેવું ગેરવ્યાજબી નહિંજ ગણાય. આદર્શ જ્ઞાતિ કેવી હોઇ શકે અને જ્ઞાતિ પ્રમુખની શું લાયકાત હોઇ શકે તે પ્રત્યેક પ્રશ્ન છણવાને જુદાંજ લખાણોની જરૂર છે એટલે અત્રેતો અત્યારની સામાન્ય પરિસ્થીતિ અને તે પરત્વે યુવકોની કાર્યપરાયણ થવાની જરૂર બાબત સહજ નિર્દેશ કર્યો છે. આપણી શાણી, ડાહી, અને વ્યાપાર કુશળ કોમ વીસમી સદીમાં પછાત કોમોની ગણનામાં લેખાય તે સ્થીતિ અસહ્ય છે: તેથીજ યુવક સંઘના પ્રત્યેક સભ્યે પોતપોતાના વાડાની ઝારશાહી સામે મોરચા માંડવા સંગઠિત બનવાની ખાસ જરૂર છે.

—o—

યુવકોના સાથી
સુધારાના હિમાયતિ
પ્રખર વિદ્વાન
ન્યાયતીર્થ શ્રી ન્યાયવિજયજી
અશાડ સુદ ૧ મે મુંબઇ પધારે છે.
યુવાનો એ લાભ લેવો રખે ચુકતા.

## દિક્ષાના ઝઘડા.

—o—

આપણા જૈન સમાજમાં રામસાગર પક્ષીઓ હાલમાં ધર્મને નામે ફાંટાઓ પડાવે છે અને ઘરમાં કંકાસ કરાવે છે. નાના બાળકોને કે જેઓ ધર્મ શું ચીજ છે તથા દીક્ષા કેવી પાળવી પડશે તે સમજતા ન હોય તેવાને તથા ધર્મ નહી સમજતા હોય તેવાને આપે છે. આથી શું ફાયદો છે તે સમજાતું નથી. કોઇ મહીનો બે મહીના છ મહીના દીક્ષા પાળી છોડી દે છે તેથી આપણા ધર્મને હાની પહોંચે છે તથા દીક્ષા આપનાર અને ધર્મ વગોવાય છે આ કરતા સમજુ માણસે થોડાને પણ દીક્ષા આપી હોય તો પણ સાર્થક થઇ શકે તેમ છે. વળી તેઓ કહે છે કે અમો ધર્મનો પડકાર કરીએ છીએ અમે કોઇ દીક્ષાના વિરોધી નથી પણ જે દીક્ષા લે તે બરાબર પોતાની સમજણથી ધર્મને સારી રીતે સમજીને દીક્ષા લે તો તે સારી રીતે ધર્મ પાળી શકે અને સારા વિદ્વાન થાય. પોતાના આત્માનું સુધારે તેવા માણસોને દીક્ષા આપવાથી આપણા ધર્મની ઉન્નતી થાય. (જુઓ પાનુ ૨ જુ)

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# ઠેર ઠેર યુવક સંઘો.

"સોસાયટી"ના વાજીત્રોમાં આવતા લખાણો પ્રત્યે બેપરવાહ રહી સાચા સેવાભાવી હો અગર યુવાનીનો તનમનાટ અંગપર રમતો હોય તો પહેલી તકે તમારા ગામમાં કે શહેરમાં એકાદા યુવક મંડળ કે સંઘની સ્થાપના કરો એ દ્વારા બીજો કોઈપણ ગહન ઉદ્દેશ નથી સાધવાનો માત્ર સંગઠન કરવુ સુલભ થાય એજ એક ઇરાદો માત્ર છે. વીશમી સદીમાં યુવક યુવતીઓને રાઇફલ સામે છાતી ધરતા અને લાઠીના ઘા તો હસતા રમતા ઝીલતા આપણે જોયા છે એટલે એ વાતનો ધડો લઇ આપણે પણ આપણા કાર્યમાં આવતા જોખમો સામે એવુંજ બળ દાખવવાનો દ્રઢ નિશ્ચય જાહેર કરવો જોઇએ. સંસ્થાની સ્થાપના વેળાં ઝાઝા આશયો કે મોટા લવાજમ નહી હોય તો ચાલશે કદાચ સંખ્યાબંધ સભ્યોની નામાવલિ વિનાપણ ગબડી શકશે પણ એકજ ઉદ્દેશ અને એની પાછળ મરીફીટનાર મુઠીભર આત્માઓ તો જોઇશેજ. ભલે એ થોડા હોય પણ દુધપાકીયા નથી એ કાંઇ ઓછા હર્ષની વાત ન ગણાય વંશદીપક સુપુત્ર ભલે એકજ હોય એના તેજ સામે હજાર આંગીઆનુ બળ વ્યર્થ છે. યાદ રાખજો કે કોઇ સાધુબાવા યુવક સંસ્થાનો જન્મ શ્રવણ કરતાંજ ચડભડી ઉઠશે ને કહેશે કે—'એતો નાસ્તિકોનો અખાડો—એતો આગમોને થોથાં કહેનાર અરે વિધવાઓને ફરીથી પરણાવનારા—અરે દેવદ્રવ્યનુ ભક્ષણ કરવાનું કહેનારા' અને આંધળીયા ભકતો કિંવા સીસેટી વગાડી શાશન ટકાવનારા એ વાત પર 'માવજીભાઇની માફક ઝટ મત્તા મારશે અરે સાંજવર્તમાનપત્રની લેખમાળાને નામે અગરતો એકાદા લેખને બ્હાને પુષ્ટિ કરવા પણ લાગી જશે. યુવકો સામે આ કશોટીની પળ ગણાય. શું મૃત્યુ સામે ઝુકનારા સાચા જૈન કે જાલીમ સલ્તનતનો સામનો કરનારા શુરા યુવાનો એ વેળા ગભરાઇ જશે? શંકાશીલ બનશે? કે ધિરજથી પ્રત્યુત્તર વાળશે?

એ સઘળા આક્ષેપો સર્વથા સાચા નથીજ. મુંબાઇનો યુવક સંઘ માત્ર 'સાંજ'ની લેખમાળામાં કે વ્યકિતગત લેખ શ્રેણીમાં નથી સમાઇ જતો. બાકી એટલું કબુલે છુટકો કે સ્વતંત્ર વિચારક તરિકે કોઇના ગમે તેવા વિચાર હોય તેથીં તે સામે પ્રકોપ પેદા કરવાનુ કારણ શું હોય? કયાં ન્યાયયુકત દલીલોથી પોતીકી સાચી વાતની સિધ્ધિ નથી થઇ શકતી. અમુક વસ્તુ પર વિચાર સરખો પણ ન કરવો એ શું બુદ્ધિમત્તાનુ લક્ષણ છે? યુવાન અંતઃકરણને એ મંજુર છે? તો પછી 'मुंडे मुंडे मतिर्भिन्ना' એ સૂત્રનો શો ઉપયોગ! ગાડરીયા ભકતો કે સત્તા લોલુપી સાધકો ભલે મગ અડદ ભરડી નાંખી લેખને ઠરાવ વચ્ચે અંતર ન જુએ પણ વિચારક શકિત ધરનાર યુવાનો એથી ભરમાય ખરા? લેખ ભાષણ અને ઠરાવ વચ્ચેનુ અંતર તેઓ સહજ પરખી લે—ધૈર્ય રાખી સામાને સમજાવે અને કાર્ય સિદ્ધિમાં આગળ વધે યુવક સંઘોની સ્થાપના કે યુવક મંડળોના જન્મ વિખરાયેલુ બળ એકત્ર કરવા સારૂ છે. સમાજમાં છુટા છવાયા પડેલા વકતા રૂપી મણિઓને એકઠા કરી માળા ગુંથવા સારૂ છે. દૂરદૂરના એકલવાયા ખુણામાં પડેલા લેખકોને ખેંચી લાવી એકાદુ યુથ જમાવવા અર્થે છે. હિંદના મુખ્ય નગરમાં પડતો સાદ વિજળીના દોરડાની માફક લાંબા અંતરે પથરાયલા બંધુઓમાં પ્રશારવા સારૂ છે. સ્વધર્મી ભાઇના સગપણ વાળા સ્નેહીઓના સુખદુઃખનો પરસ્પર ખ્યાલ આપવા સારૂ છે. આજે સમાજમાં અકારણ હોળી પ્રગટાવનાર સામે જનતાનો અવાજ રજુ કરી સાચી દશાનુ ભાન કરાવવા સારૂ છે. દ્વેષના માર્ગે નહિં પણ પ્રેમના પવિત્ર રસ્તે સીસોટી મૈયાના ભાન ભુલા સંચાલકો અને જુનાં ઝંડાધારીઓ સામે અડગપણે ઉભા રહી ગભરાટની આછી પણ નિશાની વિના અને રાજસત્તાનો સધિયારો શોધ્યા વગર કેવળ આત્માના જ બળ પર મુસ્તાક રહીં આવતા યુગ પર આશા ટાંગી, દ્રવ્યસત્તાની ખોટી હુકમાં લેવાયા વગર લાલબત્તી ધરાવાનુ ગંભીર કામ આપણે યુવકોને જ આદરવાંનુ છે માટેજ માત્ર મોટા શહેરોમાં નહિં પણ એથી આગળ વધી જૈન વસ્તીવાળા ગામોમાં યુવકોના નિશાન રોપવાની અગત્ય છે. આ આપણુ પ્રથમ અને અંત અગત્યનુ કાર્ય છે. ધાર્મિક કાર્યો કરવાના તેમજ સુધારવાના ઘણાય પડયા છે. પણ એ બધો બોજો એકી વખતે ખમી શકે એવી ખડતળ પીઠો કયાં છે! વળી એ દરેકને દીર્ઘદ્રષ્ટિથી એક સામટા સંભાળી લે તેવું પ્રતાપવંત મગજ પણ કયાં છે! તેથી તો નાહયા એટલું પુન્ય થોડું છતાં મકકમ થશે તો બસ છે કેમ કે Slow but steady wins the Race. વિજય પ્રાપ્તિ મંદ કિંવા શીઘ્ર ગતિમાં નહિં પણ અવિરત ઉદ્યોગમાં જ સમાય છે.

હાલના તબકકે વધુ નહિં તો દીક્ષાના નામે થતી સંતાકુકડી, ભંગાતા ઘર અને દિન ઉગે આંખે ચડતા કિસ્સા અટકાવવા શકિત એકત્રિત કરીએ તો પણ બસ છે. આપણુ એટલું તો મંતવ્ય હોવુંજ જોઇએ કે ધર્મના ઓઠા તળે થતાં આવા કાર્યોમાં મુદ્દલ ધર્મ નથીજ પણ ઉલ્ટી શાસનની અપભ્રાજના છે. એટલે તેનો યથાશકિત સામનો કરવો. જગતમાં કેમ એ વધારે જાહેર થાય, એમાં ભળેલ ગાડરોની કરપીણુના કેમ જગબત્રીશીએ વધુ ચઢે અને તેથી કયાંતો સંઘને અગર તો રાજ્યને કેમ સવેળા જાગવું પડે એવા દરેક પ્રયત્નો કરવા ઘટે. શું જૈનયુવક આટલું ન કરી શકે? આમાં અવકાશ કરતાં ખંતની જરૂર છે. સાચા યુવકો જવાબ આપશો? કલમથી કાર્યથી? આ બધી વિચારણા માટે યુવકોના સંગઠન બળને જમાવવા માટે વડોદરા હવે કયારે તૈયારી કરે છે?

---

વ્યાખ્યાનમાં કોઇ કોઇ વર વંચાય છે કે એક દરદી માંદો હોય ત્યારે ડોકટર દરદીને સાજો કરવા કડવી દવાઓ આપે તે દરદીને ગમે નહી, અને દરદી ડોકટર ઉપર ગુસ્સે થાય તથા ગાળો આપે તો પણ ડોકટર તે સહન કરી પોતાનું કામ ચાલુ રાખે છે. તેમ હું પણ તમે મારા પર ગમે તેટલા ગુસ્સે થશો તો પણ મારો દીક્ષા આપવાનો ધંધો ચાલુ રાખીશ આવો કદાગ્રહ રાખવો તે ભલે એમને એમ વ્યાજબી લાગતું હશે પરંતુ એ કદાગ્રહ અમલમાં લાવવાને અને ચલાવવામાં આવતી પ્રવૃતિઓથી સમાજમાં જે કલેશની હોલી સળગશે તેને માટે પણ તેજ જવાબદાર છે. એટલું તેઓ યાદ રાખે.

લી૦ સૌ. બ્હેન ઝવેરી.

# "મેં દીક્ષા કેમ છોડી?"

## મી૦ રતીલાલ અમૃતલાલનું દ્વીમુખી પાત્ર.

### જૈન સમાજ અને "મુંબઇ સમાચાર."

મુંબઇ જૈન યુવક સંઘ પત્રીકાના તા૦ ૨૫-૫-૩૧ ના અંકમાં "મેં દીક્ષા કેમ છોડી?" એ મથાળાં હેઠળ આજથી ચાર માસની વાત ઉપર આચાર્ય શ્રી સાગરાનંદસુરિજીના હાથે દીક્ષા લેનાર એક જૈન યુવકની આત્મકથા "રતીલાલ" એવી સહી હેઠળ પ્રગટ થઇ હતી. તે વેળા આ મી૦ રતીલાલ કોણ છે તે અમો જાણુતા નહોતા. આ લેખમાં આ ભાઇએ દીક્ષા કેમ છોડી તેનો જૈન સમાજ સમક્ષ રજુ કરવાના બહાના હેઠળ ખુલાસો જૈન સંઘાડા અને ખાસ કરીને અમુક સાધુઓ ઉપર ગંભીર આક્ષેપો મુકયા હતા. આ લેખ ઉપર અમારૂં બીલકુલ ધ્યાન પણ ખેંચાયું હતું નહીં. જૈનોમાં તાજેતરમાં બે પક્ષ પડી ગયા છે. એક પક્ષ દીક્ષા અને બાળદીક્ષાની પણ હીમાયત કરે છે જયારે બીજો પક્ષ જે કેળવાયલા અને યુવક વર્ગનો બનેલો છે અને જે સુધારા વધારામાં આગળ વધેલો છે તે બાળદીક્ષા તેમજ અયોગ્ય દીક્ષાની વિરૂદ્ધ છે. આ બંને પક્ષ વચ્ચે લાંબા વખતથી ઝઘડાઓ ચાલે છે અને તેને લગતી ચર્ચા જૈન છાપાઓમાં અને બીજાં અનેક પત્રોમાં ચાલે છે. સ્વભાવીક રીતે 'મુંબઈ સમાચાર'માં આ સવાલને અંગે પુષ્કળ ચર્ચા ચાલી છે. અને 'મુંબઇ સમાચારે' પોતાના વિચારો અને પોતાની રાજનિતિ શું છે તે સ્પષ્ટ શબ્દોમાં જ્યારે પણ પ્રસંગ મળ્યો છે ત્યારે જાહેર કરી છે. અમારા જૈન વાંચનારાઓ એ વીષે પુરતા વાકેફ છે પરંતુ ઉપલા મી૦ રતીલાલે જૈન યુવક સંઘ પત્રીકામાં લખેલા ત્રણ પત્રો અને તેઓએ "મુંબઇ સમાચાર"માં તા૦ ૧૧ મી જુનના અંકમાં કરેલા ખુલાસાથી અને તે પછી અમારા ધારાના હીમાયતીઓ મેસર્સ કાંગા એન્ડ કુંપનીના એક ભાગ્યા મી૦ કાંગા જેઓ નોટરી પબ્લીક છે તેઓ સમક્ષ મી૦ રતીલાલે કરેલા એકરારનામા ઉપરથી કેટલીક ગંભીર ગેરસમજુતી ઉત્પન થઇ છે. આ બનાવ ઉપરથી તેમજ 'મુંબઇ સમાચાર'માં જે ચર્ચા અત્યાર સુધી ચાલી છે તે ઉપરથી એવી ગેરસમજુતી ફેલાવવામાં આવી છે કે: (૧) "મુંબઇ સમાચાર" બાળદીક્ષાની પડખે છે અને (૨) બાળદીક્ષાના વિરોધીઓના લેખો અને ચર્ચાપત્રોને ઇન્સાફ મળતો નથી આ બંને આક્ષેપોમાં કાંઇ પણ વજુદ નથી. "મુંબઇ સમાચારે" આજ સુધીમાં કદી પણ બાળદીક્ષાની હીમાયત કરી નથી એટલુંજ નહીં પરંતુ બાળદીક્ષાની સખ્તમાં સખ્ત વિરૂધ્ધતા કરી છે અને તે વિષે છેલ્લાં બે વરસમાં જ્યારે જ્યારે અમારા અગ્રલેખો પ્રસીધ્ધ થયા છે ત્યારે અમને જૈન સુધારકો તરફથી ધન્યવાદના પત્રો મળ્યાં છે. બીજી અનેક બાબતોની માફક દીક્ષાના વિષયમાં પણ બંને પક્ષને ઇન્સાફ આપવા માટે અમોએ અમારા પત્રની કટારો ખુલ્લી રાખી છે અને જો વિરોધીઓને ઇન્સાફ આપવા માટે તેઓના વિચારો અને તકરારો અપક્ષપાતપણે પ્રસિદ્ધ કરવી એ જો ગુનાહ ભર્યું હોય તો અમો ગુનાહ કબુલ રાખીએ છીએ. જયારે દીક્ષાનો પ્રશ્ન ઉભો થયો અને તેને લગતું પ્રચારકાર્ય સુધારકો તરફથી હાથ ધરવામાં આવ્યું અને સુધારકોના લેખો અને ચર્ચાપત્રો અમારા અને બીજાં પત્રોમાં પ્રગટ થવા માંડયાં ત્યારે દીક્ષાના હીમાયતીઓ તરફથી એવી ફરિયાદ ઉઠાવવામાં આવી કે, 'મુંબઇ સમાચાર' જુના વિચારવાળાઓના વિચારો ગુંગળાવી નાંખે છે કારણ કે તેઓના લેખો પ્રગટ થતા નથી. તેવા ભાઇઓને અમારી ઓફીસમાં બોલાવી મંગાવી અમોએ તેઓની ખાતરી કરી આપી કે, તેઓની માન્યતા ભુલભરી છે. "મુંબઇ સમાચાર" કોઇપણ પક્ષનું વાજીંત્ર નથી. અને કોઇ પણ વખતે કોઇપણ પક્ષનું વાજીંત્ર થશે નહીં. થોડાજ વખતમાં ફરિયાદ ઉઠી કે, સુધારા પક્ષના લેખો પ્રગટ થતા નથી. આ બંને પક્ષને ઇન્સાફ આપવા માટે અમોએ પ્રયત્ન કર્યા છે. અમારી મુશ્કેલીઓ અને સંજોગોનો બહારના આસામીઓને ખ્યાલ આવવો મુશ્કેલ છે. 'મુંબઇ સમાચાર' જો એકલું જૈન કોમનું પત્ર હોય તો તે બંને પક્ષના સઘળા લેખો પ્રગટ કરી શકે, પરંતુ 'મુંબઇ સમાચાર' એક સાર્વજનિક વર્તમાનપત્ર છે અને તેનો સઉથી મુખ્ય હેતુ ખબરો પ્રગટ કરવાનો છે. મુંબઇ સમાચાર'ના વાંચકો હિંદુ, મુસલમાન, વોહરા, પારસી, વિગેરે અનેક કોમના લોકો છે અને તેઓ દરેકને લગતા સવાલોની ચર્ચાઓ તેને પ્રગટ કરવાની હોય છે. આ કારણને લીધે સઘળા લેખોની જગ્યા કરવી મુશ્કેલ છે. દીક્ષાના સંબંધમાં અમે જણાવવાની રજા લઇએ છીએ કે જૈન કોમનો એક જવલંત પ્રશ્ન હોઇને તે વીષે એક યા અન્ય પક્ષના જે જે લેખો અમને મળે છે તેમાંથી ભાષા અને વિચારની દ્રષ્ટીએ જે લેખો યોગ્ય લાગ્યા છે તે અમારી સગવડતાએ નીયમસર પ્રગટ કરતા આવ્યા છીએ અને તેથી જે પક્ષ અમારા વિષે કાંઇ પણ અંદેશો ધરાવતો હોય તેને અમે ખાત્રી આપીએ છીએ કે તેઓના લેખોને હંમેશા સ્થાન આપવાને અમો અમારી ફરજ વિચારીશું.

હવે અમો મી૦ રતીલાલની દીક્ષાની કર્મકહાણી ઉપર આવીશું.

મી૦ રતીલાલનો પહેલો પત્ર જૈન યુવક સંઘ પત્રિકાના તા૦ ૨૫ મી મેના અંકમાં પ્રગટ થવા પછી તેમની આખી સહી સાથેનો એક પત્ર અમદાવાદથી અમને મળ્યો. આ પત્ર ઉપર તેમની સહી નીચે મુજબ હતીઃ—રતીલાલ અમ્રતલાલ સહી દ પોતે. આ સહી ખરી છે કે નહિ તેના સંબંધમાં અમોએ તપાસ કરી અને અમોને ખાત્રી આપવામાં આવી કે તે સહી ખરી છે અને તેમાં જણાવેલી વિગતો પણ ખરી છે. આ પત્રમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે, તા૦ ૨૫ મી મેની પત્રીકામાં તેમનો જે પત્ર પ્રગટ થયો છે અને જેની હેઠળ માત્ર "રતીલાલ" એટલીજ સહી છે તે પત્ર તેઓએ લખ્યો નથી અને તેમાં જાહેર કરેલી વિગતમાં સત્ય નથી. આ પત્ર અમારા "મુંબઈ સમાચાર"માં તા૦ ૧૧ મી જુનના અંકમાં મુંબઇની આવૃત્તિમાં પ્રગટ થયો. તેના જવાબમાં "સફેદ ઠગોના કાવત્રાંનું બહાર આવેલું પોગળ" એવાં મોટાં મથાળાં હેઠળ એજ મી૦ રતીલાલ અમ્રતલાલ ખેડાવાળાની આખી સહી સાથેનો તા૦ ૧૧-૬-૩૧ નો પત્ર પત્રિકામાં પ્રગટ થયો, જેમાં એવું જણાવવામાં આવ્યું હતું કે, "મુંબઇ સમાચાર"માં તા૦ ૧૧ મીના અંકમાં તેમનો જે લેખ છપાયો

છે તે તેમનો નથી. તેમના નામથી ખોટી સહી કરી એ લેખ પ્રગટ કરવામાં આવ્યો છે.

પત્રિકામાં પ્રગટ થયેલો ઉપલો ખુલાસો વાંચી અમને અત્યંત અજાયબી ઉત્પન્ન થઇ. પત્રિકાના સંચાલકોની ફરજ હતી કે, તે લેખ પ્રસિદ્ધ કરવા અગાઉ "મુંબઇ સમાચાર"માં જે લેખ પ્રગટ થયો હતો તેના હાથઅક્ષર અને સહીની તપાસ કરવી જોઇતી હતી.

આ ઉપરથી અમારા મનને લાગ્યું કે, રતીલાલ નામના બે પુરૂષો છે કે એક? યા એકજ રતીલાલ બે જુદે જુદે ઠેકાણે બે જુદા જુદા અને એકમેકથી ઉલટાસુલટા ખુલાસા કરે છે? એ વિષે અમોએ મુંબઇમાં તપાસ કરી અને જે આસામીઓએ મી૦ રતીલાલના પત્ર અને તેમની સહી માટે અમને ખાત્રી આપી હતી તેઓનો ખુલાસો પુછયો. સુભાગ્યે તેજ દીવસે મી૦ રતીલાલ મુંબઇમાં હતા અને તેમને અમારી ઑફીસમાં હાજર કરી તેમનો ખુલાસો તેમને મોહડેથીજ મેળવી લેવાની અમને અરજ કરવામાં આવી. અમોએ મી૦ રતીલાલને અનેક સવાલો પુછયા. 'મુંબઇ સમાચાર'માં પ્રગટ થયેલો તેમનો પત્ર અને તેની હેઠળની સહી તેમને બતાવી અને તેમણે અમને ખાત્રી આપી કે, 'મુંબઇ સમાચાર'માં તા૦ ૧૧ મીના અંકમાં જે પત્ર પ્રગટ થયો હતો તે તેમનોજ છે અને તે સિવાય જૈન યુવક સંઘમાં જે જે નીવેદનો પ્રગટ થયાં છે તે તેમના નથી. તે નીવેદનો બનાવટી છે અને તેની હેઠળની સહીઓ પણ ખોટી છે. આ મુલાકાત તા૦ ૧૬ મીએ રાત્રે ૧૦ કલાકે થઇ હતી. તેજ વેળા અમોએ એ ભાઇના અક્ષર ઓળખાવવા તેમજ તેઓએ જે ખુલાસો કર્યો હતો તે પોતાના હાથ અક્ષરે લખી આપવા વિનંતી કરી અને તેઓએ તુરતજ નીચે મુજબ લખાણ કરી આપ્યું:—

"મહેરબાન મુંબઇ સમાચારના અધિપતી જોગ,

આપે મારો લેખ તા૦ ૧૧-૬-૩૧ ના રોજ મુંબઇ સમાચારમાં છાપી જૈન પ્રજાને જે સંતોષ આપ્યો છે તેને માટે હું આપનો અંતઃકરણપુર્વક આભાર માનું છું."

રતીલાલ અમ્રતલાલ, સહી દ. પોતે.

તા૦ ૧૬-૬-૩૧.

"મુંબઇ સમાચાર"માં તા૦ ૧૧ મીના અંકમાં તેમનો જે પત્ર પ્રગટ થયો હતો તેની હેઠળ જે સહી હતી તેના અક્ષરો અને ઉપલા ખુલાસાના અક્ષરો અને તેની નીચેની સહી કોઇપણ સાધારણ મનુષ્ય પારખી શકે એટલી મળતી અને એક સરખી હતી.

આ ખુલાશો લઇ અમો તેમને બીજે દીવસે અમારા સોલીસીટર મી૦ ત્રીકમદાસ દ્વારકાદાસ આગળ તેમના મકાને લઇ ગયા.

મી૦ રતીલાલની તપાસ લઇ મી૦ ત્રીકમદાસે સલાહ આપી કે, તેમનો ખુલાશો નોટરી પબ્લીક આગળ કરાવવો અને તે ખુલાશો અમારી તરફના કાંઇપણ ટીકા વગર "મુંબઇ સમાચાર"માં પ્રસિદ્ધ કરવો કે જેથી જૈનસમાજની ખાત્રી થાય કે મુંબઇ સમાચારે મી૦ રતીલાલનો જે પત્ર છાપ્યો હતો તે તેમનોજ ખરો પત્ર હતો.

આ સલાહ મુજબ મી૦ રતીલાલે મી૦ કાંગા સોલીસીટર આગળ કરેલો ખુલાસો મુંબઇ સમાચારમાં તા૦ ૧૯ મી જુનના અંકમાં અમારી તરફના કાંઇ પણ ટીકા વગર પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો.

અમો ધારતા હતા કે આ ખુલાસા પછી આ ચર્ચાનો અંત આવી જશે પરંતુ તેમ થવાને બદલે જૈન યુવક સંઘ પત્રિકાના તા૦ ૨૨-૬-૩૧ ના અંકમાં "મુંબઇ સમાચારનો અસત્ય આક્ષેપ" એ મથાળાં હેઠળ એક લેખ પ્રગટ કરવામાં આવ્યો અને તેની જોડે મી૦ રતીલાલ અમ્રતલાલે લખેલાં પત્રોમાંના એક પત્રનો બ્લોક બનાવી તે પ્રસિધ્ધ કરવામાં આવ્યો. તેજ દિવસે જૈન યુવકસંઘ પત્રિકાના તંત્રી મી૦ ગાંધી જમનાદાસ અમરચંદ તરફથી અમને નીચલો પત્ર મળ્યો હતો:—

શ્રી મુંબઇ સમાચાર અધિપતિ જોગ, મુંબઇ.

મહેરબાન સાહેબ,

આપના તા૦ ૧૯-૬-૩૧ ના અંકમાં અમારી યુવક સંઘ પત્રિકા "રતીલાલે દીક્ષા કેમ છોડી" તે વિષે બનાવટી પત્રો પ્રગટ કરે છે એવો અમારી પત્રિકા ઉપર આપે અણઘટતો આક્ષેપ કર્યો છે તે સંબંધમાં જણાવવાનું કે રતીલાલના જે પત્રો અમારી પત્રિકામાં પ્રગટ થયા છે તે ખુદ રતીલાલના હાથના લખેલા અમારી પાસે મોજુદ છે જેમાંનાં એક પત્રનો બ્લોક બનાવીને તેની છાપેલી નકલ આ સાથે આપની ખાત્રી માટે આપની ઉપર બીડી છે. તદુપરાન્ત તે સરવે પત્રોની મુળ નકલો આપના પ્રતિનિધિને જોવી હોય તો અમારી ઓફીસે મોકલશો અને તે પત્રોની મુળ નકલો અમો રાજી ખુશીથી તેને બતાવીશું. આ ઉપરથી આપને જો લાગતું હોય કે આપે ઉપર જણાવેલ આક્ષેપ કરીને અમારી પત્રિકા ઉપર અણઘટતો અન્યાય કર્યો છે તો આપને એક જવાબદાર પત્રકાર તરિકે અમારી વિનંતિ છે કે આપે આ સંબંધમાં તાકીદે આપના પત્રમાં યોગ્ય ખુલાસો બહાર પાડવો. જો રતીલાલનાં પત્રનો બ્લોક આપને જોઇતો હોય તો આપનો જવાબ મળે આપને તરત મોકલી આપીશું. આશા છે કે આ બાબતમાં યોગ્ય કરીને અમને આગળ વધતા અટકાવશો.

લી૦ ગાંધી જમનાદાસ અમરચંદ,
તંત્રી જૈન યુવક સંઘ પત્રિકા.

આ પત્ર મળ્યા પછી મી૦ રતીલાલના આવા અરસપરસના વીરોધી ખુલાસાથી અમને શક પડયો અને જૈન પત્રિકાના તંત્રીની અરજનો સ્વીકાર કરી તેઓના કબજામાં જે જે પત્રો હતા તેની અમોએ તપાસ લીધી અને અમારી પાસે રતીલાલના જે જે પત્રો અને હસ્તાક્ષરો હતા તેની સાથે તે પત્રોના હસ્તાક્ષરોની સરખામણી કરી જોઇ અને ખાસ અનુભવી Expertની દ્રષ્ટિએ નહીં પરંતુ સામાન્ય દ્રષ્ટિએ તપાસ કરતાં અમારી પાસેના તથા અમારા સોલીસીટર પાસે કરેલા એક રારનામાની સહી સાથ સરખાવતાં યુવકસંઘ પત્રીકામાં પ્રગટ થયલા પત્રોના અક્ષરો એકસરખા મળતા આવે છે અને તે ઉપરથી એમ લાગે છે કે મી૦ રતીલાલે બંને ઠેકાણે એકબીજાની વિરૂદ્ધ જાય એવા ખુલાસા કર્યા છે અને તેમ કરીને જૈન યુવક સંઘ પત્રિકા અને 'મુંબઇ સમાચાર'ને આડે માર્ગે દોરવવાની તેણે કોશેશ કરી છે.

હવે "મુંબઇ સમાચાર" સામે જે આક્ષેપ છે તેનો ટુંક ખુલાસો આપવાની અમો અમારી ફરજ વિચારીએ છીએ. પત્રિકાનો માત્ર એકજ વાંધો તા. ૧૯ મી જુનના 'મુંબઇ

સમાચાર'માં રતીલાલનો જે ખુલાસો પ્રગટ થયો છે તેના એક હેડીંગ સામે છે. એ હેડીંગ નીચે મુજબ છેઃ-"જૈન યુવક સંઘ પત્રીકામાં પ્રગટ થયલા બનવટી પત્રો" આ હેડીંગ એકલું નથી ત્રણ હેડીંગ મધેનો તે એક ભાગ છે અને તે ત્રણે હેડીંગ એક બીજાં સાથે સંબંધક છે. મી૦ રતીલાલે ચોંકાવનારો ખુલાસો કર્યો છે અને તે ખુલાસો શું છે તે ત્રીજા હેડીંગમાં દર્શાવવામાં આવ્યો છે એટલે પત્રિકા સામે જે આક્ષેપ છે તે અમોએ મુકયો નથી પરંતુ રતીલાલે મુકયો છે. જો અમારી ઇચ્છા પત્રિકા સામે આક્ષેપો કરવાની હોત તો એ અમો તેમાં એમ કદી જણાવતે નહીં કે **"અમો આ ખુલાસો હાલ તુરત અમારી તરફનાં કાંઇ પણ ટીકા વગર નીચે ઉતારી લઇએ છીએ."** આ એકજ વાકય અમારી શુદ્ધ નિષ્ઠાનો પુરાવો છે, તે છતાં જૈન યુવક સંઘ પત્રીકાના ચાલકોને એમ લાગતું હોય કે આ હેડીંગથી તેમને અન્યાય થયો છે તો અમો તે માટે અમારી દિલગીરી જાહેર કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે અમોએ રતીલાલનો પત્ર કેવા સંજોગોમાં પ્રગટ કર્યો તેમજ સોલીસીટરને ત્યાં જવાની અમને કેમ ફરજ પડી તે વિષે અમોએ પત્રીકાના મિત્રોની રૂબરૂમાં તેમજ આ લખીને જે ખુલાસો કાધો છે તે પછી પત્રીકાએ અમારી ઉપર કરેલા આક્ષેપો તેમજ ટીકાનું ગેરવ્યાજબીપણું જોઇ તે વિષે પોતાના આવતા અંકમાં યોગ્ય ખુલાસો કરી પોતાની દીલગીરી જાહેર કરશે.

તંત્રી-**'મુંબઇ સમાચાર.'**

### યુવક સંઘ પત્રીકાનો ખુલાસો.

ઉપર પ્રગટ કરેલ 'મુંબઇ સમાચાર'ના લંબાણ ખુલાસા ઉપરથી તેમજ 'મુંબઇ સમાચાર' તથા 'જૈન યુવક સંઘ' પત્રિકા'માં પ્રગટ થએલા રતીલાલના પરસ્પર વિરોધી પત્રો વિષે વધારે તપાસ કરતાં અમને ખાત્રી થઇ છે કે રતીલાલે બન્ને બાજુને પત્રો પુરા પાડીને બન્ને પત્રકારોને ગેરસમજુતીના આડા માર્ગે ઉતાર્યાં છે. આ ગેરસમજુતીની અસર નીચે અમારા તા૦ ૧૫-૬-૩૧ તથા તા૦ ૨૨-૬-૩૧ ના અંકોમાં 'મુંબઇ સમાચાર' પત્ર ઉપર અમારાથી કાંઇપણ આક્ષેપક લખાણ થયું હોય તો તે માટે અમે દીલગીર છીએ. અને એ ભાઇબંધ પત્રકારે ઉપર જે ખુલાસો બહાર પાડયો છે તે વિષે અમે અમારો સંતોષ જાહેર કરીએ છીએ.

તંત્રી-જૈન યુવક સંઘ પત્રિકા.

---

## જૈનોની જાહેર સભા.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય નીચે માંગરોળ જૈન સભાના હોલમાં તા૦ ૬-૭-૧૯૩૧ ના રોજ રાત્રીના (સ્ટા ટા.) સાડા આઠ વાગે શ્રીયુત્ ભાઇ પરમાનંદ કુંવરજીના પ્રમુખપણા નિચે મળી હતી. દુનિયામાં ચરચાતા પ્રશ્નો અને જૈનો એ વિષય ઉપર વ્યાખ્યાનકાર શ્રીયુત્ વિરચંદભાઇ પાનાચંદે શાહીવાદ મુડીવાદ અને ગુલામીવાદ જે સમસ્ત દુનિયા ભરમાં ચાલી રહયો છે તેનો અચ્છો ચિતાર ખડો કર્યો હતો પંડીત લાલને ભાઇશ્રી વિરચંદ ભાઇના ભાષણથી પોતાનો થયેલ ગુચવડો રજુ કર્યો હતો ત્યારે ભાઇ પરમાનંદે બન્ને વ્યખ્યાનકારના વિરોધી તત્વોનો તુલનાત્મક શકિતથી ન્યાય આપ્યો હતો પછી સંઘના સેક્રેટરી ભાઇ મણીભાઇએ પધારેલા ભાઇઓને પ્રમુખ સાહેબ વિગેરેનો ઉપકાર માની સભા વિસર્જન કરી હતી.

**(તા. ક.)** સ્થળ સંકોચને લઇને મિટિંગનો સવીસ્તર હેવાલ આવતા અંકમાં.

## ધર્મ-શિક્ષણ.

---(૦)---

૮.

- ગતાંકથી ચાલુ -

સંસ્કૃતનો અભ્યાસ પહેલો કરાવવો કે પ્રાકૃતનો અભ્યાસ તે પ્રશ્નનો હવે વિચાર કરીએ.

જે જૈન વિદ્યાર્થીને સંસ્કૃતનો અભ્યાસ કરવાનોજ હોય તેણે તો અગાઉ જણાવ્યા મુજબ સંસ્કૃતનો અભ્યાસ ઇંગ્રેજી ત્રીજા ધોરણથી શરૂ કરી, પ્રાકૃતનો અભ્યાસ ઇંગ્રેજી પાંચમાં છઠ્ઠા ધોરણથી શરૂ કરવો તેજ ઇષ્ટ છે. એક મત પ્રમાણે સંસ્કૃત ભાષા પ્રકૃતિ કહેવાય છે. તેમાંથી નીકળેલી પ્રાકૃત છે. એ દૃષ્ટિએ સંસ્કૃત ભાષાના સામાન્ય જ્ઞાન પછીજ પ્રાકૃત ભાષાનો અભ્યાસ સહેલો થઇ પડે તેમ છે. પરંતુ જે જૈન વિદ્યાર્થીને સંસ્કૃત ભાષા શિખવા માટે અવકાશજ ન હોય તેણે પ્રાકૃત ભાષાનો અભ્યાસ ઇંગ્રેજી ત્રીજા ધોરણથી અવશ્ય કરવો જોઇએ. જૈન ધર્મના સિધ્ધાંતોના અભ્યાસ કરવાને ઉત્સુક થયેલા વિદ્યાર્થીને તે મધુર ભાષા શિખ્યા વગર છુટકોજ ન હોય અને કેવળ ગુજરાતી શીખેલા વિદ્યાર્થીઓ પણ પ્રાકૃત ભાષા સરળતાથી શિખે તે માટે પં. બેચરદાસ જીવરાજની 'પ્રાકૃત માર્ગોપદેશિકા' ઘણું ઉત્તમ સાધન છે. આ અતિઉપયોગી પુસ્તકના સંબંધમાં, મ્હેસાણાની શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત શાળાના સં. ૧૯૮૩ ની સાલના પરિક્ષક પંન્યાસ શ્રીબુદ્ધિવિજયે પરીક્ષક તરીકેના પોતાના અભિપ્રાયમાં જે વિચારો જણાવેલા છે તે મને તો તદ્દન અયોગ્ય જણાય છે. મજકુર વિચારો નીચે મુજબ છેઃ-

"માગધી વિષયમાં પણ જે બહેરદાસ જેવાની બનાવેલી માર્ગોપદેશિકા છે તેને બાતલ કરી, વધારે ન બની શકે તો વ્યાકરણ વગેરે ચલાવવું પરંતુ ધર્મધ્વંસીને તો આલંબન આપવું નહિ. આની સાથે એ પણ વિચારવાની ખાસ જરૂર છે કે આવી સામાન્ય પોથીમાંથી સામાન્ય માત્ર બોધ થાય છે તેથી તેવા ગ્રંથો ખાસ કાઢી નાખવાની જરૂર છે.

જોકે આ પાઠશાળાના સ્કોલરોની ઉપર પ્રથમથી વેણીચંદ ભાઇનો હાથ હોવાથી જૈનમાં આ પાઠશાળાના કોઇ બાળકે જૈનોનો અવળા માર્ગે ચલાવવા પ્રયત્ન કર્યો નથી એ મોટું સદ્‌ભાગ્ય છે. જો કાશી કે શીવપુરીની માફક બાળકો નીપજ્યા હોત તો ઉન્નતિને બદલે અવનતિજ થાત".

આ અભિપ્રાય પ્રકાશનને જયારે તે શિક્ષણ સંસ્થાના રીપોર્ટમાં સ્થાન મળ્યું છે ત્યારે તો અતિશય ખેદ થયા વિના રહેતો નથી. આજ આપણા ધર્મશિક્ષણને લગતી અવદશા-પરસ્પર કલહ કરાવનારી મનોદશા. તેથી પવિત્ર શિક્ષણ અપવિત્ર બન્યું છે. હવે તો જૈન સમાજ જલ્દી ચેતે તો સારૂં.

આ સ્થળે એક બાબત ખાસ વિચારણીય છે. જૈન વિદ્યાર્થીએ સંકૃત પ્રાકૃત ભાષાઓ અવશ્ય શિખવી જોઇએ અને તે શિખવી તેની ફરજ છે કારણ કે જૈન ધર્મને લગતા અપુર્વ ગ્રંથો તે ભાષાઓમાં રચાયેલા છે. અને તે અમૂલ્ય સાહિત્યના અવલોકનાર્થે તે ભાષાઓ શિખવી એ ધર્મ્ય છે. પરંતુ કેવળ સંસ્કૃતપ્રાકૃત ભાષાઓનું જ્ઞાન ધર્મશિક્ષણ છે એમ સમજવાની ભૂલ ન થાય તે આપણે જોવાનું રહ્યું. જૈન ધર્મના ઉંડા વિશિષ્ટ અભ્યાસ માટે તે ભાષાઓનું જ્ઞાન જરૂરી

છે. અને જો તેવો અભ્યાસ કરવામાં આવે તોજ તે ભાષાઓનું જ્ઞાન સાર્થક છે. જેમ કેવળ ગુજરાતી ભાષાનું જ્ઞાન ધર્મ શિક્ષણ નથી તેમજ તે ભાષાઓનું સમજવું. ભાષા તો માત્ર પરસ્પર વિચારો જાણવાનું વાહન-સાધન છે. અને ધર્મનો અભ્યાસ તો સાધ્ય છે. ત્રણ ત્રણ ભાષાઓદ્વારા ધર્મશિક્ષણ આપવાનો સવાલ ખરેખર બહુ મુશ્કેલી ભરેલો છે. પરંતુ આપણા વિદ્વાનો ધારે તો તે સવાલ સહેલો થઇ શકે તેવો છે. શ્રી મોક્ષમાળાની પદ્ધતિ ઉપર માત્ર માતૃભાષામાં પણ ધર્મશિક્ષણમાળા ગુંથી શકાય તેમ છે. પરંતુ જૈન વિદ્વાનો જ્યાં વાદવિવાદમાં પડયા હોય ત્યાં ધર્મશિક્ષણની ગરીબ પણ મૂજનિક ગાય તરફ કોણ નજર નાંખે?

ધર્મ શિક્ષણ માળા માતૃભાષામાંજ-અને તે એકજ ભાષામાં હોવી જોઇએ. તેમાં માતૃભાષા અને સંસ્કૃત પ્રકૃત એ ત્રણે ભાષાઓનું મિશ્રણ કરવાથી તો ધર્મ શિક્ષણનો કોયડો ઉકેલવો વધારે અને વધારે કઠિન બનતો જશે. અને તેની વાંચનમાળા ગુંથવાનો પ્રશ્ન ગુંચવણ ભર્યો થશે આ દષ્ટિએ જોતાં, પ્રતિક્રમણ સૂત્રોને કોઇ પણ જૈન શિક્ષણમાળામાં સ્થાન નથી. પણ આ ઉપરથી મારૂં એમ કહેવું નથી કે પ્રતિક્રપણ સૂત્રોને ધાર્મિક અભ્યાસ ક્રમમાં સ્થાન નથી. તે પવિત્ર ક્રિયાના અભ્યાસના સ્થાન સંબંધી ચર્ચા હવે હાથ ધરીશું.

પૂં. ભગવાનદાસ હરખચંદ અને રા હીરાચંદ દેવચંદે જણાવ્યું છે કે પ્રતિક્રમણ સૂત્રો ચોખ્ખાં અને શુધ્ધ ઉચ્ચારથી શીખવવા અને તેના અર્થ પાછળથી તેને કાંઇક પ્રાકૃત ભાષાનો પરિચય થયા બાદ શીખવવા. આ અભિપ્રાયથી એમ સ્પષ્ટ જણાય છે કે તે સૂત્રોનો મુખપાઠ પહેલા કરાવી લેવો અને તેના અર્થ પાછળથી પ્રાકૃત ભાષાના સામાન્ય જ્ઞાન થયા પછી શીખવવા. હવે મુખપાઠના સંબંધમાં આ અભિપ્રાય સાથે તુલના કરવા માટે આશરે વીસ વર્ષ ઉપર આજ સવાલને અંગે વિદ્વાનોના જે અભિપ્રાયો મંગાવ્યા હતા તેનો ટુંક સાર નીચે આપીશું:-

કેટલા સૂત્રો મોઢે રહયાં છે તેના કરતાં જીવનમાં કેટલા ઉતર્યાં છે એ ઉપર ધર્મ શિક્ષણની સફળતા ગણવી જોઇએ. ન સમજી શકાય તેવા મૃત ભાષાના સૂત્રોની ગોખણ઼ દૃી એ માનસ શાસ્ત્રની દષ્ટિથી એક ધિક્કારવા લાયક ને બાળકની શકિતનો ઘાણ કાઢનારી પધ્ધતિ છે સૂત્રોના અર્થ સમજાવ્યા વિના માત્ર મુખપાઠ કરાવવાની રૂઢી બહુ ખોટી છે અને શિક્ષણ શાસ્ત્રના નિયમોથી તદન વિરૂધ્ધ છે. એવી રીતે નાના બાળકોને મોઢે કરાવવાથી ગભીર વિષયો પોતાની ગંભીરતા ખોઇ એક રમતરૂપ થઇ પડે છે. સૂત્રોનું શિક્ષણ ૧૨ વર્ષની ઉમ્મર થયા બાદ આપવું જોઇએ અને તે વ્યાકરણ, સંસ્કૃત તથા માગધીના અભ્યાસ કરાવ્યા બાદ આપવામાં આવે તો વધારે શ્રેષ્ટ છે. નિશાળના બીજા પાઠોના બોજાથી અર્થ સમજ્યા વગરના મુખપાઠે કરેલા પાઠો ભુલાઇ નિરૂપયોગી નીવડે છે. અમુક ક્રિયામાં અમુક લાભ સમાયેલા છે, તેના અમુક હેતુ છે તે કરવાની આવશ્યકતા છે એમ સમજાવવાથી સૂત્રો મુખપાઠે કરવા-એ કર્તવ્યને વિદ્યાર્થી પોતે પોતાની મેળે સ્વીકારશે તો તે અવશ્ય કરી લેશે.

ક્રિયાકાંડના સૂત્રોના સુગમ રહસ્યાર્થ પ્રચલિત દેશ ભાષામાં ઉતારી ઉપદેશવામાં-શિખવવામાં આવે તો વિશેષ લાભપ્રદ થાય એમ છે" વળી, મુખપાઠ અને તત્ત્વની સમજણ વચ્ચેનો તફાવત જાણવા માટે શ્રીમદ્ રાજચંદ્રના નીચલા વિચારો આ તકે બહુ ઉપયોગી થઇ પડે તેવા છે:-

"શાસ્ત્રોના શાસ્ત્રો મુખ પાઠે હોય એવા પુરૂષો ઘણા મળી શકે; પરંતુ જેણે થોડાં વચનો પર પ્રૌઢ અને વિવેક પૂર્વક વિચાર કરી શાસ્ત્ર જેટલું જ્ઞાન હૃદયગત કર્યું હોય તેવા મળવા દુર્લભ છે. તત્ત્વને પહોંચી જવું એ કંઇ નાની વાત નથી. કુદીને દરિયો ઓળંગી જવો છે. જેઓ નિર્ગ્રંથ પ્રવચનમાં આવેલા પવિત્ર વચનો મુખપાઠે કરે છે તે તેઓનાં ઉત્સાહ બળે સત્ફળ ઉપાર્જન કરે છે; પરંતુ જો તેનો મર્મ પામ્યા હોય તો એથી એ સુખ, આનંદ વિવેક અને પરિણામે મહદ્ભુત ફળ પામે છે અભણ પુરૂષ સુંદર અક્ષર અને તાણેલા મિથ્યા લીટા એ બેના ભેદને જેટલું જાણે છે, તેટલુંજ મુખપાઠી અન્ય ગ્રંથ વિચાર અને નિર્ગ્રંથ પ્રવચનને ભેદરૂપ માને છે, કારણ તેણે અર્થ પૂર્વક નિર્ગ્રંથ વચનામૃતો ધાર્યાં નથી તેમ તે પર યથાર્થ તત્ત્વ વિચાર કર્યો નથી."

પ્રતિક્રમણ સૂત્રોનો અભ્યાસ કયે વખતે કરાવવો તે હવે પછી વિચારીશું

ઉ. દો. બ.

---(૦)---

## મુનિ હીરવિજય.

અમારા ખબરપત્રીએ કરેલ તપાસ ઉપરથી માલુમ પડે છે કે તેઓ સાધુતાથી કંટાળીને નાસી છુટેલા તે વાત સાચી, વાંદરામાં એક મારવાડી મારફત પેરણ ટોપી મેળવી ગાડી પકડવાની તેવડમાંજ હતા ત્યાં શોધખોળે નીકળેલ ચરોના હાથમાં પકડાઇ ગયા અને સમજાવી પટાવી અંધેરી ભેગા કરી દીધા, હાલ તો સાધુ વેશમાંજ છે તે સાચુ પણ વચલો ખુલાસો કહેવાતા ધર્મીને કરતાં કેમ મુજવણ થતી હશે?

## સમય-ધર્મના સીધ્ધાંતો.

૭ ભીરૂ, ડરપોક, નાહિમત આદિ અનેક ગુણોથી (?) શોભતી મુફલીશ જીવનમાં ઝોલા ખાતી જૈન પ્રજાને ઉદ્યોગી, સાહસીક, સ્વાશ્રયી અને બળવાન બનાવવાને પ્રત્યેક સ્થળે વ્યાયામ મંદીરો ખોલવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે!

૮ સાંકડા વાડામાં ગોંધાંઇ રહેલ અને સંકુચીત મનોદશામાં મ્હાલતી પ્રજાને જગતના વિશાળ ચોગાનમાં મહાલવાની અને વિશાળ દ્રષ્ટિથી વિચારણા કરવાની તક આપવામાંજ સમાજની ઉન્નતી સંભવી શકે!

૯. કુસંપ-ઝઘડા-ટંટા આદિ અનેક કલેશમય પ્રવૃતિમાં સમાજ શકતીનો વ્યય કરવા કરતાં સંપ અને ઐકયતાની દીવ્ય રોશની પ્રગટાવવા તરફ સમાજ શકિતનો વ્યય કરવામાંજ સાચી સમાજ ઉન્નતી સંભવી શકે?

૧૦ સમાજને અધઃપતનના આરે ધસડી જનાર અને સમાજમા અશાંત વાતાવરણ પાથરનાર સમાજ કંટકોને અળગા કરી સમાજને કંચન સમો સાફ બનાવવામાંજ સાચી સમાજ ઉન્નતિ સંભવી શકે!

લી૦ 'સત્ય વક્તા.'

(અપૂર્ણ.)

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કર્યો છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg. No. B 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી: જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૨૮ મો. | સંવત ૧૯૮૭ ના અષાડ શુદ ૭ તા૦ ૨૧-૭-૩૧ | છુટક નકલ: ०॥ આનો.

## મારૂં સ્વપ્નું

(લેખક:—એક ગુજરાતી જૈન)

હું હિમાલયના પહાડોમાં મહાત્માની શોધ માટે ગયેલો, જ્યાં એક અદ્દભુત દાઢીવાળા મહાત્માનો મને એકાએક ભેટો થયો. મને જોતાંની સાથે મહાત્માએ મને આશીર્વાદ દીધા અને આવા નિર્જન અને ભયાનક સ્થળે આવવાનું કારણ પુછ્યું. મહાત્માનાં દર્શન સિવાય અન્ય કારણ નહિ હોવાનું મેં પ્રત્યુત્તરમાં જણાવ્યું વધારામાં મેં જણાવ્યું કે મારા ગત જન્મનો (આગલા ભવનો) વિગતવાર હેવાલ જાણવાની મારી ઇચ્છા છે. તેઓશ્રીએ મારી ઇચ્છા મુજબ મારા આગલા ભવનું વૃત્તાંત જણાવવું શરૂ કર્યું:—

આગલા ભવમાં તું એક જૈન શ્રીમંત હતો. તેં તારંગાજી તીર્થનો સંઘ કાઢયો હતો તેમ ત્રણ છોડનું ઉદ્યાપન (ઉજમણું) કર્યું હતું. આંબીલ મહાન્ તપ તેમજ સ્વામીવાત્સલ્યો (ધાર્મીક જમણો)માં તેં સારી રકમ ખર્ચી હતી. ધાર્મીક જમણોમાં તારી ધુન લાગેલી હોવાથી ખરૂં સ્વામીવાત્સલ્ય શું છે તેની તેં ઉપેક્ષા કરી. ખરૂં સ્વામીવાત્સલ્ય સ્વામીભાઇઓને વ્યવહારીક તથા ધાર્મીક કેળવણી આપવામાં, ગરીબ અને અનાથ વિધવા બ્હેનોને ઘટતી સ્હાય આપવામાં, બેરોજગાર સ્વામીભાઇઓને ધંધે લગાડવામાં, દવાખાનાં તેમજ સદાવ્રતો ખોલવામાં, યાત્રાળુઓને ઉતરવાની ધર્મશાળાઓ બાંધવા વિગેરે કાર્યોમાં સાચું સ્વામીવાત્સલ્ય છે તે તરફ તે બીલકુલ લક્ષ ન આપ્યું. આ કારણથી તેમજ તારા દરેક કાર્યોમાં આત્મસાધનને બદલે કીર્તિ અને નામના મેળવવા તરફ તારૂં લક્ષ વધુ રહેવાથી જેટલું પુણ્ય મળવું જોઇએ તેના કરતાં બહુજ ઓછું પુણ્ય તને મળ્યું. આ રીતે ખરી સ્વામિભાઇની ભક્તિ તેં ન કરવાથી, ભગવાન્ મહાવીર દેવે પોતાના શ્રીમુખે પ્રરૂપેલા "સંઘ"ની તેં આગલા ભવમાં અવગણના કરવાથી તેમજ જૈન શાસ્ત્રકારોએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની જે વ્યાખ્યા અને વર્ણન કર્યું છે તેની તેં હાંસી કરવાથી આ ભવમાં તને પૈસાની પ્રાપ્તિ થતી નથી. છતાં પણ સંઘ, ઉજમણાં આદિ ઉત્તમ કાર્યો તેં ગયા ભવમાં કરેલ હોવાના પ્રતાપે પૈસો નહિ હોવા છતાં તું સુખી અને કાંઇક સંતોષી જીંદગી ગુજારે છે.

પૈસા અને સુખસંપત્તિના સંબંધમાં આટલું કહયા પછી કુટુંબીજનો સંબંધી તે મહાત્માએ કહેવું શરૂ કર્યું:—

તારા આગલા ભવમાં કેટલાક શિષ્યલોભી જૈનસાધુઓના ગુલામ અને હથીઆર બની તેઓની શિષ્ય લોલુપ્તા પોષવામાં તેં કેટલીયે વૃદ્ધ અને ગરીબ ડોશીઓના એકના એક પુત્રને છીનવી લેવામાં મદદ કરીને તે ઘરડી ડોશીઓની નેં આંતરડી કકળાવેલી, તેમજ કેટલીયે નવ પરણેતર આશા ભરી નવજુવાન યુવતીઓની આશાને કચડી નાંખી છતા ધણીયે રંડાપાના હિસાબે તેં સદાને માટે તે સ્ત્રીઓને પતિ વિહુણી બનાવી મુકી. કેટલાક ચાલાક સાધુઓએ તને હથેળીમાં સદ્દગતિરૂપ ચાંદ બતાવી તને ધર્મ અને દીક્ષાને નામે પાગલ બનાવી આ બધું કાર્ય તારી મારફત કરાવી લીધું. આ કારણથી તને માતા તથા પત્નીનું આ ભવમાં ઝાઝું સુખ નથી.

તારા આગલા ભવનાં કેટલાંક કાર્યો તો એવાં ઉત્તમ હતાં કે તને આ ભવમાં સંપુર્ણ સમૃદ્ધિ અને કૌટુંબિક સુખ મલવું જોઇએ, પરંતુ તેજ ભવમાં તારાં કેટલાંક કાર્યો ખટપટ, દગાફટકા, પ્રપંચથી ભરપુર હતાં અને ધર્મને નામે તેવાં કાર્યો કરીને કેટલાક શાંત અને ગુણવાન સાધુઓને તે અત્યંત દુઃખ અને અશાંતી ઉપજાવી હતી સાથે સાથે કેટલાક પાખંડી અને સેતાન સાધુઓને તેં સુસાધુઓ તરીકે પોષ્યા હતા. પુર્વભવનાં તારાં અનેક ઉત્તમ કાર્યોને તેજ ભવનાં તારાં આ ગંદાં અને પાપી કામો ખાઇ ગયાં, જેથી આ ભવમાં તું જોઇએ તેટલું સુખ સંપત્તિ પામી શકયો નથી.

ગયા ભવમાં કેટલાંક શાંત અને ગુણવાન સુસાધુઓને નિરર્થક દુઃખ અને અશાતા તેં જે ઉપજાવી છે તેનાં ખરાબ ફળો તારે આ ભવમાં ભોગવવાનાં નથી તે તો હજુ તારે આવતા ભવમાં ભોગવવાના છે, અને તે પણ આવતા ભવમાં જૈનકુળમાં જન્મીને અનેક દુઃખો વેઠીને તું ભોગવીશ.

આ રીતે તે મહાત્મએ મને મારા આગલા ભવનું વિગતવાર વર્ણન સંભળાવ્યું. મહાત્માએ પોતાનું પ્રવચન પુરૂં કર્યું એટલામાં મારી આંખો ઉઘડી ગઇ અને જોઉં છું તો મહાત્મા કયાં, હિમાલયનો પ્રદેશ કયાં અને હું કયાં, તેમાંનું કાંઇયે નહિ અને હું તો મારા પોતાના સ્થળમાં પથારીમાં સુતોજ હતો. મેં જાણ્યું કે આ જે કાંઇ મેં જોયું, સાંભળ્યું તે ખરી બનેલ હકીકત નહિ પણ માત્ર મને આવેલ સ્વપ્નુંજ હતું.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥
श्रीमद् હરિભદ્રસૂરિ.

# વાણીવિલાસની પોકળતા.

જ્યારથી મુનિ રામવિજયે શિષ્યવૃદ્ધિની લાલચ તૃપ્ત કરવા સારૂ જે આવ્યો તેને મુંડી નાખવાનું શરૂ કરી વડોદરા સંમેલનના ઠરાવોને ઠોકર મારી છે ત્યારથીજ સમજુ વર્ગ તો સારી રીતે માહિતગાર થઇ ચુકેલ છે કે એમણે સ્વગુરૂ પ્રત્યે કેવો આદર છે! આમ છતાં પ્રવચનના પાનાપર એ કહેવાતા પવિત્રતાના પુજારી પ્રભુશ્રી મહાવીરદેવને નામે ગમે તેમ હાંકે રાખે છે અને શાસનના પાના પર આગમ પંચાંગીને નામે કંઇ કંઇ વાતો કરી નાંખે છે કે જેમાં ભોળી જનતા જરૂર ભરમાઇ જાય. એવા કેટલાયે ગાડરીયા ભકતો પડયા છે કે દિન ઉગ્યે નજર સામે એ સાધુજીની ખટપટો નજરે ચઢયા છતાં, એમાં તેઓ જૈન ધર્મની મહાન સેવા જુએ છે. તેમની આંખ પર આગમને નામે એવા તો પડળ વાકચાતુરીથી ચઢાવી દેવાયલા હોય છે કે જેથી તેઓ કમળાના દરદીની માફક રામજી બાપુ સિવાય બીજે બધું પીળુંજ દેખે છે; અર્થાત્ પોતાના વાડા સિવાય અન્યત્ર સર્વસ્થાને અધર્મ અને શાસનદ્રોહ ભાળે છે.

દિક્ષા સબંધી વાત કરતાં રામજી મહારાજ ગુરૂવર્ય આત્મારામજી મહારાજને નામે કેટલાયે છબ ડા વાળી નાંખે છે. સ્વકકો ખરો કરવાની એકપક્ષી તીવ્ર લાલસામાં કલ્પસુત્રમાં આવતા, પ્રભુશ્રી મહાવીરના દિક્ષા સંબંધી અભિગ્રહને એવો વિરૂપ મંત્ર છે કે શ્રોતાઓને એમજ લાગે તો કે પ્રભુ જ્ઞાની હતા તેથી તેમ કર્યું પણ આપણાથી તેમ નજ થાય. માતા પ્રત્યેની અપૂર્વભકિત દર્શક એ દ્રષ્ટાંત આમ વાણીના છળથી રહસ્ય વિહોણું નિઃરસ બની જાય છે. એવું બીજું ઘણીકવાર ઓડનુચોડ વેતરી દઇ માત્ર પોતાની હામાં મતુ મરાવે રાખે છે. એ ભ્રમ ઉંચકવા ખાતર તેમના ગુરૂના દાદા ગુરૂ એવા પૂજ્યશ્રી આત્મારામજી મહારાજ 'જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર'નામા પુસ્તકમાં શું દર્શાવે છે તે વાંચવા જેવું છે-

પ્રશ્ન ૨૫-શ્રી મહાવીરકે ઉપર તિનકે માતપિતાકા અત્યંત રાગ થા કે નહી?

ઉત્તર-'શ્રી મહાવીરકે ઉપર તિનકે માતપિતાકા અત્યંત રાગ થા' એમ કહી કલ્પસુત્રમાં આવતુ આખુ બ્યાન ટાંકે છે અને અંતમેં જણાવે છે કે 'ગર્ભમે રહે મેરે ઉપર માતપિતાકા ઇતના બડા ભારી સ્નેહ હે તો જબ મેં ઇનકી રૂબરૂ દીક્ષા લેઉંગા તો મેરે માતાપિતા અવશ્ય મેરે વિયોગમેં મર જાયેગે તબ શ્રી મહાવીરજીને ગર્ભમેહી યહ નિશ્ચય કરા કે માતાપિતા કે જીવતે હુએ મૈં દીક્ષા નહી લેવુંગા.'

કલ્પસુત્રકાર ઉપાધ્યાયજી મહારાજ પણ આ વાતને માતા પ્રત્યેની અપુર્વભકિત તરિકેજ સ્વીકારે છે. અન્ય જીવો પણ તેવા ભકિતવત્સલ થાય અને સ્નેહના બંધન કેવા નિબિડ હોય છે એ વિચારી ઉછાછળુ પગલુ ભરતા પહેલાં વિચાર કરે અને કોઇના પણ આત્માને દુભવવા જેવું ન કરી બેસે એવો સાર તારવવારૂપ તેમનો ધ્વનિ છે. આમ છતાં આ વાતને ઉલટપાલટ કરી નાંખનાર પ્રવરજી! મહારાજ સાહેબના ઉપરોકત લખાણ સંબંધે શું અભિપ્રાય આપશે! પ્રભુશ્રી તો વડીલભ્રાતા નંદીવર્ધનના આગ્રહથી બે વર્ષ અધિક થોભી જાય છે જ્યારે આજે તો નવપરણિત વધુને તરછોડવાનો અને એના ખાતર બે માસ થોભવામાં પણ ભયંકર દોષ સેવ્યાનો બોધ અપાય છે. જે સ્નેહના બંધનને છેદ દેવામાં પ્રભુ જેવાએ પણ ઉતાવળું પગલું ન ભર્યું ત્યાં આજે કેવી રોકકળ કરાવાય છે.

અજાયબી જેવું તો એ છે કે જે પ્રભુશ્રીએ જાતે ન કર્યું તેમના નામેજ-તેમના શાસનના નામેજ-આ બધું રામજી-બાવા ભજવે રાખે છે. સમભાવથી વિચારતાં સ્પષ્ટ દિસે છે કે એમ કરવા જતાં પ્રભુશ્રી અને ગુરૂદેવ એમ ઉભયના આશયનો અપ્રલાપ કરે છે: છતાં વેવલા ભકતોની આંખો ઉઘડતીજ નથી. એમાં તેમને મન જૈન શાસનનો કેવોયે વિજયવાવટો ફરકતો દેખાય છે! પ્રભુ તેમને સન્મતિ આપો એજ અભ્યર્થના

—:○⊂⊃:O:⊂⊃○:—

## શ્રી. મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ.

આ સાલમાં ઉપર્યુકત વિદ્યાલયમાંથી કુલ્લે ૬૧ વિદ્યાર્થીઓ જુદી જુદી યુનીવર્સિટીઓની નીચે પ્રમાણેની પરિક્ષાઓમાં બેઠા હતા, તેમાંથી ૪૯ પાસ થયા છે. તે પૈકી એક ફર્સ્ટ કલાસમાં અને ૨૦ સેકન્ડ કલાસમાં આવ્યા છે. કુલ પરિણામ ૮૦.૩ ટકા આવ્યું છે, જે ઘણું સંતોષકારક કહી શકાય. પરિણામ નીચે પ્રમાણે છે.

| વર્ગ | કેટલા બેઠા | કેટલા પાસ થયા. |
|---|---|---|
| એમ. એ. | ૧ | ૧ |
| એમ. બી. બી એસ છેલ્લું. | ૧ | ૧ |
| ,, ઇન્ટર | ૪ | ૪ |
| સિનીયર બી. એ. | ૩ | ૩ |
| ઇન્ટર આર્ટસ | ૩ | ૨ |
| સિનીયર બી. કોમ | ૫ | ૨ |
| ઇન્ટર કોમર્સ | ૩ | ૧ |
| ઇન્ટર સાયન્સ | ૧૦ | ૭ |
| પ્રિવીયસ | ૨૧ | ૧૯ |
| એલ. સી. પી. એસ. પહેલું. | ૨ | ૨ |
| સિનીયર બી. એજી (ખેતીવાડી) | ૧ | ૧ |
| ઇન્ટર એગ્રીકલ્ચર ( ,, ) | ૨ | ૧ |
| એન્જીનીઅરીંગ બીજું | ૧ | ૧ |
| માઇનીંગ-મેટલર્જી (ખનિજ શાસ્ત્ર) | ૨ | ૨ |
| ઇલેકટ્રીકલ એન્જી બીજું. | ૧ | ૧ |
| વેટરનરી (પ્રાણીશાસ્ત્ર) | ૧ | ૧ |
| | ૬૧ | ૪૯ |

# જૈનો વાંચો અને ચેતો:-

———(૦)———

[ઐતિહાસીક રાસ સંગ્રહ (વિજય તિલક સુરિ રાસ) ઉપરથી તારણ કાઢનાર:-એક જૈન.]

——:*:——

- ગતાંકથી ચાલુ -

ખંભાતથી દર્શનવિજયજીએ બુરાનપુર જવા માટે વિહાર કર્યો. જંબુસરમાં હીરવચનને અનુસરીને મતાં કરાવ્યાં. ભરૂચ અને સુરતમાં પણ કરાવ્યાં. સુરતમાં પૂંજા દોસીના ઘણાં સારાં (લગભગ ત્રણસો) મતાં લઇને પછી દર્શનવિજય આગળ ચાલ્યા. ખાનદેસમાં નંદરબાર વિગેરે થઇ બુરાનપુર પહોંચ્યા. અહીંયાં વિજયરાજ વાચકને વંદના કરી. તેમને બધી હકીકત કીધી. આ વખતે વિજયરાજ વાચક સાથે જસસાગર હતા. તેને પોતાના સંઘાડામાંથી દુર કર્યાં. તે વખતે બુરાનપુરનો શ્રાવકસંઘ વિજયરાજ વાચકને વિનંતિ કરે છે કે જસસાગરને સાથે રાખો. દર્શનવિજયજીએ સંઘને કહ્યું કે "અગર તેઓ એ પ્રમાણે કબુલ કરતા હોય કે પહેલાં જે થયું તે થયું પણ અમે કોઇનું લખ્યું માનસું નહી. ચોમાસુ સાથેજ કરીશુ. તે સાગરોએ તે વાત કબુલ કરી. એકંદરે, અગિયાર ઠાણાંએ ચોમાસું કર્યું. તેમાં પાંચ વિજય અને છ સાગર હતા. વિજયરાજ વાચકે બાદરપુરમાં ચોમાસું કર્યું. વિરવિજય પન્યાશ ઇદલપુરમાં રહયા. જસસાગર, દર્શનવિજય, રામવિજય વિગેરે શહેરમાં રહયા. અંદર ખાનેથી કપટકલા સાગરોએ વિજયો સાથે શરૂ કરી. સાગરો હીરવિજયસૂરિના ઉપદેશને ઢીલા કરવાની સરૂઆત કરે છે ત્યારે વિજયો હીરવિજયસૂરિશ્વરવા મતાંઓને મજબુત કરે છે. આમ કરવાથી ઝટ બે તડાં પડી ગયાં. દર્શનવિજયના પક્ષમાં હીરવિજયસૂરિશ્વરના મતાંના ઉપદેશને પ્રતાપે ગામનો મોટો ભાગ ભળ્યો. સાગરો ક્રોધિત થયા. વિજયદેવસૂરિ ઉપર હકીકતના પત્રો લખ્યા. વિજયદેવસૂરિએ સંઘ ઉપર ઠપકાનો પત્ર લખ્યો પણ સંઘે તે કાગળ (કુરમુળા એટલે ગુજરાતી શબ્દોમાં મમરા વેચનારને) કચરાની ટોપલીમાં રવાના કરી દીધો.

(સંવત્સરી જેવા પવીત્ર દીવસે સંવત્રી પ્રતિક્રમણ કરી દુનીયાના સકળ જીવોને ક્ષમાપના કરવાની હોય તેજ દીવસે બુરાનપુરમાં તોફાન મચે છે. જે ગુરૂઓને જ્ઞાનનું અજીરણ થયું હોય, સમભાવ ઉપરથી પતિત થએલા હોય તે બીજા જીવોનું ભલું કરે તે આશા રાખવી ફોગટ છે. જૈનો, તમારી-આસામાં કાંકરા પડયા હોય તો દુનીયાના જીવોનો ઉધ્ધાર સુવર્ણ મહોરથી કેવી રીતે થઇ શકે? જૈનોના સાધુઓ એટલે સાધુઓનો લગભગ ૭૦ થી ૮૦ ટકા જેટલો ભાગ (મારા-મત પ્રમાણે) સમભાવથીજ પતીત થયો હોય તો બીજા જીવોને સમભાવનો પાઠજ કેવી રીતે આપી શકે? મુંબઇ જેવા શહેરમાં વીતરાગ દેવની પુજા કરવા જતાં-ન્હાતી વખતે પણ જેમ આપણી સોસાયટી બાલીકા કોન્ફરન્સનું બારમું તેરમું અને ચૌદમું કરવા નીકળે તેમ કેટલાક સોસાયટીના તેમજ નીંદાખોરીઆ પોતાનાજ આત્માનું બારમું પાપસ્થાનક કલક વડે તેરમું પાપસ્થાનક અભ્યાખ્યાન વડે તેમજ ચૌદમું પાપ સ્થાનક પૈસન્ય વડે ભાવ મૃત્યુ ઉત્પન કરતાં હોય ત્યાં પુજા ભાનથી કરનાર વીરલાજ નીકળે કારણ કે જયાં ગુરૂઓજ સમભાવનો આદર્શ ધરાવતા નાહોય તો શીષ્યોમાં કયાંથી આવે? આ લેખનો લખનાર વર્ષના અમુક દીવસમાં ભાયખલા આદેશ્વર પ્રભુની પુજા કરવા એટલાજ કારણથી જાય છે કારણ કે પુજા કરતાં સમભાવ જોઇએ તે પાયધુની જેવા દેરાશરોમાં થાય નહી. આ બાબત, જૈનોની ભુલો બતાવનાર વિજય વલ્લભસૂરિજી તેમજ વિજય લબ્ધીસૂરિજીનો લેખક ઉપકાર માને છે છતાં હજુ જૈનો સમભાવમાં રહેતા કયારે સીખશે હે! પ્રભો! પ્રાર્શ્વનાંથના અધીષ્ઠાયક દેવ.)

બુરાનપુરામાં દેવજુહારી નિકળતાં ગોરીબાઇના ઉપાશ્રય આગળ એક મોટો ઝઘડો થયો. વાણીયાઓ કાકડી અને રીંગણા વડે યુદ્ધ કરવા લાગ્યા કારણ કે બજારમાં દેવ જુહારી જતી વખતે લાકડીઓ તો જૈનોએ રાખેલીજ નહી હોય અને બજારમાં કાછીયાઓના રીંગણા અને કાકડી ઉપર સાવકડાની તે વખતે નજર પડી હશે. આ શ્રાવકો નહી પણ સાવકડા એટલે પુરેપુરા લુખ્ખા જૈનો હોવા જોઇએ. (જેમ આપણી સીસોટી મફત દુધપાક ખવડાવે છે જેવી રીતે સીસેટી અને દેસ વીરતીના સંમેલન વખતે ત્રણ વર્ષ પહેલાં ચાર આના ભરનારને સંમેલન વખતે મફત શીખંડ પુરી ખવડાવ્યા કારણ કે લુખા સાવકડાઓને મફતના શીખંડ પુરી અને દુધપાક પુરી મળે તો તરતજ મતુમારી આપે છે) સામસામા જૈનો પેટ ભરીને લઢયા એકનું માથું ફુટયું. કેટલાકના હાથ ભાગ્યા. પગ ભાગ્યા-કેટલાક સેતાનો તોફાન કરીને ભાગી ગયા કારણકે વખતે રાજ પકડે તો દંડ કરે.

ગચ્છનાયક વિજયદેવસૂરિના સાથમાં રહેનાર છ સાગરોએ અને તેના વાણીયાઓએ કચેરીમાં જઇને લાંચ આપી અને ચોર કોટવાલને દંડે તેમ વિજયોને ખુબ ગભરાવી મુકયા એટલે તે વખતે બુરાનપુરનો સંઘ એકઠો થયો. સંઘનાયક ઠાકરસિંઘજી, ઠાકર હાંસજી, રાજમાન્ય શાહ છિતૂ, જગજીવન, પીઠના સંઘવી વિમલ વિરૂદાસ, સંઘ મુખ્ય શાહ વીરજી ભીમાના પુત્ર હિરજી, ગાંગાબાઇનો બંધુ સિંભુજી, લાલજી ધનજી, રૂપુજી, સિંઘજી આંબા, સા જીવો, સંઘવી રાયમલ્લ, ઇદલપુરના પારેખ જાવડ લાલા, પારેખપાલા શીવજી, વીગેરે વીગેરેએ એકઠા મળી દર્શનવિજયજીને ભાનુચંદ્ર પાસે મોકલ્યા. સુલતાનને દર્શન-વિજયજી અને ભાનુચંદ્ર મળ્યા.

સુલતાને ફરમાન ખુરમસુલતાન ઉપર લખીને માણસ મોકલ્યો દર્શનવિજય પણ બુરાનપુર સાથે આવ્યા. ખુરમ-સુલતાને સહી કરી ગુનેગારોને પકડવાનો હુકમ છોડયો. ગુને-ગારોએ નાશભાગ કરવા માંડી. તેમાં સોની જીવરાજભાઇ અને ભોજુભાઇ પકડાયા. બુરાનપુરના માણેક ચોકમાં લાવીને બરડામાં સોટીયોના માર પડયા. આ વખતે ઉંધે મસ્તકે બાંધીને નાંખવાની તઇયારીઓ થવા માંડી તે વખતે મહાન કોલાહલ મચી ગયો. (હીંસાધર્મની પ્રભાવના સાગરો અને વીજયોએ બુરાનપુરમાં બતાવી). (પાટણમાં આપણા સાગરજી મહારાજના હુકમથી થોડાક વિજયો અહિંસા પરમો ધર્મના નામે પોતાનો વાડો વધારવા હમણાં ગયા અને અહીંસા પરમો ધર્મનો ફેલાવો કરવાને બદલે પાટણમાં શાસન પ્રેમી જેવા સુંદર નામો ધારણ કરીને હીંસા ધરમો ફેલાવે છે તે ઇતિહાસીક પરિવર્તન સીવાય કાંઇ નથી પાટણના સંઘને ધન્યવાદ ઘટે છે કે કોહ્યું ત્યાંથી કાપી નાંખી સંઘ એકઠો કરીને હુકમ બહાર પાડયો કે કોઇએ રામ વિજયયા વ્યાખ્યાનમાં જવું નહી કે જેથી કરીને લઢવા વખત આવે નહી અને તેથી

# જગતમાં ચર્ચાતા પ્રશ્નો અને જૈનો

( ગતાંકથી ચાલુ )

જગતમાં સામ્રાજ્યવાદ અને મુડીવાદને પરિણામે ચુસણ-નીતિ અને લશ્કરીવાદ ઉભાં થયાં છે, અને તેને નીભાવવા કાળા-ગોરાના વર્ણભેદની નીતિ ઉભી થઇ છે; અને સત્વર નાશ માંગતાં પણ હજુ અસ્તીત્વ ધરાવી રહેલાં ત્રણ અનિષ્ટ તત્વોઃ-**અર્ધ ગુલામીદશા, સફેદ ધંધાને** નામે ઓળખાતો ધંધો અને **માદક પદાર્થોનો ખાનગી તથા** ઉઘાડો વેપાર એ બધાની સામે જગત્‌ના વિચારક વર્ગનો ઝોક કયાં છે તે હવે આપણે તપાસીએ.

સામ્રાજ્યવાદની સામે આત્મનિર્ણયનો સિદ્ધાન્ત પ્રજાસંઘે અને જગતની બધી પ્રજાઓએ તાત્વિક દ્રષ્ટિએ કબુલ કરેલ છે અને તેનો અમલ પણ બહુ ઝપાટાબંધ થતો આવ્યો છે. છેલ્લા યુરોપી યુદ્ધ પછી અમેરીકન પ્રમુખ મી. વીલ્સને જે ચૌદ મુદ્દાઓ રજુ કર્યા હતા તેમાં પ્રજાઓના આત્મનિર્ણયનો અગત્યનો મુદ્દો હતો. આપણે જોયું કે એજ સિદ્ધાંત ઉપર જર્મની અને રશીઆ પ્રજાસત્તાક રાજ્યો થયાં. જે પોલ લોકો જર્મની, રશીઆ અને ઓસ્ટ્રીઆની ઝુંસરી નીચે હતા તેઓ એક થયા, ઝેક, સ્લાવ, મેગીઅર વિગેરે ઓસ્ટ્રીઆ, હંગરી અને બાલ્કનની પ્રજાઓ ભાષાની દૃષ્ટિએ જુદી પડી અને પ્રોલીટરીએટ રશીઆની પ્રજાઓએ પણ અમુક તંત્ર નીચે રહેવા છતાં ભાષા પ્રમાણે વર્ગ વિસ્તારો બાંધ્યા છે. આપણા એશીઆમાં તુર્કસ્તાને ઉંચું માથું કર્યું અને ઇસ્તંબુલ (કોન્સ્ટન્ટીનોપલ) માંથી અંગોરામાં આવ્યું એ બધામાં આ આત્મનિર્ણયના સિધ્ધાન્તે ઘણી મદદ કરી છે, આ સિધ્ધાંતે જગત્‌ની પ્રજાઓના મન ઉપર મોટી અસર ન કરી હોત તો ચીન, ઇરાન અને અફઘાનીસ્તાનને ઉપર આવતાં વખત લાગત. લાંબા સમયથી કેદ પડેલો અને નિર્બળ થઇ ગયેલો માણસ જેમ પોતાની બધી શકિતઓ એકત્ર કરીને છુટવાને માટે ઝંખે છે, અને મથે છે. તેમ હિંદુસ્તાન આજે આત્મનિર્ણયને પંથે છે. અને સેંકડો વર્ષોની ગુલામી અને પરતંત્ર દશામાંથી છુટવાને હવે સેંકડો વર્ષોની જરૂર નથી પરંતુ બહુજ થોડા સમયમાં આપણે જગત્‌ની અન્ય પ્રજાઓની હરોલમાં આવી ઉભા રહીશું. અને હિંદુસ્તાન એકવાર સ્વતંત્ર થતાં આફ્રીકાની સ્થિતિમાં પણ જબરજસ્ત રૂપાંતર થઇ જશે અને ત્યારેજ દુનિયા કાંઇક સ્વતંત્રતાનો અને નિર્ભયતાનો શ્વાસ લેશે.

આજે આત્મનિર્ણયના સિધ્ધાન્તની સાથે સામ્યવાદનો સિધ્ધાન્ત પણ એટલાજ જોરથી કામ કરવા લાગેલ છે. સામ્યવાદને આપણે અંગ્રેજીમાં Communism (કોમ્યુનીઝમ) તરીકે ઓળખીએ છીએ. બાળક જેમ દુનીયા ઉપર આવ્યા પછી દુનિયાની આબોહવા પ્રમાણે ઘડાતું જાય છે તેમ સામ્યવાદને જ્યારે હિંદુસ્તાનના લોકો સમજીને પચાવશે ત્યારે સામ્યવાદની પાછળ ઘૃણાની જે ગંધ છે તે નીકળી જશે. મોટાને તોડી પાડવા કરતાં ન્હાનાને ઉપર લાવવાનો વિચાર માણસના મનોરાજ્યમાં અગ્રસ્થાન લેશે સાચો સામ્યવાદ લોહીની નીકો વહેવડાવવા કરતાં મનુષ્યોને આત્મસમર્પણ અને આત્મબલિદાન તરફ પ્રેરણા કરશે આજે ધાર્મિક રૂઢીઓ તરફ તેને જે તિરસ્કાર થઇ ગયો છે તેને સ્થાને ધર્મે એટલે જગતના અનુભવીઓએ નિર્દિષ્ટ કરેલાં વિધાનોમાંથી તે પ્રેરણા પોશે અને તેમના કાર્યપ્રદેશમાં સરળતા અનુભવીને પ્રફુલ્લિત બનશે.

જગત કલ્યાણના પ્રશ્નો અને આંતર રાષ્ટ્રિય નીતિ આપણે વિચારીએ છીએ ત્યારે બે વસ્તુઓ આપણું એકદમ ધ્યાન ખેંચે છેઃ-અને તે **વિજ્ઞાન** અને **યાંત્રિક કળા.** વિજ્ઞાન આજસુધીમાં દુનીયાની મદદે આવ્યું છે પણ મદદ કરતાં તેણે સહાર વધારે કર્યો છે. આજે જગતના વિજ્ઞાનીઓમાં એક પ્રકારનો બંધુભાવ કામ કરી રહેલ છે. તેમની દૃષ્ટિએ સમય અને અંતર ઘટી ગયાં છે અને તેઓ ધારે છે કે જગતનું રાજ્યતંત્ર હાથમાં આવ્યા પહેલાં પણ જગત્‌ને ઘણું સુધારી શકાય તેમ છે અને જગત્‌ને ધાન્ય, વસ્ત્ર અને રક્ષણનાં સાધનો એકદમ સુલભ કરી શકાય તેમ છે. હજુ વિજ્ઞાન વધતાં નવી ગુંચવણો ઘણી વધશે પરંતુ એક વસ્તુ સારા માણસના હાથમાં હોય તો તેનો સદ્‌ઉપયોગ છે તેમ વિજ્ઞાનનો હવે દુરૂપયોગ થવાનો ભય હવે ઓછો થતો જાય છે, અને સદુપયોગ થવાની આશા વધારે બંધાય છે.

આજના પ્રજાસંઘ (League cf Nations લીગ ઓફ નેશન્સ) માં અમુક રાજ્યો જેવાં કે ગ્રેટબ્રીટન, ફ્રાન્સ, જર્મની, ઇટલી, અને જપાન, પોતાની લાગવગ અને સ્વાર્થ પ્રમાણે કામ કરાવ્યે જાય છે પરંતુ ઉપલી સત્તાઓનું જોર ઓછું થતાં અને બીજી પ્રજાઓનું જોર વધતાં થોડાજ સમયમાં સમતુલા (Balanee of Power બેલન્સ ઓફ પાવર) જેવું

---

ફરીથી પાટણના સંઘને વંદના કરીને આ લેખક સુચના કરે છે કે જેને ગંધાતો વાડો વધારવો હોય તેને પહેલાં પજુસણમાં અને દીવાળીમાં ચૈત્ય પરીપાટી કરવા જવા દેજો. ભલે તે લોકો પહેલા ભગવાનને ભેટવાનો લહાવો લઇ લે કારણ કે મુંબઇમાં રામવિજયજીએ કારતક સુદ ૧૫ ને દીવસે ભાયખલામાં આદેશ્વર ભગવાનને પહેલા ભેટી લાવો લીધો હતો ત્યારે જૈનોને વલ્લભ એવા વિજયવલ્લભસૂરિજીએ કારતક સુદ ૧૫ ને દીવસે વાલ્કેશ્વર પટના દર્શન કરીને લાવો લીધો હતો. ધીક્કાર પડો કદાગ્રહ ભરેલા દર્શનને કદાગ્રહથી ભરેલા દર્શન વડે ભલે રામવિજય અને તેનો પક્ષ જલદીથી મોક્ષ સાધી લે અને ભલે જૈનોને વલ્લભ એવા વિજયવલ્લભસૂરિજી અને તેના અનુયાયીને મોડો મોક્ષનો પરવાનો મળે. તેથી કરીને પાટણમાં કદાચ રામવિજય અને તેના પક્ષવાળા જલ્દીથી કદાગ્રહ ધારણ કરીને ચૈત્યપરી પાટીવડે મોક્ષ સાધે તો પાટણના સંઘને મુઝાવવાનું કાંઇ નથી કારણ કે તે પણ જૈન બંધુઓ છે અને અત્યારે કદાગ્રહ અને મમતા રૂપી અફીણના ડોડાનું ઝેર તેમને ચઢેલું છે એટલે જેમ ફાવે તેમ ગાળો ભાંડે બોલે તો ગભરાવવાનું કારણ નથી.)

બુરાનપુરના સંઘ પાસે સોની જીવરાજજી અને સોની ભોજૂરાજજી પગે પડી કરગરવા લાગ્યા અને બચાવવા માટે વિનંતિ કરી એટલે અહીંઆ પરમોધર્મનો સિદ્ધાંત સમજેલા જૈન સંઘે ઉપકાર કરી તે લોકોને છોડાવ્યા. સંઘની પ્રતીષ્ઠા વધી સર્વત્ર બુરાનપુરમાં શાંતિ થઇ ગઇ.

વધુ લખાણ હવે પછી ફુરસદ મળે બહાર પાડવામાં આવશે.

# મુની મહારાજશ્રી ન્યાયવિજયજી-નું જાહેર ભાષણ.

—(૦)—

## આત્મોન્નતિ

પ્રાણી માત્રની પ્રવૃત્તિ સુખને માટે છે. દરેકને સુખ ઇષ્ટ છે અને દુઃખ અનિષ્ટ છે. આપણે પરમેષ્ઠી નમસ્કાર; સ્મરણ કરીએ છીએ. પણ એ નમસ્કાર મંત્ર કેટલો મહત્ત્વશાળી, કેટલો પ્રભાવશાળી છે તે સમજવાની જરૂર છે એ મંત્રમાં પાંચ પરમેષ્ઠીઓની સ્થાપના છે. પરમેષ્ઠી એટલે પરમપદ પર સ્થિત. અર્હન અને સિદ્ધ એ પરમપદ પ્રાપ્ત હોઇ પરમેષ્ઠી છે. બાકીના ત્રણ પરમેષ્ઠી થવાનો મહાન અભ્યાસ કરી રહ્યા છે એટલા માટે પરમેષ્ઠી કહેવાય છે. અર્હન અને સિદ્ધ એ દેવ છે અને શેષ ત્રણ ગુરૂઓ છે. અર્હન એ સાકાર ઇશ્વર છે, જ્યારે સિદ્ધ નિરાકાર ઇશ્વર છે, આમ નમસ્કાર મંત્ર સાકાર-નિરાકાર ઇશ્વરવાદીઓના કલહ કોલાહલનો ફેંસલો કરી આપે છે. અર્હન્તને દેહધારક કર્મ અવશિષ્ટ છે, જ્યારે સિદ્ધ સમ્પૂર્ણ અકર્મક છે. આ દ્રષ્ટિએ પહેલે પદે અર્હન્તને ન મુકતાં સિદ્ધને મૂકવા જોઇએ એમ પ્રશ્નિકને પ્રશ્ન થાય ખરો. પણ અર્હન શેષ ચારે પરમેષ્ઠીઓનું મૂળ ઉદ્‌ગમ સ્થાન છે, એટલે તે પહેલે પદે મૂકાયા છે. અર્હનમાંથી સિધ્ધ થવાય. અર્હનદ્વારા આચાર્યાદિ બને આમ સિધ્ધાદિ પરમેષ્ઠીઓનું મૂળ અર્હન છે. એ સર્વ-પ્રકાશક છે. દેહધારી ઇશ્વર છે. વિશ્વનો મહાન ઉપકારક છે. વિશ્વવ્યાપી ધર્મસંસ્થાનો યોજક છે એટલા માટે એ પ્રથમપદે સ્થાપિત છે.

અર્હન વગેરે ચારેના સ્પેશ્યલ કલાસ છે, જ્યારે સાધુ એ વ્યાપક પદ છે. સાધુત્વ એટલે ચારિત્ર. એ ચરિત્ર પાંચે પરમેષ્ઠીઓમાં છે. યાવત્ સિદ્ધમાં પણ છે. ચારિત્ર એ આત્માનું સ્વરૂપ રહ્યું એટલે એના વિકાસમાં આત્માનો વિકાસ રહ્યો છે. અર્હન અને સિદ્ધ એ ચારિત્રના પૂર્ણ વિકાસનુંજ પરિણામ છે. આમ નમસ્કાર મન્ત્રમાં વિરાતિની પ્રતિષ્ઠા છે-ચારિત્રની પ્રતિષ્ઠા છે. પાંચે પરમેષ્ઠીઓનું કેરેકટરીસ્ટીક ચારિત્ર છે, વિરતિ છે. નમસ્કાર મન્ત્રમાં વિરતિનું પૂજન છે. અને વિરતિ એજ જ્ઞાનનું ફળ છે. એટલે સમગ્ર જ્ઞાનરાશિનો સાર નમસ્કાર મન્ત્ર છે એ સ્પષ્ટ થઇ જાય છે.

પરમ જ્ઞાનાદિ ગુણો આત્મામાં મોજુદ છે. સ્વયંસિધ્ધ છે. એને કંઇ ઉત્પન્ન કરવાના નથી. મુમુક્ષુના પ્રયત્નનો વિષય તો એક માત્ર આત્મા ઉપરનાં આવર્ણોને ભેદન કરવાનો છે એનુંજ નામ ચારિત્ર છે. એ ચારિત્રનેજ લઇને મહાવીર આપણા પૂજ્ય છે. ચારિત્રની પરાકાષ્ઠાએ પહોંચી મહાવીર પરમાત્મા બને છે. મહાવીર થવાનો કોઈએ ઇજારો લીધો નથી. એ મહાત્માને પગલે ચાલનાર કોઇપણ મનુષ્ય મહાવીર બની શકે છે. હરિભદ્રાચાર્યે મહાવીરનું શરણુ લેવામાં કારણ એ બતાવ્યું છે કે વાણી અને વર્તનમાં મહાવીર સહુથી ઉંચે નમ્બરે આવે છે. જીવનની સફળતા ચારિત્રમાં છે. એક ખાંડી મોઢાના ઉપદેશ કરતાં એક સધોબ વર્તન વધુ લાભદાયક છે શાસ્ત્રો વાંચવાં, સમજવાં, સમજાવવાં સ્હેલાં છે, પણ જીવનમાં ઉતારવાં દોહ્યલાં છે. ધીરે ધીરે અભ્યાસમાં આગળ વધો. તેમ કરતાં આત્માનો વિકાસ થશે. નકામી પંચાતમાં પડી આત્માનું ન હારો. "બધી જાન જમી ગઇ અને વરરાજા રહી ગયા" એવું ન બને એ ધ્યાનમાં રાખો.

મહાવીરનો ભકત, મહાવીરનો ઉપાસક કેવો હોય! મહાવીરે સમતામય જીવન જીવી આત્મવિકાસ સાધ્યો છે. એક બાજુ ભયંકર ભુજંગ ઉપદ્રવ મીચાવે છે અને બીજી બાજુ બત્રીસ લાખ વિમાનોનો સમ્રાટ સૌધર્મ ઇન્દ્ર પૂજે છે, પણ મહાવીરની મનોવૃત્તિ તો એ બન્ને પર સરખી છે. કોઇનાપર રાગ અને દ્વેષ થતો નથી. એ મહાવીરનું સામ્યજીવન: આપણે એ જીવનનો અભ્યાસ કરવાનો છે. સમતામય જીવન એ આપણો આદર્શ છે. રાગદ્વેષને દુર કરવામાંજ ચારિત્રનો મહિમા છે. એમાંજ એ.ધાનો સદુપયોગ છે. એમ લાંબાં લાંબાં વ્યાખ્યાનો કરીએ અને કષાયશમનના પાઠ તમને ભણાવીએ, પણ અમારામાં જ કષાયોની-રાહ-દ્વેષની-વૈરવિરોધની હોળી સળગતી હોય તો પછી અમને અને તમને શું લાભ થાય! અમારામાં વૈરવિરોધ ભર્યો હોય તો અમારા ઉપદેશની કેટલી અસર! સાધુ જો સાધુતાનું ભાન ન રાખે અને ધોબીની સાથે ધોબી થાય તો તે ઓઘાને લજવે, તેની બુરી દશા થાય (અહીં ધોબી અને સાધુનો કિસ્સો રજુ કર્યો હતો અને આજની સાધુતાનો તાદ્દશ ચિતાર ખડો કર્યો હતો.)

અહિંસા, સમતા, સત્ય, સંયમ એ આત્મોન્નતિના મહાન્ સિદ્ધાંતો છે. મહાવીરની અહિંસાનો એ પ્રભાવ હતો કે જેની સામે જન્મવૈરી પ્રાણીઓ પણ પોતાનાં વૈર ભૂલી જઇ શાન્તિના રસમાં ઝીલવા માંડતાં હતાં મહાવીરની નસેનસમાં અહિંસાની સરિતાઓ વહે છે, એના રોમેરોમમાં અહિંસાના દિવા પ્રકાશે છે, એટલે એ મહાન્ પ્રભુ અહિંસાનો અવતાર હોઇ બીજાના પર એની અહિંસાની છાપ પડે છે. એનો

---

જણાશે અને આજે ઘણો સમય, શકિત અને સાધનો વ્યર્થ જાય છે તેનો બહુજ ઉત્તમ પ્રકારનો ઉપયોગ થશે.

આજે યાંત્રિક કળાઓએ (મશીનરી) પશ્ચિમમાં માણસને હાથપગ વગરના કરી નાખ્યા છે એમ કહીએ તો ચાલે. ભવિષ્યમાં આ યાંત્રિક કળાઓ અને મનુષ્યની અંગ મહેનતનો જરૂર સમન્વય વિચારવો પડશે અને તે અસંભવિત નહિ જણાય.

લશ્કરથીજ દેશનું રક્ષણ થઇ શકે છે એ માન્યતા હવે ખોટી પડતી જાય છે શસ્ત્રપરિગ્રહોની જરૂર હવે ઓછી થઇ જશે. એક બીજાના ભયથી મોટા દેશો લશ્કર વધાર્યે જતા અને પ્રજાને કરના બોજા તળે દાબી દેતા તે સ્થિતિ હવે અસહ્ય બની છે. અર્વાચીન જગતના મહાન પુરૂષ પાસેથી અહિંસા અને સત્યાગ્રહનો મંત્ર સૌએ અત્યંત હર્ષપૂર્વક વધાવી લીધો છે અને તેનો અમલ થઇ ચુકયો છે. તેમાં સફળતા મળતાં હવે તે વિશે લોકોના હૃદયમાં શંકાને સ્થાન નથી. વિશ્વાસ અને શ્રધ્ધાથી લોકોએ તેનું અવલંબન સ્વીકાર્યું છે અને આપણે પૂરી આશાથી કહી શકીએ કે જગત માત્ર એક દસકામાં ઘણું બદલાઇ જશે અને તે અવનતિને માર્ગે નહિ પણ ઉન્નતિને માર્ગે.

હાલના જગતના આ મુખ્ય ચર્ચાતા પ્રશ્નોની સાથે મેં "જૈનો"નું એટલે આપણું નામ જોડયું છે. તેનો હેતુ એ છે કે ચર્ચાતા સવાલોના ઉકેલમાં આપણે આપણા તરફનો કેવો અને કેટલો ફાળો આપી શકીએ તે આપણે હવે વિચારીએ

(અપૂર્ણ)

વાણીમાંથી વહેતો અહિંસાનો ધોધ ઉપસ્થિત પ્રાણી વર્ગના હ્રદયમાં શાન્તિનો રસ રેડે છે. એ મહાન્ આત્માને નિહાળનાર અને એની વાણીનું પાન કરનાર વૈરવિરોધના પંજામાંથી છુટી જાય છે. એ અહિંસાની મહાન શક્તિ છે, આજે પણ આપણે શું જોઇ રહયા છીએ! આપણી નજર સામે આજે અહિંસાનો ચમત્કાર દેખાઇ રહયો છે. અહિંસાની શકિત કેટલું કામ કરે છે એ આજે ભારતવર્ષ જગતને બતાવી રહ્યું છે. પણ આજે જયારે દુનિયામાં ઐકય સ્થપાવાના સંદેશા ફેલાઇ રહયા છે અને હિન્દુ-મુસલ્માન ઐકયની મંત્રણાઓ ચાલી રહી છે ત્યાં તમે અન્દર અન્દર લડો એ કેટલું દિલગીરીભર્યું ગણાય, એ જરા સોચો! શાસનની કેટલી અધોગતિ થઇ રહી છે એ તમે નથી જોતા? અહિંસાના પુજારીમાંથી હિંસામય આચરણ હોય કે? તમારાથી વધુ ન બને તો છેવટે શાન્તિનો ભંગ કરવામાં તો તમારે ઉભા નજ રહેવું જોઇએ. એટલે તમે સમજી જાઓ. તમે ગૃહસ્થો જો સમજી જાઓ તો આજે સમાજમાં ચાલતું ગ્લીચ વતાવરણ એકદમ શાન્ત પડી જાય એમાં મને મુદ્દલ શક નથી. તમે એક થાઓ અને પક્ષપાતના પંજામાંથી નિકળી જાઓ તો સમાજનું વ.તાવરણ તત્કાળ ચોખ્ખું થઇ જાય. તમે કોઇના પક્ષકાર ન બનો અને એક માત્ર તટસ્થ પણે ગુણના પૂજક બનો તો હમણાં બધી શાંતિ સ્થપાઇ જાય. "આજનો વાણિયો દેરાસરમાં હોય ત્યારે જુદો અને બજારમાં હોય ત્યારે જુદો" આમ બહુરૂપીયા બનવામાં અમૂલ્ય મનુષ્યજીવન હારી જવાય છે. દમ્ભ, પાખંડને ફગાવી દઇ નિખાલસપણે વર્તન રાખવામાં આત્મોન્નતિ છે. રાગદ્વેષને જીતવાનો અભ્યાસ કરે તે જૈન. એ જૈન જીવનની પ્રણાલી સાધુઓએ અને ગૃહસ્થોએ સમજવાની છે. જૈનત્વ ખીલ્યા વગર ન શ્રાવક થવાય અને ન સાધુ થવાય જિનના માર્ગનું અનુસરણ કરે તેજ સાચો જૈન. પક્ષપાતના બખેડામાંથી નિકળી જઇ સાચા જૈનત્વને ખીલવો. સાચું જૈનત્વ કોઇપણ ખીલવી શકે જૈનત્વનો કોઇએ ઇજારો લીધો નથી. મહાવીરના મહાન દશ શ્રાવકોમાં કોઇ ઓસવાળ, પેરવાડ કે શ્રીમાલી ન્હોતા. તેઓમાં કોઇ હળા પટેલ, પાટીદાર અને કોઇ કુંભાર, છતાં તેઓ ભગવાનના ઉચામાં ઉંચી ધોરી શ્રાવક ગણાયા. અને એમના ગુણગાનમાં ગણધરોએ ઉપાસકદશા સૂત્ર રચ્યું. જૈન ધર્મમાં ગુણની પૂજા છે, ધનની કે કુલ જાતિની નથી. જે આત્મવિકાસમાં ચઢે તે ઉંચ અને પડે તે નીચ આત્મભાવનાને ઉચ્ચ બનાવો, જીવનને સદાચારી બનાવો, વિચારો અને આચારોમાં પવિત્ર બનો. એમાંજ આત્માની ઉન્નતિ છે.

સાંભળીને બહાર કાઢી ન નાખતા જીવનમાં ઉતારજો! નહિ તો "સાંભળી સાંભળી ફુટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન" એવું કહેવાશે. જો! જો! "ગોયમા" ને બદલે "ઓયમા" ન સાંભળતા. (અહી ગોયમા ઓપમાનો કિસ્સો કહીને ભાષણ કર્યું હતું.)

# વેરાવળમાં હિંદુઓ ઉપર થયેલો ખુનરેજી અત્યાચાર

## મુલતવી રહેલી સભા

સમસ્ત હિંદ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના મહામંત્રીઓ તરફથી નીચે પ્રમાણે તારો તા. ૧૯-૭-૩૧ ની સ્ટેંડીંગ કમીટીની સભામાં મંજુર થયા બાદ નામદાર વાઇસરોયને સીમલા ખાતે, પશ્ચિમ હિંદ એજન્સીના એજન્ટ ટુધી ગવરનર જનરલને રાજકોટ ખાતે તથા જુનાગઢના નામદાર નવાબ સાહેબને તથા દીવાન મહમદભાઇને જુનાગઢ ખાતે મોકલ્યા છે. તથા એક ઠરાવ પસાર કર્યો છે.

**તારનું ભાષાંતરઃ**-જુનાગઢ રાજ્યમાં વેરાવળ ખાતે એક આગેવાન જૈન ગૃહસ્થ શેઠ ગોવિંદજી ખુશાલ તથા ડો. ગોરધનદાસ વિગેરે હિંદુઓ મુસલમાનોને હાથે ખુનના ભોગ થઇ પડેલા છે તે બીના જાણી અમે અત્યંત દીલગીર થયા છીએ. વેરાવળ ખાતે મામલો ઘણો ગંભીર હોવાનું જણાય છે. સ્વતંત્ર તપાસની, ગુન્હેગારોન યોગ્ય નશીઅતે પહેંચાડવાની તથા હિંદુઓને તાત્કાલિક રક્ષણ આપવાની ખાસ આવશ્યકતા અમે જોઇએ છીએ.

**ઠરાવ :** આપણી સ્થાયી સમિતિના સોરઠ વિભાગના એક જાણિતા સભ્ય તથા આપણી ઘણી જાહેર સંસ્થાઓના એક આગેવાન કાર્યકર્તા શેઠ ગોવિંદજી ખુશાલના વેરાવળમાં મુસલમાનોને હાથે છરીથી અકાળ અવસાન થયાના દુઃખદ સમાચાર સાંભળી આજે મળેલી જૈન કોન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા અત્યંત દિલગીરી જાહેર કરે છે અને તેમના અવસાનથી સમાજને મોટી ખોટ પડી છે તેની નોંધ લે છે. તથા સદ્ગતના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેમના કુટુંબ પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ જાહેર કરે છે, અને આજની સભાનું કામકાજ તેમના પ્રત્યે શોકની લાગણી દર્શાવવા બંધ રાખવાનું ઠરાવે છે.

આ ઠરાવની નકલ સદ્ગતના કુટુંબીજનો ઉપર મોકલી આપવાને સેક્રેટરીઓને જણાવે છે.

——(૦)——

## સમય-ધર્મના સિદ્ધાંતો.

[ગતાંકથી ચાલુ.]

૧૪. સમાજની બેદરકારીના કારણે અન્ય-ધર્મમાં ભળી જતાં અજ્ઞાન જૈન બન્ધુઓને પ્રભુ મહાવીરના પવિત્ર શાશનમાં સ્થિર કરવામાંજ સારી શાશન પ્રભાવના સંભવી શકે!

૧૫. અયોગ્ય દિક્ષાના આવરણો ખડા કરી ઇતર સમાજની દૃષ્ટિએ નીંદાપાત્ર બનવા કરતાં યોગ્યાયોગ્યનો વિચાર કરી કોઇ ભાગ્યશાળી આત્માનેજ (યોગ્ય પાત્રને) એ પવિત્ર બાનો હસ્ત સોંપવામાં સાચી શાશન પ્રભાવના સંભવી શકે!

૧૬. દંભી કે પાખંડી વેષધારીઓના સન્માન કરવા કરતાં કોઇ આત્માર્થી સાચા ત્યાગીના બહુમાન કરવામાંજ સાચી શાશન પ્રભાવના સંભવી શકે!

લી૦ '**સત્ય વક્તા.**'

(અપૂર્ણ.)

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કર્યો છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૩૦ મો. | સંવત્ ૧૯૮૭ ના અષાડ શુદ ૧૪ તા૦ ૨૮-૭-૩૧ | છુટક નકલ : ૦।। આનો.

## જગતમાં ચર્ચાતા પશ્નો અને જૈનો

———(૦)———

[ ગતાંકથી ચાલુ. ]

જગતના શાંતિ માર્ગમાં જગતના કલ્યાણમાં જૈન ધર્મ કેટલો અને કેવા પ્રકારનો ફાળો આપી શકે અને ચર્ચાતા પ્રશ્નોનું સમાધાન તેમાંથી આપણને કેવી રીતે મળી શકે તે આપણે હવે વિચારીએ.

જૈન દર્શનમાં જે ઉચ્ચ સિધ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને જીવનયાત્રા કેમ ઓછામાં ઓછી કલેશકર અને વધારેમાં વધારે શાંતિકર થાય એ બતાવવામાં આવ્યું છે, તેનો જ્યારે આપણે અનુભવ કરીએ છીએ ત્યારે આપણને કોઇ જુદાજ પ્રકારનો ઉલ્લાસ, આનંદ પ્રાપ્ત થાય છે. આ આપણા પ્રાચીન વારસાની કીંમત જેટલી આંકીએ તેટલી ઓછીજ છે. જે વીતરાગ આત્માઓએ અહર્નિશ ચિંતન કરીને સત્યશોધન કર્યું તેમાંથી આજે આપણે પ્રેરણાનું પાન કરીએ છીએ, સ્વસ્થતા અનુભવીએ છીએ આપણો ત્યાગ માર્ગ આજે પણ જીવન્ત દશામાં છે. આપણો સાધુ-સાધ્વી વર્ગ જેટલો અકિંચન છે તેટલો અન્ય સંપ્રદાયોમાં નહિ મળી શકે આપણા કેટલાક રૂઢ સુંસંસ્કારો આજે પણ આપણામાં એટલા મજબુત છે અને તેની અસર એટલી ઉંડી છે કે અમુક પ્રકારનાં સમાજમાં ખરાબ ગણાતાં કાર્યો એક જૈનથી નહિજ થઇ સકે પારસી કે મુસલમાન કે હિંદુધર્મ દારૂપીવાની છુટ આપતો નથી છતાં તે તે કોમના ઘણા ભાઇઓ દારૂના પીઠાના લાઇસન્સ ધરાવે છે, જ્યારે કોઇ પણ જૈન આવું લાઇસન્સ ધરાવતો નથી આપણો અહિંસા ધર્મ અને સામ્યવાદ એટલા ઉંચા પ્રકારનો છે કે જેની કલ્પના પણ બીજાને તુરત આવી શકતી નથી. હિંસક પ્રાણીઓને પણ ન મારવાં અને માણસે એ રીતે પોતાનામાં હિંસાવૃતિ ન ઉત્પન્ન કરવી તેટલા સુધી જૈનધર્મ ગયેલ છે. માત્ર મનુષ્ય સાથે નહિ પણ વિશ્વમાત્રના જીવો સાથે સમભાવ હોવો જોઇએ મૈત્રીભાવ, કરૂણાભાવ હોવો જોઇએ એ વસ્તુઓ આપણને ઉંચામાં ઉંચા સામ્યવાદ તરફ લઇ જાય છે **સ્વધર્મીવાત્સલ્ય** એ શબ્દના અર્થમાં પણ એવા પ્રકારની ભાવના છે કે આપણે આપણા બન્ધુઓ માટે જે કાંઇ કરીએ છીએ તે તેમના પ્રત્યે આપણા ઉભરાતા પ્રેમથી કરીએ છીએ, નહિ કે દયાનો ટુકડો ફેંકીએ છીએ. એવી હલકી કલ્પનાજ આપણામાં નથી. માણસ પોતાની મીલ્કતનો તો શું પણ પોતાના શરીરનો પણ માલીક નથી એટલે આપણે ત્યાં સામ્રાજ્યવાદ કે મુડીવાદને સ્થાનજ નથી. શ્રી મલ્લિનાથ તીર્થંકર અને શ્રી. હરિબળ મચ્છીમારના દૃષ્ટાંતો સ્ત્રીવર્ગ અને જાતિમાત્ર પ્રત્યે સમભાવની દૃષ્ટિએ વર્તવા સૂચવે છે. ઢેઢ, ભંગી કરતાં પણ મચ્છીમારનું સ્થાન સમાજમાં હલકું છે કારણ કે તે હમેશાં દિનઉગ્યે હિંસાકાર્ય કરે છે છતાં તે માણસો હમેશને માટે પાપી ( condemned ) છે એમ આપણે કદિ માનતા નથી એટલે આપણામાં વર્ણભેદ નથી અને તેથી હલકી જ્ઞાતિઓ પ્રત્યે આપણને સૂગ કે તિરસ્કાર નથી. આ બધું છતાં સમાજમાં કે જગત્માં આપણું સ્થાન કયાં છે તે જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે જરૂર આપણને ભારે ખેદ થાય છે.

જ્યારે માણસના વિચારમાં અને આચારમાં માન્યતા અને વહેવારમાં અંતર વધી જાય છે ત્યારે જીવનમાં એક એવા પ્રકારની અસંગતતા આવી જાય છે કે માણસ નીચે નીચે ગબડતો જાય છે, અને તેનું તેને ભાન પણ રહેતું નથી એવી આજે આપણી સ્થિતિ થઇ ગઇ છે. આનું કારણ એકજ છે કે જ્યારે અમુક માર્ગના ચીલાઓ (steriotped things) પડી જાય છે ત્યારે તે મરામત (overhauling) માગે છે. આપણે આવી મરામત કરવા ઇચ્છતા નથી અથવા મરામત કરવાની શકિત ખોઇ બેઠા છીએ. રોગને જાણીએ છીએ નિદાન જાણીએ છીએ પણ લાંબા સમયની ટેવોએ રૂઢપરંપરાએ જડતાએ આપણા ઉપર જે પ્રભુત્વ-સતા મેળવેલ છે તેની સામે થવાનું બળ આપણે લગભગ ગુમાવી બેઠા છીએ અથવા એક વ્યસની માણસ વ્યસનમાંથી છુટવાની નિરાશા બતાવે છે તેવી સ્થિતિ આજે હિંદના ઘણા સમાજોની, ઘણા સંપ્રદાયોની છે લગભગ બધાની એ સ્થિતિ છે. તેમાંથી છુટયેજ છુટકો છે. રાજદ્વારી ગુલામીએ પણ આપણને છુટવામાં વચ્ચે મોટા અંતરાય છે. દેશની પરાધીનતા નાશ પામતાં અને સ્વતંત્રતા પ્રાપ્ત થતાં આપણી સ્થિતિમાં મોટું રૂપાંતર થશે પરંતુ આપણે બેસી ન રહેતાં ભુમિકા તૈયાર કરવાની આપણી ગંભીર ફરજ છે.

આપણો સાધુ વર્ગ પાદવિહારી છે. મોટરમાં જનારા કરતાં ગાડ માં બેસીને મુસાફરી કરનારો અને ગાડામાં બેસીને જનારા કરતાં પગે ચાલીને જનારો માણસ વસ્તુને યથાસ્થિત જોઇ શકે છે. સાધુઓ સ્વભાવિક રીતે માનસશાસ્ત્રના વધારે અભ્યાસી હોવા જોઇએ. પગે ચાલતાં જુદા જુદા સંપ્રદાયના જુદી જુદી પ્રકૃતિના અનેક માણસોના પરિચયમાં આવે છે છતાં ખેદની વાત એ છે કે આજે સાધુ વર્ગનો મોટો ભાગ જે સંકુચિત મનોદશા તેઓ પ્રથમ જીવનમાં ભોગવતા હોય છે તેમાંથી તેઓ લાંબે કાળે પણ મુકત થઇ શકતા નથી, સાંપ્રદાયિકતાનો અજાણપણે પણ એવો મોહ લાગી જાય છે કે સંપ્રદાય સીવાયના અન્ય

( વધુ માટે જુઓ પાનુ ૨ જું )

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ક્રાન્તિનું સ્વરૂપ.

ક્રાંતિ કોને કહેવાય? ક્રાંતિ એટલે બળવો. મોટા મોટા ફેરફારો અને તેની ક્રિયા દુનિયામાં યુવક બળ એ એક અતુલ બળ છે તે જ્યારે જ્યારે પુર જોસમાં ઉછળે છે ત્યારે ત્યારે માનસ સ્વભાવ બદલી જાય છે જ્યારે અંધકારના પણ ઓળાં પડતાં હોય છે સ્વતંત્રતાનું તો નામનિશાન પણ ન મળે સામાજિક, રાજકીય કે આધ્યાત્મિક સુધારા હદ ઓળંગી જાય, વ્યવસ્થાને નામે મીંડું હોય, સ્વાર્થ પરાયણતા જન સમાજને ઘેરી લે, અંધ શ્રદ્ધા પોતનું પોત પ્રકાશવામાં કંઇપણ મણા ન રાખે, નીતિ દુનિયામાંથી પરવારી જાય અને છેવટે જ્યારે યુવક બળ જેવા પવિત્ર બળની અવગણના થાય ત્યારે ક્રંતિના પડછાયા પડવા માંડે છે. સ્થિતિ વધારે ખરાબ થતાં ક્રંતિનો ખરેખરો જન્મ થય છે. અને પછી તો તે અનિવાર્ય થાય છે. એટલું યાદ રાખવું કે ક્રતિ એ ઇંડા રૂપે યુવક બળ રૂપી માળામાં પડીજ છે. પણ સંજોગો મલતાં એટલે કે તેને પોષણ મલતાં જેમ ઇંડુ જીવન બળ વધવાથી પોતાના કાચલાને તોડી બહાર પડે છે તેવુંજ ક્રાંતિને માટે પણ સમજવું. જ્યારે જ્યારે ફેરફારોને અવકાશ મલે છે એટલે કે જ્યારે અસમાનતા, અંધધુંધી, કુરૂઢિ પુજા વગેરેનું બળ જ્યારે બહુ વધી પડે છે ત્યારે ત્યારે ક્રાંતિને આમંત્રણ મળે છે. અને તેનું જીવનબળ વધવાથી જગતમાંથી એટલે કે માનવ સમાજમાંથી તે વસ્તુઓને ભસ્મીભુત કરવા અર્થે કાચલું તોડી બહાર પડશે. પોતાનું ક્ષેત્ર વિસ્તારી દેશે અને અંતે નવીન વસ્તુઓનું આરોપણ કરી પાછો વિસામો લેશે. અને જીવનબળ વધારશે—એવો કયો ઇતિહાસ છે કે જે આ વસ્તુની અવગણના કરશે? અરે ઇતિહાસ એજ ફેરફાર ફેરફારોની જે નોંધ તેનું નામ ઇતિહાસ માટે ઇતિહાસ એ તો ક્રંતિની છબી છે.

જમાનો પલટાતો જાય છે. યુગ યુગની જુની વાતો પરિવર્તન પામે. જુનાનું સ્થાન નવું લે છે. નવાને સત્કાર અપાય છે. ક્રંતિની સાથેજ ફેરફાર થાય છે. ક્રાંતિ એવા ફેરફારો કરે છે કે જે જમાનાની જરૂરિઆતો પૂરી પાડે છે. જ્યારે ક્રાંતિ પુર જોશમાં બરાબર આવે છે. એટલે યુવકો કર્તવ્ય કરવા ખડા થાય છે. ખાંડા હાથમાં લે છે ત્યારે બીજી બાજુતો બધાએ અવનતિના માર્ગે ધસ્યાજ જાય છે, પણ યુવકો ક્રાંતિનો લાલ ઝંડો ફરકાવી તેમને થોભાવે છે, ભયની ચેતવણી આપે છે, દુનિયા અટકે છે. વિસ્મય પામે છે, અને શંકાઓમાં વિમાસનાઓમાં પડી જાય છે.

રશિયાએ શું કર્યું? ફ્રાન્સે શું કર્યું કોરિયાએ શું કર્યું? ઇટલીએ શું કર્યું? અને એથી પણ આગળ વધીએ તો ઇસુ ખ્રિસ્તે, મહમ્મદ પેગંબરે અને હિંદુધર્મના ભડવીરોએ અને આદિનાથથી માંડી ઠેઠ મહાવીર સુધી દરેક તિર્થંકરોએ શું કર્યું? બુદ્ધ ભગવાને પણ શું કર્યું? કોઇ રાજકીય ચળવળોમાં તો કોઇ નૈતિક બાબતોમાં આ બધા ધર્મધુરંધરોએ અને યુવકોએ અડંગ પ્રયાસોથી આખું માનસશાસ્ત્ર ફેરવી નાખ્યું છે.

યુવકો જ્યારે ક્રાંતિનો ઘોષ કરે છે ત્યારે કેટલેક ઠેકાણે દુધના ઉભરાઓની માફક તે વધારે છલકાઇ જાય છે અને પછી તે શમી જાય છે, જોકે ત્યાંનુ વાતાવરણ તો ગરમજ બની રહે છે. આવી સ્થિતિમાં યુવકોનાં ધૈર્ય તથા કાર્યદક્ષતાની ખામી નજરે પડે છે. ક્રાંતિની વિધી શબ્દોની મારામારીથી આગળ વધી ઠેઠ લોહીની નદીઓ રેલાવા સુધી પહોંચી જાય છે. ક્રાંતિ યુવકોને જીવનની તાલીમ આપે છે, ઘડે છે, અને કાર્યદક્ષતા તથા વ્યવસ્થિત બનાવે છે. ક્રાંતિનાં મીઠાં ફળો તો જો કે જનસમાજજ ચાખે છે. કરોડો માણસોનો જીવનકલહ જ્યારે મૂઠીભર ધનિકોને હાથમાં આવે છે, અને જ્યારે તેઓ પોતાના તરંગ—મહેલને શિખરે ચડી જઇ આંખો બંધ કરી નાચે છે ત્યારે ખરેખરી રીતે યુવકોનાં હ્રદયો ખિન્ન થાય છે. ક્રાંતિ બહાર આવે છે અને એ તરંગ—મહેલોને ધુળમાં રગદોળે છે. જનસમાજની શાંતિ અને હીત સહીસલામત કરે છે.

ક્રાંતિનું મુખ્ય કામ ગુલામીનાં બંધન તોડી સમાનતા અને સુધારા ફેલાવવાને યુવક બળને સંગઠિત કરવાનું છે. જ્યારે પરિવર્તન ઉદ્ભવ પામે છે ત્યારે અસંતોષની જ્વાળાઓ ઠેઠ આકાશને પહોંચે છે ક્રાંતિની દિશા નિર્ભયતા છે. પુરૂષાર્થ તેની આંખ છે. આ બધી વસ્તુઓ યુવકના લોહીમાંજ પાકે છે. એટલે યુવક અને ક્રાંતિની ગાઢ દોસ્તી બંધાઇ છે.

---

(૧ લા પાનાથી ચાલુ)

માણસોને તેઓ મિથ્યાત્વી તરીકે ઓળખે છે—ઓળખાવે છે. આથી પરમતસહિષ્ણુતા અને ગુણગ્રાહક વૃત્તિ વિકસવાને બદલે ઘટે છે અને તેઓ તેમની ત્યાગવૃત્તિ અને સેવાવૃત્તિનો લાભ જગતને ઓછો આપી શકે છે. જે વીતરાગ દશાનો તેઓ દરેક સમયે ઉપદેશ કરે છે તે રાગ અને દ્વેષના દૂષમાંથી મુકત થઇ શકતા નથી અને જગતના મહાન પ્રશ્નો તેમનું ધ્યાન ખેંચી શકતા નથી. પરંતુ તેઓ જો તુલનાત્મક સહિત્ય તેમજ અર્વાચિન પ્રશ્નોની ચર્ચા કરતું સાહિત્ય વાંચતા રહે તો તેઓ જરૂર પોતાના વિચારોમાં ઉદારતા લાવી શકે અને બીજાના વિચારો તથા કાર્યો તરફ સહિષ્ણુવૃત્તિ કેળવી શકે અને પરિણામે સમાજને તથા જગતને તેમની શકિત અને બુદ્ધિનો લાભ આપી શકે.

જૈનશાસ્ત્રોએ જ્ઞાન વિજ્ઞાનનો કદિ વિરોધ કર્યો નથી. યાંત્રિકકળામાં જરૂર હિંસા છે પરંતુ ઘણીવાર વિજ્ઞાન અને યાંત્રિકકળા સાથે વિહરે છે. આજે છાપખાનાની શોધખોળને પરિણામે જગત આખું બદલી ગયું છે એમ કહીએ તો ચાલે યાંત્રિક કળાએ ઘણા અનર્થો પણ ઉભા કર્યાં છે વિજ્ઞાને પણ જગતને લાભ કરતાં હાનિ હાલના યુગમાં વિશેષ કરી હોય એમ આપણને લાગે છે છતાં આજે જગતના શાંત અને ગંભીર વૈજ્ઞાનિકો વિચારી રહ્યા છે કે વિજ્ઞાન જગતને કઇ રીતે વધારે સેવા આપી શકે અને સંહારને માર્ગેથી અટકે: યાંત્રિકકળા એટલે સંચાઓ માણસના હાથ પગને નકામા ન કરતાં તેને વધારે ઉપયોગી અને સુદૃઢ કેમ બનાવે એ પ્રશ્નો આજે જગત વિચારી રહ્યું છે અને અવશ્ય તેનું સુંદર પરિણામ આવશે એમ આશા રહે છે.

આ બધા પ્રશ્નો આપણો જૈન સમાજ વિચારે અને તેમાં સક્રિયપણે ભાગ લે તો જગતના પ્રજાસંઘ (League of Nations) જેવી સંસ્થામાં પણ આપણે આપણો અવાજ પહોંચાડી શકીએ. અને યથાશકિત—મતિ આપણે આપણી સેવા જગતને ચરણે ધરીને જગતને એક પગલું ઉંચે લાવી શકીએ. આ કાંઇ મનોરાજ્યનું સ્વપ્ન નથી તેને સચું પાડવાને આપણા જૈન સમાજના યુવકો કટિબદ્ધ થશે અને જગતમાં જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં પોતાનો પ્રભાવ પાડશે અને જગત કલ્યાણના પ્રશ્નો વિચારી તેના નિરાકરણમાં જૈનદર્શનનો સુંદર ફાળો અર્પી પોતાને કૃતાર્થ માનશે ભુતદયા અને જનસેવા એ આપણા જીવનને એટલું ઉન્નત બનાવશે કે સંસાર કે જીવન શુષ્ક કે નિરસ નહિ લાગતાં તેમાં આપણે કાંઇક વિવિધતા, નવિનતા, રમણીયતા અનુભવીશું અને સેવા સાથે આત્મશાંતિ મેળવવા ભાગ્યશાળી થઇશું.

વીરચંદ પાનાચંદ શાહ

# જૈનોની જાહેર સભા.

## ભાઇશ્રી પરમાનંદ કુંવરજી કાપડીઆનું ભાષણ.

(શ્રી વીરચંદ પાનાચંદ શાહે દુનિયાના ચર્ચાતા પ્રશ્નો અને જૈનો' એ વિષય ઉપર તા. ૬-૭-૩૧ ના રોજ શ્રી માંગરોલ જૈની સભાના હોલમાં વ્યાખ્યાન આપ્યું હતું તે પ્રસંગે પ્રમુખસ્થાનેથી શ્રી પરમાનંદ કુંવરજીએ નીચે મુજબ ભાષણ આપ્યું હતું)

ભાઇશ્રી વીરચંદભાઇએ જે વિવિધ પ્રદેશ વ્યાપી વ્યાખ્યાન આપ્યું તેનો સંક્ષેપમાં વિચાર કરીએ તો આજે દુનિયાની સમક્ષ કેટલાક અતિ મહત્વના પ્રશ્નો સમાધાન માગી રહ્યાં છે આ પ્રશ્નોમાં કેટલાક પ્રશ્નો એવા છે કે જેનો બૈદ્ધિક દૃષ્ટિએ નિર્ણય થઇ ચુકયો છે પણ જેનો વ્યવહારીક અમલ હજુ તે નિર્ણય અનુસાર થઇ શકયો નથી. દાખલા તરીકે મદ્યપાન અથવા તો ગુલામીની પ્રથા આ સંબંધમાં હવે બે મત જેવું રહ્યુંજ નથી માદક દ્રવ્યોનું અનુપાન અથવા તો માણુસ જાતને ગુલામ બનાવવાનો રીવાજ જનતાની પ્રગતિના મોટા શતરૂ છે અને તે બન્નેનો કોઈપણ રીતે નિરોધ થવોજ જોઇએ એમ આજે સર્વ દેશની સર્વ પ્રજાઓએ સ્વીકારી લીધું છે એમ છતાં પણ અમેરિકાનો એટલે કે યુનાઇટેડ સ્ટેટસનો અપવાદ બાદ કરતાં સર્વ દેશોમાં દારૂની બદી પુરા પ્રમાણમાં ફેલાયલી જોવામાં આવે છે. અને ગુલામીની પ્રથાના સર્વ અંશો જગતમાંથી નાબુદ થયા છે એમ હજુ કહી શકાય એમ છેજ નહિ. આ બદી અને આ કુપ્રથા દુર કરવાના—મુળમાંથી ઉચ્છેદવાના—ઉપાયો દેશદેશના અગ્રેસર હિતચિન્તકો વિચારી રહયા છે અને એક વખત એવો આવવાની આશા રહે છે કે જયારે આખું જગત્ આ કલંકોથી મુક્ત થયું હશે.

પરંતુ જે પ્રશ્નો વિષે હજુ ખોટો બુદ્ધિભેદ પ્રવર્તે છે અને જે પ્રશ્નોના એક યા અન્ય પક્ષે નિર્ણય થવા ઉપર આખા જગત્ની પરિસ્થિતિમાં મોટા ફેરફારોની આશા રખાય છે તે જુદાજ છે. આવો એક પ્રશ્ન સામ્રાજયવાદનો છે. આ સામ્રાજયવાદ એમ પ્રતિપાદન કરે છે કે જગત્માંની ભિન્ન ભિન્ન પ્રજાઓમાં અમુક પ્રજા અતિ ચડિયાતી છે અને પોતાની અમુક વિશિષ્ટતાઓને લીધેજ નબળી અને પછાત ગણુતી અન્ય પ્રજાઓ ઉપર રાજય ચલાવવાને નિર્માયલી છે. તે એમ માને છે કે આવા સામ્રાજયમાં રાજય કરતી અને નિયંમિત રહેતી બન્ને પ્રજાઓનું કલ્યાણ રહેલું છે અને તેથી આવા સામ્રાજયને ટકાવી રાખવું તે એ તંત્ર નીચે આવતી સર્વ પ્રજાઓનો ધર્મ છે, આવું મહારાજ્ય જગત્માં આજે અંગ્રેજોનું છે અને તે અંગ્રેજો હિંદુસ્થાનના મહાન હિતસ્વી તરીકે પોતાને જગત્માં ઓળખાવે છે.

આવોજ બીજો મુડીવાદ છે. દરેક માણુસ પોતાના પ્રયત્નથી ગમે તેટલી મીલ્કત વધારવાનો અને એ પ્રમાણે વધારેલી મીલ્કતને વારસામાં આપવાનો હકદાર છે. વળી પાંચ મોટી મુડીવાળા એકત્ર મળીને સંખ્યાબંધ મજુરોને પુરૂં પેટ પણુ ન ભરાય એટલી મજુરી આપીને તેમની મજુરી અને પોતાની મુડી એકત્ર કરીને લાખો અને કરોડો રૂપિયા રળી શકે છે અને પેલા મજુરો તો એની એજ ગરીબીમાં આખી જીંદગી સડયા કરે છે. આના પરિણામે એક બાજુ થોડા મોટા મુડીદારો અને બીજી બાજુએ અગણિત ગરીબ મજુરો—એમ બે અકુદરતી વર્ગો સમાજમાં ઉભા થાય છે અને બન્નેના ચાલુ ઘર્ષણથી સમાજ શરીર છિન્નભિન્ન થઇ રહ્યું છે. આવી પરિસ્થિતિ છતાં કેટલાએ માણુસો મીલ્કતની પવિત્રતામાં અને ગમે તેટલી મુંડીના સંગ્રહના વ્યાજબીપણામાં માને છે. વળી એની એજ મોટા પાયા ઉપર એકઠી કરેલી મુડી તેના વંશવારસોનેજ મળવી જોઇએ—એ પ્રથાની યોગ્યતામાં લેશ પણ શંકા ધરતા નથી અને પોતાના પક્ષે પૂર્વજન્મનો સિદ્ધાન્ત રજુ કરે છે. જેવી રીતે સામ્રાજ્યવાદે અનેક શકિતવાળી પ્રજાઓને કચડી નાંખી છે અને જ્યાં જુલ્મ અત્યાચાર અને આપખુદીનો દોર ચલાવ્યો છે તેવીજ રીતે મુડીવાદે જગત્માં દારિદ્ર વધાર્યું અને ગરીબ શ્રીમંત વચ્ચે અણુઘટતી અસમાનતા ઉત્પન્ન કરી છે અને આવી રીતે વધતી જતી ગરીબાઇ અને અશંતોષે અનેક અનર્થોને જન્મ આપ્યો છે.

આવોજ ત્રીજો પ્રશ્ન વર્ણભેદને લગતો છે. કેટલીક પ્રજા હવાપાણીના ભેદે ગોરી છે તો કેટલીક પ્રજા તેજ કારણે કાંઇક શ્યામવર્ણી છે. છેલ્લાં બસો વર્ષ દરમિયાન યુરોપની પ્રજાઓ વૈજ્ઞાનિક શોધોના પરિણામે અને પોતામાં રહેલી સાહસિકતાને લીધે જગત્ના દેશોમાં જયાં ત્યાં પોતાનાં થાણાં નાખી શકી છે જયારે આજ કારણોના અભાવને લીધે એશિયાની પ્રજાઓ પછાત ગણુય છે. આથી યુરોપની પ્રજા પોતાને એશિયાની પ્રજા કરતાં બધી રીતે ચડિયાતી માનતી થઇ છે અને એશિયાની શ્યામવર્ણી લેખાતી પ્રજા પ્રત્યે ચામડીના ભેદના કારણેજ તિરસ્કારથી જોતી અને વર્તતી થઇ છે. અમેરિકામાં જે ઇન્ડિયનો વસ્તા હતા તેનો તો આજ વૃત્તિથી યુરોપમાંથી ત્યાં જઇ વસેલ પ્રજાએ શિકારજ કીધો છે અને તે આખી જાતને લગભગ નાબુદ કરી નાંખી છે. આફ્રિકામાં આજ ભેદદ્રષ્ટિ ત્યાંના અંગ્રેજો અને ડચ લોકોના હાથે અનેક અન્યાયો અને દુષ્ટ કૃત્યો કરાવી રહી છે. અને જગત્માં સ્થળે સ્થળે અશાન્તિ ફેલાવી રહી છે.

આવીજ રીતે સ્ત્રી જાતિ પ્રત્યે પણ પુરૂષ જનતા અનેક હલકા ખ્યાલો સેવતી આવી છે અને તેને જન્મથી મૃત્યુ સુધી પરાધીન રાખવામાંજ જગત્નું કલ્યાણ લેખતી આવી છે. **न स्त्री स्वातंत्र्य मर्हति** એ સૂત્ર સર્વ દેશોમાં એક યા અન્ય રીતે સ્વીકારાતું આવ્યું છે. આ પ્રકારના મનોગ્રાહમાં રહેલું અસત્ય અને અનૌચિત્ય યુરોપની આગળ વધેલી અને સર્વ પ્રદેશોમાં પુરૂષો સાથે હરીફાઇમાં સરખાપણું સિદ્ધ કરી બતાવતી સ્ત્રીઓએ સાબિત કરી આપ્યું છે. આજે જનતા આગળ વધી શકતી નથી એનું મોટામાં મોટું કારણ સ્ત્રીઓનીજ પરાધીનતા છે એમ આપણુને ભાન થવા માંડયું છે.

આખી દુનિઆનો વિચાર કરીએ તો આજે પાશ્ચાત્ય રાજયો યુદ્ધ સામગ્રીનાં સંચયમાં જે પરસ્પર હરિફાઇ કરી રહ્યા છે. તે પણ એક મોટી ચિન્તાજનક બીના થઇ પડી છે. આ સંચય ઉત્તરોત્તર વૃધ્ધિ થવામાં પરિણામ તો એજ આવે કે સર્વ પ્રજાઓ એકમેક કપાઇને એક વખતે ખલાસ થઇ જાય. આમને આમ ચાલે ત્યાં સુધી દુનિયામાં શાન્તિ કદિ સ્થિર થવા પામેજ નહિ. એક પ્રજા બીજી પ્રજાની નબળાઇની રાહ જોતી તાકીને બેસી રહે અને

લાગ આવ્યે કુદી પડે. વળી વિજ્ઞાનની વધતી જતી શોધો અવધિ વિનાનો મનુષ્ય સંહાર કરવામાંજ પરિણમે છે. આ બધું છેલ્લા યુરોપીય વિગ્રહે જગતને બરોબર દેખાડી આપ્યું છે અને તેથી યુદ્ધ સામગ્રી ઘટાડવાના પ્રશ્ને અત્યારે ગંભીર સ્વરૂપ પકડયું છે.

આવા જગતના વિવિધ પ્રશ્નો કયા પ્રકારના સમાધાનને શોધી રહ્યા છે? જો અત્યારે જે વિચારો વાતાવરણમાં જન્મી રહ્યા છે અને વૃદ્ધિગત થઇ રહ્યા છે, જે ભાવનાઓ સારા હિતેચ્છુઓ જનતા સમક્ષ રજુ કરી રહ્યા છે તેનું બારીક અવલોકન કરી તેનું સંક્ષેપમાં નિરૂપણ કરીએ તો આપણે કહી શકીએ કે આજે સ્વપ્રજાપદનો આત્મનિર્ણય નો જે સિદ્ધાંત છેલ્લા યુરોપ વિગ્રહ બાદ જગતની સર્વ પ્રજાઓએ સ્વીકાર્યો છે તેના વ્યાવહારિક અમલ વડે સર્વત્ર નાશ થઈ રહ્યો છે! મુડીવાદતાં મુળ રશીયામાં સ્વીકૃત સામ્યવાદથી ઉખેડાઇ રહ્યાં છે. કાળા ગોરાનો વર્ણભેદ એશીયાની પ્રજા આજે જે જાગ્રતિ દર્શાવી રહી છે તેના ઉત્કર્ષથી નિર્મુળ થઇ રહ્યો છે અને સર્વે મનુષ્યો સરખા છે એવો સમાનતાનો સિદ્ધાન્ત જનતાની બુદ્ધિ સ્વીકારી રહી છે. સ્ત્રીઓને પણ આજ દૃષ્ટિએ સમાન અધિકાર આપવાની અને તેની ચાલુ પરાધીનતા એજ ઉભી કરેલી અવનત દશામાંથી સ્ત્રી જાતનો ઉધ્ધાર કરવાની વાત પાશ્ચાત્ય પ્રજાએ અમલમાં મુકી છે અને પૌર્વાત્ય પ્રજા ઝડપભેર તે દિશાએ ગતિ કરી રહી છે, યુધ્ધ સામગ્રી બને તેટલી ઘટાડવાનો પ્રશ્ન આજે પ્રજા સંઘમાં અને રાજકારણી પુરૂષોની મંડળીમાં ખુબ ચર્ચાઇ રહ્યો છે અને તે દિશાએ વિવિધ પ્રકારના ઉપાયો યોજાઇ રહ્યા છે. યુધ્ધ સામગ્રીના સંચયનું ખરૂં નિવારણ અહિંસામાં રહેલું છે અને તે અહિંસા શસ્ત્રની સર્વોત્કૃષ્ટતા પુરવાર કરવાનું માન મહાત્મા ગાંધીજીને ઘટે છે.

આ પ્રમાણે આત્મનિર્ણય, સામ્યવાદ, સમાનતા, જાતીય સરખાપણું અને અહિંસા એ ભાવી ઘટનાનાં સીમા ચિન્હો છે એ આપણે જોઇ શકીએ છીએ. આ રીતે દુનિઆ જે વિચારો જે ભાવનાઓ જે સમાધાનો તરફ ગતિ કરી રહેલી દેખાય છે તે સાથે પરાપૂર્વથી ચાલી આવતા જૈન ધર્મનો મેળ ખાય એમ છે કે નહિ તેજ ખરી રીતે આજના વિષયનો પ્રસ્તુત પ્રશ્ન છે. જે ધર્મના સિદ્ધાંન્તોનો નવા સર્જતા વિચાર બળો સાથે મેળ ખાઇ શકે તેમ નથી એમ માલુમ પડે તે ધર્મનુ–તે સંપ્રદાયનું આયુષ્ય પુરૂ થઇ આવ્યું છે એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. તો જૈનધર્મની આ દૃષ્ટિએ શું સ્થિતિ છે?

જૈનધર્મના સ્વરૂપનો વિશાળ દૃષ્ટિએ આપણે વિચાર કરીએ તો અહિંસા સત્ય, સંયમ અને સમાનતા આ ચાર તત્વો આપણી સામે એકદમ આગળ તરી આવે છે. જે અહિંસાના માત્ર જૈનો પોતાની જાતનેજ ઇજારદાર માનતા હતા તે અહિંસાની ભાવના મહાત્મા ગાંધીજીની મહાન આત્મવિભુતિના પરિણામે જગતના ખુણે ખુણે સંચાર પામી રહી છે, યુદ્ધધ, મારામારી, હરીફાઇ, આક્રમણ અને વૈરાગ્નિથી ત્રાસેલી કંટાળેલી દુનિયા અહિંસાના સ્વીકારમાંજ વિરામ અને શાન્તિ શોધવાની છે. આજે જે રીતે અહિંસાનો ઉત્કર્ષ થઇ રહ્યો છે તે વિચારતાં મારે મન તો મહાત્મા ગાંધીજીના હાથે જૈન ધર્મનોજ પુર્નજન્મ થઇ રહ્યો છે, કારણકે જૈન ધર્મ અમુક દૃષ્ટિએ અહિંસાનોજ પર્યાય શબ્દ છે એમ કહેવામાં જરાપણ ખોટું નથી કેટલાક લોકો વિજ્ઞાન અને ધર્મને વિરોધ છે અને તેથી વિજ્ઞાનના વિકાસમાં ધર્મનો હ્રાસ રહેલો છે એમ માને છે. અન્ય ધર્મોનો આધુનિક વિજ્ઞાન સાથે અનુકુળતા કે પ્રતિકુળતા કેટલી છે તે પ્રશ્ન હું અહિં ચર્ચવા માંગતો નથી પણ જૈન ધર્મને તો વિજ્ઞાન સાથે જરા પણ વિરોધ સંભવેજ નહિ કારણ કે જૈન શાસ્ત્રો ખરી રીતે ભારતવર્ષની અત્યાર સુધીની વૈજ્ઞાનિક શોધો અને સિદ્ધાન્તોનોજ સાર છે. હિન્દુસ્થાનના ધર્મોમાં કેવળ વૈજ્ઞાનિક દ્રષ્ટિ કોઇને પણ સાચેસાચી વરી હોય તો તે જૈન શાસ્ત્રકારોનેજ વરી છે. એટલા માટે જૈન ધર્મનો મુખ્ય મુદ્રાલેખ એ છે કે युक्ति मद्वचनं यस्य तस्यकार्य परिग्रह। ગમે તેનું વચન હોય પણ જો તે યુક્તિમત્ હોય એટલે સત્ય ને આશ્રયીને ઉચ્ચારાયલું હોય તો જૈનને સ્વીકાર્ય છે. જે સત્ય તત્વને અનુલક્ષીને જૈન શાસ્ત્રો ઘડાયાં છે તેજ સત્ય તત્વને અનુલક્ષીને આધુનિક વિજ્ઞાનના સિધ્ધાન્તો નિર્માય છે અને તેજ સત્ય તત્વના આધારે નિર્માયલા સિદ્ધાન્તોમાં કાળાન્તરે નવા નવા ફેરફારો થયા કરે છે. આજ દ્રષ્ટિએ જો કે અત્યાર સુધીનાં જૈન શાસ્ત્રોમાં પૃથ્વીની સપાટીનું અને સૂર્યના પરિભ્રમણનું પ્રતિપાદન થયેલું છે એ હું જાણું છું છતાં વર્તમાન વૈજ્ઞાનિક સાધનો અને શોધોના પરિણામે મને એમ લાગે કે પૃથ્વી ગોળ છે અને પૃથ્વીની અપેક્ષાએ સૂર્ય સ્થિર છે તો એમ જાહેર રીતે કહેવામાં મારા જૈનત્વને જરા પણ બાધ આવતો હોય એમ હું માનતો નથી કારણ કે જૈનત્વ મને સત્યની ઉપાસના શિખવે છે–નહિ કે અમુક કાળે સ્વીકારયલા મન્તવ્યને સદાકાળ આંખો મીંચીને વળગી રહેવાનો દુરાગ્રહ આવીજ રીતે જે જૈન ધર્મ માણસ માણસ વચ્ચે સ્ત્રી અને પુરૂષ વચ્ચે—માણસ અને પ્રાણી વચ્ચે કંઇ કાળ થયા સમાનતાનું પ્રતિપાદ કરતો આવ્યો છે તે અસ્પૃશ્યતા, કાળા ગોરાનો ભેદ, સ્ત્રીઓની અણઘટતી પરાધીનતાને કદિ પણ સંમત કરી શકેજ નહિ એ દીવા જેવું સ્પષ્ટ છે. વળી પરિગ્રહ વ્યામોહનો જેના મૂળ તત્વમાં વિરોધ છે તે ધર્મની દ્રષ્ટિએ સામ્યવાદનો પ્રચાર અને સ્વીકાર સર્વ રીતે ઇષ્ટજ હોઇ શકે. અને એકાંત ભોગવિલાસ અને પ્રવૃત્તિની પૂજક પાશ્ચાત્ય સંસ્કૃતિ એ દુનિયાના જે હાલ કર્યા છે અને વિકારવૃદ્ધિ અને અનન્ત અતૃપ્તિના વમળમાં જનતાને મુંઝાવી મારેલ છે તેને સંયમના માર્ગે ગયા સિવાય કોઇ કાળે પણ છુટકો છે ખરો? આ રીતે જૈન ધર્મના વિશિષ્ટ તત્વો જગતના વર્તમાન વિચાર પ્રવાહોને સર્વ રીતે અનુકુળ છે એમાં કોઇ સંદેહ ધરી શકે તેમ નથી

આમ છતાં પણ જૈન પ્રજા આજે કેમ દિન પ્રતિ દીન પછાત પડતી દેખાય છે? આવા વિશાળ ધર્મના અનુયાયીઓ સંખ્યામાં કેમ ઘટતા જાય છે? સાહસ અને પરાક્રમમાં જે પ્રજા એક વખત મોખરે હતી તે આજે કેમ નિસ્તેજ અને નિર્માલ્ય માલુમ પડે છે? આનું કારણ શું છે?

આનું ખરૂં કારણ એ છે કે વર્તમાન જૈનો પોતાનાજ ધર્મમાં રહેલી ઉદારતા વિશાળતા પ્રત્યે દુર્લક્ષ ધરી બેઠા છે અને કેવળ રૂઢિ અને પ્રથાના ગુલામ બની બેઠા છે; અત્યારના જૈનને વર્તમાન રૂઢિમાં સાચા ધર્મનો ભાસ થાય છે અને સાચા ધર્મના ભોગે તે રૂઢિને બચાવવા મથે છે. વળી બાજુએ રહેલી જૈનેતર હિંદુ સમાના સર્વ વહેમો અને

સર્વ સંકુચિતતા જૈન સમાજે પોતાની કરી લીધી છે. નહિ તો જૈન સમાજમાં અસ્પૃસ્યત્વ સ્વીકાર, જ્ઞાતિ બંધન, સ્ત્રીઓની પરાધીનતા વિધવાઓની અસહાયતા, બાળલગ્ન અને કન્યાવિક્રય આવાં અનેક દુષણો કદિ સંભવે ખરાં? ખાદીનો સ્વપ્ને પણ વિરોધ ચિન્તવે એવો એક સાધુ પણ જૈન સમાજમાં પ્રતિષ્ટા પામી શકે ખરો? રૂઢિનાં બંધન સંપ્રદાયની જડ અને નાની નાની બાબતો ઉપર ભાગલા પાડવાની સામાન્ય વૃતિએજ આપણી મોટામાં મોટી ત્રૂટી છે. જો આમને આમ ચાલ્યા કરે, તો પરિણામએ આવે કે જૈનસમાજ અને જૈનધર્મ ભુતકાળના ઇતિહાસની વાત બની જાય. અત્યારના કટોકટીના કાળમાં જે સમાજ જાગ્રત નહિ હોય, જે સમાજ સંગઠિત નહિ હોય, જે સમાજ નવા વિચાર પ્રવાહો સાથે અનુકુળતા સાધતી સાધતી પોતાનું જીવન ઘડયા કરતી નહિ હોય તે સમાજે લાંબો વખત ટકવાની આશા રાખવી વ્યર્થ છે. આજે જૈન જેવા લઘુમતી વર્ગે બહુ ચેતવાની જરૂર છે. જૈનેતર હિંદુ કે મુસલમાન પાસે તો એવડું મોટું સંખ્યા બળ છે કે તેને તેની જડતા ધર્માંધતા રૂઢિ પરાયણતા, વહેમો અને જ્ઞાતિ બંધનો કદી પાલવશે પણ નાના વર્ગો એજ રાહે જો ચાલ્યા કરશે તો તે વર્ગોને કાળ ચક્રના પવનવેગી પ્રવાહમાં ઘડિના છઠ્ઠા ભાગમાં ઘસડાઇ જવાના છે એ નિઃસદેહ છે. માટે જૈન સમાજ જો જીવવા અને જગત્‌ને ઉપયોગી થવા માંગતી હોય તો પોતામાં ઘર કરી રહેલી જડતાને ત્યાગે, પોતાના ધર્મમાં રહેલી વિશાળતાને અન્તરમાં ઉતારે અને અંદર અંદર બરોબર સુગ્રથિત થઇ દેશકાળ અનુસાર પોતાના ઉત્કર્ષના ઉપાયો યોજે.

આ સભામાં આપણા સાધુઓ સંબંધી જે ઉલ્લેખો કરવામાં આવ્યા છે તેની વિગતવાર ચર્ચામાં નહિ ઉતરતાં એકજ વિચાર તમારી સમક્ષ રજુ કરીશ આપણા સાધુઓની સ્થિતિ અને મનોદશા સાધારણ રીતે સાંપ્રદાયિક હોય અને રહેવાની એ સૌ કોઇ સમજી શકે તેમ છે. કોઇ પણ સંપ્રદાયમાં ધર્મના મૂળ તત્વોની વિશદતા કે વિશાળતા જળવાઈ શકતીજ નથી. કોઇ તીર્થંકર, કોઇ બુદ્ધ, કોઇ ક્રાઇસ્ટ જગત્‌ આગળ વિશાળ ભાવનાઓથી ભરેલા ધર્મનું પ્રતિપાદન કરે છે અને જગત્‌ પોતાની શકિત અનુસાર તે ઝીલે છે અને પરિણામે આવા ધર્મોપદેશકનો ધર્મ સપ્રદાયમાં પરિણામે છે. સંપ્રદાયનું કાર્ય પોતે જે રીતે ધર્મના સ્વરૂપને સમજેલ હોય તે રીતે તેને ટકાવી રાખવાનું બને છે. આ સ્થિતિરક્ષાની ખરી જવાબદારી સંપ્રદાયના સાધુઓના માથે હોય છે અને સાધુઓ જ્યાં જ્યાં વિચરે છે. ત્યાં ત્યાં સંપ્રદાયોનો પ્રચાર કરતા રહે છે. આથી સાધારણ રીતે સાધુઓ સ્થિતિ ચુસ્ત રહેવાના અને સંપ્રદાયથી આગળ તેમની દૃષ્ટિ ભાગ્યેજ જવાની. સંપ્રદાયની માન્યતાઓ કે જે કાળાન્તરે મુળ ધર્મથી ઘણી રીતે ફેરફારોને પામી હોય છે તેજ માન્યતામાં તેમને સંપુર્ણ સત્ય દેખાવાનું અને તેમાં કશા પણ ફેરફારને તે કદિ સ્વીકારી શકવાના નહિ ધર્મ કે સમાજનો ઇતિહાસ એવો છે કે તેનું જીવન ટકાવી રાખવા ખાતર તેમજ તેને મુળ દર્શન અનુસાર વિશાળ બનાવવા ખાતર કાળે કાળે તેમાં મહાન પરિવર્તનોની અપેક્ષા રહેજ છે, આજે ભારતવર્ષપુર્વે કદિ નહિ અનુભવેલ એવા ક્રાન્તિકાળમંથી આપણે પસાર થઇએ છીએ. આવે વખતે આપણને સાચે માર્ગે દોરવામાં આપણને યોગ્ય પરિવર્તન ઉપર લઇ જવામાં સાધુઓ ઉપયોગી થઇ શકેજ નહિ. તેઓનો ભુતકાળ સાથે એટલો બધો ગાઢ સંબધ હોય છે કે તેઓ ભવિષ્યને ઘડતા નવા વિચાર બળોને ઝીલવાની તાકાત લગભગ ગુમાવી બેઠેલા હોય છે. તેઓ સાધારણ કાળમાં, સમ સ્થિતિમાં, શાન્તિ અને સ્થિરતાના સમયમાં-સંપ્રદાયના શરીર નીચે ધર્મના આત્માને જનસમાજમાં જીવંત રાખવાનું અપૂર્વ સેવા કાર્ય બજાવે છે પણ શાન્તિકાળના નેતાઓ ક્રાન્તિકાળમાં નકામા બને છે એવો ઇતિહાસનો અનુભવ છે. ધર્મશાસ્ત્રોની ઝીણવટ સમજવા માટે, ધાર્મિક વિદ્વાનોની વિગતો જાળવી રાખવા માટે, તેઓની ઉપયોગીતા હું પુરેપુરી સ્વીકારૂં છું પણ નવા વિચાર અને નવી ભાવનાઓ સમજવા માટે તો જનતા મૌલિક વિચારકોનેજ શોધે છે અને સાધુઓને પણ તે પાછળ ઘસડાવું પડે છે. આ વસ્તુ સ્થિતિ ધ્યાનમાં લઇને જૈન સમાજ પોતાનું નાવ અનેક ભયાનક વમળો વચ્ચે પુરી સંભાળપુર્વક ચલાવે અને વર્તમાન ક્રાન્તિને સહિસલામત પાર તરી જાય એવી મારી શુભેચ્છા અને પ્રાર્થના છે.

# પ્રભુની પ્રતિમાઓ !

પ્રતિમાઓમાં પ્રભુ સ્વરૂપ કલ્પી આપણે વર્ષો થયા તેનું પૂજન કરતા આવ્યા છીએ એ પૂજનની પાછળ માનવ સેવાનો હમદર્દીનો એકજ આદર્શ છુપાયેલો છે.

એ પુજન પ્રભુની વધારે નીકટ થવાનું અવલંબન હોય તો ભલે હોય. એ પૂજન માનસિક શાંતિ અને નિજાનંદનું પ્રેરક હોય તોયે ભલે હોય. પરંતુ વર્ષોના વર્ષો પછી પણ એ પ્રતિમા પૂજનમાંથી માનવ સેવાના કોડ ના ઉદ્દભવે—કલ્પિત પ્રભુના આ વિરાટ મૂર્તિ સ્વરૂપ સમા માનવ જગતમાં 'પ્રભુત્વ'ની છાયા નિહાળવાની ચક્ષુઓ ન સાંપડે અને કલ્પિત પ્રભુ **મૂર્તિમંત** જીવંત જગતમાં સાકાર સ્વરૂપે ન જોઇ શકાય તો એ પૂજન એ ભકિત અને ભકિત પુજાના એ સાધનો નિષ્ફળજ નિવડે.

એકાદ પ્રભુનું વિરાટ સ્વરૂપ કલ્પવું માનવીના ચર્મ ચક્ષુઓની 'પર'ની વસ્તુ હોઇ શકે છતાં વિશ્વના અણુયે અણુમાં પથરાયેલા પ્રભુને શોધવા જવો પડે તેમ પણ કયાં છે? ——અને આ માનવ જગત અને વિશ્વ વિરાટ જીવ શકિત એ બધુંયે પ્રભુની પ્રતિમાઓ નથી તો શું છે?

**પ્રભુને પામવા અર્થે પ્રભુ સ્વરૂપ કલ્પાયેલી પ્રતિમાઓને પુજવા જતા પ્રભુની આ જીવંત પ્રતિમાઓને કેમ અવગણીયે?**

આપણી ચોતરફ એક કંપભરી આહ્‌ સુસવાતા વાયરામાં અધર અને અધર દોડી રહી હોય જ્યારે માનવજીવન હકથીયે વંચિત કરોડો હાડપિંજરોનો એક અર્ધનગ્ન સમુહ જીવન દર્દોથી ચિત્કાર પાડી રહ્યો હોય ત્યારે પ્રભુની આ સાચી પ્રતિમાઓને અવગણી પ્રભુ સ્વરૂપ કલ્પિત નિર્જીવ પ્રતિમાઓને કયાં પૂજવા જઇશુ?

અને આજે આ નિર્જીવ પ્રતિમાને અર્ધ્ય શા? અને ...ઓહ! એ અર્ધ્ય પણ પ્રભુની આ જીવંત પ્રતિમાઓના રકત ચુસીને નથી ઉપજાવવમાં આવ્યા શું?

એકાદ પ્રભુનો સંતાન ટળવળતો હોય. વલવલતો હોય. જીવનની અસહ્યતા જીવનનો અંત આણવાને તેને પ્રેરી રહી હોય ત્યારે પણ પ્રભુના નામે એકઠો કરેલો ધનભંડાર 'પ્રભુ'ના

# શેઠ ગોવીંદજી ખુશાલ માટે મળેલી કોટના જૈનોની સભામાં મુની મહારાજ શ્રી. ન્યાયવીજયજીનું વ્યાખ્યાન.

બાદ મુની મહારાજ શ્રી ન્યાયવીજયજીએ જણાવ્યું કે આજનું વાતાવરણ કેટલું ગંભીર વીચીત્ર, ભયંકર અને વીકટ છે તે સર્વ ભાઈઓએ ધ્યાનમાં લેવાની જરૂર છે. તમો ભાઇઓ દીલગીરી, બતાવીને ભેગા થઇને અને બે આંસુઓ પાડીને ગુણગાન ગાઇ વીખેરાઇ જાવ તેમાં કંઇ અર્થ નથી. એ તો વાણીયાભાઇઓ કરતાજ આવ્યા છે, પણ આટલાથી મને સંતોષ નહીં થાય. કંઇપણ રચનાત્મક કાર્ય કરવામાં ન આવે તો આમ ભેગા મળવું નકામું છે. આજે સમાજની નામર્દાઇએ કાળો કેર વરતાવ્યો છે. તમે જઇન ધર્મને શું સમજો છો ? તે એક મહાન ધર્મ છે. તમો હાલમાં કયાં ઉભા છો તે શેઠ ગોવીંદજીના અવસાનના આ બનાવે બતાવી આપ્યું છે.

તમારે દેખાડી આપવું જોઇએ કે લોકો જેમ કહે છે તેમ જઇન ધર્મ લોકોને નામર્દ બનાવનારો ધર્મ નથી. પરંતુ સાચા નાગરીકો બનાવનારો ધર્મ છે. વીરનો ધર્મ તો હીમતવાન બનાવનારો હોય. આગલા જમાનામાં કુમારપાળ વગેરે જઇન ધર્મીઓએ ભારત વર્ષને દીપાવ્યો હતો ત્યારે અત્યારના જઇનભાઇઓની હાલત કેવી છે ? આજે જઇનોની સ્થીતી કંગાલીયતભરી છે. તમે ઉપાશ્રયમાં આવીને ખલબલીયાં વગાડીને ચાલ્યા જાવ અને ધર્મના ખરા તત્વોનો કંઈપણ અંસ તમારા દીલમાં ન ઉતરે તો ધીક્કર છે. તમારા જીવનને માટે કંઇ સમજો. જઇન ધર્મ ક્ષત્રીઓનો ધર્મ છે દરેકનો ધર્મ છે. અર્જુન કયાં પેદા થયા વીર કયાં પેદા થયા ? તે વીરતો બળવાન ના અને જુરસાદાર મનુષ્યના ઘેર પેદા થાય.

હાલનો ભયંકર પ્રસંગ બને અને તમારા પેટનું પાણી પણ ન હાલે તો ખરેજ તમે ભીરૂ અને માયકાંગલા છો. જેઓ આવા પ્રસંગે બૈરાં છોકરાંનું રક્ષણ કરવાને બદલે નાસતા ફરે અને છુપાઇ જાય તો હું કહીશ કે તેવાઓ તો ભીરૂઓજ છે. ખરો જૈન નમાલો ન હોય, માયકાંગલો ન હોય. ખરા જૈનમાં બ્રાહ્મણત્વ, ક્ષત્રીયત્વ, વૈશ્યત્વ, અને જૈનત્વ, હોવું જોઇએ ખરા જૈનના હાથમાં તલવાર દેશ, ધર્મ અને તીર્થની રક્ષા માટેજ હોય. તેના હાથમાં તલવાર દેશના ઉદ્ધાર માટે હોય આગલા ઇતિહાસ તપાસો તો આ તત્વો ખરા જૈનોમાંથી મળી આવે તેમ છે. પુર્વ કાળના જૈનો એવુ જીવન ભોગવી ગયા છે કે જ્યારે તેમનાં જીવન વાંચીએ ત્યારે આપણાં રૂવાટાં ઉભા થાય છે વસ્તુપાલનું ચરિત્ર સોમેશ્વર નામના મહા વિદ્વાન બ્રહ્મણે લખ્યું છે. તેમાં વસ્તુપાળના ગુણોનું વર્ણન કર્યું છે તેમાં જણાવ્યું છે કે વસ્તુપાળ રણના મેદાનમાં શત્રૂઓને થકવતા હતા. તે એક મહાન જૈન હતા તેમનું જૈનત્વ પ્રકાશમાન થતું હતું. તેવા મહાત્મઓના દાખલા ધ્યાનમાં લ્યો અને તમારામાં શુરાતનના ઝરા વહેવડાવો.

આગલા ઇતિહાસને ભુલીને તમને નબળાઇના પાઠો જેણે ભણાવ્યા હોય તે જૈન ધર્મના દુશમનો ગણાય. અત્યારની જૈનોની સ્થિતિ દુખદ છે. તમે અત્યારની સ્થિતિ સમજો. જ્યાં તમારી સ્થિતિ જોખમાઇ હોય ત્યાં દેરાસરનું, તિર્થનું અને ધર્મનું કોણ રક્ષણ કરવાનું ? તમે આંખો મીચીને કયાં સુધી ચાલશો ? કંઇ ધ્યાનમાં લેવાની જરૂર છે. તમારી ફરજ શું છે, તમારે કયો માર્ગ લેવાનો છે તે હું સમજાવવા માગું છું.

તમારે તમારૂં જીવન ફરી રચવાની જરૂર છે. તમારી ઓલાદ માટે શકતીવર્ધક સંસ્થાઓની જરૂર છે. શકતીનો કોઇએ ઇજારો નથી લીધો તમે તમારી ઓલાદને સશકત નહી બનાવો તો પછી ધર્મ દેરાસરો અને તિર્થને કોણ સંભાળશે તે જરા વિચારો. સમાજ એ ધર્મનુ મદિર છે, તે મંદિર આજે પડું પડું થઇ રહયું છે જે જરા ધ્યાનમાં લ્યો અને તે મંદિરને ટકાવી રાખવા માટે—ધર્મને ટકાવી રાખવા માટે—શકિતવર્ધક સંસ્થાઓની જરૂર છે. તે તરફ ધ્યાન આપો. જીવનનું મુળ બળ છે માટે તમે બળવાન, શકિતવાન અને તાકાતવાન બનો તમારી ધાક બીજાઓ પર બેસે તેવી સ્થિતિ હોવી જોઇએ. વળી તે સાથે તમારામાં બે ગાબડાં છે. સંપ નથી અને વીર્ય નથી અને આ બે બાબતોથીજ તમારૂં પતન થયું છે આજે જયાં એક મંદીરનું ન સંભાળાતું હોય ત્યાં બીજું મંદીર બાંધવા કોઇ ઉભો થાય તે પાપનો ભાગી છે. સમાજને જે દાનની જરૂરીઆત વધારે હોય તે દાન મોટું કહેવાય. માટે વખત, પરીસ્થિતિ અને કાળભાવ સમજો. જૈન ધર્મના સિદ્ધાંતો સમજો. જે વખતે પ્રજા કચડાઇ રહી હોય, બીજાની ગુલામ બની રહી હોય તે વખતે શકતીવર્ધક સંસ્થાઓ ઉભી કરવા માટેનું દાન તે મોટું ધન છે.

તમે સંકુચિત દૃષ્ટિ કહાડી નાંખો. અત્યંજો કે જેઓ હિન્દુ છે, ધર્મને અને ગાયને પુજે છે તેને તમો ધીકકારી કહાડો છો પણ તે મુસલમાન બની આવે છે ત્યારે તમે તેને માન આપો છો તે કેટલી બધી અજ્ઞાનતા છે, માટે તે અજ્ઞાનતા દુર કરી ધર્મનો પાયો મજબુત બનાવવા માટે સમસ્ત હીંદુઓએ એકત્ર થઇ જવું જોઇએ. ગરીબોને સગવડતા અને સાધનો પુરાં પાડવાં જોઇએ. તેમ કરશો તો તમે તેમને સમજાવી શકશો અને તેઓ તમારા તરફ ખેંચાશે. તમે તેઓને ધીકકારો છો તેથી તેઓ તમારાથી જુદા પડીને ગુંડાઓને મજબુત બનાવે છે જે કનવરટેડ છે તે આપણને વધુ નુકશાન કરે છે, તમારે રચનાત્મક કાર્ય કરવું જોઇએ. છેવટે સ્વર્ગસ્થ શેઠને માટે તમને માન હોય તો તેમને માટે સાચું સ્મારક ઉભું કરવુ જોઇએ આ સ્મારક તે હિન્દુ કોમની રક્ષા માટે છે. આર્ય સમાજ આજે હિન્દુ કોમની સાચી સેવા બજાવી રહ્યું છે અને તે-માટે ઉતરી પડયા છે. માટે તમે અત્યારની સ્થિતિ સમજો.

(ગુરૂવાર તા૦ ૨૩-૭-૩૧ સાંજ)

---

પાછળજ દાટી રાખવામાં આવે અને પ્રભુના નામ નીચે લાખોનો ધુમાડો કરવા તૈયાર થઇએ એ આપણી માનવ બુધ્ધિનું દીવાળું નથી તો શું છે ?

વર્ષોની પ્રભુ પુજા પછી પણ એ પૂજા આપણામાં માનવતા નથી પ્રેરી શકી એજ કે બીજુ કંઇ ?

પ્રભુની જીવંત પ્રતિમાના શ્રમજીવીયોના જીવનના હકકોયે ઝુંટવી લઇ આપણે પ્રભુને અર્ધ્ય ધરાવવા ભેટ ચઢવવા કયે મોઢે જઇશું ?

પ્રભુની આ સાચી પ્રતિમાઓના દર્શન કરતા આપણે કયારે થઇશું ?

આપણી પ્રભુ પુજા આપણું પ્રતિમા પુજન અને આપણા પુજાના સાધનો માનવ પુજા તરફ પ્રભુના એ જીવંત પ્રતિબીબો તરફ કયારે વળશે ?

'ચિનગારી.'

---

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કર્યો છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૩૧ મો. | સંવત ૧૯૮૭ ના અષાડ વદ ૬ તા૦ ૪-૮-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## ( ક્રાન્તિ ભ્રાતા. )

—ગતાંકથી ચાલુ—

વીરશાસન પત્રની કાયમની કુટેવ છે કે જ્યારે સીધ્ધી રીતે જવાબ આપી શકે નહી તેમ દેખવામાં આવે કે તરતજ આક્ષેપો ઉપર ઉતરી પડે તેવીજ રીતે ક્રન્તિ ભ્રાતાને ગુજરાતીનું ઉંઢા સુધીનું જ્ઞાન છે તેમ ઉડાઉ જવાબ આપી મારા પહેલાના લેખમાં પુછેલા ખુલ્લાસાના જવાબ ઉડાવી માર્યાં.

યુવક સંધવાળાને કે ક્રન્તિ ભ્રાતાને ગુજરાતી ભાષાનું જ્ઞાન ઉંડુંનું છે તો વીરશાસન પત્ર તો જરૂર આગમોદ્ધારકનું પુચ્છું લગાવીને ઉડતા હોવા જોઇએ અને તેથીજ ફરીથી વીરશાસન પત્રને ઉદ્દેસીને લખવાની ફરજ પડી છે.

હે ! વિરશાસન પત્ર ! તુ અને તારો ગુરૂ આગમોદ્ધારક ખરૂં ને ? જવાબ આપ, આગમના કયા પાનામાં લખેલું છે કે પતીત થએલાઓ ફરીથી દીક્ષા લે તો તેમને આચાર્ય પદવી આપવી ? આચાર્યના કયા ગુણમાં તેનો સમાવેશ થાય છે ? તારો ગુરૂ આનંદસાગર અને દાનવિજય એક વખત દીક્ષા લઇને છોડી અને ફરીથી દીક્ષા લે તેમાં વાંધો નથી પણ આચાર્યની પદવી કયા ગુણને આધારે આપી ? કદાચ રામસાગરના પોતાના આગમમાં લખ્યું હોય તો ના કેવાય નહી. જનો વીચારો, આ બાબત ઉપર પુર્ણ શાંતીના સમયે રાત્રીના વખતે બેઘડી સામાયીક લઇને વીચારો તો જણાશે કે ભગવાન મહાવીર પ્રભુ પછી જૈન ઇતિહાસમાં ફકત દાનવિજય અને આનંદસાગરજ આચાર્ય પદવી પામે છે તેનો ખુલાસો આગમના પાઠો રજુ કરી બહાર પાડતા નથી અને આગમોદ્ધારકનું પુછડું વાનરના માફક લગાડીને ફરે છે.

ચાલો, હવે બીજી વાત પણ સાથે સાથે કરી લઉ. સમય ધર્મ ઉચ્છેદકનો બીલ્લો લઇ ફરનાર જવાબ આપો સમય ધર્મ સમજી-મનમાં ઉતારી તે પ્રમાણેનો ઉપદેશ આપવા માટે આવા લેભાગુ-તર્કટી-દંભી-પાપી-સુરીઓને ભવોભવ જન્મ લેવો પડશે ત્યારેજ સમય ધર્મ સમજી શકશે. સમયવાદને પુદડીવાદ કહેનાર રામવિજય, સીંધ દેશનું મહોડું નહી જોનાર તેવા સીંધ દેશમાં વીહરનાર-સમય ધર્મોચ્છેદક લબ્ધી સૂરિ જૈનોને ઉંધા રસ્તે ચઢાવી, તેમના ભોળપણનો લાભ લઇ દુર્ગંધ કીડાથી ભરેલો વાડો વધારે તેમાં સમય ધર્મીઓને વાંધો નથી પણ તે દુર્ગંધી કીડાથી ભરેલો વાડો દુર્ગંધ બહાર ફેલાવી જૈનોને સમતા ધર્મ ઉપરથી પતીત કરી રહયો છે તેથીજ જૈનો સમતા ભાવ ઉપરથી પડે નહી તેને માટે રામ-સાગર કે લબ્ધીસૂરી દાનવિજય કે મહા મહોપાધ્યયની યસોવિજયજીના પદની યશોવિજયજીના અડધા ગુણો નહી હોવા છતાં પચાવી પાડનાર, વાસદ મુકામે સ્ત્રીઓના તેમજ બીજાઓના હાથે માર ખાનાર, સ્ત્રીઓ સામે વાસદ મુકામે જંગલમાં ચેલાની ભુખ મટાડવા માટે પોતાના ડાંડો ઉપાડનાર પ્રેમવિજય કે જે સમયધર્મને પુદડીવાદ કહેનાર રામવિજયના ગુરૂ થાય છે તેમને બધાને ઉદ્દેસીને પુછવામાં આવે છે કે સમયધમને પુદડીવાદ કેવી રીતે કહો છો ? સમયધર્મ ઉચ્છેદકની તાકાદ હોય તો તે પણ રીતસર નીચેનો જવાબ આપે.

“સાધુ યાવત જીવ સામાયીક ગ્રહણ કરે છે તો તે ધર્મલાભ સીવાય આપી શકે નહિ અને ધર્મલાભ સીવાય જો બીજું આપે તો તે રોટલાચાર્ય વાણીયાની વકીલાત કરનાર કહેવાય જૈનો અહીંઆંજ તે લોકો એટલે રામવિજય-દાનવિજય-આનંદસાગર-પ્રેમવિજય વીગેરે વીગેરેની કંપની દંભી દેખાય છે. જેમ દુર્ગંધ કીડાથી વાડો વધારવા માટે જૈનોને ઉંધે રસ્તે દીક્ષા બાબત છેદ સુત્રનો ઉતારો મુકી દોરતા હતા તેવી રીતેજ આ લોકો સમય ધર્મની ઠેકડી કરી રહયા છે અને તેમનું વર્તન તો સમય ધર્મ પ્રમાણેજ છે. ચાલો જૈન દોસ્તો, વીચાર કરવા માટે તમારા ઉપરજ રાખું છું કારણ કે ક્રાન્તિકારોનું કર્તવ્ય સત્ય બીના જણાવવી તે છે તેથી ફરીથી વીનંતી જૈનોને કરૂં છું કે સમયધર્મ ઉચ્છેદક પાસે તેમજ સમયધર્મની ઠેકડી કરનાર પાસે જઇને નીચેનો ખુલાસો પુછજો અને તે લોકો તમોને રીતસર જવાબ ના આપે તો આ પત્રિકાની અંદર લખશો તો તેનો ખુલાશો જરૂર બહાર પાડવામાં આવશે. આતો, સમય ધર્મને ગાળો ભાંડનાર વલ્લભ સૂરિજીની સામે થઇને, પેટ ભરીને તેમને ગાળો ભંડાવનાર તેમજ ભાંડનારની શુદ્ધી ઠેકાણે લાવવા માટેજ લખું છું:—

ધારોકે હુ કે તમો સામાયીક લઇને બેઠા-સામાયીક લેતી વખતે કરે મીભંતે બોલી કે ગુરૂ પાસે બોલાવરાવી પ્રતિજ્ઞા કરીએ છીએ કે જ્ઞાનાદિ ગુણના લાભ રૂપે સામાયીક કરૂં છું. મન-વચન કાયા એ ત્રણ જોગવડે ન કરૂં ન કરાવું હે ! ભગવંત ! તે સંબંધી અપરાધને હું પ્રતિક્રમું છું, આત્મ સાક્ષીએ નિંદુ છું, ગુરૂ સાક્ષીએ વીશેષ નીંદુ છું અને આત્માને (રાગદ્વેષના કર્તવ્યોથી) વોસરાવું છું). સામાયીક એટલેજ સમતાભાવ સમભાવની શ્રેણી ઉપર ચઢાવવા માટે પ્રયત્ન કરવો તે માટેજ પુર્વાચાર્યોએ આ બે ઘડી સામાયીકની ક્રીયા યોજી. હવે સાંજના સામાયીક લીધું. અને પ્રતિક્રમણની ક્રીયા શરૂ કરી. છેવટના સામાયીક પારવા સુધીની જૈનો ક્રીયા સારી રીતે જાણે છે. સામાયીકની ક્રીયા પારી નથી તે પહેલાં આપણે સામાયીકમાંજ છીએ તે કોઇથી ના પાડી શકાય તેમ નથી. જ્યારે સાધુને યાવતજીવ સામાયીકની પ્રતીજ્ઞા છે અને તેને સમય પ્રમાણે વર્તવાની છુટ નથી તેમ રામવિજય એન્ડ કંપની કહે છે અને ધર્મલાભ આપવાનોજ અધીકાર છે તો ભલાભાઇ, ચાર લોગસ્સનો કાઉસ

( વધુ માટે જુવો પાનુ ૨ જું )

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# સગીર દિક્ષા સામે વડોદરા રાજ્યનો પ્રતિબંધ ખરડો.

સગીર દિક્ષા સંબંધી ભાવનગરના શ્રી સંઘે ઠરાવ કર્યા પછી અયોગ્ય દિક્ષાના હિમાયતીને તે સવાલની ચર્ચા કરવાની જરૂર પડી હતી. તે ચર્ચાને લીધે મુનિ રામવિજયજીના સામૈયા વખતે જે સાચો સંઘ હતો તે આ ઠરાવ પછી કહેવાતો સંઘ તેમની દૃષ્ટિએ થઇ ગયો હતો. સગીર દિક્ષા આપી શકાય નહિ. બાળક પોતે જાતે વસ્તુ સમજી શકે નહિ ને માત પિતાને સંમતિ આપવાનો હક છે કે નહિ તેનો વિચાર હાલ બાજુએ મૂકાએ તો પણ માતપિતાની સંમતિ મેળવવાના માર્ગો અયોગ્ય દિક્ષાના હિમાયતીએ ઘણા શોધી કાઢેલ છે એટલે તેવી સંમતિની કિંમત ગણી શકાય નહિ. વીરશાસન પોતાના છેલ્લા અંકમાં આ વસ્તુનો જવાબ આપી શકાય તેમ છે એમ કહે છે પણ જવાબ આપતું નથી એટલે જનતા સાચી વસ્તુ સ્થિતિ સારી રીતે સમજી શકે છે કે સગીર દીક્ષા કોઇ પણ ધર્મને માન્ય નથી તેમજ જૈન ધર્મને પણ માન્ય હોઇ શકે નહિ.

નામદાર ગાયકવાડ સરકારે સગીર દીક્ષાની હાલમાં વધી પડેલી પ્રવૃતિથી થતાં નુકશાનોનો ખ્યાલ રાખી સગીર દીક્ષા પ્રતિબંધક ખરડો પ્રસિદ્ધ કર્યો છે તેને માટે જાહેરના અભિપ્રાયો માગ્યા છે. ખરડો નીચે મુજબ છે.

## સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ.

ઉદ્દેશ—સાધુ સંન્યાસી' પત્તિ, યોગી, વેરાગી, તથા ફકીર વીગેરે એવા લોકો તરફથી અજ્ઞાન બાળકોને સંન્યાસ એટલે સંસાર ત્યાગ કરવાની દીક્ષા આપવામાં આવે છે અને તેનાથી અનેક અનર્થો થાય છે તે અટકાવવા કાંઇક પ્રતિબંધ મુકવો જરૂર છે એમ જણાયાથી શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ એમણે નિચે પ્રમાણે ઠરાવ્યું છે

પ્રકરણ. ૧—(ક.) "સન્યાસ દીક્ષા" એ શબ્દમાં કોઇપણ ધર્મના (અ) ૧ સાધુ, ૨ સન્યાસી, ૩ પત્તી. ૪ યોગી, ૫ વઇરાગી, ૬ ફરીર વીગેરે એવા માણસો પોતાના (આ.) (૧) ધર્મમાં, અથવા (૨) પંથમાં જીવન ગાળવાને કોઇપણ માણસને (ઇ) ૧ મંત્ર આપે ૨ મુંડે, ૩ ચેલો કરે ૪ લુંચીત કેસ કરે, ૫ કફની ઓરાડે ૬ નાથે અથવા ૭ એવીજ બીજી કોઇ રીતે ક્રીયા કરે કે જેથી સંસારનો ત્યાગ કર્યો ગણાય તેનો સમાવેશ થાય છે.

(ખ) "દીક્ષા" એટલે "સન્યાસ દીક્ષા" એમ સમજવું.

પ્રકરણ ૨—પ્રતિબંધ—(૧) સજ્ઞાન પણાની ઉમ્મર તથા પાલ્ય પાલક સંબંધી નીબંધની કલમ ૪ માં જેને (અ) સગીર ગણવામાં આવ્યો છે તેને, તેમજ (આ) જે સજ્ઞાન થયો નથી એમ ગણવામાં આવ્યો છે તેને કોઇપણ માણસથી સંન્યાસ દીક્ષા આપી શકાશે નહી.

(૨) સગીર અથવા જે સજ્ઞાન થયો નથી તે અગર તેના મા, બાપ અગર વાલી સન્યાસ દીક્ષા આપવા માટે રજામંદી આપે તેથી પેટા કલમ (૧) ના ઠરાવને બાધ આવશે નહી. (એટલે રજામંદી આપેલી હશે તો પણ કાયદેસર ગણાશે નહી.)

ઠરાવ વિરૂધ જો કોઇ તેવી દીક્ષા આપશે તો તે સર્વ કારણુ માટે નિરર્થક ગણાશે એટલે કે તેવા દીક્ષા અપાયલા સખ્સના—

અ—૧ સંપ્રાપ્ત અગર (૨) ભવિષ્યમાં પ્રાપ્ત થનારા કોઇપણ (આ) ૧ વારસાઇના ૧ (૨) ભરણ પોષણના (૩) વહેંચણીના અગર (૪) બીજા કોઇ પણ (ઇ) કાયદેસર (૧) હક્કને તથા (૨) જવાબદારીઓને તેવી દીક્ષાથી કોઇપણ જાતનો બાધ આવશે નહી.

પ્રકરણ ૩ ઠરાવ વિરૂધ જો કે કોઇ સખ્સ દીક્ષા આપશે ફોજદારી નીબંધમાં "મદદગારી કરવી" એ શબ્દોની જે વ્યાખ્યા આપવામાં આવી છે તે પ્રમાણે દીક્ષા આપવામાં મદદગારી કરશે તો તે એક વરસ સુધીની સખ્ત અગર આસાન કેદની અથવા રૂપીઆ એક હજાર સુધીના દંડની અથવા બંન્ને સીક્ષાને પાત્ર થશે. ૨૪ જુલાઇ ૧૯૩૧.

વિષ્ણુ કૃષ્ણરાવ ધુરંધર ન્યાય મંત્રી.

આ ખરડા માટે અયોગ્ય દીક્ષાના હિમાયતીઓ પોકાર કરવામાં પાછી પાની નહિ કરે. અમો યુવાનોના મંડળોને યુવકસંઘોને સાચા જૈન સંઘોને આ ખરડા ઉપર પુખ્ત વિચાર કરી પોતપોતાના અભિપ્રાયો શ્રીમંત સરકારને મોકલી આપવા સુચના કરીએ છીએ. કોન્ફરન્સના કાર્યવાહકો શું કરે છે તેની જૈન સમાજ રાહ જોશે કે ?

---

(૧ લા પાનાથી ચાલુ)

પારીને નાની શાંતિ બોલાવવાનો અધીકાર આગમના કયા પાનામાં લખેલો છે હે ! સમયધર્મના ઉચ્છેદ કુલાંગરો !

જૈનો તે શંન્તિનો અર્થ વીચારો "પક્ષને વધારનારી એવી હે જયાદેવી ! તમે જય પામો ! (જય પામો તે આશીર્વાદ કહેવાય, ધર્મલાભ નહી.) શાંન્તિના ૧૨ મી ગાથામાં પાણી, અગ્નિ, ઝેર, સર્પ, માઠાગ્રહ, (લોભી) રાજા, રોગ અને લડાઇના ભય થકી, તથા રાક્ષસ, શતરૂઓના સમુહ, મરકી; ચોર, સાત ઇતિ અને મદેન્મત ફાડી ખનારા પ્રાણીઓ વીગેરેના ભયથી હવે રક્ષણકર, રક્ષણકર (જેને હજુ સામાયીક પાળ્યું નથી અને પ્રતીજ્ઞા કરેલી કે આત્માનોજ જે અસલી ગુણ જ્ઞાનને પ્રાપ્ત કરવા માટે સામાયીક કરૂં છું. તે સામાયીકમાં રહેલો જીવ જયાદેવીને આર્શીવાદ આપી ભિક્ષા માંગે છે કે તું મારૂં રક્ષણ કર ઉપરના ઉપદ્રવોથી, ભયથી ભીક્ષા. જ્ઞાનાદિ ગુણ મેળવવા માટે માગવામાં નથી આવતી પણ દીનવદને સાત ભયોથી બચવા માટે સામાયીકમાં રહેલો જીવ દેવીની ખુશામત કરી માંગે છે. સાધુઓ જ્યારે ધર્મલાભ શિવાય આપી શકે નહી ત્યારે બે ઘડીની અંદર રહેલો સામાયીકી સાધુ જયાદેવીને આર્શીવાદ આપે અને ઉપદ્રવોમાંથી બચવા માટે ભીખ માંગે તેવું આગમના કયા પાનામાં લખેલું છે તે આગમોના પાનામાંથી જણાવો ઓ આગમના અંદર સબડતા કીડાઓ ? શા માટે જૈનોને ઉંધે રસ્તે દેરવી રહયા છો ? પાપી પેટ ના ભરાતું હોય તો અણુસન આદરી, સીધા દેવ લોકમાં ચાલ્યા જવો કે જેથી કરીને સમયધર્મને જોઇને જૈનો ભગવાન મહાવીર પ્રત્યે પ્રેમ રાખતા દુનીયાના બીજા જીવોને સીખવાડી શકે.

(વધુ માટે જુઓ પાનું ૩ જુ)

# ધર્મ–શિક્ષણ.

——(૦)——

(ગતાંકથી ચાલુ.)

જીવનું મુખ્ય લક્ષણ ઉપયોગ છે. ઉપયોગ એટલે કોઇ-પણ વસ્તુ સંબંધી લાગણી. વસ્તુના સામાન્ય કે વિશેષ બોધ લાગણી વડેજ થાય છે. લાગણી શુદ્ધ કે અશુદ્ધ પૂર્ણ કે અપૂર્ણ, તીવ્ર કે મંદ હોય છે. અશુધ્ધ લાગણીથી જીવ કલ્પિત જ્ઞાનને સાચું માની લે છે. લાગણીની અશુદ્ધતા કે અપૂર્ણતાનું કારણ પૂર્વનું અશુભ કર્મ છે છતાં તે દોષો દૂર કરવાનું કામ કેળવણીનું–ખાસ કરીને ધાર્મિક કેળવણીનું છે.

હવે જોવાનું એ છે કે આપણી વ્યાવહારીક કે ધાર્મિક કેળવણી લાગણી શુદ્ધ કે પૂર્ણ કરવાનું કામ કરે છે કે? તેમાં સ્વાતન્ત્ર્યવાદ કે સ્વયંસ્ફુર્તિવાદ પ્રવેશ્યાં છે કે? આપણી શિક્ષણ પદ્ધતિ માનસ શાસ્ત્રના સિદ્ધાંતો ઉપર રચાયેલી છે કે? બાળક કયારથી કેળવણી લેતું થાય છે, તે કેવી કેવી રીતે કેળવણી લે છે, તેને કયા કયા અંતરાયો નડે છે, તે બધા અંતરાયોને દુર કરવામાં ન આવે તો તેના વિકાસમાં કેટલી ક્ષતિ રહી જાય છે વિગેરે બાબતોના અભ્યાસ ઉપર આપણી શિક્ષણ પધ્ધતિ ઘડાયેલી છે કે? પરંપરાગત વિષયોનું ઘણા કાળથી ચાલ્યું આવતું શિક્ષણ–એજ શિક્ષણ હોઇ શકે કે તેમાં કંઇ ફેરફાર કરવાની જરૂર છે? વિદ્યાર્થી અભ્યાસ તરફ અભિમુખ બને છે કે? શિક્ષક શિક્ષણ તરફ અભિમુખ રહે છે કે? અભ્યાસમાં રસ ઉત્પન્ન થાય છે કે? તે રસ જળવાઇ રહે છે કે? અભ્યાસની સાથે વિદ્યાર્થી એક રૂપ થઇ જાય તેટલી તેની ધ્યાન શકિત કેળવવા માટે પ્રયત્નો કરવામાં આવે છે કે?

વળી આત્મવિકાસના આઠ પગથીઆં છે. તેને આપણે આઠ દષ્ટિ કહીએ છીએ. દરેક પગથીએ જ્ઞાનપ્રકાશ કેવો હોય તે આપણા ગ્રંથોમાં સારી રીતે વર્ણવેલું છે. પ્રથમ પગથીએ જ્ઞાનનો પ્રકાશ ઘાસના અગ્નિ કણ સમાન, બીજે છાણાના અગ્નિ જેવો, ત્રીજે લાકડાની અગ્નિ જેવો, ચોથે દીવા જેવો, પાંચમે રત્ન પ્રભા જેવો, છઠ્ઠે તારાની, સાતમે સૂર્યની અને આઠમે ચંદ્રની પ્રભા જેવો હોય છે. આ જ્ઞાન પ્રકાશની કસોટીએ આપણા વિદ્યાર્થીઓ, શિક્ષકો, ઉપદેશકો વિગેરેનું જ્ઞાન આપણે કદી તપાસી જોયું છે? અને એ કસોટી વડે બોધની તરતમતા જોઇ, નીચલા પગથીએથી ઉપલે પગથીએ ચડાવવા માટે આપણે યોગ્ય પ્રબંધ કરીએ છીએ કે?

હાલ તો આપણે માત્ર યમનિયમમાં અથેતિ માની લઇએ છીએ. તેના ઉપલા પગથીઆં જેવાં કે આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિને લગતું હૃદય–સ્પર્શી–જીવનસ્પર્શી શિક્ષણ તરફ જૈન સમાજનું હાલમાં લક્ષજ નથી.

પણ આતો કંઇક અંશે ચેતના જાગૃતિ થયા પછીની વાત થઇ. પરંતુ ચાલુ જમાનાના લુપ્તપ્રાય: ચેતનને જાગૃત કરવા કેવો માર્ગ પકડવો, ઓધ નજરની શોધ કરી તેને કેવી રીતે સુધારવી એ સર્વ ધાર્મિક શિક્ષણનું ક્ષેત્ર છે. આ કરાળ કાળમાં વૃત્તિઓ પડતી જતીસ્થિતિમાં હોય છે. તેવી અધોગતિમાંથી તે વૃત્તિઓને ઉચ્ચગામી કરી, ધર્મમાં સ્થિર કરવા માટે આપણું શિક્ષણ એવા પ્રકારનું હોવું જોઇએ કે જેથી તે જીવનને સ્પર્શે. માત્ર મતિને સ્પર્શે તેવું શિક્ષણ જોઇએ તેટલું ઉપયોગી નીવડતું નથી. તેથી તો વિદ્યાર્થીઓમાં દાંભિકતા જન્મે છે. તે કારણે યમનિયમ પહેલાંની ભૂમિકાઓ તો અવશ્ય શુદ્ધ થવી જોઇએ. ધર્મશિક્ષણ પ્રત્યે ભય, દ્વેષ અને ખેદ નહેતાં હોય તો તે પ્રથમ દુર કરવાં ઘટે. મનની અસ્થિરતા, અપ્રીતિ અને જડતા વિદ્યાર્થીઓમાંથી દૂર થાય તે માટે કેટલાક શિક્ષકો વિદ્યાર્થી જીવન અવલોકે છે–વિચારે છે–વિચારી અભ્યાસ ક્રમમાં પોતાને મળતા અનુભવો પ્રમાણે ફેરફાર કરે છે કે તેવો ફેરફાર કરવા સૂચનાઓ પણ કરે છે!! ગતાનુગતિક ન્યાયે, પ્રણલિકા ભંગની બ્હીકે, સંપ્રદાયમાં અપ્રિય થવાના ભયે કેટલાકો તો સૂચનાઓ કરતાં પણ થંભી જાય છે. શિક્ષણ સંબંધમાં, પ્રથમ તો જ્ઞાનના નિમિત્તભૂત ઇન્દ્રિયો અને અતિન્દ્રય એટલે મનને આપણે સારી રીતે કેળવવાં જોઇએ. પદાર્થોના સામાન્યના જ્ઞાન (અવગ્રહ) માટે અવલોકન શકિત તીવ્ર બનાવવી જાઇએ અને સાચી રીતે અવલોકન કરતાં વિદ્યાર્થીને શિખવવું જોઇએ. તે પછી, વિશેષ રૂપે પદાર્થોનો નિશ્ચય કરવા માટે પદાર્થોની પરીક્ષા કરતાં, તે ઉપર પ્રયોગ કરતાં, તે સંબંધી વિચારણા (ઇહા) કરતાં, શિખવવું જોઇએ. ત્યારબાદ તેનો દઢ નિશ્ચય કરવા માટે અપાય શકિત ખીલવવી ઘટે કે જેથી વસ્તુના વિશેષ ગુણોનું ભાન થાય. છેવટે ધારણા શકિતનો પણ વિકાસ થવો જોઇએ કે જેથી અપાય દ્વારા થયેલા નિશ્ચયની સતત ધારા વહ્યા કરે. અને તેનું સ્મરણ ચાલુ રહયા કરે, પદાર્થોના ગ્રહણ માટે અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ ચારે શકિતઓનો વિકાસ આવશ્યક છે. અને જો તેનો વિકાસ ધર્મ જીજ્ઞાસુમાં ન થવા પામે અથવા તો તેનો વિકાસ થયા પહેલાં, શ્રત જ્ઞાનનો બોજો વિદ્યાર્થી ઉપર લાદવામાં આવે અને તે પણ નહીં શીખેલી પ્રાચીન ભાષાના સૂત્રોની ગોખણપટ્ટીદ્વારા મનમાં ઠાંસી ઠાંસીને તેના રહસ્યની સમજણ વગર ભરવામાં આવે

---

(૨ જા પાનાથી ચાલુ)

હજુ, ઘણું ઘણું લખવાનું છે. આટલાથી જો વાડાની અંદર દુર્ગંધ કીડાથી ખદબદતા કીડાઓ નહી ચેતે તો તે કીડાઓ મરે નહી અને વાડામાં અહીંસા પરમોધર્મની સુગંધ ફેલાય તેના રસ્તા લેવા પડશે અને ક્રાન્તિકારો બીજા નીર્દોષ જૈનો દુર્ગંધ કીડાની સોબત કરે નહી તેને માટે સમભાવનો આદર્શ જરૂર મુકશે અને જો તે નીર્દોષ જૈનોના માટે ભાવી સારૂ હશે તો ક્રન્તિકારો ખુશ થશે પણ જો કદાચ લાલચના માર્યા બીચારા ફસાશે તો દુનીયામાં જીવો કર્મોને આધીન છે તેમ માની સંતોષ પકડશે કારણ કે રાગદ્વેષ ઓછા કરવા પ્રયત્ન કરનાર તે જૈન અને તે વીતરાગ દેવના ચીલે ચીલે ચાલે છે; તે ચાલતા કદાચ ખાડા–ખાબોચીયા–ડુંગરા કે કચ્છનું રણ આવશે તો પણ તે ક્રન્તિકાર જૈનો ગભરાય તેમ નથી. છેવટમાં સમગ્ર જગતના જીવો સુખી થાઓ તેજ ભાવના ક્રાન્તિકારોની છે અને તેથી સેતાન રશિક સંઘના વાડામાં નીર્દોષો પુરાય નહી તે ચેતવણી આપવા માટે આ બત્તી રૂપે ક્રાન્તિના કીરણો આપી રહયો છું અને તેથી જૈનોના હે! સાધુ, સાધ્વી. શ્રાવક અને શ્રાવીકા, જો ધર્મના નામે ધતીંગ ચલાવશો તો તમારે માટે સ્વર્ગના રસ્તા જરૂર ઇન્દ્ર દેવને વીનંતી કરીને ક્રાન્તિકારો બંધ કરાવશે.

લી૦ ક્રાન્તિ ભ્રાતા જૈન.

# જયંતિ પ્રસંગના જુઠ્ઠાણા સામે જવાબ.

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરિશ્વરજી મહારાજની ૩૬ મી જયંતી બોરસદ ગામમાં લબ્ધિવિજયના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી એમ શાસનમાં પ્રગટ થએલા હેવાલ ઉપરથી સમજાય છે. જયંતી જેના પ્રમુખપણા નીચે ઉજવવામાં આવી અને એ જયંતીના સમાચાર જે પત્રમાં પ્રગટ કરવામાં આવ્યા એ બન્ને જગતમાં પ્રસિદ્ધ? પામી ગએલા છે. જયંતી તો એક નામની ઉજવી છે. ન ઉજવે તો નાલાયકી પણ ગણાય સ્વર્ગવાસી ગુરૂદેવની એક બાજુ જયંતી ઉજવી લોકોને પોતાનો ભકિતરાગ બતાવવો અને બીજી બાજુ જયંતીના નામે એજ ગુરૂદેવના ઉપર ખોટા નાલાયકી ભર્યાં આક્ષેપો કરવા એ જોઇને ઉજવનારની બાલીશતા પ્રગટ થાય છે શ્રીસંઘ બોરસદનો એ વિષયમાં શું સમજે? જો સમજુ હોત વિવેકી હોત તો જયંતીના બહાને કરવામાં આવેલા ખોટા અક્ષેપો નહતજ ત્યાંના ત્યાંજ રોકાવત બોલનારને બેસારી દેત. તેમજ પ્રમુખ સાહેબનો તો એ ખાસ ખોટા આક્ષેપો સાંભળવાનો ધંધોજ હોવાથી શું કરવા બોલનારને જેમ તેમ લવારો કરનારને રોકે? જયાં બોલનાર અને સાંભળનાર બન્ને એક મતના હોય ત્યાં બીજું શુ નીકળે? કોડી ધોઇને કાદવ સિવાય? માનો બોલનાર તો બકવાદ કરી ગયો પણ પ્રમુખના હોદ્દે ચઢેલાને તો ગુરૂદેવના જીવન સંબંધી માહીતી, ચરિત્ર, પંજાબમાં જઇ આવેલા હોવાથી માલુમજ હતું છતાં કેમ ચુપકી પકડી ગયા? શું પ્રમુખના તાજને પહેરીને ભાન તો નથી વિસરી ગયા ને? કહો કે ન કહો પણ માન હાથીએ ફટકો માર્યો તેથી ચુપકીદી પકડવી પડી એમ લાગે છે? જયંતી ઉજવનારા કેવળ શ્રી આત્મારામજી મહારાજ સાહેબના **જીવન ચરિત્ર** અનભિજ્ઞ હોય એમ સ્પષ્ટ જણાઇ આવે છે. જનતા પુજય શ્રી આત્મારામજી મહારાજના જીવન ચરિત્રથી ખોટા રસ્તે ન દોરાઇ જાય, તેમજ **જીવન ચરિત્રથી** કોસો તક દૂર રહેનારા છતાં જયંતી ઉજવી સ્વર્ગવાસી શ્રી આત્મારામજી મહારાજના નામને કલકિત કરનારાઓને **ભાન** થાય તે માટે **બોરસદની** જયંતીનો રદીઓ ઉજવનારને આપું છું. આટલાથી સુબોધ પામી જશે તો સુબોધજ ગણાશે

જયંતીની શુરૂઆતમાં પ્રવીણ વિ નામના સાધુએ પોતાની પ્રવીણતા (?) જનતા આગલ ઉઘાડી પાડી હૃદય ખુલી કર્યું છે. તેમજ બાલમુનિએ તો પોતાની બાલ ચપલતાજ કરી છે પરંતુ પેલા ત્રીજા પોતાની મેળે જાણપણાનો ફાંકો રાખનાર નામ તો સુબોધ છે પરંતુ આખા ભાષણથી તદ્દન કુબોધી હોય એમ જણાઇ આવે છે. આવા નફ્ટ કુબોધો જો દુનીયામાં સુબોધ પ્રગટાવવા બહાર પડશે તો અઇત્સુનુ, જીતેંદ્રકુમાર કલી કૌતુકી જેવા **માંકો** પોતાની ભવાઇ કયાં પ્રગટાવશે એ સુબોધ સ્વયં વિચારી લે.

...તેઓશ્રી સત્યના શોધક હતા. સત્યની જાણ થતાં ઢુંઢક સંપ્રદાય છોડી અમદાવાદ આવી સંવેગ પક્ષની દીક્ષા વયોવૃદ્ધ મણિવિજયજી દાદા પાસે લીધી હતી" આ કેટલું જુઠ્ઠણું? આખી જૈન સમાજ સારી રીતે જાણે છે કે શ્રી આત્મારામજી મહારાજે શ્રી બુટેરાયજી મહારાજ પાસેજ દીક્ષા લીધી અર્થાત શ્રી બુટેરાયજી મહારાજને ગુરૂ તરીકે ધારણ કર્યાં આ દીવા જેવી બીના હોવા છતાં મણિવિજયજી મહારાજનું નામ આપવું એ બોલનારની મુર્ખતાજ પ્રગટે છે. એજ સુબોધ વિ. અગળ જતાં જણાવે છે કે સં. ૩૨ ની સાલમાં અમદાવાદ આવી શ્રી બુટેરાયજી મહારાજ પાસે સંવેગી દીક્ષા લીધી" વાંચો વિચારી જોશે તો પોતાનાજ શબ્દોમાં વધતો વ્યાઘાત આવી રહ્યો છે. આવેશમાં આવી જઇ જેમ તેમ લવારો કરવો એ કેટલી મુર્ખતા છે? આવેશમાં ભાન ભુલી ગયો હોય એમ જણાય છે??? આગળ જણાવે છે કે "તેઓશ્રી બાલ દીક્ષાના હિમાયતી હતા" આ કેટલી અધમતા? એક પણ પુરાવો જાહેર કર્યા સિવાય કહી દેવું કે બાલ દિક્ષાના હિમાયતી હતા એથી તો એમજ જાહેર થાય કે પોતાની ખોટી માન્યતાને આવા ઉપકારીના નામથી જાહેર કરી પોતાની લીલા ઢાંકવા ઢાકણ દેવા તો મથ્થો નથીને? અગાડી ચાલો—

"મહુંમનો જન્મ સં. ૧૮૯૧ ના ચૈત સુદિ ૧ ના થયો હતો" આ પણ તદ્દન ખોટું. ૧૮૯૧ નહી પરંતુ ૧૮૯૩ માં જન્મ થયો હતો. જીવન ચરિત્ર વાંચ્યા વિના બોલવું કે કહેવું એ પોતાની નાલાયકી બતાવે છે.

"જોધામલ નામના શીખ મિત્રને પુત્ર સોંપી પિતા જેલમાં ગયા" જોધામલ શીખ નહોતા પરંતુ ઓસવાલ હતા.

"અંતે ૧૯૧૦ ની સાલમાં ૧૯ વર્ષની ઉંમરે દીક્ષા લીધી" ૧૯ વર્ષની ઉંમરે કિંતુ ૧૭ વર્ષની ઉંમરે દીક્ષા લીધી. ૧૫ મા દિવસે વ્યાખ્યાન વાંચ્યું ૨૨ મા દિવસ લખ્યા તે ખોટા. અગાડી ગપ્પું મારે છે.

"આગ્રા તરફ એક રતનચંદજી નામના ગૃહસ્થ હતા, તેઓ ઢુંઢક છતાં મૂર્તિની શ્રદ્ધાવાળા હતા" આ તો તદ્દન કપોલ કલ્પિતજ છે.

આગ્રા તરફ નહી પરંતુ આગ્રામાંજ રતનચંદજી ગૃહસ્થ નહોતા કિંતુ ઢુંઢક સાધુ હતા. તે વખતે આ રતનચંદજી ઢુંઢક સાધુ બહુજ નામાંકિત સાધુ તરીકે ગણાતા હતા. સાધુ હોવા છતાં ગૃહસ્થ ચીતરવા એ મૂર્ખાઇ ખરી કે નહિ? સજ્જનો! વિચારો આજ સુબોધ વિ. સાધુ છે તેને જો ગૃહસ્થ કહીએ તો કાંઇ વાંધો આવે ખરો કે? વાંધો કેમ નહી સાધુને ગૃહસ્થ કહેવો એ મિથ્યાવાદ લાગે છે. અરે જેને મિથ્યાવાદ ખીટીંયે ટાંગ્યો હોય તેને મિથ્યાવાદ શું કહે? ચાલો અગાડી.

......"આત્મારામજી મહારાજ ભોયણીમાં આવતા પોતાના ભકતો......લઇ શાંતિસાગર આત્મારામજી મહારાજને પોતાના પક્ષમાં લેવા ગયા"

આ વાત કેવળ ઉપજાવી કાઢેલ છે. ભોયણીજીમાં આત્મારામજી મહારાજ ને શાંતિસાગર મલતાજ નથી તો શાંતિસાગર પોતાના ટોલાને—ભકતોને લઇ ભોયણી ગયા કયારે? વાહરે વાહ સુબોધ! બોધ તો ઠીક મેલવ્યો લાગે છે? જેવા ગુરૂ અસત્ય પ્રરૂપક તેવાજ સુબોધ પણ જાણવા. જો એ

---

તો મતિ અજ્ઞાન સાથે શ્રુત અજ્ઞાન પણ વધવા પામે અને ઉપર કહેલી ચારે શકિતઓ અવિકસિત રહેવાથી વિદ્યાર્થીઓ પાછળથી અવિચારી, ધર્મ વિરોધી કે કલહપ્રિય થાય તેમાં કંઇ નવાઇ પામવા જેવું નથી.

ઉ. દા. બ.

અસત્ય પ્રરૂપક ન હોય તો ઓડતું ચોડ વેતરે ખરો? એનો બિચારીનો શો વાંક કાઢવો? જેવા ગુરૂ તેવા ચેલા જેવો હિસાબ છે? સુબોધ! જરા સત્ય ધારણ કરી બોલવું હતું ને? અગાડી કહે છે કે:

......"જગજીવનદાસ (વર્તમાન હંસવિજયજી) ને રજા સિવાય છાની દીક્ષા આપી હતી. તેમના પિતાએ વિરોધ ઉઠાવ્યો હતો. રજા સિવાયની દીક્ષા પણ શાસ્ત્રોક્ત છે તેવા પાઠો કાઢીને જગજીવનદાસના પિતાને શ્રીમદ્દે બતાવ્યા હતા. વીર ભગવાને પહેલી દેશનામાં ચુંમાલીસોને પહેલી પોરસીમાં દીક્ષા આપી છે. તેમાં સોલ વર્ષના પણ હતા.

ત્યાં રજા સંબંધીઓની ક્યાં લેવાઇ હતી? ......હરિભદ્ર સૂરિજીના અષ્ટકજીના પાઠ બતાવવાથી જગજીવનદાસના પિતા સમજી ગયા.

વાચકો? આ હડહડતું જુઠાણું તેમજ પોતાનું ડોઢડાહ્યાપણું સુબોધવિ–પ્રગટ કરે છે. સુબોધ વિજય સાચ્ચો હોય તો મ્હારી તેને ચેલેંજ છે કે શ્રી આત્મારામજી મહારાજે જગજીવનદાસને ક્યારે દીક્ષા આપી? ક્યાં આપી? જો સુબોધવિ–સાચ્ચો સુબોધ હશે તો આ મ્હારી ચેલેંજને સ્વીકારી તુરત સિદ્ધ કરશે નહી તો કેવલ નાલાયક છે એમ જાહેર થશે એ બિચારાઓ શ્રી આત્મારામજી મહારાજ ઉપર ખોટો આક્ષેપ કરતાં કરતાં અરે શાસન નાયક શ્રી મહાવીર પ્રભુને પણ છોડયા નથી. પોતાના ગુરૂની પ્રવૃત્તિને સિધ્ધ કરતાં કરતાં પ્રભુ તક પહોંચી ગયો અને પ્રભુને પણ કહેવા લાગ્યો કે 'ચુંમાલીશોને દીક્ષા આપી તેમાં સોલ વર્ષના પણ હતા' આ જ્ઞાન ક્યાંથી ઉભરાયું? આ ખોજ કયા ભેજામાંથી નીકલી? પ્રભુએ ચુંમાલીસોને દીક્ષા આપી તેમાં સોલ વર્ષના કેટલા હતા? ૧૨ વર્ષના કેટલા હતા? ૮ વર્ષના કેટલા હતા? આનો હિસાબ બતાવશે કે? ચુંમાલીસોમાંથી ૧૬ વર્ષની ગણત્રી તારવી કાઢી તો બાકીની ગણત્રી પણ બતાવવી જોઈએ. એક સોલ વર્ષની ઉમ્મર આપી બધા સોલ વર્ષના હતા તે સાબીત કોઇ કાલે નજ થઇ શકે પોતાની ઉત્સીત પ્રવૃત્તિને ઢંકવાનો આવા મહાપુરૂષોના શાસન પતિના ઓઠા લઇને કામ કરવું હોય તેને માટે તો સ્વછંદી સિવાય બીજું કાંઇપણ કારણ નથી. ભોલા માનવીઓને છેતરવા અને આવી ઉત્તમ મહાનુભાવોએ આપેલી દીક્ષા રૂપી જાલમાં ફસાવી તેમના પ્રાણ નીચોવવા સિવાય કાંઇ નથી. પ્રભુ તો સર્વજ્ઞ હતા સર્વદર્શી હતા તેઓ જ્ઞાનદ્વારા જાણતા હતા છતાં પણ કોઇ મુમુક્ષુ પ્રભુના ચરણોમાં લોટવા આવતો હતો તો પ્રભુ તેને માત પિતાની રજા સિવાય અનુજ્ઞા સિવાય દીક્ષા આપતા નહોતા ખુદ પ્રભુ મહાવીરે જ્યાં સુધી માતા પિતા હૈયાત હતાં ત્યાં સુધી દીક્ષા લીધી નહોતી જ્યારે માતાપિતા સ્વર્ગવાસી થયા ત્યારે પણ પોતાની મરજી પ્રમાણે રજા સિવાય દીક્ષા લીધી નહોતી. મોટા ભાઇની રજા લેવા ગયા. મોટા ભાઇએ બે વર્ષ રહેવા આગ્રહ કર્યો પ્રભુએ કબુલ કર્યું અને બે વર્ષ ભાઇના અનુરોધથી ઘરમાં રહયા આ વાત જગજાહેર છે. તીર્થંકરો પણ માત પિતાની રજા સિવાય દીક્ષા લઇ શકતા નથી તો બીજાને રજા સિવાય આપે કેમ? પ્રભુએ છાની દીક્ષા આપી હોય તો બતાવે? પ્રભુએ દીક્ષા આપી હોય અને પાછલ ધમાલ, માતા પિતાના કરૂણ રૂદનો થયા હોય તો બતાવે? બાકી ખોટા તરકટી પ્રભુના નામે ઉદાહરણો આપી પ્રભુને છેતરવા જે તૈયાર થયો છે તે પ્રભુને નથી છેતરતો પરંતુ પોતાના આત્માને અધોગતિના રસ્તે દોરી રહયો છે. એ માટે તો જ્ઞાનીઓએ ફરમાવ્યું છે કે મેરૂ પર્વત જેટલા ઓઘાના ઢગલા આ આત્માએ કર્યા તો પણ સિદ્ધિ થઇ નહી. આ જ્ઞાનીનું અમોઘ વચન ખોટું થઇ શકે? કદાપી નહી. જે વ્યકિત તીર્થંકરો તક પહોંચી તીર્થંકરોએ આ પ્રમાણે કર્યું એમ કહી પોતાની સ્વછંદવૃતિ જનતાને બતાવે છે ને પોતાના તારણહાર ગુરૂને છોડે ખરો કે? અગાડી કહે છે કે "હરિભદ્ર સૂરિજીના અષ્ટકના પાઠ બતાવી જગજીવનદાસના પિતાને સમજાવ્યા" વાચકો વિચારો કોઇપણ આગમનું પ્રમાણ ન મળ્યું ત્યારે અષ્ટકજીનું પ્રમાણ આપી સિધ્ધ કરે છે. હું પુચ્છું છું કે આગમ પ્રમાણ કે અષ્ટકજી પ્રમાણ? જો આગમ પ્રમાણે હોય તો તેનો પાઠ આપવો હતો. અને અષ્ટકજી પ્રમાણ હોય તો અષ્ટકજી જે મહા પુરૂષે બનાવ્યા છે તેના પ્રત્યેક વચનો માન્ય રાખવા જોઇએ. એજ હરિભદ્ર સૂરિજી મહારાજ **પંચાશક ગ્રંથમાં** જણાવે છે કે ગૃહસ્થાશ્રમને સેવી પછી પોતે દીક્ષા લે. આ પણ વચન માન્ય રાખવું જોઇએ. આ સિવાય દીક્ષા માટે શ્રી હરિભદ્ર સૂરિજી મહારાજ **पंचाशक** માં અને **धर्मबिंदु** માં સારી રીતે સુસ્પષ્ટ ભાષામાં પોતાના વિચારો જણાવ્યા છે જીજ્ઞાસુઓ **धर्मबिंदु** ગ્રંથ ભાષાંતર થઇ ગયું છે મંગાવી વાંચવાથી દીવા જેવો પ્રકાશ જણાઇ આવશે પ્રથમ તો જગજીવનદાસ નામની કોઇ વ્યકિતએ શ્રી આત્મારામજી મહારાજ પાસે દીક્ષાજ લીધી નથી તો અષ્ટકજીના પ્રમાણની વાત કેમ સંભવી શકે? કેવળ બનાવટી સ્વર્ગવાસી શ્રી આત્મારામજી મહારાજ ઉપર આ બનાવ ઘડી કાઢયો છે. એમ ચોકકસ જણાઇ આવે છે. અગાડી પોતે કબુલ કરે છે કે "સોલવર્ષથી ઓછી ઉંમરની વ્યકિતને રજા સિવાય દીક્ષા આપવાથી ત્રીજા વ્રતનો દોષ લાગે છે" આ ઉપરથી વાચકો સ્વયં વિચારી લેશે કે ચેલા કઇ તરફ દોડે અને ગુરૂની નાલાયક પ્રવૃત્તિ કઇ તરફ કુચ કરે છે! સોલ વર્ષથી ઓછી ઉમરનાને દીક્ષા આપવામાં ત્રીજા વ્રત એટલે અદત્તાદાન–ચોરી લાગે છે એમ પોતેજ કબુલ કરે છે. અને સાથે સાથે પોતાનો દોષપણ બતાવે છે. આ ઉપરથી સુબોધ વિ. ના ગુરૂઆદિ ટોલી–નામચીન–અયોગ્ય દીક્ષાની હીમાયતી પોતાના ચેલાએ બતાવેલા ચોરીના દોષને સમજશે તો હાલમાં ચાલતો અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિનો મહાન ઉત્પાત આપોઆપ શાંત થઇ જશે. યુવક સંઘ, યુથલીગ કોન્ફરંસ આદિ જે સત્યદીક્ષા–યોગ્ય દીક્ષા બતાવે છે તે પણ ચુપ થઇ જશે એટલે ઉકત ટોલી જો શાસ્ત્રસંમત–યોગ્યદીક્ષા પ્રવૃતિ ધારણ કરી લેશે તો આપોઆપ અયોગ્ય દીક્ષા પ્રવૃતિ પંચત્વ પામી જશે સજ્જનો! ઉકત નામચીન અયોગ્ય દીક્ષા આપનાર–સોલવર્ષથી નાની ઉંમરનાને દીક્ષા આપનારાઓ ચોરી કરે છે એમ સુબોધ વિ. તેમને જણાવી રહયો છે. આથી સદર ટોલી ચોરી કરનારી છે. અરે! શ્રી સંઘના સમક્ષ ચોરી અદત્તાદાનના પચ્ચખાણ લઇ આખરે ચેલાને માટે ચોરી–અદત્તાદાન સેવી રહયા છે તેઓ આખરે સમાજ વા ચેલાજીના હીત વચનો મુનિ પ્રવર (?) કે વ્યાખ્યાન વાચસ્પતિ (?) જો સમજી લેશે તો સમાજમાં ફેલાએલો વિગ્રહ આપોઆપ શાંત થઇ જશે? આશ્ચર્ય તો

આ વાતનો છે કે "પ્રમુખપદે તો નથી ભુલાવ્યાને? આખરે સત્ય હતું તે અસત્યના પોષકોને ફટકો મારી બહાર આવી ગયું.

સ્વર્ગવાસી શ્રી આત્મારામજી મહારાજ સાહેબ ઉપર આરોપ મૂકવો જો 'તેઓશ્રી બાલ દીક્ષાના પોષક હતા' તો આ તદ્દન બીનપાયાદાર છે, અર્થ વિનાની વાતો કરવી એ બેવકુફનું કામ છે. વિચારશ પુરૂષ જેને શ્રી આત્મારામજી મહારાજ સાહેબનું જીવન ચરિત્ર વાંચ્યું હશે તે કોઇ કાળે ખોટા આક્ષેપો ઉક્ત મહુંમના પવિત્ર જીવન ઉપર મૂકવા કદી નહીજ પ્રેરાય. જગત્ આખું સ્વર્ગવાસી ન્યાયાંભોનિધિ શ્રી મદ્વિજયાનંદ સૂરીશ્વરજી પ્રસિધ્ધ નામ શ્રી આત્મારામજી મહારાજ સાહેબને સારી રીતે પીછાણે છે એટલે કે શ્રી આત્મારામજી મહારાજે કોઇ વખત પણ અયોગ્યને દીક્ષા આપીજ નથી. આજ પણ સંસારમાં તેઓશ્રીનું નિર્મળ નામ જગતને પવિત્ર બનાવી રહ્યું છે. આખો જૈન સમાજ તેમજ જૈનેતર વર્ગ શ્રી આત્મારામજી મહારાજના સંઘાડાને નિષ્કલંક, પવિત્ર તેમજ વિદ્વાન અને સમયસાવધાન માનતો હતો પરંતુ જ્યારથી નામચીન અધમ, નાલાયક અયોગ્ય દીક્ષાપોષક ટોળી પાકી છે ત્યારથી નિર્મલ સઘાડામાં અને શ્રી આત્મારામજી મહારાજના સમુદાયમાં અંગારાજ, વેર ઝેરજ ફેલાવી રહી છે ગમે તેટલા ધમપછાડા સુંદર સંઘાડામાં કરી સંઘડાનો નાશ કરવા જેઓ ભાગ્યહીન અધર્મીઓ પૈદા થયા છે તેઓ આખરે વર્ષાદમાં પેદા થએલા કીડાઓની માફક નાશજ પામવાના એમાં શંકાજ નહી શ્રી ગુરૂદેવનું નામ આખા સંસારમાં પવિત્રજ રહેવાનું એમાં પણ શંકા નહી. આવી રીતના ખોટા તરકટી આક્ષેપો કરી જયંતી ઉજવી છે એમ દુનિયાને ન બતાવે તો શું તેમનું ચાલ્યું જવાનું હતું? સંસારમાં એક કહેવત છે કે "છ મહીના સુધી શ્વાનની પુંચ્છડી દાબી રાખો તો પણ આખરે વાંકી ને વાંકી" આ પ્રમાણે જેમનો સ્વભાવજ વાંકો છે તે કોઇ કાળે સીધા થવાનાજ નથી.

અંતમાં એટલું જણાવું છું કે ઉપરની ભૂલો જો કબુલ કરી લેશે તો સુબોધ નામ ખરૂં કહેવાશે અન્યથી કુબોધ તો છેજ. પ્રભુ સદબુદ્ધિ આપે, અને અકકલ ઠેકાણે લાવે.

**વીરચરણોપાસક.**

## શ્રી. મહાવીર જૈન વિદ્યાલય મુંબઇ.

### ઠરાવ.

આ સંસ્થાના ટ્રેઝરર, ટ્રસ્ટી, પેટ્રન અને વ્યવસ્થાપક સમિતિના સભ્ય શેઠ ગોવીંદજી ખુશાલભાઇ જેઓ જૈન કોમના અનેક કાર્યમાં બહુ રસથી ભાગ લેતા હતા, જેમના અવિશ્રાન્ત પ્રયત્ને અનેક સંસ્થાઓને પોષણ મળતું હતું અને જેઓ જૈફ ઉમરે પણ યુવાન જેટલું કાર્ય ધર્મભાવનાથી કરતા હતા અને જેઓ આ સંસ્થાના કાર્યમાં તન-મન-ધનથી રસ લેતા હતા. તેમના અચાનક અકાળ અવસાનના સમાચારથી આ સંસ્થાની વ્યવસ્થાપક સમીતી જેની સાથે તેઓ વર્ષોથી જોડાયેલા હતા તેમને બહુ ખેદ થાય છે. તેઓના આત્માને શાન્તિ ઇચ્છી તેઓની અપ્રતિમ સેવાની નોંધ આજની મીટીંગ અત્યંત ખેદની લાગણી સાથે લે છે, અને સદ્દગતના કુટુમ્બીઓને દિલાસો આપે છે.

## શ્રી ખંભાત જૈન મંડળ મુંબઈ.

શ્રી ખંભાત જૈન મંડળની વાર્ષિક સભા 'પ્ર અશાડ વદ ૦)) ને બુધવાર રાત્રિના શા. **વાડીલાલ નગીનદાસના** પ્રમુખપણા હેઠળ મળી હતી. એ વેળા મંત્રી ભાઇ વાડીલાલ આશાલાલ શાહ તરફથી મંડળનો પુરા થતાં વર્ષનો રીપોર્ટ વાંચી સંભળાવવામાં આવ્યો હતો. તેમજ આવક જાવકનો હિસાબ રજુ થયો હતો. જે પસાર થયા બાદ નવા વર્ષ માટે નીચે મુજબ કાર્યવાહક સમિતિની ચુંટણી થઇ હતી.

રા હીરાલાલ મગનલાલ રા. હુકમચંદ ફીલાચંદ રા. વાડીલાલ નગીનદાસ રા. રાયચંદ હીરાચંદ રા. કેશવલાલ દલપતભાઇ રા. ઠાકોરલાલ છોટાલાલ રા. ભોગીલાલ મુલચંદ રા. ઠાકોરદાસ પી. શાહ રા કેશવલાલ ફુલચંદ રા. વાડીલાલ આશાલાલ રા. કાંતિલાલ વખતચંદ (મંત્રી) રા. મણીલાલ વાડીલાલ રા. ચીમનલાલ પી. શાહ (મંત્રી) રા. સોમચંદ કેશરીચંદ રા. મોહનલાલ દીપચંદ (મંત્રી) રા શકરાભાઇ ગાંડાભાઇ.

ચુંટણીનુ કાર્ય પૂર્ણ થયાબાદ સભા વિસર્જન થઇ હતી.

લી० **મોહનલાલ ડી. ચોકસી ઓ. મંત્રી.**

---:*:---

## ચાણસ્માની દિક્ષા સંબંધી.

---(૦)---

એક ભાઇ જણાવે છેઃ—અમદાવાદની એક વિધવા સ્ત્રી પોતાની છોડી કુવારી ૧૦ વરસનીને સ્થળ ચાણસ્મામાં દીક્ષા આપાવેલી બાદ તુરત પોતે દીક્ષા લીધી.

આ બાઇએ જતાં પહેલા આગલે દિવસે પોતાની મીલકતનું ટ્રસ્ટડીડ કરેલું છે. તેમાં રામભકતો ટ્રસ્ટી છે તેમાં દીક્ષા લેનાર બાઇએ કેટલાક હકકો પોતે પાછી આવે તો પોતાની માલેકીના રાખેલા છે. આ ટ્રસ્ટડીડ થયા પછી દીક્ષા લેનાર બાઇની ઓરમાન છોડીએ તાળા તોડી કબજો લીધો છે ટ્રસ્ટડીડ સમય આવે પ્રગટ થવો સંભવ છે.

---(૦)---

## શ્રી. જિનદત્તસૂરિ જયન્તિ.

**બીકાનેર** ( રજપુતાના ) શેઠ ચાંદમલ ઢઢા સી. આઇ. ઇ. ના મકાનના વિશાળ ચોકમાં સર મનુભાઇ નંદશંકર મહેતા બે. એ. એલ. એલ. બી. કે. ટી. સી. આઇ; પ્રાઇમ મીનીસ્ટર એન્ડ ચીફ કૌન્સીલર ઓફ બીકાનેર સ્ટેટના નેતૃત્વ નીચે દ્વિ અ. શુ. ૧૧ ના સવારે યુગ પ્રધાન દાદા સાહેબ શ્રી જીનદત્તસૂરિશ્વરજીની જયન્તિ ઉજવવામાં આવતાં ચાતુર્માસ રહેલ તપગચ્છ તથા ખરતર ગચ્છના તમામ સાધુ સાધ્વીઓ, ત્રણે ફીરકાના જૈનો, રાજ્યાધિકારીઓ અને જૈનેતર ગૃહસ્થોએ અઢી હજારની સંખ્યામાં હાજરી આપી હતી. વ્યાખ્યાન મંડપને ધ્વજ પતાકા તથા દાદા સાહેબની પ્રતિકૃતિથી શણગારવામાં આવ્યો હતો.

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે

યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે. Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૨ જું. અંક ૩૨ મો. | સંવત ૧૯૮૭ ના અષાડ વદ ૧૩ તા૦ ૧૧-૮-૩૧ | છુટક નકલ : ૦॥ આનો.

## રૂઢિની ગુલામીમાં સબડતો સમાજ.

———(०)———

જગત આજે કોઇ અજબ પ્રગતિ કરી રહ્યું છે વિશ્વવ્યાપી ગાંધીજીના પ્રચંડ આંદોલનોએ આજે દુનીઆને ચકિત કરી મૂકી છે. જે વખતે આંતરિક લડાઇથી જગત સળગી રહ્યું છે. કોઇ ભીષણ ધરતીકંપની આગાહી થઇ રહી છે તેજ વખતે એ સાબરમતિનો સંત જગતને વિશ્વબંધુત્વનો દિવ્યનાદ સૂણાવી રહ્યો છે. ભલભલા રાષ્ટ્રવાદીઓ એ નાદ સાંભળી કોઇ ભીષણ ઉલ્કાપાતથી જાણે બચી જતા ન હોય તેમ આલ્હાદિત થઇ રહ્યા છે, જે જડવાદની ઝેરી મનુષ્ય સંહારી શકિત આજે સમગ્ર વિશ્વને પોતાના ખપ્પરમાં ભક્ષવાને તૈયાર થઇ રહી છે તેની સામે એ સંતે પોતાની આધ્યાત્મિક શકિતના પ્રચંડ વાતાવરણો ફેલાવી દીધાં છે. તે શકિતને ઘેરી લીધી છે. એથીજ આજે ભિન્ન ભિન્ન જાતિઓ ભિન્ન ભિન્ન સમાજો ભિન્ન ભિન્ન ધર્માચાર્યો એક પ્લાટફોર્મ ઉપર ઝડપભેર એકત્ર થતા જાય છે. પોતાના ભેદભાવો ભૂલતા જાય છે અને પોતાની ઉન્નતિ શી રીતે સાધી શકાય. તે માટે વિચારોની આપ લે કરે છે. જૈન સમાજ પણ એ આંદોલનોથી બચી શકે તે કેમ માની શકાય? તેને પણ જાણ્યે અજાણ્યે તણાયેજ છુટકો છતાં એ બહુજ દિલગીરીની વાત છે કે હજુ સમાજનો અગ્રગણ્ય ભાગ અને તેને અંગે તેની પાછળ તણાતો જડસુ અને જુદ્દો વર્ગ હજુ જયાંનો ત્યાંજ છે. જયારે છુટી છવાઇ રાષ્ટ્ર શકિતનું સંગઠન કરીને સમગ્ર જનતા કોઇ ભીષણ શકિતનો સામનો કરી રહી છે ત્યારે જૈન સમાજ આન્તર કલહોથી અલગ ન થઇ શકે, એ ખરેખર સમાજની કમનશીબી છે, યુગધર્મ સમજવાની જરૂર છે. પ્રભુ મહાવીરના પુત્રો કદિ એકાન્તવાદી હોયજ નહિ. તેમણે તો બધી પરિસ્થિતિનો વિચાર કરીને પછીજ આગળ ડગલુ ભરવાનું હોય તેમાં એકાન્તવાદને સ્થાન હોયજ નહિ. પ્રભુજીની ત્રિપદિથી ગણધર મહારાજાઓએ ગુંફીત કરેલ મહાન આગમોની અંદર પણ પ્રારંભમાંજ द्रव्यो क्षेत्रो कालो भावो છે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ ચારે તરફ વિહંગાવલોકન કરીનેજ જીવનનું નાવ ચલાવી શકાય. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એટલેજ યુગધર્મ સમયધર્મ તેની સામે કોઇપણ ટકી શકે નહિ. આ વસ્તુ સ્થિતિ સમજી જવાની જરૂર છે. ધર્મ એટલે અધોગતિમાં પડતા બચાવે તેનું નામ ધર્મ. ઉન્નત દિશા તરફ ખેંચી જાય તેનું નામ ધર્મ. ધર્મ એ કોઇ વાડાનો નથી, કોઇ દેશનો નથી, કોઇ સમાજનો નથી, પણ સમગ્ર વિશ્વનો છે. યુગે યુગે અને સમયે સમયે એ પલટાય છે. 'બાવા વાકય પ્રમાણં' ને તેની અંદર સ્થાનજ નથી. યુકિતવાદના આ જમાનામાં આંધળી શ્રદ્ધાને તિલાંજલી આપ્યેજ છુટકો. રૂઢિની ગુલામીમાં સબડવું એ ઉન્નતિ ઇચ્છતા સમાજ માટે ઉચિત નથી ઉન્નતિના રાજમાર્ગ તરફ જે રૂઢિઓ અંતરાય નાંખતી હોય તેને ઉખેડીને ફેંકી દીધેજ છુટકો છે.

જો કે કેટલીક રૂઢિઓ સારી છે. પણ તેથી બધીએ આ સમયમાં ઉપયોગી છે એમ માની શકાયજ નહિ. જેમ કે 'દાન આપવાની રૂઢિ' અત્યારે આ રૂઢિમાં પરિવર્તન કરવાની જરૂર છે ઉપધાન, ઉજમણાં, સ્વામી વાત્સલ્ય, સંઘ કાઢવા અને નવાં નવાં મંદિરો બનાવવાં એ ખાસ કરીને સમાજમાં દાન કરવાની રૂઢિ પ્રચલિત છે આ રૂઢિની એ સમયમાં જરૂર આવશ્યકતા હતી કે જયારે આ રૂઢિઓ પ્રચલિત થઇ, પરંતુ અત્યારે સમય જુદો છે સંયોગો જુદા છે વાતાવરણ બદલાયું છે. તેવા પ્રસંગે સીદાતા ક્ષેત્રોને મુકી ઉપરોકત રૂઢિને આધિન થવું એ કેવળ મુર્ખાઇ છે.. ઉપરોકત વસ્તુમાં ખાસ કરીને ધર્મનો ઉદ્યોત થાય એજ ઉદ્દેશ સમાયો હોય તેમ મનાય છે પરંતુ અત્યારે એ રૂઢિથી ઉપરોકત ઉદ્દેશ બર આવે તેમ મારૂં માનવું નથી. અત્યારે તો 'બેકારીનો પ્રશ્ન, જ્ઞાન મંદિરો, કેળવણી, મંદિરો, વ્યાયામ શાળાઓ ખાસ કરીને બીજા સીદાતા ક્ષેત્રોને પોષવાની જરૂર છે. સમાજ જે અંધશ્રદ્ધામાં મસ્ગુલ છે તેમાં જ્ઞાનદીપક પ્રગટાવી એ અંધ શ્રદ્ધા દૂર કરવાની જરૂર છે. બાળકોને વિશેષતઃ જે ધાર્મિક શિક્ષણ આપવા તરફ ધ્યાન અપાય છે તેની સાથે સાથે રાષ્ટ્ર અને વ્યવહારિક કેળવણી તરફ વધારે ધ્યાન આપવાની જરૂર છે.

બેકારીનો પ્રશ્ન પણ આજે સમાજને ભક્ષણ કરી રહ્યો છે. છતાં કહેવાતા આચાર્યો, મુનિઓ, પ્રવર્તકો કે પંન્યાસો અથવા કોઇપણ સમાજના લીડરોએ આ બાબતમાં કંઇપણ સક્રિય ફાળો આપ્યો હોય તેમ મારી જાણમાં નથી. કોઇ અર્થશાસ્ત્રના અભ્યાસી પાસે આ પ્રશ્નને છણાવવાની જરૂર છે. તેનાં કારણો તપાસવાની જરૂર છે. અને તે કારણો કેમ નાબુદ થાય તે માટે પ્રયત્ન કરવાની સમાજના દાનેશ્વરી, અને લક્ષ્મીનંદનોની ફરજ છે.

સમાજ શારીરિક શકિતમાં પણ બીલકુલ કોઇની ટક્કર ઝીલી શકે તેવી સ્થિતિમાં નથી. યુવક સમાજ તરફ દૃષ્ટિપાત કરીએ તો તદ્દન માયકાંગલાં શરીર, રોગીષ્ટ અને દવાનાં બાટલાં તો ચાલુજ હોય, આ સ્થિતિ કોઇપણ રીતે ચલાવી શકાય નહિ, આનાં કારણોમાં ખાસ કરીને વ્યાયામ અને નિશ્ચિંત જીવનનો અભાવ તેની સાથે સાથે આરોગ્યવર્ધક નિયમો પાળવાની નિષ્ફળતા તેમજ નિયમિત ખોરાકનો અભાવ મુખ્ય જણાય છે. આરોગ્યવર્ધક નિયમો અને વ્યાયામશાળાઓ માટે મહાન્ પ્રચારકાર્ય કરવાની જરૂર છે. દરેક સ્થળે વ્યાયામ મંદિરો સ્થાપવાની જરૂર છે અખાડાની તાલીમ જરૂરી છે. કે જેથી કરીને સમાજ લોખંડી શરીરી બને.

સી. વી. સુતરીયા.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

# ક્રાંન્તિની શકિત.

જયાં ક્રાંતિને પુરેપુરો અવકાશ છે, જયાંનું યુવક બળ એક વખત કહો કે પૃથ્વીને રસાતળ પહોંચાડવા પણ સામર્થ્યવાન છે ત્યાં પણ આપણે બાયલાઓની માફક કેમ ક્રાંતિને નથી જીરવી શકતા એજ એક દયાની વાત છે. કોઇ સવાલ કરે કે આપણી પાસે સાધનો કયાં છે? તો તેના જવાબમાં એજ કે ભગવાન બુદ્ધ, ભગવાન કૃષ્ણ અને ભગવાન મહાવીર પાસે કયાં સાધનો હતાં. પણ ખરૂં કહો તો કાતિલમાં કાતિલ અને અજબ હથિયારો તો તેમની પાસેજ હતા. તે એજ કે આત્મબળ, જે આત્મબળ વડે તેઓ આખા વિશ્વને જીતવાને ને મુગ્ધ કરવાને તેઓ શકિતમાન થયા.

અરે, આપણી પાસે તો ક્રાંતિનો મોટામાં મોટો અને આદર્શ દાખલો મોજુદ છે. જો આપણે નિદ્રા છોડી, આંખો ઉઘાડી જોવા માગતા હોઇએ તો તે બીજું કોઇ નહિ પણ પુણ્ય શ્લોક ગાંધીજી જેને આખું જગત એક વખત નમન કરે છે. તેની પાસે પણ શું હથિયારો છે? તેની પાસે બીજુ શું બળ છે? માત્ર એકજ બળ તે આત્મબળ એ બળ વડે તેમણે પોતાના જીવનમાં ક્રાંન્તિ શરૂ કરી અને છેવટે ઇંદ્રિય અને પ્રાણને જીત્યા. શું કોઇ કહેશે કે તે ક્રાંન્તિકારક નથી? અરે એણે તો પરિવર્તનની એવી જવાળાઓ સળગાવી છે કે કદી પણ એવું પરિવર્તન ન થયુ હોય.

પણ આ બધાનું કારણ શું? તે માત્ર આત્મબળ જો આપણે યુવકોએ આત્મબળ એ શું છે અને ક્રાંન્તિનુ ખરેખરૂં સ્વરૂપ સમજવું હોય તો આપણે એમનું જીવન સમજવું જોઇએ. તેમણે પોતાના જીવનમાંજ ક્રાંન્તિ શરૂ કરી આત્માના અમાપ બળ વડે અને મનના દ્રઢ નિશ્ચય વડે તેમણે ઇન્દ્રિઓનું દમન કર્યું ગુલામી દશાને તિલાંજલી આપી પોતે લુખો સુકો પણ સ્વતંત્રતાનો રોટલો ખાવા નિર્ધાર કર્યો અને એ ક્રાંન્તિમાં એમણે દેશબંધુઓને લીધાં કારણ કે તે સ્વાર્થી નથી અને તેમણે જીવનની મહાન ફતેહ કરી. તો પછી આપણે શા માટે પારકાં ઉપર, અને સુખનાં (?) સાધનો ઉપર આધાર રાખવો માટે પહેલાં તો આપણે આપણા જીવનમાં ક્રાંન્તિ શરૂ કરીએ. ખોટા વહેમો અંધ શ્રદ્ધા, જ્ઞાતિઓ ગુલામીનો મોહ, નિર્બળતા વગેરે છોડી સજ્જ થઇએ બીજા દેશોના દાખલાને અનુસરીએ. એટલુ કર્યું કે સમજી લેવું કે આપણે દુનિયામાં પરિવર્તન કર્યું છે અને જે વસ્તુની પાછળ આપણે મરવા પડયા છીએ તે વસ્તુ આપોઆપ આપણી સમક્ષ ખડી થશે. કારણ કે જેમ ઇંડાની અંદર રહેલું જીવન બળ વધવાથી કાચલું આપોઆપ તૂટી જાય છે તેમ યુવકબળ વધવાથી એટલે કે જો યુવકો પણ જીવનબળ વધારે તો ધર્માન્ધતાનું કાચલું આપોઆપ તૂટી જશે

આપણે અત્યારે જો માણસ જાતની માફક પૃથ્વી પર રહેવા માગતા હોઇએ, જો આપણા બૈરી છોકરાં, ધનધાન્યની આબરૂ રાખવી હોય અને સ્વમાનની કિંમત સમજવી હોય તો પરિવર્તનને માર્ગે દોડો એ સિવાય આપણે કશુંયે મેળવી શકવાના નથી. બીજાની આશાપર અથડાતાં આપણાં મનને સ્થિર કરો. બળવાથી નહિ ડરો.

# "વીરશાસન"નો ગાલી પ્રદાન અંક.

## તેના જવાબમાં "અમૃત સરિતા"ના બે દૃશ્યો.

——(०)——

(લેખક રા. મહાસુખભાઈ ચુનીલાલ વિસનગર.)

——:*:——

યંગમેન્સ જૈન સોસાઇટીના સંમેલનનો દંભ સંદેશ પત્રદ્વારાએ પ્રકાશમાં આવવાથી વીરશાસન પત્ર છંછેડાયું હોય એમ જણાય છે. તા૦ ૩૧-૭-૩૧ નો વીરશાસનનો અંક તો જાણે મારે માટે તંત્રીજીએ ખાસ ગાલીપ્રદાન અંક કાઢયો હોય તે પ્રમાણે તેના પાને પાને મારા પ્રત્યેના તેમના રોષના અને બળાપાના બખળા બહાર પડયા છે. તેના લેખકોના હાથમાં લગામ છુટી ગયેલી જણાય છે બંધ બેસતું હોય યા ન હોય તો પણ જાણે દાંત કચડીને રીસમાં લખતા હોય તેમ યદ્વા તદ્વા લખવામાં બાકી રાખી નથી.

તે ગાલીપ્રદાન અંકમાં "પતિત થતા સાધુઓ"એ મથાળાવાળા લેખમાં તંત્રીજી લખે છે કે "મહાસુખભાઇ એક કટ્ટર દીક્ષા વિરોધી છે. અમે અમારી જોખમદારીને સમજવા પૂર્વક કહીએ છીએ કે મહાસુખભાઇ બધીજ દીક્ષાઓના વિરોધી છે. નવકાર મંત્રના વિરોધી છે. એમણે અમૃત સરિતાના નામે વહાવેલી વિષ સરિતાને કુટીલ ઝેરોનો સંગ્રહ માત્ર છે." વીગેરે વીગેરે કહી ગાલીપ્રદાન આપી તંત્રીશ્રી મારી દયા ખાય છે.

તંત્રી મહાશય! ભલે તમે મને ગમેતેવાં વિશેષણોથી સંબોધો, તેની ચીંતા નહી, તે તો જેવી જેવી તમારા મુખની લાયકાત અને જાતની ખાનદાની પરંતુ તમે મને નવકાર મંત્રના વિરોધી લખો છો તે શા આધારે તે મને સમજાતું નથી. વચ્ચે મારી અમૃતસરિતાનો હવાલો આપી તે ઉદ્ગારો કાઢો છો, તમે અમૃત સરિતાને વિષ સરિતા તરીકે ઓળખાવો છો એટલે વાંચ્યા વિના તો તમે લખતા નહીંજ હો. કારણકે વાંચ્યા વિના ખરો ખોટો અભિપ્રાય અપાઇ શકે નહીં મને ખાત્રી છે કે તમે મારી અમૃત સરિતા વાંચીજ નથી. માત્ર બીજાઓએ તમારા કાનમાં ઝેર રેડી તમારી દૃષ્ટિ અને હૃદય ઝેરમય કરી અમૃત-સરિતાને વિષની સરિતા તરીકે બતાવી છે. જો તેના બંને ભાગ વાંચ્યા હોય તો તમે મને નવકાર મંત્રના જરાપણ વિરોધી ન કહી શકો. અમૃત સરિતાના પહેલા ભાગના પાના ૩૧૬ ઉપર નજર કરો એક વ્યભિચારી પુરૂષના પાશમાં સપડાયેલી વીરબાળા નામની એક ભોળી સ્ત્રી અત્યાચારમાંથી બચવા આપઘાત કરવા પોતાની સાડી ઉપર ગ્યાસલેટ અને સ્પીરીટ છાંટી આગ મુકવા દીવાસળી સળગાવતાં બે દીવાસળીઓ ગુલ થઇ જાય છે તે વખતે વીરબાળા ઉદ્ગાર કાઢે છે કે "અરે આમ કેમ થાય છે? મારૂં કામ સાધવામાં આ દીવાસળીઓ ગુલ થઇ કેમ વિઘ્ન રૂપ થાય છે? હે વીતરાગ! હે પ્રભુ! હા, યાદ આવ્યું મારી છેલ્લી મુસાફરીના પ્રયાણ વખતે ત્રણ નવકાર મંત્રનું સ્મરણ કરવું જોઇએ તે હું ભુલી ગઇ હતી તેથી બંને દીવાસળીઓ ગુલ થઇ મને સૂચના કરી રહી છે" એમ ચિંતવન કરી ત્રણ નવકાર મંત્રનું સ્મરણ કરી દીવાસળી સળગાવી પોતાની સાડીને લગાડી દયાજનક ભરેલી રીતે શીલવતી વીરબાળા મરણ પામે છે.

આ ઉપરથી વાંચકો સમજી શકશે કે મારી નવલકથામાં ભોળી અને પવિત્ર કલ્પેલી સ્ત્રીનું ધ્યાન છેવટની ઘડીએ જ્યારે નવકાર મંત્ર તરફ દોરવામાં આવે છે ત્યારે તે નવલકથાનો લેખક નવકાર મંત્ર ઉપર કેટલી શ્રદ્ધા ધરાવે છે તે આપોઆપ દશ્યમાંથી તરી આવે છે.

વળી અમૃતસરિતાના બીજા ભાગના ૩૦ મા પ્રકરણમાં (પાન ૩૫૨) એક યાત્રાસ્થાનનું દશ્ય ધર્મ સંબંધી મારા હૃદયનો ચિતાર જનતા આગળ ખડો કરે છે. સરિતા પોતાના પતિ અમ્રતકુમારની શોધમાં પોતાની બેનપણીઓ અને સંબંધીઓ સાથે ચંદનગીરીની જાત્રાએ જાય છે અને ચૌમુખજીનાં દર્શન કરે છે, દર્શન કરતાં પ્રતિમાજીના અંગ ઉપર કેસરના બુટ્ટા પાડી કરેલી આંગી તરફ તેની નજર ખેંચાય છે. તે આંગી તેના પતિ અમૃતકુમારે દીક્ષાના આગલા દીવસે રચેલી હતી તે સરિતા પારખી શકે છે અને તે ઉપરથી તેની શોધમાં નીકળી તેના પતિને મેળવી શકે છે.

આ દશ્ય ઉપરથી વાંચકોને ખ્યાલ આવશે કે પવિત્રતાની મૂર્તિ તરીકે કલ્પેલી સરિતા પોતાના પતિને પ્રભુપુજાના અને દર્શનના ભાવ ઉપરથી શોધી કાઢે છે તો આવા પ્રકારની કૃતિની કલ્પના ઉપરથી નવલકથાનો લેખક પ્રભુપુજા તથા ભક્તિપ્રત્યે પ્રીતિ દર્શાવે છે કે નહિ તે વાંચકને સ્હેજે સમજાઇ શકે તેમ છે.

તંત્રી મહાશય ! તમારે અમૃતસરિતા વાંચવી નથી અને બીજાના વિચારથી દોરવાઇ કલમ હાથમાં પકડી ગાળો દેવી તેથી શું તમે જૈન શાસનની ઉન્નતિ કરી શકો છો ? તમારી ગાળોમાં કેટલો બધો દ્વેષ, રોષ, ક્રોધ સમાયેલો છે તે શું વાંચકો નથી સમજી શકતા ? તમે ધર્મી આસ્તિક, શાસનપ્રેમી હોવાનો દાવો કરો છો તો હું તમને પુછું છું કે આ પ્રમાણે ગાળો દેવી તે શું ધર્મીઓનો ધર્મ છે ? મારે સ્પષ્ટ શબ્દોમાં કહેવું પડે છે કે ધર્મના બ્હાના નીચે તમે અધર્મ કરી રહયા છો અને ભોળી અંધશ્રધ્ધાળુ જનતાને છેતરી રહયા છો. આ તમારી છેતરવાની ચાલબાજી જાહેર જનતા આગળ લેખદ્વારા કે નવલકથાદ્વારા પ્રકાશમાં લાઉં છું ત્યારે તમારા જેવા રીસે બળી મનસ્વી બખાળા બહાર પાડે છે. કૃપા કરી મારી અમૃત સરિતાના બંને ભાગ શુધ્ધ હૃદયથી વાંચો અને મનન કરો. એ મારી અમૃત સરિતા પાખંડીઓના પાખંડનુ ખંડન કરી સુલેહ શાંતિનું મંડન કરનારી છે. ધર્મના બ્હાને, સાધુ અને દીક્ષાના નામે, ભોળી જનતાના પૈસાનું પાણી કેવી રીતે થાય છે, અસત્ય, પ્રપંચ અને દગા કેવી રીતે ખેલાય છે, કુમળાં છોકરાંને કેવી રીતે ફસાવવામાં આવે છે, નવ પરણિત સ્ત્રીઓના ધણી ઉપાડી કેવી રીતે કલ્પાંત કરાવવામાં આવે છે વીગેરે વીગેરે ચાલતા બનાવોના દશ્યોનો ચિતાર ખડો કરી જૈન જનતાના હૃદયમાં સત્યવસ્તુનું પ્રતિબીંબ પાડવા માટે એ મારી અમૃત સરિતા સબળ સત્ય સાધન રૂપ છે ? એટલુંજ નહી પરંતુ દાંભિકોના દંભનો સહાર કરનાર શસ્ત્ર સમાન છે. હમેશાં ખરી વાતનો ખાર હોય છે એટલે તંત્રીજીએ ખારથી ખારીલા બની વીરશાસનનો ખાસ ગાલીપ્રદાન અંક પ્રકટ કર્યો જણાય છે.

તંત્રીજી ! તમારા ગાલીપ્રદાન અંકમાં શ્રી અર્હતસૂનુ એ સંજ્ઞાથી પ્રકટ થયેલા "અયોગ્ય દીક્ષાના બણગાં ફુંકનારાઓને" એ મથાળાવાળા લેખમાં જણાવો છો કે.

# ( ક્રાન્તિ ભ્રાતા. )

—ગતાંકથી ચાલુ—

દોસ્ત જૈનો, ક્રાન્તિથી ભડકવાની જરૂર નથી. જૈનધર્મ પાંચમા આરામાં સંપુર્ણપણે રહેશે અને તેથી જૈનધર્મની અંદર માયા નથી, કપટ નથી તેમજ ચોથા આરાની વાતો કરી કપટ અને દંભ વડે લોકોને ઉંધે રસ્તે દોરવવાનો અધીકાર નથી. જૈનધર્મ અને ક્રાન્તિને એવો સરસ સંબંધ બંધાએલો છે કે તેનું પૃથકકરણ કરવું મારા જેવા પામરને અતિ દુષ્કર છે છતાં મારી બુદ્ધિ પ્રમાણે તમોને સાચા ક્રાન્તિના રસ્તા ઉપર ચઢવવા તે મારી ફરજ સમજુ છું છતાં તે રસ્તે ચાલવું કે નહિ તે તમારો અધીકાર છે કારણ કે ક્રાન્તિકારોનો અધિકાર ચોથા આરાની વાતો કરીને ઉંધે રસ્તે દોરવવાનો નથી પણ ક્રાન્તિના રસ્તે એટલે અહીંસા પરમો ધર્મના રસ્તે બેડો બળવો કરી ક્રાન્તિના માર્ગો બતાવવાનો છે.

વીરશાસન પત્ર અને તેના ગંધાતા વાડામાં નહિ પુરાનારને ગમે તેટલા બીરૂદો કે ઉપાધીયો આપે તો ગભરાવાની જરૂર નથી કારણ કે જે જે ફરે છે આગમોદ્ધારક, તેમજ કવીકુલકીરીટ, તેમજ વ્યાખાન વાચસ્પતી, સમય ધર્મોચ્છેદક, સુરી ચક્રવર્તી વીગેરેના બીરૂદો લઇને તેમને ભાન નથી કે સુરી ચક્રવર્તીનો બીરૂદ ધરાવી મુડી ચક્રવર્તીના કામો તેમના હાથે થાય છે; કુવીકુલકીરીટનું બીરૂદ ધરાવી કીડી જેવા કામો તેમના હાથે થાય; તેમનું ભાન તે બીચારાઓને કયાથી હોય કારણ કે સેતાન રસીક સંઘ બાંધવો હોય ત્યાં સત્યના રસ્તા કયાંથી સુઝે ?

---

"જ્યારથી દીક્ષા પ્રકરણ ચાલ્યું ત્યારથી બીચારા મહાસુખભાઇને સાડાસાતી બેઠી છે તેઓ એક દીવસ પણ જંપી બેઠા નથી. છાશવારે ને છાશવારે દીક્ષા વિરૂધ્ધ તેમને લખવાનું રહયું દીક્ષાને ખોટી ઠરાવવા અયોગ્ય ઠરાવવા દીક્ષાનો ઉપદેશ દેનારાને હતાશ કરવા અનેક ધમાલો પ્રપંચો ઉપાયો કુટ પ્રયત્નો, કાયદા કરવાની મસલતો આદી કરવાની રહી આટલું છતાંએ જયલક્ષ્મી તો દોઢશો ગાઉ દુરજ ભાગતી રહી એમણે બીચારાએ પ્રયત્ન કરવામાં કયા બાકી રાખી છે ? × × પાટણમાં કહેવાતા જૈન સંઘ કહો કે ટોળા પાસે ઠરાવ પણ કરાવ્યો તો પણ સફળતાતો નજ મળી" વીગેરે વીગેરે લખી આચાર્ય શ્રી. વલ્લભ વિજયજીને પણ વચ્ચે એક સંભળાવી તમારો જાણે વિજય ડંકો થયો હોય તેમ આપ બડાઇનાં બણગાં તમે ફુંકી રહયા છો. જયલક્ષ્મી તો અમારાથી દોઢસો ગાઉ દુર ભાગતી રહેલી છે એટલે અમારે વિજયનાં બણગાં ફુંકવાનાં કયાંથી હોય ? તમે જયલક્ષ્મીને પાસે લઇને બેઠા છો એટલે તમારે તો ગમે તેને દીક્ષા આપી દીક્ષિતોની સંખ્યા વધારી વિજય ડંકો વગડાવી બણગાં ફુંકવાના હોય. ઘણા ફુલાઇ ન જાઓ. એક કવીએ કહ્યું છે કે—

પીંપળ પાન ખરંત હસ્તી કુંપળીઆં,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપડીઆં.

તંત્રી મહાશય ! ધીરા થાઓ. અભિમાન કોઇનો છાજ્યો નથી. સગીર વયનાં છોકરાંને અપાતી દીક્ષા અટકાવવા માટે વડોદરા રાજ્યે કાયદાનો ખરડો બહાર પાડયો વડોદરા રાજ્યની આજ્ઞા પત્રિકા, સયાજી વિજય, નવ ગુજરાત વીગેરે પત્રો તરફ નજર કરો.

ભગવાન મહાવીરના હાથે સ્વદીક્ષીત થએલ ધર્મદાસ ગણીજી કથે છે કે ક્ષેત્રકો ન જાણે તે અગીતાર્થ (પાટણ જેવા ક્ષેત્રમાં જઇને લાભ કરતા હાની વધારે થશે તે જાણવા છતાં ચંડાલ રામવિજય પોતાનો દુષ્ટ ગંધાતો વાડો વધારવા માટે કદાગ્રહ અને હઠ કરીને પાટણમાં જાય તો તેને ગીતાર્થ કહેવો કે કેમ તેનો નીર્ણય જૈનો તમો પોતે કરી લો). ભગવાન મહાવીર ચોમાસામાં ઉતારા કરેલા ક્ષેત્રમાં અપ્રોતી થશે તેથી વીહાર કરી ગયા ત્યારે રામવિજય ગીતાર્થ હોવાનો શંખ ફુંકી પાટણમાં હટ્ટો જમાવી રહ્યા છે.

**कालंपि अ नवि जाणइ सुभि रख दुभिकक जंकप्पं** કાલ પણ જાણે નહી કે આ સુકાલ છે કે દુકાલ તેને પણ અગીતાર્થ કહેવાય તેમ ધર્મદાસ ગણીજી કથે છે

**सव्व निसेहोय पवयणे नत्थि** પ્રવચનમાં સર્વ પ્રકારે નિષેધનથી તેમ ધર્મદાસ ગણી કથે છે.

**आयंवयं तुलिज्जा लाहा कंखिव्व वाणि यओ** એટલે લાભાલાભને ઇચ્છનારો વાણીયાની માફક વીચાર ગીતાર્થ સાધુ કરે તેમ ધર્મદાસ ગણી કથે છે

વાણીયાની માફક વીચાર લાભાલાભ ઇચ્છનારો કરે એટલે મારવાડમાંથી હુંડીયો લાવી વૈર સાસનમાં તેનો ઉપયોગ કરવો તેમ નથી કારણ કે ધર્મદાસ ગણીજી કથે છે કે ધર્મની અંદર માયા નથી, કપટ પણ નથી તેમજ ધર્મની અંદર ચોથા આરાની વાતો કરીને લોકોને ઉંધે રસ્તે દોરાવવાનો અધિકાર નથી. ધર્મરૂપી વચન સ્ફુટ એટલે ચોખ્ખું પ્રકટ એટલે સ્પષ્ટ અતે સરલતા વાળું છે. ધર્મથી વંચના થતી નથી, ધર્મમાં ઠગારા પણું નથી તેમજ ધર્મમાં ઉભો બળવો નથી. ઉભો બળવો એટલે હિંસાનો બળવો; બેઠો બળવો એટલે અહીંસા પરમો ધર્મનું અહિંસાત્મક યુધ્ધ જેને અત્યારે Nonvilent war કહેવાય છે. ત્રણલોકમાં ધર્મ કપટ વગરનો છે.

ધર્મદાસ ગણીજી કથે છે કેઃ—અગીતાર્થ ઘણું તપ કરે તો સુંદર થઇ શકતું. નથી. એટલે શાસ્ત્રકારોએ સાઠ હજાર વર્ષનું તપ કરનારને બાલ એટલે મુઢ તપસ્વી કીધો જ્યારે થોડું જ્ઞાનવાળો દુષ્કર તપના તપે ને ભાવથી ફકત દુ વીહાર કે ત્રી વીહાર કે છેવટ દરરોજ બાંધી નોકારવાળી ગણે તો પણ તે ભવ તરી જાય.

જ્યારે પજુસણમાં ઉપવાસ નહી કરનાર ક્રાન્તિકારોને ઉપવાસ કરનાર લાખ્ખો ગાળો ભાંડે છે અને તેમાં ધર્મ માની બેઠા છે.

ગીતાર્થ સાધુ માટે વધુ વીવેચન કરી ક્રાન્તિના કિરણો ફેંકું છું.

કોણીક પુત્ર ઉદાયી રાજ્ય કરે છે. ધર્મ કરવામાં હમેશા ઉદ્યુકત રહે છે. બીજા રાજાઓ તેને મારી નાંખવા માટે યુકતીઓ શોધી રહ્યા છે છતાં ધર્માત્મા ઉદાયી રાજાને મારવાને માટે યુકતીઓ જડતી નથી. છેવટે લક્ષ સુવર્ણ મહોરનું ઇનામ જાહેર એક રાજા તરફથી છુપી રીતે મારી નાખવા માટે બહાર પડે છે. એક બ્યકતી જૈન સાધુ પાસે જઇ ડોળ કરી સાધુ ધર્મ અંગીકાર કરી જૈન સાધુ બને છે બાર વર્ષ વીહાર કરતાં પણ તે દંભી સાધુને યુકતી જડતી નથી. કે ઉદાયી રાજાને કેવી રીતે મારવો? સંજોગવસાત્ ઉદાયી રાજા પર્વના દીવસે પૌષધ વ્રત લેવા માટે ગુરૂને વીનંતી કરે છે કે રાતના જો દરબારગઢમાં આવી પૌષધવ્રત ઉચ્ચરાવો તો રાતનો વખત ગુરૂ સાથે જ્ઞાનગોષ્ટીમાં જાય તેથી ગુરૂ અને સાથે તેમનો દંભી સીષ્ય દરબારગઢમાં જઇને ઉદાયી રાજાને પૌષધવ્રત ઉચ્ચરાવે છે અને જ્ઞાનગોષ્ટીથી વખત ગાળતાં રાત્રીનો વખત થયો એટલે વૃદ્ધ ગુરૂજી શીષ્યને ભલામણ કરી નિંદ્રાધીન થાય છે. એવો તે દંભી ચેલો લાગ જોઇને પૌષધ વ્રત્તમાં રહેલા ઉદાયી રાજાને છુપાવી રાખેલ છરી વતી મારી નાંખી રફુચકર થઇ જાય છે અને શરત મુજબ દુશ્મન રાજા પાસે ઇનામની માગણી કરે છે. દુશ્મન રાજા તે દંભી સાધુને કહે છે કે બાર વર્ષ સુધી જૈન સાધુ રહ્યો છતાં તારામાં દયા આવી નહી અને કપટ કરી ઘા કર્યો માટે તું નાલાયક છે અને તેથી તેને દેશપાર કર્યો.

ઉપરના દાખલા સાથે જૈન દેરતો આગમોદ્ધારકનું પુછડું લગાડી ફરનાર આનંદસાગરના કર્તવ્યો સરખાવું છું. વીર સંવત ૨૪૫૫ ના શ્રાવણ શુદ ૧૫ ને મંગળવારના યંગમેન જૈન સોસાયટી—અમદાવાદના ભેટના પુસ્તકમાં "અકકલવાળા શાસન પ્રેમી હો તો બધા એકઠા થઇને શાસન દ્રોહીઓને **નિર્મૂળ કરી** શાસન રક્ષાના ઉપાય યોજો." તેમજ વીર સંવત્ ૨૪૫૭ ના પ્રથમ અષાઢ સુદ ૧૫ ના દીવસે શ્રી મુંબઇ જૈન યુવક મંડળ પત્રિકામાં તેજ ઉપાય સુચવે છે કે "જમાનાવાદીઓની જાળને જડમૂળથી જલાવવાનો જવલંત ઉપાય" (હૃદયમાં કોતરો.)

જાંબુના વૃક્ષને નિર્મૂળ કરનાર કૃષ્ણ લેસ્યાનો અધિકારી છે તેમ પૂર્વાચાર્યો લખી ગયા છે. અને કૃષ્ણ લેસ્યાનો અધિકારી નરકે જાય છે તેમ ગીતાર્થ જ્ઞાની લખી ગયા છે નિર્મૂળ કરવાનો રસ્તો બતાવે જડમુળથી જલાવવાનો જવલંત ઉપાય બતાવે તો કૃષ્ણ લેસ્યાનો અધિકારી જરૂર હોઇ શકે તેમ મારૂં હૃદય છાતી ઠોકીને જાહેર કરે છે છતાં વીતરાગ દેવ ઉપરની મારી શ્રદ્ધા લખવા પ્રેરે છે જૈનો તમો પોતે બે ઘડી સામાયીક લઇને બેસી વીચારજો કે કપટથી બાર વર્ષની દીક્ષા પારનાર ઉદાયી રાજાને મારનાર સાધુ તે દંભી સાધુ અને આ સાધુનો ફેરસું છે? આટલા આટલા વર્ષો દીક્ષાની અંદર રહેનાર આનંદસાગર આગમોધ્ધારકનું પુછડું લગાડી ફરે છે છતાં જેમ ચાંડાળને દીક્ષાનો વાડો બાંધી ઉંધા અર્થ કરવા હતા અને બુધ્ધીસાગરજીનો લંબાણ ખુલાસો આપ્યો છતાં તેનો સત્ય ખુલાસો બહાર પાડી પ્રાયશ્ચિત લેતો નથી અને પોતાનો દુષ્ટોથી ગંધાતો વાડો બાધવા માટે ઉંધા અર્થો કરીને ભોળા જૈનોને ફસાવી રહ્યો છે તેથી હે! જૈનો! તે ગંધાતા વાડામાં પુરાવું કે નહી તે તમારો પોતાનો અધીકાર છે વાડામાં પુરાશો તો ક્રાન્તિકારોને વાંધો નથી પણ જો વાડાની દુર્ગંધ ફેલાવશો તો જરૂર અહિંસા પરમો ધર્મના સુગંધની પીચકારી વડે સુવાસ ફેલાવશું અને રસ્તા એવા લઇશું કે દુર્ગંધથી ખદબદતા કીડાઓ પોતાનું મૃત્યુ આવે જરૂર મરણ પામે અને તેમને મારવાને અમો ક્રાન્તિકારો કોઇ પણ જાતનો ઉપાય આનંદસાગરની માફક સુચવીશું નહી, કારણ કે ક્રાન્તિકારોએ ભગવાન મહાવીરના પંચમકાળના જૈનધર્મમાં બેઠો બળવો કરીને ક્રાન્તિના કીરણો ફેલાવવાનુ કર્તવ્ય માથે લીધું છે તેમાં તે પ્રમાણે પૃથકકરણ કરીને સત્યના રસ્તા ગ્રહી વર્તવું કે કેમ તે તો દરેક જૈનોનો પોતાનો અધીકાર છે.

**તા. ક. હવે જરૂર પડેજ લેખમાળા શરૂ કરીશ.**

લી૦ **ક્રાન્તિ ભ્રાતા જૈન.**

# ધર્મ-શિક્ષણ.

( ગતાંકથી ચાલુ. )

**શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી** પ્રગટ થયેલી **જૈન-શાળોપયોગી શિક્ષણમાળાની** ચાર ચોપડીઓ-બાળપોથી, **પહેલી**, બીજી અને ત્રીજી ચોપડીઓ સંબંધી સમાલોચના હવે હાથ ધરીશું.

પ્રથમ તો મજકુર મંડળને આ દિશામાં થયેલાં તેમના સત્પ્રયાસ માટે અભિનંદન આપીશું. અને જેમ જેમ અનુભવ મળતો જાય, છે, અને સૂચનાઓ થતી જાય છે તેમ તેમ મજકુર શિક્ષણમાળામાં ફેરફારો કરવા તે મંડળ તત્પર રહે છે તે માટે ખાસ કરીને તે મંડળને ધન્યવાદ આપીશું. અને આ ચાર ચોપડીઓ પ્રગટ થયા પછી, વધુ મણકાઓ તયાર કરવા માટે મજકુર મંડળ પોતાનો શુભ ઉદ્યમ જારી રાખશે એમ ઇચ્છીશું.

**બાળપોથી** (પાંચમી આવૃત્તિ)ને અંગે મારે એટલીજ સૂચનાઓ કરવાની રહે છે કે જો મજકુર મંડળને આ લેખ-માળામાં જણાવેલી સંસ્કૃત પ્રાકૃત ભાષાજ્ઞાન સંબંધી મારી દલીલો વ્યાજબી લાગે તો, તેમાંથી સુત્ર વિભાગ આખો અને અને કાવ્યવિભાગના સંસ્કૃત શ્લોકો કાઢી નાંખે. ત્રણ ભાષાઓ જાણે તેવી સ્થિતિ બાળકોની હોતી નથી. છતાં પણ પ્રાકૃત સંસ્કૃત સૂત્રો કે શ્લોકો વગરસમજ્યે બાળકો બોલે અને આપણે ખુશી થઇએ તેવી અવસ્થા અને તેવો દેખાવ ચાલુ રાખવાનોજ આગ્રહ હોય તો મારે કંઇ કહેવાનું ન હોય.

બાકી નીતિબોધ અને સામાન્ય જ્ઞાન એ બંને વિભાગોના પાઠો તો સારી રીતે ગોઠવાયેલા છે. તે પાઠોની ભાષા જોતાં તે બાળપોથી ગુજરાતી પહેલા ધોરણના એટલે કે ૬-૭ વર્ષના વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડે તેવી છે, જો સૂત્ર વિભાગ અને સંસ્કૃત શ્લોકો કાઢી નાંખી, તેમાં બાળકોના સમભાવ અને કલ્પના શકિત કેળવે એવી કેટલીક સાદી અને રસિક વાતો ઉમેરવામાં આવે તો બાળપોથીની ઉપયોગિતામાં ઉમેરો થાય તેમ છે, માત્ર સંભાળ એટલીજ લેવાની છે કે તે વાર્તાઓ વિદ્યાર્થીઓનાં મન ઉપર ખોટા સંસ્કાર ન પાડે તેવી હોવી જોઇએ. ભજવી બતાવાય એવી વાર્તાઓ પસંદ કરવી અને છોકરાઓ પાસે ભજવાવવી.

આ ઉપરાંત દેશભકિત, પરમાત્મા પ્રત્યે પ્રિતિ અને શ્રદ્ધા ઉત્પન્ન થાય, કપડાંની સાદાઇ અને શરીર અને કપડાંની સ્વચ્છતાના ગુણો દાખલ થાય તેવા પાઠો કે કવિતાઓ પણ ઉમેરાય તો બાળપોથીની વિશેષ ઉપયોગિતા થાય.

આ બાળપોથીની અત્યાર સુધીમાં પાંચ પાંચ આવૃત્તિઓ થઇ ગઇ તે તેની લોકપ્રિયતા સ્પષ્ટપણે સૂચવે છે. નવી આવૃત્તિ કાઢતી વખતે તેમાં મળેલા અનુભવો અને કરવામાં આવેલી સૂચનાઓ મુજબ સુધારાઓ દાખલ કરવાની જે તત્પરતા મંડળ તરફથી બતાવવામાં આવી છે તે ખરેખર પ્રશંસનીય છે.

**પહેલી ચોપડી** ( આવૃતિ ત્રીજી )

આ ચોપડી ગુજરાતી બીજા ધોરણના એટલે કે ૭-૮ વર્ષના બાળકોને ઉપયોગી થઈ પડે તેમ છે. આના સંબંધમાં મારી સૂચનાઓ નીચે મુજબ છે:—

સૂત્ર વિભાગ આમાંથીયે કાઢી નાખવો. નીતિબોધ વિભાગમાંથી પાઠ ૯ સતવ્યસન ભાગ ૨ જામાંથી વેશ્યા અને પરસ્ત્રીને લગતો ભાગ કાઢી નાખવો. પાઠ સત્તરનો અગ્ર ભાગ સુધારવો. પાઠ ૨૭ અને પાઠ ૨૯ માં ચૈત્યવંદનને બદલે સ્તવન બોલવા એ મતલબનો ફેરફાર કરવો નીચલી બાબતોને લગતી સાદી અને રસિક વાર્તાના પાઠો ઉમેરવા ઘટે છે:—

સત્ય:-જેવું હોય તેવું કહેવું. માબાપ કે ગુરૂથી કાંઇ વાત છુપાવવી નહીં

અદત્ત:-પારકી વસ્તુ વિના પૂછયે લેવી નહીં; કોઈની ખોવાયેલી ચીજ પોતાને મળી હોય તો તે તરતજ પાછી આપી દેવી. ઘર, સ્કુલ વિગેરેનો સામાન સંભાળપૂર્વક વાપરવો.

વિનય-માબાપ તથા ગુરૂની સેવા, તેમની આજ્ઞાને હોંસભેર આધીન થવું, શાળા વિ. ના નિયમોને માન આપવું. સૌને યથાયોગ્ય સન્માન આપવું.

હિમ્મત:-એકલા હોવાથી, અંધારાથી, પડછાયાથી, વિજળી-ગર્જનાથી, કંસારી જેવાં નાનાં જીવજંતુથી કે શરીરે સહજ વાગે કે દુઃખ થાય તેથી બીવું નહીં.

**આરોગ્યતા**—શરીર. કપડાં, ઘર, વર્ગ વગેરે સાફ રાખવાં, જયાં ત્યાં કાગળ વિગેરેના ટુકડા નાખવા નહીં કે કચરો કરવો નહીં; દરરોજ દાતણ કરવું, બરાબર મસળીને નહાવું. વહેલાં સુવું તથા વહેલાં ઉઠવું. નહીં શીખેલી ભાષાઓના સૂત્રો વગર સમજ્યે ગોખાવવા સામે મારો જેટલો વિરોધ છે તેટલોજ વિરોધ શિયળ સંબંધી વાતો નીચલા ધોરણોમાં વિદ્યાર્થીની આગળ મુકવામાં આવે છે તે સામે છે. નવ પ્રકારની શિયળ વ્રતની વાડ અને તેની વીગતો નાના બાળકો આગળ મુકવી ઇચ્છવા જોગ નથી. સાત વ્યસનના પાઠનો અમુક ભાગ કાઢી નાખવાની અને સત્તરમો પાઠ સુધારવાની સૂચના આજ કારણે કરવી પડી છે. ખમાસમણમાં જાવણિજ્જાએ નિસીહિઆએનો જે અર્થ (શરીરના શકિત વડે, પાપનાં કામ છોડી) આપવામાં આવ્યો છે તે બરાબર છે કે? જો બરાબર હોય તો ઠીક અને તેમ ન હોય તો પછી તેવો અર્થ ગોખાવવો ઉચિત છે કે?-આ વિચારવું ઘટે છે.

(આને લગતી ચર્ચા માટે, જુઓ "આપણું ખમાસમણ અથવા પ્રણિપાત સૂત્ર" એ લેખ, જૈનયુગ' ફાગણ-ચૈત્ર ૧૯૮૩ નો અંક પૃ ૨૯૯ )

બીજી અને ત્રીજી ચોપડીઓની સમાલોચના હવે પછી હાથ ધરીશું.

**ઉ. દો. બ.**

—(૦)—

# સમય-ધર્મના સિદ્ધાંતો.

૧૭ પદવી પૈસો કે પાંડીત્યના ગુલામ બનવા કરતાં પવિત્રતાના પુજારી બનવામાંજ સાચી શાશન પ્રભાવના સંભવી શકે !

વાંચક બિરાદર ! તું સુધારક હો કે રૂઢી પુજક હો, પરંતુ રૂદયપટ પર એટલુ કોતરી રાખજે કે:-"જમાના જુની મનોદશા સેવવાથી કે ચાલી આવતી પ્રણાલીકાનુ વર્ષો સુંધી અંધ અનુકરણ કરવાથી સમાજ ઉન્નતિ સાધી નહિ શકાય ! સમય-ધર્મના સિદ્ધાંત સ્વિકારવામાંજ સમાજ અને શાશનની સાચી ઉન્નતિ સંભવી શકે ! અને તે માટે તારાથી બનતું કરવાને તૈયાર થા ! "

લી० **'સત્ય વક્તા.'**

# ઉપાધીઓની હારમાળા !

જૈન શાસ્ત્રો પોકારી પોકારીને કહે છે અને જૈન સાધુઓ ભારપૂર્વક જણાવે છે કે, જૈન સાધુઓને માન સન્માનની પરવા ન હોય! જૈન સાધુઓને તો કેવળ ધર્મોન્નતિ અને શાશન પ્રભાવનાનાજ કાર્યો કરવાના હોય ! અને પ્રભુ મહાવીરના આદર્શ સિધ્ધાંતોનો જગત ભરમાં પ્રચાર કરી જૈન ધર્મનો વિજય વાવટો ફરકાવવાને પોતાથી બનતી હરેક પ્રવૃતિ આદરવી જોઈએ. પરંતુ જો વર્તમાન પરિસ્થિતિનો વિચાર કરીએ તો જણાશે કે આજના સાધુ-વર્ગમાં માન-સન્માનનીજ મારામારી અને હું પણાનોજ પવન ફુંકાઇ રહ્યો છે. કળીકાળ સર્વજ્ઞ. શ્રી. હેમચંદ્રાચાર્ય જેવા ધર્મ ધુરંધર મહાત્માઓથી પણ વધી જાય તેવી લાંબી લાંબી ઉપાધીઓની હારમાળા પોતાના નામની પૂર્વે ગોઠવવાની હરીફાઇ પોતાને સર્વગુણ સંપન્ન સમજનાર કેટલાક સાધુઓમાં જોશભેર ચાલી રહી છે. અને તેમાંજ તેઓ સાધુ-જીવનની પૂર્ણાહુતી સમજે છે પરંતુ આજના એ પદવી ધરો યાદ રાખે કે, નામની પૂર્વે ઉપાધીઓની હારમાળા ગોઠવવાથી સમાજનુ દ્રારીદ્ર નહિ ફીટે કે શાશનની પ્રભાવના નહિ પ્રગટે! તેને માટે એકજ દ્રષ્ટાંત બસ છે. બીએ કે એલ. એલ. બીની પરિક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી પોતાના નામ સાથે મેળવેલ ડીગ્રી મુકવામાં કેટલુ માન ધરાવતો હશે ? પરંતુ ભાઇ ભણ્યા હોય પણ ગણ્યા ન હોય તો ? પ્રસંગ આવે એજ ડીગ્રી એને શરમાવનારી થઇ પડે છે. આ પરથી યાદ રાખવુ ઘટે કે, કેવળ લાંબા લાંબા ટાઇટલો ધારણ કરવાથી એ યોગ્યતા પ્રાપ્ત ન થઇ શકે ! અને પૂર્ણ યોગ્યતા સિવાયની પદવીઓની કીંમત આજના વિચારક જન સમાજમાં લેશ માત્ર નહિ અંકાય ! અને એ "ઉપાધીઓની હારમાળા"ની સાર્થકતા પણ શું ? તે હવે તપાસીએ.

**પ્રખર-વકતા :** આજે શાસ્ત્રનું સાધારણ જ્ઞાન ધરાવનાર પણ પ્રખર-વકતાનું બિરૂદ ધરાવી શકે છે. પરંતુ આજના પ્રખર-વકતાનુ સામર્થ્ય કેવળ પોતાના રાગી ભકતોના મુખે પોતાના શબ્દે શબ્દે હાજી કહેવડાવવામાંજ સમાયુ હોય છે. પરંતુ એ પ્રખર-વકતાનું બિરૂદ કયારે શોભી ઉઠે અને તેને માટે શું યોગ્યતા જોઇએ તે વિચારવાની ફુરસદ આજના પ્રખર-વકતાઓને નથી હોતી.

જ્યારે જૈનેતર વિદ્વાનોના હૃદયપર પોતાના વકતવ્યની આબાદ છાપ પાડી પ્રભુ મહાવીરના આદર્શ-સિદ્ધાંતો તેમના હૃદયમાં આરપાર ઉતારી શકે, જૈનેતર વિદ્વાનોની મિટીગોમાં જઇ જૈન ધર્મના અનેકાંતવાદ અને અહિંસા ધર્મના તત્વોની મહત્તા સમજાવી જૈનેતર વિદ્વાનોના મસ્તક ધુણાવી શકે અને પોતાની સચોટ વાણીના પ્રભાવે જૈનેતર પ્રજાને જૈન ધર્મ પ્રત્યે માન ધરાવતી બનાવે ત્યારેજ પ્રખર-વકતાના બિરૂદ શોભી ઉઠે! ધર્મના નામે ભોળા જનોને ભરમાવી સમાજમાં ભાગલા પાડી પોતાની વાહ વાહ ગવડાવવામાં પ્રખર-વકતાના બિરૂદ ધરાવનાર મહાત્માઓ અભિમાન નલે! એ આજના પ્રખર-વકતાઓ ન ભૂલે !

**ધર્મ ધુરંધર અને શાશન પ્રભાવક**:-ધર્મધુરંધર અને શાશન પ્રભાવકના બિરૂદ ધરાવનાર આજના સાધુઓ બતાવશે કે, તેમને શાશન પ્રભાવનાનુ કે ધર્મ ઉન્નતિનુ એક પણ કાર્ય બજાવ્યું હોય ! મારવાડ, મેવાડ, દક્ષિણ અને ઉત્તર હિંદુસ્તાનની જૈન-પ્રજાનો મોટો ભાગ આજે ઇતર સમાજોમાં ભળી જઇ પોતાનુ જૈનત્વ ગુમાવી બેઠી છે. તે શું સુચવે છે ? સમાજનુ અધઃપતન કે બીજુ કાંઇ ! છતાં પણ ધર્મની બડી બડી વાતો કરનાર કહેવાતા ધર્મ-ધુરંધરો અને શાશન-સેવાના રણશીંગડા ફુંકનાર શાસન પ્રભાવકોને તેની લેશમાત્ર દરકાર છે ખરી કે ? મને કહેવા દયો કે "શંત્રજય-પ્રકરણ". વખતે શાશન પ્રભાવકો કયાં છુપાયા હતા ? કયાં છે ધર્મની સાચી ધગશ અને શાશન સેવાની ભાવના ? ધર્મને માટે પોતાનુ આખુએ જીવન સમર્પણ કરવાની અને શાશન સેવાના કાર્ય કરતા પ્રાણની લેશ માત્ર પણ પરવા ન હોય ત્યારેજ એ બિરૂદો ઝળકી ઉઠે ! પરંતુ કરવુ નથી એક પણ શાશન સેવાનુ કાર્ય અને શાશન-પ્રભાવક હોવાનો દાવો કરે છે તે કયાંસુધી નભી શકશે ? અને તેને માટે આજનો જનસમાજ શું કહેશે, તે આજના પદવીધરો પોતેજ વિચારી લે !

**કવિકુલ કિરીટ** :-જૈન સમાજમાં આજે કવિકુલકિરીટ હોવાનો દાવો કરનાર કેટલાક સાધુઓ દૃષ્ટિગોચર થાય છે. હું એ આજના કવિકુલકિરીટને પુછુ છુ કે, તમે એવા કયા મહાન કાવ્યો દ્વારા જૈન સાહીત્યના ખજાનામાં વૃદ્ધિ કરી જૈન-સાહિત્યની સુંદર સેવા બજાવી છે! પરંતુ આજ તો નેમેશ્વરજી અને પંચાશરા પાર્શ્વનાથજીના (જેમાં સ્તવનના નામે પ્રભુના ગુણગાન બાજુપર મુકી કેવળ હૃદયના ઉભરાજ ઠળવવામાં આવ્યા છે) તેમજ બીજા પાંચ-પચીશ સ્તવન કે એકાદ બે પુજા રચી પોતાની જાતને કવિકુલકિરીટના કોટીમાં મુકી દે છે ધન્ય છે તેમના એ કવિકુલકિરીટપણાને ! આજના એ કવિકુલકિરીટો ભલે કદાચ ફુલાતા હોય, પરંતુ હૃદય-પટ પર એટલું જરૂર કોતરી રાખે કે, ભવિષ્યની જૈન પ્રજાને તમારી એ કૃતીઓથી શરમાવવું પડશે જૈનેતર-પ્રજા આજના એ કવિકુલકિરીટોની કૃતિ આગળ ધરી કહેશે કે, જુઓ આ જૈન ધર્મના કવિકુલકિરીટોની કૃતિઓ, કે જેમાં જૈન સમાજમાં ભાગલા પાડી એકાદ પક્ષને પોતાની તરફેણમાં લઇ સમાજને છિન્નભિન્ન કરવાની મનોદશાનું માપ નીકળી આવે છે. અને તેમાંજ તેઓના કવિકુલકિરિટપણાની સાર્થકતા સમાઇ જાય છે. 'આજના કવિકુલકિરીટો આ વાત ન ભુલે.

આવી બીજી અનેક પદવીઓ ઉચાપત કરવાની તીવ્ર હરીફાઇ આજના સાધુ-વર્ગમાં ચાલી રહી છે. સાચા દિલથી કાર્ય કરવાની ભાવના આજે નથી રહી! આજે તો જ્યાં જુઓ ત્યાં પદવીઓની લુંટાલુંટ. યોગ્યતા હોય કે ન હોય તેની પરવા નહિ ! પદવીધરોની પંકતીમાં બેસવાનું મન કોને ન હોય! ધન્ય છે આજના એ પદવીધરોને !

"સુધા-કાન્ત."

આ પત્રિકા મહોમદ અબ્દુર રહેમાને 'સ્વદેશ' પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩માં છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ નં. ૧૮૮, ચટાઇવાળા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ ૩ મધેથી પ્રસિદ્ધ કરી છે